ચોથી શ્રેણી

પુસ્તક–૫૬

તા. ૨૨ મી માર્ચ, ૨૦૧૮
ચૈત્ર ૧, ૧૯૪૦ શાકે
થી
તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮
ચૈત્ર ૫, ૧૯૪૦ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## પહેલુ અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક–૫૬ ) **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા. ૨૨ મી માર્ચ, ૨૦૧૮ ચૈત્ર ૧, ૧૯૪૦ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૧ | ૧૩૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૧૩૬ | ૧૫૦ |
| દાખલ કરવાના બિન સરકારી વિધેયકો | ૧૫૧ | ૧૫૨ |
| ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક, ૨૦૧૮ | ૧૫૩ | ૧૫૭ |
| ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક, ૨૦૧૮ | ૧૫૮ | ૧૬૨ |
| ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક, ૨૦૧૮ | ૧૬૩ | ૧૬૯ |
| **તા. ૨૩ મી માર્ચ, ૨૦૧૮ ચૈત્ર ૨, ૧૯૪૦ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૭૦ | ૧૮૦ |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | ૧૮૧ | ૩૨૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૨૫ | ૩૨૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) | ૩૨૭ | ૩૪૭ |
| **તા. ૨૬ મી માર્ચ, ૨૦૧૮ ચૈત્ર ૫, ૧૯૪૦ શાકે** | | |
| ટૂંકી મુદતનો પ્રશ્ન | ૩૪૮ | ૩૫૦ |
| તારાંકિત પ્રશ્નો | ૩૫૧ | ૩૫૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૫૭ | ૫૦૦ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૮. | ૫૦૧ | ૫૧૦ |
| ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૮ | ૫૧૧ | ૫૨૧ |
| ગુજરાત પોલીસ (સુધારા) વિધેયક, ૨૦૧૮. | ૫૨૨ | ૫૨૮ |

## ગુજરાત વિધાનસભા

**ગુરુવાર, તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮**
**ચૈત્ર ૧, ૧૯૪૦ શાકે**

**સભાગૃહ સવારના ૧૧-૦૦ વાગે મળ્યું**

**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષ સ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### નવસારી જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૭૩૬૯ **શ્રી પિયુષભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૭૯૫. |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૨૮.૭૭ લાખનો ખર્ચ થયેલ છે. |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે વિશ્વ જળ દિવસ છે ત્યારે માનનીય સભ્યશ્રીઓને મારી શુભેચ્છા પાઠવું છું. રાજયના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી અને હાલના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું એક સ્વપ્ન હતું, "હર ઘર મેં બીજલી હર ઘર મેં ઉજાલા હર ઘર મેં ખૂશીયા અપાર" આ ઉદેશને સાર્થક કરવા ઝૂંપડપટ્ટી યોજના હેઠળ ગરીબ વિદ્યાર્થીઓ અને લાભાર્થીઓને વિનામૂલ્યે રાજય સરકાર તરફથી ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવે છે ત્યારે માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, તા.૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઝૂંપડપટ્ટી યોજના હેઠળ તાલુકાવાર અને વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા અને, આ જોડાણો આપતા ગરીબ લાભાર્થીઓને વીજ બિલમાં કોઇ રાહત આપવામાં આવી છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગરીબો માટેની યોજના છે, ઘર વપરાશ માટેની યોજના છે અને ગુજરાત એક એવું રાજય છે કે આપણે કહી શકીએ કે દરેકને આપણે ઘરે ઘરે વીજળી પહોંચાડવા માટે કટિબદ્ધ છીએ. નવસારી જિલ્લામાં ૨૦૧૬માં કુલ ૪૯૧ કનેકશન આપવામાં આવ્યા છે એમાં નવસારીમાં ૩૧૭, જલાલપોરમાં ૧૧૪, ગણદેવીમાં ૬૦, ચીખલી, વાંસદા અને ખેરગામ એ તાલુકામાં એક પણ અરજી આવી ન હતી અને બીજી યોજનાઓ હતી એના કારણે આ યોજના દ્વારા કનેકશન આપવામાં આવ્યા નથી. માનનીય સભ્યશ્રીએ ખર્ચની વાત કરી છે તો નવસારીમાં ૧૧.૧૦ લાખ, જલાલપોરમાં ૩.૯૯ લાખ, ગણદેવીમાં ૨.૧૦ લાખ એમ કરીને કુલ ૧૭.૧૯ લાખનો ખર્ચ ૨૦૧૬માં થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૭માં પણ આપણે કુલ ૩૦૪ કનેકશન આપ્યા છે એમાં નવસારીમાં ૧૨૭, જલાલપોરમાં ૧૫૨, ગણદેવીમાં ૧૨૫ આમ કુલ જોવા જઇએ તો આખા નવસારી જિલ્લામાં ૭૯૫ કનેકશનો ૨૮.૭૭ લાખના ખર્ચે આપવામાં આવ્યા છે. એક પણ કનેકશનની અરજી આજની તારીખે પેન્ડીંગ નથી. બીજું માનનીય સભ્યશ્રીએ વાત કરી કે શું રાહત આપવામાં આવે છે? મારે ફકત એટલું જ કહેવું છે કે, ટેરીફમાં પહેલા ૩૦ યુનિટ સુધી ૧.૫૦ રૂપિયા પર યુનિટ લેવામાં આવે છે, પછીના ૫૦ યુનિટ સુધી ૨.૬૫ રૂપિયા લેવામાં આવે છે અને પછી ૩.૧૦ રૂપિયા લેવામાં આવે છે. આમ આ લોકો માટે સબસીડાઇઝડ ટેરીફ રાજય સરકારે રાખેલ છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, હમણા તેઓએ જવાબમાં જે કહ્યું કે, વાંસદા, ચીખલી અને ખેરગામમાં એક પણ અરજી આવેલ નથી અને એ પણ વાત કરી કે બીજી યોજના ચાલુ હોવાથી, તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે, બીજી કઇ યોજના છે? અને વાંસદા, ચીખલી અને ખેરગામમાં શા કારણસર અરજી નથી આવી? અને અરજી નથી આવી તો એ અરજી કરવા માટે શું માહિતી છે એટલે કે કેવી રીતે અરજી કરી શકાય? એ મારે જાણવું છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાલી એટલું જ ધ્યાન દોરવું છે કે, બીજી બે બી.પી.એલ. કુટુંબો માટેની યોજનાઓ છે એમાં એક કુટીર જૂથ યોજના છે એ પણ રાજય સરકારની છે એની અંદર ૨૦૧૬માં ૭૬૩ અને ૨૦૧૭માં ૧૬૬૫ એમ કુલ ૨૪૨૮ અરજીઓ એ યોજનામાં આપણે ૮૨.૫૬ લાખના ખર્ચે કરી હતી. પછી એસ.ટી., એસ.સી. યોજના શિડ્યુલ

કાસ્ટ સબ પ્લાનમાં પણ કોઇક વાર અરજી આવે તો એમાં પણ આપણે કરીએ છીએ એમાં કુલ ૩ અરજીઓ આવી હતી અને ૩.૧૫ લાખના ખર્ચે આપણે કરી હતી.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ઝૂંપડપટ્ટી યોજના ગરીબ લોકો માટે ખૂબ સારી છે તો લાભાર્થીને આ વીજ જોડાણ લેવા માટે કોઇ આવક મર્યાદા છે કે કેમ અને, એ આવક મર્યાદા શું છે? બીજો મારો પ્રશ્ન છે કે, આ ઝૂંપડપટ્ટી યોજના હેઠળ અરજદારે પહેલા કોઇ ક્વૉટેશનના રૂપમાં પૈસા ભરવા પડે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ખાસ કરીને મફત ઇલેક્ટ્રીસીટી હાઉસ હોલ્ડ કનેકશન આપવાની યોજના છે, કોઇ રૂપિયો એમને ભરવો પડતો નથી અને ગરીબોના ઘરમાં વીજળીનું કનેકશન આપવા માટે એના જે નોર્મ્સ છે એમાં બી.પી.એલ. કુટુંબમાં એમનું નામ હોવું જોઇએ અને એમની આવક રૂરલ એરિયાની અંદર ૧ લાખ ૨૦ હજાર રૂપિયાથી ઓછી અને અર્બન એરિયાની અંદર ૧.૫ લાખ રૂપિયાથી ઓછી એ રીતે આવક હોવી જોઇએ આ એનો મેઇન ક્રાઇટ એરિયા છે. બીજું જે ઘર કે ઝૂંપડું હોય એની હાઇટ ૭ ફૂટ હોવી જોઇએ કારણકે સેફ્ટી માટે પ્રિકોશન એવા છે કે, ૭ ફૂટ ન હોય તો તકલીફ થતી હોય છે એટલે એક ક્રાઇટ એરિયા એ છે, બીજું કે રૂરલ એરિયાની અંદર તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત અને અર્બન એરિયાની અંદર નગરપાલિકા કે મ્યુનિસિપલ કોરપોરેશનમાં અરજી અને રજૂઆત કરવી પડે છે બીજું મારે ખાસ માનનીય સભ્યશ્રીઓને જણાવવાનું કે, રાજ્ય સરકારની કોઇપણ હાઉસીંગ સ્કીમ હોય અને ઇન્કમ ક્રાઇટ એરિયાની અંદર ફૂલફીલ થતાં હોય તો એ બેનીફીશીયરી જે કોઇ લાભાર્થી હોય એમને પણ આની અંદર આપવામાં આવે છે અને આમાં બધી જ્ઞાતિઓના લોકોનો સમાવેશ કરવામાં આવે છે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રીને પુછવા માગું છું કે, જી.ઇ.બી.દર બે મહિને બિલ બનાવે છે અને તેથી કુલ યુનિટમાં વધારે થઇ જતાં હોય છે તેથી ગ્રાહકને વધારે ભાવ આપવા પડે છે તો આ બિલ એક મહિને આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : આ એમનું સૂચન છે. એના ઘણા બધા કારણો છે આ પ્રશ્ન આની અંદર જોડાતો નથી.

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ તો મળી ગયો છે પણ રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વીજળીકરણની જે યોજના અમલમાં આવી એ ક્યારથી અમલમાં આવી અને અગાઉની સરકારે આ બાબતે વિચારેલ છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : આ ઝૂંપડપટ્ટી વીજળીકરણની યોજના ૧૯૯૮ની સાલમાં આવી હતી અને ખાસ કરીને ગરીબોના ઘરમાં વીજળી આપવા માટે આ સરકાર યોજના લાવેલ છે અને આજની તારીખમાં નવસારી જિલ્લામાં એક પણ અરજી પેન્ડિંગ નથી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય મંત્રીશ્રીએ જે ઝૂંપડપટ્ટી વીજળીકરણની યોજના અને બીજી કુટિર જ્યોત યોજના. આમાં ઘણા સબ ડીવીઝનોમાં ત્યાંના ડેપ્યુટી એન્જિનીયર અને કાર્યપાલક એન્જિનીયર એમની રીતે એનું અર્થઘટન કરીને જે લાભાર્થીઓ હોય છે એની પાસેથી જુદા જુદા પ્રકારના ડોક્યુમેન્ટ્સ માંગે છે અને એને કારણે ખરેખર પાત્રતા ધરાવતા લાભાર્થીઓ એનાથી વંચિત રહી જતા હોય છે એટલે આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અને કુટિર જ્યોત યોજના આ બન્ને યોજનાઓ વચ્ચે એની સાથે આ યોજનાઓનો લાભ લેવા માટે લાભાર્થીએ ખરેખર કયા કયા ડોક્યુમેન્ટ્સ રજૂ કરવા જોઇએ એની સ્પષ્ટતા થવી જોઇએ કે જેથી કરીને જે લાભાર્થીઓ છે એ એનો લાભ લઇ શકે છે. એટલે બન્નેમાં કયા કયા પ્રકારના ડોકયુમેન્ટ્સ રજૂ કરવા જોઇએ એક બાબત એ અને બીજું એની સાથે સાથે જે આધાર પુરાવા રજૂ કર્યા પછી, ઝૂંપડપટ્ટી એટલે એનું અર્થઘટન એવું કે કાચું મકાન, ક્યાંક એવું બને છે કે ઝૂંપડપટ્ટી હોય પણ એનો આધાર નથી હોતો રહેણાંકનો ત્યાં, એ દબાણ કરીને રહેતા હોય છે એવી જગ્યાએ પણ ઘણી વખત ટી.ડી.ઓ. કે બીજા જવાબદાર અધિકારીઓ એને સહી કરી આપતા નથી અથવા આધાર આપતા નથી જેને કારણે આ યોજનાના લાભથી એ લોકો વંચિત રહે છે.

શ્રી સૌરભ પટેલ : આની અંદર જે મેં કહ્યું એ પ્રમાણે રૂરલ એરિયા હોય તો એમાં તાલુકા પંચાયત કચેરીમાં અરજી કરવાની હોય છે અને નગરપાલિકા વિસ્તાર હોય કે મ્યુનિસિપલ વિસ્તાર હોય તો અર્બન એરિયામાં કરવાની હોય છે હવે આમાં એ–૧ ફોર્મેથી માંડીને જે સબ ડીવીઝનની અંદર બધા ડોક્યુમેન્ટ આપવા પડતા હોય છે રહેણાંકનો પુરાવો કે જે કંઇ એના ચાર પાંચ ડોક્યુમેન્ટ્સ હોય એ ત્યાં આપવા પડે છે. આ ડોક્યુમેન્ટસ આપ્યા પછી એ એપ્લીકેશન રજીસ્ટર્ડ થાય છે ટી.ડી.ઓ. એમને મોકલી આપે છે અને ટી.ડી.ઓ. એ સર્ટીફિકેટ આપવું પડે છે કે એ લાભાર્થી છે. ઉર્જા વિભાગના કર્મચારીને આ લાભાર્થી છે કે નહિ એની ચકાસણી કરવાની નથી હોતી અને કરતાં પણ નથી. સરકારી અધિકારી ચકાસણી કરતાં હોય છે કે એની ઇન્કમની મર્યાદા કે બી.પી.એલ. કુટુંબમાં છે કે નહિ એ ટી.ડી.ઓ. જોઇ લે પછી એ મોકલી આપતા હોય છે અને એ મોકલી આપ્યા પછી સંપૂર્ણપણે કામ કરવાની જવાબદારી અમારા અધિકારીઓની હોય છે. એમાં પહેલાં સરવે કરવામાં આવે છે અને એ કરીને એ પૂર્ણ થયા પછી વર્ક ઓર્ડર આપવામાં આવે છે અને એ આપ્યા પછી કામ કરવામાં આવે છે અને ઇન્સ્પેક્ટર દ્વારા એને ઓ.કે. કરીને પછી એ લોકોને કનેકશન ચાલુ કરી આપવામાં આવે છે, પરંતુ સભ્યશ્રીએ જે ધ્યાન દોર્યું કે આવી કોઇ જગ્યાએ તકલીફ પડે છે તો ચોક્કસ મારું ધ્યાન દોરજો અને બીજું હમણાં જ આપણે જે લોકદરબાર કર્યા એની અંદર આવી કોઇપણ તકલીફ આવતી હોય તો આ લોકદરબારની અંદર પણ આપણે આવી તકલીફોનો ઉકેલ લાવીએ છીએ એટલે કોઇપણ

વ્યક્તિને કનેકશન આપવાની જવાબદારી સરકારની છે, માત્રને માત્ર નોર્મ્સની અંદર, ક્રાઇટ એરિયાની અંદર એ ફીટ થતો હોય તો સરકારની સંપૂર્ણપણે જવાબદારી છે કે, એમને ઘરમાં વીજળી કનેકશન આપવું.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર ખેડા જિલ્લો છે તેમાં મારા મહુધા મત વિસ્તારમાં સાહેબશ્રીએ અગાઉ પણ જાણ કરેલી કે પરા વિસ્તારમાં ચોવીસ કલાકની લાઇટ આપવામાં આવે છે. એમની વાત સાચી છે અહીંયાથી હું ઘરે ગયો ત્યારે જી.ઇ.બી.માં સાહેબને વાત કરી કે વર્ષો જૂના જે પરા વિસ્તારના ચોવીસ કલાકના ફોર્મ છે ૧૦ કે ૧૫ ફોર્મ હોય તો એ લોકોને ચોવીસ કલાકમાં તેનો સમાવેશ કરવામાં આવે છે. પણ અત્યાર સુધી છેલ્લા ૧૦ વર્ષથી તે ફોર્મ પડી રહ્યાં છે સમય-મર્યાદાના કારણે ફોર્મ નીકળી ગયા અને ફરીથી ભરીને મેં આપ્યાં છે તો આપ સૂચના આપો તો એ ચોવીસ કલાકની લાઇટ પરા વિસ્તારમાં આપે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિષય આ પ્રશ્નમાં આવતો નથી. આ માત્ર ઘર વપરાશ ગ્રામિણના ગામતળ અને શહેરનો છે. પરંતુ આપની ચિંતા છે કે ચોવીસ કલાક મળવી જોઇએ તો એ જો ગ્રુપ ઓફ હાઉસીસ હોય તો અરજી કરાવજો. છૂટા છવાયા ઘરો હશે તો નોર્મ્સમાં આવતું નથી પણ એક સાથે દસથી પંદરનો જથ્થો હશે તો આપ મને સ્પેસીફિક એરીયા મોકલજો હું અહીંયાથી ટીમ મોકલી અને ચેક કરીશ કે બરાબર છે કે નહીં અને ટીમને યોગ્ય લાગશે તો એ પ્રમાણે પોઝિટીવ રિપોર્ટ આપીશું અને કદાચ છૂટું છવાયુ હશે તો આપને એની પણ જાણ કરવામાં આવશે.

**સાસણથી વિસાવદર કાશિયાનેસ રસ્તાની સ્થિતિ**

* ૯૦૫૭ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાસણથી વિસાવદર કાશિયાનેસ થઇને પસાર થતો રસ્તો માર્ગ અને મકાન વિભાગ હસ્તકનો છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સદર રસ્તાની હયાત સ્થિતિ વાહનવ્યવહારને લાયક છે કે કેમ,

(૩) જો ના, તો સદર રસ્તાનું સમારકામ કરવા કે નવો બનાવવા સરકારનું આયોજન છે કે કેમ, અને

(૪) જો હા, તો ક્યાં સુધીમાં કેટલા ખર્ચે સમારકામ કે નવો બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨),(૩)અને(૪) ૨૯ કી.મી. લંબાઇના આ રસ્તાની ૧૪.૬૦ કિ.મી લંબાઇ ધરાવતી ડામર સપાટી તથા ગીર અભ્યારણમાંથી પસાર થતી ૧૪.૪૦ કી.મી. લંબાઇની કાચી સપાટીના રસ્તાને સમયાંતરે જરૂરી મંજુરી મેળવી સમારકામ કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, વિસાવદરથી સાસણના એક જ રસ્તાનો છે. આ રસ્તો બે તાલુકાને જોડતો છે તાલાલા અને વિસાવદર. આ રસ્તો યાત્રિકો માટે અને અમારા ત્યાંના સ્થાનિકોના સગાં સંબંધી એકબીજા સાથે જોડાયેલો છે તેમના માટેનો રસ્તો છે. યાત્રિકો તુલસીશ્યામ દર્શને આવે ત્યાંથી સોમનાથ જાય, ત્યાંથી સાસણ આવે અને ત્યાંથી આ ૧૪.૪૦ કિલોમીટરનો કાચો રસ્તો છે ત્યાંથી ચાલી સતાધાર આવે અને સતાધારથી પરબ જાય, પરબથી ખોડલધામ અને છેલ્લે વિરપુરમાં જલારામ બાપાના દર્શન કરે. આ રસ્તામાં કાયમી મોટા વાહનો પણ ચાલે છે આ કાચી સપાટીનો રસ્તો છે ત્યાં અમારી રજૂઆત એવી છે કે, આ રિપેરીંગ પણ નથી થાતો હમણાં રિપેરીંગનું કામ ચાલુ છે પણ આઠ દિવસથી બંધ છે. તેનું કારણ શું કે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટે અટકાવ્યું છે. ત્યાં કામ થવા દેતા નથી અને આ રસ્તામાં વારંવાર રજૂઆત કરી છે, અમારો પ્રશ્ન એ છે કે ફોરેસ્ટની સાથે વાત આવી ત્યારે તે એવુ કહે છે કે, આ અભ્યારણ છે અભ્યારણની વાત આવે છે તો આ રસ્તો યાત્રિકોનો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન હજુ નથી આવ્યો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કહું છું આ યાત્રિકોનો રસ્તો છે અને તેને રિપેરીંગ કરાવવા માટે અભ્યારણ નડે છે. પણ વી.વી.આઇ.પી.જે ટુરીસ્ટો આવે છે તેના ઇન્ટીરીયર જંગલ ખાતાના રસ્તા છે તે રીપેર થાય છે તેમાં નાલા-પુલીયા બને છે બધુજ બને છે અને તેમાં તેને અભ્યારણ નથી નડતું. પણ જે આ સ્ટેટનો રસ્તો છે તેમાં એક તગારૂ જો માટી લે તો આ વન વિભાગ દ્વારા, અમારા નીતિનભાઇ તમારા ડિપાર્ટમેન્ટના અધિકારીને બે દિવસ પહેલાં ગણપતસાહેબના ડિપાર્ટમેન્ટે ધમકાવ્યાં. એ કહે તમે અહીં એક તગારું માટી જો આ રસ્તામાંથી ઉપાડશો તો તમારૂં જે.સી.બી.હું આંચકી અને ફીટ કરી દઇશ. તમે સહન કરો નીતિનભાઇ આ હું તો સહન ના કરું. એટલે મારો પ્રશ્ન એ છે કે,

અધ્યક્ષશ્રી : તમારા પ્રશ્નમાં ત્રણ મિનિટ થઇ.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રસ્તો છે આ રસ્તામાં ડામર સપાટીથી આપણે મઢવા માગીએ છીએ કે કેમ ? આમાં કયાંય અભ્યારણ ના આવવું જોઇએ. બીજુ નાળાં-પુલિયા બનાવવા માગો છો કે કેમ ? જો નાળાં-પુલિયા થઇ જાય તો પણ અમારે ઘણું સારું છે. એટલે નાળાં-પુલિયા અને અભ્યારણની વાત વચ્ચે ના આવે નહીંતર મંત્રીશ્રી એમ કહે કે અભ્યારણ છે. તો અભ્યારણ હોય તો નાળાં-પુલિયા બીજા ઇન્ટીરીયર રસ્તામાં થાય છે આમાં નથી થતાં.

અધ્યક્ષશ્રી : ચાર મિનિટના પ્રશ્ન પછી, માનનીય મંત્રીશ્રી.

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર પ્રજાલક્ષી સરકાર છે. અમારી સરકાર જનતાની લાગણીઓને સમજતી સરકાર છે અને ખાલી સમજવાનું નહિ આ વિધાનસભાના પવિત્ર મંદિરમાં આપ સૌ ધારાસભ્યો જે માગણીઓ, રજૂઆતો, સૂચનાઓ કોઇ પ્રેમથી કરે, કોઇ ટીકાથી કરે પણ અમે પ્રજા માટે બધું પચાવીએ છીએ. જેમ શિવજી બધું પચાવી દેતા હતા એમ અમે તમારી કડવી ટીકાઓ પણ પચાવીએ છીએ પણ સામે ફળ આપીએ છીએ. પહેલાં તો મારે આનંદ સાથે ગૃહને જણાવવું છે કે, સૌરાષ્ટ્રમાં બે મુખ્ય યાત્રાધામ છે. આમ તો આખું સૌરાષ્ટ્ર એટલે તીર્થભૂમિ છે પણ અમારા ધારાસભ્યો, અમારા કાર્યકરો, અમારા પ્રદેશ પ્રમુખ બધાની લાગણી સતત હોય છે અને હવે તો અમારા ફળદુ સાહેબ પ્રભારી તરીકે ત્યાં ફરે છે એટલે અમે આ ૧૫ દિવસમાં મુખ્ય બે રસ્તાઓ મંજૂર કર્યા છે. એના પહેલાં હું માનનીય સભાગૃહને જાણકારી આપું કે, બગદાણાના રસ્તાની અહીંથી કોઇ ધારાસભ્યશ્રીએ રજૂઆત કરી હતી એટલે રજૂઆત કર્યાના ચાર દિવસની અંદર તા.૧૫/૩/૧૮ના રોજ બગદાણાથી ઠાડચ–ઠળિયાના ૧૬ કિ.મી.ના રસ્તા માટે સાત કરોડ રૂપિયાની મંજૂરી આપી દીધી છે. બીજી મંજૂરી મેં ગઇકાલે પરબ યાત્રાધામને જોડતો જે બીજો રસ્તો છે તેને આપી છે. ત્યાંના લોકોની, કાર્યકરોની, લાગણી હતી એટલે આ રસ્તા માટે ગઇકાલે જ ત્યાંનો જે રાવણી એપ્રોચ રોડ છે એને બે કરોડ એક લાખ રૂપિયાની મંજૂરી આપી દીધી છે અને જે સુખપર, છાબડા, મોટા કોટડા રસ્તા માટે પણ જ્યાંથી પરબની જગ્યાએ આવવા–જવા માટેનો રસ્તો વધુ સુગમ થાય એટલે ૪ કરોડ ૭૫ લાખ રૂપિયાના જોબ નંબર અમારી સરકાર દ્વારા અમે આપ્યા છે. એટલે અમે અવાર–નવાર કહીએ છીએ કે તમને બધાને અમે સાંભળીશું પણ તમે વારંવાર બહાર જતા રહો છો. અહીં બેસો તો અમે તમને સાંભળીએ અને હજી વધુ સારું કામ કરાવવું હોય તો અહીં બોલ્યા કરતાં ઓફિસમાં આવીને કહેશો તો હજી વધુ સારું કામ થશે. હું તમને સાચી રીતે કામ કરવાની પદ્ધતિ શીખવાડું છું. હું ઘણા ધારાસભ્યોને વિનંતી પૂર્વક કહું છું કે, અહીંયા બોલો, તમારી લાગણી વ્યક્ત કરો પણ અમારી ઓફિસમાં એટલા માટે આવો કે આપણી વચ્ચે ચર્ચા થાય, અમારે કાંઇ પૂછવું હોય તો અમે પૂછી શકીએ. હું ઘણા એવા ધારાસભ્યોને પણ ઓળખું છું જે અહીં બોલે પછી દેખાય જ નહિ. અહીં તો ફક્ત એક મહિનો જ બોલવાનું છે પછી ૧૧ મહિના કામ તો ઓફિસમાંથી જ તંત્ર દ્વારા થવાનું છે એટલે ત્યાં આવો આપણે બધા પ્રેમથી કામ કરીશું. બીજું હર્ષદભાઇએ વાત કરી કે જે બાકીનો રોડ છે એ કાચો રોડ છે એ વાત સાચી છે. નામદાર સુપ્રિમ કોર્ટે સમગ્ર દેશ માટે એક આદેશ આપ્યો છે કે, જ્યાં અભયારણ્ય હોય, જ્યાં વન્ય પ્રાણી રહેતા હોય એ પ્રાણીઓને કોઇ ખલેલ ના પહોંચે, એમને કોઇ સ્પીડમાં જતી ટ્રક, બસ કે મોટરકારથી ઈજા ન થાય, અકસ્માત ન થાય તે માટે આવા પ્રકારના અભયારણ્યમાં નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ પ્રમાણે પણ કોઇ રોડ પાકા કરી શકાતા નથી. દેશમાં બીજા રાજ્યોમાં પણ આ સ્થિતિ છે. મધ્ય પ્રદેશ હોય કે પશ્ચિમ બંગાળ હોય જ્યાં અભયારણ્ય આવે છે ત્યાં સુપ્રિમ કોર્ટની સૂચના છે એટલા માટે આખો રસ્તો ડામરનો છે પણ જેટલો વન વિસ્તારમાંથી, સાસણમાંથી પસાર થાય છે એની ઉપર પ્રતિબંધ છે. તમે બધાં તો ત્યાંના સ્થાનિક છો. તમને એ પણ ખબર હોઇ શકે કે એ રસ્તો સુપ્રિમ કોર્ટની ગાઇડ લાઇન પ્રમાણે ફક્ત દિવસે જ ખુલ્લો રાખવાનો હોય છે. રાત્રે એ રસ્તો પ્રવાસીઓ માટે, ગામવાળા લોકો માટે, સ્થાનિક લોકો માટે બંધ થઇ જાય છે. ફક્ત અજવાળું હોય ત્યાં સુધી જ એ રસ્તો આપણે ચાલુ રાખી શકીએ છીએ એટલે એ રસ્તા માટે તો અત્યારે આ પરિસ્થિતિ છે, છતાંય એને મોટરેબલ રાખવા તમે કહ્યું એમ વન વિભાગ જોડે પ્રશ્નો ઉભા થાય એ રજૂ કરીએ, માથાકૂટ કરીએ, સમજાવીએ, મંત્રીશ્રી કક્ષાએ પણ સૂચના અપાવીએ, અમારા માનનીય ગણપતભાઇ પણ સૂચના આપે અને સાહેબ, નિયમ તો એવો છે કે, અમે અભ્યારણથી માટી પણ ન ઉપાડી શકીએ એટલે રસ્તો જંગલ વિભાગની માલિકનો હોય પણ માટી પૂરાણ કરવું હોય, રસ્તો સરખો રાખવો હોય તો બહારથી માટી અમારે લાવવી પડે છે. આટલા કડક નિયમો છે. આમાં કોઇનો વાંક નથી માનનીય હર્ષદભાઇ, તમે સુપ્રીમ કોર્ટને પહેલાં સમજો, તમે સુપ્રીમ કોર્ટના આદેશને નહીં સમજો તો ગમે તે બોલશો એનો કોઇ મતલબ નથી. સુપ્રીમ કોર્ટની સૂચનાઓનું પાલન કરવું દરેક સરકારોની, દરેક વિભાગોની ફરજ છે. કોઇપણ સૂચના સુપ્રીમ કોર્ટની હોય તો એનું આપણે પાલન કરીએ છીએ એટલે આ પ્રમાણે રસ્તો મોટરેબલ રાખીએ છીએ અને બીજો વૈકલ્પિક રસ્તો થોડો લાંબો થાય છે, પણ વૈકલ્પિક રસ્તો રાહદારીઓને અહીંયાંથી મળી રહેશે એટલે અમારી ભારતીય જનતા પક્ષની સરકાર એ યાત્રાધામોની પૂજા કરવાવાળી, સંતોની, દેવી અને દેવતાઓની પૂજા કરવાવાળી સરકાર છે. હિન્દુ સંસ્કૃતિની જાળવણી કરવાવાળી અમારી સરકાર છે એટલે હજુ હું બધા જ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, જયાં જયાં યાત્રાના ધામ હોય, કોઇ પણ સંપ્રદાય, કોઇપણ મંદિર હોય ત્યાં રસ્તા વધુ સારા કરવાની જરૂર હોય, ટ્રાફિકના અનુસંધાનમાં તમે માગણી કરજો. યાત્રાળુઓને સુવિધા થાય, શ્રદ્ધાળુ અને ભક્તોને સુવિધા થાય અને લોકોને ગુજરાતમાં ટુરીઝમ કરવાની સગવડ પ્રાપ્ત થાય એ માટે જેટલા રસ્તા કરવા હશે એ કરવા માટે અમારી ભાજપની સરકાર, માનનીય વિજયભાઇની સરકાર તત્પર છે.

અધ્યક્ષશ્રી : આજનો દિવસ ખૂબ સારો છે. અભ્યારણ સિવાયના જે રસ્તા માગવા હોય, આખો સમય પૂરો કરવા માટે તૈયાર છું તમે માગી લો, આ મોકો છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ખૂબ પ્રેમથી માર્ગ અને મકાન મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું, સૌ પ્રથમ તો એમણે ઓફિસમાં આવીને વાત કરવા માટેની વાત કરી, પ્રેમથી કામ કરવાની વાત કરી તો હું આશા રાખું કે, બનાસકાંઠા જિલ્લામાં અને સમગ્ર ગુજરાતમાં મનરેગા યોજના હેઠળ વર્ષોથી જે રસ્તાઓ માટી અને મેટલ થઇ ગયેલા છે અને મોટા ભાગના પ્રાથમિક શાળાઓના રસ્તા છે તો માનનીય મંત્રીશ્રી આ રસ્તા ડામરના કરવા માગે છે કે કેમ, અને ડામરકામ કરવા માગતા હોય તો કેટલા સમયની અંદર આ રસ્તા કરી આપશે ? આશા રાખું કે, આજે ખૂબ મૂડથી બોલ્યા

છે એટલે આ વર્ષના બજેટમાં આ રસ્તાઓનો સમાવેશ કરશે અને એની યાદી પણ હું એમને ઓફિસમાં જઇને આપીશ તો માનનીય મંત્રીશ્રી આ રસ્તા કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ પ્રશ્ન સ્કોપની બહારનો પ્રશ્ન છે છતાં બેને પ્રજાકીય હિત માટે પૂછ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા બજેટ પ્રવચન વખતે પણ મેં કહ્યું હતું. મુખ્ય બજેટ વખતે પણ કહ્યું હતું અને હજુ પણ કહું છું કે, આખાય રાજયની અંદર જે ગ્રામ્ય કાચા રસ્તા છે. આમ, તો આપણા ગુજરાતે દરેક ગામોને પાકા ડામરના રસ્તાથી વર્ષોથી જોડી દીધાં છે પણ એટલાથી અમારી ભાજપની સરકારને, અમને સંતોષ નથી. હજુ ગામોને જોડતા વધુ રસ્તા પાકા બને, એક ગામને બે રોડ મળે, ત્રણ રોડ મળે, અંતર ઘટે, પેટ્રોલ અને ડિઝલ બચે અને લોકોને સુવિધા વધે, ખેતરોમાં જવા માટે ખેડૂતને ટ્રેકટરો લઇને જવું હોય તો પાકા રોડ મળે એ માટે અમે મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના ગયા વર્ષથી ચાલુ કરી છે. ગયા વર્ષે ૭૦૦૦ કરોડ રૂપિયાનાં કામો આખા રાજયમાં દરેક ધારાસભ્યને, કોઇ ધારાસભ્ય અહીંયાં એવો નહીં હોય, જૂના પણ છે અને નવા પણ છે કે, જેમને કરોડો રૂપિયાના કામ ગામડાંના પાકા રસ્તા માટે ના આપ્યા હોય. એમાં અમે પ્રાયોરિટી આપીએ છીએ કે, જે મનરેગા અથવા અગાઉ જયાં દુષ્કાળ પડતા હતા. માનનીય બેનની વાત બરાબર છે કે, બનાસકાંઠામાં દુષ્કાળ પડતો હતો, સૌરાષ્ટ્રમાં દુષ્કાળ પડતા હતા તો લોકોને રોજગારી આપવા માટે સરકાર માટી મેટલના રોડ બનાવતી હતી, પણ એના ઉપર ડામર નહોતો થતો તો એવા રસ્તાને પણ પ્રાયોરિટી અમારી સરકાર દ્વારા અમે તબક્કાવાર આપીએ છીએ અને મારી તો ઇચ્છા છે કે, પાંચ વર્ષની અંદર દરેક ગામોને બે થી ત્રણ ગણા રોડ પાકા ડામર રસ્તા કોઇપણ ભેદભાવ વિના આખા ગુજરાતને અમે આપીશું.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રોડ, રસ્તા નાળા અને પુલીયાના જે કામો હોય છે એ કામો કરવા માટે અને તેમાં પારદર્શીતા લાવવા માટે ઓનલાઇન ટેન્ડરો જાહેર કરીએ છીએ. મારા વિસ્તારમાં મારો અનુભવ એવો છે કે, આ મહિને હમણાં જ ટેન્ડરો બહાર પડયાં અને તેમાં લગભગ ૩૦ થી ૩૨ ટકા ડાઉન ગયાં. તો આનો અર્થ એ થાય કે કાં આપણા એસ.ઓ.આર વધારે પડતા છે અને જો એ વધારે પડતા હોય તો તેમાં સુધારો લાવવા માગે છે કે કેમ ? અને જો ઓછા આવતા હોય અને એજન્સીઓ ડાઉન કરતી હોય તો તેનો અર્થ એ છે કે કવોલીટી સાથે મોટા પાયે બાંધછોડ કરવામાં આવે છે. જો આવું થતું હોય તો આ સિસ્ટમમાં ફેરફાર કરવા માગો છો કે કેમ ? ગયા વર્ષે એવું બનેલું છે કે ડાઉન નાંખ્યા પછી આખું વર્ષ તળાવ ઉંડા કરવાની કામગીરીમાં એક પણ રૂપિયાનું કામ થયું નથી. તો આવું બનતું હોય તો તેના કારણે આ સિસ્ટમમાં કોઇ ફેરફાર કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એસ.ઓ.આર. નકકી કરવા તેના માટેની એક આખી વૈજ્ઞાનિક પદ્ધતિ છે. એમાં રિઝર્વ બેન્ક દ્વારા ચાલતા દર ફૂગાવાના ધોરણો ધ્યાનમાં રાખવામાં આવતા હોય છે, આ ઉપરાંત કપચી, રેતી, સિમેન્ટ, સ્ટીલ જે રો–મટિરીયલ્સ હોય તે એન.આર. પ્રમાણે તેના ભાવ પણ ધ્યાનમાં લેવામાં આવે છે. સમયાંતરે આ એસ.ઓ.આર. નકકી કરવામાં આવે છે.

માર્ગ અને મકાન વિભાગના એસ.ઓ.આર.ના આધારે રાજયના કોઇ પણ વિભાગને જો કામ કરવાનું હોય તો તેનો બેઇઝ, એનો પાયો આ એસ.ઓ.આર. ઉપર હોય છે. અગાઉ મેં કહ્યું તેમ અગાઉ ભૂતકાળમાં ટેન્ડકરોમાં રીંગ થતી હતી, સીન્ડીકેટ થઇ જતી હતી, માથાભારે માણાસો બીજા નિર્દોષ, સારા કોન્ટ્રાકટરોને ટેન્ડરો ભરવા દેતા ન હતા. અને સરકારના પૈસા એવા લોકો ટેન્ડર કરતાં વધુ કિમંત ભરી પૈસા લઇ જતા હતા. અમારી સરકાર આવ્યા પછી મોદી સાહેબ વખતે ઓન લાઇન સિસ્ટમ ટેન્ડરોમાં દાખલ કરી અને કોઇ દાદાગીરી નહીં, કોઇ લુખ્ખાગીરી નહીં, કોઇ માફીયાગીરી નહીં, કોઇ રીંગ નહીં, કોઇ સીન્ડીકેટ નહીં, જેને ટેન્ડર ભરવું હોય તે ભરો એટલે ટેન્ડર નીચા આવે છે અને તંદૂરસ્ત હરિફાઇ થાય છે. અને સભ્યશ્રીએ જે વાત કરી કે કામ હલકું ન થાય, નબળી ગુણવત્તાવાળું ન થાય તેના માટે અમારું કવોલીટી કંટ્રોલ વિભાગ અને અમારા અધિકારીઓ અને તમારા ધારાસભ્યો તરફથી જો લેખિત ફરીયાદ આવે તો તેના ઉપર અમે પૂરતું ધ્યાન રાખીએ છીએ.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન જંગલ ખાતાના કારણે પેદા થયો છે. અમારી આજુબાજુના વિસ્તારમાં જંગલ બહુ મોટા પાયે છે, રસ્તા મંજૂર કરી દીધા પછી કામ ચાલુ થાય ડિપાર્ટમેન્ટ દ્વારા ત્યારે એ કામ રોકે છે અને પાછું મંજૂરી માટે અહીં આવે છે અને એમાં એક થી દોઢ વર્ષ જેટલો સમય નીકળી જાય છે અને એના કારણે રોડ મોડા થાય છે અને નબળો થાય છે કારણ કે ભાવ વધી ગયો હોય એટલે એવી સિસ્ટમ ગોઠવવી જોઇએ કે જેના કારણે તમે અહીંથી જયારે રોડ મંજૂર કરો ત્યારે માનનીય ગણપતભાઇનું ખાતું અહીં જ તે રોડની મંજૂરી આપી દે. જેના કારણે સાઇટ પર મુશ્કેલી ઉભી ન થાય. બીજી અમારી લાગણી અમારા વિસ્તારની એ હતી કે રીંગ રોડ ગીરનો કરવાનો અને આપણા પનોતા પુત્ર બેઠા છે એટલે એ કરવું બહુ સહેલું બની ગયું છે તો અમારા વિસ્તાર માટે આ કરો તેવી અમારી માગણી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે રસ્તાઓનું નેટવર્ક આખા ગુજરાતમાં ખૂબ મોટું ઉભું કરી દીધું છે, સોમનાથ જાઓ, દ્વારકા જાઓ તો પણ સુવિધા ઉભી કરી દીધી છે, માનનીય જવાહરભાઇ બોલ્યા કે પનોતા પુત્ર બેઠા છે તો આ પનોતા પુત્ર ગુજરાત માટે ઘણું કરે છે. ભાવનગરથી દ્વારકા અને સોમનાથનો (અંતરાય– એતો જૂનો છે) જૂનો નહીં, હમણાં જ કર્યો છે, હજુ તો કામ ચાલુ થયું છે. ગુજરાતમાં દરિયા કિનારાનો હજાર કરોડ રૂપિયા ઉપરનો આર.સી.સી. સિમેન્ટ રોડ કારણ કે આ દરિયા કિનારો છે, સાહેબ ભાજપની ગુજરાત સરકારે નરેન્દ્રભાઇને વિનંતી કરી અને નરેન્દ્રભાઇ મોદીની લાગણીથી આખો કોસ્ટલ હાઇવે, બીજા સભ્યશ્રીઓની જાણાકારી માટે પણ કહું કે, તો ગુજરાતમાં ૧૬૦૦ કિલોમીટર

દરિયા કિનારો અને ભેજવાળું હવામાન હોવાના કારણે આ રસ્તાઓને નુકશાન થતું હતું તેથી આવા આર.સી.સી. રસ્તા બનાવવા ભારત સરકારે ગુજરાતને એક હજાર કરોડ રૂપિયા ઉપરની રકમ ફાળવી છે અને કેન્દ્રીય મંત્રીશ્રી નીતિનભાઇ ગડકરીએ ગયા વર્ષે આવીને ત્યાં એનું ખાતમૂહુર્ત કર્યું હતું. તે કામ મોટા પ્રમાણમાં ચાલુ થઇ ગયું છે.

બીજું આ પનોતા પુત્રએ ઓખાથી બેટ દ્વારકા ૯૦૦ થી ૭૦૦ કરોડનો પુલ એ આપણને સાહેબ મંજૂર કરી આપ્યો. આપણને મંજૂર કરી આપ્યા. સો ટકા ભારત સરકાર આપણને મંજૂરી આપે છે. એ જ રીતે રાજપીપળાનો રસ્તો હતો વન વિભાગનો પ્રશ્ન હોય કે સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પ્રશ્ન હોય ભારત સરકાર પાસે આપણે માગીએ તેટલા પૈસા આપે છે. પહેલા માગતા હતા તો મળતા નહોતા જયારે અત્યારે ત્યાંથી ફોન આવે છે કે દરખાસ્ત મોકલો અમે પૈસા ફાળવવા તૈયાર છીએ. આ પનોતા પુત્ર અત્યારે કરી રહ્યા છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં આ રસ્તા બાબતે જણાવ્યું કે નામદાર સુપ્રીમ કોર્ટનો આદેશ છે એના હિસાબે આપણે રસ્તાઓ કરી શકતા નથી. મારે માનનીય મંત્રીશ્રીને જણાવવું છે કે નામદાર સુપ્રીમ કોર્ટે નવો ઇકો સેન્સિટીવ નામનો જે કાયદો આવી રહ્યો છે એમાં જંગલની હદ વધારવા માટેની ગાઇડ લાઇન આપી છે. સેટલમેન્ટમાં એવોર્ડ બહાર પડી ગયા છે જેના હક્ક હિસ્સાઓ આપેલા છે, રસ્તાઓના રહેણાંકોના હક્ક આપેલા છે. જંગલના સેટલમેન્ટના એવોર્ડ બહાર પડી ગયા છે એમાં કોઇ રસ્તા ન બનાવવા એવું સુપ્રીમ કોર્ટે કહ્યું નથી. સુપ્રીમ કોર્ટે રસ્તાનો ઉલ્લેખ કરેલો હોય અને ના બનાવવાના હોય તો એક કલાકની ચર્ચા હાઉસમાં આપો, મારી ડોકયુમેન્ટ સાથે ચર્ચા કરવાની તૈયારી છે. માનનીય નીતીનભાઇના વિભાગનો કોઇ દોષ નથી. ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ સરકારના કાયદાઓની જોગવાઇની પરિભાષામાં આવતા રસ્તાઓ કે એમના હક્કો માટે પણ ત્યાંના અધિકારીઓ મનમાની કરીને કામ કરવા દેતા નથી આ એક મુદ્દો છે. એટલે મારી માનનીય મંત્રીને વિનંતી છે અને આપશ્રીને પણ, આપ ફોરેસ્ટ વિભાગના મિનસ્ટરશ્રી, આર.એન્ડ બી., પાણી પુરવઠા અને જળસંપતિ આ ત્રણ વિભાગની એક સાથે મિટિંગ રાખીને અમારા ઘણા બધા પ્રશ્નો છે જો ત્રણ વિભાગ એક સાથે સંકલન કરે તો જ એનો ઉકેલ આવે. એટલા માટે મારી વિનંતી છે કે સુપ્રીમ કોર્ટે જે જજમેન્ટ આપ્યું છે એની કોપી પણ મારી પાસે છે અને એનો મેં અભ્યાસ પણ કરેલો છે. મારી વિનંતી છે કે જે રસ્તાની વાત કરી છે એ રસ્તા મારા ગીર ફોરેસ્ટ વિસ્તારના ઘણા રસ્તાઓ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ કરવા નથી દેતું એ રસ્તા કરી આપો. માનનીય મંત્રીશ્રી વન બેઠા છે એમને પણ વિનંતી છે કે એ પણ એમાં સહયોગ આપે અને એ રસ્તાઓ પ્રજા માટે થાય તો નીતિનભાઇએ ચા પીવાનું આમંત્રણ આપ્યું છે તો હું સિંહ જોવા માટે અને આ હાઉસના બધા ધારાસભ્યોને કેરી અને રોટલા ખાવાનું આમંત્રણ આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય ભગાભાઇ, સૌને આમંત્રણ આપો છો એ બહુ સારી વાત કહેવાય. આપે ત્રણ મિનિટ કરતાં વધારે સમય લીધો છે તેથી આપનો જે પ્રશ્ન હોય એ રજૂ કરો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : મારી વિનંતી છે કે સુપ્રીમ કોર્ટે એવું કોઇ જજમેન્ટ આપ્યું નથી. આ કાસીયાનેસવાળો જંગલનો રસ્તો છે એ રસ્તા ઉપર અત્યારે રફ રસ્તાનું કામ ચાલુ થઇ ગયું છે. થોડાક દિવસથી બંધ છે એ રસ્તો પૂર્ણ કરવામાં આવે અને રસ્તા ઉપર હેરણ નદીના આલીયાવારીયા આરા ઉપર એક નાળુ, પુલીયુ બનાવવાનું થાય છે એક કાસીયાનેસની બાજુમાં નદી છે એના ઉપર નાળુ બનાવવાનું થાય છે તો આ બે નાળા બનાવવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય સભ્યશ્રી ભગાભાઇના ધ્યાન ઉપર મૂકવા માગીશ કે વન વિસ્તાર એ જુદી વ્યાખ્યા છે, અભ્યારણ્ય એ જુદી વ્યાખ્યા છે અને ઇકો સેન્સિટીવ ઝોન એ પણ જુદી વ્યાખ્યા છે. સુપ્રીમ કોર્ટ અને ભારત સરકાર, હું રાજકીય રીતે કહેવા નહોતો માગતો પણ અત્યારે આપને તારીખ સાથે જણાવીશ કે આ પ્રશ્ન કયાંથી ઉભો થયો. ભારત સરકારના ૨૭-૧-૨૦૦૯ માં ધ યુનિયન બોર્ડ ઓફ વાઇલ્ડ લાઇફ જે ભારત સરકારની અધિકૃત સંસ્થા છે એની સ્ટેન્ડિંગ કમિટીની અંદર જે નિર્ણય લેવાયો એ નિર્ણય એવો લેવાયો છે. રાષ્ટ્રીય ઉદ્યાન તેમજ અભ્યારણ્ય વિસ્તારમાં નવા રસ્તાઓ ન બનાવવા તેમજ હયાત રસ્તાઓને પહોળા કે અપગ્રેડ ન કરવા સૂચના આપવામાં આવે છે. એટલે રોડ આપણે પહોળા પણ કરી શકતા નથી. જે રોડ કાચા, માટીના હોય એને આપણે ડામરનો પણ કરી શકતા નથી. આ નિયમ આખા દેશ માટે છે. બીજુ ઇકો સેન્સીટીવ ઝોનનું કહ્યું, મેં હમણાં પણ કહ્યું કે તમે ઓફિસોમાં આવો, મંત્રીશ્રીઓને મળો, શ્રી ગણપતસિંહ વસાવા સાહેબને મળો, તમારા ગીર અભ્યારણ્યના, ઇકો સેન્સીટીવ ઝોનના, હું શ્રી ગણપતસિંહને વિનંતી કરું કે ત્યાંના ધારાસભ્યોની એક મિટિંગ બોલાવે અને તમને બધાને સમજ આપે, પછી તમે સમજ્યા વગરની અપપ્રચારવાળી, રાજકીય હેતુ પ્રેરિત, બદનક્ષીકારક વાતો કરતા બંધ થઇ જાઓ. તમારે એટલું વચન મને આપવાનું કે આ સાચી માહિતી આપ્યા પછી તમે ત્યાં અપપ્રચાર નહીં કરો, રાજકીય રીતે નહીં વર્તો, તો બધુ જ અમારા શ્રી ગણપતસિંહ ચીફ ફોરેસ્ટ કન્ઝર્વેટર, સચિવ જેને બોલાવવા હોય એમને બોલાવીને કુલ ફોરમની એક મિટિંગ અમે કરી આપીશું.

**રાજકોટ/વડોદરા જિલ્લામાં એઇમ્સ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત**

* ૮૫૪૨ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજય સરકારે તા.૦૬-૦૮-૨૦૧૪ના પત્રથી રાજકોટ અથવા વડોદરા જિલ્લામાં એઇમ્સ શરૂ કરવા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |

(૨) જો હા, તો કેન્દ્ર સરકાર દ્વારા એઇમ્સ શરૂ કરવાની પરવાનગી આપેલ છે કે કેમ?

(૨) નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ની બજેટ સ્પીચમાં તા.૧-૨-૨૦૧૭ના રોજ કેન્દ્રીય નાણાંમંત્રીશ્રી દ્વારા ગુજરાતને એઇમ્સ ફાળવવા જાહેરાત કરેલ છે.

(૩) જો ના, તો કયા કારણોસર પરવાનગી આપવામાં આવતી નથી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જો હા, તો કયાં અને કયારે શરૂ કરવામાં આવશે?

(૪) ભારત સરકારશ્રી કક્ષાએ કાર્યવાહી ગતિમાં છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણતા પહેલા સમુદ્ર મંથનમાંથી વિષ નીકળ્યું હતું અને એ નીલકંઠ કહેવાયા હતા એમ તમે પણ ભાજપના નીલકંઠ જ છો. તમે પણ ખૂબ કડવા ઘૂંટ પીધા છે આ અગાઉ પણ તમે જવાબ આપેલો છે કે રાજકોટ તથા વડોદરાને એઇમ્સ માટે કેન્દ્ર સરકારને દરખાસ્ત કરેલી છે. એના અનુસંધાનમાં બે વીક પહેલા જવાબ આપેલો જ છે. પરંતુ એમાં મારે એટલું જ જાણવું છે કે આ પ્રોસેસ ક્યાં સુધી પહોંચી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કડવા ઘૂંટ ક્યાંકને ક્યાંક બધાએ પીવા જ પડે છે. શ્રી શૈલેષભાઇએ પીધા છે, શ્રી અમિતભાઇએ પીધા છે, શ્રી કુંવરજીભાઇએ અને શ્રી વિરજીભાઇએ પણ પીધા છે. બધાના જીવનમાં ઉતાર-ચઢાવ આવતા જ હોય છે. આ ભગવાને નિશ્ચિત કર્યું હોય એ પ્રમાણે થતું હોય છે. આપણે તો ભગવાને ગીતામાં કહ્યું છે કે તમે કર્મ કર્યે જાવ તેનું ફળ ભગવાન આપશે. તમારા કર્મ તમે કરો, અમારા કર્મ અમે કરીએ છીએ. શ્રી પરેશભાઇ એમનું કર્મ કરે. ક્યાંક એમના પણ પ્રશ્નો હશે. વારંવાર ડેલીગેશન દિલ્હી જાય છે અને એમનું બિચારાનું બી.પી. વધી જાય છે અને બીજી બધી ચર્ચા આપણે કરેલી છે. ભારત સરકારને આપણે દરખાસ્ત મોકલેલી છે. ભારત સરકારના નાણામંત્રીશ્રીએ બજેટમાં ગુજરાતને એઇમ્સ આપવાની જાહેરાત કરેલી છે. એટલે આવનારા સમયમાં ગુજરાતને એઇમ્સ મળશે પણ એ કઇ જગ્યાએ એઇમ્સ આપવી એ ભારત સરકાર નક્કી કરશે.

શ્રી જીતેન્દ્ર ર. સુખડીઆ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ક્યા ક્યા સ્થળોની એઇમ્સ આપવા માટે પસંદગી કરવામાં આવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે કોઇ પસંદગી કરતા નથી. એ ભારત સરકારનો અધિકાર છે. ભારત સરકાર આપણી પાસે ક્યાં ક્યાં કરવા માટે જમીન ઉપલબ્ધ છે એની માહિતી માગે છે. આ જમીન ભારત સરકારને ગુજરાત સરકારે વિનામૂલ્યે આપવાની હોય છે. પછી ભારત સરકાર એક હજાર કરોડ રૂપિયાના ખર્ચે મેડિકલ કોલેજ, રિસર્ચ સેન્ટર, હોસ્પિટલ એ કરતી હોય છે. વડોદરા અને રાજકોટ જિલ્લામાં મોટી જગ્યાઓ ઉપલબ્ધ હતી એ જગ્યાઓની દરખાસ્ત ભારત સરકારમાં કરી હતી. ભારત સરકારના આરોગ્ય વિભાગના સિનિયર અધિકારીઓની ટીમ ગયા વર્ષે ગુજરાત આવેલ છે. આવીને બન્ને સાઇટોની વિઝિટ કરેલ છે. ત્યાં એ લોકો અભ્યાસ કરી અને આગળની કાર્યવાહી કરશે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્યમાં એઇમ્સની સ્થાપના કરવા માટે શું પગલા લેવામાં આવ્યા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે તો સતત ભારત સરકારને ફોલોઅપ કરીએ છીએ. કેન્દ્રીય આરોગ્યમંત્રીશ્રી જે.પી. નડ્ડાજી, નાણામંત્રીશ્રી અરૂણ જેટલીજી અને માનનીય વડાપ્રધાનશ્રીને પણ સમયાંતરે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા આ મુદ્દા બાબતે ભારત સરકાર ઝડપથી નિર્ણય કરે એ માટે અમે ફોલોઅપ કરીએ છીએ.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, એઇમ્સની આ હોસ્પિટલ આપવાનો બહુ સેન્સીટીવ મુદ્દો છે. ભારત સરકારે ગુજરાતને એઇમ્સ આપવાનું સ્વીકાર્યું છે એ બદલ હું અભિનંદન આપીશ. અમારા આ ગૃહના નેતા મુખ્યમંત્રી રાજકોટથી આવે છે. સૌરાષ્ટ્રને ઘણા વર્ષોથી *(××)થતો આવ્યો છે.

અધ્યક્ષશ્રી : *(××) શબ્દ કાઢી નાખીએ છીએ. તમારે કહેવું હોય તો ન્યાય નથી થતો અમે કહો. અસંસદીય શબ્દ છે. આ જ સમજવાનું છે આપણે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : ન્યાય થતો નથી. અમારા મુખ્યમંત્રી પણ રાજકોટથી આવે છે અને અમારા ભારતીય જનતા પાર્ટીના નેતા પણ સૌરાષ્ટ્રના છે અને અમારા નીતિનભાઇ બહુ ખુશ છે આજે. હું એમના ઘરે કહે તો ઘરે જાવ, એ કહે તો એમની ઓફીસમાં જાવ, અહીંયા કહે તો અહીંયા જાવ, પરંતુ આ ગૃહ રાજકોટને આ હોસ્પિટલ આપે તેના માટે કેન્દ્ર સરકારને વિનંતી કરતો ઠરાવ કરે એવી પણ લાગણી વ્યકત કરુ છું અને રાજકોટને આ હોસ્પિટલ મળે તેવી વિનંતી. માનનીય આરોગ્ય મંત્રીશ્રી પોતાનો પોઝીટીવ રીપ્લાય આપે તેવી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ આપણને ગુજરાતને એઇમ્સ મળી એ આપણા માટે ઉપયોગી છે. એ કોઇ સેન્સીટીવ મુદ્દો નથી એ પહેલા તો સ્પષ્ટતા કરું. બીજું, માનનીય વિરજીભાઇએ કહ્યું કે સૌરાષ્ટ્રને ન્યાય આપો. અમારું તો સુત્ર છે '' સૌનો સાથ સૌનો વિકાસ. '' ગુજરાતનો એક પણ તાલુકો, એક પણ ખૂણો, એક પણ સમાજ, એક પણ વયજુથના લોકો અમારી ગુજરાત સરકારની વિકાસ યાત્રામાં જે લાભ મળવાપાત્ર છે એનાથી કોઇ બાકી ના રહે એ અમે સતત

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

કરીએ છીએ. સૌરાષ્ટ્રને પણ હું કોઇ ભૌગોલિક વિસ્તાર તરીકે નથી કહેતો પણ ભૂતકાળમાં અમારા પહેલાની જે સરકારો હતી, જે લોકો અત્યારે પ્રશ્નો પૂછે છે એ ઘરે જઇને વિચાર મંથન કરે કે સૌરાષ્ટ્રને ભૂતકાળની સરકારોએ જે આપ્યું હતું એના કરતા ભારતીય જનતા પક્ષની સરકારે બાવીસ વર્ષમાં અનેકગણું વધારે આપ્યું છે. મેડિકલ કોલેજો આપી, અન્ય વ્યવસ્થાઓ આપી, સૌની યોજના જેવી પીવાના પાણીની, ખેતીના પાણીની ૧૫ હજાર કરોડ રૂપિયાની વિશાળ યોજના આપી. નર્મદાના પાણીનો સૌથી મોટો લાભ વડોદરા અને સુરેન્દ્રનગર જિલ્લાને મળે છે તો સુરેન્દ્રનગર જિલ્લો પણ સૌરાષ્ટ્રનો જ એક ભાગ છે. જે સૌરાષ્ટ્ર પાણીના અભાવે તમારે ખાલી કરવું પડતું હતું, આપણા લોકોને હિજરત કરવી પડતી હતી એ સૌરાષ્ટ્રને લીલુંછમ, ઉદ્યોગોથી ધમધમતું કર્યું. મોરબીને ગેસ આપ્યો તો અમારી ભા.જ.પ. સરકારે આપ્યો અને ઉદ્યોગોથી ધમધમતું થયું. રાજકોટ આજુબાજુથી ધમધમતું થયું. અમે ઘણું કર્યુ છે. અમે કોઇ જગ્યાએ પક્ષપાત કે કોઇ ભેદભાવ રાખતા નથી. આદિવાસી વિસ્તાર હોય તોય અમારો છે. કચ્છનું રણ હોય તોય અમારું છે. વેરાવળનો દરીયાકિનારો હોય તોય અમારું છે અને આખું ગુજરાત અમારું છે.

શ્રી અરવિંદ રૈયાણી : માનનીય અદ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગુ છું કે ભારત સરકાર દ્વારા કયા કયા માપદંડના આધારે એઇમ્સ માટે સ્થળ પસંદગી, મૂલ્યાંકન કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એઇમ્સ હોસ્પિટલ દર્દીઓની સેવા માટે છે. મોટી હોસ્પિટલ બને, મેડીકલ કોલેજ બને તો જે વિસ્તારમાં દર્દીઓની સેવા સારી રીતે કરવાની જરૂર છે એ વિસ્તાર પસંદ કરવામાં આવે છે. બીજું ત્યાં મેડીકલ કોલેજ રીસર્ચ સેન્ટર પણ કરવામાં આવે છે એટલે જયાં આગળ ડોકટરોની ઉપલબ્ધી ભવિષ્યમાં પણ બની શકે. ડોકટરો ત્યાં ફરજ બજાવવા, નોકરી કરવા માટે આવવા સંમત થાય એવી સગવડો, એવા રસ્તા, એવા શહેરો, એવું ઇન્ફ્રાસ્ટ્રકચર, એમના બાળકો માટે એવી શિક્ષણની વ્યવસ્થા, અન્ય બધી સુવિધાઓ, દર્દીઓ ગમે ત્યાંથી આવે તો એમને આવવા-જવાનું ટ્રાન્સપોર્ટેશનની સુવિધા, આ બધું જ ધ્યાનમાં રાખી અને એઇમ્સના ધોરણો પ્રમાણે સ્થળ નકકી કરવામાં આવશે.

શ્રી યોગેશ પટેલ : પોલિટિકલ સ્ટેન્ડની દ્રષ્ટિએ રાજકોટ ભારે છે એ જોતા અમારી હાર નક્કી છે. પણ વડોદરા શહેરને એઇમ્સ મળે, શૈલેષભાઇ, અમદાવાદની જનતાને અને દર્દીને પણ એક કલાકમાં એનો લાભ મળી શકે એમ છે. હું માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે, વડોદરા શહેરને ભૌગોલિક કારણોસર રાજયની ૬૦ ટકા જનતાને એઇમ્સનો લાભ મળી શકે એમ છે તો રાજ્ય સરકાર વડોદરા શહેરને ભૌગોલિક કારણો જોઇ કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરવા માગે છે કે કેમ? મારી ટ્રેઝરી બેન્ચને આજીજી છે કે વડોદરા શહેરને એઇમ્સ મળે એ માટે અમારી લાગણી મૂકીએ છીએ તેમાં માનનીય મંત્રીશ્રી શું કહેવા માગે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અગાઉ અવાર-નવાર ચર્ચાઓ થઇ છે. આને કોઇ ભૌગોલિકવાદનો મુદો ન બનાવવો જોઇએ. મારું બધા ધારાસભ્યોને નમ્ર સૂચન છે કે આપણે આખા ગુજરાતના પ્રતિનિધિ છીએ. જુદા જુદા વિસ્તારમાં રહીએ છીએ. આજે સૌરાષ્ટ્રમાં રહેતા હોય, કાલે વડોદરા રહેવા જાય અને આજે વડોદરા રહેતા હોય તો કાલે સૌરાષ્ટ્રમાં ધંધો કરવા જાય. આ બધું થતું હોય છે. આપણું એકમ ગુજરાત છે. ગુજરાતને લાભ મળે એ આપણો હેતુ છે. નર્મદા યોજનાનું પાણી તો બધાને મળે એવું અમે કર્યું. અગાઉ નક્કી થયેલ એવું થયું. બધું સાર્વજનિક નક્કી થતું હોય છે.હું ફરી વિનંતી કરું છું કે આ ગૃહમાં બીજી વખત આ મુદો આવી રીતે ઉભો થયો. એક બાજુ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની વાત થાય અને બીજી બાજુ સૌરાષ્ટ્રની વાત થાય આ રીતે ગુજરાતમાં કરવું મારી દ્રષ્ટિએ યોગ્ય નથી. આવું કરશો તો મને ચિંતા છે કે ભારત સરકાર આજે અથવા ભવિષ્યમાં કોઇ મોટો પ્રોજેક્ટ ગુજરાતને રાજ્ય દીઠ એક આપવાનો થતો હશે અને આપવાનો વિચાર કરશે અને આપણે આવી રીતે ભૌગોલિકવાદમાં વહેંચાઇ જઇશું તો ભારત સરકાર નિર્ણય નહીં કરે. દા.ત. મારે સૌરાષ્ટ્રમાં મેડિકલ કોલેજ કરવી છે અને પછી એક જિલ્લો કહે આ જિલ્લામાં કરો, બીજો જિલ્લો કહે આ જિલ્લામાં કરો. એવો જો વિવાદ ઉભો થાય તો સ્વભાવિક છે કે અમે વિચાર જ માંડી વાળીએ કે ભાઇ નથી કરવું. કર્યા પછી વિવાદ થવાનો હોય, કર્યા પછી આક્ષેપો થવાના હોય, કર્યા પછી આંદોલનો થવાના હોય તો એના કરતા ના કરવું સારું. એમ મારી બધા સભ્યોને નમ્ર વિનંતી છે કે ગુજરાતને એઇમ્સ મળે એ આપણો લક્ષ છે. કયા વિસ્તારને મળે, દર્દીઓ આખા રાજ્યના છે. અમદાવાદ સિવિલમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનથી દર્દીઓ આવે છે તો એમાં વિસ્તારવાદ નથી, રાજયવાદ પણ નથી. મોટી હોસ્પિટલ હોય તો ગંભીર રોગની સારવાર માટે લોકો આવતા હોય છે. આજે પણ ગુજરાતના દર્દીઓ કદાચ બહાર જતા હોય, જેને પોષાય એવું હોય એ. આ બધું ચાલ્યા કરવાનું. ગુજરાતમાં મહેરબાની કરીને આનો ભૌગોલિકવાદનો વિવાદ ન બનાવો એવી મારી સર્વે સભ્યશ્રીઓને વિનંતી છે.

## તળાજા તાલુકા રોયલ-ટીમાણા ભદ્રાવડ રોડને પહોળો કરવાનું આયોજન

* ૭૩૨૪ **શ્રી રાઘવભાઇ મકવાણા** (મહુવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના રોયલ-ટીમાણા-ભદ્રાવડ રોડને પહોળો કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |

(૨) આ કામો કયાં તબક્કે છે, અને (૨) પ્રગતિમાં.
(૩) ઉક્ત કામગીરી માટે કેટલો ખર્ચ થશે? (૩) અંદાજે રૂ. ૭૩૫.૯૦ લાખ.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે, ઠાડસથી ઠળિયા અને ઠળિયાથી રાળગોન અને રાળગોનથી બગદાણા જવાના રોડનું ૧૫ તારીખના રોજ અમે જે પ્રશ્ન પૂછ્યો હતો એના પેટા પ્રશ્નમાં આદરણીય કેશુભાઇ, આદરણીય કનુભાઇ અમારા ત્રણેયનો એક જ અવાજ હતો કે આ રસ્તો અમને મંજૂર કરી આપો. ૭ કરોડ રૂપિયાની આજે જાહેરાત જે ઠાડસથી ઠળિયા અને ઠળિયાથી રાળગોન અને રાળગોનથી બગદાણાની કરી છે એટલે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રોયલ–ટીમાણા ભદ્રાવડ રોડને પહોળો કરવાની કામગીરી હાલ ક્યા તબક્કે છે. આ રોડને કેટલો પહોળો કરવાનું આયોજન છે એ માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રોડ તો ગયા વર્ષે મંજૂર કરવામાં આવ્યો હતો અને એની ટેન્ડર વગેરેની પ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ છે અને અત્યારે ૩.૫૦ મીટર પહોળો છે એને વધુ ૨ મીટર એટલે હવે ૫.૫૦ મીટર સુધી એને આપણે સાદી ભાષામાં ટુ લેઇન કહીએ છીએ એ પ્રકારના રોડ તરીકે એને વિકસાવવાનું કામ મંજૂર કર્યું છે અને એની કામગીરી અત્યારે ચાલુ છે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, ભાવનગર જિલ્લામાં જે તળાજા છે ત્યાં ધાર્મિક સ્થળ બગદાણા આવેલું છે. પાલીતાણાથી બગદાણા રોડ ઘણા સમયથી થયો નથી તો એ તળાજા રોડ મંજૂર કરવા માગે છે કે કેમ? બીજું, અમદાવાદથી ભાવગનરનો રોડ જે રીતે માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે યાત્રાધામ માટેના હમણાં જે આર.સી.સી. રોડ મંજૂર કર્યા ભાવનગરથી, એ રીતે અહીંયા અકસ્માતની ઘટના બહુ બની રહી છે. છેલ્લા ઘણા વર્ષોથી કેટલાય લોકોના મૃત્યુ થયા છે તો એ રોડ પણ ઝડપથી ચાર માર્ગીય થાય એવું કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી છતાં માનનીય સભ્યશ્રીની જાણકારી માટે કહું કે પાલીતાણા પણ આપણું જૈનોનું યાત્રાધામ અને મોટું તિર્થ છે. લાખો યાત્રાળુઓ દર વર્ષે ત્યાં આવે છે. સોનગઢથી પાલીતાણા એ તમે જાણતા હશો કે ચાર માર્ગીય બનાવવાનું કામ અત્યારે ચાલુ છે એવી રીતે તબક્કાવાર આપની બધાની જાણકારી માટે કહું ગયા બજેટમાં મેં જાહેરાત કરી હતી તે અંબાજીનો રસ્તો ફોર લેઇન કરવામાં આવશે તો એનું મોટા પ્રમાણમાં અત્યારે અંબાજીનું ફોર લેઇન કરવાનું હિંમતનગર સાઇટથી ચાલુ છે અને વીસનગર બાજુથી પણ ચાલુ છે. બીજી જાહેરાત આપણે કરી હતી કે ડાકોરનો રસ્તો ચાર લેઇન કરવામાં આવશે. અમદાવાદથી ડાકોર અને નડિયાદથી ડાકોર એ રસ્તાની કામગીરી પણ અત્યારે ફોર લેઇન કરવાની ચાલુ છે. એવી રીતે આપણા સૌરાષ્ટ્રના દ્વારકા, સોમનાથ કે બીજા જે ધાર્મિક સ્થળો છે એ બધાના કામ પણ કરીએ છીએ. ઉત્તર ગુજરાતમાં બેચરાજી એ પણ મોટું યાત્રાનું ધામ છે તો મહેસાણાથી બેચરાજીનો રસ્તો પણ ચાર માર્ગીય બનાવવાનું કામ લગભગ પૂર્ણ થવા ઉપર છે. આમ, આખા ગુજરાતમાં સુરતમાં આદિવાસી સમાજના જે માતાજી છે, શ્રદ્ધાનું સ્થાન દેવમોરારી ત્યાં પણ રસ્તાનું કામ ગણપતભાઇએ રજૂઆત કરી હતી એ પણ મંજૂર કર્યું. આમ બધા જ રસ્તા આપણે કરીએ છીએ. રસ્તાના એક પણ કામ બાકી ના રહે એ પ્રમાણે તબક્કાવાર સરકાર કામ કરી રહી છે. અત્યારે પાલીતાણાના તમારા રસ્તા માટે અમે ટેન્ડર પણ બહાર પાડી દીધા છે અને ૫૦ કરોડનું ટેન્ડર એ અત્યારે મંજૂરી ઉપર છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇ આજે બહુ ખુશ છે અને મોરબીને એ પોતાનું ગણે છે અને અમારા મોટાભાઇ છે તો નાનાભાઇ તરીકે માગી લઉં. કારણ કે, ઓફિસમાં જાવ છુંને તો હાથ ફેરવી દે છે. અમારી કાઠિયાવડની કહેવત છે કે, •(××)

અધ્યક્ષશ્રી : આ શબ્દો કાઢી નાખવામાં આવે છે આવું ફરીવાર ના બોલશો.

શ્રી બ્રિજેશ મેરજા : એટલે આ તો કાઠિયાડી કહેવત છે.

અધ્યક્ષશ્રી : ના, ના, કાઠિયાવાડી ભાષા હશે બરાબર છે. યોગ્ય જગ્યાએ યોગ્ય શબ્દો જ કહેવાય. (અંતરાય) આ ધારાસભા છે.

શ્રી બ્રિજેશ મેરજા : નીતિનભાઇ પાસે હું માગી લઉં કે, નીતિનભાઇ તમે જ ખાતમુહૂર્ત કરી ગયા હતા. ૩૦૦ કારખાના જે રસ્તે આવેલા છે એ આપણે મોરબીથી જેતપુર જાતો રસ્તો ટાઇમ લિમિટમાં પૂરો નથી થયો, પંચવર્ષીય યોજના જેવો થઇ ગયો છે અને આપનો આભારી છું કે હમણાં આપે ઘૂટું પાસે એક કિલોમીટરનો રસ્તો પહોળો કર્યો એ રસ્તો પણ હળવદ જાય છે એ પણ ફોર લેઇનનો બનાવવો જરૂરી છે. સાથો સાથ એ પણ માગી લઉં કે માળીયામાં આજે સરકીટ હાઉસ કે વિશ્રામગૃહની સુવિધા નથી અને માળીયા નેશનલ હાઇવેથી લાખિયાસરનો રસ્તો નથી. જ્યાં હમણાં ઝીંગાની વાત થઇ હતી, ઘણાના મોઢાંમાં પાણી આવ્યું હતું. એ ઝીંગાનો ઉદ્યોગ ધમધમે છે તો માળિયાથી લાખિયાસરનો રસ્તો ૩૨ વર્ષ પછી પણ બન્યો નથી એ માટે હું નીતિનભાઇને વિનંતી કરું છું કે આજે વિશ્વ જળ સંપત્તિ દિવસ છે તો એની શુભેચ્છાઓ પાઠવું છું. ખેડા સત્યાગ્રહને ૧૦૦ વર્ષ

• આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

થાય છે એને હું સત્યાગ્રહીઓને મનોમન વંદન કરું છું. છેલ્લે એટલું જ કહીશ કે સરદાર પટેલની પ્રતિમાને શેરથામાં જે રીતે ગળામાં હાર પહેરાવ્યો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નકાળમાં છે. બ્રીજેશભાઇ તમે (અંતરાય)

શ્રી બ્રિજેશ મેરજા : આપ ક્યારેય તક નથી આપતા( અંતરાય)

અધ્યક્ષશ્રી : એટલા માટે જ કહું છું તમે બેસી જાવ.

શ્રી બ્રિજેશ મેરજા : તમે પોઇન્ટ ઓફ ઓર્ડર નથી પૂછવા દેતા.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ, આપ બેસી જાવ. પ્રશ્નકાળની અંદર સમજણ હોવી જોઇએ આપણને કે પ્રશ્ન સિવાય વધારાનું ન પૂછીએ અને આરોપો અને એ બધી વાત કરવાની જગ્યા બીજે છે. માનનીય મંત્રીશ્રી જવાબ આપવો છે આનો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી માટે પણ એમને ખ્યાલ જ છે કે કાંતિભાઇ અમૃતિયા અમારા ધારાસભ્ય હતા, બીજા બાવનજીભાઇ ધારાસભ્ય હતા, જેન્તીભાઇ કવાડીયા હળવદના ધારાસભ્ય હતા. એ ત્રણેની લાગણી, માગણી, વિસ્તારની જરૂરિયાતને ધ્યાનમાં રાખી માનનીય વિજયભાઇનો જે રાજકોટથી મોરબી ફોરલેન મંજૂર કરેલો એનું કામ અત્યારે પૂર જોશમાં ચાલે છે આપશ્રી બંને જાણો છો. હળવદવાળા રસ્તાનું કામ પણ જે ચરાડા થઇને નીકળે છે એ પણ કર્યું પણ ત્યાં કોન્ટ્રાકટર, એક કંપની ફેઇલ ગઇ છે. અમે એને ટર્મીનેટ કર્યો છે, એની અઢી કરોડની જે અનામત હોય એ પણ અમે જપ્ત કરી છે, નવા કોન્ટ્રાકટરને કામ આપી દીધું છે અને એ કામ અત્યારે પ્રગતિમાં છે. મોરબીને પણ રાજકોટ સાઇડથી અને સુરેન્દ્રનગર , ધાંગધ્રા સાઇડથી બધી બાજુથી હળવદ બાજુથી ફોરલેન રસ્તા અગાઉ હજારેક કરોડના મંજૂર કર્યા હતા, હજારે હજાર કરોડ અંદાજે કહું છું કોઇ આંકડો પકડી ના લેતા. એના કામ અત્યારે ચાલુ છે.

શ્રી કેશુભાઇ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તળાજા તાલુકાના ઠાડચ, ઠડીયા અને બગદાણા સુધારણા માટેનો જોબ નંબર હમણા આપ્યો માનનીય મંત્રીશ્રીએ એ બદલ એમનો આભાર માનું છું પણ માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે આ રસ્તા ઉપર બગદાણા ખૂબ મોટું પવિત્ર યાત્રાધામ છે એટલે આ રસ્તાને પહોળો કરવો ખૂબ જરૂરી છે એટલે મારી વિનંતી છે અને આ રસ્તાને પહોળો કરવાનો રીવાઇઝ જોબ નંબર આપવા માગો છો કે નહીં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી ચોકકસ ધ્યાનમાં રાખીશું.

**રાજકોટ જિલ્લાના વાડધરી થી પાટીયાળી ગામનો રસ્તો**

* ૭૩૧૨ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ પૂર્વ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના વાડધરી ગામથી પાટીયાળી ગામને જોડતા નોન પ્લાન રસ્તાનું કામ મંજુર થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમનું અને કામ કયા તબક્કે છે? | (૨) રૂ. ૨૨૦.૦૦ લાખનું ડી.ટી.પી મંજુરીની પ્રક્રીયામાં. |

શ્રી અરવિંદ રૈયાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વાળાધરીથી પાટીયાળી રોડને પાકો બનાવવાથી કયા કયા ગામોને અને કેટલી વસ્તીને શું ફાયદો થનાર છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાનો આ વિસ્તારનો રસ્તો છે. અગાઉ અમારા ધારાસભ્યોએ ગઇ સરકારમાં જે માગણીઓ કરી હતી એ બધા કામો, ટેન્ડર અને એ બધી પ્રક્રિયા પૂર્ણ થઇ અને હવે એની કામગીરી થવા ઉપર છે. માનનીય અરવિંદભાઇએ જે પ્રશ્ન પૂછયો છે એ પ્રમાણે આ આખા રસ્તાની જે કામગીરી છે એનો જે લાભ મળવાનો છે એ જુદાજુદા ગામોની કે ત્યાંની સ્થાનિક જરૂરિયાત છે તેને પૂર્ણ કરશે અને આ રસ્તાથી જે ગામોને લાભ મળે છે એમાં થોરડી, ચાંપાબેડા, કાલવંડી, અનીડા, વાંછણા વગેરે ગામોના ખેડૂતોની જમીનોને સાંકળી ગોંડલનું માર્કેટ યાર્ડ એ ખૂબ મોટું છે ત્યાં સુધી એને લાભ મળે એ પ્રમાણે આની વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે ધંધુકાથી રાણપુર જવાનો રોડ છે ત્યાં વર્ષો પહેલા સિમેન્ટનો રોડ હતો અને પહોળો કર્યો છે પણ વારંવાર બંને સાઇડ બેસી જાય છે અને રસ્તા ઉપરથી સિમેન્ટ ઉખડી જાય છે અને ડામરને મેળ ખાતો નથી તો ધંધુકાથી રાણપુર રોડ આખો નવો કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રજૂઆત છે, જોઇ લઇશું પણ એમની જાણકારી માટે કહું કે રાજકોટ હાઇવેને જોડતો બગોદરાથી માંડી અને છેક ભાવનગર સુધીનો જે રસ્તો અત્યારે ફોરલેન આપણે કરીએ છીએ. પૂજય પ્રમુખ સ્વામિ મહારાજનું એ સાળંગપુરનું મંદિર, હનુમાનજીનું પવિત્ર મંદિર આવે છે એને પણ આપણે પહોળો કરી દીધો છે અને છેક શિહોર સુધી આ રસ્તો ઔદ્યોગિક વિસ્તાર અલંગ સુધી જે જાય છે એ તબકકાવાર આપણે ફોરલેન કરીશું પણ અત્યારે ભાવનગરને લક્ષ્ય રાખી અને જે રસ્તો થાય છે એનો લાભ ધંધુકાને અને ધોળકાને સારી રીતે મળ્યો છે. અમારા

ભુપેન્દ્રસિંહજીની પણ લાગણી હતી કે ધોળકાને પણ બગોદરાવાળા રોડે જોડીને પહોળો કરવામાં આવે તો એ બધા જ રસ્તા આપણે મંજૂર કરી દીધા છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

**અતારાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

માણાવદર, મેદરવાડા અને વંથલી તાલુકાના રસ્તાઓને ડામરની રીકાર્પેટીંગ કરવાની કામગીરી

* ૯૮૪૬ શ્રી જવાહરભાઇ ચાવડા (માણાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સને ૨૦૧૭ના ચોમાસામાં થયેલ ભારે વરસાદને કારણે થયેલ પુર હોનારતથી જુનાગઢ જિલ્લાના માણાવદર, મેદરવાડા અને વંથલી તાલુકામાં આવેલ કયા રાજ્ય ધોરી માર્ગ તથા જિલ્લા મુખ્ય માર્ગોનું ધોવાણ થયું છે તથા અસરગ્રસ્ત બન્યા છે અને કેટલા પુલોમાં ભંગાણ સર્જાયું છે, | (૧)અને(૨) વંથલી તાલુકાના વાડલા લુવારશર ધણકુલીયા સોનારડી રોડ તથા કોયલી મઠ એપ્રોચ રોડ તેમજ માણાવદર તાલુકાનાં માંડોદરા મટીયાણા રોડ એમ ત્રણ મુખ્ય જિલ્લા માર્ગો અસરગ્રસ્ત થયેલ છે. જેને વાહન વ્યવહાર યોગ્ય રાખવા રૂ. ૧૫.૩૭ લાખ મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) અસરગ્રસ્ત બનેલા રસ્તાઓ તથા પુલોનું જરૂરી સમારકામ માટે સરકારે તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ શું આયોજન કરેલ છે તથા તે માટે કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે, અને | |
| (૩) ઉક્ત તમામ રસ્તાઓની ડામર સપાટીનું રીકાર્પેટીંગ તથા નવા પુલોનું કામ કયાં સુધીમાં કરવામાં આવનાર છે? | (૩) વંથલી તાલુકાના વાડલા લુવારશર ધણકુલીયા સોનરડી રોડ તથા કોયલી મઠ એપ્રોચ રોડ એમ બે મુખ્ય જિલ્લા માર્ગોના રીસર્ફેસીંગ માટે ટેન્ડર મંજુરી હેઠળ હોઇ બનતી ત્વરાએ. |

---------

કાંકરેજ તાલુકાના આકોલી રતનગઢ રવિયાણા ખોડા રોડને પહોળા કરવાનું આયોજન

* ૭૩૨૨ શ્રી કિર્તિસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના આકોલી રતનગઢ રવિયાણા ખોડા રોડને પહોળા કરવાનું સરકારનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમ મંજૂર કરેલ છે, અને | (૨) રૂ. ૩૦૦.૦૦ લાખ. |
| (૩) આ કામ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

રાજકોટ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૭૩૪૦ શ્રીમતી ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૨૭૧૯. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૩૭૫૧૬.૦૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

મહાનગરપાલિકાઓમાં શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૨૮૮ શ્રી વલ્લભભાઇ કાકડીયા (ઠક્કરબાપા નગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાનગરપાલિકામાં શહેરી સામુહિક આરોગ્ય | (૧) ૪૬ (છેંતાલીસ). |

કેન્દ્રોની કેટલી ઘટ હતી, અને

(૨) તે પૈકી કેટલા શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્રો ફાળવ્યા?

(૨) ૪૦ (ચાલીસ).

---------

ભાવનગર–તારાપુર રેલ્વે લાઇન માટે રજૂઆત

* ૭૧૬૦ શ્રી રાજેશભાઇ ગોહિલ (ધંધુકા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર–તારાપુર રેલ્વે લાઇન અંગે રાજ્ય સરકાર ધ્વારા કેન્દ્ર સરકારને કોઇ રજુઆત કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે રજુઆત કરી ? | (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તા.૧–૨–૨૦૧૭, તા.૪–૫–૨૦૧૭ અને તા.૧–૦૯–૨૦૧૭ એ રજુઆત કરી. |

---------

સાસણથી વિસાવદર કાશિયાનેસ રસ્તાની સ્થિતિ

* ૯૦૬૩ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાસણથી વિસાવદર કાશિયાનેસ થઈને પસાર થતો રસ્તો માર્ગ અને મકાન વિભાગ હસ્તકનો છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સદર રસ્તાની હયાત સ્થિતિ વાહનવ્યવહારને લાયક છે કે કેમ,<br>(૩) જા ના, તો સદર રસ્તાનું સમારકામ કરવા કે નવો બનાવવા સરકારનું આયોજન છે કે કેમ, અને<br>(૪) જો હા, તો ક્યાં સુધીમાં કેટલા ખર્ચે સમારકામ કે નવો બનાવવામાં આવશે? | (૨), (૩) અને (૪)<br>૨૯ કી.મી. લંબાઇના આ રસ્તાની ૧૪.૬૦ કિ.મી. લંબાઇ ધરાવતી ડામર સપાટી તથા ગીર અભ્યારણ્યમાંથી પસાર થતી ૧૪.૪૦ કી.મી. લંબાઇની કાચી સપાટીના રસ્તાને સમયાંતરે જરૂરી મંજુરી મેળવી સમારકામ કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે. |

---------

કચ્છ જિલ્લાના રાપર–ફતેહગઢ–આડેસર રસ્તાને પહોળો કરવાનું આયોજન

* ૭૩૧૦ માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાના રાપર–ફતેહગઢ–આડેસર રસ્તાને પહોળો કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૪૦૦૦.૮૦ લાખ. |
| (૩) સદર કામગીરી કયા તબક્કે છે? | (૩) પ્રગતિ હેઠળ. |

---------

વડોદરા–આજવા રોડની મજબુતી કરણની કામગીરી

* ૭૩૦૬ શ્રીમતી મનીષા વકીલ (વડોદરા શહેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ વડોદરા–આજવા રોડ કિ.મી. ૧/૦ થી ૧૬/૪ માં મજબુતીકરણ કામગીરી માટે કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ, અને | (૨) રૂ. ૧૫૦૦ લાખ |
| (૩) આ કામગીરી કયા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં. |

---------

## અતારાંકિત પ્રશ્નો

### ખેડા તાલુકાના વારસંગ રઢુ રોડને પહોળો કરવાનું આયોજન

* ૭૩૧૮ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ ખેડા જિલ્લાના ખેડા તાલુકાના વારસંગ રઢુ રોડને પહોળો કરવા રાજ્ય સરકારનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈ અને કેટલી રકમ મંજુર થયેલ છે, અને | (૨) ૪.૬૦ કિ.મી. માટે રૂ. ૨૧૮.૦૦ લાખ. |
| (૩) આ કામ કયા તબક્કે છે ? | (૩) વર્ક ઓર્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

### સુરત જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

* ૭૩૫૩ શ્રી અરવિંદ રાણા (સુરત–પૂર્વ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સુરત જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સુરત જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૭ (સાત) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) તે માટે સુરત જીલ્લામાં કુલ રૂ. ૯૬૫૦.૬૩ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

### જંબુસર અને આમોદ તાલુકાના ગામોને પાઇપલાઇન દ્વારા સિંચાઈનું પાણી આપવા બાબત

* ૭૧૫૦ શ્રી સંજયભાઈ સોલંકી (આમોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકાઓમાં પીવાના પાણીની વિકટ પરિસ્થિતિ છે, અને આ પરિસ્થિતિનું નિવારણ કરવા છેલ્લા બે વર્ષમાં સરકારે શું કાર્યવાહી કરેલ છે ? | અબડાસા અને લખપત તાલુકાના વિસ્તાર માટેની રીમોડેલીંગ યોજનાના કુલ ૧૫ પેકેજના કામોના ટેન્ડરની તબકકાવાર કાર્યવાહી હાથ ધરેલ છે. પેકેજવાર કામોની વિગત નીચે મુજબ છે.<br>અબડાસા તાલુકાના કુલ ૭ પેકેજ પૈકી<br>• પેકેજ–૧, પેકેજ–૨ અને પેકેજ–૭ ના કામો પુર્ણ.<br>• પેકેજ–૩ અને પેકેજ–૬ ના કામો પ્રગતિમાં<br>• પેકેજ–૪ અને પેકેજ–૫ ના કામોમાં ટેન્ડર મંજુરીની પ્રક્રીયા હેઠળ છે.<br>લખપત તાલુકાના કુલ ૮ પેકેજ પૈકી<br>• પેકેજ–૧, પેકેજ–૨, પેકેજ–૩, પેકેજ–૪, પેકેજ–૫ અને પેકેજ–૮ ના કામો પુર્ણ.<br>• પેકેજ–૬ ના કામો પ્રગતિમાં.<br>• પેકેજ–૭ ના કામના ટેન્ડર મંજુરીની પ્રક્રીયા હેઠળ છે. |

---------

### માંડલ, વિરમગામ અને દેત્રોજ તાલુકામાં નર્મદા યોજનાની નહેરોની કામગીરી

* ૮૯૯૮ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના માંડલ, વિરમગામ અને દેત્રોજ તાલુકામાં નહેરોની કામગીરી ક્યા તબક્કે છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના માંડલ, વિરમગામ અને દેત્રોજ તાલુકામાં નર્મદા યોજનાની કામગીરી પૂર્ણતાના અગ્રીમ તબક્કામાં છે.

(૨) ઉકત સ્થિતિએ વિવિધ કેનાલોનું કેટલું કામ પુર્ણ થયું અને કેટલું કામ બાકી છે, અને

(૨)

| નહેરનો પ્રકાર | કુલ લંબાઈ (કિ.મી.) | પૂર્ણ થયેલ લંબાઈ (કિ.મી.) | બાકી રહેલ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|---|
| (અ) માંડલ તાલુકો | | | |
| શાખા | ૩૩.૩૦૫ | ૩૩.૩૦૫ | પૂર્ણ |
| વિશાખા | ૬૩.૬૩૯ | ૬૩.૬૩૯ | પૂર્ણ |
| પ્રશાખા | ૩૧૧.૮૦૦ | ૨૬૯.૭૨૭ | ૪૨.૦૭૩ |
| પ્રપ્રશાખા | ૧૧૨૨.૪૦૯ | ૫૭૮.૭૧૨ | ૫૪૩.૬૯૭ |
| કુલ લંબાઈ | ૧૫૩૧.૧૫૩ | ૯૪૫.૩૮૩ | ૫૮૫.૭૭ |
| (બ) વિરમગામ તાલુકો | | | |
| શાખા | ૭૭.૦૪૭ | ૭૭.૦૪૭ | પૂર્ણ |
| વિશાખા | ૧૧૩.૮૩૯ | ૧૧૩.૫૮૯ | ૦.૨૫ |
| પ્રશાખા | ૪૧૦.૫૧૦ | ૩૭૨.૫૫૫ | ૩૭.૯૫૫ |
| પ્રપ્રશાખા | ૧૦૯૪.૪૫૬ | ૮૪૬.૩૩૬ | ૨૪૮.૧૨ |
| કુલ લંબાઈ | ૧૬૯૫.૮૫૨ | ૧૪૦૯.૫૨૭ | ૨૮૬.૩૨૫ |
| (ક) દેત્રોજ તાલુકો | | | |
| મુખ્ય નહેર | ૯.૮૭૦ | ૯.૮૭૦ | પૂર્ણ |
| શાખા | ૩૭.૮૪૦ | ૩૭.૮૪૦ | પૂર્ણ |
| વિશાખા | ૬૦.૭૪૮ | ૬૦.૭૪૮ | પૂર્ણ |
| પ્રશાખા | ૨૧૫.૨૬૦ | ૧૯૮.૩૫૦ | ૧૬.૯૧ |
| પ્રપ્રશાખા | ૬૩૦.૧૦૫ | ૪૨૭.૦૧૧ | ૨૦૩.૦૯૪ |
| કુલ લંબાઈ | ૯૫૩.૮૨૩ | ૭૩૩.૮૧૯ | ૨૨૦.૦૦૪ |

(૩) કેનાલોનું કામ પુર્ણ થયે ઉકત તાલુકાવાર કેટલી જમીનને પિયતનો લાભ મળશે ?

(૩) નીચે મુજબ પિયતનો લાભ મળશે.

| | |
|---|---|
| માંડલ | ૩૮,૭૯૨ હેકટર |
| વિરમગામ | ૪૩,૫૫૬ હેકટર |
| દેત્રોજ | ૨૩,૨૫૬ હેકટર |
| કુલ | ૧,૦૫,૬૦૪ હેકટર |

---------

### કચ્છ જિલ્લાના ભુજ-મુન્દ્રા રસ્તાને પહોળો કરવાનું આયોજન

* ૭૨૯૯ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ભુજ-મુન્દ્રા રસ્તાને પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને

(૩) સદર કામગીરી ક્યા તબક્કે છે ?

જવાબ

(૧), (૨) અને (૩) ઉકત સ્થિતિએ ભુજ-મુન્દ્રા રસ્તાના કિ.મી. લંબાઈ ૦/૦ થી ૫૩/૦ પૈકી ૦/૦ થી ૩/૦૦ અને ૪૩/૫૦ થી ૫૩/૦૦ ચાર માર્ગીય છે. બાકી રહેતી કિ.મી. ૩/૦૦ થી ૪૩/૫૦ લંબાઈમાં હયાત ૭.૦૦ મીટર પહોળા રસ્તાને ૧૦ મીટર પહોળો કરવાનું કામ રૂ.૫૬૦૦.૦૦ લાખની અંદાજીત રકમથી પ્રગતિમાં છે.

---------

### વાલોડ તાલુકામાં વાલોડ કણજોડ વડીયા જામણીયા રોડને પહોળો કરવાનું આયોજન

* ૭૩૧૬ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

## ચૈત્ર ૧, ૧૯૪૦ શાકે
## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં વાલોડ કણજોડ વડીયા જામણીયા રોડને પહોળો કરવા માટે રાજ્ય સરકારનું આયોજન છે, કે કેમ,

(૧) હા, જી.

(૨) જો આ કામ મંજુર કરવામાં આવેલ હોય તો કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યું છે અને કેટલો પહોળો કરવાનું આયોજન છે, અને

(૨) રૂ.૪૭૫ લાખ મંજુર, હયાત ૫.૫૦ મીટરમાંથી ૭.૦૦ મીટર પહોળો કરવાનું આયોજન છે.

(૩) આ કામ ક્યા તબક્કે છે ?

(૩) વર્ક ઓર્ડર તબકકે.

---------

### વલસાડ જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજના

* ૭૪૦૪ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭ માં વલસાડ જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા કુલ કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ મંજુર કરવામાં આવી, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી યોજનાઓ શરૂ કરવામાં આવી તથા કેટલી યોજનાઓ પ્રગતિ હેઠળ છે ?

**જવાબ**

(૧) અને (૨) વર્ષ ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭ માં વલસાડ જિલ્લામાં મંજુર કરેલ તમામ ૮૦ મીની પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ કરી શરૂ કરેલ છે.

---------

### રાજ્યમાં ખેડૂતોને ખેતરમાં ઘર વપરાશ માટે વીજ જોડાણ આપવાની યોજના

* ૮૩૮૯ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ખેતરમાં ઘર વપરાશ માટે વીજ જોડાણ આપવાની કઈ યોજનાઓ અમલમાં છે,

**જવાબ**

(૧) રાજ્યમાં ખેડૂતોને ખેતરમાં ઘર વપરાશ માટે વીજ જોડાણ આપવાની કોઈ યોજના હાલમાં અમલમાં નથી. અલબત્ત, રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે હિતલક્ષી નિર્ણય લઈ ખેતીવાડી જમીનમાં આવેલા છુટાછવાયા મકાનોમાં ઘર વપરાશ માટે ૩ કિલોવોટ સુધીનું સીંગલ ફેઈઝ વીજ જોડાણ આપવામાં આવે છે.

(૨) તે અન્વયે યોજનાવાર કનેકશનદીઠ કેટલી રકમ વસુલ કરવામાં આવે છે,

(૨) નામ.ગુજરાત વીજ નિયમન પંચની મંજૂરી મુજબ ૩ કિલોવોટ સુધીના સીંગલ ફેઈઝ વીજ જોડાણ માટે ગ્રાહક પાસેથી કનેકશન દીઠ કિલોવોટ આધારિત ફીકસ ચાર્જ અથવા નવા ઉભા કરવાના થતા જરૂરી વીજ માળખા માટેનો વાસ્તવિક ખર્ચ, બે પૈકી જે વધુ હોય એ પરંતુ રૂપિયા એક લાખ સુધીની મર્યાદામાં વસુલ કરવામાં આવે છે.

(૩) આવી વીજજોડાણ મીનીમમ અંદાજથી સરકારનું આપવાનું આયોજન છે, અને

(૩) હાલમાં આવી કોઈ બાબત સરકારશ્રીની વિચારણામાં નથી.

(૪) જો હા, તો ક્યારથી આપવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### વિરમગામ બેચરાજી હાઈવેને ચારમાર્ગીય કરવાનું આયોજન

* ૭૩૦૨ શ્રી અરવિંદભાઈ પટેલ (સાબરમતી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના વિરમગામ બેચરાજી સ્ટેટ હાઈવેને ચારમાર્ગીય કરવાનું આયોજન છે,

**જવાબ**

(૧) હાજી.

(૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ. ૧૩૬૨૦.૦૦ લાખ

(૩) સદર કામગીરી કયા તબક્કે છે ?

(૩) કી.મ.થી ૧/૮૦ થી ૨૫/૪૦ ટેન્ડરની પ્રક્રિયામાં કી.મી. ૨૫/૪૦ થી ૪૨/૦ પ્રગતિ હેઠળ

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

સુરત જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૭૩૬૬ શ્રી હર્ષ સંઘવી (મજૂરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત સુરત જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૬૨૧ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૨૬.૧૪ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

જૈનાબાદ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવાનું આયોજન

* ૮૫૫૮ શ્રી નૌશાદજી સોલંકી (દસાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં દસાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તબદીલ થતાં આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જૈનાબાદ ખાતે બનાવવાનું કામ તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કયા તબક્કે છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૧) સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તબદીલ થતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દસાડા સ્થળફેર થયેલ નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) દસાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ ક્યાં સુધીમાં અને કેટલા ખર્ચે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) દસાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે વર્ષ ૨૦૧૫–૧૬માં નાબાર્ડ પ્રોગ્રામ હેઠળ નવીન જોગવાઈ થયેલ છે, સદર બિલ્ડીંગના નવીન બાંધકામ માટે હાલમાં પૂરતી જમીન ઉપલબ્ધ ન હોઈ અન્ય જગ્યાએ જમીન ઉપલબ્ધ થયેથી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

---------

કામરેજ તાલુકામાં ને.હા. ૮ થી લાડવી એપ્રોચ રોડને પહોળો કરવાનું આયોજન

* ૭૩૨૭ શ્રી વી. ડી. ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ કામરેજ તાલુકામાં ને.હા. ૮થી લાડવી એપ્રોચ રોડને પહોળો કરવા માટે રાજ્ય સરકારનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો આ કામ મંજૂર કરવામાં આવેલ હોય તો કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યું છે અને કેટલો પહોળો કરવાનું આયોજન છે, અને | (૨) રૂ. ૨૯૯ લાખ મંજુર, હયાત ૫.૫૦ મીટરમાંથી ૭.૦૦ મીટર પહોળો કરવાનું આયોજન છે. |
| (૩) આ કામ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

સયાજીપુરા ખાતે રેસ્ટ હાઉસના બાંધકામનું આયોજન

* ૭૩૦૫ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ વડોદરા જિલ્લાના સયાજીપુરા ખાતે રેસ્ટ હાઉસના બાંધકામ માટે કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨)જો હા, તો આ રેસ્ટ હાઉસ માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૨૬૯.૦૦ લાખ. |
| (૩) આ કામગીરી કયા તબક્કે છે ? | (૩) પ્રગતિ હેઠળ. |

---------

## અતારાંકિત પ્રશ્નો

### વાંસદા ખાતે આવેલ કોટેજ હોસ્પિટલનું નવું મકાન બનાવવાનું આયોજન

* ૭૧૫૧ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વાંસદા ખાતે આવેલ કોટેજ હોસ્પીટલનું નવું મકાન બનાવવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો નવીન મકાન ક્યારે બનાવવામાં આવશે? | (૨) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી. |

---------

### છોટાઉદેપુર જિલ્લામાં ઉજાલા યોજના

*૭૩૩૪ શ્રી અભેસિંહ તડવી (સંખેડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે. | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪૭,૫૭૩ એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલઈડી બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજિત ૩૫.૪૨ લાખ યુનિટની વીજ બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ? | (૩) એલઈડી બલ્બ વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂ. ૧.૫૯ કરોડની બચત થશે. |

---------

### ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી મહુન્દ્રા રોડ પહોળો કરવાની કામગીરી

* ૭૩૦૮ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી મહુન્દ્રા રોડ પહોળો કરવા માટે સરકારે મંજુર કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલો ખર્ચ થાય તેમ છે, અને | (૨) રૂ. ૯૦.૦૦ લાખ. |
| (૩) આ કામ કયા તબક્કે છે? | (૩) ડી.ટી.પી. મંજૂરી હેઠળ. |

---------

### તાપી અને નવસારી જિલ્લામાં ૧૪ માં નાણા પંચની ફાળવેલ રકમ

* ૯૦૮૦ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી ૧૪ માં નાણા પંચમાં કેટલી રકમ ગુજરાત સરકારને મળી, | (૧) ૨૦૧૬–૧૭ રૂ. ૩૧૧૭.૯૨૦૦ કરોડ ૨૦૧૭–૧૮ રૂ. ૧૭૩૭.૬૨૦૦ કરોડ તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં અને ૧–૧–૧૮ થી ૧૨–૨–૧૮ સુધીમાં રૂ. ૧૨૩૭.૬૨ કરોડ મળેલ છે. |
| (૨) તે પૈકી તાપી અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગ્રાન્ટ ફાળવી અને | (૨) તાપી ૨૦૧૬–૧૭ રૂ. ૭૦.૧૫૪૮ કરોડ<br>૨૦૧૭–૧૮ રૂ. ૩૩.૬૦૯૯ કરોડ<br>નવસારી ૨૦૧૬–૧૭ રૂ. ૧૧૨.૯૮૭૩ કરોડ<br>૨૦૧૭–૧૮ રૂ. ૪૫.૧૭૪૭ કરોડ |
| (૩) ઉક્ત ગ્રાન્ટમાં ખર્ચ કરવાનો બાકી હોય તો કેટલી રકમ પડતર છે અને તેના કારણો શા છે? | (૩) તાપી ૨૦૧૬–૧૭ રૂ. ૩૩.૭૦૧૦ કરોડ<br>૨૦૧૭–૧૮ રૂ. ૨૫.૬૭૫૨ |

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

કરોડ

નવસારી ૨૦૧૬-૧૭ રૂ. ૪૬.૯૭૧૨

કરોડ

૨૦૧૭-૧૮ રૂ. ૪૦.૦૯૧૧

કરોડ

૧૪ માં નાણા પંચની મુદત વર્ષઃ ૨૦૧૫-૧૬ થી ૨૦૧૯-૨૦ (તા.૩૧-૦૩-૨૦૨૦) સુધીની હોય, વર્ષવાર મળેલ ગ્રાન્ટ ઉક્ત સમયગાળા દરમ્યાન વાપરી શકાતી હોય, ગ્રાન્ટ પડતર રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. હાલમાં મોટા ભાગના કામો પ્રગતિમાં છે.

---------

### કેન્સર હોસ્પિટલ અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ

* ૭૨૯૪ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ (ઘાટલોડિયા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) કેન્સર હોસ્પિટલ અમદાવાદને સને ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરવાર દ્વારા કેટલી કુલ ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૧)

| ગ્રાન્ટ (રૂ. લાખમાં) | |
|---|---|
| વર્ષ ૨૦૧૬-૧૭ | વર્ષ ૨૦૧૭-૧૮ (ડિસેમ્બર-૧૭ સુધી) |
| ૧૫૩૨૧ | ૮૩૦૦ |

(૨) આ સમય દરમ્યાન કુલ કેટલો ખર્ચ થયો ?

(૨)

| ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|
| વર્ષ ૨૦૧૬-૧૭ | વર્ષ ૨૦૧૭-૧૮ (ડિસેમ્બર-૧૭ સુધી) |
| ૧૪૧૧૨ | ૮૫૩૦ |

---------

### કડી નંદાસણ રસ્તાને ચારમાર્ગીય કરવાનું આયોજન

* ૭૩૦૧ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ કડી-નંદાસણ રસ્તાને ચારમાર્ગીય પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ. ૧૩૬૫.૦૦ લાખ.

(૩) સદર કામગીરી કયા તબક્કે છે ?

(૩) વર્ક ઓર્ડર તબક્કે.

---------

### સાસણથી વિસાવદર કાશિયાનેસ રસ્તાની સ્થિતિ

* ૯૦૫૪ શ્રી ભીખાભાઈ જોશી (જુનાગઢ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) સાસણથી વિસાવદર કાશિયાનેસ થઈને પસાર થતો રસ્તો માર્ગ અને મકાન વિભાગ હસ્તકનો છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સદર રસ્તાની હયાત સ્થિતિ વાહનવ્યવહારને લાયક છે કે કેમ,

(૩) જો ના, તો સદર રસ્તાનું સમારકામ કરવા કે નવો બનાવવા સરકારનું આયોજન છે કે કેમ, અને

(૪) જો હા, તો ક્યાં સુધીમાં કેટલા ખર્ચે સમારકામ કે

(૨), (૩) અને (૪) : ૨૯ કી.મી. લંબાઈના આ રસ્તાની ૧૪.૬૦ કિ.મી. લંબાઈ ધરાવતી ડામર સપાટી તથા ગીર અભ્યારણ્યમાંથી પસાર થતી ૧૪.૪૦ કી.મી. લંબાઈની કાચી સપાટીના રસ્તાને સમયાંતરે જરૂરી મંજુરી મેળવી સમારકામ કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

નવો બનાવવામાં આવશે ?

---------

સુરત જિલ્લામાં કૃષિ વીજ કનેક્શન

* ૭૩૪૨ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો છે, અને | (૧) ૪૬૩૦૦. |
| (૨) વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭માં સુરત જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસીડી ચૂકવવામાં આવી ? | (૨) |

| નાણાંકીય વર્ષ | ચૂકવેલ સબસીડી રકમ (રૂ.) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૫૪.૩૦ કરોડ |
| ૨૦૧૬–૧૭ | ૫૮.૦૦ કરોડ |
| | ૧૧૨.૩૦ કરોડ |

---------

કચ્છ જિલ્લાના માંડવી–ગઢશીશા રસ્તાને પહોળો કરવાનું આયોજન

* ૭૨૯૫ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાના માંડવી–ગઢશીશા રસ્તાને કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ,<br>(૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને<br>(૩) સદર કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૧), (૨) અને (૩) : ઉક્ત સ્થિતિએ આ રસ્તાની ૫૭ કી.મી. લંબાઈ પૈકી બાકી રહેતી ૩૦.૬૦ કી.મી. લંબાઈમાં હયાત ૫.૫૦ મીટર પહોળા રસ્તાને ૭.૦૦ મીટર પહોળો કરવાનું કામ રૂ. ૨૪૫૦.૦૦ લાખની અંદાજીત રકમથી પ્રગતિમાં છે. |

---------

દાહોદ ખાતે સરકારી આયુર્વેદ કોલેજ તેમજ હોસ્પિટલનું બાંધકામ

* ૭૨૮૩ શ્રી શૈલેષભાઈ ભાભોર (લીમખેડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દાહોદ ખાતે સરારી આયુર્વેદ કોલેજ તેમજ સંલગ્ન હોસ્પિટલના બાંધકામની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) આયુર્વેદ કોલેજ તેમજ સંલગ્ન હોસ્પિટલના બાંધકામની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂ. ૨૫૦ લાખ. |

---------

ભરૂચ જિલ્લાના પાલેજ–કીસનાડ–ઠીકરીયા રોડને પહોળો કરવાનું આયોજન

* ૭૩૩૧ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના પાલેજ–કીસનાડ–ઠીકરીયા રોડને પહોળો કરવાના કામનું રાજ્ય સરકાર દ્વારા આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો આ કામ કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યું છે, અને | (૨) રૂ. ૩૦૦ લાખ. |
| (૩) આ કામ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

રાજ્યમાં કાર્યરત સરકારી મેડીકલ કોલેજો

* ૭૨૯૩ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં હાલમાં કેટલી સરકારી મેડીકલ કોલેજો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી મેડીકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) સરકારી મેડીકલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો ?

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં હાલમાં ૦૬ સરકારી મેડીકલ કોલેજો કાર્યરત છે.

(૨) નવી કોઈ સરકારી મેડીકલ કોલેજોને મંજૂરી આપવામાં આવી નથી.

(૩) સરકારી મેડીકલ કોલેજોમાં સ્નાતક કક્ષાએ બેઠકોમાં કોઈ વધારો થયેલ નથી.

---------

ભાવનગર અને અમરેલી જિલ્લામાં રસ્તાઓને ડામરની સપાટી બનાવવાની કામગીરી

* ૯૮૩૬ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ ભાવનગર અને અમરેલી જિલ્લાને જોડતો પંચાયત હસ્તકના રસ્તાની ડામર સપાટી ખરાબ હાલતમાં છે તે હકીકતથી વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ રસ્તાઓ ગેરંટી પિરીયડ ચાલુ હોવા છતાં એન્જીસ દ્વારા રીપેર નહી કરાવાતા શું કારણો છે ?

જવાબ

(૧) અને (૨) : ભાવનગર અને અમરેલી જિલ્લાને જોડતા પંચાયત હસ્તકના ડામર સપાટી ધરાવતા રસ્તા વાહન વ્યવહાર યોગ્ય છે. જે રસ્તાઓમાં ગેરંટી પીરીયડ ચાલુ હોઈ તેમાં કરારખતની જોગવાઈનો ચુસ્તપણે અમલ કરવામાં આવે છે.

---------

ભાવનગર અને સુરત જિલ્લામાં દરિયાઈ ક્ષારને અટકાવવા લીધેલ પગલાં

* ૯૦૫૧ શ્રી કનુભાઈ બારૈયા (તળાજા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર અને સુરત જિલ્લામાં દરિયાકાંઠાને અડીને આવેલા વિસ્તારમાં ક્ષાર અટકાવવા છેલ્લા બે વર્ષમાં શા પગલાઓ સરકારે લીધાં,

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો રકમ પુરી વપરાઈ ન હોય તો તેના કારણો શા છે ?

જવાબ

(૧) ભાવનગર જિલ્લો :-

- મરામત/મજબૂતીકરણના અલગ-અલગ ૧૮ કામો પુર્ણ.
- સુરકા બંધારાનું કામ ટેન્ડર તબક્કે.
- દાઠા-૧, દાઠા-૨ આર.ટી.ના કામો ટેન્ડર તબક્કે.
- બોરલા, તળાજા-૧, દુદાણા તથા લાખણકા ચેકડેમના કામો ટેન્ડર તબક્કે.
- માલેશ્રી બંધારાની કામગીરી આલેખન તબક્કે.

સુરત જિલ્લો :- ક્ષાર અટકાવવાની કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ નથી.

(૨) ભાવનગર જિલ્લો :-

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૬ | ૧૩૮.૨૮ |
| ૨૦૧૭ | ૯૧.૩ |

સુરત જિલ્લો :- પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ભાવનગર જિલ્લો :-

| વર્ષ | થયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૬ | ૧૩૮.૨૮ |
| ૨૦૧૭ | ૯૧.૩ |

- નાણાકીય વર્ષની ગ્રાંટ જે તે નાણાકીય વર્ષમાં જ વપરાયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સુરત જિલ્લો :- પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અતારાંકિત પ્રશ્નો

### કરજણ સિંચાઈ યોજનાનો કમાન્ડ વિસ્તાર

* ૯૭૭૬ શ્રી પ્રેમસિંહ વસાવા (નાંદોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કરજણ સિંચાઈ યોજનાની ડાબા કાંઠા નહેર, અને જમણા કાંઠા નહેરના કમાન્ડ વિસ્તારમાં આવેલા ૩૦ ગામોને સિંચાઈનું પાણી મળ્યું નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના શાં કારણો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### પોરબંદર જિલ્લામાં ઝુપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૭૩૭૧ શ્રી બાબુભાઈ બોખીરીયા (પોરબંદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત પોરબંદર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૧૮૪. |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૪૧.૯૬ લાખ ખર્ચ થયેલ છે. |

---------

### પાલનપુર તાલુકાના રસ્તાઓને ડામરની રીકાર્પેટીંગ કરવાની કામગીરી

* ૯૮૪૨ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૭ના ચોમાસામાં થયેલ અતિવૃષ્ટિ અને રાજસ્થાન ડેમ તુટવાને કારણે પાલનપુર તાલુકામાં આવેલ કયા રાજ્ય ધોરી માર્ગ, તથા જિલ્લા મુખ્ય માર્ગોનું ધોવાણ થયું છે અને કેટલા પુલોમાં ભંગાણ સર્જાયુ છે, | (૧) પરિશિષ્ટ મુજબ. |
| (૨) અસરગ્રસ્ત બનેલા રસ્તાઓ તથા પુલોનું જરૂરી સમારકામ માટે સરકારે તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ શું આયોજન કરેલ છે તથા તે માટે કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે, અને | (૨) અસરગ્રસ્ત બનેલા રસ્તાઓ તથા પુલોને તાત્કાલીક મરામત કરી વાહન વ્યવહાર લાયક બનાવવામાં આવેલ. જેના માટે રૂ. ૧૮૦.૬૭ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) ઉક્ત તમામ રસ્તાઓની ડામર સપાટીનું રીકાર્પેટીંગ તથા નવા પુલોનું કામ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે? | (૩) મંજૂર થયેલ ૧ (એક) રસ્તાનું રીકાર્પેટીંગ તથા ૧ (એક) પુલ બનતી ત્વરાએ. |

પરિશિષ્ટ

| રસ્તાનું નામ | કક્ષા |
|---|---|
| ચડોતર ગઢ ભાટસણ રોડ અપ ટુ ડીસ્ટ્રીક લીમીટ | મુ.જી.મા. |
| પાલનપુર માલણ હાથી દ્રા વિરમપુર રોડ | મુ.જી.મા. |
| પાલનપુર ટુ એસ.એચ રોડ | મુ.જી.મા. |
| પાલનપુર વાસણ ધાણધા જલોત્રા રોડ | મુ.જી.મા. |
| પાલનપુર લાલાવાડા વગદા ખરોડીયા રોડ | મુ.જી.મા. |
| કુંભાસણ એપ્રોચ રોડ | મુ.જી.મા. |
| રસ્તાનું નામ | કક્ષા |
| પાલનપુર ગઠામણ ટાકરવાડા સાસમ રોડ | મુ.જી.મા. |
| ચંડીસર કુભાસણ રોડ | મુ.જી.મા. |
| કુંભાસણ સૂઢા સામઢી રોડ (રસ્તા તથા સ્લેબ ડ્રેઈનનું નુકશાન) | મુ.જી.મા. |
| મોટી ભટામલ એપ્રોચ રોડ | મુ.જી.મા. |
| સદરપુર કરજોડા સાંગ્રા રોડ | મુ.જી.મા. |

| | |
|---|---|
| મલાણા આંત્રોલી રોડ | મુ.જી.મા. |
| ચંડીસર દાંતીવાડા રોડ | રાજ્ય ધોરીમાર્ગ |
| ધારેવાડા પાલનપુર રોડ | રાજ્ય ધોરીમાર્ગ |

---------

રાજ્યમાં કાર્યરત સરકારી ડેન્ટલ કોલેજો

* ૮૯૮૪ શ્રી સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં બે જ સરકારી ડેન્ટલ કોલેજો કાર્યરત છે તે હકીકત સાચી છે, | (૧) ના જી, તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં હાલમાં બે સરકારી ડેન્ટલ કોલેજ તેમજ એક ગુજરાત ડેન્ટલ હેલ્થ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત– એમ કુલ ત્રણ ડેન્ટલ કોલેજો કાર્યરત છે. |
| (૨) જો હા, તો ઉક્ત કોલેજો કયા વર્ષથી કાર્યરત છે, અને | (૨) સરકારી ડેન્ટલ કોલેજ, અમદાવાદ સને–૧૯૬૩થી, સરકારી ડેન્ટલ કોલેજ, જામનગર સને–૧૯૯૧થી, અને સિધ્ધપુર ખાતે વર્ષ–૨૦૧૧થી કાર્યરત છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ નવી સરકારી ડેન્ટલ કોલેજો બનાવવા માટે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં ક્યારે શા પ્રયાસો કર્યા ? | (૩) કાર્યવાહી કરવામાં આવેલ નથી. |

---------

સુરત જિલ્લામાં ઉકાઈ ડેમમાંથી ખેડૂતો અને ઉદ્યોગોને અપાતુ પાણી

* ૭૧૫૭ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉકાઇ ડેમમાંથી ખેડૂતોને અને ઉદ્યોગોને કેટલુ પાણી આપવામાં આવ્યું, અને

જવાબ

(૧) તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉકાઇ ડેમમાંથી ખેડૂતોને અને ઉદ્યોગોને નીચેની વિગતે પાણી આપવામાં આવેલ છે.

| સમયગાળો | પાણીનો જથ્થો (મિલિયન ક્યુબીક મીટર) | |
|---|---|---|
| | ખેડુતો (સિંચાઇ) | ઉદ્યોગો |
| તા–૧/૨/૨૦૧૬ થી તા–૩૧/૧/૨૦૧૭ | ૨૨૦૧.૦૨ | ૯૨.૯૯ |
| તા–૧/૨/૨૦૧૭ થી તા–૩૧/૧/૨૦૧૮ | ૨૨૩૦.૯૮ | ૧૦૪.૩૭ |

(૨) ઉક્ત સ્થિતિએ ખેડૂતોને વધુ પાણી આપવા સરકાર દ્વારા શા પગલાં ભરવામાં આવ્યા?

(૨) ખેડૂતોને ઉકાઇ ડેમમાં ઉપલબ્ધ જથ્થાને અનુરૂપ સિંચાઇ માટે જરૂરીયાત મુજબનું પાણી આપવામાં આવે છે.

---------

વડોદરા જિલ્લામાં વીજ નાણાની વસુલાત માટે લોક અદાલતો

* ૭૩૪૮ શ્રી શૈલેષભાઈ મહેતા (ડભોઈ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

જવાબ

(૧) અને (૨)

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલતોની સંખ્યા | સમાધાન કરવામાં આવેલ કેસોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૬ | ૬૭ | ૧૮૮૪ |
| ૨૦૧૭ | ૫૮ | ૧૪૫૮ |
| કુલ | ૧૨૫ | ૩૩૪૨ |

(૩) કેટલી વસુલાત કરવામાં આવી?

(૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ. ૫૫૨.૧૨ લાખની રકમ પૈકી રૂ. ૪૮૩.૩૬ લાખ સ્થળ પર વસુલાત

કરવામાં આવ્યા અને બાકી રૂ. ૬૮.૭૬ લાખ નિયમોનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે.

---------

સુરત જીલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

* ૭૩૫૨ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સુરત જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સુરત જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૭ (સાત) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૨) તે માટે સુરત જીલ્લામાં કુલ રૂ. ૯૬૫૦.૬૩ લાખનો ખર્ચ થયેલ છે.

---------

સરકારી મેડીકલ કોલેજ, વડોદરા અને એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગરનું મંજુર મહેકમ

* ૯૦૭૨ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સરકારી મેડીકલ કોલેજ, વડોદરા અને એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર ખાતે કોલેજવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત, ફીક્સ પગાર આધારિત, માનદ વેતનથી અને આઉટ સોર્સિંગથી ભરાયેલ છે,

(૨) આઉટ સોર્સિંગથી નિમાયેલા કર્મચારી/અધિકારીઓને વહીવટી સત્તાઓ/નાણાકીય સત્તાઓ નહીં સોંપવાના સ્પષ્ટ આદેશો હોવા છતાં ઉક્ત કોલેજોમાં ઉક્ત સત્તાઓ આવા કર્મચારી/અધિકારીઓને સોંપવાના કારણો શાં છે, અને

(૩) આવા આઉટ સોર્સિંગથી નિમાતા કર્મચારી/અધિકારીઓ ગેરરીતિ આચરે તો તેમની સામે કાર્યવાહી કરવાની શી જોગવાઈ છે ?

જવાબ

(૧)

સરકારી મેડીકલ કોલેજ, વડોદરા

| સંવર્ગ | મંજુર પૈકી ભરેલી | | | |
|---|---|---|---|---|
| | કરાર આધારીત | ફિક્સ પગાર | માનદ વેતન | આઉટ સોર્સ |
| વર્ગ–૧ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વર્ગ–૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વહીવટી વર્ગ–૩ | ૦૦ | ૦૫ | ૦૦ | ૨૩ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૦૦ | ૩૮ | ૦૦ | ૨૫ |
| વર્ગ–૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૬૬ |

એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર

| સંવર્ગ | મંજુર પૈકી ભરેલી | | | |
|---|---|---|---|---|
| | કરાર આધારીત | ફિક્સ પગાર | માનદ વેતન | આઉટ સોર્સ |
| વર્ગ–૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વર્ગ–૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વહીવટી વર્ગ–૩ | ૦૦ | ૦૪ | ૦૦ | ૧૩ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૦૦ | ૧૪ | ૦૦ | ૩૮ |

(૨) આઉટ સોર્સિંગથી નિમાયેલ કર્મચારી/અધિકારીઓને વહીવટી/નાણાકીય સત્તાઓ સોંપવામાં આવેલ નથી.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા. ૧/૪/૨૦૧૦ના ઠરાવથી નિયત થયેલ કરારનામાની શરતો અને બોલીઓ મુજબ કાર્યવાહી કરવાની થાય છે.

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

નર્મદા ડેમની સ્ટ્રીમમાં રીવર્સીયલ ટર્બાઈન મુકવાની કામગીરી

* ૯૮૫૫ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ નર્મદા ડેમની ડાઉન સ્ટ્રીમમાં રીવર્સલ ટર્બાઇન મુકવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો ના, તો તેના કારણો શા છે? | (૨) લાગુ પડતું નથી. |

---------

ગુણવંતી નદી પર મઢી ગામમાં નવો પુલ બનાવવાનું આયોજન

* ૭૩૦૪ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ આ કામગીરી સુરત જીલ્લાના મઢી ગામમાંથી પસાર થતાં ઈસ્ટર્નસ્ટેટ હાઈવે નં.૫ ગુણવંતી નદી પર હયાત સાંકડા જુના પુલના સ્થાને નવો પુલ બનાવવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૯૫૦ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે? | (૩) અંદાજ તબક્કે. |

---------

વડોદરા જિલ્લામાં ઉજાલા યોજના

* ૭૩૩૬ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં કેટલા એલઈડી ટ્યૂબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૭૬,૮૫૨ એલઈડી ટ્યૂબલાઈટ અને ૩૯,૬૨૧ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલઈડી ટ્યુબલાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૩૯.૨૭ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજિત ૨૮.૩૪ લાખ યુનિટસની બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ? | (૩) એલઈડી ટ્યુબલાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂ. ૧.૭૬ કરોડની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂ. ૧.૨૭ કરોડની બચત થશે. |

---------

બનાસકાંઠા જિલ્લામાં આવેલ વિવિધ સરકારી દવાખાનામાં ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ

* ૯૮૦૧ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વડગામ અને દાંતીવાડા તાલુકામાં આવેલ કેટલા સબસેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને સબડીસ્ટ્રીકટ હોસ્પિટલમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ લાગુ પાડવામાં આવ્યા છે અને કેટલાને લાગુ પાડવાના બાકી છે, | (૧) એકપણ નહિં. |

(૨) ઉકત આરોગ્ય કેન્દ્રો પૈકીનાને ઈન્ડિયન હેલ્થ સ્ટાન્ડર્ડ લાગુ પાડવામાં ન આવ્યા હોય તો તેના શાં કારણો છે, અને

(૨) ઉકત તમામ સબસેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ રાજ્યની ''કવોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ'' મુજબના છે.

(૩) બાકી રહેલા ઉકત આરોગ્ય કેન્દ્રોને ઉકત સ્ટાન્ડર્ડ ક્યાં સુધીમાં લાગુ પાડવામાં આવનાર છે ?

(૩) લાગુ પડતું નથી.

---------

વડોદરા જિલ્લામાં કૃષિ વીજ કનેકશન

* ૭૩૪૬ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭ માં વડોદરા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસીડી ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) ૨૧૯૧૩.

(૨)

| નાણાંકીય વર્ષ | ચુકવેલ સબસીડીની રકમ (રૂ.) |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૭૫.૦૬ કરોડ |
| ૨૦૧૬-૧૭ | ૭૩.૩૬ કરોડ |
| કુલ | ૧૪૮.૪૨ કરોડ |

---------

સાસણથી વિસાવદર કાશિયાનેસ રસ્તાની સ્થિતિ

* ૯૦૬૯ શ્રી જે.વી.કાકડીયા (ધારી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સાસણથી વિસાવદર કાશિયાનેસ થઈને પસાર થતો રસ્તો માર્ગ અને મકાન વિભાગ હસ્તકનો છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સદર રસ્તાની હયાત સ્થિતિ વાહનવ્યવહારને લાયક છે કે કેમ,

(૩) જો ના, તો સદર રસ્તાનું સમારકામ કરવા કે નવો બનાવવા સરકારનું આયોજન છે કે કેમ, અને

(૪) જો હા, તો ક્યાં સુધીમાં કેટલા ખર્ચે સમારકામ કે નવો બનાવવામાં આવશે ?

જવાબ

(૧), હા,જી.

(૨), (૩) અને (૪) ૨૯ કી.મી. લંબાઈના આ રસ્તાની ૧૪.૬૦ કી.મી. લંબાઈ ધરાવતી ડામર સપાટી તથા ગીર અભ્યારણ્યમાંથી પસાર થતી ૧૪.૪૦ કી.મી. લંબાઈની કાચી સપાટીના રસ્તાને સમયાંતરે જરૂરી મંજુરી મેળવી સમારકામ કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

---------

બનાસકાંઠા જિલ્લાના વિવિધ સરકારી દવાખાનાનું મંજુર મહેકમ

* ૭૧૪૫ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો, અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની કેન્દ્રવાર અને તાલુકાવાર મહેકમની વિગતો અનુક્રમે સામેલ *પત્રક-૧, *પત્રક-૨(અ), *પત્રક-૨(બ), *પત્રક-૩ અને *પત્રક-૪ મુજબની છે. તથા સંવર્ગવાર મંજૂર, ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો સામેલ *પત્રક મુજબની છે.

(૩) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### ડુબાઉ પુલને સ્થાને ઉંચા પુલના બાંધકામનું આયોજન

* ૭૩૨૯ શ્રી અરવિંદભાઈ પટેલ (ધરમપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પાંડવખડક–જામલીયા રોડ ઉપર આવેલા ડુબાઉ પુલને સ્થાને ઉંચા પુલના બાંધકામ માટે રાજ્ય સરકારનું કોઈ આયોજન છે, કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા,તો આ કામ કેટલી રકમનું તથા ક્યારે મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) રૂ.૧૬૦ લાખનું કામ તા.૨૪–૧૦–૨૦૧૭ થી મંજુર. |
| (૩) આ કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

### રાજ્યની મેડીકલ કોલેજોના પ્રોફેસર અને આસી.પ્રોફેસરની નિમણૂંક

* ૮૯૯૨ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની મેડીકલ કોલેજોમાં પ્રોફેસર, આસી.પ્રોફેસરની ફીકસ પગારથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉકત કર્મચારીઓને ઉકત સ્થિતિએ પગારના ધોરણો શાં છે અને તેમને સરકારના ક્યા લાભો મળે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### ઈડર તાલુકાના ઉમેદપુર–કાવા રસ્તાને પહોળા કરવાનું આયોજન

* ૭૩૧૭ શ્રી હિતુ નરેશ કનોડીયા (ઈડર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ઉમેદપુર–કાવા રસ્તાને પહોળા કરવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરેલ છે, અને | (૨) ૫.૦૦ કી.મી. માટે રૂ.૧૨૫.૦૦ લાખ. |
| (૩) આ કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર મંજુરી હેઠળ. |

---------

### મહુધા તાલુકાના મહુધાથી નંદગામ રોડને પહોળો કરવાનું આયોજન

* ૭૩૮૪ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહુધા તાલુકાના મહુધાથી નંદગામ રોડને પહોળો કરવા રાજ્ય સરકારનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈ અને કેટલી રકમ મંજૂર થયેલ છે, અને | (૨) ૫.૨૦ કી.મી. માટે રૂ.૧૯૦.૦૦ લાખ. |
| (૩) આ કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

### નવસારી જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના કેસો

* ૭૨૮૫ શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૭ માં નવસારી જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના કેટલા કેસો નોંધાયા, | (૧) કુલ ૧૦ કેસો નોંધાયા. |
| (૨) રાજ્ય સરકાર દ્વારા આ રોગોના અટકાયત માટે | (૨) રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં |

શું પગલા લેવામાં આવ્યા, અને | આવ્યા.

- તમામ મેડીકલ પેરામેડીકલ સ્ટાફ તથા આશાને લેપ્ટોસ્પાઈરોસીસના રોગચાળ અટકાયત માટે તાલીમ આપવામાં આવેલ છે.
- ચૂંટાયેલ પ્રતિનિધિશ્રીઓનાં વર્કશોપ રાખવામાં આવેલ છે.
- ૧લી જૂન થી ૩૧ ઓકટોબર દરમ્યાન હાઉસ–ટુ–હાઉસ સર્વેલન્સ કરી તાવનાં કેસોને સારવાર આપવામાં આવે છે. કુલ ૮૦૪૦૮ તાવના કેસોને સારવાર આપવામાં આવેલ છે.
- હાથ–પગનાં ચીરાંની સારવાર માટે મલમ આપવામાં આવે છે.
- ખેતીવાડી અને પશુપાલનની કામગીરી સાથે સંકળાયેલ વ્યકિતઓને આઠ અઠવાડીયા સુધી કીમોપ્રોફાઈલેક્ષીસની સારવાર આપવામાં આવેલ છે. કુલ ૬,૦૭,૯૦૨ વ્યકિતઓને કીમોપ્રોફાઈલેક્ષીસની સારવાર આપવામાં આવેલ છે.
- કેલેન્ડર, પોસ્ટર્સ, બેનર્સ, પત્રિક તથા માઈકપ્રચાર દ્વારા જન–જાગૃતિ કરવામાં આવેલ છે.
- ખેતીવાડી વિભાગ દ્વારા ઉંદર નિયંત્રણ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૩) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ લેપ્ટોસ્પાઈરો– સીસના દર્દીઓને કઈ સહાય આપવામાં આવે છે ? | (૩) લેપ્ટોસ્પાઈરોસીસનાં તમામ દર્દીઓને મફત સારવાર પુરી પાડવામાં આવે છે. |

---------

### સાબરકાંઠા જિલ્લાના મજરા તલોદ હરસોલ રોડના વિસ્તરણનું આયોજન

* ૭૩૦૩ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મજરા તલોદ હરસોલ રોડ, એસ.એચ. કી.મી. ૧૫/૦ થી ૧૯/૫૦૦ (તલોદ વિકાસપંથ) ના વિસ્તરણનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૧૧૦૦.૦૦ લાખ. |
| (૩) સદર કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) નકશા અંદાજ લેવલે. |

---------

### ગોધરા ખાતે તાલુકા સેવા સદનનું બાંધકામ

* ૭૨૯૬ શ્રી સી.કે. રાઉલજી (ગોધરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે તાલુકા સેવા સદનના બાંધકામ માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સેવા સદનના બાંધકામ માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૩૬૪.૬૦ લાખ. |
| (૩) આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) કામગીરી ટુંક સમયમાં શરૂ થનાર છે. |

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

ભાવનગર જિલ્લાના રુપાવટી થી માનગઢના રસ્તાની કામગીરી

* ૭૨૮૯ ભીખાભાઈ બારૈયા (પાલીતાણા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના રૂપાવટી થી માનગઢ જતા નોન પ્લાન રસ્તાનું કામ મંજુર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમનું કામ મંજુર થયેલ છે, અને | (૨) રૂ. ૧૬૦.૦૦ લાખ. |
| (૩) આ કામ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રીયા હેઠળ. |

---------

રાજકોટ જિલ્લાના નવા રાજપીપળા થી મોટામાંડવા ગામને જોડતો રસ્તો

* ૭૩૧૧ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના નવા રાજપીપળા ગામથી મોટામાંડવા ગામને જોડતા નોનપ્લાન રસ્તાનું કામ મંજુર થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમનું અને કામ કયા તબક્કે છે? | (૨) રૂ. ૨૩૦.૦૦ લાખ, ડી.ટી.પી.મંજુરીની પ્રક્રીયામાં |

---------

રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર લેવાતો વેરો

* ૯૦૧૦ શ્રી લલિતભાઈ કગથરા (ટંકારા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા)જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેરો વસુલવામાં આવે છે, અને

(૧)

| | વેટ | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૦% | ૪% |
| ડીઝલ | ૨૦% | ૪% |
| સી.એન.જી. | ૧૫% | – |
| પી.એન.જી. | ૧૫% | – |
| | | |
| | જીએસટી | |
| રાસાયણિક ખાતર | ૫% | |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પેટ્રોલ, ડીઝલ,સી.એન.જી., પી.એન.જી.અને રાસાયણિક ખાતરના વેરા પેટે સરકારને કેટલી આવક થઇ ?

(૨)

(રકમ રૂ.કરોડમાં)

| | ૨૦૧૬–૧૭ | | ૧–૪–૧૭ થી ૩૧–૧૨–૧૭ | |
|---|---|---|---|---|
| | વેટ + સીએસટી | સેસ | વેટ + સીએસટી | સેસ |
| પેટ્રોલ | ૨૮૬૨.૪૧ | ૫૯૨.૯૨ | ૨૪૮૫.૨૯ | ૪૮૨.૮૮ |
| ડીઝલ | ૬૩૭૧.૧૯ | ૧૩૧૯.૭૨ | ૫૫૩૧.૭૮ | ૧૦૭૪.૭૯ |
| સી.એન.જી. | ૪૪૦.૧૮ | | ૨૨૯.૧૫ | |
| પી.એન.જી. | ૯૨૫.૦૫ | | ૫૭૦.૦૨ | |
| | ૨૦૧૬–૧૭ (વેટ) | | ૧–૪–૧૭ થી ૩૧–૧૨–૧૭ | |

| | | (વેટ + એસજીએસટી) |
|---|---|---|
| રાસાયણિક ખાતર | ૯૫.૯૯ | ૬૮.૦૬ |

---------

રાજ્યમાં વીજ કંપનીઓએ વીજ દરમાં કરેલ વધારો/ઘટાડો

* ૯૦૩૩ શ્રી કાંતિભાઈ પરમાર (ઠાસરા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્યમાં કઈ વીજ કંપનીઓએ કઈ કેટેગરીના ગ્રાહકો માટે કેટલી વખત કેટલો વીજ દર વધારો/ઘટાડો કર્યો,

(૨) કેટલીવાર ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ પેટે વધારો/ઘટાડો કર્યો, અને

જવાબ

(૧) રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોના વીજદર નક્કી કરવાની બાબત, ના.ગુજરાત વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની છે, તદ્દનુસાર, વર્ષ ૨૦૧૬માં

તા.૧–૪–૨૦૧૬ની અસરથી માન. વીજ નિયમન આયોગ દ્વારા રાજ્ય સરકાર હસ્તરની વીજ કંપનીઓના વીજ ગ્રાહકોના વીજ દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. વર્ષ ૨૦૧૬માં તા.૧–૦૪–૨૦૧૬ની અસરથી વીજ દરમાં થયેલ ઘટાડાની વિગતો નીચે મુજબ છે.

- ઘર વપરાશ હેતુના વીજ ગ્રાહકોના એનર્જી ચાર્જમાં ૧૦ પૈસા/યુનીટનો ઘટાડો
- અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી હેઠળ સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં ઘર વપરાશ માટેના વીજ ગ્રાહકોને શહેરી વીજ દરને બદલે લાગુ પડતો હતો તેના બદલે ગ્રામ્ય ઘર વપરાશ વીજ દર લાગુ પડતા પ્રતિ યુનિટ ૩૦–૪૦ પૈસાનો ઘટાડો.
- હળવા વીજ દબાણનાં ઔદ્યોગિક/વાણિજ્ય (LTMD) વીજ ગ્રાહકોના એનર્જી ચાર્જમાં ૧૦ પૈસા/યુનીટનો ઘટાડો
- ભારે વીજ દબાણનાં (HTP-1) વીજ ગ્રાહકોના ચાર્જમાં ૧૪ પૈસા/યુનીટનો ઘટાડો
- ફક્ત રાત્રી દરમ્યાન ઉપયોગ કરતા ભારે વીજ દબાણનાં વીજ ગ્રાહકો (HTP-IV) ના એનર્જી ચાર્જમાં ૧૫ પૈસા/યુનીટનો ઘટાડો

  જ્યારે વર્ષ ૨૦૧૭માં તા.૧.૪.૨૦૧૭ની અસરથી માન. વીજ નિયમન આયોગનાં આદેશ મુજબ વીજ દરમાં કોઈ પણ પ્રકારનો વધારો/ઘટાડો કરવામાં આવેલ નથી.

(૨) વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭મા રાજ્ય હસ્તકની વીજ કંપનીઓના ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ પેટે માન. વીજ નિયમન આયોગ દ્વારા નક્કી કરેલ ફોર્મ્યુલા મુજબ ત્રિમાસિક ગાળા દરમ્યાન કરેલ વધારો/ઘટાડો નીચે મુજબ છે.

| ત્રિમાસિક ગાળો | ફ્યુઅલ સરચાર્જ (રૂ./યુનિટ) | ફ્યુઅલ સરચાર્જમાં વધારો (+)/ઘટાડો (–) (રૂ/યુનિટ) |
|---|---|---|
| ઓક્ટો–ડિસે.૧૫ | ૧.૪૨ | – |
| જાન્યુ.–માર્ચ ૧૬ | ૧.૩૫ | – ૦.૦૭ |
| એપ્રિલ–જુન ૧૬ | ૧.૪૪ | + ૦.૦૯ |

| | | |
|---|---|---|
| જુલાઈ–સપ્ટે. ૧૬ | ૧.૫૪ | + ૦.૧૦ |
| ઓક્ટો–ડિસે. ૧૬ | ૧.૭૩ | + ૦.૧૯ |
| જાન્યુ.–માર્ચ ૧૭ | ૧.૭૬ | + ૦.૦૩ |
| એપ્રિલ–જુન ૧૭ | ૧.૮૦ | + ૦.૦૪ |
| જુલાઈ–સપ્ટે ૧૭ | ૧.૭૧ | – ૦.૦૯ |
| ઓક્ટો–ડિસે ૧૭ | ૧.૭૧ | ૦ |
| જાન્યુ.–માર્ચ ૧૮ | ૧.૬૩ | – ૦.૦૮ |

(૩) ઉક્ત વધારાઓ અન્વયે વર્ષવાર ગ્રાહકો પર કુલ કેટલા રૂપિયાનો વધારાનો બોજો પડ્યો ?

(૩) વીજ દરમાં કોઈ વધારો થયેલ ન હોઈ, ગ્રાહકો ઉપર કોઈ વધારાના બોજનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ પેટે વધારા/ઘટાડા અન્વયે ગ્રાહકો પર વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭માં નીચે મુજબનો બોજો પડેલ છે/ઘટેલ છે.

| | ૨૦૧૬ | ૨૦૧૭ |
|---|---|---|
| વીજ દર પેટે | રૂ. ૪૧૪ કરોડનો ઘટાડો | કોઈ વધારો/ઘટાડો થયેલ નથી |
| ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ પેટે | રૂ. ૪૯૭ કરોડનો વધારો | રૂ. ૫૩ કરોડનો ઘટાડો |

---------

## વાસદ–બગોદરા સ્ટેટ હાઈવેની કામગીરી

* ૭૯૧૩ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા)માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાસદ–બગોદરા સ્ટેટ હાઈવે સન.૨૦૧૦થી બનાવવાનું શરુ થયેલ છે. પરંતુ તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આ કામગીરી બિલકુલ બંધ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કયા સુધીમાં આ રસ્તો બનશે ?

**જવાબ**

(૧) અને (૨) સદર કામ ૨૦૧૦થી શરૂ થયેલ નથી. બી.ઓ.ટી. હેઠળ હાથ ધરાયેલ આ કામ રોકાણકારની નાણાંકીય સધ્ધરતા નબળી પડતાં તેમણે કામ બંધ કરેલ છે.

આ કામગીરીના કરારની જોગવાઈ મુજબના સમયગાળામાં સબસ્ટીટયુશન ન થયે ટર્મીનેશનની પ્રક્રિયા પુર્ણ કરી, શકય તેટલું વહેલું કામ હાથ ધરીને પૂર્ણ કરવા સરકાર પ્રયત્નશીલ છે.

---------

## મુખ્યમંત્રી અમૃતમ યોજનામાં સમાવિષ્ટ બીમારીઓ

* ૯૦૮૭ શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત કઈ બિમારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૨) કઈ બિમારીઓનો સમાવેશ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત સાત પ્રકારની ગંભીર બિમારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. જેવી કે (૧)બર્ન્સ(દાઝેલા), (૨)હૃદયના ગંભીર રોગો,(૩)કીડનીના ગંભીર રોગો, (૪)ગંભીર ઈજાઓ,(૫)નવજાત શિશુઓના ગંભીર રોગો, (૬)કેન્સર (કેન્સર સર્જરી, કેમોથેરાપી તથા રેડીઓથેરાપી) તથા (૭)મગજના ગંભીર રોગો,

(૨) સને ૨૦૧૮–૧૯ ના વર્ષમાં કીડની, લીવર અને કીડની+પેન્ક્રીયાઝ ટ્રાન્સપ્લાન્ટ માટે તેમજ ઘુંટણનું રીપ્લેસમેન્ટ અને થાપાનું રીપ્લેસમેન્ટ જેવી પ્રોસીજરોનો સમાવેશ કરવાનું આયોજન છે.

---------

સુરત જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૭૩૬૫ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત સુરત જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૬૨૧. |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૨૬.૧૪ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

પાનમ યોજના વર્તુળ હસ્તકના ચેકડેમ રીપેરીંગની કામગીરી

* ૭૪૨૯ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાનમ યોજના વર્તુળ હસ્તક વર્ષ ૨૦૧૭–૧૮ દરમિયાન તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં કેટલા ચેકડેમો રીપેર કર્યા, અને | (૧) ૫૮ (અઠ્ઠાવન). |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૧૩૧.૩૬ લાખ. |

---------

બનાસકાંઠા જિલ્લામાં પાતાળકુવાનું શારકામ

* ૭૧૪૧ શ્રી કાંતીભાઇ ખરાડી (દાંતા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સને ૨૦૧૬ તથા ૨૦૧૭ દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણી માટે કેટલા પાતાળકુવાનું શારકામ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા પાતાળકુવાનું શારકામ બાકી છે? અને તે કેટલા સમયમાં પુર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) અને (૨) નીચે મુજબ

| તાલુકો | વર્ષ ૨૦૧૬ | | વર્ષ ૨૦૧૭ | | |
|---|---|---|---|---|---|
| | મંજુર | શારેલ | મંજુર | શારેલ | બાકી |
| અમીરગઢ | ૦ | ૦ | ૬ | ૦ | ૬ |
| ભાભર | ૧ | ૧ | ૫ | ૧ | ૪ |
| દાંતા | ૨ | ૨ | ૫ | ૦ | ૫ |
| દાંતીવાડા | ૦ | ૦ | ૧ | ૧ | ૦ |
| ડીસા | ૬ | ૬ | ૧૦ | ૫ | ૫ |
| દિયોદર | ૧ | ૧ | ૭ | ૫ | ૨ |
| ધાનેરા | ૩ | ૩ | ૨ | ૨ | ૦ |
| કાંકરેજ | ૩ | ૩ | ૧૩ | ૭ | ૬ |
| લાખણી | ૧ | ૧ | ૭ | ૧ | ૬ |
| પાલનપુર | ૬ | ૬ | ૧૫ | ૧૦ | ૫ |
| સુઇગામ | ૨ | ૨ | ૧ | ૦ | ૧ |
| થરાદ | ૦ | ૦ | ૧૩ | ૧ | ૧૨ |
| વડગામ | ૪ | ૪ | ૮ | ૭ | ૧ |
| વાવ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૩૧ | ૩૧ | ૯૩ | ૪૦ | ૫૩ |

૫૩ પાતાળકુવાનું શારકામ બાકી છે જે તબક્કાવાર પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

રાજ્યમાં આવેલ વીજ મથકોમાં અકસ્માતના બનાવો

* ૯૮૫૧ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે | (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં |

વર્ષમાં રાજ્યમાં વર્ષવાર સરકારી, અર્ધસરકારી અને ખાનગી વીજ મથકોમાં અકસ્માતના કુલ કેટલા બનાવો બન્યા,

રાજ્યમાં વર્ષવાર સરકારી, અર્ધસરકારી અને ખાનગી વીજ મથકોમાં કુલ ૧૧૩ અકસ્માતના બનાવો બનવા પામેલ, જે પૈકી વર્ષ ૨૦૧૬માં ૪૪ તથા વર્ષ ૨૦૧૭માં ૬૯ અકસ્માતના બનાવો બનેલ હતા.

(૨) તે પૈકી કેટલા બનાવોમાં કેટલા વ્યક્તિના મૃત્યુ થયા અને કેટલાને ગંભીર ઈજાઓ થઇ,

(૨) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વીજ મથકોમાં થયેલ અકસ્માતના બનાવોમાં મૃત્યુ થયેલ અને ગંભીર ઈજાઓ થયેલ વ્યક્તિઓની વિગતો નીચે મુજબ છે.

| મૃત્યુ પામેલ વ્યક્તિઓની સંખ્યા | | ગંભીર ઈજાઓ થયેલ વ્યક્તિઓની સંખ્યા | |
|---|---|---|---|
| ૨૦૧૬ | ૨૦૧૭ | ૨૦૧૬ | ૨૦૧૭ |
| ૧૨ | ૭ | ૪૦ | ૬૨ |

(૩) મૃત્યુ પામનારના વારસદારોને ગંભીર ઈજા પામનાર વ્યક્તિઓને કેટલું વળતર ચૂકવવામાં આવ્યું, અને

(૩) મૃત્યુ પામનારના વારસદારોને ચુકવવામાં આવેલ વળતરની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | મૃત્યુ પામનારના વારસદારોને ચુકવવામાં આવેલ વળતર (રૂપિયામાં) |
|---|---|
| ૨૦૧૬ | રૂ. ૨,૬૬,૬૯,૩૬૨/- |
| ૨૦૧૭ | રૂ. ૪૬,૫૪,૧૪૪/- |

ગંભીર ઈજા પામનાર વ્યક્તિઓને અકસ્માતની સારવાર માટે ૧૦૦% દવા ખર્ચ અને પુરેપુરી માંદગીની રજા આપવામાં આવે છે.

(૪) આવા અકસ્માતના બનાવો ન બને તે માટે સરકારે શું કાર્યવાહી કરી?

(૪) આવા અકસ્માતના બનાવો ન બને તે માટે જીએસઇસીએલ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી નીચે મુજબ છે.

૧. અકસ્માતોના તપાસ રીપોર્ટમાં જણાવેલી ભલામણોને નિર્ધારીત સમયમાં પુરી કરવા માટેના પગલાં લેવામાં આવે છે.
૨. નિયમિત ધોરણે સુરક્ષાની તાલીમ બાહ્ય કુશળ સંસ્થા દ્વારા આપવામાં આવે છે.
૩. વીજ મથકમાં વિવિધ કોન્ટ્રાક્ટ હેઠળના કામદારોને કામ શરૂ કરતા પહેલા સુરક્ષા અંગેની તાલીમ આપવી.
૪. દર છ મહીને / ત્રણ મહિને સ્થળ પર આપાત્તકાલીન પરિસ્થિતિનું નિર્માણ કરીને એક વખત મોક ડ્રીલ કરવામાં આવે છે.
૫. કામ દરમ્યાન વિવિધ યંત્રોના ઉત્પાદકો દ્વારા આપવામાં આવેલ સુરક્ષા કાર્યપધ્ધતિનું પાલન કરવામાં આવે છે તથા સુરક્ષા કાર્યપધ્ધતિની માર્ગદર્શિકા બનાવવામાં આવેલ છે.
૬. દર ત્રણ મહિને સુરક્ષા સમિતિની મીટીંગ દરેક વીજ મથકે મેનેજમેન્ટના સભ્યો, શ્રમયોગીના સભ્યો અને કામદાર યુનિયનના પ્રતિનિધિની હાજરીમાં કરવામાં આવે છે.
૭. વીજ મથકમાં કામ કરતા તમામ કામદારો દ્વારા સુરક્ષા માટે લેવામાં આવતા પગલાનું સમયાંતરે મૂલ્યાંકન કરવામાં આવે છે.
૮. કામના પ્રકારને આધારીત કર્મચારીઓને ઉચ્ચ ગુણવત્તાવાળા સુરક્ષાના સ્વરક્ષણાત્મક સાધનો પુરા

પાડવામાં આવે છે.

૯. અકસ્માત સંભવિત વિસ્તારોમાં સુરક્ષાની માહિતી આપતા બેનરો/પોસ્ટરો પ્રદર્શિત કરવામાં આવેલ છે.

---------

રાજકોટ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૭૩૩૯ શ્રી લાખાભાઈ સાગઠીયા (રાજકોટ-ગ્રામ્ય) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૨૭૧૯ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૩૭૫૧૬.૦૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

દાહોદ જિલ્લામાં મા અમૃતમ યોજના

* ૭૧૭૦ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં મા અમૃતમ યોજના અંતર્ગત કેન્સર, હૃદય, કિડનીના રોગના બીપીએલના દર્દીઓ પૈકી કઇ હોસ્પિટલમાં કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી,

જવાબ

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં "મા અમૃતમ યોજના" હેઠળ દાહોદની ૧ (એક) તથા રાજ્યની ૫૪ હોસ્પિટલોમાં કેન્સર, હૃદય, કીડનીના રોગના બીપીએલના દર્દીઓને સારવાર આપવામાં આવી છે. જેની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | કેન્સર | હૃદય | કીડની | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૧૬ | ૨૭૩ | ૧૩૯ | ૩૬ | ૪૪૮ |
| ૨૦૧૭ | ૪૧૦ | ૨૨૨ | ૬૦ | ૬૯૨ |
| કુલ | ૬૮૩ | ૩૬૧ | ૯૬ | ૧,૧૪૦ |

ઉક્ત દર્શાવેલ વિગતનું વિગતવાર *પત્રક-અ આ સાથે સામેલ છે.

(૨) આવા દર્દીઓને દાહોદ શહેર ખાતે જ સારવાર મળી રહે તેવુ કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તેની વિગતો શું છે અને ના તો તેના શા કારણો છે?

(૩) આવી બિમારીના દર્દીઓને દાહોદ શહેર ખાતે સારવાર મળી રહે તે માટે દાહોદ શહેરની એક (૧) ખાનગી અને એક (૧) સરકારી હોસ્પિટલમાં વ્યવસ્થા છે.

* (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે)

---------

પાર નદી પર ઉંચા પુલનું કામ

* ૭૩૨૮ શ્રી કનુભાઇ દેસાઇ (પારડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ વલસાડ જિલ્લાના પારડી તાલુકાના કચીગામ વલસાડ અને પરવાસા ગામને જોડતા રસ્તા પરના પાર નદી પર ઉંચા પુલનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવ્યું છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું તથા ક્યારે મંજુર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૧૨૦૦.૦૦ લાખની રકમનું કામ તા.૧૭/૧૦/૨૦૧૭ના રોજ. |
| (૩) ઉક્ત સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે? | (૩) નકશા અંદાજો મંજુર કરવામાં આવેલ છે. |

---------

સાણંદ-મોડાસર અનુભાગને ચારમાર્ગીય કરવાનું આયોજન

* ૭૩૦૦ શ્રી કનુભાઇ પટેલ (સાણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન જવાબ

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ-બાવળા રસ્તાના સાણંદ મોડાસર અનુભાગને ચારમાર્ગીય કરવાનું આયોજન છે, — (૧) હા, જી.

(૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને — (૨) રૂ. ૨૫૦૦.૦૦ લાખ.

(૩) સદર કામગીરી કયા તબક્કે છે? — (૩) પ્રગતિ હેઠળ.

---------

### ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ માટે ખેડૂતોને સબસીડી

* ૭૯૬૬ શ્રી કાન્તીભાઇ સોઢાપરમાર (આણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ માટે ખેડૂતોને કેટલી સબસીડી આપવામાં આવે છે, | (૧) આ સાથેના પત્રક-૧ મુજબ સહાયના ધોરણો અમલમાં છે. |
| (૨) તે અન્વયે જીએસટી લાગું થતાં સબસીડીની રકમ ઘટી ગઈ છે તે હકીકત સાચી છે, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો આ સબસીડીની રકમ વધારવા સરકારે શું પગલાં લીધા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

પત્રક-૧

| ક્રમ | ખેડૂત વર્ગ | નોન ડાર્ક ઝોન વિસ્તાર | ડાર્કઝોન વિસ્તારના ૫૭ તાલુકા માટે |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વર્ગઃ (બે અને બે હેક્ટરથી વધારે જમીન ધરાવતા) | સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચના ૭૦% સુધી અથવા રૂ. ૭૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે | સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચના ૭૦% સુધી અથવા રૂ. ૭૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે |
| ૨ | સામાન્ય વર્ગઃ નાના અને સિમાંત ખેડૂતો (૨ હેક્ટરથી ઓછી જમીન ધરાવતા) | સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચના ૭૦% સુધી અથવા રૂ. ૮૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે | સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચના ૮૦% સુધી અથવા રૂ. ૮૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે |
| ૩ | અનુસુચિત જાતિ/જનજાતિ (આદિજાતિ વિસ્તારના ખેડૂતો) | સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચના ૮૫% સુધી અથવા રૂ. ૧,૦૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે | સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચના ૯૦% સુધી અથવા રૂ. ૧,૦૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે |

---------

### જૂનાગઢ જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૭૩૬૩ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને | (૧) ૪૯. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૩૭૭.૮૬ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

### જલાલપોર તાલુકાના ચીજ ગ્રામ પંચાયત ઘરથી પિત્યા ફળીયાનો રોડ

* ૭૩૭૯ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ જલાલપોર તાલુકાના ચીજ ગ્રામ પંચાયત ઘરથી પિત્યા ફળીયાને જોડતા રોડના બાંધકામ માટેનું કામ મંજુર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કટેલી રકમનું મંજૂર થયેલ | (૨) રૂ. ૫૫.૦૦ લાખ. |

છે, અને

(૩) આ કામ કયા તબક્કે છે?

(૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

---------

રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી., અને રાસાયણિક ખાતર ઉપર લેવાતો વેરો

* ૯૦૫૮ શ્રી હર્ષદકુમાર રીબડીયા (વિસાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વિજાપુર તાલુકાના ગવાડા લાડોલ રોડ બનાવવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ. ૧૮૦.૦૦ લાખ.

(૩) ટેન્ડર મંજુરી હેઠળ.

---------

ડીસા તાલુકાના કંસારી શેરપુરા રોડને પહોળો કરવાનું આયોજન

* ૭૩૨૧ શ્રી શશીકાન્ત પંડ્યા (ડીસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના કંસારી શેરપુરા રોડને પહોળો કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી રકમ મંજુર કરેલ છે, અને

(૩) આ કામ ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ.૨૧૧.૫૦ લાખ.

(૩) ટેન્ડર મંજુરી હેઠળ.

---------

ગાંધીનગર જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી

* ૯૮૫૭ ડૉ. સી.જે. ચાવડા (ગાંધીનગર ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર તાલુકામાં કેટલા તળાવો ઉંડા ઉતારવામાં આવ્યા,

(૨) ગાંધીનગર તાલુકાના કેટલા તળાવોમાં છેલ્લા બે વર્ષમાં નર્મદાનું પાણી નાખવામાં આવ્યુ, અને

(૩) ૨૦૧૭-૧૮માં ઉક્ત જિલ્લાના ક્યા તળાવો ઉંડા કરવાનું આયોજન છે ?

જવાબ

(૧) ૧૦ તળાવો.

(૨) આ તાલુકાનું એક-પણ તળાવ ૨ કિ.મી.ની મર્યાદામાં (સરકારની પ્રવર્તમાન નીતિ) આવેલ નથી. જેથી પાણી નાખવામાં આવેલ નથી.

(૩) કુલ ૬ તળાવોના આયોજન પૈકી બોરીસણા, વડસર અને છત્રાલ એમ ૩ ગામોના તળાવ ઉંડા કરવામાં આવેલ છે અને બાકી એવા દશેલા, શોભાસણ અને લિબોદરા એમ ૩ ગામોના તળાવ મે-૨૦૧૮ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

---------

નિવૃત્ત કર્મચારીઓ/અધિકારીઓને સાતમા પગાર પંચ મુજબ પેન્શન ચુકવવા બાબત

* ૯૦૨૧ શ્રી ચીરાગભાઈ કાલરીયા (જામજોધપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૦૧-૦૧-૨૦૧૬ પહેલાં નિવૃત્ત થયેલ કર્મચારીઓ/અધિકારીઓને સાતમા પગાર પંચ પ્રમાણે પેન્શન રીવાઈઝ કરવામાં આવ્યું હોવા છતાં જાન્યુઆરી-૨૦૧૬ થી ઓક્ટોબર-૨૦૧૬ સુધીનું એરીયર્સ તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ નહીં ચુકવવાના કારણો શા છે, અને

(૧) જાન્યુઆરી-૨૦૧૬ થી સપ્ટેમ્બર-૨૦૧૬ સુધીના પેન્શન તફાવતની રકમ ચુકવવા અંગે નાણા વિભાગના તા.૧૦-૧૦-૨૦૧૬ના ઠરાવોથી અધિકારીશ્રીઓની સમિતિ અને મંત્રીમંડળની પેટા સમિતિની રચના કરવામાં આવેલ હતી અને તે સમિતિઓની ભલામણ અનુસાર પેન્શન તફાવતની રકમ ચુકવવાની રહેતી હતી.

(૨) સરકાર આ અંગે પેન્શનરોના હક્કોનું રક્ષણ થાય તે માટે જરૂરી આદેશો કરવાનું કોઈ આયોજન છે કે કેમ?

(૨) સરકારના નિર્ણય અનુસાર નાણા વિભાગના તા.૧૩-૦૩-૨૦૧૮ના ઠરાવથી પેન્શનરોને ચુકવાપાત્ર થતા પેન્શન તફાવતની રકમ માર્ચ, મે અને જુલાઈ માસ એમ ત્રણ હપ્તામાં ચુકવવા અંગેના હુકમો કરવામાં આવેલ છે.

---------

### ખેડા અને પંચમહાલ જિલ્લામાં ૧૪ માં નાણા પંચની ફાળવેલ રકમ

* ૯૦૩૭ શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર (મહુધા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી ૧૪ માં નાણા પંચમાં કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

(૧) ૨૦૧૬-૧૭ રૂ. ૩૧૧૭.૯૨૦૦ કરોડ
૨૦૧૭-૧૮ રૂ. ૧૭૩૭.૬૨૦૦ કરોડ તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં અને ૧-૧-૧૮ થી ૧૨-૨-૧૮ સુધીમાં રૂ. ૧૨૩૭.૬૨ કરોડ મળેલ છે.

(૨) તે પૈકી ખેડા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગ્રાન્ટ ફાળવી અને

(૨)

| | | |
|---|---|---|
| ખેડા | ૨૦૧૬-૧૭ | રૂ. ૮૩.૮૫૩૨ કરોડ |
| | ૨૦૧૭-૧૮ | રૂ. ૩૯.૩૩૬૨ કરોડ |
| પંચમહાલ | ૨૦૧૬-૧૭ | રૂ. ૭૯.૯૩૧૨ કરોડ |
| | ૨૦૧૭-૧૮ | રૂ. ૩૬.૫૯૮૫ કરોડ |

(૩) ઉક્ત ગ્રાન્ટમાં ખર્ચ કરવાનો બાકી હોય તો કેટલી રકમ પડતર છે અને તેના કારણો શા છે?

(૩)

| | | |
|---|---|---|
| ખેડા | ૨૦૧૬-૧૭ | રૂ. ૨૨.૧૪૪૬ કરોડ |
| | ૨૦૧૭-૧૮ | રૂ. ૧૮.૮૨૦૧ કરોડ |
| પંચમહાલ | ૨૦૧૬-૧૭ | રૂ. ૧૫.૮૮૯૦ કરોડ |
| | ૨૦૧૭-૧૮ | રૂ. ૨૧.૨૦૨૦ કરોડ |

૧૪ માં નાણા પંચની મુદત વર્ષઃ ૨૦૧૫-૧૬ થી ૨૦૧૯-૨૦ (તા.૩૧-૦૩-૨૦૨૦) સુધીની હોય, વર્ષવાર મળેલ ગ્રાન્ટ ઉક્ત સમયગાળા દરમ્યાન વાપરી શકાતી હોય, ગ્રાન્ટ પડતર રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. હાલમાં મોટા ભાગના કામો પ્રગતિમાં છે.

---------

### છોટાઉદેપુર જિલ્લામાં કવાંટ તાલુકામાં કરાકોતર પરનો કોઝવે

* ૯૭૭૨ શ્રી સુખરામભાઈ રાઠવા (જેતપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં આવેલ કરજવાટ-નાની ટોકરી મોટી ટોકરી થઈ બોરધા ગામને જોડતા માર્ગ ઉપર આવેલ કરાકોતર કોઝવેને બદલે પુલ બનાવવાની માંગણીની દરખાસ્ત રાજ્ય સરકારને ક્યારે મળી, અને

(૧) વર્ષ ૨૦૧૬-૧૭ માં.

(૨) દરખાસ્ત ક્યારે મંજુર કરી કામ શરૂ કરવામાં આવશે?

(૨) હયાત કોઝવે સારી સ્થિતિમાં વાહન વ્યવહાર યોગ્ય હોઈ હાલ આયોજન નથી.

---------

### અંકલેશ્વર તાલુકાના ઈલાવ-સાહોલ-ખરચ-કોસંબા રોડની મજબુતી કરણની કામગીરી

* ૭૩૯૪ શ્રી કાંતીભાઈ બલર (સુરત ઉત્તર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ અંકલેશ્વર તાલુકાના ઈલાવ-સાહોલ-ખરચ-કોસંબા રોડની કિ.મી. ૨/૬ થી ૧૭/૨ ના વાઈડનીંગ તથા મજબુતીકરણની કામગીરીનું કોઈ આયોજન છે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામ માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ.૩૦૦૦ લાખ.

(૩) આ કામગીરી ક્યા તબક્કે છે ?

(૩) પ્રગતિમાં.

---------

### કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં ૧૪માં નાણા પંચની ફાળવેલ રકમ

* ૮૯૮૧ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી ૧૪માં નાણા પંચમાં કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

(૨) તે પૈકી કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૩) ઉકત ગ્રાન્ટમાં ખર્ચ કરવાનો બાકી હોય તો કેટલી રકમ પડતર છે અને તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૨૦૧૬-૧૭ રૂ.૩૧૧૭.૯૨૦૦ કરોડ
૨૦૧૭-૧૮ રૂ.૧૭૩૭.૬૨૦૦ કરોડ તા.૩૧-૧૨-૧૭ સુધીમાં અને ૧-૧-૧૮ થી ૧૨-૨-૧૮ સુધીમાં રૂ.૧૨૩૭.૬૨ કરોડ મળેલ છે.

(૨) કચ્છ ૨૦૧૬-૧૭ રૂ.૧૦૧.૨૮૨૯ કરોડ
૨૦૧૭-૧૮ રૂ.૪૯.૧૬૩૨ કરોડ
બનાસકાંઠા ૨૦૧૬-૧૭ રૂ.૧૨૮.૮૭૨૫ કરોડ
૨૦૧૭-૧૮ રૂ.૬૧.૩૭૨૬ કરોડ

(૩) કચ્છ ૨૦૧૬-૧૭ રૂ.૩૫.૧૫૩૧ કરોડ
૨૦૧૭-૧૮ રૂ.૨૭.૭૬૭૭ કરોડ
બનાસકાંઠા ૨૦૧૬-૧૭ રૂ.૨૧.૩૧૪૪ કરોડ
૨૦૧૭-૧૮ રૂ.૨૮.૩૪૧૪ કરોડ

૧૪માં નાણાપંચની મુદત વર્ષ ૨૦૧૫-૧૬ થી ૨૦૧૯-૨૦ (તા.૩૧-૩-૨૦૨૦) સુધીની હોય. વર્ષવાર મળેલ ગ્રાન્ટ ઉકત સમયગાળા દરમ્યાન વાપરી શકાતી હોય, ગ્રાન્ટ પડતર રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. હાલમાં મોટા ભાગના કામો પ્રગતિમાં છે.

---------

### બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ અને સરકારી મેડીકલ કોલેજ વડોદરાનું મંજૂર મહેકમ

* ૮૯૯૯ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ અને સરકારી મેડીકલ કોલેજ, વડોદરામાં કોલેજવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ અને સરકારી મેડીકલ કોલેજ, વડોદરામાં કોલેજવાર સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગતો નીચે મુજબ છે.

| બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ | |
|---|---|
| સંવર્ગ | મંજુર જગ્યાઓ |
| વર્ગ-૧ | ૩૨૯ |
| વર્ગ-૨ | ૧૦૪ |
| વહીવટી વર્ગ-૩ | ૬૯ |
| પેરામેડીકલ વર્ગ-૩ | ૧૪૮ |
| વર્ગ-૪ | ૧૬૪ |
| કુલ | ૮૧૪ |
| સરકારી મેડીકલ કોલેજ, વડોદરા | |
| સંવર્ગ | મંજુર જગ્યાઓ |

| | |
|---|---|
| વર્ગ–૧ | ૨૮૯ |
| વર્ગ–૨ | ૧૦૬ |
| વહીવટી વર્ગ–૩ | ૭૪ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૧૭૦ |
| વર્ગ–૪ | ૧૩૬ |
| કુલ | ૭૭૫ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર, કોલેજવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે તેની વિગતો નીચે મુજબ છે.

| બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ | |
|---|---|
| સંવર્ગ | ભરેલી |
| વર્ગ–૧ | ૧૯૧ |
| વર્ગ–૨ | ૮૩ |
| વહીવટી વર્ગ–૩ | ૪૨ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૧૧૨ |
| વર્ગ–૪ | ૧૬૪ |
| કુલ | ૫૯૨ |
| સરકારી મેડીકલ કોલેજ, વડોદરા | |
| સંવર્ગ | ભરેલી |
| વર્ગ–૧ | ૨૨૧ |
| વર્ગ–૨ | ૭૩ |
| વહીવટી વર્ગ–૩ | ૫૪ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૬૬ |
| વર્ગ–૪ | ૧૩૬ |
| કુલ | ૫૫૦ |

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારીત, ફીકસ પગારથી અને માનદ વેતનથી ભરાયેલ છે, અને

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારીત, ફિક્સ પગારથી અને માનદ થી ભરાયેલ છે તે નીચે મુજબ છે.

| બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ | | | |
|---|---|---|---|
| સંવર્ગ | કરાર આધારીત | ફિક્સ પગાર | માનદ વેતન |
| વર્ગ–૧ | ૦૩ | ૦૦ | ૦૦ |
| વર્ગ–૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વહીવટી વર્ગ–૩ | ૦૦ | ૧૦ | ૦૦ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૦૦ | ૬૪ | ૦૦ |
| વર્ગ–૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | ૦૩ | ૭૪ | ૦૦ |
| સરકારી મેડીકલ કોલેજ, વડોદરા | | | |
| સંવર્ગ | કરાર આધારીત | ફિક્સ પગાર | માનદ વેતન |
| વર્ગ–૧ | ૦૩ | ૦૦ | ૦૦ |
| વર્ગ–૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વહીવટી વર્ગ–૩ | ૦૦ | ૦૫ | ૦૦ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૦૦ | ૩૮ | ૦૦ |
| વર્ગ–૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | ૦૩ | ૪૩ | ૦૦ |

(૪) ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪)

| બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ | | સરકારી મેડીકલ કોલેજ, વડોદરા | |
|---|---|---|---|
| સંવર્ગ | ખાલી | સંવર્ગ | ખાલી |
| વર્ગ–૧ | ૧૩૮ | વર્ગ–૧ | ૬૮ |
| વર્ગ–૨ | ૨૧ | વર્ગ–૨ | ૩૩ |
| વહીવટી વર્ગ–૩ | ૨૭ | વહીવટી વર્ગ–૩ | ૨૦ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૩૬ | પેરામેડીકલ વર્ગ–૩ | ૧૦૪ |
| વર્ગ–૪ | ૦૦ | વર્ગ–૪ | ૦૦ |
| કુલ | ૨૨૨ | કુલ | ૨૨૫ |

આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

કચ્છ જિલ્લાના ભુજ–નાગોર–લોડાઈ રસ્તાને પહોળો કરવાનું આયોજન

* ૭૩૦૯ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ભુજ–નાગોર–લોડાઈ રસ્તાને પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૭૫૦૦.૦૦ લાખ. |
| (૩) સદર કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) પ્રગતિ હેઠળ. |

---------

તાપી જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

* ૭૩૫૦ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૭(સાત) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) તે માટે તાપી જિલ્લામાં કુલ રૂ.૪૪૩૧.૩૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

વલસાડ જિલ્લામાં દરિયાઈ ધોવાણ અટકાવવાની કામગીરી

* ૭૪૨૮ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં વલસાડ તાલુકામાં દરિયાઈ ધોવાણથી થતું નુકશાન અટકાવવા કોઈ કાર્યવાહી હાથ ધરાયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલી લંબાઈમાં કામગીરી હાથ ધરાયેલ છે, | (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ કામગીરી થયેલ નથી. પરંતુ તા.૩૧–૧૨–૨૦૧૫ પહેલા વલસાડ તાલુકામાં ૮૪૬૫ મીટર લંબાઈમાં દરિયાઈ ધોવાણ અટકાવવાના કામો કરવામાં આવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ આ કામગીરી પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ કામોથી તાલુકાવાર કેટલા ગામોને લાભ થયેલ છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

દાંતીવાડા જળાશય યોજનાની નહેરોની સાફસુફીની કામગીરી

* ૮૩૯૦ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાંતીવાડા જળાશય યોજનાની મુખ્ય નહેરના છેડેથી નીકળતી ૯/એલ અને ૬/એલ નહેરમાં જંગલકટીંગ અને સાફસૂફી ક્યારે અને કેટલા ખર્ચે કરવામાં આવેલ, | (૧) વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭માં, કરેલ ખર્ચ નીચે મુજબ છે. |

| ક્રમ | નહેરનું નામ | ખર્ચ (રૂ.લાખમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૧૬ | ૨૦૧૭ |
| ૧ | ૬/એલ | ૩.૮૭ | ૧૪.૫૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) જો સદર નહેરોમાં જંગલકટીંગ અને નહેરોની સાફસૂફી સમયસર કરવામાં ન આવતી હોય તો તેના કારણો શું, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સદર કામ માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ અને તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) જોગવાઈ– રૂ.૩૨.૦૦ લાખ.<br>કરેલ ખર્ચ– રૂ.૨૮.૮૧ લાખ. |

---------

દાંતીવાડા જળાશય યોજના

* ૭૪૩૫ શ્રી અરવિંદભાઈ પટેલ (સાબરમતી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાંતીવાડા જળાશય યોજનાથી તા.૩૧–૩–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિસ્તારમાં સિંચાઈ કરવામાં આવી, અને | (૧) ૨૨૦૬૬.૨૫ હેકટર. |
| (૨) આ સિંચાઈથી કેટલા ખેડૂતોને લાભ થયો ? | (૨) ૨૩૬૪૪ ખેડૂતોને. |

---------

વાલ્મિકી નદી પર પુલ બનાવવાનું આયોજન

* ૭૩૮૯ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ તાપી જિલ્લાના વાલોડ તાલુકાના, ઉનાઈ–બુહારી–મઢી–માંડવી રોડ ઉપર વાલ્મિકી નદી પર પુલ બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૧૨૬૦.૦૦ લાખ. |
| (૩) સદર કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) અંદાજો તાંત્રિક ચકાસણી હેઠળ. |

---------

લીંમડી જનરલ હોસ્પિટલમાં મંજૂર થયેલ મહેકમ

* ૮૫૫૯ શ્રી નૌશાદજી સોલંકી (દસાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ લીંબડી જનરલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૧) |

| ક્રમ | સંવર્ગ | મંજુર જગ્યા |
|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૧૧ |
| ૨ | વર્ગ–૨ | ૯ |
| ૩ | વર્ગ–૩ | ૮૫ |
| ૪ | વર્ગ–૪ | ૬૪ |
| | કુલ | ૧૬૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર કેટલા સમયથી ખાલી છે, અને | (૨) સામેલ પત્રક મુજબ |

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? (૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

પત્રક

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | | વર્ગ–૧ |
| ૧ | મુ.જિ.ત.અ/અધીક્ષક | ૧ | તા.૦૧/૦૭/૨૦૧૩ થી ડૉ.ડી.કે.પરમાર (ફીજીસીયન) ચાર્જ સંભાળે છે. |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | તા.૦૧/૦૯/૨૦૧૫ |
| ૩ | પૂર્ણકાલીન સર્જન | ૧ | તા.૩૦/૦૪/૨૦૧૧ |
| ૪ | ઓર્થોપેડીક સર્જન | ૧ | તા.૧૯/૧૨/૨૦૦૫ |
| ૫ | બાળરોગ નિષ્ણાત | ૧ | તા.૨૦/૦૪/૧૯૯૬ |
| ૬ | સ્ત્રી રોગ નિષ્ણાત | ૧ | તા.૩૧/૦૮/૨૦૦૧ |
| ૭ | રેડીયોલોજીસ્ટ | ૧ | તા.૦૩/૧૨/૧૯૮૪ |
| ૮ | એનેસ્થેટીસ્ટ | ૧ | તા.૧૮/૦૯/૨૦૦૬ |
| | વર્ગ–૧ કુલઃ– | ૮ | |
| | | | વર્ગ–૨ |
| ૯ | તબીબી અધિકારી | ૨ | તા.૧૩/૦૩/૨૦૧૬, તા.૦૯/૦૫/૨૦૧૭ |
| ૧૦ | બાયોકેમીસ્ટ | ૧ | તા.૧૮/૧૦/૯૬ |
| | વર્ગ–૨ કુલઃ– | ૩ | |
| | | | વર્ગ–૩ |
| ૧૧ | મેટ્રન વર્ગ–૩ | ૧ | તા.૩૦/૦૯/૨૦૧૬ |
| ૧૨ | હેડકલાર્ક/હિસાબનિશ | ૨ | તા.૩૧/૦૫/૨૦૧૭ |
| ૧૩ | હેડનર્સ | ૨ | તા.૨૩/૦૯/૨૦૧૫ |
| ૧૪ | એક્સ–રે–ટેકનીશ્યન | ૨ | તા.૩૧/૦૭/૨૦૧૫, તા.૨૦/૦૭/૨૦૧૭ |
| ૧૫ | લેબોરેટરી ટેકનીશ્યન | ૧ | તા.૩૧/૦૭/૨૦૧૬ |
| ૧૬ | આંખના મદદનીશ | ૨ | તા.૦૯/૦૮/૨૦૧૦ |
| ૧૭ | લીનન કિપર | ૧ | તા.૩૦/૧૧/૨૦૧૨ |
| ૧૮ | સ્ટાફ નર્સ | ૨ | તા.૩૦/૦૬/૨૦૧૬,તા.૩૦/૦૯/૨૦૧૭ |
| ૧૯ | જુનીયર ફાર્માસીસ્ટ | ૬ | તા.૨૮/૦૮/૨૦૧૩,૦૩/૦૨/૨૦૧૪,૨૬/૦૪/૨૦૧૫,૦૧/૧૦/૨૦૧૨ |
| ૨૦ | સીનીયર ક્લાર્ક | ૧ | તા.૦૫/૦૯/૨૦૧૦ |
| ૨૧ | સેંનેટરી ઈન્સપેક્ટર | ૧ | તા.૦૯/૦૮/૨૦૧૦ |
| ૨૨ | જુનીયર ક્લાર્ક | ૨ | તા.૩૦/૦૪/૨૦૦૭,તા.૨૦/૦૪/૨૦૧૦ |
| ૨૩ | કેસ રાઈટર | ૨ | તા.૦૧/૦૬/૨૦૦૯,તા.૨૮/૦૨/૨૦૧૦ |
| ૨૪ | એમ્બ્યુલંન્સ ડ્રાઈવર | ૧ | તા.૨૩/૧૨/૨૦૧૫ |
| ૨૫ | એક્સ–રે–આસીટંન્ટ | ૧ | તા.૨૨/૦૭/૨૦૧૫ |
| | વર્ગ–૩ કુલઃ– | ૨૭ | |

---------

## સુરત જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો

* ૭૩૬૧ શ્રી વી. ડી. ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુટીર જ્યોતિ યોજના હેઠળ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૬૬૦ |

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? (૨) રૂ. ૨૩.૧૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

વડોદરા જિલ્લામાં કૃષિ વીજ કનેકશન

* ૭૩૪૫ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો છે, અને

(૧) ૨૧૯૧૩

(૨) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭માં વડોદરા જિલ્લામાં કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસિડી ચૂકવવામાં આવી?

(૨)

| નાણાંકીય વર્ષ | ચુકવેલ સબસિડીની રકમ (રૂ.) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૭૫.૦૬ કરોડ |
| ૨૦૧૬–૧૭ | ૭૩.૩૬ કરોડ |
| કુલ | ૧૪૮.૪૨ કરોડ |

---------

નવસારી જિલ્લામાં ડામર રસ્તાઓ

* ૭૧૫૪ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં સાત કે તેથી વધુ વર્ષથી ડામર ન થયા હોય તેવા રસ્તાઓ કેટલા છે, અને

(૨) આવા રસ્તાઓ કયા સુધીમાં ડામર સપાટી કરવાનું સરકારનું આયોજન છે?

(૧) અને (૨) મેટલ સપાટીનો ૧(એક) રસ્તો, આરક્ષિત વન વિસ્તારમાંથી પસાર થતો હોઈ હાલ આયોજન નથી.

---------

નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજનાના લાભાર્થીઓ

* ૭૬૩૪ શ્રી અભેસિંહ તડવી (સંખેડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ નર્મદા જીલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૧) કુલ ૮૧૫૪૧

(૨) આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) કુલ રૂ. ૩,૬૧,૧૧,૫૦૦/–

---------

સમી તાલુકાના રવદ–પાલીપુર રોડની કામગીરી

* ૭૩૭૨ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ)માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ પાટણ જિલ્લાનાં સમી તાલુકાના રવદ–પાલીપુર રોડ મંજુર કરવાનું સરકારનું આયોજન છે કે કેમ ?

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરેલ છે, અને

(૨) ૪.૦૦ કી.મી. માટે રૂ. ૩૦૦.૦૦ લાખ

(૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ?

(૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

---------

બોટાદ જિલ્લામાં સુખભાદર નદી ઉપર નવો પુલ બનાવવાનું આયોજન

* ૭૪૧૯ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ (ઘાટલોડીયા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં સુખભાદર નદી ઉપર નવો પુલ બનાવવાનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સદરહુ કામ માટે કેટલો અંદાજિત ખર્ચ થશે, અને | (૨) રૂ. ૮૩૬.૮૮ લાખ. |
| (૩) આ કામ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણ

* ૭૩૫૪ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા ઘરવપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૩૧૦ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૯૦.૭૦ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

અંકલેશ્વર-વાલીયા-નેત્રાગ રોડની મજબુતી કરણની કામગીરી

* ૭૩૮૫ શ્રી પ્રવીણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ - મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના અંકલેશ્વર-વાલીયા-નેત્રાગ રોડ કિ.મી. ૬/૦ થી ૪૩/૦ માં મજબુતીકરણ કામગીરી માટે સરકારનું કોઈ આયોજન છે, કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તે માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૨૯૬૦ લાખ |
| (૩) આ કામગીરી કયા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં |

---------

કચ્છ જિલ્લાના લુણી-ગુંદાલા-પત્રી-ટપ્પર-બાબીયા રસ્તાને પહોળો કરવાનું આયોજન

* ૭૨૯૮ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લુણી-ગુંદાલા-પત્રી-ટપ્પર-બાબીયા રસ્તાને પહોળો કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૫૬૦૦.૦૦ લાખ |
| (૩) આ કામગીરી કયા તબક્કે છે ? | (૩) પ્રગતિ હેઠળ |

---------

રાજ્યમાં સીકલસેલ એનીમિયાના દર્દીઓ

* ૭૬૦૧ શ્રી શૈલેષભાઈ ભાભોર (લીમખેડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સીકલસેલ એનીમીયાને નિયંત્રિત કરવા રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં શા પગલાંઓ લીધાં, | (૧) સીકલસેલ એનીમીયાને નિયંત્રણ કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દર માસે નીચે મુજબનાં પગલાં લેવામાં આવેલ છે.<br>• સીકલસેલ એનીમીયાનાં દર્દીઓને સ્ક્રીનીંગ, નિદાન તેમજ સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે.<br>• દર્દીને ફોલીક એસીડ, ન્યુમોકોકલ વેકસીન, હાઈડ્રોકસીયુરીયા તથા દર્દશામક દવાઓ |

વિનામૂલ્યે આપી જીવન ધોરણ સુધારવા તથા આરોગ્યપ્રદ જીવન જીવવા માટે કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

- દર્દીને સ્ક્રીનીંગ અંગેનું કાર્ડ આપવામાં આવેલ છે. જેનાં આધારે ક્રાઈસીસની પરિસ્થિતિમાં તેઓને જરૂરી નિદાન તથા સારવાર ઝડપથી અને વિનામૂલ્યે મળી રહે.
- દર્દીનાં નિદાન, સારવાર તથા પરામર્શ વિગેરેની માહિતી ધરાવતી નોંધપોથી આપવામાં આવેલ છે. જેથી તેઓની ભૂતકાળની માહિતીનાં આધારે જરૂર જણાયે વધુ અસરકારક સારવાર થઈ શકે.
- આદિજાતિ વિકાસ વિભાગ સીકલસેલનાં આદિજાતિ દર્દીને માસિક રૂ.૫૦૦/- ની સહાય આપવામાં આવે છે.
- દર્દીને અવાર નવાર લોહી ચડાવવાની જરૂરિયાત રહેતી હોઈ બ્લડ ટ્રાન્સફ્યુઝનની સુવિધા તદ્દન મફત આપવામાં આવેલ છે.
- સમયાંતરે ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ કરવામાં આવેલ છે જેથી સ્થળ પર જરૂરી સંપરામર્શ, નિદાન તથા સારવાર થઈ શકે.
- આશા બહેનો દ્વારા સીકલસેલ દર્દીને ક્રાઈસીસ વખતે હોસ્પિટલમાં સારવાર તથા ગર્ભવતી માતાઓને પી.એચ.સી. /સી.એચ.સી. પર લઈ જવામાં આવે છે.
- સીકલસેલ રોગ અંગે જનજાગૃતિ લાવવા હેતું વિવિધ માધ્યમથી પ્રચાર-પ્રસાર ની કામગીરી ગ્રામ્ય કક્ષા સુધી હાથ ધરવામાં આવેલ છે.

(૨) આ રોગમાં ક્યા પ્રકારની તપાસ કરવામાં આવે છે, અને

(૨) આ રોગમાં હિમોગ્લોબીન તથા બ્લડ ગ્રુપની તપાસ કરવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓની ચકાસણી કરવામાં આવેલ છે ?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૩૦,૭૧૫ દર્દીઓની ચકાસણી કરવામાં આવેલ છે.

---------

ભરૂચ જિલ્લામાં કૃષિ વીજ કનેક્શન

* ૭૩૪૪ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો છે, અને

(૧) ૧૯૪૧૬

(૨) વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭માં ભરૂચ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસિડી ચૂકવવામાં આવી ?

(૨)

| નાણાંકીય વર્ષ | ચુકવેલ સબસીડી રકમ (રૂ.) |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૩૪.૯૬ કરોડ |
| ૨૦૧૬-૧૭ | ૩૫.૯૯ કરોડ |
| | ૭૦.૯૫ કરોડ |

---------

ખેરાલુ તાલુકાના ચોટીયા, અરઠી અને ડભોડા ગામે સિમેન્ટ કોક્રીટ રોડનું આયોજન

* ૭૪૧૨ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ચોટીયા, અરઠી તથા ડભોડા ગામે સિમેન્ટ કોંક્રીટ રોડ કરવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજૂર થયેલ છે, અને

(૧) અને (૨) ચોટીયા અને અરઠી ગામે હયાત સીમેન્ટ કોંક્રીટ રોડ છે તથા ડભોડા ગામે સીમેન્ટ કોંક્રીટ રોડ કરવા માટે રૂ.૧૦૦.૦૦ લાખ મંજૂર થયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ?

(૩) કરારખત હેઠળ.

---------

ભાવનગર જિલ્લામાં ખોડવદરી નાની સિંચાઈ યોજનાની કામગીરી

* ૯૮૩૭ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાની ખોડવદરી નાની સિંચાઈ યોજના બનાવવા માટેની કોઈ દરખાસ્ત મળેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો સરકારે આ નાની સિંચાઈ યોજના બનાવવા અંગે શું કાર્યવાહી કરેલ છે ? | (૨) શેત્રુંજી યોજનાના સ્ત્રાવક્ષેત્રના ૨૦% આંતરક્ષેપનની મર્યાદા કરતા વધારે આંતરક્ષેપન થયેલ હોવાથી આ યોજના તાંત્રિક દ્રષ્ટિએ પડતી મુકવાની થાય છે. |

---------

ભાવનગર અને બોટાદ જિલ્લામાં ૧૪ માં નાણા પંચની ફાળવેલ રકમ

* ૯૦૫૩ શ્રી કનુભાઈ બારૈયા (તળાજા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી ૧૪ માં નાણા પંચમાં કેટલી રકમ ગુજરાત સરકારને મળી, | (૧) ૨૦૧૬-૧૭ રૂ. ૩૧૧૭.૯૨૦૦ કરોડ<br>૨૦૧૭-૧૮ રૂ. ૧૭૩૭.૬૨૦૦ કરોડ તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં અને ૧-૧-૧૮ થી ૧૨-૨-૧૮ સુધીમાં રૂ. ૧૨૩૭.૬૨ કરોડ મળેલ છે. |
| (૨) તે પૈકી ભાવનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગ્રાન્ટ ફાળવી અને | (૨) ભાવનગર ૨૦૧૬-૧૭ રૂ.૮૩.૨૪૧૯ કરોડ<br>૨૦૧૭-૧૮ રૂ.૩૮.૯૨૧૦ કરોડ<br>બોટાદ ૨૦૧૬-૧૭ રૂ.૩૦.૨૮૭૦ કરોડ<br>૨૦૧૭-૧૮ રૂ.૧૩.૪૧૯૮ કરોડ |
| (૩) ઉક્ત ગ્રાન્ટમાં ખર્ચ કરવાનો બાકી હોય તો કેટલી રકમ પડતર છે અને તેના કારણો શા છે? | (૩) ભાવનગર ૨૦૧૬-૧૭ રૂ.૬૦.૫૫૭૬ કરોડ<br>૨૦૧૭-૧૮ રૂ.૩૦.૮૦૪૫ કરોડ<br>બોટાદ ૨૦૧૬-૧૭ રૂ.૧૯.૮૦૦૯ કરોડ<br>૨૦૧૭-૧૮ રૂ.૧૧.૫૩૨૭ કરોડ<br>૧૪ માં નાણા પંચની મુદત વર્ષઃ ૨૦૧૫-૧૬ થી ૨૦૧૯-૨૦ (તા.૩૧-૦૩-૨૦૨૦) સુધીની હોય, વર્ષવાર મળેલ ગ્રાન્ટ ઉક્ત સમયગાળા દરમ્યાન વાપરી શકાતી હોય, ગ્રાન્ટ પડતર રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. હાલમાં મોટા ભાગના કામો પ્રગતિમાં છે. |

---------

પોરબંદર તાલુકાને નર્મદાનું પાણી આપવાનું આયોજન

* ૭૪૦૬ શ્રી બાબુભાઈ બોખીરીયા (પોરબંદર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પોરબંદર તાલુકાના દરિયા કિનારાના માધવપુર સહિતના ૧૧-ગામોને નર્મદાનું પાણી આપવા માટે સરકાર દ્વારા | (૧) હા, જી. |

આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આયોજન અન્વયે કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે, અને

(૩) ઉકત આયોજન અન્વયેના કામોની સ્થિતિ શું છે ?

(૨) ઉક્ત સ્થિતિએ આયોજન અન્વયે રૂ.૮૪૮.૨૮ લાખનો ખર્ચ અંદાજવામાં આવેલ છે, અને

(૩) ઉકત આયોજન અન્વયેના કામો હાલ પ્રગતિમાં છે.

---------

બનાસકાંઠા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલમાં ઈન્ડીયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ

* ૯૮૪૩ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર તાલુકામાં આવેલ કેટલા સબ સેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ઈન્ડીયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ લાગુ પાડવામાં આવ્યા છે અને કેટલાને લાગુ પાડવાના બાકી છે,

(૨) ઉક્ત આરોગ્ય કેન્દ્રોમાં ઈન્ડીયન હેલ્થ સ્ટાન્ડર્ડ લાગુ પાડવામાં ન આવ્યા હોય તો તેના શાં કારણો છે, અને

(૩) બાકી રહેલા ઉક્ત આરોગ્ય કેન્દ્રોને ઉક્ત સ્ટાન્ડર્ડ ક્યા સુધીમાં લાગુ પાડવામાં આવનાર છે?

જવાબ

(૧) એકપણ નહિ.

(૨) ઉક્ત તમામ સબ સેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ રાજ્યની ‘‘ક્વોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ’’ મુજબના છે.

(૩) લાગુ પડતુ નથી.

---------

કચ્છ અને મોરબી જિલ્લામાં દરિયાઈ ક્ષારને અટકાવવા લીધેલ પગલાં

* ૮૯૮૫ શ્રી સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ થી સ્થિતિએ કચ્છ અને મોરબી જિલ્લામાં દરિયાકાંઠાને અડીને આવેલા વિસ્તારમાં ક્ષાર અટકાવવા છેલ્લા બે વર્ષમાં શા પગલાંઓ સરકારે લીધાં, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હાથ ધરેલ ક્ષાર નિવારણની કામગીરીની વિગત નીચે મુજબ છે.

| વિગત | કચ્છ જિલ્લો | મોરબી જિલ્લો |
|---|---|---|
| પૂર્ણ કરેલ કામો | ૬ ચેકડેમો | ૧)જોડીયા માણામોરા રેકલેમેશન બંડની રીપેરીંગની કામગીરી ૨)બોડકી ટી.આર એપ્રોચ રોડનું કામ |
| પ્રગતિ/ટેન્ડર સ્ટેજ હેઠળના કામો | ૧)મિયારો બંધારો ૨)પલાસવા બંધારો | ૧)બોડકી ટી.આર |
| વહીવટી મંજુરી મેળવેલ કામો | ૧)કાંઢવાંઢ બંધારો | – |
| મોજણી અને સંશોધન/ આલેખન | ૧) વંગ–ડાડોર બંધારો ૨)જોધપુરવાંઢ | રાસંગપર ચેકડેમ |

| હેઠળના કામો | બંધારો | |
|---|---|---|

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) વર્ષવાર, જિલ્લાવાર ફાળવેલ રકમની વિગત

| વર્ષ | કચ્છ જિલ્લો | મોરબી જિલ્લો |
|---|---|---|
| ૨૦૧૬-૧૭ | રૂ. ૧૩૯.૬૫ લાખ | રૂ. ૨૮.૭૫ લાખ |
| ૨૦૧૭-૧૮ | રૂ. ૫.૦૯ લાખ | રૂ. ૨૧.૫૯ લાખ |

(૩) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો રકમ પુરી વપરાઈ ન હોય તો તેના કારણો શા છે?

(૩) વર્ષવાર, જિલ્લાવાર ખર્ચની વિગત

| વર્ષ | કચ્છ જિલ્લો | મોરબી જિલ્લો |
|---|---|---|
| ૨૦૧૬ | રૂ. ૧૩૯.૬૫ લાખ | રૂ. ૨૮.૭૫ લાખ |
| તા.૩૧-૧૨-૨૦૧૭ અંતિત | રૂ. ૫.૦૯ લાખ | રૂ. ૨૧.૫૯ લાખ |

નાણાકીય વર્ષની ગ્રાન્ટ જે તે નાણાકીય વર્ષમાં વપરાયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ઉકાઈ ડેમની મુખ્ય કેનાલમાં પાણી

* ૭૧૫૮ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ ઉકાઈ ડેમની મુખ્ય કેનાલમાં એક માસ કરતા વધુ સમય સુધી પાણી બંધ કરવામાં આવેલ હતુ તે હકીકત સાચી છે, અને | (૧) હા |
| (૨) જો હા, તો તેના કારણો શું છે? | (૨) ઉકાઈ-કાકરાપાર કમાન્ડ વિસ્તારમાં બારમાસી સિંચાઈ થતી હોવાથી નહેરોમાં સતત પાણી વહેતું હોય છે. શિયાળામાં ઉકાઈ કમાન્ડ વિસ્તારના થતા પાકોને પાણીની જરૂરિયાત ન્યુનતમ રહેતી હોય છે. ઉકાઈ-કાકરાપાર કમાન્ડ વિસ્તારની નહેરોના આધુનિકરણના કામો હાથ ધરવા માટે છેલ્લા બે વર્ષથી ડિસેમ્બર-જાન્યુઆરી માસમાં સિંચાઈ સલાહકાર સમિતિના પરામર્શમાં નક્કી કરાયેલ ક્લોઝરના દિવસો મુજબ બંધ રાખવામાં આવેલ છે. |

---------

નર્મદા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થીઓ

* ૭૬૨૬ શ્રી શૈલેષભાઈ મહેતા (ડભોઈ) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને | (૧) વર્ષ: ૨૦૧૬માં ૨૧૧૩૮ અને<br>વર્ષ: ૨૦૧૭માં ૨૪૧૩૯ |
| (૨) તે પૈકી કેટલાની જીંદગી બચાવવામાં આવી ? | (૨) વર્ષ: ૨૦૧૬માં ૧૮૮૦ અને<br>વર્ષ: ૨૦૧૭માં ૨૫૨૪ |

---------

વાગરા તાલુકાના વાંસી વિલાયત રસ્તાને ડામર સપાટીનું આયોજન

* ૭૩૭૭ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ ની સ્થિતિએ ભરુચ જીલ્લાના વાગરા તાલુકાના વાંસી વિલાયત રસ્તાને ડામર સપાટીનો બનાવવા રાજ્ય સરકાર દ્વારા મંજુર કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી લંબાઈનું કેટલી રકમનું મંજૂર કરવામાં આવ્યુ છે, અને | (૨) લંબાઈ ૪.૦૦ કિ.મી. રૂ. ૧૫૨ લાખ |
| (૩) આ કામ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રીયા હેઠળ. |

## અતારાંકિત પ્રશ્નો

### વડોદરા અને સુરત જિલ્લામાં ૧૪ માં નાણા પંચની ફાળવેલ રકમ

* ૯૦૭૪ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી ૧૪ માં નાણા પંચમાં કેટલી રકમ ગુજરાત સરકારને મળી, | (૧) ૨૦૧૬–૧૭ રૂ. ૩૧૧૭.૯૨૦૦ કરોડ ૨૦૧૭–૧૮ રૂ.૧૭૩૭.૬૨૦૦ કરોડ તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં અને ૧/૧/૧૮ થી ૧૨/૨/૧૮ સુધીમાં રૂ.૧૨૩૭.૬૨ કરોડ મળેલ છે. |
| (૨) તે પૈકી વડોદરા અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને | (૨) વડોદરા ૨૦૧૬–૧૭ રૂ.૮૪.૨૯૮૧કરોડ<br>૨૦૧૭–૧૮ રૂ.૪૪.૭૪૬૩ કરોડ<br>સુરત ૨૦૧૬–૧૭ રૂ.૧૯૧.૫૪૦૦ કરોડ<br>૨૦૧૭–૧૮ રૂ.૯૭.૯૦૦૧ કરોડ |
| (૩) ઉક્ત ગ્રાન્ટમાં ખર્ચ કરવાનો બાકી હોય તો કેટલી રકમ પડતર છે અને તેના કારણો શા છે ? | (૩) વડોદરા ૨૦૧૬–૧૭ રૂ.૫૨.૭૩૫૧ કરોડ<br>૨૦૧૭–૧૮ રૂ.૩૩.૨૮૩૬ કરોડ<br>સુરત ૨૦૧૬–૧૭ રૂ.૬૩.૨૮૩૨ કરોડ<br>૨૦૧૭–૧૮ રૂ.૮૩.૫૯૯૨ કરોડ<br>૧૪ માં નાણા પંચની મુદત વર્ષઃ ૨૦૧૫–૧૬ થી ૨૦૧૯–૨૦ (તા.૩૧–૦૩–૨૦૨૦) સુધીની હોય, વર્ષવાર મળેલ ગ્રાન્ટ ઉક્ત સમયગાળા દરમ્યાન વાપરી શકાતી હોય, ગ્રાન્ટ પડતર રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. હાલમાં મોટા ભાગના કામો પ્રગતિમાં છે. |

---------

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ પાતાળ કુવાઓ

* ૯૮૫૪ ડૉ.અનીલ જોષીયારા (ભિલોડા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પાતાળ કુવાઓ વર્ષવાર બનાવવામાં આવ્યા,

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ પાતાળ કુવાઓ વર્ષવાર બનાવવામાં આવેલ છે.

| જિલ્લો | તાલુકો | વર્ષ દરમ્યાન બનાવાયેલ પાતાળ કુવાની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ | કુલ |
| અરવલ્લી | | | | |
| | ભીલોડા | ૭ | – | ૭ |
| | મેઘરજ | ૬ | – | ૬ |
| અરવલ્લી જિલ્લાના કુલ | | | | ૧૩ |
| સાબરકાંઠા | | | | |
| | ખેડબ્રહ્મા | ૪ | | ૪ |
| | વિજયનગર | ૬ | | ૬ |
| | પ્રાંતિજ | – | ૧ | ૧ |
| સાબરકાંઠા જિલ્લાના કુલ | | | | ૧૧ |

(૨) ઉક્ત પાતાળકુવાઓથી તાલુકાવાર કેટલા હેક્ટર વિસ્તારમાં સિંચાઇ કરવામાં આવી, અને

(૨)

| જિલ્લો | તાલુકો | થયેલ સિંચાઇ હેક્ટરમાં |
|---|---|---|
| અરવલ્લી | | |
| | ભીલોડા | ૩૫ |
| | મેઘરજ | – |
| અરવલ્લી જિલ્લાના કુલ | | ૩૫ |
| સાબરકાંઠા | | |

| | | |
|---|---|---|
| | ખેડબ્રહ્મા | ૧૨ |
| | વિજયનગર | – |
| | પ્રાંતિજ | – |
| સાબરકાંઠા જિલ્લાના કુલ | | ૧૨ |

(૩) ઉક્ત કામગીરી પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩)

| જિલ્લો | તાલુકો | થયેલ ખર્ચ રુપિયામાં |
|---|---|---|
| અરવલ્લી | | |
| | ભીલોડા | ૧૮૧૪૪૮૯ |
| | મેઘરજ | ૨૪૩૯૧૮૨ |
| અરવલ્લી જિલ્લાના કુલ | | ૪૨૫૩૬૭૧ |
| સાબરકાંઠા | | |
| | ખેડબ્રહ્મા | ૯૨૯૬૬૦ |
| | વિજયનગર | ૧૪૬૬૧૭૬ |
| | પ્રાંતિજ | ૨૬૦૪૦૭ |
| સાબરકાંઠા જિલ્લાના કુલ | | ૨૬૫૬૨૪૩ |

---------

સુરત જીલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

* ૭૩૫૧ શ્રી વિનોદભાઇ મોરડીયા (કતારગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સુરત જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સુરત જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૭(સાત) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) તે માટે સુરત જીલ્લામાં કુલ રૂ. ૯૬૫૦.૬૩ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

વડોદરા–આજવા રોડની મજબુતી કરણની કામગીરી

* ૭૬૪૦ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ કિ.મી.૧/૦ થી ૧૬/૪ માં મજબુતીકરણ કામગીરી માટે કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ, અને | (૨) રૂ. ૧૫૦૦ લાખ |
| (૩) આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં |

---------

બનાસકાંઠા જીલ્લામાં આવેલ મુક્તેશ્વર ડેમ

* ૯૮૦૨ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જીલ્લામાં આવેલ મુક્તેશ્વર ડેમનું પાણી તા.૩૧ મી ડીસેમ્બર–૨૦૧૭ ની સ્થિતિએ કયા તાલુકાને આપવામાં આવે છે, | (૧) બનાસકાંઠા જીલ્લાના વડગામ અને મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાને સિંચાઇ માટે તથા વડગામ તાલુકાના ૩ (ત્રણ) ગામોને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે. |
| (૨) આ ડેમ વડગામ તાલુકામાં આવેલ હોવા છતાં તે તાલુકાના એક પણ ગામને પાણી મળતું નથી. તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૨) વડગામ તાલુકાના ૨૦ ગામોની ૩૯૧૪ હેક્ટર જમીનમાં સિંચાઇનો લાભ અને ત્રણ ગામોને પીવાનું પાણી મળે છે. |
| (૩) જો હા, તો તેના શો કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત ફરીયાદના નિકાલ માટે સરકારે શી | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

વ્યવસ્થા કરી છે ?

---------

શિનોર ખાતે તાલુકા સેવા સદન બાંધકામનું આયોજન

* ૭૬૩૭ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ વડોદરા જીલ્લાના શિનોર ખાતે તાલુકા સેવા સદન બાંધવાનું આયોજન કરેલ છે, કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હો, તો આ માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૧૦૧૧.૩૬ લાખ |
| (૩) આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) કામગીરી પ્રગતિમાં |

---------

વલસાડ જિલ્લામા ઉજાલા યોજના

*૭૩૩૮ શ્રી અરવિંદભાઈ પટેલ (ધરમપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં કેટલા એલઈડી ટ્યૂબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૪૭,૧૪૯ એલઈડી ટ્યૂબલાઈટ અને ૨૪,૩૦૬ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલઈડી ટ્યૂબલાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૨૪.૦૯ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજિત ૧૭.૩૯ લાખ યુનિટસની બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ? | (૩) એલઈડી ટ્યૂબલાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂ. ૧.૦૮ કરોડની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂ. ૭૮.૨૬ લાખની બચત થશે. |

---------

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જોઈન્ટ રીપ્લેસમેન્ટના ઓપરેશન

* ૮૯૯૪ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં જોઇન્ટ રીપ્લેસમેન્ટના કેટલા ઓપરેશનો થયા, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે છેલ્લા બે વર્ષમાં ૫૧૮ (પાંચસો અઢાર )જોઈન્ટ રીપ્લેસમેન્ટના ઓપરેશનો થયા છે. |

| | થયેલ ઓપરેશનો |
|---|---|
| વર્ષ–૨૦૧૬ | ૨૫૦ |
| વર્ષ–૨૦૧૭ | ૨૬૮ |
| કુલ | ૫૧૮ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ આ ઓપરેશન માટે કેટલો ચાર્જ વસુલવામાં આવે છે, | (૨) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ દ્વારા કોઈપણ પ્રકારના ઓપરેશન માટે કોઈપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો નથી. જેથી ઓપરેશન માટે ચાર્જ વસુલવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત ઓપરેશનો હોસ્પિટલના ચોપડે નોંધાયા પછી ખાનગી હોસ્પિટલોમાં ઓપરેશનો થાય છે, તે હકીકત સાચી છે, અને | (૩) ના જી. |
| (૪) જો હા, તો તે અન્વયે સરકારે શું પગલા લીધા ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## અતારાંકિત પ્રશ્નો

---------

### સાબરકાંઠા જિલ્લાના જાદર અરોડા એકલારા આરસોડીયા રોડને પહોળો કરવાનું આયોજન

* ૭૩૮૮ શ્રી હિતુ નરેશ કનોડીયા (ઈડર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના જાદર અરોડા એકલારા આરસોડીયા રોડ, કી.મી.૦૦ થી ૧૬/૧૫૦ ને પહોળો કરવાનું આયોજન છે કે કેમ, | (૧) હા જી |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૨૬૦૦ લાખ |
| (૩) સદર કામગીરી કયા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રીયા હેઠળ. |

---------

### ડાકોરથી સેવાલીયા રસ્તાને ચાર માર્ગીય કરવાનું આયોજન

* ૭૩૮૭ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાબાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ડાકોરથી સેવાલીયા રાજ્ય ધોરી માર્ગને ચાર માર્ગીય કરવાનું આયોજન છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૫૭૦૦.૦૦ લાખ. |
| (૩) સદર કામગીરી કયા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયામાં. |

---------

### સરીગામ સરોડા નારગોલ રોડને રીસરફેસ માટે આયોજન

* ૭૩૮૧ શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ વલસાડ જીલ્લાના ઉમરગામ, તાલુકાના સરીગામ સરોડા નારગોલ રોડને રીસરફેસ કરવા માટે રાજ્ય સરકારનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ મંજૂર કરવામાં આવેલ હોય તો કેટલી રકમનું મંજૂર કરવામાં આવ્યું છે, અને | (૨) રૂ. ૨૮૫ લાખ |
| (૩) આ કામ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

### મેશ્વો નદી પર તાજપુર બૃહદ ચેકડેમની કામગીરી

* ૭૪૩૦ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના તાજપુર કેમ્પ ગામ ખાતે મેશ્વો નદી પર બંધાનાર તાજપુર બૃહદ ચેકડેમની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) કામગીરી પ્રગતિમાં. |
| (૨) સદર કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, | (૨) તા. ૧૮/૦૧/૨૦૧૮ ના રોજ પૂર્ણ થયેલ છે. |
| (૩) આ ચેકડેમનો અંદાજીત ખર્ચ કેટલો થવા પામશે, અને | (૩) રૂ. ૪૧૫.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૪) સદર ચેકડેમથી કેટલા વિસ્તારને ભૂગર્ભજળનો લાભ મળે તેમ છે? | (૪) અંદાજીત ૨૪૦ હેક્ટર |

---------

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### પંચમહાલ જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો

* ૭૩૫૮ શ્રી સી.કે.રાઉલજી (ગોધરા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુટીર જ્યોતિ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૪૭૩ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૧૬.૯૪ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

### રાજુલ તાલુકાની ધારતરવડી–૧ સિંચાઈ યોજનાની નહેરો

* ૭૬૪૧ શ્રી ભીખાભાઈ બારૈયા (પાલીતાણા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજુલા તાલુકાની ધારતરવડી–૧ સિંચાઈ યોજનાની નહેરોને અસ્તર કામ કરવાનું કોઈ આયોજન છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયા તબક્કે છે અને આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થશે? | (૨) કામ હાલ ટેન્ડર તબક્કે છે અને આ કામગીરી પાછળ રૂ. ૩૧૩.૭૬ લાખનો ખર્ચ થશે. |

---------

### રાજકોટ જિલ્લાના ઉપલેટા–પાટણવાવ રોડની મજબુતીકરણની કામગીરી

* ૭૪૨૧ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાંથી પસાર થતા ઉપલેટા–પાટણવાવ રોડને મજબુતીકરણ કરવાનું સરકારશ્રીનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલો અંદાજીત ખર્ચ થશે, અને | (૨) રૂ. ૬૫૦ લાખ. |
| (૩) આ કામ કયા તબક્કે છે? | (૩) પ્રગતિમાં. |

---------

### ખેડા અને આણંદ જિલ્લામાં પંડિત દિન દયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના

* ૯૦૩૪ શ્રી કાંતિભાઈ પરમાર (ઠાસરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સને ૨૦૧૬–૧૭માં પંડિત દીન દયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના અંતર્ગત ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગ્રાન્ટ ક્યારે ફાળવી, અને | (૧) તા.૦૧/૧૨/૨૦૧૬ના રોજ ખેડા જિલ્લા માટે રૂ.૫.૩૮ કરોડ અને આણંદ જિલ્લા માટે રૂ.૪.૮૯ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલી રકમનો ખર્ચ થયો ? | (૨) ખેડા જિલ્લામાં અને આણંદ જિલ્લામાં પૂરેપૂરી રકમનો ખર્ચ થયેલ છે. |

---------

### આણંદ અને બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની કેનાલોમાં ગાબડા/ભંગાણ

* ૯૦૩૯ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની કેનાલોમાં કેટલીવાર ગાબડાઓ/ભંગાણ થયું, અને

(૧)

| જિલ્લો | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ | કુલ |
|---|---|---|---|
| આણંદ | ૦ | ૦ | ૦ |
| બનાસકાંઠા | ૭૦ | ૧૮ | ૮૮ |

(૨) તે અન્વયે નબળી કામગીરીને ધ્યાને લઈ જવાબદાર કોન્ટ્રાક્ટરો સામે સરકારે શા પગલા લીધા?

(૨) ભંગાણના વિવિધ કારણો છે જેમાંથી ઈજારદાર જવાબદાર હોય તેવા ૮ કિસ્સામાં તેઓના ઓપરેશન અને મેન્ટેનન્સની ખામીના કારણે ભંગાણ થયેલ છે જે અન્વયે તેઓના ખર્ચે રીપેરીંગની કામગીરી કરાવવામાં આવેલ છે.

---------

વાગરા તાલુકાના નાહીયેર–બુવા–કેરવાડા રોડની મજબુતીકરણની કામગીરી

*૭૩૭૪ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ વાગરા તાલુકાના નાહીયેર–બુવા–કેરવાડા રોડ કિ.મી. ૭/૦ થી ૧૪/૪૦૦ માં મજબુતીકરણ માટે કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ પાછળ કેટલો ખર્ચ થશે, અને | (૨) રૂ. ૩૨૦ લાખ. |
| (૩) આ કામગીરી કયા તબક્કે છે? | (૩) પ્રગતિમાં. |

---------

રાજ્યમાં કાર્યરત સરકારી ડેન્ટલ કોલેજો.

* ૭૬૨૧ શ્રી સુરેશભાઈ પટેલ (મણીનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં હાલમાં કેટલી સરકારી ડેન્ટલ કોલેજો કાર્યરત છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં હાલમાં બે સરકારી ડેન્ટલ કોલેજો તેમજ એક ગુજરાત ડેન્ટલ હેલ્થ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત એમ–ત્રણ ડેન્ટલ કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી ડેન્ટલ કોલેજોની મંજુરી આપવામાં આવી, અને | (૨) શૂન્ય. |
| (૩) સરકારી ડેન્ટલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો? | (૩) શૂન્ય. |

---------

બનાસકાંઠા જિલ્લામાં ચેકડેમો ડીસીલ્ટીંગની કામગીરી

* ૭૧૪૨ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સન ૨૦૧૬ તથા ૨૦૧૭ દરમ્યાન બનાસકાંઠા જીલ્લામાં તાલુકાદીઠ કયા ચેકડેમોમાં ડીસીલ્ટીંગની કામગીરી કરવામાં આવી,

જવાબ

(૧)

| અ.નં. | તાલુકો | ગામ | ચેકડેમની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | ૨૦૧૬ | ૨૦૧૭ |
| ૧ | વાવ | દૈયપ | ૦ | ૯ |
| ૨ | વાવ | કુંડાલીયા | ૦ | ૫ |
| ૩ | વાવ | જોરડીયાળી | ૦ | ૩ |
| ૪ | સુઈગામ | કટાવ | ૦ | ૧ |
| ૫ | સુઈગામ | ગરામડી | ૦ | ૧ |
| ૬ | સુઈગામ | ડુંગળા | ૦ | ૨ |
| ૭ | સુઈગામ | દુધવા | ૦ | ૪ |
| ૮ | ધાનેરા | આલવાડા | ૦ | ૬ |
| ૯ | ધાનેરા | ખાંગણ | ૦ | ૬ |
| ૧૦ | ધાનેરા | ભાટરામ | ૦ | ૬ |
| ૧૧ | ધાનેરા | શીયા | ૦ | ૩ |
| ૧૨ | ધાનેરા | સોડાલ | ૦ | ૬ |
| ૧૩ | થરાદ | લોઢનોર | ૦ | ૭ |
| ૧૪ | થરાદ | પાવડાસણ | ૦ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | થરાદ | સીઘોતરા | ૦ | ૧ |
| ૧૬ | દિયોદર | લુદ્રા | ૦ | ૭ |
| ૧૭ | દિયોદર | ઓગડપુરા | ૦ | ૪ |
| ૧૮ | દિયોદર | ભડકાસર | ૦ | ૪ |
| ૧૯ | દિયોદર | વખા | ૦ | ૨ |
| ૨૦ | ડીસા | ઘાનપુરા | ૦ | ૨ |
| ૨૧ | ડીસા | મહાદેવીયા | ૦ | ૨ |
| ૨૨ | ડીસા | આગડોલ | ૦ | ૨ |
| ૨૩ | ડીસા | કાંઠા | ૦ | ૨ |
| ૨૪ | ડીસા | મેડા | ૦ | ૩ |
| ૨૫ | ડીસા | વાસણા (જુના ડીસા) | ૦ | ૫ |
| ૨૬ | ડીસા | દશાનાવાસ | ૦ | ૨ |
| ૨૭ | ડીસા | લુણપુર | ૦ | ૩ |
| ૨૮ | ડીસા | ઘાડા | ૦ | ૨ |
| ૨૯ | કાંકરેજ | ફતેગઢ | ૦ | ૨ |
| ૩૦ | કાંકરેજ | વરસડા | ૦ | ૧ |
| ૩૧ | કાંકરેજ | કંબોઈ | ૦ | ૩ |
| ૩૨ | કાંકરેજ | દેવપુરા | ૦ | ૪ |
| ૩૩ | કાંકરેજ | પાદરડી | ૦ | ૧ |
| ૩૪ | કાંકરેજ | અમરપુરા | ૦ | ૧ |
| ૩૫ | કાંકરેજ | આનંદપુરા | ૦ | ૨ |
| ૩૬ | કાંકરેજ | દેવપુરા | ૦ | ૧ |
| ૩૭ | ભાભર | મીઠા | ૦ | ૮ |
| ૩૮ | ભાભર | ઉંડાઈ | ૦ | ૪ |
| ૩૯ | ભાભર | ચીચોદરા | ૦ | ૨ |
| ૪૦ | લાખણી | ડેરા | ૦ | ૧ |
| ૪૧ | પાલનપુર | આકેસણ | ૦ | ૧ |
| ૪૨ | પાલનપુર | સાસમ | ૦ | ૩ |
| ૪૩ | પાલનપુર | ધાણધા | ૦ | ૩ |
| ૪૪ | પાલનપુર | ગાદલવાડા | ૦ | ૧ |
| ૪૫ | પાલનપુર | કુમ્ભલ્મેર | ૦ | ૬ |
| ૪૬ | પાલનપુર | સલ્લા | ૦ | ૧ |
| ૪૭ | પાલનપુર | ગઢ | ૦ | ૪ |
| ૪૮ | પાલનપુર | ટાકરવાડા | ૦ | ૧ |
| ૪૯ | પાલનપુર | મેરવાડા(મ.) | ૦ | ૭ |
| ૫૦ | પાલનપુર | ભાટવડી(આં.) | ૦ | ૨ |
| ૫૧ | પાલનપુર | કુભાસણ | ૦ | ૧ |
| ૫૨ | પાલનપુર | હાથીદરા | ૦ | ૧ |
| ૫૩ | પાલનપુર | પટોસણ | ૦ | ૩ |
| ૫૪ | અમીરગઢ | ઘોડા | ૦ | ૯ |
| ૫૫ | અમીરગઢ | સરોત્રી | ૦ | ૨ |
| ૫૬ | અમીરગઢ | ધનપુરા(વિ.) | ૦ | ૫ |
| ૫૭ | અમીરગઢ | વિરમપુર | ૦ | ૪ |
| ૫૮ | અમીરગઢ | ગાંજી | ૦ | ૮ |
| ૫૯ | અમીરગઢ | ખેમરાજિયા | ૦ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૦ | અમીરગઢ | ઉપલાઘોડા | ૦ | ૪ |
| ૬૧ | અમીરગઢ | કપાસિયા | ૦ | ૩ |
| ૬૨ | અમીરગઢ | ખાપરા | ૦ | ૭ |
| ૬૩ | અમીરગઢ | નીચાલોબંધ | ૦ | ૫ |
| ૬૪ | અમીરગઢ | ગવરા | ૦ | ૩ |
| ૬૫ | અમીરગઢ | ટાઢોડી | ૦ | ૪ |
| ૬૬ | અમીરગઢ | વગદડી | ૦ | ૧૬ |
| ૬૭ | અમીરગઢ | પેડચોલી | ૦ | ૩ |
| ૬૮ | અમીરગઢ | નીચલાઘોડા | ૦ | ૫ |
| ૬૯ | અમીરગઢ | ધનપુરા | ૧ | ૦ |
| ૭૦ | વડગામ | જલોત્રા | ૦ | ૨ |
| ૭૧ | વડગામ | કોટડી | ૦ | ૨ |
| ૭૨ | વડગામ | ઘારેવાડા | ૦ | ૨ |
| ૭૩ | વડગામ | બાવાલચુડી | ૦ | ૨ |
| ૭૪ | વડગામ | છાપી | ૦ | ૨ |
| ૭૫ | દાંતા | ઘરેડા | ૦ | ૧ |
| ૭૬ | દાંતા | કુવારશી | ૦ | ૧ |
| ૭૭ | દાંતા | બેડા | ૦ | ૧ |
| ૭૮ | દાંતા | ભાદ્રમાળ | ૦ | ૧ |
| ૭૯ | દાંતા | કાનગર | ૦ | ૧ |
| ૮૦ | દાંતા | પાતળીયા | ૦ | ૧ |
| ૮૧ | દાંતા | જીતપુર | ૦ | ૨ |
| ૮૨ | દાંતા | મોરડુંગરા | ૦ | ૨ |
| ૮૩ | દાંતા | પીપલાવાળીવાવ | ૦ | ૨ |
| ૮૪ | દાંતા | ટોડાબાવા | ૦ | ૧ |
| ૮૫ | દાંતા | વેકરી | ૦ | ૨ |
| ૮૬ | દાંતા | બોર્ડીયાળી | ૦ | ૧ |
| ૮૭ | દાંતા | વાઘડાચા | ૦ | ૨ |
| ૮૮ | દાંતીવાડા | ગાગુદરા | ૦ | ૧ |
| ૮૯ | દાંતીવાડા | ઓઢવા | ૦ | ૧ |
| ૯૦ | દાંતીવાડા | ગોઢ | ૦ | ૧ |
| ૯૧ | દાંતીવાડા | રાજકોટ | ૦ | ૨ |
| ૯૨ | દાંતીવાડા | ગાગુવાડા | ૦ | ૨ |
| ૯૩ | દાંતીવાડા | ભાડલીકાંઠા | ૦ | ૨ |
| ૯૪ | દાંતીવાડા | સાતસણ | ૦ | ૩ |
| ૯૫ | દાંતીવાડા | દાંતીવાડા | ૦ | ૧ |
| ૯૬ | દાંતીવાડા | હરીયાવાડા | ૦ | ૨ |
| | | કુલ | ૧ | ૨૯૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ડીસીલ્ટીંગને પાત્ર, તાલુકાદીઠ કયા ચેકડેમોની કામગીરી કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કામગીરી બાકી રહેતી નથી.

(૩) એવી કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરાશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

આણંદ અને વડોદરા જિલ્લામાં આવેલ વિવિધ સરકારી દવાખાનાનું મંજુર મહેકમ

* ૯૮૫૨ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો, અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની કેન્દ્રવાર અને જિલ્લાવાર મહેકમની વિગતો અનુક્રમે સામેલ *પત્રક-૧, *પત્રક-૨, *પત્રક-૩, *પત્રક-૪, *પત્રક-૫, *પત્રક-૬, *પત્રક-૭, *પત્રક-૮ અને *પત્રક-૯ મુજબની છે. તથા સંવર્ગવાર મંજૂર, ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો સામેલ *પત્રક મુજબની છે.

(૩) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

### રાજકોટ જિલ્લાના થતારામપર-સરપદડ-ખીરસરા રોડને પહોળો કરવાનું આયોજન

* ૭૪૨૩ શ્રી લાખાભાઈ સાગઠીયા (રાજકોટ-ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાંથી પસાર થતા રામપર-સરપદડ-ખીરસરા રોડને પહોળો કરવાનું સરકારશ્રીનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલો અંદાજીત ખર્ચ થશે, અને

(૩) આ કામ ક્યા તબક્કે છે ?

જવાબ

(૧), (૨) અને (૩) ઉકત સ્થિતિએ આ રસ્તાની ૨૫.૮ કિ.મી. લંબાઈ પૈકી બાકી રહેતી ૧૫.૩૦ કિ.મી. લંબાઈમાં હયાત ૩.૬૬ મી.પહોળા રસ્તાને ૭.૦૦ મી. પહોળો કરવાનું કામ રૂ.૭૯૯૦ લાખની અંદાજીત રકમથી પ્રગતિમાં છે.

---------

### દાહોદ જિલ્લામાં ડેન્ગ્યુ અને સ્વાઈનફ્લુના દર્દીઓ

* ૭૧૭૧ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર ડેન્ગ્યુ અને સ્વાઈનફ્લુના કેટલા દર્દીઓ નોંધાયા,

(૨) તે પૈકી કેટલા દર્દીઓના અવસાન થયા, અને

(૩) ઉકત રોગોને કાયમી ધોરણે ડામવા માટે લેવાયેલ પગલાંની વિગતો શી છે ?

જવાબ

(૧)

| તાલુકો | ડેન્ગ્યુના કેસો | સ્વાઈનફ્લુના કેસો |
|---|---|---|
| દાહોદ | ૪૭ | ૪૪ |
| દેવગઢ બારિયા | ૦૧ | ૦૨ |
| ધાનપુર | ૦૦ | ૦૧ |
| ફતેપુરા | ૦૩ | ૦૨ |
| ગરબાડા | ૦૧ | ૦૪ |
| ઝાલોદ | ૧૮ | ૦૮ |
| લીમખેડા | ૦૩ | ૦૩ |
| સંજેલી | ૦૧ | ૦૧ |
| કુલ | ૭૪ | ૬૫ |

(૨) સ્વાઈનફ્લુ રોગથી કુલ-૮ ના અવસાન થયેલ છે.

(૩) ઉકત રોગોને કાયમી ધોરણે ડામવા માટે નીચે મુજબ પગલાંઓ લેવામાં આવેલ છે.

ડેન્ગ્યુઃ-

- જિલ્લામાં તમામ ગામોમાં ઘનિષ્ઠ સર્વેલન્સ કરવામાં આવે છે. તથા ઘરે ઘરના સર્વેલન્સ દરમ્યાન ડેન્ગ્યુ રોગોનો ફેલાવો કરતા મચ્છરના પોરાની તપાસ કરી

પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવે છે.
- અસરગ્રસ્ત વિસ્તારોમાં ફોગીંગ કરવામાં આવે છે.
- ટેમીફોસ એપ્લીકેશન અને ગપ્પી ફીશ મુકવાની કામગીરી વેકટર કંટ્રોલ ટીમો રોકીને કરવામાં આવેલ છે.
- ફીલ્ડ કક્ષાએ આરોગ્ય કર્મચારીઓ દ્વારા સઘન આઈ.ઈ.સી. પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે.

સ્વાઈન ફલુઃ–
- સઘન પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવેલ છે. આરોગ્ય કર્મચારીઓની ટીમો દ્વારા ત્રણ રાઉન્ડમાં ઘરે ઘરનું સર્વે કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- જિલ્લાકક્ષાએ તેમજ તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલો ખાતે ટેમીફ્લુ દવાનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.
- સીવીલ હોસ્પિટલ દાહોદ મુકામે સ્વાઈન ફ્લુ સારવાર અર્થે અલાયદા આઈસોલેશન વોર્ડની રચના કરવામાં આવેલ છે તેમજ પુરતી માત્રામાં વેન્ટીલેટર ઉપલબ્ધ કરેલ છે.

---------

## વલસાડ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

* ૭૩૪૯ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૬ (છ) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) તે માટે વલસાડ જીલ્લામાં કુલ રૂ.૫૦૦૭.૭૯ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

## અમદાવાદ જિલ્લામાં ઉંડા ઉતારેલ તળાવો

* ૭૪૩૮ શ્રી કનુભાઈ પટેલ (સાણંદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમા કેટલા તળાવો ઉંડા ઉતારવામાં આવ્યા, | (૧) ૫૮ તળાવો. |
| (૨) ઉકત સ્થિતિએ આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂ.૩૩૧.૦૫ લાખ. |
| (૩) આ કામગીરીથી કેટલા વિસ્તારને લાભ થશે ? | (૩) ૨૫૦૮ હેકટર. |

---------

## આણંદ અને ભરૂચ જિલ્લામાં દરિયાઈ ક્ષારને અટકાવવા લીધેલ પગલાં

* ૯૦૪૩ શ્રી કાંતિભાઈ સોઢાપરમાર (આણંદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને ભરૂચ જિલ્લામાં દરિયાકાંઠાને અડીને આવેલા વિસ્તારમાં ક્ષાર અટકાવવા છેલ્લા બે વર્ષમાં શા પગલાંઓ સરકારે લીધા, | (૧) ભરૂચ જિલ્લાની સમસ્યા માટે ભાડભૂત બેરેજ માટે ટેન્ડર સ્ટેજ સુધીની કામગીરી કરવામાં આવેલ છે. ખંભાત વિસ્તારના લુણેજ અને નવી આખોલ ગામ વચ્ચેના સૂચિત ચેકડેમ અંગેના તાંત્રિક અભ્યાસો પ્રગતિમાં છે. |
| (૨) ઉકત વર્ષવાર, જિલ્લાવાર કેટલી રકમ | (૨) ભાડભૂત બેરેજ માટે રૂ.૧૧૦ કરોડનું બજેટ વર્ષ |

ફાળવવામાં આવી, અને

(૩) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો રકમ પૂરી વપરાઈ ન હોય તો તેના કારણો શાં છે ?

૨૦૧૮–૧૯ માટે ફાળવવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વેરાવળ, સુત્રાપાડા અને તલાળા તાલુકામાં જુથ પાણી પુરવઠા યોજના

* ૭૪૦૭ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાણી પુરવઠા વિભાગ દ્વારા વેરાવળ, સુત્રાપાડા, તલાળા તાલુકાના ગામોને પીવાના પાણી માટે બલ્ક પાઈપ લાઈન આધારિત પ્રાસલી હેડવર્કસ થી જુથ પાણી પુરવઠા યોજનાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ આ યોજનામાં કેટલા ગામોને કેટલું પાણી આપવાનું આયોજન છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાણી પુરવઠા વિભાગ દ્વારા વેરાવળ, સુત્રાપાડા અને તલાળા તાલુકાના ગામોને પીવાના પાણી માટે બલ્ક પાઈપ લાઈન આધારીત પ્રાસલી હેડવર્કસથી પ્રાચી જૂથ પાણી પુરવઠા યોજનાનું આયોજન છે.

(૨) ઉકત સ્થિતિએ આ યોજનામાં ૭૭ ગામોને ૧૭.૧૪ એમ.એલ.ડી. પાણી આપવાનું આયોજન છે.

| અ.નં. | તાલુકાનું નામ | ગામોની સંખ્યા | પાણી આપવાનું આયોજન (એમ.એલ.ડી.) |
|---|---|---|---|
| ૧ | વેરાવળ | ૧૫ | ૩.૨૭ |
| ૨ | સુત્રાપાડા | ૨૧ | ૩.૮૦ |
| ૩ | તલાળા | ૪૧ | ૧૦.૦૭ |
| | કુલ | ૭૭ | ૧૭.૧૪ |

---------

સોળસુંબા ભાઠી કરમબેલી રસ્તાના રીસરફેસની મંજૂરી

* ૭૩૮૦ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ઉમરગામ તાલુકાના સોળસુંબા ટેંભી ગંગાદેવી રોડ થી રેલ્વે ગેટ નં.૬૭ પાસેથી ભાઠી કરમબેલી ગામને જોડતા રસ્તાના રીસરફેસનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ કેટલી રકમનું મંજૂર થયેલ છે, અને

(૩) આ કામ ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ.૨૦૦.૦૦ લાખ.

(૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

---------

સૌની યોજના માટે કેન્દ્ર સરકારે ફાળવેલ ફંડ

* ૯૦૫૯ શ્રી હર્ષદકુમાર રીબડીયા (વિસાવદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સૌની યોજના માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમનું ફંડ આપવા, ક્યારે માંગણી કરી હતી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે કેટલી રકમ ક્યારે ફંડ પેટે ફાળવી ?

જવાબ

(૧) * રૂ. ૩૨૦૦ કરોડ
* તા. ૨૩/૧૦/૨૦૧૬.

(૨) હજુ દરખાસ્ત ચકાસણી હેઠળ હોઇ ફંડ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

---------

રાજ્યમાં આવેલ વીજ મથકોમાં થયેલ વીજ ઉત્પાદન

* ૮૫૪૫ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યના સરકારી અને ખાનગી વીજ

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જી.યુ.વી.એન.એલ. દ્વારા કરાર હેઠળ ના સરકારી અને ખાનગી

મથકોમાં કેટલુ વીજ ઉત્પાદન થયું,

વીજ મથકોમાંથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદન ની માહિતી નીચે મુજબ છેઃ

| અનું. | સેક્ટર | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ (પ્રોવિઝનલ) |
|---|---|---|---|
| | | મિલિયન યુનિટસ | |
| (અ) | સરકાર હસ્તકના વીજ મથકો (રાજ્ય સરકાર હસ્તક અને કેન્દ્ર સરકાર હસ્તકના વીજ મથકોમાંથી મેળવાયેલ ઉત્પાદન) | ૪૨૯૪૮ | ૪૭૪૫૬ |
| (બ) | ખાનગી વીજ કંપનીઓ | ૩૧૮૦૫ | ૨૭૮૮૪ |
| (ક) | બિન પરંપરાગત સ્ત્રોત | ૫૯૯૫ | ૭૯૭૫ |
| (ડ) | પાવર એક્ષ્ચેન્જ અને | ૨૯૩ | ૩૨૫૫ |

(૨) તે અન્વયે કૃષિ, ઉદ્યોગ અને ઘરવપરાશ માટે વર્ષવાર કેટલી વીજળી પૂરી પાડવામાં આવી, અને

(૨) તે અન્વયે કૃષિ, ઉદ્યોગ અને ઘરવપરાશ માટે પૂરી પાડવામાં આવેલ વીજળી ની વર્ષવાર વિગત નીચે મુજબ છેઃ

(મિલિયન યુનિટસ)

| કેટેગરી | ૨૦૧૬ | ૨૦૧૭ |
|---|---|---|
| ઘરવપરાશ, વાણિજ્યિક અને અન્ય (કૃષિ વિષયક સિવાય)– કોમન ફીડર્સ હોવાથી | ૨૬૨૨૬ | ૨૭૫૭૧ |
| કૃષિ વિષયક (પૂર્ણતઃ) | ૨૧૮૪૦ | ૨૨૪૨૭ |
| ઔદ્યોગિક (પૂર્ણતઃ) | ૩૪૬૭૧ | ૩૭૧૭૦ |

* ઉપરોક્ત વિગત વિજ વીતરણ કંપનીઓના ફિડર લેવલ પરની છે જેનાં પર ટી એન્ડ ડી લોસીસ લાગુ પડે છે. ઔદ્યોગિક ફીડરમાં અન્ય સ્ત્રોત એટલે કે ઓપન એક્ષેસ, કેપ્ટીવ થકી મેળવવામાં આવેલ વીજળી નો સમાવેશ થાય છે.

(૩) તે પૈકી ઉદ્યોગો માટે વર્ષવાર કેટલી વીજળી સરકારી વીજ મથકોએથી પૂરી પાડવામાં આવી ?

(૩) ઉલ્લેખનીય છે કે તમામ વીજ સ્ત્રોતમાંથી મેળવાયેલ ઉત્પાદિત વીજળી ગ્રીડ માં સપ્લાય થાય છે અને પુલમાં એકત્રિત થયા બાદ પરિવહન માળખામાંથી ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે છે, આમ વિવિધ સ્ત્રોતથી મેળવાયેલ વીજળી કોઈ ચોક્કસ સેક્ટર ને ફાળવવામાં આવતી નથી અને ગ્રાહકને કયા વીજ મથકમાંથી કેટલી વીજળી પૂરી પાડવામાં આવી તે નિર્ધારીત થતું નથી.

---------

બનાસકાંઠા જિલ્લામાં ચેકડેમ રીપેરીંગની કામગીરી

* ૭૪૪૦ શ્રી કિર્તિસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા ચેકડેમ રીપેરીંગ કરવામાં આવ્યા, અને

(૨) તેનો ખર્ચ કેટલો થયો?

જવાબ

(૧) ૪૯ ચેકડેમ

(૨) રૂ. ૧૨૮.૮૧ લાખ

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### અમદાવાદ જિલ્લામાં "મા" અને "મા વાત્સલ્ય" યોજના

* ૭૬૫૫ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે,

(૨) ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવા માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, અને

(૩) ઉક્ત મંજુર દાવા પૈકી હૃદય, કેન્સર અને કિડનીના રોગોમાં કેટલા દાવા મંજુર કરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|---|
| ૨૦૧૬ | ૪,૦૩૨ | ૨૧,૬૪૬ |
| ૨૦૧૭ | ૪,૬૫૨ | ૩૯,૨૦૦ |
| કુલ | ૮,૬૮૪ | ૬૦,૮૪૬ |

(૨)

| વર્ષ | ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|---|
| ૨૦૧૬ | ૬,૯૧,૬૫,૫૭૦ | ૯,૬૬,૨૧,૦૫૫ |
| ૨૦૧૭ | ૩૪,૨૩,૮૪,૪૧૭ | ૬૪,૬૦,૨૬,૭૭૨ |
| કુલ | ૪૧,૧૫,૪૯,૯૮૭ | ૭૪,૨૬,૪૭,૮૨૭ |

(૩)

| "મા" યોજના | | | |
|---|---|---|---|
| વર્ષ | હૃદય | કેન્સર | કિડની |
| ૨૦૧૬ | ૧,૩૯૧ | ૧,૭૩૬ | ૮૪૬ |
| ૨૦૧૭ | ૧,૩૫૨ | ૧,૫૦૯ | ૧,૭૩૧ |
| કુલ | ૨,૭૪૩ | ૩,૨૪૫ | ૨,૫૭૭ |
| "મા વાત્સલ્ય" યોજના | | | |
| વર્ષ | હૃદય | કેન્સર | કિડની |
| ૨૦૧૬ | ૫,૧૬૭ | ૭,૯૪૮ | ૮,૨૮૯ |
| ૨૦૧૭ | ૬,૭૧૩ | ૯,૯૧૪ | ૨૨,૨૫૫ |
| કુલ | ૧૧,૮૮૦ | ૧૭,૮૬૨ | ૩૦,૫૪૪ |

---------

### રાણપુર, બરવાળા અને ધોલેરા તાલુકામાં સરકારી વિશ્રામગૃહની સ્થિતિ

* ૭૧૬૩ શ્રી રાજેશભાઈ ગોહિલ (ધંધુકા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના રાણપુર, બરવાળા અને ધોલેરા તાલુકામાં સરકારી વિશ્રામગૃહ છે કે કેમ?

(૨) જો ના, તો આ તાલુકાઓને નવીન વિશ્રામગૃહ ક્યારે ફાળવવામાં આવશે?

**જવાબ**

(૧) ના,જી

(૨) કામની જરૂરીયાત, નાણાકીય ઉપલબ્ધતા, કામોનો આંતરીક અગ્રતા ક્રમ ધ્યાને લઈ ભવિષ્યમાં વિચારવામાં આવશે.

---------

### રાજ્યમાં જી.એસ.ટીનો અમલ

* ૯૦૬૫ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જી.એસ.ટી.ના અમલ પછી રાજ્ય સરકારની આવકમાં ઘટાડો થયો છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જી.એસ.ટી.ના અમલ પછી રાજ્ય સરકારની આવકમાં ઘટાડો થયેલ નથી.

(૧) તા.૦૧/૦૭/૨૦૧૬ થી તા. ૩૧/૦૧/૨૦૧૭ સુધી જી.એસ.ટી. અમલ થયા પહેલાના સમયની આવક રૂ. ૨૮૨૪૬.૭૧ કરોડ

(૨) તા.૦૧/૦૭/૨૦૧૭ થી તા. ૩૧/૧/૨૦૧૮

સુધી જી.એસ.ટી. અમલમાં આવ્યા પછીની આવક રૂ. ૩૦૮૯૪.૯૨ કરોડ

(૨) જો હા, તો આવકમાં કેટલી રકમનો ઘટાડો થયો, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત ઘટાડા પેટે કેન્દ્ર સરકારે કેટલી રકમ ક્યારે ચુકવી ?

(૩) જી.એસ.ટી.ના અમલ પછી તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ગયા વર્ષની સરખામણીએ ચાલુ વર્ષની આવકમાં કોઇ ઘટાડો થયેલ નથી. પરંતુ પાયાનું વર્ષ ૨૦૧૫-૧૬માં દર વર્ષે ૧૪% લેખે ગ્રોથ ઉમેરી નક્કી કરેલ રકમ કરતા જી.એસ.ટી.ની નેટ આવક ઓછી થાય તો ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (રાજ્યને વળતર) કાયદા-૨૦૧૭ ની કલમ-૫ મુજબ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને વળતર ચુકવવાનું થાય છે જે જે અન્વયે જાન્યુ.-૨૦૧૮ સુધી કુલ રકમ રૂ.૨૫૩૪.૦૦ કરોડ વળતર મળેલ છે.

| મંજુર થયેલ વળતર | |
|---|---|
| માસ | (રકમ રૂ. કરોડમાં) |
| સપ્ટેમ્બર ૨૦૧૭ | ૧૪૦૨.૦૦(જુલાઈ/ઓગસ્ટ પેટે ) |
| નવેમ્બર ૨૦૧૭ | ૮૮૦.૦૦(સપ્ટેમ્બર/ઓક્ટોબર પેટે) |
| જાન્યુઆરી ૨૦૧૮ | ૨૫૨.૦૦(નવેમ્બર/ડીસેમ્બર પેટે) |
| કુલ | ૨૫૩૪.૦૦ |

---------

### અબડાસા અને લખપત તાલુકાના જુના પાઈપલાઈન માળખાને બદલવાની યોજના.

* ૭૪૧૮ માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકાના જુના પાઈપલાઈનના માળખાને બદલવાની કોઇ યોજના મંજુર થયેલ છે, તે હકીકત સાચી છે, અને

(૧) હા,જી.

(૨) જો હા, તો યોજનાની ઉક્ત સ્થિતિએ પરિસ્થિતિ શું છે ?

(૨) અબડાસા તાલુકાના કુલ ૭ પેકેજ પૈકી
- પેકેજ-૧, પેકેજ-૨ અને પેકેજ-૭ ના કામો પૂર્ણ
- પેકેજ-૩ અને પેકેજ-૬ ના કામો પ્રગતિમાં
- પેકેજ-૪ અને પેકેજ-૫ ના કામોમા ટેન્ડર મંજુરીની પ્રક્રીયા હેઠળ છે.

લખપત તાલુકાના કુલ ૮ પેકેજ પૈકી
- પેકેજ-૧, પેકેજ-૨, પેકેજ-૩, પેકેજ-૪, પેકેજ-૫, અને પેકેજ-૮ ના કામો પૂર્ણ
- પેકેજ-૬ ના કામો પ્રગતિમાં
- પેકેજ-૭ ના કામના ટેન્ડર મંજુરીની પ્રક્રીયા હેઠળ છે.

---------

### શિનોર ખાતે તાલુકા સેવા સદન બાંધકામનું આયોજન

* ૭૬૩૮ શ્રીમતી મનિષા વકીલ (વડોદરા શહેર) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ વડોદરા જીલ્લાના શિનોર ખાતે તાલુકા સેવા સદન બાંધવાનું

(૧) હા, જી

આયોજન છે, કે કેમ,

(૨) જો હા, તો તે માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને — (૨) રૂ.૧૦૧૧.૩૬ લાખ

(૩) આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? — (૩) કામગીરી પ્રગતિમાં

---------

શેઢી શાખા નહેર આધુનિકીકરણનું આયોજન

* ૭૪૩૨ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ખેડા જીલ્લામાં પસાર થતી શેઢી શાખા નહેરના આધુનિકીકરણનું આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે, કે કેમ | (૧) હા જી |
| (૨) જો હા, તો તે કયા તબક્કામાં છે અને તેનો અંદાજીત ખર્ચ શું છે, અને | (૨) વર્કઓર્ડર તબક્કે<br>રૂ. ૧૪૫.૭૧ કરોડ |
| (૩) આ કામગીરી ક્યારે પૂર્ણ થશે ? | (૩) વર્ક ઓર્ડર તારીખથી ૧૧ માસમાં. |

---------

રાજ્યમાં કાર્યરત સરકારી ડેન્ટલ કોલેજો

* ૭૫૯૭ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં હાલમાં કેટલી સરકારી ડેન્ટલ કોલેજો કાર્યરત છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં બે સરકારી ડેન્ટલ કોલેજો તેમજ એક ગુજરાત ડેન્ટલ હેલ્થ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત- એમ કુલ ત્રણ ડેન્ટલ કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી ડેન્ટલ કોલેજોની મંજુરી આપવામાં આવી, અને | (૨) શુન્ય |
| (૩) સરકારી ડેન્ટલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો? | (૩) શુન્ય |

---------

રાજ્યમાં માનસિક આરોગ્યની સેવાઓ

* ૭૬૫૧ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની માનસિક આરોગ્યની સેવાઓને વધુ સંગીન બનાવવા સરકારે આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી – વધુ ૨ હોસ્પિટલનું આયોજન છે. |
| (૨) જો હા, તો કરેલ આયોજનની વિગતો શી છે ? | (૨) |

| વર્ષ | શહેર |
|---|---|
| ૨૦૧૮-૧૯ | મહેસાણા |
| ૨૦૧૯-૨૦ | ભાવનગર |

---------

ગઢડા તાલુકામાં આવેલ લીંબાળી ડેમ

* ૭૧૭૫ શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ બોટાદ જિલ્લાના ગઢડા તાલુકામાં આવેલ લીંબાળી ડેમ તૂટી ગયેલ હાલતમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી વર્ષ ૨૦૦૫ માં નુકશાન થયેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત ડેમ કેટલા સમયથી તૂટેલી હાલતમાં છે, અને | (૨) વર્ષ ૨૦૦૫ માં નુકશાન થયેલ છે. |

(૩) ઉક્ત ડેમનું કેટલા ખર્ચે અને કેટલા સમયમાં કામ પૂર્ણ કરવામાં આવશે ?

(૩) ઉક્ત ડેમના પુનઃસ્થાપનનું કામ રૂ. ૧૬.૪૭ કરોડના ખર્ચે વર્ષ ૨૦૨૦ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

---------

પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને હાઈટેન્શન વીજ લાઈનનું ભાડુ

* ૭૧૬૬ શ્રી અલ્પેશ ઠાકોર (રાધનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ હાઈટેન્શન વીજળી લાઈન પસાર થતી હોય એવા ખેડૂતોને જમીનના વાર્ષિક ભાડાનો લાભ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ પાટણ અને બનાસકાંઠા જિલ્લાના કેટલા ખેડૂતોને છેલ્લા બે વર્ષમાં લાભ આપવામાં આવ્યો ?

જવાબ

(૧) ના.જી, આ હકીકત સાચી નથી. પરંતુ, ટ્રાન્સમિશન યુટિલીટીઓ દ્વારા ટ્રાન્સમિશન ટાવર ઉભા કરતી વખતે ખેડૂતો/જમીન માલિકોની જમીન ઉપર ઉભેલા પાક-ઝાડ-ફળાવને થયેલ નુકશાન પેટે, વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ ની જોગવાઈઓને અધીન જરૂરી વળતર ચૂકવવામાં આવે છે. વધુમાં, વળતરના સંદર્ભમાં ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ થયેલ માર્ગદર્શિકામાં સુચવ્યા મુજબ ગુજરાત સરકારે સક્ષમ કક્ષાએ વિચારણા હાથ ધરી, ખેડૂતો/જમીન માલિકોને થતાં પાક-ઝાડ-ફળાવના નુકશાન ઉપરાંત જમીનના મૂલ્યમાં થતાં ઘટાડાના નુકશાન પેટે વળતર ચૂકવવા અંગે તા.૧૪.૮.૨૦૧૭ના રોજ ઠરાવ કરેલ છે અને આવા અસરગ્રસ્ત ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે અગ્રતા આપવા અંગે પણ સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.

(૨)ખેડૂતોને જમીન અંગેનું ભાડું ચૂકવાતું ન હોઈ તે અંગેનો લાભ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ, અસરગ્રસ્ત તમામ ખેડૂતો/જમીન માલિકોને ઉપર્યુક્ત ખંડ-૧ ના જવાબમાં નિર્દેશ કર્યા પ્રમાણે વળતર ચૂકવવામાં આવે છે.

---------

સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા-વસ્તડી રોડની મજબુતીકરણની કામગીરી

* ૭૪૨૦ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાંથી પસાર થતા ચુડા-વસ્તડી રોડને મજબુતીકરણ કરવાનું સરકારશ્રીનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા જી |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલો અંદાજીત ખર્ચ થશે, અને | (૨) રૂ.૩૦૦ લાખ |
| (૩) આ કામ ક્યાં તબક્કે છે ? | (૩) પ્રગતિમાં. |

---------

જામનગરની જી.જી.હોસ્પીટલનું મંજૂર મહેકમ

* ૭૧૪૮ શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળીયા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જામનગરની જી.જી. હોસ્પીટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તબીબી શિક્ષણ પ્રભાગ હેઠળની જી.જી. હોસ્પીટલ, જામનગર ખાતે તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ સંવર્ગવાર મંજુર મહેકમની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજુર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૨ |

| | |
|---|---|
| વર્ગ–૩ વહીવટી | ૪૬ |
| વર્ગ–૩ પેરામેડીકલ | ૯૮ |
| વર્ગ–૩ નર્સીંગ | ૬૨૪ |
| વર્ગ–૪ | ૩૭૮ |
| કુલ | ૧૧૭૩ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે તેની વિગતો નીચે મુજબ છે

| સંવર્ગ | ભરેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૦૦ | ૦૨ |
| વર્ગ–૨ | ૧૪ | ૧૧ |
| વર્ગ–૩ વહીવટી | ૪૬ | ૦૦ |
| વર્ગ–૩ પેરામેડીકલ | ૯૮ | ૦૦ |
| વર્ગ–૩ નર્સીંગ | ૬૨૪ | ૦૦ |
| વર્ગ–૪ | ૩૭૮ | ૦૦ |
| કુલ | ૧૧૬૦ | ૧૩ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

આણંદ જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રનું મંજુર મહેકમ

* ૭૧૬૯ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોની કેન્દ્રવાર અને તાલુકાવાર મહેકમની વિગતો અનુક્રમે સામેલ *પત્રક–૧ અને *પત્રક–૨ મુજબની છે તથા સંવર્ગવાર મંજૂર, અને ખાલી જગ્યાઓની વિગતો સામેલ *પત્રક મુજબની છે.

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા ઉક્ત સ્થિતિએ સરકારે શાં પગલાં લીધા?

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૨ની જગ્યાઓ ભરવા માટે દર અઠવાડિયે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. વર્ગ–૩ અને વર્ગ–૪ સંવર્ગની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઈ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. ડ્રાઈવર વર્ગ–૩ અને વર્ગ–૪ સંવર્ગની ખાલી જગ્યાઓ ઉપર જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૧ અને તબીબી અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ વોક ઈન ઈન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. જેમાં ઉમેદવારો પસંદ થયેથી નિમણૂંક આપી આ જગ્યાઓ ભરવામાં આવે છે. પેરા મેડીકલ સંવર્ગની જગ્યાઓને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવે છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

રાજ્યની સરકારી આયુર્વેદ કોલેજોમાં મંજુર થયેલ બેઠકો

* ૭૬૧૫ શ્રી પ્રદિપભાઈ પરમાર (અસારવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કૂલ કેટલી સરકારી આયુર્વેદ કોલેજો કાર્યરત છે, | (૧) ૦૫ (પાંચ) |
| (૨) તે કોલેજોમાં વર્ષ ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ભારત સરકારશ્રીના આયુષ વિભાગ તરફથી કૂલ કેટલી સ્નાતક કક્ષાની બેઠકો મંજુર કરવામાં આવેલ છે, અને | (૨) કૂલ-૩૦૦ (ત્રણસો) |
| (૩) કઈ કોલેજો ખાતે કેટલી બેઠકો મંજૂર થયેલ છે? | (૩) |

| અ.નં. | કોલેજનું નામ | મંજુર થયેલ બેઠકો |
|---|---|---|
| ૧ | અખંડાનંદ સરકારી આયુર્વેદ કોલેજ, અમદાવાદ | ૬૦ |
| ૨ | સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા | ૬૦ |
| ૩ | સરકારી આયુર્વેદ કોલેજ, ભાવનગર | ૬૦ |
| ૪ | સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ | ૬૦ |
| ૫ | સરકારી આયુર્વેદ કોલેજ, કોલવડા | ૬૦ |

---------

## રાજ્યમાં સીકલસેલ એનીમીયાના દર્દીઓ

* ૭૬૨૨ શ્રી રાકેશભાઈ શાહ (એલિસબ્રીજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સીકલસેલ એનીમીયાને નિયંત્રિત કરવા માટે રાજ્ય સરકારે તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાંઓ લીધાં,

**જવાબ**

(૧) સીકલસેલ એનીમીયાને નિયંત્રિત કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દર માસે નીચે મુજબનાં પગલાં લેવામાં આવેલ છે.

- સીકલસેલ એનીમીયાનાં દર્દીઓને સ્ક્રીનીંગ, નિદાન તેમજ સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે.
- દર્દીને ફોલીક એસીડ, ન્યુમોકોકલ વેક્સીન, હાઈડ્રોક્સીયુરીયા તથા દર્દશામક દવાઓ વિનામૂલ્યે આપી જીવન ધોરણ સુધારવા તથા આરોગ્યપ્રદ જીવન જીવવા માટે કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- દર્દીને સ્ક્રીનીંગ અંગેનું કાર્ડ આપવામાં આવેલ છે. જેનાં આધારે ક્રાઈસીસની પરિસ્થિતિમાં તેઓને જરૂરી નિદાન તથા સારવાર ઝડપથી અને વિનામૂલ્યે મળી રહે.
- દર્દીનાં નિદાન, સારવાર તથા પરામર્શ વિગેરેની માહિતી ધરાવતી નોંધપોથી આપવામાં આવેલ છે. જેથી તેઓની ભૂતકાળની માહિતીનાં આધારે જરૂર જણાયે વધુ અસરકારક સારવાર થઈ શકે.
- આદિજાતિ વિકાસ વિભાગ સીકલસેલનાં આદિજાતિ દર્દીને માસિક રૂ.૫૦૦/- ની સહાય આપવામાં આવે છે.
- દર્દીને અવાર નવાર લોહી ચડાવવાની જરૂરિયાત રહેતી હોઈ બ્લડ ટ્રાન્સફ્યુઝનની સુવિધા તદ્દન

મફત આપવામાં આવેલ છે.

- સમયાંતરે ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ કરવામાં આવેલ છે જેથી સ્થળ પર જરૂરી પરામર્શ, નિદાન તથા સારવાર થઈ શકે.
- આશા બહેનો દ્વારા સીકલસેલના દર્દીને ક્રાઈસીસ વખતે હોસ્પિટલમાં સારવાર માટે તથા ગર્ભવતી માતાઓને પી.એચ.સી. /સી.એચ.સી. પર લઈ જવામાં આવે છે.
- સીકલસેલ રોગ અંગે જનજાગૃતિ લાવવા હેતું વિવિધ માધ્યમથી પ્રચાર-પ્રસાર ની કામગીરી ગ્રામ્ય કક્ષા સુધી હાથ ધરવામાં આવેલ છે.

(૨) આ રોગમાં ક્યાં પ્રકારની તપાસ કરવામાં આવે છે, અને

(૨) આ રોગમાં હિમોગ્લોબીન તથા બ્લડ ગ્રુપની તપાસ કરવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓની ચકાસણી કરવામાં આવેલ છે ?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૩૦,૭૧૫ દર્દીઓની ચકાસણી કરવામાં આવેલ છે.

---------

ડાંગ જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ

* ૭૬૩૨ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ડાંગ જિલ્લામાં દીકરી યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે,

(૨) તે અન્વયે ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલો છે, અને

(૩) આ યોજના માટે ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને કોઈ ફંડ ફાળવવામાં આવે છે કે કેમ ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં દીકરી યોજના હેઠળ ૨૬ લાભાર્થીઓ લાભ લીધેલ છે.

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|
| તા.૧-૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ | ૧,૩૦,૦૦૦/- |
| તા.૧-૧-૧૭ થી ૩૧-૧૨-૧૭ | ૧,૪૦,૦૦૦/-ના ચુકવણા કરવાની કાર્યવાહી પ્રગતીમાં છે. |

(૩) સદર યોજના ગુજરાત સરકારની હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજકોટ સરકારી મેડીકલ કોલેજ અને હોસ્પીટલનું મંજૂર મહેકમ

* ૯૮૬૨ શ્રી કુંવરજીભાઈ બાવળીયા (જસદણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ સરકારી મેડીકલ કોલેજ અને તેને સંલગ્ન હોસ્પીટલોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તબીબી શિક્ષણ પ્રભાગ હેઠળની રાજકોટ સરકારી મેડીકલ કોલેજ અને તેને સંલગ્ન હોસ્પિટલ ખાતે તા. ૩૧-૦૧-૧૮ની સ્થિતિએ એ સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે તેની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજુર જગ્યા | |
|---|---|---|
| | પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ | પી.ડી.યુ હોસ્પિટલ, રાજકોટ |
| વર્ગ-૧ | ૨૧૧ | ૦૨ |
| વર્ગ-૨ | ૭૩ | ૬૩ |

| | | |
|---|---|---|
| વર્ગ–૩ વહીવટી | ૯૬ | ૩૨ |
| વર્ગ–૩ પેરામેડીકલ | ૧૬૪ | ૭૦ |
| વર્ગ–૪ | ૧૨૧ | ૨૫૫ |
| કુલ | ૬૬૫ | ૪૨૨ |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે તેની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગ | પી.ડી.યુ મેડીકલ કોલેજ, રાજકોટ | | પી.ડી.યુ હોસ્પિટલ, રાજકોટ | |
|---|---|---|---|---|
| | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી |
| વર્ગ–૧ | ૧૪૨ | ૬૯ | ૦૧ | ૦૧ |
| વર્ગ–૨ | ૬૪ | ૦૯ | ૩૨ | ૩૧ |
| વર્ગ–૩ વહીવટી | ૪૮ | ૪૮ | ૨૫ | ૦૭ |
| વર્ગ–૩ પેરામેડીકલ | ૧૧૫ | ૪૯ | ૬૮ | ૦૨ |
| વર્ગ–૪ | ૧૨૧ | ૦૦ | ૨૫૫ | ૦૦ |

(૩) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ખાલી જગ્યાઓ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

મહીસાગર જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણ

* ૭૩૫૫ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા ઘર વપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૧) ૨૨૧

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

(૨) રૂ. ૯.૫૪ લાખનો ખર્ચ થયેલ છે.

---------

રાજ્યમાં પેટા આરોગ્ય કેન્દ્રોની ઘટ

* ૭૬૨૪ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પેટા આરોગ્ય કેન્દ્રોની કેટલી ઘટ હતી, અને

(૧) મળવાપાત્ર – ૯૦૬૩
મંજુર – ૯૨૩૧
વધ – ૧૬૮

(૨) તે પૈકી કેટલા પેટા આરોગ્ય કેન્દ્રો ફાળવ્યા?

(૨) ૭૫

---------

જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર સીમશાળાઓને પાકા રસ્તાની સુવિધા

* ૯૧૨૨ શ્રી બાબુભાઇ વાજા (માંગરોળ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી સીમશાળાઓ પાકા રસ્તાની સુવિધાથી વંચિત છે, અને

(૨) આ સીમશાળાઓને પાકા રસ્તાની સુવિધા કયાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે?

(૧)અને(૨)

| તાલુકો | વંચિત શિમશાળાની સંખ્યા |
|---|---|
| જુનાગઢ | ૧ |
| વંથલી | ૧ |
| માંગરોળ | ૧ |
| માળીયા(હા) | ૨૩ |

| | |
|---|---|
| માણાવદર | ૨ |
| મેંદરડા | ૭ |

ઉપરોક્ત પૈકી ૫ શાળાઓને પાકા રસ્તાની સુવિધા આપવા કામો મંજુર કરેલ છે.

---------

ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચને ફાળવેલ ગ્રાન્ટ

* ૭૬૪૪ શ્રીમતી સીમાબેન મોહિલે (અકોટા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદને સને ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કેટલી કુલ ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) આ સમય દરમિયાન વર્ષવાર કૂલ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) રૂ. (કરોડમાં)

| વર્ષ | કુલ |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૪૩.૩૨ |
| ૨૦૧૬–૧૭ | ૬૦.૯૨ |

(૨) રૂ. (કરોડમાં)

| વર્ષ | કુલ |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૪૩.૩૨ |
| ૨૦૧૬–૧૭ | ૬૦.૯૨ |

---------

પંચમહાલ જિલ્લામાં થેલેસેમીયાના દર્દીઓ

* ૭૬૪૭ સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર થેલેસેમીયાના કુલ કેટલા દર્દીઓ છે, અને

(૨) આ દર્દીઓને માસિક કેટલા લોહીની જરૂર પડે છે?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ કેસો |
|---|---|---|
| ૧ | શહેરા | ૦૮ |
| ૨ | મોરવા હડફ | ૦૦ |
| ૩ | ગોધરા | ૫૦ |
| ૪ | કાલોલ | ૦૦ |
| ૫ | ઘોઘમ્બા | ૦૬ |
| ૬ | હાલોલ | ૦૨ |
| ૭ | જાંબુઘોડા | ૦૦ |
| | કુલ દર્દીઓ | ૬૬ |

(૨) ઉક્ત તાલુકામાં થેલેસેમીયાની સારવાર માટે આવતા દર્દીઓને માસિક સામાન્યતઃ ૧ થી ૨ બોટલ લોહીની જરૂર પડે છે.

---------

આણંદ જિલ્લામાં 'મા' અને 'મા વાત્સલ્ય' યોજના

* ૭૬૩૧ શ્રી મહેશકુમાર રાવલ (ખંભાત) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં 'મા' અને 'મા વાત્સલ્ય' યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે,

(૨) ઉક્ત મંજુર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, અને

જવાબ

(૧)

| વર્ષ | 'મા' યોજના | 'મા વાત્સલ્ય' યોજના |
|---|---|---|
| ૨૦૧૬ | ૩,૨૭૮ | ૧૨,૫૧૨ |
| ૨૦૧૭ | ૩,૫૩૧ | ૧૭,૧૭૯ |
| કુલ | ૬,૮૦૯ | ૨૯,૬૯૧ |

(૨)

| વર્ષ | 'મા' યોજના | 'મા વાત્સલ્ય' યોજના |
|---|---|---|
| ૨૦૧૬ | ૩,૬૬,૯૩,૬૦૦ | ૧૨,૬૫,૬૬,૪૨૨ |

| | | |
|---|---|---|
| ૨૦૧૭ | ૪,૩૯,૯૭,૨૬૮ | ૨૧,૧૫,૧૫,૪૦૬ |
| કુલ | ૮,૦૬,૯૦,૮૬૮ | ૩૩,૮૦,૮૧,૮૨૮ |

(૩) ઉક્ત મંજુર દાવા પૈકી હૃદય, કેન્સર અને કીડનીના રોગોમાં દાવા મંજૂર કરવામાં આવ્યા છે ?

(૩)

| ‘મા’ યોજના | | | |
|---|---|---|---|
| વર્ષ | હૃદય | કેન્સર | કીડની |
| ૨૦૧૬ | ૩૬૮ | ૯૪૯ | ૧,૯૩૪ |
| ૨૦૧૭ | ૩૧૮ | ૯૭૨ | ૨,૨૧૮ |
| કુલ | ૬૮૬ | ૧,૯૨૧ | ૪,૧૫૨ |
| ‘મા વાત્સલ્ય’ યોજના | | | |
| વર્ષ | હૃદય | કેન્સર | કીડની |
| ૨૦૧૬ | ૧,૧૨૪ | ૩,૨૬૯ | ૮,૦૮૩ |
| ૨૦૧૭ | ૧,૬૩૮ | ૪,૩૦૦ | ૧૧,૧૭૫ |
| કુલ | ૨,૭૬૨ | ૭,૫૬૯ | ૧૯,૨૫૮ |

---------

પંડિટ દીનદયાળ ઉપાધ્યાય મેડીકલ કોલેજ, રાજકોટનું મંજુર મહેકમ

* ૯૦૧૪ શ્રી લલીત વસોયા (ધોરાજી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પંડીત દીનદયાલ ઉપાધ્યાય મેડીકલ કોલેજ, રાજકોટ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારીત, ફીક્સ પગાર આધારીત, માનદ વેતનથી અને આઉટ સોર્સિંગથી ભરાયેલ છે,

(૧)

| સંવર્ગ | મંજુર પૈકી ભરેલી | | | |
|---|---|---|---|---|
| | કરાર આધારીત | ફિક્સ પગાર | માનદ વેતન | આઉટ સોર્સ |
| વર્ગ–૧ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વર્ગ–૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વહીવટી વર્ગ–૩ | ૦૦ | ૦૫ | ૦૦ | ૧૯ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૦૦ | ૪૨ | ૦૦ | ૪૩ |

(૨) આઉટ સોર્સિંગથી નિમાયેલા કર્મચારીઓ / અધિકારીઓને વહીવટી સત્તાઓ / નાણાંકીય સત્તાઓ નહી સોંપવાના સ્પષ્ટ આદેશ હોવા છતાં, ઉક્ત કોલેજોમાં ઉક્ત સત્તાઓ આવા કર્મચારી/અધિકારીઓને સોંપવાનાં કારણો શાં છે, અને

(૨) આઉટસોર્સીંગથી નિમાયેલ કર્મચારીઓ / અધિકારીઓને વહીવટી / નાણાકિય સત્તાઓ સોંપવામાં આવેલ નથી.

(૩) આવા આઉટ સોર્સિંગથી નિમાતા કર્મચારીઓ/અધિકારીઓ ગેરરીતિ આચરે તો તેમની સામે કાર્યવાહી કરવાની શી જોગવાઇ છે?

(૩) સામાન્ય વહિવટ વિભાગના તા. ૧–૪–૨૦૧૦ના ઠરાવથી નિયત થયેલ કરારનામાની શરતો અને બોલીઓ મુજબ કાર્યવાહી કરવાની થાય છે.

---------

રાજ્યમાં કાર્યરત સરકારી ડેન્ટલ કોલેજ

* ૭૬૨૦ શ્રીમતિ સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) રાજ્યમાં હાલમાં કેટલી સરકારી ડેન્ટલ કોલેજો કાર્યરત છે,

(૧) રાજ્યમાં હાલમાં બે સરકારી ડેન્ટલ કોલેજો તેમજ એક ગુજરાત ડેન્ટલ હેલ્થ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત–એમ કુલ ત્રણ ડેન્ટલ કોલેજો કાર્યરત છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૨) શૂન્ય

(૩) સરકારી ડેન્ટલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો? (૩) શૂન્ય

---------

રાજ્યમાં રજીસ્ટ્રેશન ઓફ ફર્મનું રજીસ્ટ્રેશનની કામગીરી

* ૭૫૯૧ શ્રી પૂર્ણેશ મોદી (સુરત પશ્ચિમ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં Registration Of Firms નું રજીસ્ટ્રેશન કરવા અંગે કોઇ વ્યવસ્થા છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેની વિગતો શી છે? | (૨) સામેલ પત્રક મુજબ |

પત્રક

રજીસ્ટ્રેશન ઓફ ફર્મ્સ (ભાગીદારી પેઢીઓની નોંધણી) માટે અગાઉની મેન્યુઅલ નોંધણીની જગ્યાએ વેપારીશ્રી પોર્ટલના માધ્યમથી ઓનલાઇન નોંધણી નંબર મેળવી શકે તેવી વ્યવસ્થા તા.૧૭-૦૮-૨૦૧૫ થી કરવામાં આવી છે. આ અંગે ઇન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ અથવા વાણિજ્યિકવેરા ખાતાની વેબસાઇટ પરથી વેપારીશ્રીએ ઓનલાઇન અરજી કરવાની રહે છે. વેપારીશ્રી ની અરજીની ચકાસણી થયે યોગ્ય જણાયે એક કામકાજના દિવસમાં નવા નોંધણી નંબર સાથેનું રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ આપવામાં આવે છે.

રજીસ્ટ્રેશન ઓફ ફર્મ્સનું રજીસ્ટ્રેશન કરવા અંગેની વિગતો

૧. રજીસ્ટ્રેશન ઓફ ફર્મ્સમાં રજીસ્ટ્રેશન કરવા માટે ઇન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ (www.ifp.gujarat.gov.in) અથવા વાણિજ્યિકવેરા ખાતાની વેબસાઇટ (www.commercialtax.gujarat.gov.in) પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ અરજી નમૂના - એ માં કરવાની હોય છે. આ અરજીમાં નીચેની વિગતો આપવાની હોય છે.

- PAN નંબર
- ફર્મનું નામ
- શહેરનું નામ
- વોર્ડ / વિસ્તાર
- મોબાઇલ નંબર
- ઇ-મેઇલ આઇડી

આ અરજી અપલોડ થતાં સિસ્ટમ આધારિત એકનોલેજમેન્ટ નંબર (ક્રમાંક) આપવામાં આવશે જે વેપારીશ્રીને વેપારીના ઇ-મેઇલ આઇડી અને મોબાઇલમાં SMS દ્વારા મળશે. જેને સાચવી રાખવાનો રહેશે. આ અરજી ક્રમાંક નાખી માગ્યા મુજબના દસ્તાવેજોની સ્કેનકોપી અપલોડ કરવાની હોય છે ત્યારબાદ વેપારશ્રી દ્વારા નોંધણી ફી પેટે ઇ-પેમેન્ટથી પૈસાની ચુકવણી કરવાની રહે છે. ઇ-પેમેન્ટ સફળતાપૂર્વક થયા બાદ એક ચલન જનરેટ થાય છે જેની પ્રિન્ટ વેપારીશ્રીએ સાબિતી માટે સાચવી રાખવાની રહે છે. વેપારીશ્રીએ અરજીની રીસીપ્ટ જનરેટ કરવાની રહે છે જે કાયમી રેફરન્સ નંબર છે. ત્યારબાદ આ અરજીની વિગતો સંબધિત કાર્યક્ષેત્રના નાયબ વાણીજિયકવેરા કમિશનરશ્રીના લોગીનમાં દેખાશે.

જો અરજીમાં સંબંધિત દસ્તાવેજો અથવા વિગતોમાં કોઇ ખામી જણાય તો અધિકારી ઓનલાઇન ક્ષતિપત્ર (ડેફિસિયનસી લેટર) જનરેટ કરશે. આ ક્ષતિપત્રના સંદર્ભે વેપારીશ્રી દ્વારા ઓનલાઇન સ્પષ્ટતા કરવાની રહેશે. આ અંગેની સંપૂર્ણ વિગતો પ્રાપ્ત થયા બાદ કામકાજના એક દિવસામાં રજીસ્ટ્રેશન આપવાની કાયદાકીય જોગવાઇ કરેલ છે.આ અરજી માન્ય થયાની જાણ ઇ-મેઇલ અને SMS દ્વારા કરવામાં આવે છે. વેપારીશ્રી પોતાના લોગીનમાંથી સર્ટિફિકેટ ઓનલાઇન ડાઉનલોડ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ સમગ્ર પ્રક્રિયામાં કચેરીમાં જવાની જરૂરિયાત રહેતી નથી.

તા.૦૧-૦૧-૨૦૧૭ થી ૩૧-૧૨-૨૦૧૭ દરમ્યાન રજીસ્ટ્રેશન ઓફ ફર્મ્સ માટેના નવા ૭૪૩૬ નોંધણી નંબરો આપવામાં આવેલ છે.

---------

બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદનું મંજુર મહેકમ

* ૯૦૦૩ શ્રી હિમ્મતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૭ની સ્થિતિએ બી.જે મેડીકલ કોલેજ અમદાવાદમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારીત, ફીક્સ | (૧) |

| સંવર્ગ | મંજુર મહેકમ | મંજુર પૈકી ભરેલી |
|---|---|---|

પગારથી, માનદ વેતનથી અને આઉટ સોર્સીંગથી ભરાયેલ છે,

| | | કરાર આધારીત | ફીક્સ પગાર | માનદ વેતન | આઉટ સોર્સ |
|---|---|---|---|---|---|
| વર્ગ–૧ | ૩૨૯ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વર્ગ–૨ | ૧૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વહીવટી વર્ગ–૩ | ૬૯ | ૦૦ | ૧૦ | ૦૦ | ૧૦ |
| પેરામેડીકલ/ નર્સીંગ વર્ગ–૩ | ૧૫૭ | ૦૦ | ૬૪ | ૦૦ | ૨૪ |
| વર્ગ–૪ | ૧૬૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૮૨ |

(૨) આઉટ સોર્સીંગથી નિમાયેલ કર્મચારી/ અધિકારીઓને વહીવટી સત્તાઓ/નાણાંકીય સત્તાઓ નહીં સોંપવાના સ્પષ્ટ આદેશો હોવા છતાં ઉક્ત કોલેજોમાં ઉક્ત સત્તાઓ આવા કર્મચારી/ અધિકારીઓને સોંપવાના કારણો શા છે, અને

(૨) આઉટ સોર્સીંગથી નિમાયેલા કર્મચારી/ અધિકારીઓને વહીવટી /નાણાકીય સત્તાઓ સોંપવામા આવેલ નથી.

(૩) આવા આઉટ સોર્સીંગથી નિમાતા કર્મચારી/ અધિકારીઓ ગેરરીતિ આચરે તો તેમની સામે કાર્યવાહી કરવાની શી જોગવાઈ છે ?

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ના ઠરાવથી નિયત થયેલ કરારનામાની શરતો અને બોલીઓ મુજબ કાર્યવાહી કરવાની થાય છે.

---------

છોટાઉદેપુર જિલ્લામાં જુથ પાણી પુરવઠા યોજના

* ૯૭૭૫ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં જુથ પાણી પુરવઠા યોજના પ્રત્યેક તાલુકામાં કેટલા ગામોને પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના છે,

(૨) તે પૈકી કેટલા ગામોને પાણી આપવામાં આવે છે,

(૩) કેટલા ગામોને પુરેપુરૂ પાણી આપવામાં આવતું નથી, અને

જવાબ

(૧) (૨) અને (૩) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં જુથ પાણી પુરવઠા યોજના હેઠળ નીચે મુજબની વિગતે પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના છે.

| અનુ | તાલુકો | જુથ યોજનાના લાભાર્થી ગામોની સંખ્યા | જુથ યોજનામાં થી પાણી અપાતા ગામોની સંખ્યા | જુથ યોજનામાં થી પાણી ન અપાતા ગામોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૯ | ૯ | ૦ |
| ૨ | પાવીજેતપુર | ૧૪ | ૯ | ૫ |
| ૩ | બોડેલી | ૩૫ | ૧૨ | ૨૩ |
| ૪ | સંખેડા | ૫૨ | ૧૮ | ૩૪ |
| ૫ | નસવાડી | ૧૧૬ | ૧૦૮ | ૮ |
| | કુલ | ૨૨૬ | ૧૫૬ | ૭૦ |

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર યોજના દીઠ કેટલો ખર્ચ થયો ?

(૪) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર યોજના દીઠ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અનુ | જુથ યોજનાનું નામ | વર્ષ–૨૦૧૬–૧૭માં થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | વર્ષ–૨૦૧૭–૧૮માં થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧. | કીકાવાડા જુથ પા.પુ.યોજના | ૧૯.૧૦ | ૨૬.૧૬ |

| | | | |
|---|---|---|---|
| ૨. | ડુંગરવાટ જુથ પા.પુ.યોજના | ૧૯.૩૬ | ૨૦.૪૮ |
| ૩. | સંખેડા ભાગ-૧ જુથ પા.પુ.યોજના | ૧૧૩.૧૪ | ૭૯.૮૦ |
| ૪. | સંખેડા ભાગ-૩ જુથ પા.પુ.યોજના | | |
| ૫. | સંખેડા ભાગ-૨ જુથ પા.પુ.યોજના | ૦.૦૦ | ૧૧૦.૮૭ |
| ૬. | નસવાડી જુથ પા.પુ.યોજના | ૪૩.૪૫ | ૧૨૯.૭૨ |

---------

સીપુ અને દાંતીવાડા જળાશય

* ૯૮૪૧ શ્રી નાથાભાઇ પટેલ (ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધાનેરા દાંતીવાડા તાલુકામાં આવેલા સીપુ અને દાંતીવાડા જળાશયોમાંથી ધાનેરા તાલુકાના એક પણ ગામને તા.૩૧મી ડીસેમ્બર-૨૦૧૭ની સ્થિતિએ કેનાલથી પાણી પુરું પાડવામાં આવતું નથી. તે હકીકત સાચી છે, | (૧) હા, સીપુ અને દાંતીવાડા જળાશયોના કમાન્ડ વિસ્તારમાં ધાનેરા તાલુકાના વિસ્તારનો સમાવેશ થયેલ ન હોઇ કેનાલથી પાણી પુરું પાડવામાં આવતું નથી. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) દાંતીવાડા જળાશય યોજનાની કેનાલ ડાબા કાંઠામાં બનાવવામાં આવેલ હોવાથી તથા ધાનેરા વિસ્તાર બનાસ નદીની જમણી બાજુ આવેલ હોવાથી અને સીપુ યોજનાની નહેરો કરતા ધાનેરા તાલુકાનો વિસ્તાર ઉંચા લેવલે હોવાથી તાંત્રિક કારણોસર કેનાલનું પાણી આપી શકાતું નથી. |
| (૩) આ ફરીયાદ દુર કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે? | (૩) વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જળસંચયના કામો જેવા કે ચેકડેમનું બાંધકામ અને તળાવો ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |

---------

રાજ્યમાં કાર્યરત સરકારી મેડીકલ કૉલેજો

* ૭૫૯૯ શ્રી ગોવિંદભાઇ પરમાર (ઉમરેઠ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં હાલ કેટલી સરકારી મેડીકલ કોલેજો કાર્યરત છે? | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં હાલ ૦૬ સરકારી મેડીકલ કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી મેડીકલ કોલેજોની મંજુરી આપવામાં આવી, અને | (૨) નવી કોઇ સરકારી મેડીકલ કૉલેજોને મંજુરી આપવામાં આવી નથી. |
| (૩) સરકારી મેડીકલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો? | (૩) સરકારી મેડીકલ કોલેજોમાં સ્નાતક કક્ષાએ બેઠકોમાં કોઇ વધારો થયેલ નથી. |

---------

દાહોદ જીલ્લામાં સુધારેલ ક્ષય નિયંત્રણ કાર્યક્રમ

* ૭૬૫૮ શ્રી કુબેરભાઈ ડીંડોર (સંતરામપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જીલ્લામાં સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અમલમાં છે, કે કેમ, | (૧) હા.જી. |
| (૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા ટીબીના દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે, અને | (૨) |

| તાલુકા | નોંધાયેલ દર્દીઓ |
|---|---|
| દાહોદ | ૧૪૨૨ |
| ઝાલોદ | ૯૪૧ |

| | |
|---|---|
| સંજેલી | ૪૪૨ |
| ફતેપુરા | ૪૯૬ |
| લીમખેડા | ૬૫૬ |
| દેવગઢબારીયા | ૪૮૯ |
| ધાનપુર | ૨૬૬ |
| ગરબાડા | ૪૨૩ |
| કુલ | ૫૧૩૫ |

(૩) ઉક્ત ટીબીના દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

(૩) ઉક્ત ટીબી ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા દાહોદ જીલ્લામાં જીલ્લા ક્ષય કેન્દ્ર, ડિસ્ટ્રીકટ હોસ્પિટલ, સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ડેઝીગ્નેટેડ માઈક્રોસ્કોપી સેન્ટર અને નોન ડેઝીગ્નેટેડ માઈક્રોસ્કોપી સેન્ટર ખાતે નિદાન અને સારવાર પુરી પાડવામાં આવે છે. તાલીમબધ્ધ લેબ.ટેકનીશ્યન દ્વારા ગળફાની તપાસ કરવામાં આવે છે. ઉપરાંત તાલીમબધ્ધ ડોટ્સ પ્રોવાઈડર (આશા) દ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકૂળ હોય તે સ્થળેથી સીધા નિરીક્ષણ હેઠળ વિના મુલ્યે સારવાર પુરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

---------

ભાવનગર જિલ્લામાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના

* ૭૬૫૪ શ્રી હસમુખભાઇ પટેલ (અમરાઇવાડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે,

(૧)

| વર્ષ | ‘‘મા’’ યોજના | ‘‘મા વાત્સલ્ય’’ યોજના |
|---|---|---|
| ૨૦૧૬ | ૨,૨૧૫ | ૧૩,૫૫૦ |
| ૨૦૧૭ | ૨,૪૮૨ | ૧૮,૨૧૭ |
| કુલ | ૪,૬૯૭ | ૩૧,૭૬૭ |

(૨) ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવા માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, અને

(૨)

| વર્ષ | ‘‘મા’’ યોજના | ‘‘મા વાત્સલ્ય’’ યોજના |
|---|---|---|
| ૨૦૧૬ | ૨,૩૭,૦૭,૧૬૨ | ૧૫,૩૭,૨૫,૩૮૨ |
| ૨૦૧૭ | ૩,૫૯,૩૦,૨૫૨ | ૨૬,૧૪,૮૭,૮૪૫ |
| કુલ | ૫,૯૬,૩૭,૪૧૪ | ૪૧,૫૨,૧૩,૨૨૭ |

(૩) ઉક્ત મંજુર દાવા પૈકી હૃદય, કેન્સર અને કિડનીના રોગોમાં કેટલા દાવા મંજુર કરવામાં આવ્યા છે ?

(૩)

| "મા" યોજના | | | |
|---|---|---|---|
| વર્ષ | હૃદય | કેન્સર | કિડની |
| ૨૦૧૬ | ૩૩૦ | ૫૯૭ | ૧,૨૭૮ |
| ૨૦૧૭ | ૩૬૯ | ૭૨૮ | ૧,૩૬૯ |
| કુલ | ૬૯૯ | ૧,૩૨૫ | ૨,૬૪૭ |
| "મા વાત્સલ્ય" યોજના | | | |
| વર્ષ | હૃદય | કેન્સર | કિડની |
| ૨૦૧૬ | ૧,૮૯૫ | ૩,૧૦૧ | ૮,૪૫૩ |
| ૨૦૧૭ | ૨,૮૭૧ | ૩,૫૧૫ | ૧૧,૭૩૦ |
| કુલ | ૪,૭૬૬ | ૬,૬૧૬ | ૨૦,૧૮૩ |

---------

મીઠીવાવડી થી સરદારપુરા ગામોને જોડતો રસ્તો બનાવવા બાબત

* ૮૩૬૪ ડૉ. આશા પટેલ (ઊંઝા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

(૧) પાટણ જિલ્લાના મીઠીવાવડી થી સરદારપુરા ગામોને જોડતો નોનપ્લાન રસ્તો (ગાડા માર્ગ) બનાવવા સરકારને કેટલી અરજી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ બે વર્ષમાં મળી,

(૧) ૨(બે)

(૨) ઉક્ત સ્થિતિએ આ રોડને ડામરની સપાટીવાળો બનાવવા કયા તબક્કે કામગીરી ચાલુ છે, અને

(૩) કેટલી સમય મર્યાદામાં કામ પૂર્ણ કરી સમસ્યાનો કાયમી ઉકેલ આવશે ?

(૨) અને (૩)
રસ્તાના જોબનંબર રસ્તાના આંતરિક અગ્રતાને ધ્યાને લઈ મંજૂર કરવામાં આવે છે. વૈકલ્પિક રસ્તાઓ ઉપલબ્ધ હોઈ હાલમાં આયોજન નથી.

---------

ખાનગી કંપની પાસેથી વીજળીની ખરીદી બાબત

* ૭૨૧૦ શ્રી ઈમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે કેટલી ખાનગી કંપનીઓ પાસેથી કયા ભાવે કેટલી વીજળીની ખરીદી કરી, અને

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જી.યુ.વી.એન.એલ દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી લાંબાગાળાના કરાર અંતર્ગત ખરીદવામાં આવેલ પરંપરાગત સ્ત્રોતની વીજળીની વિગતો નીચે મુજબ છેઃ

| | વીજ ઉત્પાદકો | તા.૧–૨–૨૦૧૭ થી ૩૧–૧–૨૦૧૮ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|
| | | મિલિયન યુનિટ્સ | રૂ.પ્રતિ યુનિટ |
| ૧ | એસ્સાર પાવર ગુજરાત લી | ૩૦૫૯ | ૩.૪૦ |
| ૨ | સી.એલ.પી. ઈન્ડીયા પ્રા.લી.* | ૩૯૫ | ૪.૨૩ |
| ૩ | અદાણી પાવર લામીટિડ | ૯૮૮૪ | ૨.૮૫ |
| ૪ | એ.સી.બી. (ઈન્ડીયા)લી. | ૧૪૫૯ | ૧.૯૯ |
| ૫ | કોસ્ટલ ગુજરાત પાવર કંપની લી | ૧૧૭૯૮ | ૨.૩૪ |

*ઉપરોક્ત જણાવેલ બળતણ ખર્ચ ઉપરાંત રૂ.૨૯૩ કરોડ ફિક્સ કોસ્ટ ચુકવવામાં આવેલ છે. આ ઉપરાંત તા.૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બિન પરંપરાગત સ્ત્રોતો જેવા કે, વિન્ડ પાવર પ્રોજેક્ટ્સ માંથી ૬૪૩૭ મિલિયન યુનિટ્સ રૂ.૩.૭૪ પ્રતિ યુનિટના દરે, સોલાર પાવર પ્રોજેક્ટ માંથી ૧૪૭૮ મિલિયન યુનિટ્સ રૂ.૧૨.૪૪ પ્રતિ યુનિટના દરે, સ્મોલ/મીની હાઇડ્રો પ્રોજેક્ટ માંથી ૪૪ મિલિયન યુનિટ્સ રૂ.૩.૨૨ પ્રતિ યુનિટના દરે તથા બાયોમાસ પ્રોજેક્ટ માંથી ૦.૮૩ મિલિયન યુનિટ્સ રૂ.૪.૩૮

(૨) ઉક્ત સ્થિતિએ ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદવાનાં શા કારણો છે?

(૨) સમગ્ર દેશની વધતી જતી વીજ માંગને અનુલક્ષીને વીજ ઉત્પાદનમાં ખાનગી સાહસોના મુડી રોકાણને પ્રોત્સાહન આપવાની કેન્દ્ર સરકારની નીતિ તેમજ તે અન્વયે ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩માં થયેલ જોગવાઈઓ અને કેન્દ્ર સરકારની નેશનલ ટેરીફ પોલીસી ૨૦૦૬ ની માર્ગદર્શિકાને અનુરૂપ રહીને રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પર્યાપ્ત

વીજળી પૂરી પાડી શકાય તે ધ્યાનમાં રાખીને વિવિધ સ્ત્રોત મારફત કોમ્પિટીટીવ બીડીંગ પ્રક્રીયા મારફત વીજ ખરીદવામાં આવે છે. તદઉપરાંત સેન્ટ્રલ ઇલેક્ટ્રીસીટી ઓથોરીટી (સી.ઇ.એ) ના સર્વેના આધારે રાજ્યની લાંબાગાળાની વીજ જરૂરિયાત તેમજ તમામ પ્રકારની ગ્રાહકોની વીજ માંગ ધ્યાનમાં રાખીને, નામદાર વીજ નિયમન આયોગની મંજુરી મેળવીને લાંબાગાળાના વીજ ખરીદી કરારો કરવામાં આવે છે.

------------

વલસાડ અને નવસારી જિલ્લામાં દરિયાઇ ક્ષારને અટકાવવા લીધેલ પગલાં

* ૯૦૮૬ શ્રી જીતુભાઇ ચૌધરી (કપરાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ અને નવસારી જીલ્લામાં દરિયાકાંઠાને અડીને આવેલા વિસ્તારમાં ક્ષાર અટકાવવા છેલ્લા બે વર્ષમાં શા પગલાઓ સરકારે લીધા,

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો રકમ પૂરી વપરાઈ ન હોય તો તેના કારણો શા છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં દરિયાકાંઠાને અડીને આવેલા ધારાસણા બંધારા અને નવસારી જિલ્લામાં પૂર્ણા તેમજ વાઘરેચ ટાઈડલ રેગ્યુલેટર યોજનાઓનું આયોજન કરેલ છે.

(૨) ઉક્ત કામો માટે વર્ષવાર, જિલ્લાવાર ફાળવવામાં આવેલ રકમ નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષવાર ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૬ | ૨૦૧૭ |
| વલસાડ | – | ૧૭.૦૨ |

(૩) ઉપરોક્ત કામો માટે મોજણી, સંશોધન અને મોડલ સ્ટડી માટે નીચે મુજબનો ખર્ચ થયેલ છે.

| જિલ્લો | વર્ષવાર ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૬ | ૨૦૧૭ |
| વલસાડ | – | ૧૭.૦૨ |

---------

જિલ્લા તિજોરી કચેરીઓનું કોમ્પ્યુટરાઇઝેશન.

* ૭૬૩૬ શ્રી રમેશભાઇ કટારા (ફતેપુરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની કેટલી જિલ્લા તિજોરી કચેરીઓ ખાતે કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવેલ છે?

જવાબ

રાજ્યમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ તમામ જિલ્લા તિજોરી કચેરીઓ ખાતે કોમ્પ્યુટરાઇઝેશન થઇ ગયેલ છે. જે અંતર્ગત ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓ, ૧૩૮ પેટા તિજોરી કચેરીઓ, ૨ પગાર અને હિસાબ કચેરીઓ, ૫ પેન્શન ચૂકવણાં કચેરીઓ તથા ૧ વિભાગીય તિજોરી કચેરી અમદાવાદનો સમાવેશ થાય છે.

---------

જોડિયા તાલુકાના હડીયાણા બંધારાને ઉંચો કરવાની રજુઆત

* ૭૬૦૦ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) છેલ્લા એક વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના હડીયાણા ગામે આવેલ હડીયાણા બંધારાને ઉંચો કરવા અંગે કોઈ રજુઆત મળેલ છે,

(૨) જો હા, તો આ અંગે શું આયોજન છે, અને

જવાબ

(૧) હા, જી.

(૨)

* જાહેર નિવિદા દ્વારા ટેન્ડર આમંત્રિત કરેલ છે.

* ટેન્ડર મંજુર થયા બાદ ૧૧ માસમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) કેટલી જમીનને સિંચાઈનો લાભ મળશે ? — (૩) ૨૪૧૬ હેક્ટર

---------

## રાજ્ય સરકાર દ્વારા વીજ પ્લાન્ટને ચુકવાતી ફીક્સ કોસ્ટ

* ૯૦૬૭ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર વિવિધ વીજ પ્લાન્ટને ફીક્સ કોસ્ટ પેટે દર માસે કેટલી રકમ ચૂકવે છે, | (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જી.યુ.વી.એન.એલ દ્વારા લાંબાગાળાના કરાર હેઠળ વિવિધ સ્ત્રોતમાંથી વીજ ખરીદી કરવા પૈકી વીજ મથકોને તા.૧.૨.૨૦૧૬ થી ૩૧.૧.૨૦૧૭ દરમ્યાન માસિક રૂ.૯૨૦ કરોડ અને તા.૧.૨.૨૦૧૭ થી ૩૧.૧.૨૦૧૮ દરમ્યાન માસિક રૂ.૯૦૫ કરોડ ફિક્સ કોસ્ટ ચુકવવામાં આવેલ છે. |
| (૨) વીજળી ખરીદી કર્યા વિના સરકારે ચુકવવી પડતી ફીક્સ કોસ્ટ ગેરવ્યાજબી છે તે હકીકત સાચી છે, અને | (૨) નામદાર વીજ નિયમન આયોગ દ્વારા જણાવેલ એવેલીબીલીટી બેઈઝ્ડ ટેરીફ (Availability Based Tarrif) પદ્ધતિ મુજબ વીજ મથકોને તેની ઉપલબ્ધતા ના આધારે ફિક્સ કોસ્ટ ચુકવવાની રહે છે જ્યારે મેળવાયેલ વીજ ઉત્પાદનના આધારે બળતણ ખર્ચની ચુકવણી કરવાની રહે છે. કોસ્ટ પ્લસ પદ્ધતિ હેઠળ વીજ નિયમન આયોગ દ્વારા વાર્ષિક ધોરણે નોર્મેટીવ ઉપલબ્ધતા ના આધારે ફિક્સ કોસ્ટ મંજૂર કરવામાં આવે છે જે વીજ મથકને તેની માસિક ઉપલબ્ધતા ના આધારે જી.યુ.વી.એન.એલ દ્વારા ચુકવવામાં આવે છે. જ્યારે સ્પર્ધાત્મક બીડાણ પ્રક્રિયા હેઠળ પસંદગી પામેલ વીજ મથકને કરાર માં જણાવેલ દર મુજબ ફિક્સ કોસ્ટની ચુકવણી માસિક ઉપલબ્ધતાના આધારે કરવામાં આવે છે.<br>સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી ઓથોરીટી દ્વારા રજુ થતા ઈલેક્ટ્રીક પાવર સર્વે રિપોર્ટને ધ્યાનમાં લઈને મહત્તમ વિજમાંગને ધ્યાનમાં રાખીને વિજ કંપનીઓ દ્વારા વિજ ખરીદી કરાર કરવામાં આવે છે. રાજ્ય દ્વારા મહતમ વિજમાંગ પુરી કરવા માટે પૂરતા પ્રમાણમાં વિજ ક્ષમતાની જરૂરિયાત રહે છે. ઓછી વિજમાંગના સમયે જેવા કે તહેવાર, વર્ષાઋતુ દરમ્યાન પ્રમાણમાં મોંઘા હોય તેવા વિજ મથકોને તત્પુરતા સમય માટે પૂર્ણ/અંશતઃ રીતે બંધ રાખવામાં આવે છે અને તત્પુરતા સમય પુરતું ઉત્પાદન મેળવવામાં આવતું નથી. પરંતુ જ્યારે વિજમાંગમાં વધારો થાય ત્યારે તમામ ઉપલબ્ધ વિજ મથકોમાંથી વિજ ઉત્પાદન મેળવવામાં આવે છે. આમ, આવી વિજ ક્ષમતા વિજ ઉત્પાદન માટે હમેશા ઉપલબ્ધ રહે છે જેના માટે કરાર અંતર્ગત ફીક્સ કોસ્ટની ચુકવણી કરવાની રહેતી હોવાથી આવી ચુકવણી વ્યાજબી ઠરે છે. |
| (૩) જો હા, તો આવી રકમ ન ચુકવવા સરકારે શા પગલા લીધા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## વિજાપુર તાલુકાના પામોલ–ગેરીતા–ચડાસણા રોડો રીસરફેસનું આયોજન

* ૭૩૨૦ શ્રી રમણભાઈ પટેલ (વિજાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પામોલ-ગેરીતા-કોલવડા-ચડાસણા રોડને રીસરફેસ કરવા માટે રાજ્ય સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે? | (૨) કરારખત હેઠળ. |

---------

બનાસકાંઠા જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના

* ૭૩૫૬ શ્રી શશીકાંત પંડ્યા (ડીસા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૪૪૧ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૩૪.૪૬ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

ગાંધીનગર જિલ્લામાં સધર્ન ડ્રેઈન યોજના

* ૯૮૫૯ ડૉ સી.જે. ચાવડા (ગાંધીનગર ઉત્તર) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર શહેર-જિલ્લામાંથી પસાર થતી સધર્ન ડ્રેઈન (કાંસ) કે જ્યાં સાબરમતી નદીને મળે છે ત્યાં નાનો બંધ બાંધવાનું સરકારનું શુ આયોજન છે કે કેમ, | (૧) ના, તાંત્રિક રીતે શક્ય નથી. |
| (૨) જો ''હા'' તો ક્યારે અમલી બનશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ''ના'' તો તેનાં કારણો ? | (૩) સધર્ન ડ્રેઈન મહેસાણા તથા ગાંધીનગર જિલ્લાના વરસાદી પાણીના નિકાલની કુદરતી વ્યવસ્થા છે. રજુઆત વાળી જગ્યાએ ડેમ બાંધવાથી ભારે વરસાદી પાણીના નિકાલમાં રૂકાવટના કારણે આસપાસના વિસ્તારોમાં પાણી ફેલાવાથી જાનમાલને નુકશાન થવાની સંભાવના હોવાથી આયોજન થઈ શકે તેમ નથી. |

---------

એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર અને સરકારી મેડીકલ કોલેજ સુરતનું મંજૂર મહેકમ

* ૯૦૨૨ શ્રી ચિરાગભાઈ કાલરીયા (જામ જોધપુર) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર અને સરકારી મેડીકલ કોલેજ સુરતમાં કોલેજવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર અને સરકારી મેડીકલ કોલેજ સુરતમાં કોલેજવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગતો નીચે મુજબ છે. |

| સંવર્ગ | મંજુર જગ્યાઓ | |
|---|---|---|
| | એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર | સરકારી મેડીકલ કોલેજ, સુરત |
| વર્ગ-૧ | ૨૩૮ | ૨૬૮ |
| વર્ગ-૨ | ૧૦૪ | ૯૨ |
| વહીવટી વર્ગ-૩ | ૫૮ | ૫૪ |
| પેરામેડીકલ વર્ગ-૩ | ૧૧૪ | ૧૧૬ |

| | | |
|---|---|---|
| વર્ગ–૪ | ૧૭૭ | ૧૩૬ |
| કુલ | ૬૯૧ | ૬૬૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે તેની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગ | એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર | | સરકારી મેડીકલ કોલેજ, સુરત | |
|---|---|---|---|---|
| | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી |
| વર્ગ–૧ | ૧૭૨ | ૬૬ | ૧૯૩ | ૭૫ |
| વર્ગ–૨ | ૫૧ | ૫૩ | ૫૪ | ૩૮ |
| વહીવટી વર્ગ–૩ | ૨૭ | ૩૧ | ૪૪ | ૧૦ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૭૩ | ૪૧ | ૯૦ | ૨૬ |
| વર્ગ–૪ | ૧૭૭ | ૦૦ | ૧૩૬ | ૦૦ |
| કુલ | ૫૦૦ | ૧૯૧ | ૫૧૭ | ૧૪૯ |

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારિત, ફીક્સ પગારથી અને માનદ વેતનથી ભરાયેલ છે, અને

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારિત, ફીક્સ પગારથી અને માનદથી ભરાયેલ છે તે નીચે મુજબ છે.

| એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર | | | |
|---|---|---|---|
| સંવર્ગ | મંજુર પૈકી ભરેલી | | |
| | કરાર આધારીત | ફિક્સ પગાર | માનદ વેતન |
| વર્ગ–૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વર્ગ–૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વહીવટી વર્ગ–૩ | ૦૦ | ૦૪ | ૦૦ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૦૦ | ૧૪ | ૦૦ |
| વર્ગ–૪ | ૦૦ | ૦૧ | ૦૦ |
| કુલ | ૦૦ | ૧૯ | ૦૦ |

| સરકારી મેડીકલ કોલેજ, સુરત | | | |
|---|---|---|---|
| સંવર્ગ | મંજુર પૈકી ભરેલી | | |
| | કરાર આધારીત | ફિક્સ પગાર | માનદ વેતન |
| વર્ગ–૧ | ૦૨ | ૦૦ | ૦૦ |
| વર્ગ–૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વહીવટી વર્ગ–૩ | ૦૦ | ૦૨ | ૦૦ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૦૦ | ૪૦ | ૦૦ |
| વર્ગ–૪ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે અને આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગ | એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર | સરકારી મેડીકલ કોલેજ, સુરત |
|---|---|---|
| વર્ગ–૧ | ૬૬ | ૭૫ |

| | | |
|---|---|---|
| વહીવટી વર્ગ–૩ | ૩૧ | ૧૦ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૪૧ | ૨૬ |
| વર્ગ–૪ | ૦૦ | ૦૦ |
| કુલ | ૧૯૧ | ૧૪૯ |

આ ખાલી જગ્યાઓ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

રાજ્યની સરકારી આયુર્વેદ કોલેજોમાં મંજુર થયેલ બેઠકો

* ૭૬૧૬ શ્રી કાંતિભાઈ બલર (સુરત ઉત્તર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કૂલ કેટલી સરકારી આયુર્વેદ કોલેજો કાર્યરત છે,

(૨) તે કોલેજોમાં વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભારત સરકારના આયુષ વિભાગ તરફથી કૂલ કેટલી સ્નાતક કક્ષાની બેઠકો મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) કઈ કોલેજો ખાતે કેટલી બેઠકો મંજૂર થયેલ છે?

જવાબ

(૧) ૦૫ (પાંચ)

(૨) કૂલ–૩૦૦ (ત્રણસો)

(૩)

| અ.નં. | કોલેજનું નામ | મંજુર થયેલ બેઠકો |
|---|---|---|
| ૧ | અખંડાનંદ સરકારી આયુર્વેદ કોલેજ, અમદાવાદ | ૬૦ |
| ૨ | સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા | ૬૦ |
| ૩ | સરકારી આયુર્વેદ કોલેજ, ભાવનગર | ૬૦ |
| ૪ | સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ | ૬૦ |
| ૫ | સરકારી આયુર્વેદ કોલેજ, કોલવડા | ૬૦ |

---------

બન્ની વિસ્તારમાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજના.

* ૭૪૧૦ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જીલ્લાના બન્ની વિસ્તારમાં નર્મદા આધારીત પાણી પુરવઠા યોજના સાથે લોકલ સોર્સથી પીવાનું પાણી પુરુ પાડવા માટે કોઈ આયોજન કરવામાં આવનાર છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજનાથી બન્ની વિસ્તારની કેટલા ગામોને લાભ મળનાર છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) ૧૦ ગામોને

---------

વાલોડ અને વ્યારા તાલુકામાં જુથ પાણી પુરવઠા યોજના

* ૭૪૦૦ શ્રી મોહનભાઈ ઢોડિયા (મહુવા) : માનનીય પાણીપુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭–૧૮માં તાપી જિલ્લાના વાલોડ અને વ્યારા તાલુકાનાં ગામો માટે કઈ નવીન જૂથ પાણી પુરવઠા યોજનાનું આયોજન કરેલ છે,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭–૧૮માં તાપી જિલ્લાના વાલોડ અને વ્યારા તાલુકાના ગામો માટે તાપી બલ્ક જૂથ પાણી પુરવઠા યોજનાનું આયોજન કરેલ છે.

(૨) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કુલ કેટલા ગામો/શહેરોની કેટલી વસ્તીનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૨) આ યોજના અંતર્ગત વાલોડ અને વ્યારા તાલુકાનાં ૧૮૭ ગામોની હાલની ૩૪૫૮૬૭ વસ્તી તથા ૧ શહેરની ૪૩૧૩૧ વસ્તી એમ કુલ મળીને ૩૮૮૯૯૮ વસ્તીનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજનાની પરિસ્થિતિ શું છે તેમજ પૂર્ણ કરવાનું આયોજન શું છે?

(૩) ઉક્ત સ્થિતિએ યોજનાની ૯૭ ટકા કામગીરી પૂર્ણ કરી ટેસ્ટીંગની કામગીરી પ્રગતિમાં છે. જે સમયબધ્ધ રીતે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

વલસાડ જિલ્લામાં થેલેસેમિયાના દર્દીઓ

* ૭૬૪૯ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) વલસાડ જીલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર થેલેસેમિયાના કુલ કેટલા દર્દીઓ છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ કેસો |
|---|---|---|
| ૧ | વલસાડ | ૩૧ |
| ૨ | ઉમરગામ | ૦૯ |
| ૩ | પારડી | ૦૬ |
| ૪ | વાપી | ૨૧ |
| ૫ | કપરાડા | ૦૭ |
| ૬ | ધરમપુર | ૦૬ |
| | કુલ દર્દીઓ | ૮૦ |

(૨) આ દર્દીઓને માસિક કેટલા લોહીની જરૂર પડે છે?

(૨) ઉક્ત તાલુકામાં થેલેસેમીયાની સારવાર માટે આવતા દર્દીઓને માસિક સામાન્યતઃ ૧ થી ૨ બોટલ લોહીની જરૂર પડે છે.

---------

પાટણ જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રની જમીનો પર દબાણ

* ૮૩૯૧ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાટણ જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રની જમીનો પર દબાણ થયા હોવા અંગની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૧) હા, જી

(૨) જો હા, તો તાલુકાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રની જમીનોમાં દબાણ થયેલ છે,

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાંસા તા. સરસ્વતી

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા દબાણ દૂર કરવા સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી પાટણ દ્વારા મામલતદારશ્રી સરસ્વતી, કલેક્ટરશ્રી પાટણ, તાલુકા વિકાસ અધિકારીશ્રી/મામલતદારશ્રી સરસ્વતીને પત્ર પાઠવવામાં આવેલ છે. તેમજ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી સરસ્વતી દ્વારા પ્રાંત અધિકારીશ્રી પાટણને પત્ર પાઠવવામાં આવેલ છે.

(૪) બાકી રહેલ દબાણો કયાં સુધીમાં દુર કરવામાં આવશે?

(૪) પ્રાંત અધિકારીશ્રી અને કલેકટરશ્રી પાટણ દ્વારા દબાણ દુર કરવા માટે કાર્યવાહી ચાલુમાં છે.

---------

રાજ્યની સરકારી આયુર્વેદ કોલેજમાં મંજુર થયેલ બેઠકો

* ૭૬૧૭ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં નવી સરકારી મેડીકલ કોલેજ શરૂ કરવા છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર તરફથી કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી છે કે કેમ,

(૧) ના જી

(૨) જો હા, તો રાજ્યમાં કઇ જગ્યાએ મેડીકલ કોલેજ શરૂ કરવા દરખાસ્ત કરેલ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત દરખાસ્ત અન્વયે કેટલી નવી મેડીકલ કોલેજો શરૂ કરવાની મંજુરી કેન્દ્ર સરકાર દ્વારા ક્યારે આપવામાં આવી?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### રાજ્યમાં માનસીક આરોગ્યની સેવાઓ

* ૭૬૫૨ શ્રી વી.ડી. ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની માનસીક આરોગ્ય સેવાઓને વધુ સંગીન બનાવવા સરકારે આયોજન કરેલ છે કે કેમ,

(૧) હા, જી - વધુ ૨ હોસ્પિટલનું આયોજન છે.

(૨) જો હા, તો કરેલ આયોજનની વિગતો શી છે?

(૨)

| વર્ષ | શહેર |
|---|---|
| ૨૦૧૮-૧૯ | મહેસાણા |
| ૨૦૧૯-૨૦ | ભાવનગર |

---------

### રાજ્યમાં કાર્યરત સરકારી ફીઝીયોથેરાપી કોલેજ

* ૭૬૧૯ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) રાજ્યમાં હાલમાં કેટલી સરકારી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે,

(૧) રાજ્યમાં હાલમાં ૦૫ સરકારી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી ફીઝીયોથેરાપી કોલેજોની મંજુરી આપવામાં આવી, અને

(૩) સરકારી ફીઝીયોથેરાપી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો?

(૨)અને(૩) કોઇ નહી.

---------

### અમદાવાદ જિલ્લામાં 'મા' અને 'મા વાત્સલ્ય' યોજના

* ૭૬૫૬ શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ (ઘાટલોડિયા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં 'મા' અને 'મા વાત્સલ્ય' યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે,

(૧)

| વર્ષ | 'મા' યોજના | 'મા વાત્સલ્ય' યોજના |
|---|---|---|
| ૨૦૧૬ | ૪,૦૩૨ | ૨૧,૬૪૬ |
| ૨૦૧૭ | ૪,૬૫૨ | ૩૯,૨૦૦ |
| કુલ | ૮,૬૮૪ | ૬૦,૮૪૬ |

(૨) ઉક્ત મંજુર કરવામાં આવેલ દાવા માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, અને

(૨)

| વર્ષ | 'મા' યોજના | 'મા વાત્સલ્ય' યોજના |
|---|---|---|
| ૨૦૧૬ | ૬,૯૧,૬૫,૫૭૦ | ૯,૬૬,૨૧,૦૫૫ |
| ૨૦૧૭ | ૩૪,૨૩,૮૪,૪૧૭ | ૬૪,૬૦,૨૬,૭૭૨ |
| કુલ | ૪૧,૧૫,૪૯,૯૮૭ | ૭૪,૨૬,૪૭,૮૨૭ |

(૩) ઉક્ત મંજુર દાવા પૈકી હૃદય, કેન્સર અને કીડનીના રોગોમાં કેટલા દાવા મંજૂર કરવામાં આવ્યા છે?

(૩)

| 'મા' યોજના | | | |
|---|---|---|---|
| વર્ષ | હૃદય | કેન્સર | કીડની |
| ૨૦૧૬ | ૧,૩૯૧ | ૧,૭૩૬ | ૮૪૬ |
| ૨૦૧૭ | ૧,૩૫૨ | ૧,૫૦૯ | ૧,૭૩૧ |
| કુલ | ૨,૭૪૩ | ૩,૨૪૫ | ૨,૫૭૭ |
| 'મા વાત્સલ્ય' યોજના | | | |
| વર્ષ | હૃદય | કેન્સર | કીડની |
| ૨૦૧૬ | ૫,૧૬૭ | ૭,૯૪૮ | ૮,૨૮૯ |
| ૨૦૧૭ | ૬,૭૧૩ | ૯,૯૧૪ | ૨૨,૨૫૫ |
| કુલ | ૧૧,૮૮૦ | ૧૭,૮૬૨ | ૩૦,૫૪૪ |

---------

કડી તાલુકાના રંગપુરડા એપ્રોચ રોડને પહોળો કરવાનું આયોજન

* ૭૪૧૪ શ્રી કરશનભાઇ સોલંકી (કડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કડી તાલુકાના રંગપુરડા એપ્રોચ રોડ પહોળા કરવાનું સરકારનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજૂર થયેલ છે, અને | (૨) રૂ. ૧૫૦.૦૦ લાખ. |
| (૩) ઉક્ત રસ્તો કેટલા મીટર પહોળો કરવામાં આવશે? | (૩) ૧૦.૦૦ મીટર. |

---------

રાજ્યની સરકારી આયુર્વેદ કોલેજોમાં મંજુર થયેલ બેઠકો

* ૭૬૧૩ શ્રી પ્રવિણભાઇ ઘોઘારી (કરંજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કઇ સરકારી આયુર્વેદ કોલેજોમાં અનુસ્નાતક શિક્ષણ ની સુવિધાઓ ઉપલબ્ધ છે, | (૧) ૧. અખંડાનંદ સરકારી આયુર્વેદ કોલેજ, અમદાવાદ<br>૨. સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા |
| (૨) આ સરકારી આયુર્વેદ કોલેજમાં કેટલી બેઠકો મંજુર થયેલ છે, અને | (૨) ૧. અમદાવાદ – ૨૧ બેઠકો<br>૨. વડોદરા – ૧૦ બેઠકો |
| (૩) આ પૈકી કઇ કોલેજ ખાતે કયા વિષયની કેટલી બેઠકો મંજૂર થયેલ છે? | (૩) |

| અમદાવાદ | વડોદરા |
|---|---|
| કાયચિકિત્સા – ૦૬ | રસશાસ્ત્ર અને ભૈષજયકલ્પના – ૦૫ |
| પંચકર્મ – ૦૫ | દ્રવ્યગુણ વિજ્ઞાન – ૦૫ |
| શલ્યતંત્ર –૦૫ | |
| શાલાકયતંત્ર – ૦૫ | |

---------

મુન્દ્રા તાલુકાના કારાઘોઘા ડેમ પાણી પુરવઠા યોજના

* ૭૪૦૯ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ સ્થિતિએ કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાના કારાઘોઘા ડેમ આધારિત કોઇ પાણી પુરવઠા યોજના હાથ ધરવાનુ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ યોજના ઉક્ત સ્થિતિએ કયા તબકકે છે? | (૨) યોજનામાં સમાવિષ્ટ કરેલ ગામોનો સર્વેક્ષણ કરી યોજનાના નકશા અંદાજોની મંજુરીની કાર્યવાહી હાથ |

ચૈત્ર ૧, ૧૯૪૦ શાકે

અતારાંકિત પ્રશ્નો

ધરાયેલ છે.

---------

જિલ્લા તિજોરી કચેરીઓનું કોમ્પ્યુટરાઇઝેશન

* ૭૬૩૫ શ્રી શૈલેષભાઇ ભાભોર (લીમખેડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની કેટલી જિલ્લા તિજોરી કચેરીઓ ખાતે કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવેલ છે? | રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ તમામ જિલ્લા તિજોરી કચેરીઓ ખાતે કોમ્પ્યુટરાઇઝેશન થઇ ગયેલ છે. જે અંતર્ગત ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓ, ૧૩૮ પેટા તિજોરી કચેરીઓ, ૨ પગાર અને હિસાબ કચેરીઓ, ૫ પેન્શન ચૂકવણાં કચેરીઓ તથા ૧ વિભાગીય તિજોરી કચેરી અમદાવાદનો સમાવેશ થાય છે. |

---------

પાલેજ કિસનાડ ઠીકરીયા રોડને પહોળા કરવાનું આયોજન

* ૭૪૧૩ શ્રી દુષ્યંત પટેલ (ભરૂચ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકાના પાલેજ કિસનાડ ઠીકરીયા રોડને પહોળો કરવા રાજ્ય સરકારનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો આ કામ મંજૂર કરવામાં આવેલ હોય તો કેટલી પહોળાઇ નો રસ્તો કેટલી રકમનો મંજૂર કરવામાં આવ્યો છે, અને | (૨) ૮.૦૦ કિ.મી. લંબાઇ માટે રૂ. ૩૦૦ લાખ |
| (૩) આ કામ કયા તબકકે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

મહેસાણા જિલ્લામાં ચેકડેમ રીપેરીંગની કામગીરી

* ૭૪૩૯ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા ચેકડેમ રીપેરીંગ કરવામાં આવ્યા, અને | (૧) ૭૫ ચેકડેમ |
| (૨) તેનો ખર્ચ કેટલો થયો ? | (૨) રૂ.૧૩૫.૯૯ લાખ. |

---------

ગારીયાધાર તાલુકામાં સૌની યોજના

* ૯૮૩૮ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ સૌની યોજનાની લાઈન ગારીયાધાર તાલુકામાંથી પસાર થતી હોય તો ગારીયાધાર તાલુકામાં આવતા નાના તળાવો અને ચેકડેમો ભરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તે માટેનું શું આયોજન કરવામાં આવેલ છે ? | (૨) ગારીયાધાર તાલુકામાંથી પસાર થતી સૌની યોજનાની લાઈનને ક્રોસ થતા વોંકળા પર વાલ્વ મુકવાનું આયોજન છે. જેનાથી પમ્પ અને મશીનરીના સલામત પ્રેસર તથા તાંત્રિક બાબતોને ધ્યાને લઈ ૨ (બે) કિ.મી.ની મર્યાદામાં આવતાં નાના તળાવો અને ચેકડેમો ભરી શકાશે. |

---------

રાણાવાવ તાલુકામાં પ્લાન રસ્તાના રીસર્ફેસીંગના મંજુર કામો

* ૭૪૧૧ શ્રી બાબુભાઈ બોખીરીયા (પોરબંદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લાનાં રાણાવાવ તાલુકામાં પ્લાન રસ્તાના રીસર્ફેસીંગનાં કેટલા કામો મંજુર કરવામાં આવેલ છે.

(૨) ક્યા અને કેટલી રકમનાં કામો મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ?

(૧) (૨) અને (૩) રૂ.૧૧૯૪.૫૦ લાખની રકમનાં ૧૫ કામો મંજુર કરેલ છે. જેનો કામવાર તબક્કો પરિશિષ્ટ ૧ મુજબ.

પરિશિષ્ટ-૧

| ક્રમ | કામનું નામ | રકમ (રૂ. લાખમાં) | કામનો તબક્કો |
|---|---|---|---|
| ૧<br>૨ | ઇમ્પ્રુવમેન્ટ ઓફ રોડઝ ઓફ રાણાવાવ તાલુકા અન્ડર S.C.S.P. 2016-17 પેકેજ નંબરઃ- 3 અન્ડર MMGSY<br>૧) કંડોરણા બાપોદર રોડ<br>૨) ગોસા મોકર બાપોદર કંડોરણા રોડ | ૨૬૦.૦૦ | પુર્ણ |
| ૩ | ઇમ્પ્રુવમેન્ટ ઓફ રોડઝ ઓફ પોરબંદર-રાણાવાવ-કુતિયાણા તાલુકા અન્ડર નોર્મલ બજેટ ૨૦૧૬-૧૭ પેકેજ નંબરઃ- ૧ અન્ડર MMGSY<br>૧) આદિત્પરા ખારીખપ્પર રોડ | ૨૦.૦૦ | પુર્ણ |
| ૪ | ઇમ્પ્રુવમેન્ટ ઓફ રોડઝ ઓફ રાણાવાવ-કુતિયાણા તાલુકા અન્ડર S.C.S.P. 2016-17 પેકેજ નંબરઃ- ૨ અન્ડર MMGSY<br>૧) ધરમપુર આદિત્પરા રોડ | ૪૨.૦૦ | પ્રગતિમાં |
| ૫<br>૬<br>૭ | એસ.આર.ટુ રોડઝ એન્ડ સ્ટ્રકચર ઓફ રાણાવાવ તાલુકા ૨૦૧૬-૧૭<br>૧) નેરાણા એરડા રોડ<br>૨) દોલતગઢ ખીરસરા રોડ<br>૩) સ્ટેટ હાઇવે ટુ બોરડી રોડ | ૧૬૦.૦૦ | ડીટીપી મંજુરી હેઠળ |
| ૮<br>૯<br>૧૦ | ઇમ્પ્રુવમેન્ટ ઓફ રોડઝ ઓફ રાણાવાવ-કુતિયાણા તાલુકા અન્ડર S.C.S.P. 2017-18 પેકેજ નંબરઃ-1 અન્ડર MMGSL<br>૧) કેરાળા પાદરડી રોડ<br>૨) ખીજદળ એપ્રોચ રોડ<br>૩) ખીરસરા સુખપુર રોડ અપ ટુ ડિસ્ટ્રીકટ લીમીટ | ૬૭.૦૦ | ટેન્ડર તબક્કે |
| ૧૧ | બિલેશ્વર એપ્રોચ રોડ | ૨૫.૫૦ | નક્શા અંદાજ લેવલે |
| ૧૨ | ઇમ્પ્રુવમેન્ટ ઓફ ઓરિએન્ટ આદિત્પરા રોડ | ૬૦.૦૦ | ડીટીપી મંજુરી હેઠળ |
| ૧૩ | ઇમ્પ્રુવમેન્ટ ઓફ ધ્રુવાળા એપ્રોચ રોડ | ૪૦.૦૦ | ડીટીપી મંજુરી હેઠળ |
| ૧૪ | સ્ટ્રેન્ધનીંગ એન્ડ રીસર્ફેસીંગ ઓફ પોરબંદર-આદિત્યાણા રાણાવાવ રોડ કિ.મી. ૧૬/૫ થી ૧૯/૬ | ૨૦૦.૦૦ | પુર્ણ |
| ૧૫ | રીસરર્ફેસીંગ અણીયારી એપ્રોચ કિ.મી. ૦/૦ થી ૪/૭૫ | ૩૨૦.૦૦ | પ્રગતિમાં |
| | કુલ ૧૫ કામો | ૧૧૯૪.૫૦ | |

---------

શિનોર ખાતે તાલુકા સેવા સદન બાંધવાનું આયોજન

* ૭૬૩૯ શ્રી શૈલેષભાઇ મહેતા (ડભોઇ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ વડોદરા જિલ્લાના શિનોર ખાતે તાલુકા સેવા સદન બાંધવાનું આયોજન છે, કે કેમ, — (૧) હા, જી

(૨) જો હા, તો તે માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને — (૨) રૂ. ૧૦૧૧.૩૬ લાખ

(૩) આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? — (૩) કામગીરી પ્રગતિમાં.

---------

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાનાં મધ્યમ અને મોટા ડેમો

* ૯૮૫૬ ડૉ. અનીલ જોષીયારા (ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલ છે,

(૧)

| જિલ્લો | તાલુકો | ડેમોની સંખ્યા | |
|---|---|---|---|
| | | મધ્યમ | મોટા |
| અરવલ્લી | માલપુર | ૦ | ૧ |
| | ભિલોડા | ૧ | ૧ |
| | મોડાસા | ૧ | ૦ |
| સાબરકાંઠા | વિજયનગર | ૧ | ૦ |
| | હિંમતનગર | ૧ | ૦ |
| | ખેડબ્રહ્મા | ૧ | ૦ |

(૨) આ ડેમો કયારે બનાવવામાં આવ્યા, અને

(૨)

| | | | |
|---|---|---|---|
| અરવલ્લી જિલ્લો | મધ્યમ ડેમ | માઝમ | ૧૯૮૪ |
| | | મેશ્વો | ૧૯૭૧ |
| | મોટા ડેમ | વાત્રક | ૧૯૮૪ |
| | | હાથમતી | ૧૯૭૧ |
| સાબરકાંઠા જિલ્લો | મધ્યમ ડેમ | હરણાવ | ૧૯૯૦ |
| | | ગુહાઇ | ૧૯૯૦ |
| | | ખેડવા | ૨૦૦૯ |

(૩) ઉક્ત સ્થિતિએ મધ્યમ અને મોટા ડેમો છેલ્લા બે વર્ષમાં કેટલા બનાવવામાં આવ્યા? — (૩) શૂન્ય.

---------

### તાપી જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજનાના લાભાર્થીઓ

* ૭૬૩૩ શ્રી વિનોદભાઇ મોરડીયા (કતારગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૧૭ની સ્થિતિએ તાપી જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને — (૧) કુલ ૪૪૦૭૮

(૨) આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? — (૨) કુલ રૂ. ૩,૪૬,૬૯,૧૦૦/-

---------

### નર્મદા ડેમમાં પાણીનો જથ્થો

* ૯૧૪૩ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) નર્મદા ડેમમાં તા.૧૫-૦૨-૨૦૧૮ની સ્થિતિએ પાણીનો કુલ જથ્થો કેટલો છે તથા ડેડ વોટર કેટલું છે, — (૧) તા.૧૫-૦૨-૨૦૧૮ની સ્થિતિએ સરદાર સરોવર ડેમમાં પાણીનો કુલ જથ્થો ૩૭૬૯.૮૪ MCM (મીલીયન ઘન મીટર) જેમાં ડેડ વોટરનો જથ્થો ૩૭૦૦

(૨) ઉક્ત ઉપલબ્ધ પાણીના જથ્થામાંથી પીવાના પાણી માટે, ખેતી માટે તથા ઉદ્યોગ માટે કેટલા જથ્થાની ફાળવણી કરવામાં આવી છે, અને

MCM હતો.

(૨) સરદાર સરોવર યોજના આંતર રાજ્ય યોજના હોઇ, તેમાં રાજ્યનું પાણી ઉપરાંત અન્ય રાજ્યોનુ પાણી પણ સંગ્રહ કરવામાં આવતું હોઇ તથા સમગ્ર વર્ષ દરમ્યાન પાણીનો ઓછો–વધતો ઇનફ્લો રહેતો હોઇ, ડેમના સંગ્રહની વિવિધ હેતુઓ માટે સીધે સીધી ફાળવણી કરવામાં આવતી નથી પરંતુ જળવર્ષ દરમ્યાન રાજ્યને મળવા પાત્ર હીસ્સાને ધ્યાને લઇ વિવિધ જરૂરીયાત માટે આયોજન કરવામાં આવે છે.

ઉક્ત ઉપલબ્ધ જથ્થો તથા ગુજરાતને મળવા પાત્ર બાકીનો જથ્થો ધ્યાને લઇ જળવર્ષ ૨૦૧૭–૧૮માં તા. ૧૫–૦૨–૨૦૧૮ થી તા. ૩૦–૦૬–૨૦૧૮ દરમ્યાન નીચે મુજબ વપરાશ અંદાજવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧) ખેતી માટે | ૬૨૭ MCM |
| ૨) પીવા તથા ઘર વપરાશ | ૭૪૦ MCM |
| ૩) ઉદ્યોગો માટે | ૨૦ MCM |
| કુલ...... | ૧૩૮૭ MCM |

(૩) ઉક્ત ફાળવેલ જથ્થો ઉક્ત માંગણીઓ માટે પુરતો છે કે કેમ?

(૩) ઉક્ત જરૂરીયાત માટે ઉક્ત જથ્થો પૂરતો છે.

---------

ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદના નવીનીકરણની યોજના

* ૭૬૪૩ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદના નવીનીકરણ / વિસ્તરણની કોઇ યોજના છે, અને

(૧) હા, જી.

(૨) આ યોજના માટે તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી ?

(૨) રૂ.૩૦.૦૦ કરોડ

---------

ઉમરગામ તાલુકામાં જુથ પાણી પુરવઠા યોજના

* ૭૪૦૩ શ્રી અરવિંદભાઈ પટેલ (ધરમપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) વર્ષ ૨૦૧૭–૧૮માં ઉમરગામ તાલુકામાં પુર્વ ભાગના ગામો માટે કોઈ જુથ પાણી પુરવઠા યોજના બાનવવાનું આયોજન કરવામાં આવેલ કે કેમ,

(૧) હા, જી

(૨) જો હા, તો ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉક્ત યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ, અને

(૨) ૧૬ ગામો

(૩) ઉક્ત યોજનાની ઉક્ત સ્થિતિ ેએ શું છે ?

(૩) ઉમરગામ પુર્વ ભાગ જુથ યોજનાના કામો પૂર્ણ થયેલ છે. તા.૧–૧–૨૦૧૮ થી પાણી પુરવઠો નિયમિત ચાલુ કરવામાં આવેલ છે.

---------

અરવલ્લી જીલ્લામાં નવીન હેન્ડપંપનું શારકામ

* ૭૩૯૫ શ્રી હિતુ નરેશ કનોડીયા (ઈડર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) ૨૦૧૭માં વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા નવિન હેન્ડપંપ (બોર) શારકામ કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા બોર પર હેન્ડપંપ બેસાડવામાં આવ્યા ?

(૧) અને (૨) વર્ષ ૨૦૧૭ તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિ ેએ અરવલ્લી જિલ્લામાં નીચે મુજબ હેન્ડપંપ (બોર) શારવાની કામગીરી કરવામાં આવી

| તાલુકો | કુલ શારવામાં | સફળ | નિષ્ફળ | બેસાડેલ |
|---|---|---|---|---|

| | આવેલ નવિન હેન્ડપંપ(બોર) | બોર | બોર | હેન્ડપંપ |
|---|---|---|---|---|
| ભિલોડા | ૧૯૮ | ૧૭૮ | ૨૦ | ૧૭૮ |
| મેઘરજ | ૨૬૪ | ૨૩૯ | ૨૫ | ૨૩૯ |
| મોડાસા | ૫૦ | ૫૦ | ૦૦ | ૫૦ |
| ધનસુરા | ૭૮ | ૭૪ | ૦૪ | ૭૪ |
| બાયડ | ૧૫૪ | ૧૪૮ | ૦૬ | ૧૪૮ |
| માલપુર | ૭૫ | ૬૯ | ૦૬ | ૬૯ |
| કુલ | ૮૧૯ | ૭૫૮ | ૬૧ | ૭૫૮ |

---------

ખેડા જિલ્લામાં 'મા' અને 'મા વાત્સલ્ય' યોજના

* ૭૬૫૭ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને 'મા' અને 'મા વાત્સલ્ય' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) જિલ્લામાં તમામ લાભાર્થીને આ કાર્ડ મળી રહે તે માટે શું વ્યવસ્થા કરાઇ છે ?

જવાબ

(૧)

| | |
|---|---|
| 'મા' યોજના | ૩૪૬ |
| 'મા વાત્સલ્ય' યોજના | ૭૭,૬૪૩ |

(૨) ઉક્ત સ્થિતિએ તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે જિલ્લાના દરેક તાલુકાઓમાં એક (૧) એમ કુલ દસ (૧૦) કીઓસ્ક ઉભા કરવામાં આવેલ છે. અને વધુમાં સમગ્ર રાજ્યમાં સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત 'મા' અને 'મા વાત્સલ્ય' યોજનાના કાર્ડ કાઢી આપવાની કામગીરી કરવામાં આવેલ છે.

---------

ડાંગ જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજના

* ૭૩૯૯ શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ તથા વર્ષ ૨૦૧૬–૧૭ માં ડાંગ જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા કુલ કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ મંજુર કરવામાં આવી, અને

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલી યોજનાઓ શરૂ કરવામાં આવી તથા કેટલી યોજનાઓ પ્રગતિ હેઠળ છે ?

જવાબ

(૧) અને (૨)

વર્ષ ૨૦૧૫–૧૬ તથા ૨૦૧૬–૧૭માં ડાંગ જિલ્લામાં મંજુર કરેલ તમામ ૪૫ મીની પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ કરી શરૂ કરેલ છે.

---------

રાજ્યમાં કાર્યરત સરકારી ફિઝિયોથેરાપી કોલેજો

* ૭૫૯૮ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં હાલમાં કેટલી સરકારી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી નવી સરકારી ફીઝીયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) સરકારી ફીઝીયોથેરાપી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં ૦૫ સરકારી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે.

(૨) અને (૩)

કોઇ નહીં.

---------

પંચમહાલ જિલ્લામાં થેલેસેમીયાના દર્દીઓ

* ૭૬૪૮ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર થેલેસેમીયાના કુલ કેટલા દર્દીઓ છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલા કેસો |
|---|---|---|
| ૧ | શહેરા | ૦૮ |
| ૨ | મોરવા હડફ | ૦૦ |
| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલા કેસો |
| ૩ | ગોધરા | ૫૦ |
| ૪ | કાલોલ | ૦૦ |
| ૫ | ઘોઘમ્બા | ૦૬ |
| ૬ | હાલોલ | ૦૨ |
| ૭ | જાંબુઘોડા | ૦૦ |
| | કુલ દર્દીઓ | ૬૬ |

(૨) આ દર્દીઓને માસિક કેટલા લોહીની જરૂર પડે છે ?

(૨) ઉક્ત તાલુકામાં થેલેસેમીયાની સારવાર માટે આવતા દર્દીઓને માસિક સામાન્યતઃ ૧ થી ૨ બોટલ લોહીની જરૂર પડે છે.

---------

રાજ્યમાં કાર્યરત સરકારી ફીઝીયોથેરાપી કોલેજો

* ૯૦૪૦ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે,

(૧) ૦૫.

(૨) તે પૈકી કેટલી સરકારી છે અને કેટલી ખાનગી કોલેજો છે,

(૨) રાજ્યમાં ૦૫ સરકારી અને ૭૩ ખાનગી ફીઝીયોથેરાપી કોલેજો છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી ફીઝીયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩)

| ક્રમ | વર્ષ | નવી મંજુર થયેલ કોલેજોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૬-૧૭ | ૨૩ |
| ૨ | ૨૦૧૭-૧૮ | ૦૧ |

(૪) ઉક્ત સ્થિતિએ નવી મંજૂરી આપવામાં આવેલ કોલેજો પૈકી કેટલી ખાનગી અને કેટલી સરકારી કોલેજોનો સમાવેશ થાય છે ?

(૪) ૨૪ ખાનગી.

---------

રાજ્યમાં થેલેસેમીયાના દર્દીઓ

* ૭૬૫૩ શ્રી સુરેશભાઈ પટેલ (મણીનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં થેલેસેમીયાના દર્દીઓ માટે કોઇ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો થેલેસેમીયાના દર્દીઓની સારવાર માટે સરકાર દ્વારા કેવા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવેલ છે ?

(૨) (૧) થેલેસેમીયાના દર્દીઓની નિદાન અને લેબોરેટરીની વ્યવસ્થા કરવામાં આવે છે.

(૨) લોહી અને લોહીના ઘટકો તેમજ ચીલેટીંગ એજન્ટની વ્યવસ્થા કરવામાં આવે છે.

(૩) શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ તથા સારવાર કરવામાં આવે છે.

(૪) પોઝીટીવ દર્દીઓની કાઉન્સેલર મારફતે મેરેજ કાઉન્સેલીંગ કરવામાં આવે છે.

(૫) સદર દર્દીઓની દવાઓ માટે જીએમએસસીએલ ને

રૂ.૫૦ લાખનું અનુદાન ફાળવેલ છે.
(૬) નિશ્ચિત જાતિઓમાં થેલેસેમીયા બાળકોમાં ન ઉતરે તેના માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે લગ્ન પહેલાં યુવક યુવતિઓની થેલેસેમીયા ટ્રેટના નિદાન માટે આયોજન કરવામાં આવે છે.

---------

મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં રસ્તાના જોબનંબર

* ૭૧૪૩ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા તથા મહેસાણા જિલ્લામાં તાલુકાદીઠ કેટલા રસ્તાઓને છેલ્લા બે વર્ષમાં જોબ નંબર આપવામાં આવ્યા, | (૧) પરિશિષ્ટ મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા રસ્તાઓને જોબ નંબર આપવાના બાકી છે, અને<br>(૩) બાકી રહેલ રસ્તાઓને કેટલા સમયમાં જોબ નંબર આપી કામ શરૂ કરવામાં આવશે ? | (૨) અને (૩)<br>રસ્તાના જોબ નંબર, રસ્તાની સપાટી, ટ્રાફીકનું ભારણ અને રસ્તાની આંતરીક અગ્રતા ધ્યાને લઈ મંજુર કરવામાં આવતા હોઈ હાલ કોઈ આયોજન નથી. |

પરિશિષ્ટ

| જિલ્લો | તાલુકો | |
|---|---|---|
| બનાસકાંઠા | દાંતા | ૩૯ |
| ,, | અમીરગઢ | ૨૯ |
| ,, | પાલનપુર | ૭૬ |
| ,, | ડીસા | ૭૫ |
| ,, | લાખણી | ૨૯ |
| ,, | થરાદ | ૪૦ |
| ,, | સુઇગામ | ૨૫ |
| ,, | વાવ | ૨૬ |
| ,, | કાંકરેજ | ૫૮ |
| ,, | ભાભર | ૩૬ |
| ,, | દિયોદર | ૪૨ |
| ,, | દાંતીવાડા | ૨૫ |
| ,, | ધાનેરા | ૩૭ |
| ,, | વડગામ | ૬૭ |
| મહેસાણા | સતલાસણા | ૧૭ |
| ,, | ખેરાલું | ૪૯ |
| ,, | વડનગર | ૩૧ |
| ,, | વિસનગર | ૫૬ |
| ,, | વિજાપુર | ૫૬ |
| ,, | ઉંઝા | ૪૪ |
| ,, | કડી | ૯૩ |
| ,, | મહેસાણા | ૧૭૫ |
| ,, | જોટાણા | ૫ |
| ,, | બેચરાજી | ૨૧ |

---------

એસ્સાર પાવર કંપની પાસેથી ઈલેક્ટ્રીક ડ્યુટીની બાકી વસુલાત

* ૯૮૫૩ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ નામદાર | (૧) ના, જી. |

## અતારાંકિત પ્રશ્નો

સુપ્રિમ કોર્ટ દ્વારા એસ્સાર પાવર કંપનીને ઇલેક્ટ્રીક ડ્યુટીના રૂ.૧૦૩૮ કરોડ રાજ્ય સરકારને ચૂકવવા આદેશ કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ આદેશ ક્યારે કરવામાં આવ્યા અને કેટલી સમય મર્યાદામાં આ રકમ ભરવાના આદેશ કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ્સાર પાવર દ્વારા ઇલેક્ટ્રીક ડ્યુટીની કેટલી રકમ સરકારમાં ક્યારે જમા કરાવી ?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### રાજકોટ જિલ્લામાં ટપક સિંચાઇ સહાય

* ૭૬૫૯ શ્રી લાખાભાઈ સાગઠીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ ટપક સિંચાઇ સહાય માટે કેટલી અરજીઓ મંજુર કરી, | (૧) ૧૯,૫૪૫ અરજીઓ મંજુર કરી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવવામાં આવી, અને | (૨) રૂ.૧૧૫૯૧.૫૪ લાખ સહાય ચૂકવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) ૨૦૨૯ અરજીઓની સહાય ચૂકવવાની બાકી. |

---------

### વલસાડ જિલ્લામાં દરિયાઇ ધોવાણ અટકાવવાની કામગીરી

* ૭૪૨૭ શ્રી કનુભાઈ દેસાઇ (પારડી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં દરિયાઇ ધોવાણથી થતું નુકશાન અટકાવવા કોઇ કામગીરી હાથ ધરાયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી લંબાઇમાં કામગીરી હાથ ધરાયેલ છે, | (૨) પારડી તાલુકામાં ૧૧૩૨ મીટર લંબાઇમાં કામગીરી હાથ ધરાયેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) પારડી તાલુકો – ૬૫૪.૨૫ લાખ. |
| (૪) આ કામોથી તાલુકાવાર કેટલા ગામોને લાભ થયેલ છે ? | (૪) પારડી તાલુકો – ૨ ગામો. |

---------

### યુ.એન. મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદમાં આપવામાં આવતી તબીબી /સેવાઓ

* ૭૬૪૬ શ્રી કનુભાઈ પટેલ (સાણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદના યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી, અને | (૧) ૫,૪૨,૨૯૮. |
| (૨) આ પૈકી કેટલાને આઉટડોર, ઇન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી ? | (૨) આ પૈકી નીચે મજુબના દર્દીઓને આઉટડોર, ઇન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી. |

| સારવારની વિગત | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
|---|---|---|
| આઉટડોર | ૨,૩૭,૨૩૨ | ૨,૪૬,૩૨૪ |

| | | |
|---|---|---|
| ઈન્ડોર | ૨૮,૭૦૯ | ૩૦,૦૩૩ |
| કુલ દર્દીઓ | ૨,૬૫,૯૪૧ | ૨,૭૬,૩૫૭ |
| ઉક્ત ઈન્ડોર અને આઉટડોર પૈકી સર્જીકલ સારવાર લીધેલ દર્દીઓની સંખ્યા નીચે મુજબ છે. | | |
| વર્ષ | ૨૦૧૬ | ૨૦૧૭ |
| સર્જીકલ | ૨૨,૮૭૫ | ૨૪,૨૬૦ |

---------

જુનાગઢ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થીઓ

* ૭૬૩૦ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જુનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૧૦૮ સેવાઓ દ્વારા છેલ્લા બે વર્ષમાં પ્રસુતિના કેટલા દર્દીઓને રીફર કરેલ છે ? | વર્ષઃ ૨૦૧૬ માં ૭,૮૦૮ અને વર્ષઃ ૨૦૧૭ માં ૯,૬૦૩. |

---------

**પોઈન્ટ ઓફ ક્લેરિફિકેશન**

રેકર્ડ ઉપર ખોટી માહિતી આવવા અંગે

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારું પોઈન્ટ ઓફ ક્લેરિફિકેશન છે. માનનીય નાણામંત્રીશ્રીએ જે પ્રશ્નોત્તરીમાં જવાબ આપ્યો અને એમાં કોસ્ટલ હાઈવેનો આપે ઉલ્લેખ કર્યો. એ હાઈવેમાં ભાવનગરથી સોમનાથ સુધી મારે ફક્ત મંત્રીશ્રીને એટલું જ કહેવાનું કે તમે કર્યુ હોય, તમારા શાસનમાં કર્યુ હોય, સારી વાત છે. ગુજરાતની પ્રજા પણ જાણે છે. બધાએ સ્વીકારવું પડે. જ્યારથી જે થયું છે. સોમનાથથી ભાવનગર સુધીનો કોસ્ટલ હાઈવેનો રસ્તો એ યુ.પી.એ. સરકાર વખતે મંજૂર થયેલો અને એનું ટેન્ડર પણ બહાર પડી ગયેલું. મનમોહનસિંહ સરકાર વખતે. વિધાનસભાના રેકર્ડ ઉપર આ પ્રકારની માહિતી રહે એ બરાબર નથી. ત્યારપછી નીતિન ગડકરી આવ્યા. તમે આવ્યા અને સોમનાથ ખાતે ખાતમુહૂર્ત કર્યુ એ વાત સાચી. સળંગ એક રસ્તો હતો એટલે ટેન્ડર એજન્સી કોઇ આવી નહોતી. પછી તમે એના ભાગ કર્યા એ એન.ડી.એ. સરકારે કર્યા છે એ વાત સાચી. પણ આટલી હકીકત રેકર્ડ ઉપર હોવા છતા એને મારી મચડીને આપણે એમ કહીએ કે અમે જ કર્યુ છે આ વાત બરાબર નથી. વિધાનસભાનો રેકર્ડ બરાબર રહે. આટલી ખોટી હકીકત રેકર્ડ ઉપર મૂકવી એ આપના માટે વ્યાજબી નથી.

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ રસ્તાને સૈદ્ધાંતિક મંજૂરી આપવી, નેશનલ હાઈવે જાહેર કરવો એક ભાગ છે. એના માટેનું બજેટ ફાળવવું એ બીજો ભાગ છે અને આર.સી.સી. રોડ બનાવવો. આપણે બધા જાણીએ છીએ કે ડામર રસ્તા કરતા આર.સી.સી. રોડની કિંમત અનેકગણી વધારે થાય છે. તમારી વખતે વાત હતી તે સાદા રસ્તાની વાત હતી. ખાલી જાહેરાતની વાત હતી. કોઇ નક્કર વાત નહોતી. કોઇ બજેટ જોગવાઈ નહોતી. એટલે કાગળ ઉપર જેમ તમે અમને કહો છો આ કાગળ ઉપર છે. એવું કઇ હશે. અમે તો આર.સી.સી. રસ્તો બનાવીએ છીએ. આખું ગુજરાત જોવે છે. અને ભવિષ્યમાં લાખો લોકો દર વર્ષે એ રસ્તાનો ઉપયોગ કરવાના છે. એટલે તમે તમારી રીતે કહો. અમે અમારી રીતે કહીએ છીએ.

**અધ્યક્ષશ્રીને અધ્યક્ષપદેથી દૂર કરવા માટેનો નિયમ–૧૦૩ નીચેનો પ્રસ્તાવ**

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ પરમારનો પ્રસ્તાવ છે કે આ સભાગૃહ વિધાનસભાના અધ્યક્ષને અધ્યક્ષપદેથી દૂર કરવા ઠરાવે છે. પ્રસ્તાવ રજૂ કરવા માટે પરવાનગી આપવાની તરફેણમાં હોય તે માનનીય સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઊભા થાય. (આ તબક્કે હાજર રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ પોતાની જગ્યા ઉપર ઊભા થતા ) પ્રસ્તાવ રજૂ કરવાની માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારને પરવાનગી મળે છે. નિયમોની જોગવાઇ અનુસાર આ પ્રસ્તાવ ઉપરની ચર્ચા પ્રસ્તાવની સૂચનાની ૧૪ દિવસની મુદત પૂરી થયેથી ૭ દિવસ કરતા મોડા નહિ તેવા કોઇપણ દિવસે હાથ ધરવાની રહે છે. તેથી આ પ્રસ્તાવની ચર્ચા માટેની તારીખ અને સમયની જાહેરાત હવે પછી કરવામાં આવશે. નેક્સ્ટ.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

**શ્રમ અને રોજગાર વિભાગ**

**માગણી ક્રમાંક–૫૭**

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૨,૧૨,૦૫,૪૯,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૩૧,૦૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૫૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૫૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.**

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.**

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પુ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.**

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.**

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.**

**મહેસૂલ વિભાગ**

**માગણી ક્રમાંક–૭૮**

શ્રી કૌશિકભાઇ જ. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫,૪૭,૯૩,૦૯,૦૦૦/–ની માગણી ક્રમાંક–૭૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૭૮ રજૂ કરવામાં આવી.**

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.**

**મહેસૂલ વિભાગ**

**માગણી ક્રમાંક–૭૯**

શ્રી કૌશિકભાઇ જ. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફત અંગેની રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૬,૯૯,૮૭,૯૭,૦૦૦/– તથા મૂડી ખર્ચ માટેની રૂપિયા ૮૦,૨૫,૪૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૭૯રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૭૯ રજૂ કરવામાં આવી.**

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૮–૧૯**ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરૂ**વાર, તા.૨૨–૩–૨૦૧૮ (અગિયારમો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **શ્રમ અને રોજગાર વિભાગ<br>માગણી નં. ૫૭** | | | | |
| ૧ | ૨૨૩૦-શ્રમ ... વિકાસ<br>૦૧-શ્રમ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-LBR-1 શ્રમ આયુક્ત<br>રૂ. ૧૨,૦૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૬ અને ૭ | ૧૦૦ | રાજ્યમાં નવા સ્થપાયેલા ઉદ્યોગોમાં સ્થાનિક યુવાનોને અપાયેલ રોજગારીની વિગતો પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (સંતોકબેન આરેઠીયા અને કાન્તીભાઇ ખરાડી) |
| ૨ | -- ʻʻ -- | ૧૦૦ | શ્રમિકો માટે પૂરતું ભંડોળ હોવા છતાં તેઓ માટેના આવાસો ઝડપથી બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ (ગેનીબેન ઠાકોર અને નથાભાઇ પટેલ) |
| ૩ | -- ʻʻ -- | ૧૦૦ | શ્રમિકો માટેની સરકારી યોજનાના લાભોની જાણકારી શ્રમિકો સુધી પહોંચાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અલ્પેશ ઠાકોર (અશ્વિનભાઇ કોટવાલ અને કીરીટકુમાર પટેલ) |
| ૪ | -- ʻʻ -- | ૧૦૦ | અંતરિયાળ વિસ્તારોમાં સ્થાનિકોને ઘરઆંગણે રોજગારીની તકો મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઇ સોઢાપરમાર (ચંદનજી ઠાકોર અને જશપાલસિંહ પઢિયાર) |
| ૫ | -- ʻʻ -- | ૧૦૦ | રોજગારીની વધુ તકો ઉભી થાય તે માટે જરૂરી આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ (સુનિલભાઇ ગામીત અને અનંતકુમાર પટેલ) |
| ૬ | -- ʻʻ -- | ૧૦૦ | બાળ મજૂર ધારાનો સખ્તાઇથી અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અક્ષયકુમાર પટેલ (પુનમભાઇ પરમાર, રાજેન્દ્રસિંહ પરમાર અને સંજયભાઇ સોલંકી) |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | ૨૨૩૦-શ્રમ .... વિકાસ<br>૦૨-રોજગાર સેવાઓ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૩૭,૭૨,૫૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૨૬ થી ૨૮ | ૧૦૦ | વર્ષોથી નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચાવડા<br>(સુખરામભાઇ રાઠવા,<br>ડૉ. આશાબેન પટેલ અને ભરતજી ઠાકોર) |
| ૮ | -- ‘‘ -- | ૧૦૦ | રોજગાર વિનીમય કચેરીમાં ભણેલા, અર્ધશિક્ષિત અને ઓછા ભણતરવાળા કેટલા બેરોજગારો નોંધાયેલા છે તેની વિગતો પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા<br>(ઇમરાન ખેડાવાલા અને ધવલસિંહ ઝાલા) |
| ૯ | ૨૨૩૦-શ્રમ....વિકાસ<br>૧૦૧–ઔધોગિક...સંસ્થા<br>(કે.પુ.યો.)<br>૦૧–EMP-1<br>સરકારી...યોજના<br>રૂ. ૩,૯૧,૨૬,૮૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૩૩ અને ૩૪ | ૧૦૦ | ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત<br>(નૌશાદ સોલંકી અને રાજેશકુમાર ગોહિલ) |
| ૧૦ | -- ‘‘ -- | ૧૦૦ | ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી આનંદભાઇ ચૌધરી<br>(ઋત્વિકભાઇ મકવાણા<br>અને પરસોત્તમ સાબરીયા) |
| **મહેસૂલ વિભાગ<br>માંગણી નં. ૭૮** | | | | |
| ૧૧ | ૨૦૫૩-જિલ્લા વહીવટ<br>૦૯૩ –જિલ્લા ... વર્ગ<br>૦૧-કલેક્ટર કચેરીઓ<br>રૂ. ૧,૯૨,૫૮,૫૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પાના નં. ૬૦ અને ૬૧ | ૧૦૦ | કલેક્ટર કચેરીઓમાં ચાલતી એજન્ટ પ્રથા બંધ કરાવવામા તંત્રની નિષ્ફળતા | શ્રી લાખાભાઇ ભરવાડ<br>(પુનાભાઇ ગામીત અને હિંમતસિંહ પટેલ) |
| ૧૨ | -- ‘‘ -- | ૧૦૦ | સંકલન સમિતિઓમાં ધારાસભ્યોએ પૂછેલા પ્રશ્નોના સાચા જવાબ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહમદજાવીદ પીરઝાદા<br>(જીતુભાઇ ચૌધરી અને લલીતભાઇ કગથરા) |
| ૧૩ | -- ‘‘ -- | ૧૦૦ | જનસેવા કેન્દ્રમાં કર્મચારીઓની ગેરહાજરી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષિયારા<br>(રાજેન્દ્રસિંહ પરમાર અને વિમલભાઇ ચુડાસમા) |
| ૧૪ | -- ‘‘ -- | ૧૦૦ | મામલતદાર કચેરીઓના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જવાહરભાઇ ચાવડા<br>(બ્રિજેશ મેરજા અને વલ્લભભાઇ ધારવિયા) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | -- ‘‘ -- | ૧૦૦ | જમીનોને લગતી ફાઈલોમાં થતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (મોહનલાલ વાળા અને ચિરાગભાઈ કાલરીયા) |
| ૧૬ | -- ‘‘ -- | ૧૦૦ | જમીનની રી–સર્વેની કામગીરીમાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઈ બારડ (લલીત વસોયા, જે.વી.કાકડિયા અને ઈન્દ્રજીતસિંહ પરમાર) |
| ૧૭ | ૨૦૫૩-જિલ્લા વહીવટ<br>૦૯૩ –જિલ્લા ... વર્ગ<br>૦૧-કલેક્ટર કચેરીઓ<br>રૂ. ૧,૯૨,૫૮,૫૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પાના નં. ૬૦ અને ૬૧ | ૧૦૦ | કલેક્ટર કચેરીમાં પ્રજાના પ્રશ્નો હલ ન થતાં, આત્મવિલોપનના વારંવાર બનતાં બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઈ જોષી (હર્ષદકુમાર રીબડીયા અને કાળાભાઈ ડાભી) |
| ૧૮ | | ૧૦૦ | કલેક્ટર કચેરીમાં મધ્યમ વર્ગના લોકોના પ્રશ્નો એજન્ટો સિવાય હલ થઈ શકતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઈ માડમ (બાબુભાઈ વાજા અને ભાવેશભાઈ કટારા) |
| | | **માંગણી નં. ૭૯** | | |
| ૧૯ | ૨૨૪૫-કુદરતી ... રાહત<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨,૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧, પાના નં. ૮૯ | ૧૦૦ | અછત અને અતિવૃષ્ટિથી થતા નુકસાનના આંકડા સમયસર રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઈ ઠુમ્મર (વજેસિંગભાઈ પણદા અને કનુભાઈ બારૈયા) |
| ૨૦ | -- ‘‘ -- | ૧૦૦ | દુષ્કાળ અને આફત સમયે જે–તે વિસ્તારોને તાકીદે અસરગ્રસ્ત વિસ્તાર જાહેર કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઈ મારૂ (શીવાભાઈ ભુરીયા અને ચંદ્રીકાબેન બારીયા) |
| ૨૧ | -- ‘‘ -- | ૧૦૦ | કુદરતી આપત્તિઓ સમયે લાભાર્થીઓને પુરાવાના અભાવે સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૨૨ | ૨૨૪૫-કુદરતી .... રાહત<br>૦૧-અનાવૃષ્ટિ<br>૧૦૨-પીવાના...પુરવઠો<br>રૂ.૧૫,૧૦,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પાના નં. ૯૦ અને ૯૧ | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં સમયસર તેમજ પ}રતું પીવાનું પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળિયા |
| ૨૩ | -- ‘‘ -- | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં પાણીના ટેન્કરો દ્વારા પાણીની વહેંચણીમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| *૨૪ | -- ‘‘ -- | ૧૦૦ | કુદરતી આફતોથી બચવા માટે નક્કર આગોતરું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી.જે.ચાવડા |

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા**

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

**અધ્યક્ષશ્રી :** હવે રજૂ થયેલી માગણીઓ અને કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે શ્રમ અને રોજગારની માગણી ક્રમાંક–૫૭ ઉપર મારા વિચારો રજૂ કરું છું. શ્રમ અને રોજગાર વિભાગ અંતર્ગત આ રાજ્યમાં શિક્ષણ હોય, આરોગ્ય હોય કે રોજગારીને લગતી કાયદાકીય સલામતિની બાબત હોય તે રાજ્ય સરકારની જવાબદારીની બાબત છે. જે રીતે આ રાજ્યની અંદર ૧૫ થી ૨૪ વર્ષના યુવાનોની સંખ્યા ૧,૧૬,૪૬,૪૮૨ છે એટલે કે લગભગ ૧૯.૦૩ ટકા જેટલી છે. તેની સામે ૨૫ થી ૩૪ વર્ષના યુવાનોની સંખ્યા ૧,૪૯,૦૦,૩૫૦ છે. એટલે કે ૧૬.૦૬ ટકા જેટલી યુવાનોની સંખ્યા છે. આમ રાજ્યમાં ૧૫ વર્ષથી ૩૪ વર્ષના યુવાનોની સંખ્યા ૨,૧૬,૫૫, ૮૩૨ છે. એટલે કે રાજ્યમાં ૩૫.૦૯ ટકા યુવાનોની સંખ્યા છે ત્યારે સરકારની જવાબદારી થાય છે કે યુવાનોને શિક્ષણ ક્ષેત્રે મેડિકલ કોલેજ હોય, ડિગ્રી કોલેજો હોય, ડિપ્લોમા કોલેજો હોય, આઇ.ટી.આઇ. કોલેજો હોય તેમાં સરકારી કોલેજો સિવાય સ્વનિર્ભર કોલેજો, સેલ્ફ ફાઇનાન્સ કોલેજો રાજ્યમાં ખૂબ જ પ્રમાણમાં આ ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા ૨૨ વર્ષમાં આપી છે. ત્યારે આંકડાકીય માહિતી જોઇએ તો રોજગાર કચેરી દ્વારા ૨૦૧૫ની અંદર ૬ લાખ ૭૭ હજાર બેરોજગારો નોંધાયા તો તેની સામે ફકત ૩ લાખ ૫૧ હજારને રોજગારી મળી. ૨૦૧૬માં ૫ લાખ ૯૮ હજાર બેરોજગારો નોંધાયા તો તેની સામે ફકત ૩ લાખ ૭૫ હજારને રોજગારી મળી. એકબાજુ ગરીબ ઘરના મા–બાપ પોતાના દીકરાને જયારે મહેનત મજૂરી કરીને ભણાવે છે ત્યારે દુઃખ સાથે કહેવું પડે છે કે આ રાજ્યની અંદર જે અશિક્ષિત લોકો છે તે કદાચ બેકાર હોય તો સમજી શકાય છે. પણ રાજ્ય સરકાર એમ દાવો કરતી હોય કે સૌથી વધારે નોકરી અમારા રાજમાં આપી છે તો હું આ સભાગૃહ સમક્ષ એના આંકડા મૂકવા માગુ છું. આજે રાજ્યના ઇજનેરી વિભાગો છે જેમાં સિવિલ એન્જિનિયર, મિકેનિકલ એન્જિનિયર, ઇલેક્ટ્રિકલ એન્જિનિયરમાં ૨૦૧૫માં ૧૭,૧૧૯ એન્જિનિયરો આ રાજ્યમાં બેકાર હતા અને ૨૦૧૬માં ૧૭૦૦૦ કરતા પણ વધારે એન્જિનિયર કક્ષાના યુવાનો આ રાજ્યમાં બેકાર હતા. ઇજનેરીમાં અનુસ્નાતક ડીગ્રી કરેલા યુવાનો ૨૦૧૫માં ૪૬૬ અને ૨૦૧૬માં ૪૬૮ બેકાર હતા. સ્નાતક જે બેરોજગાર રહ્યા એ ૨૦૧૫માં ૧.૭૩૦૦૦થી વધારે અને ૨૦૧૬માં ૧.૫૨૦૦૦થી પણ વધારે રહ્યા. એજ રીતે અનુસ્નાતકો ૨૦૧૫માં ૩૮,૪૦૦ અને ૨૦૧૬માં ૩૨,૬૧૦ કરતા પણ વધારે બેરોજગારો રહ્યા છે. એક બાજુ ડીપ્લોની કોલેજો સરકારી છે બીજી બાજુ સ્વનિર્ભર અને સેલ્ફ ફાઇન્સના માધ્યમથી જે ડીપ્લોની કોલેજો રાજ્ય સરકારે ખોલી છે એને કારણે આજે પણ ગુજરાતમાં ડીપ્લો કરેલા જે એન્જિનિયરો છે ૨૦૧૫માં ૪૭,૦૦૦ કરતા વધારે અને ૨૦૧૬માં ૪૧,૦૦૦ કરતા પણ વધારે બેરોજગાર રહેલા છે. એક બાજુ ગુજરાતમાં વાઇબ્રન્ટ ગુજરાત થયું ૨૦૦૩ થી ૨૦૧૫માં સરકારે વિધાનસભામાં જે આંકડા રજૂ કર્યા છે તે આંકડાને આધિન કહેવા માગુ છું કે, ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૧, ૨૦૧૩ અને ૨૦૧૫માં ફકત ૧૭.૦૬,૦૦૦ યુવાનોને જ આ વાઇબ્રન્ટ ગુજરાતના માધ્યમથી નોકરી મળી છે. એની સામે ૨૦૦૭નું જયારે ગુજરાતમાં સમિટ થયું ત્યારે એમ કહેવામાં આવ્યું હતું કે, આ વાઇબ્રન્ટ સમિટના માધ્યમથી ૧૩ લાખ કરતા પણ વધારે લોકોને રોજગારી મળશે. ૨૦૦૯માં એ વાઇબ્રન્ટ ગુજરાતના સમિટમાં એમ કહેવામાં આવ્યું હતું કે, આ રાજ્યમાં ૨૯.૮૦,૦૦૦ કરતા પણ વધારે યુવાનોને રોજગારી મળશે અને ૨૦૧૧માં તો હદ કરી નાંખી કે જેમાં કહેવામાં આવ્યું હતું કે ૬૦ લાખ કરતા પણ વધારે યુવાનોને રોજગારી મળશે. આમ, ૨૦૦૭, ૨૦૦૯ અને ૨૦૧૧માં ૧ કરોડ યુવાનોને રોજગારી આપવાની વાઇબ્રન્ટ ગુજરાતના માધ્યમથી આ સરકારે જયારે ખાતરી આપી હતી ત્યારે ગુજરાતની પ્રજા આજે એમને પૂછી રહી છે કે, જે રોજગારી મળી એ ફકત ૧૭.૦૬,૦૦૦ લોકોને જ આ વાઇબ્રન્ટ ગુજરાતના માધ્યમથી રોજગારી મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ પાસે યુવાન આશા રાખીને બેઠો હોય કે, અમે એમ્પ્લોયમેન્ટ ઓફીસમાં અમારું નામ દાખલ કરીશું અને અમને રોજગારી મળશે. જે શ્રમ અને રોજગાર વિભાગમાં ફકત ૯૪ જગ્યાઓ છે અને એ ૯૪ જગ્યાઓમાંથી ફકત ૬૨ જગ્યાઓ ભરાયેલી છે અને ૩૨ જગ્યાઓ ખાલી છે ત્યારે જે઼ા રોજગાર કચેરીમાં જ ૩૨ જગ્યાઓ ખાલી હોય તો શ્રમ અને રોજગાર વિભાગ યુવાનોને કેવી રીતે રોજગારી આપી શકશે? માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, જે રીતે કોન્ટ્રાકટ પદ્ધતિથી રાજ્યમાં ફીકસ પગારથી રોજગારી આપવામાં આવે છે અને આ શ્રમ અને રોજગાર છે એ વિભાગમાં ૬૨ જગ્યાઓ ભરવામાં આવી છે એમાંથી ૨૩ જગ્યાઓ પર તો ફીકસ પગારથી લોકોને રાખવામાં આવ્યા છે. આ રાજ્યના અંધજન લોકો છે એની વાત કરું તો અંધ બેરોજગારો છે એમણે આ રાજ્યમાં છેલ્લા ૫ વર્ષમાં ૬૬૪ લોકોએ નોંધણી કરાવી છે એમાંથી સરકારે ફકત ૩ લોકોને નોકરી આપી છે. આ રાજ્ય સરકાર યુવાનોને નોકરી નથી આપતી ત્યારે દુઃખ સાથે કહેવું પડે છે કે અંધ બેરોજગારોને પણ આ સરકારે વર્ષ ૨૦૧૨–૧૩, ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪-૧૫માં ફકત ૩ લોકોને નોકરી આપી છે ત્યારે આ રાજ્ય સરકારે એમાં પણ વિચારવું પડશે. રાજ્ય સરકારના આંકડાને આધિન કહેવા માગુ છું કે, રાજ્ય સરકારે વિધાનસભામાં રજૂ કરેલા આંકડા છે એ પ્રમાણે છેલ્લા ૫ વર્ષમાં સરકારી નોકરીઓમાં ૨૦૧૧–૧૨માં ૧૦,૬૦૦ સમર્થીંગ લોકોને નોકરી મળી, ૨૦૧૨–૧૩માં ૨૩,૨૦૦ સમર્થીંગ લોકોને નોકરી મળી, ૨૦૧૩–૧૪માં ૨૪,૬૦૦ સમર્થીંગ લોકોને નોકરી મળી અને ૨૦૧૪–૧૫માં ૧૫,૮૦૦ સમર્થીંગ લોકોને નોકરી મળી અને ૨૦૧૫–૧૬માં ૬,૫૦૦ અને ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ ૧૨,૫૦૦ સમર્થીંગ લોકોને નોકરી મળી છે. આમ, માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકાર એમ કહેતી હોય કે, અમે લાખો લોકોને સરકારી નોકરી આપી છે તો આ સરકારી આંકડા કહી રહ્યા છે કે છેલ્લા સાત વર્ષમાં ફકત ૯૩,૮૪૪ લોકોને જ સરકારી નોકરી આપવામાં આવી છે એ આ વિધાનસભાના રેકર્ડ ઉપરથી ફલિત થાય છે. આ સરકારી આંકડા કહી રહ્યા છે કે છેલ્લાં સાત વરસમાં ફકત ૯૩૮૪૪ લોકોને સરકારી નોકરી આપવામાં આવી છે, આ વિધાનસભાના રેકર્ડ

ઉપરથી ફલિત થાય છે. ખાનગી નોકરીઓમાં એમ્પલોયમેન્ટ ઓફિસના આંકડા ઉપરથી કહું તો રાજ્ય સરકારે છેલ્લાં પાંચ વરસમાં ફક્ત ૧૧ લાખ ૫ હજાર લોકોને નોકરી આપવામાં આવી છે.

સભાપતિશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : આઇ.ટી.આઇ. માં ઘણી જગ્યાઓ ખાલી છે, ૨૮૫ આઇ.ટી.આઇ. છે એની મંજૂર થયેલી જગ્યાઓ માટે મારે દુઃખ સાથે કહેવું પડે કે ૩૯૦૦ કરતાં પણ વધારે જગ્યાઓ ખાલી છે. બાંધકામ અને શ્રમિક લોકો, શ્રમયોગીઓ કે જેમના માટે ૧૮૪૪.૬૧ કરોડ રૂપિયા જમા હોય તેમ છતાં પણ અને બાંધકામ શ્રમિકોની સંખ્યા ૩,૯૯,૦૦૦ કરતાં પણ વધારે હોય, પણ એમને સહાય આપવાની જે વાત છે એમાં રાજ્ય સરકારે ૨૦૧૬માં ફક્ત ૩૯.૬૬ કરોડ રૂપિયા અને ૨૦૧૭માં ફક્ત ૪૯.૭૩ કરોડ રૂપિયા સહાયની રાહત આપવામાં આવી છે. એ જ રીતે ખેત શ્રમિકો હોય, ગુજરાતમાં અકસ્માત વીમા યોજનાની વાત હોય એ ગંભીર રીતે ઘવાયેલા અશક્ત લોકો માટે સહાયની વાત કરી છે. આ રાજ્ય સરકાર દ્વારા એ લોકોને સહાય મળી શકતી નથી, રાજ્ય સરકાર જે રીતે દાવો કરી રહી છે કે રાજ્ય સરકારે લોકોને નોકરી આપી છે, આજે પણ રાજ્યની અંદર યુવાનો બેકાર ફરી રહ્યા છે અને યુવાનો બેકાર હોવાના કારણે એ દારૂ, જુગાર, લુંટ, બળાત્કાર, હત્યા જેવા વ્યસનના ખોટા માર્ગે વળી રહ્યા છે અને એના માટે કોઇ જવાબદાર હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની બાવીસ વરસની આ સરકાર જવાબદાર છે કે જેણે આ યુવાનોને બીજી તરફ વાળવાનું કામ કર્યું છે જેને રોજગારી આપવાની હોય એના બદલે બીજા માર્ગે વાળવાનું કામ આ રાજ્ય સરકારે કર્યું છે ત્યારે આ માગણીઓ સાથે હું સંમત થઇ શકતો નથી.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રી માગણી નંબર–૭૮ જે રૂપિયા ૫,૪૭,૯૩,૦૯,૦૦૦–૦૦ ની લઇને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપું છું અને એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરતાં પહેલાં હું આ ગૃહમાં કલેરીફિકેશન કરવા માગું છું કે ગઇકાલે વાયબ્રન્ટ સમિટના પ્રશ્નક્રમાંક–જના અનુસંધાનમાં મેં કહ્યું હતું કે, કોંગ્રેસમાંથી હું ભા.જ.પ. માં આવ્યો, ત્યારે સામે બેઠેલા એક સિનિયર સભ્યશ્રી કે જેઓ છેલ્લાં વીસ વરસથી કોંગ્રેસમાં મારી સાથે રહેવા છતાં વ્યક્તિગત રીતે મારી રાજકીય કારકીર્દિ ઉપર એક ઇશારાથી અને એમાંય મોટાભાગના સભ્યશ્રીઓએ અને માનનીય અધ્યક્ષશ્રીએ ધ્યાનમાં લીધું હતું અને પત્રકાર મિત્રોએ પણ મને ટકોર કરી હતી એટલે હું આ ગૃહને કહેવા માગું છું અને એ સભ્યશ્રીને, હું નામ લેવા માગતો નથી, પણ ઇશારાથી જે રીતે વર્તણૂક કરી છે, એ બાબતે માગણીઓ પરના મારા વિચારો રજૂ કરવા માગતા પહેલાં હું સ્પષ્ટતા કરવા માગું છું. માનનીય સભ્યશ્રીને મારી સાથે ૨૦ વરસ સાથે રહ્યા પછી, મારો પોતાનો વ્યક્તિગત અનુભવ ના હોય તો એનું મને દુઃખ છે. હું કોંગ્રેસમાંથી ભા.જ.પ.માં આવ્યો એનો ઇશારો જે રીતે આંગળીથી એમણે બતાવ્યો અને પત્રકારોએ એ પ્રશ્ન પત્યા પછી મને વાત કરી કે, રાઉલજી સાહેબ તમને ખબર છે કે તમારા સામેના મિત્રએ આ રીતેનો ઇશારો કર્યો હતો, તે બાબતે હું આ ગૃહને જણાવવા માગું છું કે, કોંગ્રેસમાંથી ભારતીય જનતા પાર્ટીમાં હું એટલા માટે આવ્યો છું કે, છેલ્લાં વીસ બાવીસ વરસથી મારા વિસ્તારના કોઇપણ પ્રકારના કામ, સ્વાભાવિક છે કે વિરોધપક્ષના ધારાસભ્ય હોય તો શાસક પક્ષ તરફથી મોટાભાગે કામ ડિલે થતાં હોય છે એ બહુ નેચરલ વાત છે પણ તેમ છતાંય જે વાત કરી છે એના અનુસંધાનમાં કહું તો હું સત્તાનો લાલચું નથી, હું પૈસાનો લાલચું નથી, એટલા માટે મારા મિત્રોને યાદ કરાવવા માગું છું કે, ૧૯૯૧માં સ્વ. ચીમનભાઇની સરકારમાં હું રાજ્ય કક્ષાનો સિવિલ સપ્લાય અને વોટર સપ્લાયનો મંત્રી તરીકે હતો પણ લોકોના કામ હું મંત્રી હોવા છતાં પણ નહોતા થતાં. ત્યારે તે વખતે પણ મેં મંત્રીપદું છોડીને, ધારાસભ્ય પદ છોડીને ૧૯૯૨માં હું આ ભા.જ.પ. માં આવ્યો હતો. બાય ઇલેક્શનમાં ચીમનભાઇએ મંત્રીઓએ મને હરાવવા માટે ભા.જ.પ. માં આવ્યા પછી આખું મંત્રીમંડળ ઉતારી પાડ્યું હતું, તેમ છતાંય મારા મત વિસ્તારના લોકોએ એ વખતે બાય ઇલેક્શનમાં સરકાર તમારી હતી તેમ છતાં મને ચુંટ્યો હતો એનું મને ગર્વ છે અને આજે હું આ ભા.જ.પ. માં આવ્યો છું એ લોકોના કામ કરવા માટે આવ્યો છું, નહિ કે હોદ્દા કે પૈસાની લાલચમાં? મારે આ ગૃહને સ્પષ્ટપણે જણાવવુ છે. એટલે મારા મિત્રને હું કહીશ કે આવા ઇશારા ભવિષ્યમાં ના કરે અને સી.કે.રાઉલજીને ઓળખવાની કોશિશ કરે અને આ પક્ષને પણ ઓળખવાની કોશિશ કરે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી આ માગણીઓના સમર્થનમાં મારા મૂળ પોઇન્ટ ઉપર આવુ છું. આ ભાજપમાં આવ્યા પછી મારા વિચારોમાં પણ સુધારો થયો છે. આ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર કેવી રીતે ચાલે છે તે હું તમને જણાવવા માગુ છું અને અમારા આદરણીય ડો.શ્યામાપ્રસાદ મુખમજીએ જે કહ્યું હતું કે ''**पैर में चक्कर, मुंह में शक्कर, दिल में आग और सिर पर बर्फ**'' સાહેબ, પૈર મેં ચક્કર એટલે જે ગતિથી અમારા ગુજરાતના પનોતા પુત્ર અને આજના વડાપ્રધાન આદરણીય નરેન્દ્ર મોદી સાહેબ જે આજે દેશ વિદેશોમાં જઇને ગુજરાતને અને સાથે સાથે આખા હિન્દુસ્તાનને આખી દુનિયાના નકશામાં એક નંબરનું કરવા માટે જે અથાગ પ્રયત્ન કરી રહ્યાં છે તે માટે માનનીય વડાપ્રધાનશ્રીને અને આજના અમારા ગુજરાતના આદરણીય મુરબ્બી વિજયભાઇ રૂપાણી મુખ્યમંત્રીશ્રી અને અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ છે અને જે માગણીઓ લઇને આવ્યા છે તેવા આદરણીય અમારા મહેસૂલ મંત્રી સાહેબ એટલા માટે કહું છું કે ગઇકાલે મારે અહીંયા બોલવાનુ હતું ત્યારે મેં મારા મહેસૂલ મંત્રીશ્રીને કહ્યું કે કોંગ્રેસના મિત્રો માપણી બાબતમાં ચિંતા કરે છે તો આપણી સરકારનું સારું દેખાય, ખેડૂતોને ન્યાય મળે અને તેમના જે કંઇ પ્રશ્નો છે તેને આ માપણી અંગેના અનુસંધાનમાં આપણે સુવ્યવસ્થિત રીતે આયોજન કરવા માટે મારો થોડોક જે કંઇ અનુભવ હોય તો અનુભવ લેવાનો. સાહેબ એમણે સામે ચાલીને મને ગઇકાલે બોલાવ્યો. આ હું એટલા માટે કહું છું અને અમારા બ્રિજેશભાઇએ કહ્યું કે અમારા નીતિનભાઇ નાયબ મુખ્યમંત્રીશ્રીની ઓફિસમાં જઇએ છીએ ત્યારે

તેમણે બોલાવીને ગોળ ગોળ વાતો કરે છે પણ એવુ નથી સાહેબ આ અમારા શ્યામાપ્રસાદ મુખરજીનું આ છેલ્લુ વાકય સીર પે બર્ફ એટલે આ બધા સીર પે બર્ફ રાખીને મૂકયા છે અને આ રીતની સરકાર ચલાવે છે. અને મુંહ મેં શક્કર એટલે તમને ખોટું ના લાગે તે પ્રમાણે હમણાં તમે જોયું આ વિધાનસભાની કાર્યવાહીમાં. તમે તેમની ઓફિસમાં જાવ તો એ તમારી પ્રેમથી વાત સાંભળશે અને તેનો અનુભવ મને ભૂતકાળમાં નહોતો થયો હું કોઇ દિવસ આ ભાજપ સરકારના મંત્રીઓની ઓફિસમાં જતો નહોતો હવે જતો થયો છું. કારણ કે પ્રેમભાવ, સ્વાગત અને સ્વમાન  છે આજે મુખ્યમંત્રીના અનુસંધાનમાં કે અમારી પાર્લામેન્ટરી બોર્ડમાં હમણાં હું નવો નવો આવ્યો છું. પણ જયારે હું પાર્લામેન્ટની મિટિંગમાં એન્ટર થાવ ત્યારે આવો સી.કે.એમ કહે છે સાહેબ અમે સ્વમાનના ભૂખ્યાં છીએ અમે હોદ્દાના કે પૈસાના ભૂખ્યાં નથી. ભૂતકાળમાં તેનો પણ દાખલો અમે આપ્યો છે અને જે પક્ષમાં અમારું સ્વમાન જળવાતું હોય અને મને એવુ લાગ્યું કે કોંગ્રેસ પક્ષમાં નેતાગીરી રહી નથી અને આ નેતાગીરીમાં ૨૦-૨૨ વર્ષ સુધી લોકોના કામ ના થયા તેની લાગણીના ભાગરૂપે હું આ ભાજપમાં આવ્યો છું હું આ ફરીથી તમને કહેવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે જે ગુજરાતનો વહીવટ અને કેન્દ્રનો વહીવટ ચાલે છે ત્યારે મારે કહેવું પડે કે આ સરકાર ગુજરાતના ખાતેદારોની પૂરેપૂરી ચિંતા કરે છે તેના અનુસંધાનમાં ૨૦૦૪ની સાલની અંદર રાજય..

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે આપને એક મિનિટ વધારે થઇ ગઇ છે.

શ્રી કુંવરજીભાઇ  મો. બાવળિયા(જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નંબરઃ ૫૭, ૭૮ અને ૭૯ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે અને માનનીય મંત્રીશ્રીને ખાસ અમુક બાબતો ઉપર ધ્યાન દોરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું માગણી નંબરઃ ૭૮ અને ૭૯ની હું વાત કરીશ. ખાસ કરીને તાલુકા અને પ્રાંત કચેરીઓ અને કલેકટર કચેરીઓમાં મોટાભાગની અમુક મહત્વની જગ્યાઓ સર્કલ વિગેરેની ખાલી હોય છે. જેને કારણે સ્થળ ઉપર જઇને જે પ્રશ્નો હલ કરવા જોઇએ તે થઇ શકતા નથી. આવી મહત્વની જે જગ્યાઓ હોય તે ભરે એવી મારી ખાસ વિનંતી છે. એના ઉપર કાં તો આઉટસોર્સ અથવા તો કોન્ટ્રાકટ બેઇઝથી કોઇ જવાબદારી પછી રહેતી નથી. કોઇ એવો બનાવ બને તો એ કોઇ જવાબદાર રહેતાં નથી એટલા માટે ખાસ એવી જગ્યાઓ મહત્વની હોય તે ભરાય એવી મારી તેમને વિનંતી છે. કુદરતી આફતો અંગેની રાહત તેની અંદર જે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, જે ખરેખર કુદરતી આપત્તિ વખતે સહાયના ધોરણો છે એ ખૂબ ઓછા છે. એક દાખલો આપું તો ભેંસની કિંમત એક લાખ રૂપિયા સુધીની છે અને આપણે એને છ થી સાત હજાર રૂપિયા સહાય આપીને વાત પૂરી કરી દઇએ છીએ. આથી સહાયના જુદા-જુદા ધોરણો છે એ ધોરણો સુધારી લેવા જોઇએ અને પ્રવર્તમાન સમય પ્રમાણે જ્યાં આપત્તિના કારણે ખેડૂતોને નુકસાન થયું હોય એ પ્રમાણે એને સહાય મળે એવી મારી માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી છે. તાજેતરમાં મારા જસદણ વિસ્તારમાં ખૂબ વધારે વરસાદ પડ્યો હતો. આખી રાત જિલ્લા કલેક્ટરશ્રી અને આખું વહીવટી તંત્ર તેમાં કામે લાગી ગયું. ખેતરોના ખેતરો ધોવાઇ ગયા ત્યારે એની સહાય બે હજાર, ત્રણ હજાર અને પાંચ હજાર રૂપિયા મળી. આટલી સહાયમાં એ કંઇ રીતે જમીન સમતળ કરશે એટલે સરકાર સહાયના ધોરણો સુધારે એવી મારી માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી છે. સાથે-સાથે એમાં ખેડૂતો માટે અને પશુઓ માટેની સહાયના ધોરણોમાં સુધારો કરે એટલી મારી વિનંતી છે.  અહીંયા શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જે વિગતો લઇને આવ્યા છે એમાં હું ૧૪મી વિધાનસભાના પ્રથમ સત્રની ૨૬ ફેબ્રુઆરીના તારાંકિત પ્રશ્નોત્તરીમાં માત્ર બે વર્ષની જ માહિતી આપું છું. એમાં જિલ્લાવાઇઝ શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારોની સંખ્યા બતાવી છે એમાં છેલ્લા બે વર્ષમાં રોજગાર કચેરીમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા ૫,૧૦,૬૩૩ દર્શાવી છે. એવી જ સ્થિતિ અર્ધ શિક્ષિત બેરોજગારોની છે. અર્ધ શિક્ષિત બેરોજગારોની સંખ્યા ૨૬,૯૨૯ છે. આમ, કુલ જે શિક્ષિત બેરોજગારો નોંધાયા છે એ ૫,૩૭,૫૬૨ છે. એમાં સરકારી નોકરી ફક્ત અને ફક્ત ૧૨,૮૯૯ને મળી છે. આ આંકડા સરકારના વિભાગમાંથી આપેલ આંકડા છે. આ તો યુવાનોની ફક્ત મશ્કરી થાય છે. જે સ્થાનિક ભરતી મેળા થાય છે એમાં ૮૫ ટકા સ્થાનિક લોકોની ભરતી થવી જોઇએ જે થતી નથી. બાળ શ્રમયોગી નાબૂદી અભિયાન અંતર્ગત તો ‘ખોદ્યો ડુંગર અને મળ્યો ઉંદર’ કોઇ જિલ્લામાં ૩૦ રેડ પાડી હોય તો એમાં માત્ર એક બાળ મજૂર પકડાયો. શ્રમયોગી અને કર્મયોગીને ચૂકવવાના બોનસની રકમ પણ સમયસર ચૂકવાતી નથી. ઔદ્યોગિક એકમોમાં નાના યુનિટમાં શ્રમ કાયદાનો ભંગ થાય છે એની સામે કોઇ પ્રકારના પગલાં લેવાતા નથી. ઔદ્યોગિક એકમોમાં કામ કરતાં શ્રમિકનું મૃત્યુ થાય અથવા તો ઘાયલ થાય તો આ ઘાયલ થયેલ શ્રમિકનો પરિવાર નોંધારો બની જાય છે. એને વળતરની રકમ સમયસર મળતી નથી. હું રાજકોટની એક વાત કરું. રાજકોટ ખાતે કામદાર કલ્યાણ ડિસ્પેન્સરી છેલ્લા કેટલાંય સમયથી બંધ છે. મુખ્યમંત્રીશ્રી અમારા શહેરના જ છે. અત્યારે તે અહીંયા હાજર નથી પણ  મારી વિનંતી છે કે આની ખૂબ રજૂઆતો થઇ છે અને જે કામદારો બહાર ડૉક્ટરી સારવાર લેતાં હોય છે એના કલેઇમ મૂકતા હોય છે એ લાંબા સમય સુધી મંજૂર થતા નથી. આઇ.ટી.આઇ.ની મહિલા સંસ્થાઓમાં અને જે જગ્યાએ આઇ.ટી.આઇ.ના ટ્રેડ ચાલે છે એમાં જે ઇન્સ્ટ્રક્ટરો હોવા જોઇએ એ હોતા નથી. મોટા ભાગની જગ્યા ખાલી રહે છે. કામદાર કલ્યાણ કેન્દ્રો જે ભૂતકાળમાં કૉંગ્રેસની સરકારોએ શરૂ કરેલા એમાંથી મોટા ભાગના કેન્દ્રો બંધ થઇ ગયા છે.

શ્રીમતી ગેનીબેન  ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક-૭૯ ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઊભી થઇ છું ત્યારે બનાસકાંઠા અને પાટણમાં ૨૦૧૭માં ભારે વરસાદના કારણે મોટું પૂર અને કુદરતી હોનારત આવી. માનનીય મુખ્યમંત્રી સાહેબ અને સમગ્ર રાજ્યના કેબિનેટ અને અધિકારીઓએ બનાસકાંઠામાં પાંચ દિવસ સુધી

રોકાઇને મદદ કરવા માટેનો પ્રયત્ન કર્યો એ બદલ રાજ્ય સરકારનો આભાર માનું છું. સાથે–સાથે આ ગૃહમાં કેટલીક વાત કરવા માગું છું ત્યારે કુદરતી હોનારતોમાં પણ જયારે ભેદભાવની નીતિ અપનાવવામાં આવે ત્યારે દુઃખ થાય છે. એ સમયે કેશડોલ્સની ચૂકવણી કરવામાં આવી અને કેશડોલ્સ એવી વસ્તુ છે કે, અતિ ભારે વરસાદના કારણે લોકો બહાર કામ માટે કે ધંધાર્થે ના જઇ શકે એટલા માટે એને કેશડોલ્સ આપવામાં આવે છે. કેશડોલ્સ કેટલાક ગામોની અંદર દસ દિવસનું આપવામાં આવ્યું, કેટલાક ગામોની અંદર પાંચ દિવસનું આપવામાં આવ્યું તો કેટલાક ગામોની અંદર બિલકુલ ન આપવામાં આવ્યું અને એમાં પણ જે તે વખતના ભારતીય જનતા પાર્ટીના મંત્રી મારફત સરપંચોની મિટીંગ કરીને કેશડોલ્સ માટે પણ એવી વાત કરવામાં આવી કે, અમે તમને કેશડોલ્સ તો આપીએ પણ અમે જે કંઇ દૂધ આપીએ એ દૂધડામાં જાય છે કે બહાર જાય છે? કુદરતી હોનારતમાં પણ આવી શરતો મૂકવામાં આવે એ એક દુઃખદ બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મૃત્યુ સહાયની વાત કરું તો બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાનું અમારું ખારિયા ગામ છે ત્યાં ૨૫ માનવ મૃત્યુ થયેલાં. માનવ મૃત્યુની સહાય ચૂકવવામાં આવી, અને માનનીય મુખ્ય મંત્રીશ્રી સાહેબે પણ આ પરિવારોની મુલાકાત લીધેલી અને એ ટાઇમે એમણે મકાન બનાવવા માટેની વાત કરેલી. આજે પણ માનનીય અધ્યક્ષશ્રી, એ કુટુંબો સરકારી વસાહતમાં રહે છે અને રખડે છે પણ આજ દિવસ સુધી રાજય સરકારે એ ૨૫ પરિવારોને મકાન પણ બનાવી આપ્યાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી પશુ સહાયની વાત કરું તો જે તે વખતે રાજય સરકારે અધિકારીઓની એવી સૂચના આપી કે, રોગચાળો ફાટી ના નીકળે એના માટે થઇને જે પશુઓ મરી ગયાં છે એમને તાત્કાલિક જેસીબીની મદદથી ખાડા કરીને દાટી દેવામાં આવે. સરકારશ્રી અને અધિકારીઓની સૂચના પ્રમાણે લોકોએ જે તે વખતે પશુઓને દાટી દીધાં અને પછી પાછળથી જયારે સહાય ચૂકવવાની વાત આવી ત્યારે અધિકારીઓ મારફત જે પશુ મરી ગયાં છે એના અવશેષોની માગણી કરવામાં આવી તો આપ જ વિચારો કે, રોગચાળો ફાટી ના નીકળે એટલા માટે દસ ફૂટ ઉંડા પશુ દાટી દેવામાં આવ્યાં હોય ત્યારે એના અવશેષો ના મળે તો આ રીતે પશુ સહાય ચૂકવવામાં પણ રાજય સરકારે ભેદભાવની નીતિ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન ધોવાણની વાત કરું તો, સૌથી મોટો જો કોઇ અન્યાય કર્યો હોય, ભ્રષ્ટાચાર કર્યો હોય તો આ કુદરતી આફતની અંદર જમીન ધોવાણમાં કર્યો છે. હેકટરદીઠની જે મર્યાદા નકકી કરી હતી, પ્રથમ તો (અંતરાય) માનનીય મુખ્ય મંત્રીશ્રી એવું બોલ્યા હતા કે..

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરૂં કરો.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : પાંચ હેકટર પ્રમાણે ચૂકવણુ કરવામાં આવશે પણ બે હેકટર પ્રમાણે ચૂકવણુ કરવામાં આવ્યું એમાં પણ ભેદભાવ કરવામાં આવ્યો. એક જ સર્વે નંબરમાં બાજુ બાજુમાં ખેડૂતોના ખેતર હોય છતાં પણ એકને બાર હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવે અને બીજાને દોઢ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવે તો આવો અન્યાય પાક નિષ્ફળ અને જમીન ધોવાણની અંદર પણ રાજય સરકારે રાખ્યો છે ત્યારે હું માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી રાજય સરકારને વિનંતી કરવા માગું છું કે, એ વખતે આ કુદરતી હોનારતમાં ૧૫૦૦ કરોડ રૂપિયાનું પેકેજ ગુજરાત સરકારે જાહેર કર્યું હતું અને ૫૦૦ કરોડ રૂપિયાનું પેકેજ કેન્દ્ર સરકારે જાહેર કર્યું હતું. વડાપ્રધાનશ્રીએ હેલિકોપ્ટરથી મુલાકાત લઇને ૫૦૦ કરોડ રૂપિયાના સહાયની જાહેરાત કરી હતી તો સભાઓ હોય, ચૂંટણી હોય એ સમયે આપણા વડાપ્રધાનશ્રી ભાષણ કરે છે કે મોસાળમાં મા પીરસનાર તો કમસેકમ મોસાળમાં મા પીરસનાર હોય તો કુદરતી હોનારત વખતે...

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરૂં થાય છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા માનનીય દંડકશ્રીએ સમય વધાર્યો છે ત્યારે હું..

સભાપતિશ્રી : સમય વધાર્યો નથી. પ્રવચન પૂરૂં થાય છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી કરૂં છું.

સભાપતિશ્રી : તમારા દંડકશ્રી સમય વધારે તો મને કોઇ વાંધો નથી. એક મિનિટ વધારે..

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે ખેડૂતોને અન્યાય થયો છે એના ૧૯૨ કરોડ રૂપિયા તો આજે પણ રાજય સરકારના અહીંયાં જમા છે ત્યારે સરકારશ્રીને અને માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી સાહેબને પણ વિનંતી કરું છું કે, જે રકમ પડી છે એ રકમ ૧૯૨ કરોડ પડી છે અને ૫૦૦ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારના બાકી છે, તો જે ખેડૂતો બાકી રહ્યા છે, જે કુદરતી હોનારતમાં ભોગ બન્યા છે એમને વહેલામાં વહેલીતકે આપે એવી માગણી કરું છું અને ના છૂટકે કદાચ આના કારણે અમારે હાઇકોર્ટના શરણે જવું પડે, આ કુદરતી હોનારતનો જે ભોગ બન્યા છે એમને ન્યાય અપાવવા માટે અમારે ન્યાયતંત્રના દ્વારે ના જવું પડે એટલા માટે પણ રાજય સરકારને વિનંતી કરું છું તો આ ખેડૂતોને અને પૂર ગ્રસ્તોને અન્યાય જે થયો છે એમને વહેલામાં વહેલીતકે વળતર આપે એવી હું આજે આ ગૃહ સમક્ષ માગણી કરું છું.

શ્રી ભરતજી સો. ઠાકોર(બેચરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જે તેમની માગણી ક્રમાંક–૫૭ લઇને આવ્યા છે, ત્યારે મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના યુવાનોને રોજગારી મળી રહે તે હેતુથી દરેક તાલુકાઓમાં જેમ નીતિનભાઇએ કહ્યું તેમ આઇ.ટી.આઇ. શરૂ કરવામાં આવી છે. આ આઇ.ટી.આઇ. માં લાખો અને કરોડો રૂપિયાના ઇન્સ્ટ્રુમેન્ટ અને મશીનો

વસાવામાં આવ્યા છે. પરંતુ તેનો ઉપયોગ થાય છે કે કેમ, તે એક તપાસનો વિષય છે. દાખલા તરીકે સી.એન.સી. મશીન જેની કિંમત લાખો રૂપિયા કહી શકાય, પરંતુ આઇ.ટી.આઇમાં કુશળ ટ્રેનરોના અભાવે આ મશીનો ધૂળ ખાતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તાર બહુચરાજીની વાત કરું તો અમારે ત્યાં એ ઓટોમાઇલ્સનું હબ બનવા જઇ રહ્યું છે. આ વિસ્તારમાં પશુ ઢોરને ભૂખ્યા રાખી, વિદેશી મૂડી રોકાણની લાલસા અને રોજગાર આપવામાં ખાલી ખમ આશ્વાસનો આપવાં અને દેશમાં સાહેબનું નામ મોટું કરવા માટે બહુચરાજીની કરોડો રૂપિયાની જમીન આજે મારૂતિ સુઝુકી પ્લાન્ટને આપી દેવામાં આવી છે. આ મારૂતિ સુઝુકી રોજની ૭૦૦ કારનું ઉત્પાદન કરે છે તો પણ ગુજરાતના સ્થાનિક યુવાનોને રોજગારીના નામે મીડું છે. આ મારૂતિ સુઝુકીની અંદર બહારના રાજયના પાંચ હજારથી વધારે યુવાનોને આ કંપનીની અંદર રોજગારી આપવામાં આવે છે. ગુજરાતના બેરોજગાર યુવાનો સાથે આ અન્યાય થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બહુચરાજી ખાતે આ મારૂતી સુઝુકી ૩૦૯૦ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ કરીને અને વિશ્વનો સૌથી મોટો ઓટોમોબાઇલ્સ પ્લાન વિકસાવ્યો છે ત્યારે બહુચરાજીના રોડ, રસ્તા અને ટ્રાફિક, પાણી અને પાણીની સમસ્યાઓ ખૂબ જ વધી રહી છે. ખૂબ જ મોટા તોર્તીંગ કન્ટેરનરો બહુચરાજી માતાના મંદિરની સામેથી આવન–જાવન કરે છે, ત્યારે અકસ્માતોની પણ બહુ મોટી સમસ્યા ઉભી થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારના રેકર્ડ ઉપર ૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ૩૦૦૦ યુવાનોને નોકરી અને રોજગારી મળી છે એવું કહેવામાં આવે છે તે તદ્દન ખોટી વાત છે. આમાં કદાચ રોજગારી મળી હશે એ પણ સ્થાનિક યુવાનોને ૨૦૦ થી વધારે યુવાનોને નથી મળી. આ બહુચરમાતાના ધામમાં બહારના રાજયના લોકોને રોજગારી આપવામાં આવે છે, ત્યારે બહુચર માતાના ધામમાં મુશ્કેલી વધી રહી છે. ત્યારે મારે હમણાં લોક લાડીલા મંત્રીશ્રી, અમારા સમાજનું ગૌરવ એવા મંત્રીશ્રીને કહેવા માગું છું કે, જયારે મારૂતી સુઝુકી અને હોન્ડા કંપની સાથે એમ.ઓ.યુ થયા ત્યારે સ્થાનિક યુવાનોને રોજગારી આપવાના કરારો થયા હતા કે કેમ? જો થયા હોય તો સ્થાનિક યુવાનોને રોજગારી કેમ નથી મળતી એ પણ એક તપાસનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે સુઝુકી અને હોન્ડા જેવી કંપનીમાં બહુચરાજી, વિમરગામ, માંડલ, દેત્રોજ, શંખેશ્વર ,ચાણસ્મા અને કડી જેવા વિસ્તારના યુવાનોને જો રોજગારી આપવામાં આવશે તો આ કંપનીઓ આવીને હજારો–કરોડો રૂપિયાનું જે ટર્નઓવર કરી રહી છે તે સાર્થક ગણાશે.

બીજી વાત એ કરવી છે કે આ મારૂતી અને હોન્ડા જયારે બહુચરાજીમાં આવી ત્યારે સ્થાનિક ઉદ્યોગપતિઓનું એવું હતું કે આ મારૂતી અને હોન્ડાનું કામ આપણને મળશે, પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે અત્યારે જેટલાં પણ ટેન્ડરો આવ્યાં છે તે તમામ બહારના રાજયની કંપનીઓના આવ્યા છે અને અહીંના અમારા સ્થાનિક ઉદ્યોગપતિઓને એક પણ જોબ નથી મળતી, ત્યારે દુઃખ સાથે કહેવું પડે છે. બહુચરાજી, માંડલ, વીરગામ અને દેત્રોજની અંદર આટલા મોટા પ્લાન્ટ આવ્યા હોય ત્યારે અમારા નીતિનભાઇને પણ વિનંતી કરું છે કે અમારા મહેસાણા જિલ્લાનો પ્રશ્ન છે ત્યારે નીતિનભાઇએ રોડ–રસ્તા ખૂબ સારા બનાવ્યા છે તેના માટે તેમને અભિનંદન આપું છું, પણ સ્થાનિક યુવાનોને રોજગારી મળે એ માટે તેમની પણ મદદ મળે તેના માટે વિનંતી કરું છું. તમામ તાલુકાઓને આવરી લઇને આ જે કામ કરવામાં આવ્યું છે તે મારૂતી સુઝૂકીની અંદર જે કન્ટેનરો નીકળે છે અને તેના દ્વારા જે અકસ્માત થઇ રહ્યા છે ત્યારે એ કન્ટેનરો માટે બાયપાસ રસ્તો પણ ફાળવવામાં આવે, તેવી વિનંતી કરું છું. આજે મંત્રીશ્રી લાખો અને કરોડો રૂપિયાની માગણી લઇને આવ્યા છે ત્યારે સ્થાનિક યુવાનોને રોજગારી મળી રહે તેમ કરવા વિનંતી કરું છું.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી જશપાલસિંહ ઠાકોર.

શ્રી જશપાલસિંહ મ. પઢીયાર(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો આપના માધ્યમથી માર્ગ અને મકાન મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને તથા વન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા સાહેબનો આભાર માનું છું કે બે દિવસ પહેલા મારી જૂની રોડની રજૂઆત હતી એ રસ્તાનું કામ ચાલુ થઇ ગયું છે. કામ ચાલુ કરવા બાદલ આપનો ખૂબ ખૂબ આભાર, પણ અગાઉ રોડ છે એનું કામ છે એ પણ વહેલી તકે ચાલુ થાય એવી મારી વિનંતી છે.

યુવા રોજગાર અને સશક્તિકરણ માટે મંત્રીશ્રી માગણી ક્રમાંક ૫૭ લઇને આવ્યા છે અને અંદાજે ૩.૫ લાખ લોકોને વાર્ષિક રોજગારી મળશે તેવો અંદાજ મૂકવામાં આવ્યો છે. ત્યારે આ વિષય ઉપર હું મારા વિચારો આપના માધ્યમથી માનનનીય મંત્રીશ્રીના ધ્યાને લાવવા માગું છું.

આ સરકાર કહે છે કે આજનો ગુજરાતનો યુવાન એ ભવિષ્યનું ગુજરાત છે. નવા ગુજરાતના સંકલ્પને સાકાર કરવા માટે ગુજરાતના યુવાનોને પૂરતી તકો મળવી જોઇએ અને એથી પણ વધારે આ સરકાર કહે છે કે ગુજરાત લેન્ડ ઓફ એપોર્ચ્યુનિટી છે પરંતુ વાસ્તાવિકતા જમીન પરની હકીકત અને બેરોજગારીના સરકારના ચોપડે જે આંકડા નોંધાયેલા છે એ કંઇક અલગ જ બતાવે છે. ગુજરાતમાં લેન્ડ ઓફ એપોર્ચ્યુનિટી આ સરકારનું અસ્તિત્વ નહોતું ત્યારની છે. આ સરકારની દીર્ઘદ્રષ્ટિના અભાવે આજનું ગુજરાત લેન્ડ ઓફ એપોર્ચ્યુનિટી નહિ પણ લે ઓફ એપોર્ચ્યુનિટી બની રહ્યું છે. ૧૯૯૩ની અંદર જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે પોતાની સરકાર હોવા છતાં અમારા પક્ષના ઉપ નેતા માનનીય શૈલેષભાઇ પરમાર તેમના પિતાશ્રી સ્વ. મનુભાઇ પરમાર સાહેબે અને કરસનભાઇ સોનેરી જેવા મંત્રીશ્રીઓએ પોતાની સરકારમાં ગુજરાતના કોઇ કામદારોનું શોષણ ન થાય તે માટે જે તે મંત્રીઓએ ૧૯૯૩માં પોતાની સરકારનું ધ્યાન દોરેલું અને સ્પષ્ટ રજૂઆત કરેલી કે આપણે કામદારોની ચિંતા કરવી જોઇએ નહિ કે નામદારોની? પરંતુ આજની ગુજરાતની પરસ્થિતિ શું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી

અને ગૃહના નેતા જયારે પહેલી વખત ધારાસભ્ય તરીકે અને શ્રમ અને રોજગાર મંત્રી તરીકે લેબર બિલ લઇને આવેલા અને ઈન્ડસ્ટ્રીઝ ડિસ્પ્યુટ એકટની કલમ-રપમાં છેડછાડ કરવાનો પ્રયત્ન કરેલો પણ એ સમયે માનનીય શકિતસિંહ ગોહિલને અભિનંદન આપીશ કે તેમની તબીયત સારી ન હતી તેમ છતાં યુવાનોનો પ્રશ્ન હતો કામદારોનો પ્રશ્ન હતો તેમણે ઉત્તમ જવાબદારી નિભાવી હતી.

હાલમાં જે કોન્ટ્રાકટ અને આઉટ સોર્સીંગ પદ્ધતિથી યુવાનોનું શોષણ થઇ રહ્યું છે એને અટકાવવા માટે ખાનગી બિલ રજૂ કરતાં અમે અચકાઇશું નહિ. કેમ કે યુવાનોના વ્યાપક હિતને ધ્યાનમાં લઇને અમે વિધાનસભા ગૃહમાં બેઠા છીએ ત્યારે આ યુવાનોના હિતમાં યુવાનોના સ્વમાન ખાતર આપના ધ્યાને મુકું કે માનનીય સભ્યશ્રીઓ પોતાનો સૂર પુરાવે. કેમ કે આ જે કોન્ટ્રાકટ પદ્ધિત છે એ આપણે અટકાવી જ પડશે. બિલ લાવીને આપણે એમને અટકાવી શકીએ.

આપના માધ્યમથી ગૃહમાં કહેવા માગું છું કે આપણે કચડાયેલા શોષિત વર્ગનું પ્રતિનિધિત્વ કરીએ છીએ એટલે કોન્ટ્રાકટ પદ્ધતિ અને આઉટ સોર્સીંગ પદ્ધતિ બંધ કરવી જોઇએ. અગાઉના વખતમાં ૧૮૦ દિવસથી વધુ નોકરી કરતો હોય તો એ યુવાનને કાયમી નોકરી મળતી હતી. કાયમી ધોરણે નોકરી આપવામાં આવતી હતી. હાલના વર્ષોમાં સ્થિતિ એવી છે કે અમારા યુવાનોને બ્રેક આપવામાં આવે છે. ૧૮૦ દિવસ પૂરાં થાય એ પહેલા બ્રેક આપવમાં આવે છે એના માટે કંઇક કરવું જઇએ અને યુવાનોને કાયમી નોકરી મળે એના માટે વિચારવું જોઇએ.

સમાન કામ સમાન વેતન મળવું જોઇએ. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જે ઉદ્યોગ લઘુત્તમ વેતન ન ચૂકવી શકતો હોય એ ઉદ્યોગને ચલાવાનો કોઇ અધિકાર નથી. અમારા પાદરામાં આ બાબતે ઘણી બધી ફરિયાદો મારા ધ્યાન ઉપર લાવવામાં આવી છે. અહીં વિધાનસભામાં બેઠેલા સૌ પ્રતિનિધિઓ કોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છીએ? આપણે સૌ ગરીબ વંચિત શોષિત કચડાયેલા વર્ગનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છીએ નહિ કે ઉદ્યોગપતિઓનું. મારે ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે કે આજના યુવાનોનું જે પ્રમાણે શોષણ થઇ રહ્યું છે એ ખૂબ જ ચિંતાનો વિષય છે. ગુજરાત હાઇકોર્ટે પણ એમ કહેવું પડે કે આ કેવું ગુજરાત કે જયાં યુવાનોનું શોષણ થાય છે. કાયમી મહેકમવાળી જગ્યા તલાટી, ગ્રામસેવક, શિક્ષકો, એ બધાને ફિકસ પગાર આપીને શોષણ કરવામાં આવે. આંગણવાડીની બહેનો પણ આમાંથી બાકાત નથી ત્યારે આ ગૃહમાં બેઠેલા સૌએ આની ચિંતા કરવી જોઇએ. મારા પાદરા તાલુકાની વાત કરવા માગું છું.

શ્રી નાથાભાઇ હે. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું અનુદાનની માગણીઓ ઉપર કુદરતી આફતો અંગેની વાત ઉપર મારા વિચારો રજૂ કરું છું. બનાસકાંઠા જિલ્લામાં મારા મત વિસ્તારમાં ધાનેરા અને દાંતીવાડામાં સને ૨૦૧૫-૧૬માં પૂરના કારણે હોનારત સર્જાઇ. આવા સમયે સરકારશ્રીની જાગૃતિના અભાવે પૂરના પાણી ધાનેરા શહેરમાં ફરી વળ્યા અને માનવ અને પશુઓની મોટા પ્રમાણમાં જાનહાની થયેલ. હજારોની સંખ્યામાં પશુ મરી ગયેલ છે અને ખેડૂતો પોતાના ખેતરમાં રહેતા હોવાથી ઢોરો પણ મરી ગયેલ છે. ખેતીનો પાક ધોવાઇ જવાથી નાશ પામેલ છે અને જમીનનું ધોવાણ અને રેતીના મોટા ટેકરાઓ બનેલ છે. ખેતરોમાં અને ગામમાં કાચા મકાનો પડી જવાથી ગરીબ લોકો ઘર વિહોણા બનેલ છે. ઘણી જગ્યાએ દસથી પંદર દિવસ સુધી કેમ્પમાં રહેવું પડ્યું હતું. સરકારશ્રીએ જે કાંઇ રાહત જાહેર કરી છે એ આપવી જોઇએ એમાં પણ વ્હાલા-દવલાની નીતિ રાખીને સંતોષ આપી શકી નથી. માણસો પણ મારા વિસ્તારમાં ઉંઘતા ઝડપાઇને રાત્રે પુરમાં તણાઇને મરી જનાર ૨૧ જણ છે. જે પૈકી પાંચ માણસોને સહાય આપવામાં આવી નથી. હજારોની સંખ્યામાં પશુ મરી ગયેલ છે. પરંતુ શ્રીમતી ગેનીબેને કહ્યું તેમ પશુઓને જમીનમાં દાટ્યા સિવાય કોઇ વિકલ્પ નહોતો અને એવા પશુઓને ફરીથી બહાર કાઢ્યા કારણ કે હાડકાં ગળી ગયા છે એમ કહીને પૈસા આપવામાં હાથ ઉંચા કર્યા છે. મારી વિનંતી છે કે આવા ખેડૂતોના પશુ મરી ગયેલા છે એને ફરીથી યાદ કરીને પૈસા આપવા જોઇએ એવી મારી માગણી છે. ડોકટરો પણ હાજર રહેતા નહોતા. નિષ્ફળ પાક અને જમીન ધોવાણના વળતર માટે ખેડૂતોએ અરજી કરેલ. પરંતુ જે ખેડૂતોએ પૈસા આપેલ તેવા ખેડૂતોનો સરવે કરેલ અને જે ખેડૂતોએ પૈસા આપ્યા ન હતા તેમનો સરવે કરેલ પણ પૈસા આપેલ નથી. બીજાઓને ઓછા જે ખેડૂતોએ પૈસા ન આપ્યા એમને ઓછા પૈસા આપવાના કિસ્સા બન્યા છે એના ઉપર પણ સરકારે વિચારણા કરવી જોઇએ. હયાત ખેડૂતોની આજે પણ અરજીઓ પેન્ડીંગ પડી છે. જેને કોઇ સાંભળતું નથી. તો ખેડૂતોને મદદ કરવા માટે મારી સરકારશ્રીને વિનંતી છે. ખેડૂતોના ખેતરમાં ટ્યૂબવેલ માટેની સહાય, ખેડૂતોના ટ્યૂબવેલ નિષ્ફળ ગયા છે અને એમાં સહાય આપવા માટે સરકારે કોઇ વિચારણા કરેલ નથી. તો મારી દ્રષ્ટિએ ખેડૂતોને સહાય આપવા માટે વિચારણા કરવી જોઇએ. આભાર.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગની ૨૦૧૮-૧૯ના વર્ષ માટેની રૂ.૧૭૩૨/- કરોડની બજેટની માગણી લઇને સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું. તેમાં માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી સી.કે.રાઉલજી, શ્રી કુંવરજીભાઇ બાવળીયા, શ્રી ભરતભાઇ ઠાકોર, શ્રી જસપાલસિંહ અને શ્રી નાથાભાઇએ પોતાના મંતવ્યો રજૂ કરી અને સૂચનો કર્યા છે અને કેટલીક ટીપ્પણી પણ કરી છે. મને લાગે છે કે શ્રમ અને રોજગાર વિભાગ આ રાજ્યનો મહત્વનો વિભાગ છે. પરંતુ માનનીય સભ્યશ્રીઓએ આ વિભાગ અંગે ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો હોત અને આ વિભાગની કામગીરીને ધ્યાનમાં લીધી હોત તો મને લાગે છે કે અત્યારે રજૂઆત કરી છે એ રજૂઆત કરવાનો મોકો મળ્યો ન હોત. સૌ પ્રથમ તો ગુજરાત રાજ્યના નવયુવાનોમાં કૌશલ્ય પ્રાપ્ત થાય, એમને રોજગારી આપવી હશે તો હુન્નર આપવાની જરૂરિયાત ઉભી થશે અને એટલા માટે અનેક નિર્ણયો કરવાની દિશામાં આગળ વધીએ છીએ. આ રાષ્ટ્રના યુવાનોને વર્તમાન માંગ મુજબના કૌશલ્યની તાલીમ આપવાની મહત્વપૂર્ણ કામગીરી એ રોજગાર નિયામક દ્વારા કરવામાં આવે છે. આ

ટેકનોલોજીના વિકાસની સાથે સાથે બદલાતી જતી કુશળ માનવબળની જરૂરીયાતોને પહોંચી વળવા માટે મારા વિભાગ દ્વારા સતત ચીંતનશીલ રહીને અધતન માંગ મુજબના અભ્યાસક્રમો તૈયાર કરવાની અને આવા અભ્યાસક્રમો અત્યંત અસરકારક રીતે તાલીમાર્થી સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય એ અમારો વિભાગ કરી રહ્યો છે. વ્યવસાયિક તાલીમ માટે ૬૩ એન.સી.વી.ટી.ના અને ૭૦ જી.સી.વી.ટી.ના અભ્યાસક્રમો આ રાજયની અંદર અમલી બનાવ્યા છે અને જેના કારણે આપણા યુવાનો રાષ્ટ્રીય કક્ષાની તાલીમ ઘરઆંગણે લઇ શકે છે. રાજયના તમામ તાલુકાઓને લક્ષમાં રાખીને તમામ તાલુકા મથકોએ અમે સરકારી આઇ.ટી.આઇ.ઓ બનાવવા માટે નિર્ણય લીધેલો છે અને એટલા જ માટે અમે પ્રતિવર્ષે દોઢ લાખ અલગ અલગ કાર્યકુશળ તાલીમાર્થીઓને તૈયાર કરીએ છીએ. યુવાનો રાજયના આર્થિક વિકાસમાં સહભાગી થઇ રહ્યા છે. આઇ.ટી.આઇ.ની તાલીમ ગુણવત્તાયુકત, અધતન અને ઉચ્ચકક્ષાની જળવાઇ રહે તે માટે અમે આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીની તાલીમની ગુણવત્તા સુધરે અને તાલીમ લીધા બાદ એમને તરત જ રોજગારી મળી રહે તેના માટેના પણ પ્રયાસો કરી રહ્યા છીએ. આજના બજારની માંગ આધારીત એને અનુરૂપ કૌશલ્ય પૂરું પડવા માટે સરકાર સતત પ્રયત્નશીલ રહી છે. આ માટે આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો જેવા કે અલામા કોલેજ યુ.એસ.એ. સાથે, રીન્યુએબલ એનર્જી માટે, શીકાગો યુનિવર્સિટી યુ.એસ.એ. સાથે સાઇબર સીકયોરીટી માટે અને તે ઉપરાંત સીસ્કો અને ગુગલ સાથે સહયોગ અમારા વિભાગ મારફત કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી મારૂતી સુઝુકી વગેરે કંપનીઓ સાથે પણ આઇ.આઇ.ટી. મુંબઇ અને Indo-German Tool Room વગેરે જેવી સંસ્થાઓનો સહયોગ લેવામાં આવી રહેલ છે. માટે દરેક જિલ્લામાં એક ટ્રેનીંગ ઓફ ટ્રેનર્સ આપવા માટે પણ અમારી સરકાર આગામી દિવસોમાં કામ કરવાની દીશામાં આગળ વધી રહી છે. આ વિધાનસભા ગૃહની અંદર રોજગારી મળતી નથી, આ રાજયના યુવાનો બેરોજગાર છે અને રોજગારી મળતી નથી એવી વિધાનસભા ગૃહની અંદર ખૂબ મોટી બૂમરાણ મચાવવામાં આવી રહી છે. આ રાજયના નવયુવાનોના હાથમાં કામ આપવું હોય, આ રાજયના નવયુવાનોને રોજગારી આપવી હોય તો એને તાલીમબદ્ધ કરવાથી રોજગારી આપી શકાય. અમારા કેટલાક મિત્રો કેટલીક ફેકટરીઓ ઉપર તાળા મારવા માટે નીકળ્યા હતા ત્યારે કેટલાક ગામના સરપંચો અમારી પાસે આવ્યા હતા અને એ વખતે મુખ્યમંત્રીને કહ્યું હતું, કે સાહેબ એમને રોકો, અમારા નવયુવાનો એ ફેકટરીની અંદર કામ કરી રહ્યા છે. આને રોકવામાં નહીં આવે તો અમારા હજારો નવયુવાનો બેકાર બની જશે. આવા લોકોને અટકાવવાની જરૂરિયાત છે તેવા આવેદનપત્રો સરપંચો પણ આપવા માટે આવી રહ્યા હતા. એવા મિત્રોને હું આ સભાગૃહના માધ્યમથી કહેવા માગુ છું કે જયારે સમગ્ર લોકોને રોજગારીની ચિંતા હોય છે. અમને પણ હોય છે, આપ સૌને પણ હોઇ શકે છે અને એટલા માટે જે લોકોને રોજગારી પ્રાપ્ત કરાવવાની હોય એવા લોકોને તાલીમ આપવા માટે તમે એમને પણ થોડુંક માર્ગદર્શન આપીને અમારી આઇ.ટી.આઇ. કોલેજોની અંદર રોજગારી આપવાની દિશામાં આગળ વધો. આ રાજયનું સુકાન એ વખતના અમારા મુખ્યમંત્રી અને હાલના આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇએ સંભાળ્યું એ વખતે એમણે એક નિર્ણય કર્યો કે આ રાજયના નવયુવાનોને તાલીમ આપવી હોય, આ રાજયના નવયુવાનોને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોંચાડવા હોય અને એમને જો રોજગારી આપવી હોય તો એમને તાલીમ આપવાની જરૂરીયાત ઉભી થાય છે અને એટલા માટે એમણે એવો નિર્ણય કર્યો કે આ રાજયના તમામ તાલુકાઓની અંદર અમે આઇ.ટી.આઇ. સ્થાપીને આ રાજયના તમામ તાલુકાઓના પછાતમાં પછાત વિસ્તારના લોકોને ઘરઆંગણે તાલીમ મળી રહે એ માટેના પ્રયાસો કરીશું. હું આ સભાગૃહના ધ્યાન ઉપર કેટલીક વાત મૂકવા માગુ છું કે ૨૦૦૧ની અંદર આ રાજયની અંદર ૧૨૯ આઇ.ટી.આઇ. હતી અને ૨૦૧૭માં આજે હું આ સભાગૃહને જયારે વાત કરી રહ્યો છું ત્યારે ૨૮૭ આઇ.ટી.આઇ. અમે તાલુકાઓ કરતા પણ વધારે આ રાજયમાં ચલાવી રહ્યા છીએ એટલે અમારા ટૂંકા ગાળાની અંદર ૧૫૮ નવી આઇ.ટી.આઇ. અમે આ રાજયની અંદર ઉભી કરી શકયા છીએ. ૨૦૦૧ સુધીમાં માત્ર ૫૭ કોર્ષ આઇ.ટી.આઇ.ની અંદર ચાલતા હતા અને અમે આટલા ટૂંકા ગાળામાં અત્યારે ૧૨૬ નવા કોર્ષ ચલાવીએ છીએ એટલે કે અમે ૬૯ કોર્ષ આટલા ટૂંકા ગાળામાં ચલાવીને આપણા લોકોને તાલીમ આપીને એ દિશામાં કામ કરવા અમે આગળ વધી રહ્યા છીએ. કારીગર તાલીમ યોજના અંતર્ગત છેલ્લા ૧૦ વર્ષમાં આઇ.ટી.આઇ.માં ૧૫૮ સરકારી મળીને આશરે ૯૫,૪૧૬ બેઠકોનો વધારો કર્યો છે. જેના કારણે હાલમાં ૨૮૭ સરકારી આઇ.ટી.આઇ.માં ૧ લાખ ૪૯ હજાર ૪૩૨ બેઠકોની ક્ષમતા થકી સ્કીલ ડેવલપમેન્ટ મિશનને સફળ બનાવવા માટે એને કટિબદ્ધ બનાવી રહ્યા છીએ. એ જ રીતે ગ્રાન્ટ–ઇન–એઇડ અને સ્વનિર્ભર સંસ્થાઓની અંદર ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે. રાજ્યની બહેનોને આર્થિક રીતે સદ્ધર બનાવવાના ઉમદા હેતુથી રાજ્યમાં અમારી સરકારી આઇ.ટી.આઇ.માં ૨૫ આઇ.ટી.આઇ. માત્ર મહિલાઓને સ્વનિર્ભર કરવા અને તાલીમ આપવા માટે, આજના ઉધોગની અંદર એ દાખલ થઇ શકે એના માટે ૨૫ મહિલા આઇ.ટી.આઇ. ચલાવીએ છીએ. આમ, સરકારી અને ખાનગી આઇ.ટી.આઇ. મળીને ૩૫ મહિલા આઇ.ટી.આઇ. શરૂ કરેલ છે અને ૪૫ સરકારી આઇ.ટી.આઇ.માં મહિલા વીંગ પણ શરૂ કરવામાં આવી છે. આ સંસ્થાઓમાં તાલીમ મેળવતા અનુસૂચિત જાતિના હોય, અનુસૂચિત જનજાતિના હોય, દિવ્યાંગ ઉમેદવાર હોય તેમજ મહિલા ઉમેદવાર હોય એને અમે ફીમાંથી મુક્તિ આપીને મફત તાલીમ આપવાનું કામ અમારી સરકાર મારફત કરવામાં આવી રહ્યું છે. વિદ્યા સાધના યોજના પણ અમારી આઇ.ટી.આઇ.માં શિક્ષણ વિભાગની જેમ દાખલ કરી છે. અમારી આઇ.ટી.આઇ.માં અમારી મહિલા તાલીમાર્થીઓને વિનામૂલ્યે સાયકલ વિતરણ કરવામાં આવી રહ્યું છે. કમ્પ્યુટર જેવા કોર્સમાં ૨૦૧૫ થી વિનામૂલ્યે ટેબ્લેટ આપવાનો નિર્ણય અમારી સરકારમાં લેવાયો. આવા કમ્પ્યુટર કોર્સ કરતા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ટેબ્લેટ પણ આપી રહ્યા છીએ. આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓને પ્રતિમાસ સ્ટાઇપેન્ડ યોજનામાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના તાલીમાર્થીઓને પ્રતિમાસ ૪૦૦ રૂપિયાનું સ્ટાઇપેન્ડ પણ

ભણતરની સાથે આપીએ છીએ. જનરલ કેટેગરીના તાલીમાર્થી હોય અને આવક મર્યાદા સમાજ કલ્યાણ વિભાગે નક્કી કરેલ હોય એ આવક મર્યાદામાં આવતા હોય ત્યાં સુધી અમે જનરલ કેટેગરીના તાલીમાર્થીઓને ૨૦૦ રૂપિયા સ્ટાઇપેન્ડ આપીને તાલીમ આપવાનું કામ કરી રહ્યા છીએ. એવી જ રીતે સામૂહિક જૂથ વીમા યોજના હેઠળ રૂપિયા એક લાખનું વીમા કવચ પણ આ તાલીમાર્થીઓને આપીએ છીએ. એવી જ રીતે અનેક પ્રકારની કામગીરી કરવામાં અમારો વિભાગ આગળ વધી રહ્યો છે. મોટું કામ હોય ત્યાં અમારી મહિલાઓ કદાચ તાલુકા મથકે જઇ શકતી ન હોય એટલા માટે મહિલાઓને ઘર આંગણે કામ મળી શકે એ માટે રાજ્યમાં કૌશલ્ય વર્ધન કેન્દ્રો ચલાવીએ છીએ અને એને ઘર આંગણે તાલીમ આપીએ છીએ. એવી જ રીતે બીજા પણ ઘણા કામો કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. આ તાલીમાર્થીઓને પણ ઉચ્ચ કક્ષાની તાલીમ મળે, અત્યારે ઉચ્ચ ટેકનોલોજીનો ઉપયોગ થઇ રહ્યો છે, ઔદ્યોગિક એકમોમાં નવા નવા સાધનો આવી રહ્યા છે અને લેટેસ્ટ તાલીમ મળે એટલા માટે ૧૦૮ ઔદ્યોગિક એકમોમાં ૯ હજારથી વધારે તાલીમાર્થીઓને આઇ.કે.વી.કે. મારફત તાલીમ આપીને અત્યંત આધુનિક જ્ઞાન આપવાનો પ્રયાસ વિભાગ મારફત કરવામાં આવી રહ્યો છે . આ રાજ્યના નવયુવાનોને રોજગારી મળી શકે, ઘર આંગણે તાલીમ મળી શકે, આધુનિક તાલીમ મળી શકે એટલા માટે અમારા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી આદરણીય વિજયભાઇ રૂપાણીએ તાજેતરમાં સંવેદના સાથે આપણા નવયુવાનોને પ્રોત્સાહિત કરવા માટે મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના ચાલુ વર્ષના બજેટમાં એક નવી યોજના તરીકે લોન્ચ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે. આપણા મુખ્યમંત્રીશ્રીએ અને અમારી સરકારે યુવાનોને ખાનગી મોટા એકમોમાં અને જાહેર સાહસોમાં અદ્યતન તાલીમ મળે અને તેઓને હેન્ડઝ ઓન ટ્રેનીંગ મળી રહે એના માટે આયોજન કર્યું છે. તેના પરિપાક રૂપે આપણે મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના ૨૦૧૮-૧૯ના વર્ષમાં અમલી બનાવી રહ્યા છીએ. જે અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯માં એક લાખ યુવાનોને એપ્રેન્ટિસ યોજનાનો લાભ આપીશું. જે યુવાનો અને યુવતીઓને એપ્રેન્ટિસ કાયદા હેઠળ આવરી લીધેલ કારખાના એ હોટલ હોય, હોસ્પિટલ હોય, ટ્રાન્સપોર્ટ હોય, બેંક હોય, ખાણ ઉદ્યોગ હોય, આઇ.ટી. ઉદ્યોગ હોય, ફાઇનાન્સિયલ સર્વિસ હોય વિગેરે જેવાની અંદર એમને એપ્રેન્ટિસ તરીકે રાખીને એક લાખ યુવાનોને રોજગારી આપવા માટે આગળ વધી રહ્યાં છીએ.

સભાપતિશ્રી : પાંચ મિનિટમાં પૂરું કરો.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : મને થોડી બે મિનિટ વધારે આપજો.

સભાપતિશ્રી : સમય નથી પાંચ મિનિટમાં પૂરું કરો.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : ચૂંટણી પહેલા ઘણી બધી વાતો થતી હતી કે અમે બેરોજગારોને ૩,૦૦૦ રૂપિયા બેકારી ભથ્થું આપીશું. અમે આ રાજ્યના નવયુવાનોને નબળા બનાવવા માગતા નથી. અમે રાજ્યના નવયુવાનોના હાથમાં કૌશલ્ય આપીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લઇ જવા માગીએ છીએ. એટલા માટે આ એપ્રેન્ટિસ યોજના અમે લઇ આવ્યા છીએ. એટલા જ માટે મારે આ સન્માનનીય સભાગૃહને કહેવાનું છે કે, આ યોજના હેઠળ સ્નાતક યુવાનોને માસિક રૂપિયા ૩,૦૦૦ અને ડિપ્લોમા ધારકને માસિક રૂ.૨,૦૦૦ અને અન્ય ડિપ્લોમાથી નીચેના લોકો હોય એમને ૧૫૦૦ રૂપિયા સ્ટાઇપેન્ડ આપીને ૨૭૨ કરોડની નવી યોજના માનનીય મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના આ વર્ષથી અમે લાગુ કરવાની દિશામાં આગળ વધી રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બાંધકામ શ્રમિકોની ઘણી બધી વાતો થઇ છે. બાંધકામ શ્રમિકોને લાભ અપાતા નથી. મારી પાસે સમયનો અભાવ છે. આજ સુધીમાં અનેક બાંધકામ શ્રમિકોને લાભો આપવાની દિશામાં અમે આગળ વધી રહ્યાં છીએ ત્યારે આ બાંધકામ શ્રમયોગી માટે બાંધકામ બોર્ડે ત્રણ વર્ષથી ઝૂંબેશ ઉપાડી છે. જ્યાં સુધી બાંધકામ શ્રમિક નોંધાયેલો ના હોય ત્યાં સુધી અમે એમને મદદ કરી શકતા નથી. આજ સુધીમાં નિરંજનભાઇ માત્ર ૫૮,૦૦૦ બાંધકામ શ્રમયોગીની નોંધણી ગુજરાતમાં થયેલી હતી અને આ ત્રણ વર્ષથી અમે જે ઝૂંબેશ ઉપાડી એને કારણે આજે અમે ૬,૦૦,૦૦૦ બાંધકામ શ્રમયોગીની નોંધણી કરી છે અને નોંધણી કરી એટલા માટે લાભો આપવાની દિશામાં આગળ વધી રહ્યાં છીએ. એને કોચિંગ કલાસ આપીએ છીએ, એને શિક્ષણ સહાય આપીએ છીએ. ધનવંતરી આરોગ્ય રથની સુવિધા પહેલીવાર અમારા સંવેદનશીલ મુખ્યમંત્રી આદરણીયશ્રી વિજયભાઇ રૂપાણી જ્યારે આ વિભાગ સંભાળતા હતા તે વખતે તેમની સંવેદનાના કારણે એ સાઇડ ઉપર જોવા માટે ગયા ત્યારે આ ધનવંતરી રથની યોજના દાખલ થઇ અને (અંતરાય)

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એકાદ મિનિટ. એવી રીતે અમે અન્નપૂર્ણા યોજના દાખલ કરી છે. આજે ૧૮,૦૦૦ કરતા પણ વધારે લાભાર્થીઓને માત્ર ૧૦ રૂપિયાની અંદર સાત્વિક ભોજન મળી રહે એના માટેની અન્નપૂર્ણા યોજના ચાલી રહી છે ત્યારે નવા વર્ષની અંદર નવા ૫૧ સેન્ટરો ચાલુ કરવા માટે પણ અમારા બજેટની અંદર જોગવાઇ કરી છે ત્યારે માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આમ શ્રમ અને રોજગાર વિભાગને આપણે સૌ સાથે મળીને આગળ વધારીએ અને નવયુવાનોને મદદ કરીએ એના માટે આ માગણીઓ લઇને આવ્યો છું તો સર્વ સંમતિએ મારી માગણી મંજૂર કરે એવી સૌ સભ્યોને હું વિનંતી કરું છું.

સભાપતિશ્રી : માનનીયશ્રી કૌશિકભાઇ પટેલ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક ૭૮ અને ૭૯ આ સભાગૃહમાં લઇને આવ્યો છું. આ માગણી સામે લગભગ ૧૪-૧૫ માનનીય ધારાસભ્યશ્રીઓએ કાપ દરખાસ્ત રજૂ કરી છે. પાંચેક ધારાસભ્યોએ પ્રત્યક્ષ હાઉસમાં, વહીવટી સુધારણા માટેના સૂચન કર્યા અને સરકારની કામગીરીમાં કયાંક કચાશ રહી

છે એનો ઉલ્લખ કર્યો છે. જેને જેને આ હાઉસમાં મોકો મળ્યો છે એમની વાતનો સ્વીકાર કરીને હું એમને અભિનંદન આપું છું. ખાસ કરીને પૂર્ણેશભાઇ મોદી આજે માનનીય અધ્યક્ષશ્રી, ગુરુવાર છે બે–બે મંત્રીઓ બોલવાના હોય, સમયનો અભાવ હોય પૂર્ણેશભાઇએ એમનો લેખિતમાં મને સમય ફાળવ્યો છે ત્યારે એમનો હું ખાસ વિશેષ આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે લેખિત વાત મને કરી છે ખાસ કરીને બનાસકાંઠા અને પાટણમાં અતિવૃષ્ટિ આવી હતી એમાં જે અમારી સરકારે કામ કર્યું હતું એ કામને બિરદાવતી વાત એમણે લેખિતમાં મને કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, સામેના પક્ષે માનનીય ધારાસભ્યોએ એ અતિવૃષ્ટિની જે એમણે વાત કરી છે એમણે કેટલીક માહિતી આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા પાટણ અને બનાસકાંઠામાં અતિવૃષ્ટિ આવી હતી. પાટણ અને બનાસકાંઠામાં જે અતિવૃષ્ટિ આવી હતી કદાચ ગુજરાતમાં આપણે ઇચ્છા કરીએ, ભગવાનને પ્રાર્થના કરીએ કે આવી અતિવૃષ્ટિ ન આવે પણ કેટલાય વર્ષો પછી આવી મોટી આફત ગુજરાત ઉપર ખાસ કરીને બનાસકાંઠા, પાટણમાં આવી હતી. આ રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી પાંચ દિવસ આખું સચિવાલય ત્યાં હાજર રહીને લોકોને સહાય કરવા માટે ત્યાં જાતે રહ્યા હતા. આની જે ગંભીરતા હતી અતિવૃષ્ટિની, ૧૮ જેટલા લોકોને રેસ્ક્યૂ કર્યા હતા સરકારના અલગ અલગ માધ્યમો દ્વારા. ૭૦૦૦૦ લોકોનું સ્થળાંતર કર્યું હતું. આ રેસ્ક્યૂ કરવા માટે પહેલીવાર ૧૭ ચોપર હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો અને એ વડાપ્રધાનશ્રી અહીંયા આવ્યા એટલે આખું સેન્ટ્રલનું તંત્ર પણ આમાં લાગ્યુ હતું. ૧૭ જેટલા ચોપર હેલિકોપ્ટરોનો ઉપયોગ થયો હતો. ૩ર એન.ડી.આર.એફ.ની ટીમ આ રેસ્ક્યૂ કરવા માટે ૧૮૦૦૦ લોકોને રેસ્ક્યૂ અને રીલીફ આ સરકારની બે આવા સમયે પ્રાથમિકતા હોય છે. અહીંયા વાત કરી ધારાસભ્યશ્રીએ કે સહાયની રકમ ઓછી હોય છે. પહેલીવાર આ દેશના વડાપ્રધાન અહીંયા મુલાકાતે આવ્યા. એસ.ડી.આર.એફ.માં મૃત્યુ સહાય ચાર લાખ રૂપિયા હોય છે. વડાપ્રધાનશ્રીએ બીજા બે લાખ રૂપિયા ઉમેરીને પહેલીવાર છ લાખ રૂપિયા મૃત્યુ સહાય આ રાજયની અંદર અતિવૃષ્ટિમાં આપવામાં આવી છે. મુખ્યમંત્રી રાહત ફંડ પહેલીવાર એસ.ડી.આર.એફ. માં જે નિયમો છે એ માનનીય સભ્યશ્રીએ વાત કરી કે રકમ ઓછી પડે છે તો એ રકમ વધારી. પહેલીવાર બે હેકટરથી નીચે એસ.ડી.આર.એફ.માં સમાવેશ થાય છે કે બે હેકટરથી વધારે નહીં આપવાનું. પહેલીવાર બે હેકટરથી વધારે લોકો હોય એ સી.એમ.ફંડની અંદર વિશેષ રાહત પણ આ વખતે પાટણ, બનાસકાંઠામાં સરકાર દ્વારા કરવામાં આવી છે એટલે મારે ટીકા કરવી નથી, આ સહાયની બધી વાતો કરવાવાળાને હું પૂછવા માગું છું કે એ વખતે કયાં હતા ધારાસભ્યો? જયારે આટલી મોટી આફત આવી હતી પાટણમાં, બનાસકાંઠામાં ત્યારે બેંગ્લોરની અંદર જલસા કરતા હતા. મારે ટીકામાં નથી જવું.(અંતરાય)

સભાપતિશ્રી : ઓર્ડર, ઓર્ડર. પ્લીઝ બેઠા બેઠા વાત ન કરો. માનનીય મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે. (અંતરાય) સભ્ય બોલતા હોય છે ત્યારે મંત્રીશ્રી બહુ શાંતિથી સાંભળતા હોય છે એટલે શાંતિથી બેસો બધા અને જે આપણે બોલ્યા છીએ એના જવાબો સાંભળો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સમય ઓછો છે અને ડિસ્ટર્બ કરે છે. સાચી વાતમાં ખોટું લગાડવાનું ન હોય. (અંતરાય)

સભાપતિશ્રી : બાબુભાઇ, આપ બેઠાબેઠા નહીં બોલો. સભ્ય પોતાનું પ્રવચન કરતા હોય, મંત્રીશ્રી જવાબ આપે છે કોઇ વચ્ચે ન બોલે. સમય બહુ ઓછો છે એમને વાત કરવા દો. બેઠાબેઠા નહીં બોલવાનું. પ્લીઝ (અંતરાય) નહીં, બેઠાબેઠા બોલવાનું બંધ કરો હું આપને વોર્નીંગ આપું છું. બેઠાબેઠા નહીં બોલવાનું. હું આપને પ્રશ્નની તક આપું ત્યારે બોલજો. હમણા બેસો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે ગુજરાતમાં આટલી મોટી આફત હોય ત્યારે આપણે બધા કયાં હતા આટલું જ કીધું છે મેં. (અંતરાય)

સભાપતિશ્રી : આપ જવાબમાં બીજા મુદ્દા લો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ મંત્રી તરીકે આ મારી બીજી ઇનીંગ છે. સૌ પ્રથમ આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતના સી.એમ. હતા ત્યારે પણ મહેસૂલનો હવાલો મને આપ્યો હતો. આજે આદરણીય વિજયભાઇ, નીતિનભાઇના નેતૃત્વમાં પણ મને મહેસૂલનો હવાલો આપ્યો છે. મારા નેતાઓએ જયારે હવાલો આપ્યોને, ત્યારે એમણે મને કીધું હતું કે કોઇની પણ શેહશરમ રાખ્યા વગર પારદર્શક વહીવટ કરવા માટે આગળ વધો. આજે આપના માધ્યમ દ્વારા સભાગૃહને કહેવા માગુ છું કે કોઇપણ કક્ષાએ, કોઇપણ લેવલે ગેરરીતિ, અનિયમિતતા કે કોઇને અન્યાય થયો હોય એવી બાબત આવશે તો આ સરકાર પગલાં લેવાં માટે કયારેય ખચકાશે નહીં. તમારા દ્વારા આ સભાગૃહને વાત કરું છું. આ કરવા માટે હિંમત જોઇએ. ઇતની શક્તિ હમે દેના દાતા મનકા વિશ્વાસ કમ ના હો. અમારો વિભાગ તલાટીથી માંડીને એ.સી.એસ., સી.એમ., નાણા મંત્રી આટલા બધા અધિકારીઓ વચ્ચે આવતા હોય, ફાઇલોનું જંગલ હોય, એ ફાઇલોના જંગલની વચ્ચે બધાને ન્યાય આપવાનો હોય, અલગ અલગ પ્રકારના કેસો હોય, અલગ અલગ પ્રકારની રજૂઆતો હોય, સાચી રજૂઆત હોય, ખોટી પણ હોય, ગેરમાહિતી પણ હોય આ બધામાંથી રસ્તો કાઢવાનો હોય. અમારો વિભાગ સરકારની ઇન્કમ સાથે સંકળાયેલો છે. એટલે સરકારની ઇન્કમ એ પણ ચિંતા કરવાની. સરકારની ઇન્કમ કયાંક ખોટા રસ્તે ના જતી રહે, સરકારની આવકમાં કયાંક ઘટાડો ન થઇ જાય, એની પણ ચિંતા કરવાની છે. સાચી વ્યક્તિને ન્યાય આપવો એ પણ અમારી જવાબદારી છે. અમારી સરકાર વર્ષોથી કરી રહી છે. ૨૦૦૧ થી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં, આનંદીબેનના નેતૃત્વમાં, વિજયભાઇના નેતૃત્વમાં, નીતિનભાઇના નેતૃત્વમાં અનેક નિર્ણયો લીધા છે.(અંતરાય) એ તો ખરા. અમારા માથે છે. અમારા મુખ્યમંત્રીશ્રી અને ઉપ

મુખ્યમંત્રીશ્રી એમનું દરિયા જેવું દિલ છે. એમની પાસે દરિયા જેવી વિશાળતા છે અને દરિયા જેવું વહીવટી ઉંડાણ પણ છે. અનેક કાર્યક્રમો ખાસ કરીને સરળ, ઝડપી, પારદર્શક અને ન્યાય મળે એ અમારા વિભાગનો મહામંત્ર છે. ગઇ વખતે મેં કહ્યું હતું કે બોલવાથી ભ્રષ્ટાચાર દૂર ન થાય, પણ એવી સિસ્ટમો, આયોજનો કરવા પડે કે કોઇને ભ્રષ્ટાચાર કરવાનું મન ન થાય. તલાટીની મર્યાદાઓ, કલેક્ટરની મર્યાદાઓ, ગાંધીનગરના અધિકારીઓને સમયસર કામ કરવું પડે તેવું આયોજન કરવું પડે. એવી નીતિ બનાવવી જોઇએ કે સમયસર ફાઇલો દોડે, એવી સિસ્ટમ ગોઠવવી જોઇએ. એ સિસ્ટમ ગોઠવવાનું કામ અમારી સરકાર વર્ષોથી કરી રહી છે. અમારો વિભાગ જી.એસ.ટી. આવ્યા પછી પહેલું એવું છે કે સરકારની આવક ૧૧,૩૭૦ કરોડ અને ગયા વર્ષે મહેસૂલ વિભાગે જમીન મહેસૂલમાંથી સ્ટેમ્પ ડ્યૂટીમાંથી કરની આવક ૧૧,૩૭૦ કરોડ ઉઘરાવી આપી. એટલે સરકારની આવક માટેનું કામ અમારા વિભાગ દ્વારા કરવામાં આવે છે. અઠવાડિયા પહેલાના પ્રશ્નમાં ૭/૧૨, ૮(અ) અને ૬ એની ચિંતાઓ છે. સિટી સરવે, સરવે, માપણી, એસએસઆરડી આ બધા પ્રશ્નો વર્ષોથી લોકોની વચ્ચે ચર્ચાય છે, પણ એ પ્રશ્નો સોલ્વ કરવા માટે અમે ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે. એની પણ વાત હું આપના દ્વારા ધ્યાન ઉપર લાવવા માગુ છું. ૨૦૦૨-૦૪ દરમ્યાન ૭/૧૨, ૮(અ), ૬ વગેરે કોમ્પ્યુટરાઇઝ્ડ ૧૮,૦૮૧ ગામો ૪૫ લાખ ખાતેદારો, ૧ કરોડ ૨૦ લાખ સરવે નંબરના રેકર્ડ અમે ડિઝિટલાઇઝ્ડ કર્યા છે. ખેડૂત ખાતેદારનો જે મૂળ ડોકયુમેન્ટ છે તેને અમે કોમ્પ્યુટરાઇઝ કર્યા છે કે જેથી તેમાં ચેડાં ન થાય. ઇ.ધરા કેન્દ્રથી રાજયના કોઇપણ ગામના તથા રાજયની કોઇપણ ગ્રામ પંચાયત કચેરીએથી મહેસૂલ રેકર્ડના ઉતારા મેળવી શકાય છે. કોઇ સ્પેસીફીક ગામમાં જવાની જરૂર નથી. રાજયના ગમે તે ગામમાંથી તમે આ ઉતારા મેળવી શકો છો. ઇવન વિદેશમાંથી પણ તમે આ ઉતારા જોઇ શકો છો અને વેરીફીકેશન કરી શકો છો. આ સિસ્ટમ આજે ગુજરાતમાં અવેલેબલ છે. તમારા રેકર્ડમાં કોઇ ચેડાં ન કરે તે તમે જોઇ શકો છો. આવી સિસ્ટમ ગુજરાતમાં અમે ઉભી કરી છે. રી-સરવે અને માપણીની ઘણીવાર ચર્ચા થાય છે. રાજયના ૩૩ જિલ્લાઓના કુલ ૧૮૦૫૮ ગામોમાંથી ૧૭૯૮૪ ગામોમાં આધુનિક માપણીના સાધનો, ડી.જી.પી.એસ. અથવા ઇલેકટ્રોનિક્સ ટોટલ સ્ટેશન દ્વારા આખા ગુજરાતની અંદર જમીન માપણીનું કામ કરીએ છીએ. આમાં ૧૪૪૮૮ ગામોમાં આખરી રેકર્ડ તૈયાર કરવામાં આવેલ છે. ૯૯૫૭ ગામોના રેકર્ડનું પ્રમોલગેશન કરેલ છે. આપના દ્વારા સૌ સભ્યોના ધ્યાનમાં લાવું છું કે, આ કામગીરી ગુજરાત સરકાર જે કરી રહી છે તેના થકી કોઇ ખેડૂતને કોઇપણ પ્રકારનો અન્યાય નહીં થાય. જયાં સુધી ગુજરાતના એકપણ ખેડૂતને તેના પોતાના ખાતાની અંદર, પોતાના નંબરની અંદર સંતોષ નહીં થાય ત્યાં સુધી અમે અમારી આ કામગીરી પૂરી કરવાના નથી. તેને પૂર્ણ સંતોષ નહીં થાય ત્યાં સુધી, અને તે ખેડૂત જેટલી અરજીઓ કરે અને કહે કે મને અન્યાય થયો છે તો જયાં સુધી તેને સંતોષ નહીં થાય ત્યાં સુધી અમારી આ કામગીરી અમે પૂર્ણ કરવાના નથી. આખા દેશમાં પહેલીવાર ગુજરાતની અંદર બહુ મોટું કામ થઇ રહ્યું છે. આ બધા રેકર્ડ વર્ષોવર્ષ ચાલવાના છે. ભૂતકાળમાં આની કોઇએ ચિંતા ન્હોતી કરી. ફાટી જાય તેવા રેકર્ડ આપણે જોયા છે. રેકર્ડ પાછી ગુંદરપટ્ટીઓ, સેલોટેપ લગાવેલા રેકર્ડ આપણે જોયા છે.

સભાપતિશ્રી : માનનીય લલિતભાઇ, આપ વચ્ચે નહીં બોલો પ્લીઝ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેની અંદર ટેકનોલૉજીનો ઉપયોગ કરીને આ બધા રેકર્ડ આપણે કોમ્પ્યુટરાઇઝ કર્યા છે. આપણી આવનારી પેઢીને સાચા રેકર્ડ મળે તેવું આયોજન અમારી સરકારે કર્યુ છે. ખેતી થી ખેતી જેના પંદર વર્ષ થઇ ગયા છે તેને આપોઆપ જૂની શરતમાં ફેરવવાની છે. શરત એટલી છે કે તેમાં શરતભંગ ન થવો જોઇએ. ખેતી થી ખેતી નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની છે. પંદર વર્ષ થઇ ગયા હોય અને શરતભંગ ન થયો હોય તો આપોઆપ જૂની થઇ જશે. બહુ મોટો નિર્ણય લીધો છે. કલેકટરને કે કોઇને કહેવાની જરૂર નથી. આપોઆપ જૂની થઇ જશે. ૧ લાખ ૪૧ હજાર ૪૬૧ જેટલી અરજીઓને અમે જૂની શરતમાં ફેરવી નાખી છે. જમીન સંપાદનનું કામ મહેસૂલ વિભાગમાં બહુ મોટું હોય છે. ઉદ્યોગો માટે, સારી સંસ્થાઓ માટે જમીન સંપાદન કરવાની હોય છે. અમારી સરકારે એવો નિર્ણય લીધો છે કે જમીન સંપાદન થાય ત્યારે એડવાન્સમાં જે અંદાજિત કિંમત નકકી થવાની હોય તેના ૮૦ ટકા પૈસા આપી દેવાના. આના નિર્ણયો આગળ થતા રહેશે પણ એડવાન્સમાં તેની અંદાજિત કિંમતના ૮૦ ટકા આપી દેવા તેવો અમારી સરકારે નિર્ણય લીધો છે. સીટ સમિતિની વાત કરી, તકેદારી સમિતિની વાત છે. ખોટા દસ્તાવેજો, પાવરનામાનો દૂરુપયોગ છેતરપિંડી કરી જમીનો પડાવી લેવાની પ્રવૃત્તિઓ અટકાવવા સીટની યોજના કરી છે. તેની અંદર કલેકટર, પોલીસ વિભાગના સિનિયર અધિકારી તથા બીજા સિનિયર અધિકારીઓની એક ટીમ બનાવવામાં આવી છે. જે લોકો ખોટું કરે છે, જમીનો હડપ કરે છે, પાવર ઓફ એટર્નીનો દૂરુપયોગ કરે છે અને નાના અને ગરીબ લોકોને છેતરે છે અને આવી ફરિયાદો આવે ત્યારે તેને અમે સીટમાં એટેન્ડ કરીએ છીએ. ગુજરાતમાં આવા ૧૩૧૫ કેસોમાંથી ૭૯૦ કેસમાં ન્યાય અપાવ્યો છે અને તેનો નિકાલ કર્યો છે. મહિલા સશક્તિકરણની વાત કરું તો અમારી સરકારે એવો નિર્ણય લીધો છે કે, કોઇપણ મહિલા સ્થાવર મિલકતનો દસ્તાવેજ તેના નામે કરે તો નોંધણી ફીનો એક ટકો માફ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં મહિલાઓને સમાન દરજ્જો અપાવવા માટે એના નામે કોઇ મિલકત ખરીદે તો રજીસ્ટ્રેશન ફીમાં એક ટકો ઓછી ફી ભરવી પડે છે અને કેટલી બહેનોએ લાભ લીધો છે એ આપના દ્વારા કહેવા માગુ છું. ૩૩,૩૬,૩૯૫ મહિલાઓએ લાભ લીધો છે અને એમના નામે મિલકત લેવાય છે અને ટોટલ દસ્તાવેજો ૨૦,૦૪,૩૧૮ થયા છે, આમ તો આપણે કોઇ દિવસ મહિલાઓના નામે મિલકત લેતા નથી, આ બહેનોએ લીધી એના નામે એમાં સરકારે ૧૧૮૩ કરોડની આવક જતી કરી છે એ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી શકે. ખાલી વાતો નહીં સમાજમાં બહેનોનું સન્માન જળવાય એના માટેનો આ નિર્ણય છે.

માનનીય સભ્યશ્રીએ ભરતીની વાત કરી, સીધી ભરતીથી ૬૦ નાયબ કલેક્ટર, ૧૦૦ મામલતદાર, ૬૦૦ નાયબ મામલતદાર, ૨૩૪૮ તલાટી, સેટલમેન્ટ કમિશનર, સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પની અંદર ૯૬૫ જગ્યાઓ ભરી એટલે જગ્યાઓ ભરવાની કામગીરી ચાલુ જ છે. અહીંયા કહેવામાં આવ્યું ને કે જગ્યાઓ નથી ભરાતી અને કામ થતા નથી તો હું કહું કે હજુ બીજા ૨૨૦૦ તલાટી ભરવાની કામગીરી ચાલી રહી છે. એટલે જયાં ભરતી કરવાની જરૂર છે ત્યાં પણ અમારો વિભાગ ભરતી કરી રહ્યો છે. અમારા વિભાગને ૯ જેટલા એવોર્ડ મળ્યા છે અને કોને એવોર્ડ મળ્યા છે એ પણ હું કહીશ. આ દેશના પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે.કલામ ઇનોવેશન ઇન ગવર્નન્સ એવોર્ડ મળ્યા છે એમાં સચિવ કક્ષાના ૩, કલેક્ટર કક્ષાના ૫, નાયબ કલેક્ટર કક્ષાના ૩ એમ કરીને ૯ થી ૧૦ એવોર્ડ ભારત સરકારે આ વિભાગને આપ્યા છે. ગુડ ગવર્નન્સના. માનનીય અધ્યક્ષશ્રી, કેટલાય વર્ષોથી શહેરોમાં ઝૂંપડપટ્ટીઓ છે. મારી ૬૩ વર્ષની ઉંમર થઇ મેં પણ ૫૦-૫૦ વર્ષની ઝૂંપડપટ્ટીઓ શહેરી વિસ્તારોમાં જોઇ છે અને તમે પણ જોઇ હશે પણ કર્યું શું? અમારી સરકારે નિર્ણય લીધો પી.પી.પી. ધોરણે એ ઝૂંપડપટ્ટીઓનું પુનઃવસન કરવા માટે અને પી.પી.પી. ધોરણે એ ઝૂંપડપટ્ટીઓમાંથી નાના નાના પાકા મકાનો બને એ માટે અમારી સરકારે યોજના બનાવીને બરોડા, રાજકોટ વગેરે શહેરોમાંથી કેટલીય ઝૂંપડપટ્ટીઓને કાઢી અને ૨,૧૫,૬૨૭ ચોરસ મીટર સરકારી જમીન આપી અને ઝૂંપડપટ્ટીમાંથી એમને નાના નાના પાકા મકાનો બનાવી આપ્યા છે. વાતો કરવાની ઝૂંપડપટ્ટીની પણ નિર્ણય લીધો નથી આપે, અમે લીધો અને એ નિર્ણય આજે ફિલ્ડમાં ઉતાર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૂચિત સોસાયટીની વાત કરું તો અમારા મુખ્ય મંત્રી અને નાયબ મુખ્ય મંત્રીએ સૂચિત સોસાયટીનો ક્રાન્તિકારી નિર્ણય લીધો છે. આ ગુજરાતમાં ૬૦૦ જેટલી સૂચિત સોસાયટીઓમાં નાના નાના મકાનો બિલ્ડરોએ બનાવી દીધા પછી બિલ્ડર જતો રહ્યો, આજની તારીખે ૧૦૦ વાર, ૧૫૦ વાર, ૨૦૦ વારના મકાનમાં એ રહે છે. બિલ્ડરે એન.એ. ના લીધું મકાન બનાવીને સોંપીને જતો રહ્યો આવા નાના નાના મકાનોમાં જે લોકો રહે છે એવા ૧ લાખ મકાનોને રેગ્યુલરાઇઝ કરવા માટેનો અમે નિર્ણય લીધો. આવા નાના નાના મકાનો બનાવીને બિલ્ડર ભાગી ગયો એવી સૂચિત સોસાયટીઓનો નિર્ણય પણ અમારી સરકારમાં કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતમાં મેં કહ્યું તેમ મારા વિભાગને તો એક કલાક આપવો જોઇએ પણ આજે ગુરુવાર છે, બધા જાણીએ છીએ કે સમયની મર્યાદા હોય. તેમ છતાં પણ જો વિરોધ પક્ષના સભ્યોને, આમ તો આજે કોઇ ટીકા-ટિપ્પણ નથી કરી એ બદલ હું માનનીય સભ્યશ્રીઓનો આભાર માનુ છું. પણ જો કરી હોત અને સાચી બાબત મારા ધ્યાનમાં લાવ્યા હોત તો ચોક્કસ એ બાબતમાં પણ હું આગળ વધત અને ન્યાય અપાવત. છતાં પણ એમનું કહેવું એમ હોય કે અમારી સરકારમાં અંધારું છે તો મારે એટલું જ કહેવું છે કે,

**''માના કી અંધેરા ઘના હૈ, લેકિન દિયા જલાના કહાં મના હૈ?**
**હમ દિયા જલાયેંગે, હમ દિયા જલાયેંગે જહાં ભી અંધેરા હોગા,**
**પૂરી સરકારમેં અંધેરા હોગા તો ભી હમ દિયા જલાયેંગે''**

સૌનો ખૂબ ખૂબ આભાર, ખાસ કરીને શૈલેષભાઇને અને દંડકશ્રીને જણાવું છું કે, અમારી સરકારમાં વિશ્વાસ હોય તો અમારી આ માગણીઓ સર્વાનુમતે પાસ કરો એવી હું વિનંતી કરું છું.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, એક તો પહેલાં માનનીય મંત્રીશ્રીનો આભાર માનીએ કે એમણે અંધારું છે એ સ્વીકાર્યું અને દિવો જલાવવાની પણ વાત કરી,

**સભાપતિશ્રી :** આપનો પ્રશ્ન પૂછો, સમય નથી, સીધા પ્રશ્ન પર આવો.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી કે બધા રેકોર્ડનું ડીજીટલાઇઝેશન થઇ રહ્યું છે અને એક ખૂબ ગંભીર વિષય છે, કેમ કે એટલા બધા રેકોર્ડ ડીજીટલાઇઝેશન થઇ રહ્યા છે તો આ બધા રેકર્ડના સર્વરોનું જે જતન થવું જોઇએ એ એનો ડેટા ક્યાં અને કેવી રીતે સંગ્રહ કરવામાં આવે છે ? આની કઇ રીતે જાળવણી કરવામાં આવે છે? અને ઇન કેઇસ આમાં કોઇ ફેઇલ્યોર ઉભી થાય તો તેવા સંજોગોમાં આપણી પાસે આ ડેટા માટેનો શું એકશન પ્લાન હોય છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ :આ ટેકનોલોજી છે, એમાં જેમ જેમ સુધારા થતાં હોય, નવી ટેકનોલોજી આવતી જાય એ રીતે અમે અદ્યતન રેકર્ડ બનાવવાની આખી સિસ્ટમ ગોઠવી છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા :માનનીય અધ્યક્ષશ્રી,

**સભાપતિશ્રી :** સીધા સવાલ ઉપર આવજો આપણી પાસે સમય નથી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓની જે જમીન છે એ જમીનમાં ૭૩-એ અને ૭૩-એએ ની એન્ટ્રી પાડવાના રાજ્ય સરકાર તરફથી હુકમો થયેલા છે, મારી જાણમાં ચોક્કસ છે કે, વડોદરા, પંચમહાલ અને નર્મદા જિલ્લાના જે આદિવાસીઓ છે, એમની જમીનમાં કેટલીક જગ્યાએ ૭૩-એએ ની એન્ટ્રીઓ પડી નથી તો તેવા જે ખાતેદારો છે એ ખાતેદારોની જમીનમાં ૭૩-એએની એન્ટ્રી તમે પાડવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ૭૩-એ અને ૭૩-એએ નો કાયદો આખો ભારત સરકારનો છે, પણ એમાં સરળતા આવે, કાયદાની મર્યાદામાં રહીને, આપણને જેટલા પાવર છે સ્ટેટ ગવર્નમેન્ટને, એની મર્યાદામાં રહીને, સરળતા જે રીતે થાય તે રીતે અમે કરતા હોઇએ છીએ અને એના માટેના નિર્ણયો પણ લેતા હોઇએ છીએ. એમાં કોઇ સ્પેસિફિક કેસ હોય અને માનનીય ધારાસભ્યશ્રી કહેશે કે આ એન્ટ્રી નથી પડી તો ચોક્કસ અમે એમાં એન્ટ્રી પડાવીશું.

દાખલ કરવાના બિન સરકારી વિધેયકો

શ્રી સુખરામભાઇ  હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી,રાજ્ય સરકારની સૂચનાઓ હોવા છતાં પણ કલેકટર કક્ષાએથી અને મામલતદાર કક્ષાએથી એનો અમલ નથી થયો તો અમલ માટે આપ કંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એનો અમલ ચોક્કસ કરાવીશું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૨૩ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૫૭, ૭૮ અને ૭૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાપતિશ્રી :** વિરામનો સમય થયો છે. ગૃહ ૨–૩૦ વાગ્યે ફરી મળશે.

**(વિરામ ૧–૩૦ થી ૨–૩૦)**

**દાખલ કરવાના બિન સરકારી વિધેયકો**

સન ૨૦૧૮નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક

ડો. નીમાબેન  ભા. આચાર્ય**(**ભૂજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

ડો. નીમાબેન  ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયકને દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

સન ૨૦૧૮નું ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે રાજયમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગ્યાઓ અનામત રાખવા બાબત વિધેયક

શ્રી અમિત   ચાવડા**(**આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે ( રાજયમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગ્યાઓ અનામત રાખવા ) બાબત વિધેયકને દાખલ કરવાની આ સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી અમિત   ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે ( રાજયમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગ્યાઓ અનામત રાખવા ) બાબત વિધેયકને દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ પેટા યોજના અને આદિજાતિ પેટા યોજના ( નાણાકીય સાધનોના આયોજન**,** ફાળવણી અને ઉપયોગ ) બાબત વિધેયક. **SB#>**

શ્રી નૌશાદજી  ભ. સોલંકી**(**દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે,  The Gujarat Scheduled Caste Sub-Plan and Tribal Sub-plan (Planning, allocation and Utilization of Financial Resources) Bill, 2018  દાખલ કરવાની આ સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી નૌશાદજી  ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ પેટા યોજના અને આદિજાતિ પેટા યોજના (નાણાકીય સાધનોના આયોજન, ફાળવણી અને ઉપયોગ ) બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી **: વિધેયક દાખલ કરવામાં આવે છે.**

સન ૨૦૧૮નું ગુજરાત લઘુમતિ કલ્યાણ અને સંરક્ષણ વિધેયક

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮

## દાખલ કરવાના બિન સરકારી વિધેયકો

શ્રી ઈમરાન યુ. ખેડાવાલા (જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું ગુજરાત લઘુમતિ કલ્યાણ અને સંરક્ષણ વિધેયક દાખલ કરવાની આ સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી ઈમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત લઘુમતિ કલ્યાણ અને સંરક્ષણ વિધેયકને દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

સન ૨૦૧૮નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ રદ કરવા બાબત વિધેયક.

શ્રી ઈમરાન યુ. ખેડાવાલા(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ રદ કરવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી ઈમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ રદ કરવા બાબત વિધેયકને દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

ચૈત્ર ૧, ૧૯૪૦ શાકે

ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક, ૨૦૧૮

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનાં બિન–સરકારી વિધેયકો**

**સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક –૮**

**ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક, ૨૦૧૮**

**ગુજરાત રાજ્યમાં જાહેર ગટરો, રસ્તા અને લોકોને જોવા માટેના જાહેર સ્થળમાં બિન–નાશવંત કચરો ફેંકાતો અથવા એકઠો થતો અટકાવવા અને તેની સંકળાયેલ અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.**

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક ૮, સન ૨૦૧૮નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૮નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક આ ગૃહમાં લઇને આવ્યો છું અને તેના પર મારા વિચારો વ્યક્ત કરું છું. સામાન્ય રીતે આપણા જીવનનો આધાર ઘરગથ્થુ, વ્યવસાયિક પ્રવૃત્તિઓ તથા રાજ્યમાં મોટા પ્રમાણે ઔદ્યોગિક ગૃહોની જરૂરિયાતોના કારણે ગામ, શહેર અને નગરોમાં રોજ–બરોજના ઉપયોગના કારણે જે કચરો ઉત્પન્ન થાય છે એ બે પ્રકારનો કચરો છે. (૧) નાશવંત કચરો અને (૨) બિન નાશવંત કચરો. નાશવંત કચરો એટલે કે આપણે જે કચરાને એના મૂળ સ્વરૂપમાં કરી શકાય, એનો નાશ કરી શકાય અને પર્યાવરણને નુકસાન ન થાય અને બીજો બિન નાશવંત કચરો છે અને આ બિન નાશવંત કચરાનો નાશ કરી શકાતો નથી અને એ પર્યાવરણને નુકસાન કરે છે. નાશવંત કચરો એ શાકભાજી વેસ્ટ, પેપર વેસ્ટ, પાંદડા, ફૂલ આ બધી ચીજોમાંથી ઉત્પન્ન થાય છે. નાશવંત કચરાને વેસ્ટમાંથી બેસ્ટ બનાવી શકાય છે. એનો re–use કરી આપણે એનું આર્થિક ઉપાર્જન પણ કરી શકીએ છીએ. અત્યારે ઘણા મહાનગરોમાં આ કચરાનો ઉપયોગ કરવાનો ચાલુ છે અને ગુજરાતમાં ખૂબ સારી શરૂઆત છે.

**સભાપતિશ્રી (શ્રી દુષ્યંતભાઇ પટેલ) અધ્યક્ષસ્થાને**

હું અમદાવાદ કોર્પોરેશનનો દાખલો આપું તો એમાં જે સુએઝ પ્લાન્ટ છે એની અંદરથી ખાતર પણ ઉત્પન્ન થાય છે. એની અંદરથી બાયોગેસ પણ ઉત્પન્ન થાય છે અને વીજળી પણ ઉત્પન્ન થાય છે. હું જ્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વેટર સપ્લાય ચેરમેન હતો એ વખતે જે ડ્રેનેજનું પાણી છે એ પાણીને શુદ્ધ કરી અને બગીચામાં કઇ રીતે અપાય એ માટે સિન્ટેક્ષના સહયોગથી કાર્યક્રમ કર્યો હતો અને એની અંદર મોડિફિકેશ ચાલે છે અને આગામી દિવસોમાં તે પણ થઇ શકશે. નાશવંત કચરામાંથી કંઇક સારું ઉત્પન્ન કરી શકાય છે પણ બિન નાશવંત કચરો જેવો કે, પ્લાસ્ટિક, નાયલોન, પી.વી.સી.ની મશીનરી, સ્પેરપાર્ટસ વગેરે તૂટી જાય તો તે બિન ઉપયોગી થાય ત્યારે એમાંથી આપણે કંઇ બનાવી શકતા નથી. પ્લાસ્ટિક જ્યારે ગટરમાં અને પ્રાણીઓના પેટમાં જાય તો એના કારણે ખૂબ ગંભીર નુકસાન થતું હોય છે અને પર્યાવરણ પણ જોખમાતું હોય છે. સમગ્ર વિશ્વ જ્યારે કલાઇમેટ ચેન્જની સામે લડી રહ્યું છે ત્યારે ઋતુઓમાં બદલાવ, વરસાદની અનિયમિતતા, ગરમી–ઠંડીમાં બદલાવ આ બધું થઇ રહ્યું છે ત્યારે પ્લાસ્ટિક અને બિન નાશવંત કચરાના નિકાલ માટે અત્યારે ખૂબ લેટેસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ મારા આ બિલ માટે કરવામાં આવે અને આ ટેકનોલોજીનો ઉપયોગ કરી. અને આપણી જે સંસ્કૃતિ છે કે વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાનું આવું પણ કંઇક ટેકનોલોજીથી સંશોધન થાય અને બિન નાશવંત કચરાનો સદંતર નાશ થાય અને આપણી આ જે ભવિષ્યની આફત છે એ આફતમાંથી આપણે ઉગરી જઇએ આવા વિચારો હું વ્યક્ત કરું છે અને માનનીય સભ્યશ્રીઓ મારા બિલને ટેકો આપે એવી વિનંતી કરું છું.

શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા મિત્ર સુરેશભાઇ જે ગુજરાત બિન–નાશવંત કચરો નિયંત્રણ વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સ્વચ્છ ભારતની વાત કરતા હોઇ અને જો આપણે ખરેખર સ્વચ્છ ભારત કરવું હોય તો પહેલાં આ કચરાને નિયંત્રણ કરવો અત્યંત જરૂરી છે. આપણે રોડ રસ્તા ઉપર ગમે ત્યાં જતા હોઇએ છીએ ત્યારે આપણને પ્લાસ્ટીકના ફૂડના પેકેટના વેસ્ટેજ ચારેબાજુ જોવા મળે છે. અમારા સૌરાષ્ટ્રની અંદર ફાકીના, માવાના કાગળીયાં ચારેબાજુ જોવા મળે છે, તમાકુ હોય તો તમાકુના કવર ચારેબાજુ આપણને જોવા મળે છે. બિન –નાશવંત કાગળ એ જે કચરો ઉત્પાદન થાય છે એ કચરાના મૂળમાં જવું પડશે કારણ કે જે કચરો બનાવે છે એ જે કંપનીઓ જે મટિરિયલ્સ બનાવે છે. દા. ત. હું આપને વાત કરૂં તો, પોલિયેસ્ટર છે તો પોલિયેસ્ટર એ રિસાયકલેબલ નથી. પોલિયેસ્ટરની સાથે L.D. film ને લેમીનેશન કરી અને એને metalized coating કરીને આજે જે ફૂડ પેકેટોમાં વપરાય છે એના હિસાબે પોલીયેસ્ટર અને LD filmથી એ બનેલું લીમીનેશન હોવાથી એ પ્લાસ્ટીકનો કચરો એ રિસાયકલેબલ નથી એના હિસાબે આજે આ ગૃહમાં મને કહેતાં બહુ આનંદ થાય છે કે, માનનીય મુરબ્બી ગૃહના નેતાશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અમારે ત્યાં રાજકોટમાં પુજિત રૂપાણીના નામે એક ચેરિટેબલ ટ્રસ્ટ ચાલે છે. જેમાં garbage picker છોકરાઓ છે આ કચરો ઉપાડવાવાળા, એને ભણાવવા, એને આગળ કરવા બહુ સારું કામ થાય છે. એમાં પણ જે રિસાયકલેબલ કચરો નથી એ કચરાની કોઇ કિંમત આવતી નથી. એ કુદરતી પર્યાવરણની સાથે એ નાશ પામતો નથી. ધારો કે, સૂર્ય પ્રકાશ હોય તો સૂર્ય પ્રકાશની અસરને હિસાબે આ કચરો કુદરતી અમુક સમયના કાળે નાશ પામવો જોઇએ એ નાશ પામતો નથી એને બિન નાશકારક આ કચરો કહેવામાં આવે છે.

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮

ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક, ૨૦૧૮

માનનીય અધ્યક્ષશ્રી, આપને હું કહેવા માગું છું કે, આવી જે રોમટીરિયલ્સની પ્રોડક્ટ કરતા હોય અથવા તો આવી જે પ્રોસેસ કરતા હોય એનો વિકલ્પ શોધીને આ પ્રોડક્ટ જો બંધ કરવામાં આવે તો જ આ કચરાનું પ્રોડક્શન થતું બંધ થાય. આવા કચરાઓ, પછી પ્લાસ્ટિક વેસ્ટ હોય, ઇલેક્ટ્રોનિક્સ આઇટમ હોય, માવા–ગુટકાની આઇટમ હોય કે કોઇપણ આવી પ્રોડક્ટ હોય આ કચરો પેદા કરે છે. આપણે જો ખરેખર સ્વચ્છ ભારતનું અભિયાન કરવું હોય તો આવા કચરાનું પ્રોડક્શન જ બંધ કરવું જોઇએ. હું આપને સ્પષ્ટ કહું છું કે, આજે હજારો ટન PET પોલિયેસ્ટર જે બને છે એ માત્ર ગુજરાતમાં ચાર થી પાંચ મોટા પ્લાન્ટ આવેલા છે કે એ જે PET ની જે ફિલ્મ છે એ એકદમ ઓછામાં ઓછા micron ની હોય છે કે જે રિસાયકલેબલ નથી તો આનું પ્રોડક્શન બંધ કરવું જોઇએ.

હું આપને બીજી એક વાત કરવા માગું છું કે, આપણને ગામોમાં વર્ષોથી ગીધના ટોળા જોવા મળતા હતા પણ આજે એક ગીધ પક્ષી જોવા નથી મળતું, કારણ કે જંતુનાશક દવા જે કપાસમાં છાંટી હોય અને એ કપાસની ઇયળ એ ગીધ ખાય અને એ બધા પક્ષીઓ મરી ગયા છે. આજે પર્યાવરણ ટોટલ ડિસ્ટર્બ થઇ ગયું છે. જો આની ઉપર કન્ટ્રોલ કરવો હોય તો આવી જે પ્રોડક્ટ છે એનો બીજો રસ્તો શોધવો એ ખૂબ જ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જયારે સી.કે. સાહેબ બોલતા હતા ત્યારે મને બહુ આનંદ થયો કે એમણે એમ કહ્યું કે, આ પાર્ટીમાંથી આ પાર્ટીમાં હું એટલા માટે આવ્યો કે, મારાં કામ નહોતા થતાં. ત્યાં જઇને અમારી વાચા આપી એ બદલ આપનો ખૂબ ખૂબ આભાર. સી.કે. સાહેબ, **મને એ જોઇને હસવું હજારોવાર આવે છે, મને એ જોઇને હસવું હજારોવાર આવે છે, હે પ્રભુ, તારા બનાવેલા આજ તને બનાવે છે પણ સમય સમયનું માન છે .**

માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગું છું કે, આ વિધેયક પાછું ન ખેંચાવું જોઇએ અને આ વિધેયક ઉપર સરકારે will કરવું જોઇએ. Bill લાવવાથી કાંઇ નહીં થાય. આના માટે બિલ લાવવા કરતાં એના માટે વીલ બરનવું જરૂરી છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી છેલ્લી વાત કરવા માગું છું કે કાયદા તો ઘણા છે. રોડ એકસીડન્ટની વાત કરીએ તો માનનીય કૌશિકભાઇ અને અમારા સભ્યશ્રી ભગાભાઇ તેઓએ તેમના આત્મજનો ખોયા છે. આ રોડ એકસીડન્ટમાં. આ બાબતમાં કહું કે લાયસન્સ આપવાની બાબતમાં કંટ્રોલ કરવો જોઇએ. અને ખાસ કરીને જે ઇકો ગાડીઓ નીકળી છે જે મોતકા સામાન લે કે ચલે હૈ, ઉસકો રોકના ચાહીયે. અને આના પછી છેલ્લી વાત ઉપર આવું છું કે, માફ કરજો, પણ રામના નામે મત માગી, આ ભાજપ અહીંયાં ન બોલાય તેના ખેલ ભજવે છે ધર્મને બાંધ્યો છે ધજાગરે અને *(×××)

શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાઃ આ *(×××) શબ્દો કાઢી નાંખવામાં આવે.

સભાપતિશ્રી : આ શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

શ્રી પુર્ણેશ મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રીસ, ૨૦૧૮ વિધેયક ક્રમાંક–૮, સન ૨૦૧૮નું ગુજરાત બિન– નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક માનનીય સભ્યશ્રી સુરેશભાઇ પટેલ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીની અધ્યક્ષશ્રી, સમગ્ર સૃષ્ટિ ઉપર કાર્બનનું ઉત્પાદન વધવાના કારણે કયાંક વધુ ગરમી અને કયાંક વધુ ઠંડી, તો કયાંક વધુ વરસાદ પડી રહ્યો છે અને આબોહવાનું સંતુલન બગડી રહ્યું છે. તેથી જીવસૃષ્ટિ ઉપર ખૂબ મોટો ખતરો ઉભો થયો છે અને આપણે ત્યાં તો પ્રાચીન કાળની વ્યવસ્થા છે, પ્રકૃતિનું શોષણ નહીં પણ પ્રકૃતિનું રક્ષણ. સાહેબ હમણાં મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે કોંગ્રેસના મિત્રોએ સંતુલન બગાડયું છે. એટલા માટે કહેવું છે કે એક બાજુ અમારા ગુજરાતમાં કોંગ્રેસના શાહજાદા અમારા શિવજી ભગવાન શંકરના મંદિરે દર્શન કરવા આવે, અને બીજી બાજુ કર્ણાટકમાં અમારા લીંગમ શિવા ઉપાસકોને શિવજીથી જુદા પડવામાં આવે તો આ કઇ જાતનો ન્યાય સાહેબ, આવી બે મોઢાની વાતો ન થાય.

સાહેબ, હવામાં, પાણી અને જમીન ઉપર પ્રદૂષણ વધી રહ્યું છે અને આ જમીન ઉપરના પ્રદૂષણનું મુખ્ય કારણ કચરો છે. આ કચરાનો સમયસર અને યોગ્ય સમયે નિકાલ ન કરીએ તો મહામારીનો ખૂબ મોટો ડર છે. આ કચરા પૈકી જે ગંભીર કચરો છે, બિન–નાશવંત કચરો છે તેનો નાશ થઇ શકે તેમ નથી. સો વર્ષ સુધી આ કચરાને પ્લાસ્ટીકને આપણે ગમે ત્યાં ડીસ્ટ્રોય કરીએ અને જમીનમાં રાખીખે તો પણ તેનો નાશ થતો નથી અને એઝ ઇટ ઇઝ બહાર આવે છે. એટલા માટે આ પ્લાસ્ટીકને આપણે બાળીએ તો પણ એની અંદર ઝેરી વાયુ હવામાં ફેલાય છે અને તેના કારણે તેને બાળી પણ શકતા નથી. બીજી તરફ આજના આધુનિક યુગમાં અને માનવ જીવનમાં બદલાવ આવ્યો છે તે બદલાવના ભાગરૂપે આ પ્લાસ્ટીકનો ઉપયોલગ વધ્યો છે. દરેક ચીજ વસ્તુનો વપરાશ અને વસ્તુમાં ફીનીશીંગ, ડોમેસ્ટીક વપરાશ અને દરેક વસ્તુનો વપરાશ અને તેમાં આમૂલ પરિવર્તન આવેલ છે. અને તેની સાથે ફેશન, ડીઝાઇન આ બધાના વપરાશના કારણે પ્લાસ્ટીકનો ઉપયોગ વધ્યો છે. દરેક ચીજ વસ્તુ કોઇ પણ નવી ચીજ વસ્તુ હોય તો તેના પેકીંગમાં પ્લાસ્ટીકના ઉપયોગનો વધારો થયો છે. આ બિન– નાશવંત પ્લાસ્ટીકનું પ્રમાણ વધ્યું છે ત્યારે મુશ્કેલી પણ ઘણી વધી છે આનો યોગ્ય નિકાલ થાય તે જરૂરી છે. અને તે સમયની માંગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે અમારા સુરત મહાનગરમાં મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સાહેબ ભીનો કચરો અને સૂકો કચરો તેના માટે ભીના કચરા માટે લાલ કલરની ડોલ અને સૂકા કચરના માટે ભૂરા કલરની ડોલ આપીને ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનનું કામ ચાલી રહ્યું છે. સુરત મહાનગરપાલિકામાં કચરામાંથી કંચન આ સૂત્રને સાર્થક કરવા માટે ઔદ્યોગિક

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એકમોથી ઉદભવતા આ જોખમી તથા પ્લાસ્ટીક વેસ્ટને સિમેન્ટ ઈન્ડસ્ટ્રીઝમાં વપરાશ કરવા માટેનો ઉપયોગ થઈ રહ્યો છે તે પણ એક આવકારદાયક પગલું છે. સુરત મહાનગરપાલિકામાં ઘન કચરાનો વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવા માટે તેને લેન્ડ રીફીલ કરવા માટે કોમન ટી.એસ.ડી. એફ. અમારી કાર્યરત છે. સુરત મહાનગરપાલિકામાં આ ઘન કચરાને ઉંચા તાપમાને બાળવા માટે કોમન હેજાર્ડ વેસ્ટ, ઈન્સીલરેટર, કોમન મલ્ટીપલ ઈફેકટ ઈવોપરેટર તેવા પ્રકારના કાર્યરત છે. સુરત મહાનગરમાં જે મેડીકલ વેસ્ટ છે, જે હોસ્પિટલના ચેપી અને તબીબી કચરાના નિકાલ માટે પણ કોમન બાયો મેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસેલિટી કરી રહ્યા છીએ. અમે સુરત મહાનગરમાં વર્ષોથી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ઘરે ઘરે જઈને ભીનો અને સુકો કચરો ઉપાડવામાં આવે છે. સુરતની ૫૫ લાખની વસતિ એટલે કે ૧૫ લાખ ઘર, કુટુંબો આ ૧૫ લાખ ઘરની અંદર જઈને સવારે સાતે સાત ઝોનની અંદર અમારા સુરત મહાનગરપાલિકાનો જે વહીવટ છે સફાઈ ઝૂંબેશ છે એ ડોર ટુ ડોર કલેકશન કરીને આખા શહેરની અંદર આ એક કલીયર કટ પ્રમાણેનો મેસેજ સ્વચ્છ ભારતના નામે આજે ટોપ ટેનમાં હિન્દુસ્તાનમાં સુરતની ગણતરી થાય છે. સુરતમાં એકત્ર થયેલા ઘન કચરમાં સાયન્ટિફિક કલોઝર માટે બાવન કરોડ રૂપિયાના ખર્ચે સ્વચ્છ ભારત મીશનની ગ્રાન્ટ હેઠળ કામગીરી થઈ રહી છે. સુરત મહાનગરમાં દેશમાં પહેલી વખત ૬૦૦ મેટ્રિક ટન પર દિવસ પર ડે ક્ષમતાનો વેસ્ટ ટુ એનર્જી પ્રોજેકટ સોલીડ એકટ ૧૯૧૬ હાથ ધરામાં આવ્યો છે. સુરતમાં સુકો અને ભીનો કચરો પ્લાસ્ટિક, ઈ વેસ્ટ, બાયોવેસ્ટ, કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશનનો વેસ્ટ. આમ તમામ પ્રકારના વેસ્ટ માટે કામ થઈ રહ્યું છે. તેમાં બિન નાશવંત કચરાથી જે નુકસાન થાય છે એનાથી બચાવવા માટે ઉત્તમમાં ઉત્તમ કામ થઈ રહ્યું છે. મારે એટલું કહેવું છે કે આવા કચરાને વહન કરવાનું તેનો યોગ્ય નિકાલ કરવાનું વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન પ્રમાણે નિકાલ કરીને જે લેન્ડ ફીલીંગનું કામ થઈ રહ્યું છે એ અદભુત છે. પર્યાવણની સુરક્ષા અને ચિંતામાં ગુજરાત રાજય પ્રથમક્રમે છે ત્યારે મારે કલાઈમેટ ચેઈન્જની એક વાત કરવી છે. એના માધ્યમથી જયારે સમગ્ર સૃષ્ટિની અંદર આબોહવા ઠડી, ગરમી, વરસાદ સમગ્ર ઋતુ ચક્ર બદલવાની પરિસ્થિતિ પેદા થઈ છે ત્યારે કલાઈમ ચેઈન્જનો વિભાગ આખા હિન્દુસ્તાનમાં જો કોઈએ કર્યો હોય તો એ ગુજરાતે કર્યો છે અને એનું શ્રેય જો કોઈને જતું હોય તો તે વખતના તત્કાલિન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જાય છે. સ્વચ્છતા અભિયાન તો બહુ થયું મારે એ કહેવું છે કે આ કોંગ્રેસના શાસનમાં ગુજરાત મહાનગરપાલિકાને કલીન સિટી નંબર વનનો ખિતાબ આખા હિન્દુસ્તાનમાં સુરતને પ્રાપ્ત થયો છે. એટલા માટે આ જે વિધેયક લઈને આવ્યા છે ચોક્કસ એ પ્લાસ્ટિક બિન નાશવંત છે પરંતુ ગુજરાત સરકાર આના માટે યોગ્ય કદમ પણ ઉઠાવી રહી છે. આવનાર દિવસોમાં આ બિન નાશવંત કચરાને સંપૂર્ણ નાબૂદ કરવા કટિબદ્ધ થઈએ એ જ અભ્યર્થના સાથે વિરમું છું.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વડીલ અને શાસક પક્ષના સભ્યશ્રી આદરણીય સુરેશભાઈ પટેલ જે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૮, ગુજરાત નોન બાયોગ્રેડેબલ ગાર્બેજ કન્ટ્રોલ બિલ, ૨૦૧૮ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું એટલા માટે કે આપણે બધા વી આર લો મેકર્સ છીએ. આપણે બધા કાયદો બનાવીએ છીએ કોઈ પણ કાયદો બનાવવાનો મુખ્ય હેતુ એ સમાજની સુરક્ષા અને સમાજના વેલ્ફેર માટે હોય છે. જે કાયદો લઈને આવ્યા છીએ એ બહુ સારો કાયદો છે એટલા માટે કે ભારતના ઘણા બધા રાજયોની અંદર આવો કાયદો પસાર કરવામાં આવ્યો છે. સૌથી પહેલા ગોવાની અંદર ગોવા નોન બાયોગ્રેડેબલ ગાર્બેજ કન્ટ્રોલ એકટ, ૧૯૯૭માં પસાર કરવામાં આવ્યો અને ત્યારબાદ ૨૦૧૫ની અંદર સુધારો કરવામાં આવ્યો. હિમાચલ પ્રદેશમાં ૧૯૯૫માં આવો કાયદો પસાર થયો છે. ગુજરાતની અંદર પણ ઘણા બધા કાયદાઓમાં ઘણી બધી જગ્યાએ સેન્ટ્રલ એકટ હોય કે સ્ટેટ એકટ હોય આ માટેની જોગવાઈ કરવામાં આવે છે એની અંદર આઈ.પી.સી. ૧૮૬૦ની સેકશન ૨૬૮ની અંદર કચરા દ્વારા જે પબ્લિક ન્યુસન્સ પેદા થાય છે એના માટેની જોગવાઈ પણ કરવામાં આવી છે. સેકશન ૨૬૯ની અંદર છ મહિનાની સજાની જોગવાઈ કરવામાં આવી છે. સી.પી.સી. સિવિલ પ્રોસિઝર કોડની સેકશન ૯૧ની અંદર પણ આ બાબતની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત મ્યુનિસિપલ એક્ટની કલમ-૧૯૪થી ૧૯૬માં પણ આ બાબતની જોગવાઈ કરવામાં આવી છે. The Environment Protection Act, 1886 ની અંદર પણ આ બાબતની જોગવાઈ કરવામાં આવી છે. National Green Tribunal માં પણ આ બાબતે ઘણા બધા ચૂકાદા આપ્યા છે. સુપ્રીમ કોર્ટના ચૂકાદાને આધારે ૨૦૧૬ની અંદર Solid Waste Management Rules, 2016 બનાવવામાં આવ્યો, એની અંદર પણ પોલ્યુશનની ચિંતા કરી આ કચરાના નિકાલ માટેની જોગવાઈ કરવામાં આવી છે. Minister of Environment and Forest, Government of India એ પણ તા.૨૫-૯-૨૦૦૦ના દિવસે નોટિફિકેશન જાહેર કર્યું એની Section 5 ની અંદર પણ આ બાબતની જોગવાઈ કરવામાં આવી છે. હમણાં જ ૨૦૧૩ની અંદર સંસદમાં એક પ્રશ્ન પૂછાયો હતો. એ પ્રશ્ન નં. ૨૯૭૪ છે એની અંદર જે આ બધો કચરો પેદા થાય છે એમાં ગુજરાતનો પાંચમો નંબર છે. દર વર્ષે ગુજરાતની અંદર ૧૦૧૪૫ MTD ઘન કચરો પેદા થાય છે. આ બધાના નિકાલ માટે માનનીય સભ્યશ્રી જે બિલ લઈને આવ્યા છે એ બિલને હું મારું સમર્થન આપું છું. નામદાર સુપ્રીમ કોર્ટે પણ હમણાં જ તા.૬-૨-૨૦૧૮ના દિવસે એક ચૂકાદો આપ્યો અને એ ચૂકાદાની અંદર ભારત સરકારે ૮૪૫ પાનાની એક એફિડેવિટ રજૂ કરી હતી અને એ એફિડેવિટને સુપ્રીમ કોર્ટે નકારી કાઢી. દરેક રાજ્યની અંદર SLAB એટલે કે State Level Advisory Board હોવું જોઈએ અને કેન્દ્ર સરકાર દ્વારા આ બોર્ડને ફંડ પણ આપવું જોઈએ એવી એમાં જોગવાઈ કરી છે. એટલે પહેલા તો હું અભિનંદન આપું છું કે આ વાતાવરણની અંદર પોલ્યુશન ન થાય એના માટે માનનીય સભ્યશ્રી જે કાયદો લઈને આવ્યા છે એના માટે આપણે ચિંતા કરવાની જરૂર છે. પણ

હમણાં રાજકીય રીતે સામેના માણસોએ પોલ્યુશન ફેલાવવાનો રાજ્ય સભામાં પ્રયાસ કર્યો એ ભવિષ્યમાં ન થાય એની પણ ચિંતા કરવાની જરૂર છે. મારા વિચારો આના માટે રજૂ કરું છું.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર(આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, આઠ નંબરનું વિધેયક ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક-૨૦૧૮ માનનીય સભ્યશ્રી સુરેશભાઇ પટેલ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું. માણસને જીવન જરૂરિયાત માટે પ્રથમ તો સ્વચ્છ પાણી અને સ્વચ્છ આબોહવા શ્વાસોશ્વાસ માટે જરૂર પડે છે. આજે પ્રદૂષણ એટલું બધુ વધી ગયું છે કે જ્યાં અને ત્યાં જોઇએ તો રસ્તાઓ ઉપર નાશવંત કચરાઓના ઢગલા કરવામાં આવ્યા છે. આને રોકવાની સરકારની પહેલામાં પહેલી ફરજ થઇ પડે છે. એમાં ભક્ત કવિની એક પંક્તિ મને યાદ આવે છે. દેવાયત પંડિતે જ્યારે કહ્યું હતું અને અગમની વાત કરેલી કે ‘‘એવા એવા કળિયુગ આવશે, જેમાં અનાજ અને પાણી પડીકે બંધાશે.’’ આ વાત આજે યથાર્થ ઠરી છે. આજે અનાજ પણ પ્લાસ્ટીકના પડીકામાં બંધાય છે અને પાણીના પણ પાઉચ મળે છે. આજે એનો વ્યય થાય છે અને જ્યાંને ત્યાં રસ્તાની અંદર અને ગટરની અંદર નાખવામાં આવે છે. એને સરકારના માધ્યમથી આપણે રોકવા પડશે. એના માટે હું મારા આણંદ નગરપાલિકાની વાત કરીશ. મારા આણંદ નગરપાલિકાની જવાબદારી આ નાશવંત કચરાના ઢગલે ઢગલા હટાવવાની એટલી જ બને છે. સરકાર તરફથી ઘણી બધી ગ્રાન્ટ આપવામાં આવે છે પરંતુ એનો ઉપયોગ બરાબર થતો નથી. દરરોજનું દરરોજ કચરો ઉઘરાવવામાં આવે છે પરંતુ તે નખાતો નથી. અમારા આણંદમાં રેલવે પાટા છે એની અંદરથી ખુલ્લી ગટર જાય છે. આ ગટરની અંદર એટલો બધો કચરો નાખવામાં આવે છે અને એની અંદર એટલું બધું ગટરનું પાણી રેલવે તરફથી નાખવામાં આવે છે કે ત્યાં આગળ સ્કૂલ આવેલી છે એ સ્કૂલના બાળકો અંદર ઉતરીને જાય છે. એમનું આરોગ્ય બિલકુલ કથળે છે એમાં રોગચાળો પણ ફાટી નીકળે છે. રેલવે સત્તાવાળા પણ માથે લેવા માગતા નથી અને નગરપાલિકાના લોકો પણ પોતાનો વિસ્તાર આવતો હોવા છતાં પણ એ પોતાની જવાબદારી લેવા માગતા નથી ત્યારે મારે આપને એટલું જ કહેવું છે કે કડકમાં કડક બિલ બને અને કડકમાં કડક કાયદો બને જેથી કરી આ મનુષ્યના જીવન સાથે અને એના આરોગ્ય સાથે જે ચેડા થાય છે એ ચેડા થાય નહીં. બીજી પણ વાત કરું કે આણંદની અંદર અમીન ઓટો વિસ્તાર આવ્યો છે એ વિસ્તારની અંદર કાંસની ખુલ્લી ગટર છે. કાંસ જે જાય છે એ ત્રણ કિલોમીટરનો છે. ત્યાં ૩૫૦ સોસાયટીઓનો રહેણાંક વિસ્તાર છે. આણંદ નગરપાલિકા, એની અંદર પ્રદૂષિત પાણી અને કચરો ખુલ્લો ઠાલવે છે જેના કારણે ત્યાંના રહીશોને બહુ મોટા મોટા મચ્છરોનો ત્રાસ થાય છે. ત્યાં મચ્છર ઉત્પન્ન થાય છે, એની અંદર વંદા થાય છે અને ઝેરી જીવજંતુ થાય છે. એના લીધે આરોગ્ય બગડે છે એના કારણે ત્યાંના રહીશોની દયાજનક પરિસ્થિતિ થાય છે. ત્યાં આગળ પણ ત્રણ કિલોમીટર વિસ્તારની અંદર ગટર કરી એનું વહન કરવામાં આવે એવી મારી આપ સરકારને વિનંતી છે. અમારી બાજુમાં વિદ્યાનગર જી.આઇ.ડી.સી. વિસ્તાર આવેલો છે. એની અંદર કેમિકલ ફેક્ટરીઓ આવેલી છે. એ કેમિકલયુકત ગંદુ પાણી આજુબાજુના વિસ્તારમાં ફેલાય છે જેના કારણે લોકોના આરોગ્ય સાથે ચેડા થાય છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (રાજયકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના માનનીય સભ્યશ્રી સુરેશભાઇ પટેલ ગુજરાત બિનનાશવંત કચરો નિયંત્રણ વિધેયક સન ૨૦૧૮ લઇને આવ્યા છે એમાં આ સન્માનનીય સભાગૃહના માનનીય સભ્યશ્રી લલિતભાઇ, માનનીય શ્રી પૂર્ણેશભાઇ, માનનીય કીરીટભાઇ, માનનીય કાંતિભાઇ, સર્વેએ ચર્ચામાં ભાગ લીધો. સામાન્ય રીતે આપણે જોઇએ તો ઘરગથ્થું કે વ્યવસાયિક પ્રવૃત્તિઓના કારણે શહેર, નગરોમાંથી તેમજ આપણા રોજબરોજના ઉપયોગમાંથી જે કચરો ઉત્પન્ન થાય છે તેને ત્રણ ભાગમાં વહેંચી શકાય. નાશવંત કચરો, બિનનાશવંત કચરો, ઘરગથ્થું જોખમી કચરો. આ કચરાઓના નિકાલ માટે જે તે શહેર, મહાનગરપાલિકા-નગરપાલિકા દ્વારા કચરાના એકત્રીકરણ કરી તેને વાહન દ્વારા પરિવહન કરી તેમાંથી બાયો ડીગ્રેડેબલ કચરાને અલગ તારવી કંમ્પોસ્ટ પ્લાન્ટ બનાવી ખાતર બનાવવામાં આવે છે. આ તમામ કામગીરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા હાલમાં કરવામાં આવી રહેલ છે. નાશવંત કચરોએ બાયો ડીગ્રેડેબલ પ્રકારનો કચરો છે. જે વિઘટીત થઇને કુદરતના મૂળ સ્વરૂપમાં ભળી શકે છે. જો એનું ઉદાહરણ આપીએ તો રસોડામાં ઉત્પન્ન થતો ઓર્ગેનીક વેસ્ટ આ પ્રકારનો કચરો કહેવાય છે. આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે આ પ્રકારના કચરામાંથી આપણે ઉપયોગી જૈવિક ખાતર બનાવી શકીએ છીએ. બિન નાશવંત પ્રકારના કચરાની પણ વાત થઇ આ પ્રકારના કચરામાં આજના યુગમાં સૌથી વધારે વપરાતુ પ્લાસ્ટીક ગણી શકાય કે જે મૂળ સ્વરૂપમાં સહેલાઇથી ભળી શકતો નથી. ઘરગથ્થુ જોખમી કચરો એ ઘરમાં દૈનિક પ્રવૃત્તિઓમાંથી પેદા થતો કચરો છે જેમાં મચ્છર મારવાની દવાની ખાલી બોટલ હોય, જંતુનાશક સ્પ્રે, બિન ઉપયોગી દવાઓ વગેરેનો સમાવેશ થાય છે. સૂચિત બિનસરકારી વિધેયકની જોગવાઇઓમાં જે જોગવાઇ કરી છે નીચે મુજબના પ્રવર્તમાન કાયદાઓ મહદઅંશે એનો સમાવેશ થયો છે જે કાયદાઓ છે એમાંથી બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯, ચેપ્ટર-૧૪, સોલીડ વેસ્ટ મેનેજમેંટ રુલ્સ ૨૦૧૬, કંસ્ટ્રકશન એન્ડ ડીમોલીશ વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ ૨૦૧૬, પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેંટ રુલ્સ ૨૦૧૬, સૂચિત વિધેયકમાં સજાની જોગવાઇ ખૂબ ઓછી છે. જ્યારે પ્રવર્તમાન ઉપર જણાવેલ પર્યાવરણ અધિનિયમ ૧૯૮૬ની કલમ ૧૫ મુજબ સૂચિત નિયમોના ભંગ બદલ ૫ વર્ષની સજા તથા રૂપિયા એક લાખનો દંડ અથવા બન્ને અને તેના સતત ભંગ બદલ પ્રતિ દિવસના રૂપિયા ૫ હજારના દંડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ જણાવેલ પર્યાવરણીય કાયદાઓ હેઠળ બોર્ડને કોઇપણ ઔદ્યોગિક એકમ કે સ્થાનિક સંસ્થા કે કોઇપણ અધિકારીને નિયમોના ભંગ બદલ પર્યાવરણ સુરક્ષા ધારા ૧૯૮૬ની જોગવાઇ મુજબ જરૂરી નિર્દેશો આપવાની જોગવાઇ છે. હાલની પરિસ્થિતિમાં રાજ્યમાં વિવિધ પ્રકારે ઉદભવતા પ્લાસ્ટિકના કચરાના નિયંત્રણ માટે પ્લાસ્ટિક રૂલ્સ તથા બાયોમેડિકલ રૂલ્સ

ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક, ૨૦૧૮

હેઠળ રાજ્ય સરકાર દ્વારા જે પગલા લેવામાં આવેલા છે એમાં પ્લાસ્ટિકની બેગ સિટ વગેરેનું ઉત્પાદન કરતા એકમો પ્લાસ્ટિક વાપરતા બ્રાન્ડ ઓનર વગેરેનું સઘન મોનિટરીંગ કરવામાં આવે છે. ૫૦ માઇક્રોનથી ઓછી જાડાઇના પ્લાસ્ટિકની બેગ, સિટ વગેરેનું ઉત્પાદન કરતા એકમોને પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ હેઠળ બંધ કરવાના હુકમો પણ આપવામાં આવે છે. પ્લાસ્ટિકના વપરાશ, નિકાલ અને તેનાથી ઉદભવતી સમસ્યાઓ બાબતે સામાન્ય નાગરિકો, વિદ્યાર્થીઓ, ઉદ્યોગો તથા અન્ય વપરાશકારોમાં જનજાગૃતિ લાવવાના ઉદેશથી રાજ્યના વિવિધ શહેરો, નગરોમાં સ્થાનિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ તથા ઔદ્યોગિક એસોસિએશનના સહકારથી સેમિનાર, પુસ્તક પ્રદર્શન તથા રેલીઓ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દૈનિક પત્રોમાં પણ જાહેરાતો આપવામાં આવે છે. સન્માનનીય સભાગૃહમાં મ્યુનિસિપલ ઘન કચરાના નિકાલ માટે લેન્ડ ફિલ્ડ સાઇટની અહીંયા વાત થઇ. આપણે જોઇએ તો બાયો–ડીગ્રેડેબલ કચરામાંથી ખાતર બનાવ્યા બાદ બચતા કચરાને ઘન કચરાના નિયમો ૨૦૧૬ની જોગવાઇ મુજબ લેન્ડ ફિલ્ડ સાઇટ બનાવી નિકાલ કરવાનો રહે છે. હમણાં જ માનનીય પૂર્ણેશભાઇએ સુરતની વાત કરી. હાલમાં ગુજરાત રાજ્યમાં ૧૬૨ સેવાસદનો, નગરપાલિકા, ૮ મહાનગર સેવા સદનો, મહાનગરપાલિકા, ૫ નોટિફાઇડ વિસ્તારો જે સોલિડ વેસ્ટના નિયમો ૨૦૧૬ના પાલન માટે જવાબદાર સત્તામંડળ છે. નગરો અને શહેરોના ઘન કચરાની યોગ્ય ટ્રીટમેન્ટ અને નિકાલ માટે વર્મી કમ્પોઝ પ્લાન્ટ તથા કોમન સિક્યોર્ડ લેન્ડ ફિલ્ડ સુવિધાની વિભાવના રાજ્યમાં અમલી બનાવવામાં આવેલ છે. રાજ્યમાં નાના પથરાયેલા અને મધ્યમ જે શહેરો છે ઘન કચરાના વ્યવસ્થાપન માટે ગુજરાત સરકાર દ્વારા જી.યુ.ડી.સી.એલ. નામે સંસ્થાની રચના કરવામાં આવી છે. ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયની તા. ૧૮–૩–૨૦૧૬ની અધિસૂચનાઓથી પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ પણ બહાર પાડવામાં આવ્યા છે. આ નિયમોના જે અગત્યના પાસાઓ છે પ્લાસ્ટિક કેરીબેગ સિટની જાડાઇ ૫૦ માઇક્રોનથી ઓછી હોવી ન જોઇએ. આ નવા નિયમો અંતર્ગત ખાદ્યપદાર્થોને રિસાઇકલ્ડ પ્લાસ્ટિક તથા કમ્પોઝેબલ પ્લાસ્ટિકમમાં સંગ્રહિત કરી શકાશે નહીં. આ નિયમોમાં મ્યુનિસિપલ ઓથોરિટી અને ગ્રામ પંચાયતોને પ્લાસ્ટિકના વેસ્ટ મેનેજમેન્ટની જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં વેસ્ટ કચરો ઉઠાવનાર મંડળો, સખીમંડળો વગેરે સાથે સંકલન કરીને પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે નિકાલ થાય તે જોવાની જવાબદારી પણ આપેલ છે. આમ, સર્વગ્રાહી રીતે આપણે જોઇએ તો માનનીય ધારાસભ્યશ્રીએ બિન સરકારી વિધેયક રજૂ કરેલ છે એના ઉદેશો સારા છે. એમના તરફથી વિધેયક રજૂ થયું છે એને કાયદાનું સ્વરૂપ આપતા પહેલાં પ્લાસ્ટિકના પેકિંગ મટિરિયલની અવેજીમાં અન્ય વ્યવસ્થાઓ ઉપલબ્ધ ન હોઇ તો કાયદાનો અમલ સફળ પણે થઇ શકે નહીં. માનનીય ધારાસભ્યશ્રી સુરેશભાઇ તરફથી રજૂ થયેલ બિલનું હાર્દ જળવાય તે પ્રકારનું જાહેરનામું પણ ભારત સરકાર દ્વારા બહાર પાડેલ છે અને વિવિધ કાયદાઓનો અમલ હાલમાં ચાલુ છે. આમ, જે કાંઇ એમનો આશય છે એ આપણા કાયદાઓમાં આપણી કેન્દ્ર સરકારની જે સૂચનાઓ છે એમાં એનો મોટાભાગનો અમલ થઇ જાય છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના કાયદાઓમાં એની સજા અને દંડની જોગવાઇઓ પણ વધારે છે. આ પરિસ્થિતિમાં હું માનનીય સભ્યશ્રી સુરેશભાઇને, જે આ બિન સરકારી વિધેયક રજૂ કર્યું છે એ પરત ખેંચવા માટે એમને નમ્ર વિનંતી કરું છું.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિધેયક લઇને આવ્યો છું એમાં શ્રી લલિતભાઇ, પૂર્ણેશભાઇ મોદી, ડૉ. કિરીટભાઇ, શ્રી કાંતિભાઇ વિગેરેએ એમના વિચારો વ્યક્ત કર્યા અને માનનીય મંત્રીશ્રીએ આપણું જે હાર્દ હતું કે આ પ્લાસ્ટિક એ બિનનાશવંત કચરો છે અને ભવિષ્યમાં નુકસાન ખૂબ થશે. પરંતુ માનનીય મંત્રીશ્રીએ જે કહ્યું છે, આપણો જે આશય હતો કે સરકાર આના પ્રત્યે જબરજસ્ત સજાગ થાય અને માનનીય મંત્રીશ્રીના વકતવ્યમાંથી ખરેખર એવું લાગે છે અને અત્યારે કેન્દ્ર સરકારની પણ એમણે વાત કરી. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર બંને પણ આના માટે કટિબદ્ધ છે અને આમેય ભારતીય જનતા પાર્ટીની નેઇમ છે કે, આપત્તિને અવસરમાં બદલવા માટે તેમના વિચારોમાંથી મને લાગે છે અને આના કારણે હું આજે મારા મિત્રોને પણ કહું છું કે મને તો ખબર પડી, ઘણીવાર એવું હોય લલિતભાઇ આપણો ડી.એન.એ. હોય એના કરતા આપણે આઘાપાછા થઇ ગયા હોય (અંતરાય) પાછળથી આપણને ખબર પડે છે.

સભાપતિશ્રી : સુરેશભાઇ આપનું સાઇટેશન વાંચો.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણી મૂળ વાતમાં આવીને આપણે ડી.એન.એ. પ્રમાણે આ સરકારનું ધ્યાન દોરવાનું હતું એટલું દોરી દીધું અને માનનીય અધ્યક્ષશ્રી, હું મારું વિધેયક પાછું ખેચું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ નું વિધેયક ક્રમાંક ૮ પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારું વિધેયક ક્રમાંક -૮- સન ૨૦૧૮નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક પરત ખેંચી લઉં છું.

સભાપતિશ્રી : **વિધેયક પાછું ખેંચવામાં આવે છે, નેકસ્ટ.**

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮

ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક, ૨૦૧૮

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક–૭**

ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક**,** ૨૦૧૮

**ગુજરાત રાજ્યમાં અવાજ પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા, તેનું નિયમન કરવા અને તેને દૂર કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઇ કરવા માટેનું વિધેયક.**

શ્રી જગદીશ પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ ના વિધેયક ક્રમાંક –૭ – સન ૨૦૧૮નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હિન્દુસ્તાનનું પોપ્યુલેશન ડે બાય ડે વધી રહ્યું છે એવી જ રીતે ગુજરાતનું પણ પોપ્યુલેશન વધી રહ્યું છે. ઘણા બધા પ્રકારના પોલ્યુશનો સમગ્ર દેશમાં ઊભા થયા છે. (અંતરાય) માનનીય અમિતભાઇ કહે છે કે ઘણા બધા પ્રકારના પોલ્યુશન થયા છે ચોક્કસ તમારી વાત સાથે સંમત છું. જેમ કલાઇમેટ ચેઇન્જ થઇ રહ્યું છે. નરેન્દ્રભાઇ મોદી સતત કલાઇમેટ ચેઇન્જની ચિંતા કરતા હોય છે, એની સાથે એર પોલ્યુશન, નોઇસ પોલ્યુશન, ટ્રાફિક પોલ્યુશન, ઓવર ક્રાઉડેડ પોલ્યુશન, સોલિડ વેસ્ટ પોલ્યુશન, સોઇલ પોલ્યુશન, સી પોલ્યુશન આવા ઘણા બધા પ્રકારના પોલ્યુશનો જ્યારે દેશમાં વધી રહ્યાં છે ત્યારે ખૂબ ચિંતાનો વિષય છે. હાઉસમાં ઉપસ્થિત દરેક સભ્યોને કહું છું કે, વોઇસ પોલ્યુશન છે એ આપણે પોતે જે બોલીએ છીએ, આપણો પોતાનો જે અવાજ છે, વાતચીત છે એ ૪૦–૫૦–૬૦ ડેસીબલથી નીચું હોવું જોઇએ. આપણે ગૃહમાં જ્યારે લાઉડલી બોલીએ છીએ અને વિખવાદ કરી રહ્યાં છીએ અને જે ઘોંઘાટ કરીએ છીએ એ ઘોંઘાટના કારણે પણ કોઇનું બ્લડ પ્રેશર વધી જાય, કોઇકને બી.પી. વધી જાય, કોઇક સાઇકિયાટ્રિક થઇ જાય વોઇસના કારણે ઘણા બધા રોગો થવાના ચાન્સીસ છે. માનનીય અધ્યક્ષશ્રી, મને ગૃહને જણાવતા દુ:ખ થાય છે કે, નોઇસ પોલ્યુશન જે બેઇઝ સિટી તરીકે કહેવાય એ ચાઇનાની ગોંજાઇન સિટીમાં દુનિયાનું સૌથી વધારેમાં વધારે પોલ્યુશન ધરાવતું સિટી છે. એવી જ રીતે મારે દુ:ખ સાથે કહેવું છે કે, ઇન્ડિયાનું દિલ્હી છે એ પણ વર્લ્ડની સેકંન્ડ લાર્જેસ્ટ વોઇસ પોલ્યુશન સિટી તરીકે આવે છે એના પછી કેરો આવે છે, મુંબઇ આવે છે, તૂર્કીમાં ઇસ્તંબૂલ આવે છે, બેઇઝીંગ આવે છે આવા બધા નોંઇઝ પોલ્યુશનના કારણે ખૂબ મોટી સમસ્યાઓ દેશમાં સર્જાઇ રહી છે. એક જ્યૂરિક, સ્વિટ્ઝરલેન્ડ આ બધા દેશોમાં સૌથી ઓછામાં ઓછું પોલ્યુશન છે ત્યારે મારે સભ્યશ્રીઓને કહેવું છે કે આપણે, સભ્યો દેશ–વિદેશમાં ફરતા હશે. પ્રવાસમાં પણ જવાનું થતું હશે તો એ બધી જગ્યાએ જે કારનું હોર્ન વગાડવામાં આવે છે. હોર્ન પણ ભાગ્યે જ વગાડવામાં આવે છે. આપણે અહીંયા, હું ધારાસભ્ય છું અને મારી આગળ કોઇક જઇ રહ્યું હોય તો મારો રોફ બતાવવા માટે પણ હું વધારે હોર્ન વગાડતો હોઉં છું. આ બધા પોલ્યુશનના કારણે આજુબાજુની પ્રજા ડિસ્ટર્બ થાય છે. લોકોમાં આપણા માટેની છાપ ખરાબ થાય છે એટલે મારે દરેક સભ્યને કહેવું છે કે જેમ બને તેમ વોઇસ પોલ્યુશન ઘટવું જોઇએ. થોડા આંકડા આપના માધ્યમથી હું મૂકવા માગું છું. જયારે મંત્રીશ્રી પણ અહીંયા બેઠા છે ત્યારે નોર્મલ વોઇસ જે આવે, નોર્મલ વ્યક્તિનો જે વાતચીતનો વોઇસ આવે એ મિનિમમ ૬૫ ડેસીબલથી નીચે હોવો જોઇએ. જે જેટ પ્લેન હવામાં ઉડતું હોય છે એનો ૧૨૦ ડેસીબલ હોય છે. ફેક્ટરીના જે બોઇલર ચાલતા હોય છે એ ૧૧૦ ડેસીબલ હોય છે. ટ્રેનનો અવાજ ૧૧૦ ડેસીબલ હોય છે, કાર અને બાઇકના લગભગ ૯૦ ડેસીબલ જેવા હોય છે. એવી જ રીતે જે કુતરા ભસતા હોય છે એ કુતરાઓ ભસવાનો અવાજ ૭૦ ડેસીબલ જેવો હોય છે. લાઉડલી કન્વર્સેશનનો અવાજ લગભગ ૭૦ ડેસીબલ જેવો હોય છે. આપણે જે ટાઇપ રાઇટીંગ કરીએ છીએ એનો અવાજ લગભગ ૫૦ ડેસીબલ જેવો હોય છે. આજુબાજુમાં વાતચીત કરીએ છીએ ત્યારે વાતચીતનો અવાજ પણ ૧૫ ડેસીબલ જેવો હોય છે અને હજી અત્યારે ડી.જે.થી માંડીને જે ઘોંઘાટો ચાલી રહ્યા છે, ચોકકસ મંત્રીશ્રીને પણ મારી રજૂઆત છે કે ચોકકસ એવા નીતિ નિયમો હોવા જોઇએ અને એવા સેન્સર આવે છે અને હવે તો એર પોલ્યુશન સેન્સર આવે છે એમ વોઇસ પોલ્યુશન સેન્સર આવે છે. જેમ મોબાઇલમાં ઝામર લાગી જાય છે અને એ મોબાઇલની રીંગના કવરેજને બંધ કરી દે છે એવી જ રીતે ડી.જે. સંપૂર્ણપણે બંધ કરવા જોઇએ. જો ડી.જે.ને મંજૂરી આપવી હોય તો એના માટેના પર્ટીકયુલર વોઇસ કન્ટ્રોલર હોય છે એ લગાવવા જોઇએ જેના કારણે ડી.જે.ના અવાજની સામાન્ય જનમાં, લોકોમાં અસર ન થાય. જયાં સ્કૂલો છે, રહેણાક વિસ્તાર છે ત્યાં ચોકકસ લોકો ડિસ્ટર્બ થાય છે અને આના કારણે ઘણાબધા ડીસીઝ થાય છે. ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં આપણે જે કાયદા મુજબ નકકી કર્યું છે કે ૭૫ ડેસીબલ હોવો જોઇએ. કોમર્શિયલ એરીયાની અંદર લગભગ ૬૫ જેવો હોવો જોઇએ. રેસીડન્સ એરીયાની અંદર ૫૫ જેવો હોય છે. સાયલન્ટ ઝોનની અંદર ૫૦ જેવો ડેસીબલ રાખવામાં આવે છે. ડેસીબલના કારણે જે રૂટીન સાંભળવા માટે જે જોઇએ એમાં હું એવું કહીશ કે ૮૫ ડેસીબલ હોય તો સતત આઠ કલાક વ્યક્તિ સાંભળે તો મૃત્યુ પામે છે. ૮૮ ડેસીબલનો વોઇસ સતત ચાર કલાક સાંભળે તો માણસ મૃત્યુ પામે છે. ૯૧ ડેસીબલ માત્ર બે કલાક સાંભળે તો માણસ મૃત્યુ પામે છે. ૯૪ ડીસેબલ અવાજ ૩૦ મિનિટ કરતા વધુ સાંભળે તો મૃત્યુ પામે છે. ૧૦૦ ડીસેબલનો અવાજ ૧૫ મિનિટ કરતા વધુ સાંભળે તો માણસ મૃત્યુ પામે છે. ૧૦૩ ડીસેબલ અવાજ માત્ર સાડા સાત મિનિટ સાંભળે તો મૃત્યુ પામે છે. ૧૦૬ ડેસીબલ સાડાત્રણ મિનિટથી વધુ સાંભળે તો મૃત્યુ પામે છે. ૧૦૯ ડેસીબલ ૧.૮ મિનિટથી વધારે સાંભળે તો મૃત્યુ પામે છે. ૧૧૨ ડેસીબલ ૦.૯૩ મિનિટ માણસ સાંભળે તો મૃત્યુ પામે છે. ૧૧૫ ડેસીબલ અવાજ હોય તો માત્ર ૩૦ સેકન્ડમાં માણસ મૃત્યુ પામે છે. આના કારણે માણસનું મેન્ટલી, પોતાનું મનોબળ વીક થઇ જાય છે. એને ઘણાબધા ડીસીઝ થાય છે, એની સ્લીપ ડીસ્ટર્બ થઇ જાય છે. એના રીસ્ક ફેક્ટર વધી જાય છે, એનું બ્લડ પ્રેશર વધી જાય છે, એને હાર્ટ એટેકના પ્રશ્નો વધી જાય છે, એનું બ્લડ કોટીંગ વધી જાય છે. એની લાઇફ આખી

સ્ટ્રેટવાળી થઇ જાય છે. મારું ફીલીંગ એવું છે કે આ નોઇસ પોલ્યુશનને માટે આપણે વધારેમાં વધારે કડક થવું જોઇએ અને નોઇઝ પોલ્યુશન માટેના કન્ટ્રોલ પણ આપણે વિકસાવવા જોઇએ. દેશ વિદેશમાં ઘણીબધી ટેકનોલોજી વિકસેલી છે તો હું આપને રજૂઆત કરું છું અને દરેક સભ્યને પણ કહું છું અને મંત્રીશ્રીને પણ કહું છું કે સરસ ટેકનોલોજી આવી છે તો વોઇસ કન્ટ્રોલ ચોકકસ કરવો જોઇએ. આભાર.

સભાપતિશ્રી : માનનીય વિરજીભાઇ. બધા સભ્યશ્રીઓ શાંતિથી સાંભળે. બહુ સરસ માહિતી જગદીશભાઇએ આપી છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જગદીશભાઇ ગુજરાત અવાજ પ્રદૂષણ અટકાવવા માટેનું જે વિધેયક લઇને આવ્યા છે તેને હું મારો ટેકો રજૂ કરવા માટે ઉભો થયો છું. જગદીશભાઇ તો બહુ સારી રીતે જાણે છે કે અવાજથી કેટલું પ્રદૂષણ થાય છે એનો ભોગ આપણે બની ચૂકયા છીએ. મહાભારતમાં વિદૂરની નીતિઓ છે. આ ભારતીય જનતા પાર્ટી ધર્મને માનનારી પાર્ટી છે અને રૂલિંગ પાર્ટીમાં છે. મને લાગે છે ભાગવત એમણે સાંભળ્યુ હશે, વાંચ્યુ હશે. જોકે કોંગ્રેસવાળાએ જેટલું વાંચ્યુ હશે અને કોંગ્રેસવાળા જેટલું જાણે છે એટલું ભારતીય જનતા પાર્ટીવાળા જાણતા નથી એ પણ હું જાણું છું. એ ભાગવતની વિદૂર નીતિનો તેરમો શ્લોક છે – આંધળાના તો આંધળા રહ્યા. એના કારણે મહાભારત સર્જાયુ. શું બન્યું, શું ન બન્યું. વિધાનસભા તો આપણી એક મહત્વની ભૂમિ છે એટલે હું નહિ કહું. પણ અહીયા પ્રદૂષણના નામે જગદીશભાઇ પંચાલ જે બિલ લઇને આવ્યા છે ત્યારે હું જગદીશભાઇને જરૂર કહીશ. અહીયા પણ જે પરિસ્થિતિ નિર્માણ થઇ એ તમારા નાના મોટા શબ્દોથી થઇ. કયા શબ્દો બોલ્યા છો એ તમે જાણો છો. એટલે પ્રદૂષણ અટકાવવા માટે..

સભાપતિશ્રી : વિરજીભાઇ, પ્લીઝ, વિધેયક ઉપર બોલો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : પ્રદૂષણ અટકાવવા માટે ડેસીબલના આંકડા એમણે આપ્યા. આંકડા ડેસીબલના એમણે આપ્યા છે. આંકડા આપ્યા છે, એની વાત ઉપર ચર્ચા કરવા માગુ છું. હું કોઇ ટીકા કરવા માગતો નથી. મારા સારા મિત્ર છે.(અંતરાય) આ પણ એક પ્રદૂષણ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જે વિષયને આપણે ભૂલીને આ સભાગૃહ સારી રીતે ચાલે એ દિશામાં જઇ રહ્યા છીએ. જો આપણે ચર્ચા કરવા બેસીશું તો જૂના ઘાવો ફરીથી ખોલવા માટેની તમારી તૈયારી હોય તો અમારી પણ સંપૂર્ણ તૈયારી છે. આ પ્રમાણેના બિન–સરકારી વિધેયકોમાં ઉલ્લેખો હાથે કરીને સભાગૃહનું વાતાવરણ બગાડવા માગે છે.(અંતરાય)

સભાપતિશ્રી : કારણ કે બંને બાજુથી આ થશે. આમ બોલશો તો આમથી પણ આવશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : અમારા બીજા સભ્યો બીજા બધા મુદ્દાઓનો ઉલ્લેખ કરશે જે અયોગ્ય છે. વિરજીભાઇ.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી,

સભાપતિશ્રી : લલીતભાઇ, આપના સભ્ય બોલી રહ્યા છે પ્લીઝ.

શ્રી વિરજીભાઇ ઠુંમર : અવાજથી ઘણું બધું પ્રદૂષણ થઇ રહ્યું છે, તેના ડેસીબલ માટેનું જગદીશભાઇ માપ લઇને આવ્યા છે તેને ખરેખર અનુમોદન આપું છું. અવાજથી એટલું બધું પ્રદૂષણ થઇ રહ્યું છે કે એનાથી નાનાં બાળકો ઉપર એની અસર થઇ રહી છે. ફોરેનમાં એટલા બધા મોટરસાઇકલ બુલેટ નીકળ્યા છે. આપણી વિધાનસભાની જ્યાં આગળ આપણી હોસ્ટેલ છે, ત્યાં પણ બુલેટવાળા નીકળે છે અને એટલું હોર્ન બજાવે છે કે કમસે કમ ત્યાં તો બંધ થવું જોઇએ કે નહિ? એટલા માટે આ કાયદો જરૂરી છે. આમાં સજાની જોગવાઇ ૧૦,૦૦૦ નો એક વાર દંડ થશે અને ૧૦,૦૦૦ નો જામીન આપવો પડશે, પછી એને જામીન મળશે. રૂપિયા ૧૦,૦૦૦ રોકડા ભરશે તો ખોટા હોર્ન ફીટ કરાવે છે તે બંધ થઇ જેશ. રોડ ઉપર નીકળતી લકઝરી જોવામાં આવે કેવા હોર્ન ફીટ થયા છે? એ હોર્નના કારણે એટલું મોટું પ્રદૂષણ થાય છે કે નાના બાળકોને આની ભારે મોટી અસર થતી હોય છે. મારે વિધાનસભામાં ટીકા નહિ કરવી જોઇએ છતા પણ કહું છું. આપણે ત્યાં જે ૫ મિનિટનો બેલ પાડવામાં આવે છે તે તો ઘણી જૂની સિસ્ટમ છે. પણ મને લાગે છે કે આનું પણ ડેસીબલ માપ કરાવવાની જરૂર છે તે માટેની વિનંતી કરું છું. એ ડેસીબલ કેટલા છે? આપણે ગૃહમાં કાયદો ઘડવા માગીએ છીએ ત્યાં આપણી આવી મહત્વની એક વિધાનસભામાં એનું પણ માપ કઢાય એ જરૂરી છે. શા માટે થતું નથી? ટેકનિકલ ટીક દઇને અવાજ આવે તો માણસને ખ્યાલ આવી જતો હોય છે, ત્યારે એ બાબતની પણ વિધાનસભાના અધ્યક્ષ તરીકે આપના લેવલથી તપાસ થાય અને એનું ડેસીબલ મપાય એ પણ મારી વિનંતી છે. મોબાઇલ યુગ આવ્યો છે. અને આ પ્રદૂષણમાં અવાજ આવવાનું કારણ થયું હોય તો છેલ્લાં ૨૨ વર્ષથી થયું છે. આ મોબાઇલ આવ્યા પછી બહુ વધ્યું છે. હું એક વાર યુ.કે. ગયો હતો. યુ.કે.માં જે બસમાં બેસીને જતો હતો ત્યાં આગળ એક માણસે મારી બાજુમાં બેસી મને કહ્યું કે કેન આઇ ટોક? હું વાત કરી શકું? અને અહીયા વિધાનસભામાં આપણા મોબાઇલ લઇ લેવા પડે છે. ન લેવામાં આવે તો શું થાય? જાહેર સ્થળો ઉપર મોબાઇલ ઉપર જોરશોરથી વાતો થઇ રહી છે. એટલા માટે જગદીશભાઇ જે બિલ લઇને આવ્યા છે, તેને અનુમોદન આપીને આનો કોઇપણ કાયદો તાત્કાલિક ઘડાય તેને બદલે આ જ બિલને પસાર કરવામાં આવે અને એક વાર જો ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ માણસને થશે તો મોબાઇલ ઉપર પોતે વાત કરતો બંધ થઇ જશે. અને જામીન લેવા હશે તો જામીન માટે ૧૫૦૦૦ રૂપિયા ભરવા પડશે. જ્યાં સુધી કોઇપણ વ્યક્તિના ખિસ્સામાંથી પૈસા ઓછા ન થાય અને તેને દંડ ન ભરવો પડે ત્યાં સુધી કાયદાકીય ગમે એટલી સારી વાતો કરીએ તો સુધારા થઇ શકવાના નથી. સુધારા માટે દંડની જોગવાઇ સુધારો કરી શકે. માણસને એ જ પલટી શકે છે. આડેધડ ટ્રાફિક ચાલી રહ્યો

છે. દિલ્હીમાં કાયદો લાવવામાં આવ્યો. હું સંસદસભ્ય હતો. કોઇપણ માણસ એક વખત એનું વાહન લઇને ગયો અને એક વખત એના રેકર્ડમાં આવી ગયો અને બીજી વખત રેકર્ડમાં આવી ગયો અને ત્રીજી વખત બ્લેકલિસ્ટ થયા પછી જિંદગીભર એને લાઇસન્સ આપવાનું બંધ થયું. ટ્રાફિકની સમસ્યામાં સેન્સ આવી ગઇ. આજે વધારેમાં વધારે ડિસિપ્લિનભર્યો ટ્રાફિક ચાલતો હોય તો દિલ્હીમાં ચાલી રહ્યો છે. અહીયા આવું ન થઇ શકે? ગુજરાતના તો આપણે દાખલા આપીએ છીએ. કોઇપણ અમારા સભ્ય ઊભા થાય તો દાખલા આપીએ છીએ. આ ગૃહના પૂર્વ નેતા દેશના વડાપ્રધાન જ્યારે(અંતરાય) તમે ગર્વ લો છો. મને ગર્વ છે. ગુજરાતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી છે. ગુજરાતી તરીકે મને ગૌરવ છે. ગુજરાત હજુ પણ ટકોરો લઇને કેટલા બધા આપણા પ્રશ્નો આપણા ગુજરાતના અટવાયેલા છે, તે આજે એક તો સોલ્વ કરાવો? નથી સોલ્વ થતા. વિધાનસભાના એટલા બધા પ્રશ્નો અટવાયેલા છે. ગુજરાત રેલ્વેનું વડુમથક અમદાવાદમાં આપવાની વાત હતી. ૪ વર્ષ થઇ ગયા છે. કયાં અપાયું છે? એટલા માટે(અંતરાય) જયદ્રથભાઇ, હું વિષય બદલતો જ નથી. હું આ જ વિષય લઇને આવ્યો છું. ત્યારે આપણે વાતનું વજુદ લાવવા માટે આટલો મોટો મોકો મળ્યો છે. અત્યાર સુધીમાં ગુજરાતને પ્રથમ વખત મોકો મળ્યો છે. ગુજરાત તો નમૂનારૂપ ગુજરાત છે. આવા કાયદાઓ કડક થાય તે જરૂરી છે. કાયદાઓ શા માટે કડક કરવા પડે છે? એટલા માટે કડક કરવા પડે છે કે આવું પ્રદૂષણ વધતુ જશે, વધતું જશે તો માણસના જીવન ઉપર અસર થવાની છે. આજે આપણે ભારત દેશનો દાખલો દઇ શકીએ તેમ છીએ. યુ.કે. જેવો દેશ જેણે ૨૦૦ વર્ષ આપણી ઉપર રાજ કર્યું. દુનિયા ઉપર રાજ કર્યું. છતા પણ સોફ્ટવેર કોઇને જોઇતા હોય તો હિન્દુસ્તાનનો, ગુજરાતનો એક નાનો યુવાન સોફ્ટવેર બનાવે છે જે ત્યાં વપરાય છે. આવી તાકાત ગુજરાતમાં છે. આવી તાકાત હિન્દુસ્તાનમાં છે. એ હિન્દુસ્તાનમાં આવી તાકાત છે ત્યારે એ પ્રદૂષણના કારણે આપણી તાકાત તૂટી ન જાય એના માટે જગદીશભાઇ આવી સરસમજાની ચિંતા કરી છે. તેને હું અનુમોદન આપીશ. કદાચ વિરોધપક્ષની થોડી મુશ્કેલી હોય અને અમારા મિત્રએ કહ્યું અને દાખલો પણ આપ્યો. સી.કે. તો મારા મિત્ર છે અને અમે સાથે હતા. પાછા થોડી વાર ત્યાં આવ્યા. પાછા અહીંયા આવ્યા. મારા ભરવાડ કયાં ગયા. એમને તો મંત્રી બનાવવા માગું, પણ આજે છે નહિ. અમારા ત્રણ-ચાર મિત્રો છે. એ આ જ જગ્યાએ હોવા જોઇએ.

સભાપતિશ્રી : માનનીય વિરજીભાઇ આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી પૂર્ણેશભાઇ.

શ્રી વિરજીભાઇ ઠુંમર : પરંતુ મારે એટલા માટે કહેવું છે કે આપણે આટલું સરસ મજાનું સંચાલન કરનારી ગુજરાત વિધાનસભાનો દાખલો આપતા હોઇએ, ત્યારે જગદીશભાઇ જે બિલ લઇને આવ્યા છે, તેને અનુમોદન આપી. જગદીશભાઇ આ બિલ પાછું નહિ ખેંચે તે માટેની વિનંતી કરું છું. પાછા આમાં કયાંક કોઇ જગ્યાએ આવી ન જતા. તે દિવસે જે ખેંચાયું તેવું આ બિલ તો નહિ જ ખેંચતા તેવી વિનંતી કરું છું.

શ્રી પુર્ણેશ મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮નું ગુજરાત અવાજ પ્રદૂષણ અટકાવવા બાબત વિધેયક આ સન્માનનીય ગૃહના સભ્યશ્રી જગદીશભાઇ પંચાલ દ્વારા લાવવામાં આવ્યું છે તે બાબતે મારા વિચારો રજૂ કરું છું. જમીન, પાણી અને હવા આ ત્રણેયની અંદર પ્રદૂષણ સતત વધતું જાય છે. માનવ જગત ઉપર ખતરો થયો છે, ત્યારે સમયસર જાગીને આદરણીય વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતનું પ્રતિનિધિત્વ કોપેનગહાનમાં જઇને સમગ્ર વિશ્વની સમક્ષ એક વાત મૂકી હતી. બધા સામૂહિક ભેગા થઇને આજે પ્રદૂષણ જે છે, એના માટે અને પૃથ્વીની જગત ઉપર કાર્બન વધુમાં વધુ ઉત્પાદન થાય છે, તેને અટકાવવા માટે બધાએ સહિયારો પ્રયાસ કરવો જોઇએ. અને આખાય હિન્દુસ્તાનમાં ગુજરાત એમાં અગ્રેસર છે. એમાં આપણે ત્યાં ક્લાયમેટ ચેઇન્જનો વિભાગ ખોલવામાં આવ્યો છે, પરંતુ મારે એક વાત એ પણ કરવી છે કે પાણીના પ્રદૂષણની અંદર અમારે ત્યાં લોક માતા તાપી નદીની અંદર અસંખ્ય જળકુંબી થઇ છે અને અમારા બધાના પ્રયત્નથી ૨૫ તારીખે પાણીમાં ઉતરવાના છીએ. અને તાપી નદી શુદ્ધીકરણ કરવાના છીએ અને ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગરનું આખું એકમ આમાં જોડાઇને પવિત્ર તાપી નદીને શુદ્ધ કરવાનો અમારો સંકલ્પ છે. આવા સંકલ્પ લોકોએ કરવા જોઇએ. આ બાબતે ગુજરાત અગ્રેસર રહેશે. સાહેબ હવાની વાત કરીએ તો એક તરફ ઝેરી વાયુ અને બીજી તરફ હવાની અંદર પણ અનેક પ્રકારના બેક્ટેરિયા, કીટાણું અને સાથે સાથે અવાજ હોય છે. આ અવાજની વાત છે ત્યારે આ અવાજના કારણે, ઘોંઘાટથી વાતાવરણ કલુષિત થાય છે. એક વખત કદાચ છોડેલું બ્રહ્માસ્ત્ર પાછું વાળી શકાય, અટકાવી શકાય પણ એક વખત આપણા મોંઢેથી જે શબ્દોનું ઉચ્ચારણ થાય છે, જે આપણે શબ્દનો પ્રયોગ કરીએ છીએ, જે અવાજ કરીએ છીએ પછી એ મોબાઇલના સ્વરૂપે, રેડિયોના સ્વરૂપે કે ટીવીના સ્વરૂપે હોય કે આપણા બધાના સ્વરૂપે હોય તે આ અવાજ કયારે પાછો વાળી શકાતો નથી, તે રોકી શકાતો નથી. તે એકવાર છોડેલા કે બોલેલા શબ્દો કયારેય પાછા આવતા નથી.

અને એટલા માટે કહેવામાં આવે છે કે, " આવાઝ કભી મરતા નહીં હૈ વો તો અમર હોતા હૈ" અને એટલા માટે કહેવાયું છે કે, આ અવાજના ઉચ્ચારેલા શબ્દો મરતા નથી પરંતુ બ્રહ્માંડમાં આ બધા અવાજો એકત્ર થાય છે. આ આપણી સંસ્કૃતિ છે ત્યારે આ અવાજના પ્રદૂષણ માટે સૌથી પહેલા તો સાહેબ, એક જમાનો હતો કોંગ્રેસનો ત્યારે હું સુરત મહાનગરમાં ગણેશ સમિતિનો અધ્યક્ષ હતો ત્યારે અમારે ત્યાં રાતના બે વાગે, ત્રણ વાગે બિભત્સ ડીસ્કો ચાલ્યા કરે, બિભત્સ ફિલ્મી ગીતો વાગે અને આખો મહોલ્લો ત્રાહીમામ પોકારતો હોય, લોકો કહે કે આ કયારે બંધ કરશે અને આવી અનેક પ્રકારની મુસીબતો હતી એ જમાનો હતો ૧૯૮૦-૧૯૯૦નો એ જમાનો યાદ કરો. સાહેબ, આખી રાત વ્યસન ચાલતું અને આખી રાત, આખા મહોલ્લાને ઉંઘવા ન દે એ પ્રકારનું વાતાવરણ તે જમાનામાં જોવા મળતું પરંતુ ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું પછી ધીરે ધીરે આના પર પ્રતિબંધો

મૂકાતા ગયા અને અનેક પ્રકારના પ્રતિબંધોને કારણે છેવટે આપણે સુપ્રિમ કોર્ટની વાત કરીએ તો નામદાર સુપ્રિમ કોર્ટે ચૂકાદો આપ્યો છે કે, ૩૬૫ દિવસની અંદર માત્ર ૧૫ દિવસ માટે જ રાત્રે ૧૦.૦૦ થી ૧૨.૦૦ની છૂટ આપવામાં આવી છે અને એટલા માટે મહારાષ્ટ્રમાં ગણેશોત્સવની અંદર ૧૧ દિવસ માટે રાત્રે ૧૦.૦૦ થી ૧૨.૦૦ સુધી જ માઇક વગાડવાની છૂટ આપવામાં આવી છે. ગુજરાતમાં પણ નવરાત્રી મહોત્સવમાં ૧૫ દિવસ સુધી રાત્રે ૧૦.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી માઇકની છૂટ આપવામાં આવી છે. ૩૬૫ દિવસમાંથી માત્ર ૧૫ દિવસની જ છૂટ આપવામાં આવી છે અને આ નામદાર સુપ્રિમ કોર્ટનો ચૂકાદો છે. માનનીય અધ્યક્ષશ્રી, નાનું બાળક હોય, કોઇ વૃદ્ધ હોય, વિદ્યાર્થીઓ ભણતા હોય, ઘરમાં કોઇ માંદગી હોય, ઘરમાં પ્રસંગ હોય અને ત્યારે આવી રીતે આખા મહોલ્લા, શેરી, ફળિયા, સોસાયટીમાં જે અવાજ કરે છે અને લોકોને ન્યુસન્સ થાય છે ત્યારે એને કહેવા જાય છે તો તકરાર ઉભી થાય છે, મારામારી પણ થાય છે. આ ડી.જે.ના કારણે કેટલાક લોકોના હૃદય બેસી ગયા છે, કેટલાકને હાર્ટ એટેક આવ્યા છે. આ ડી.જે.ના કારણે કેટલીક જૂની–જર્જરિત મિલકત હોય એ પડી જાય છે અને આ ડી.જે.માં એટલો પાવર હોય છે આપણી ઇનોવા કારની બહાર ડી.જે. વાગતું હોય તો આપણી ગાડીમાં વાઇબ્રેશન આવે છે, આ સત્ય હકીકત છે. અને એટલા માટે આ વોઇસ પોલ્યુશન જે છે એ અવાજના પોલ્યુશનને બંધ કરવું પડશે. સમાજમાં શાંતિ અને સલામતિ લાવવી હશે તો સલામતિ માટે અમારા હોમ મીનીસ્ટર અને આખી સરકાર કટિબદ્ધ છે. પણ શાંતિ માટે દરેક વ્યક્તિના મનને શાંત કરવું હશે તો આવા અવાજથી મુકત કરાવવું પડશે, આવા ઘોંઘાટથી મુકત કરાવવું પડશે, આવા કલુષિત વાતાવરણથી આપણે મુકત કરાવવું પડશે અને એટલા માટે આજે માનનીય જગદીશભાઇ જે વિધેયક લઇને આવ્યા છે એને હું અનુમોદન આપુ છું. આનું ચૂસ્ત પાલન થાય અને લોકોમાં અવેરનેશ આવે, સમાજ જાગૃત થાય, શાંત થાય એવી અપેક્ષા રાખું છું.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના શાંત અને સહિષ્ણુ સભ્ય એવા જગદીશભાઇ પંચાલ અવાજનું પ્રદૂષણ રોકવા માટેનું જે બિલ લઇને આવ્યા છે ત્યારે હું માનનીય પર્યાવરણ મંત્રીશ્રીને વિનંતી કરીશ કે, આપ પણ ગહન અભ્યાસુ છો એટલે જગદીશભાઇના અવાજને દબાવી ન દેતા એ સાથે મંતવ્યો વ્યકત કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્લોબલ વોર્મિંગ એ વૈશ્વિક સમસ્યાનો ભારેખમ વિષય છે. ગંગા શુદ્ધિકરણનો ભારત સરકારે ખૂબ સારો વિચાર કર્યો છે. ગુજરાત સરકારે પણ કલાઇમેટ ચેન્જનો આખો એક નવો વિભાગ ઉભો કર્યો છે. આપણા એક સનદી અધિકારીએ આ બાબતે સંશોધન પત્ર કે કીતાબ પણ બહાર પાડી છે એ પણ આપણે જે આ પ્રદૂષણની ચિંતા કરીએ છીએ એનું પ્રતિબિંબ પાડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાતાવરણમાં અવાજનું પ્રદૂષણ પણ એક સૂક્ષ્મ પ્રદૂષણ છે. મનોજકુમારનું એક ચલચિત્ર હતું 'શોર' એ પણ અવાજની આ થીમ આધારિત હતું. આ "નો હોર્ન પ્લીઝ" અને "સાયલન્સ ઝોન" એને ટ્રાફિકના નિયમો થકી વધુ સઘન બનાવાય તો કદાચ આપણું અવાજનું જે પ્રદૂષણ છે એ આપણે અવશ્ય નિવારી શકીશું. અવાજના પ્રદૂષણના કારણે જે પાર્ટી પ્લોટની આજુ બાજુની વસાહત હોય છે એ વસાહતીઓને ભારે મોટી મુશ્કેલી પડતી હોય છે. લાઉડસ્પીકર ઉપરથી મોટા મોટા અવાજો આવતા હોય છે અને એને કારણે દર્દી હોય, વયસ્ક વ્યક્તિ હોય તો એમના સ્વાસ્થ્યને આનાથી હાનિ પહોંચતી હોય છે, શહેરી અને અર્ધ શહેરી વિસ્તારમાં ઉત્તરોત્તર ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે, વાહનો દ્વારા ટ્રાફિકનું સમતુલન થાય તે ખૂબ જરૂરી છે, હમણાં જ અમારા માનનીય સભ્ય શ્રી વિરજીભાઇએ કહ્યું, હું પણ એમાં સૂર પુરાવીશ કે કેમ બોલવું, ક્યારે બોલવું, ક્યારે અટકવું એ સમજવું બહુ જરૂરી છે, જો સીતાજી બોલ્યા હોત તો રામાયણ ન થાત અને દ્રૌપદીજી ચૂપ રહ્યા હોત તો મહાભારત ન થાત. આપણે અહીં પણ શોરબકોર કરીએ છીએ. આપણા રાજકીય પક્ષો પણ આમાંથી બાકાત નથી. આપણે જાહેર સભાઓમાં, જાહેર સરઘસોમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરીએ, ઢોલ, નગારા, ત્રાંસા, ડી.જે. વગાડીએ એનાથી પણ વાતાવરણ પ્રદૂષિત થતું હોય છે. મેઇડ ઇન ચાઇનાના મોટા અવાજ કરતાં ફટાકડા ઉપર પણ પ્રતિબંધ મૂકવો ખૂબ જરૂરી છે. અમારા ગહન અભ્યાસુ પર્યાવરણ મંત્રીશ્રી, અમારા મોરબીના ભાણેજ સાહેબ થાય છે એનું અમને ગૌરવ છે, ગઇકાલે પર્યાવરણ વિષય લઇને આવેલા. આપે સભ્ય તરીકે એના ઉપર ખૂબ સારું મનનીય પ્રવચન કરેલું, કારણકે આપ અંકલેશ્વરથી આવો છો એટલે આપને ખબર છે. આ પર્યાવરણની સમતુલા માટે ખૂબ સારી રીતે આપ વાત કરતા હતા. હું પણ આપની વાત એકચિત્તે સાંભળતો હતો.

**'હમ ગૌર સે આપકો સુન રહે થે. લેકિન આપ હી સો ગયે દાસ્તાં કહતે કહતે.'**

આ પર્યાવરણમાં પણ એવું ન થાય તે માટે આ સરકારે ચિંતા સેવવી જોઇએ. યાંત્રિકરણ પાછળની આપણી આંધળી દોટ પણ અવાજનું પ્રદૂષણ વધારી રહી છે. અવાજની સમસ્યાઓનું નિયમન કરવા માટે કમનસીબે હાલ તંત્ર પાસે ટાંચા સાધનો છે. જગદીશભાઇ જેવા એક જાગૃત સભ્ય આ વિષયની ચિંતા સેવતા હોય તો સરકારે આ બાબતે જરૂર કાયદો બનાવવો જોઇએ અને આ બિલ પાસ કરવું જોઇએ.

અસંસદિય ભાષામાં આ ગૃહમાં વાત કરવી એ પણ એક પ્રકારનું અવાજનું પ્રદૂષણ છે. હમણાં જ કહેવાયું કે •(×××)એનાથી પણ.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮

ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક, ૨૦૧૮

સભાપતિશ્રી : બ્રિજેશભાઇ, આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. પ્લીઝ આપ..

શ્રી બ્રિજેશ મેરજા : સોરી સર, સોરી, માનનીય અધ્યક્ષશ્રી, અવાજ ના કરવો, ટેવ સુધારવી એમાંથી આપણે જલ્દી બહાર નીકળી શકતા નથી. પણ ધીમે ધીમે ક્રમશઃ એમાં સુધારો અવશ્ય લાવી શકાશે. તો ચાલો આપણે સાથે મળીને કોઇપણ પ્રકારના અવાજના થતાં પ્રદૂષણને અટકાવવા પ્રતિબદ્ધ બનીએ અને '**ધીરે ધીરે બોલ કોઇ સુન ના લે**'. આભાર.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(રાજ્ય કક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય સભાગૃહના માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પંચાલ, જે ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબતનું વિધેયક સન, ૨૦૧૮ લઇને આવ્યા છે. આ વિધેયકમાં આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓ માનનીય વીરજીભાઇ, માનનીય પૂર્ણેશભાઇ અને માનનીય શ્રી બ્રિજેશભાઇ સૌએ ભાગ લીધો. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ઔદ્યોગિક, કોમર્શિયલ, રહેણાંક વિસ્તારમાં વાહનવ્યવહાર, લાઉડ સ્પીકરનો ઉપયોગ, કારખાના, બાંધકામની પ્રવૃત્તિ, જનરેટર સેટનો ઉપયોગ, વાહનોના હોર્ન વગાડવાથી, લોકો દ્વારા લગ્નપ્રસંગે તેમજ દિવાળી તથા અન્ય તહેવારો દરમિયાન ફટાકડા ફોડવાથી થતાં અવાજ, જાહેર સભાઓ, સરઘસો દરમિયાન જોરશોરથી વગાડવામાં આવતા ડી.જે. ના કારણે અવાજનું પ્રદૂષણ થાય છે. ધ્વનિ પ્રદૂષણને કારણે માનવ સ્વાસ્થ્ય ઉપર હંગામી કે કાયમી બહેરાશ આવવી, હાઇપર ટેન્શન, એકાગ્રતાનો અભાવ, કાર્યક્ષમતા ઘટવી, થાક લાગવો, ઉંઘમાં ખલેલ પહોંચવી, શિશુઓ અને વૃદ્ધો તેમજ દર્દીઓને માનસિક તણાવ થવો જેવી વિપરીત અસરો થાય છે. તેનાથી આપણે સુવિદિત છીએ. ભારે અવાજના કારણે વનસ્પતિના વિકાસને અસર પહોંચે છે. અવાજના પ્રદૂષણના કારણે પ્રાણીઓને નર્વસ સીસ્ટમની ખલેલ પહોંચે છે જેના કારણે પ્રાણીઓ વ્યગ્ર રહે અને કયારેક ઉપદ્રવ મચાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અવાજ પ્રદૂષણ અટકાવવા વિધેયક–૨૦૧૮ તે પર્યાવરણને લગતું વિધેયક છે. હાલની પરિસ્થિતિમાં કેન્દ્ર સરકારના પર્યાવરણ વન અને જળ વાયુ પરિવહન મંત્રાલય દ્વારા પર્યાવરણ સુરક્ષા અધિનયમ–૧૯૮૬ અંતર્ગત અવાજ પ્રદૂષણ રેગ્યુલેશન અને કંટ્રોલ નિયમો–૨૦૦૦ બનાવવામાં આવેલ છે તથા નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ૧૮–૭–૨૦૦૫ના હુકમમાં ધ્વનિ પ્રદૂષણ નિયમન અને નિયંત્રણ નિયમો–૨૦૦૦નો અસરકારક અમલ કરવાનો હુકમ પણ આપેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ નિયમ અંતર્ગત જુદા જુદા વિસ્તારની જેમ કે ઔદ્યોગિક, કોમર્શીયલ, રહેણાંક તથા શાંત વિસ્તાર માટે અવાજની માત્રા જેમ જગદીશભાઇએ વાત કરી તેમ દિવસ અને રાત્રિના સમય અનુસાર અલગ અલગ નક્કી કરવામાં આવેલ છે. અવાજની માત્રાના માપનો એકમ ડેસીબલ છે મહત્તમ માત્રા ઔદ્યોગિક વિસ્તાર માટે ૭૫ ડેસીબલ દિવસ માટે અને શાંત વિસ્તાર માટે રાત્રિના સમય દરમિયાન લઘુતમ માત્રા ૪૦ ડેસીબલ નિયત કરેલ છે. જેમાં સવારના છ થી રાત્રીના દસ કલાકને દિવસ ગણવામાં આવે છે જયારે રાત્રિના દસથી સવારના છ કલાક સુધીનો સમય રાત્રિનો સમય ગણવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાંત વિસ્તારોને પણ આ નિયમોમાં વ્યાખ્યાહિત કરેલ છે. જે અનુસાર હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળો અથવા સક્ષમ સત્તાધિકારી દ્વારા જાહેર કરવામાં આવેલ કોઇ પણ વિસ્તારની આસપાસના સો મીટરથી ઓછા ના હોય તેવા વિસ્તારને શાંત વિસ્તાર ગણેલ છે. આ નિયમો અનુસાર પૂર્વ પરવાનગી સિવાય કોઇ પણ વ્યકિત દ્વારા રાત્રિના ૧૦ થી સવારના ૬ કલાક દરમિયાન કોઇ પણ પ્રકારનું ઇન્સ્ટ્રુમેન્ટ અથવા અવાજને મોટો કરતા સાઉન્ડ કે એમ્પ્લીફાયરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ કરેલ છે. આ નિયમો અનુસાર પૂર્વ લેખિત પરવાનગી સિવાય કોઇ પણ વ્યકિત લાઉડ સ્પીકર અથવા પબ્લિક એડ્રેસ સીસ્ટમનો ઉપયોગ કરી શકશે નહીં. ગુજરાત રાજયના ગૃહ વિભાગ હસ્તક પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીના કાર્યાલયની, જિલ્લાની, શહેર અને ગ્રામ્ય સ્તરીય તમામ અધિકૃત પોલીસ સ્ટાફ મારફતે સંબંધિત જાહેર સ્થળો ખાતે યોજવાના સમારંભો કે મહોત્સવના કાર્યક્રમો દરમિયાન લાઉડ સ્પીકર સંબંધિત ધ્વનિ પ્રદૂષણ નિયમન અને નિયંત્રણ નિયમો–૨૦૦૦ના પાલનને આવરી લેતી શરતો સહિતની પરવાનગી આપવાની રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તદુપરાંત આ નિયમોમાં જણાવ્યા અનુસાર નિયત માપદંડ કરતા અવાજની વધુ માત્રા જણાય તો તેવા કેસોમાં ફરિયાદ કરવાની પણ જોગવાઇ કરવામાં આવેલ છે. પર્યાવરણ અધિનિયમ–૧૯૮૬ની કલમ–૧૫ હેઠળ સૂચિત નિયમોના ભંગ બદલ પાંચ વર્ષની સજા અથવા રૂપિયા એક લાખ સુધીનો દંડ અથવા બન્ને અને તેના સતત ભંગ બદલ પ્રતિ દિવસ રૂપિયા ૫ હજારના દંડની જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ એક વર્ષથી વધુ સમય માટેના સતત ભંગ બદલ સાત વર્ષ સુધીની સજાની જોગવાઇ પણ કરવામાં આવેલ છે. અવાજનું પ્રદૂષણ અટકાવવા માટે જરૂરી કાર્યવાહી અર્થે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, જિલ્લા મેજીસ્ટ્રેટ અને ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસને સત્તાઓ આપવામાં આવેલ છે. સી.આર.પી.સી.ની કલમ–૧૩૩ હેઠળ સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીને પબ્લિક ન્યૂસન્સ તરીકે ધ્વનિ પ્રદૂષણને અટકાવવા અથવા દૂર કરવા પ્રથમ તબક્કે શરતી હુકમ અને ત્યાર પછી કાયમી ધોરણના હુકમ કરવાની પણ સત્તા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉપરોકત કાયદાઓ અને નિયમો હોવા ઉપરાંત અવાજ પ્રદૂષણની જોખમી અસરો પ્રત્યે વ્યાપક જન જાગૃતિની જરૂરિયાતને ધ્યાનમાં લઇ સામાન્ય નાગરિકો, વિદ્યાર્થીઓ, ઉદ્યોગો તથા અન્ય વપરાશકારોના વ્યાપક જન જાગૃતિ લાવવાના ઉદેશ્યથી રાજયના વિવિધ શહેરો નગરોમાં સ્થાનિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ખાસ કરીને શાળાઓ તથા ઔદ્યોગિક એસોસીએશનના સહકારથી સેમિનાર, પોષ્ટર, પ્રદર્શન તથા રેલીઓ જેવા વિવિધ જન જાગૃતિના કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવે છે. શાળાના નાના બાળકોમાં નાનપણથી જ ઉત્સવો, ધાર્મિક અને સામાજીક કાર્યક્રમો દરમિયાન

અવાજ ઉત્પન્ન કરતા ફટાકડા ના ફોડવા બાબતે ઉંચો અવાજ ઉત્પન્ન કરતા સાધનો ન વાપરવા બાબતે પ્રોત્સાહિત કરવામાં આવે તો તેના ઘણાં સારા પરિણામો મળે. તે બાબત ધ્યાને લઇ તેના માટે આ જનજાગૃતિના કાર્યક્રમ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. આમ અવાજ પ્રદૂષણના નિયમન અને નિયંત્રણના સારા ઉદ્દેશથી આ વિધેયક રજૂ કરવામાં આવેલ છે. પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા અવાજ પ્રદૂષણના નિયંત્રણ માટે જે નિયમો બનાવવામાં આવેલ છે તેમાં માનનીય ધારાસભ્યશ્રી દ્વારા રજૂ થયેલ સૂચિત વિધેયકના મોટાભાગના મુદ્દાઓનો મહદઅંશે સમાવેશ થઇ ગયેલો છે. અહીંયા વિરજીભાઇ જગદીશભાઇની વાત કરતા હતા તો વિરજીભાઇને પણ અનુભવ થયો હશે કે આ સરકાર જ વ્યક્તિ ખોટું કરે, કાયદો હાથમાં લે એની સામે કડકમાં કડક પગલાં ભરે છે. એક દાખલો બેસે એવી સજા કરી શકતી હોય તો એ માત્ર ગુજરાતની સરકાર કરે છે. જે કોઇ આ કાયદાનો ભંગ કરશે તો દાખલો બેસે એવી સજા આ સરકાર કરતી આવી છે અને કરશે એટલે આ જે કાયદાની અંદર જોગવાઇ છે એને કેન્દ્ર સરકારના કાયદામાં અમલ થાય છે એટલે માનનીય સભ્યશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ બિન સરકારી વિધેયક પરત ખેંચે એવી માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના તમામ સભ્યોનો આભાર માનું છું અને ખાસ કરીને શ્રી વિરજીભાઇ, શ્રી પૂર્ણેશ ભાઇ, શ્રી બ્રિજેશ ભાઇનો આભાર માનું છું કે, જેમણે મારા અવાજ પ્રદૂષણના બિલને સમર્થન આપ્યું છે. હું ગૃહના તમામ સભ્યોને આપના માધ્યમથી એક લાગણી પહોંચાડવા માગું છું કે, વિરજી ભાઇ અને બ્રિજેશ ભાઇ જ્યારે loudly બોલીને રજૂઆત કરતા હતા ત્યારે loudly બોલવાથી આપણા હાર્ટ બીટ્સ વધી જાય છે. આપણા મગજમાં પહોંચતું લોહી વધી જાય છે અને આ બધાના કારણે આપણા હાર્ટ પર દબાણ આવે છે. એટલે બધાં જ મિત્રોને મારી વિનંતી છે કે, આપણે બધાંએ ખૂબ શાંતિથી બોલવું જોઇએ. તમને બધાંને અનુભવ છે કે, આપણે જ્યારે પોલિટીકલ સભાઓ સંબોધતા હોઇએ ત્યારે આપણો અવાજ બેસી જાય છે. એનું મૂળ કારણ એ છે કે, આપણા vocal code પર ઘસારો અનુભવાય છે. આપણા vocal code જ્યારે વધારે પડતા અથડાય ત્યારે છોલાઇ જાય છે અને છોલાઇ જવાના કારણે લોહી પડે છે અને એના કારણે લોહી ગંઠાઇને ગાંઠ થઇ જાય છે. એના કારણે બે vocal code વચ્ચે gape રહે છે એટલે જ્યારે આપણે બોલીએ ત્યારે આપણો અવાજ ઘોઘરો થઇ જાય છે. એટલે ગૃહના તમામ સભ્યોને મારી વિનંતી છે કે, આપણે ખૂબ શાંતિથી બોલવું જોઇએ અને ધીરેથી રજૂઆત કરવી જોઇએ. બીજું માનનીય મંત્રીશ્રીને પણ હું કહેવા માગીશ કે, જે ડી.જે. બેન્ડવાજા અને લાઉડ સ્પીકરમાં આપણે પરમિશન આપીએ છીએ એમાં નીતિ–નિયમો કડક કરવા જોઇએ એવી મારી લાગણી છે અને એમાં પણ મેઝરમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ લાવવા જોઇએ નવા ડી.જે. અથવા બેન્ડવાજા કોઇને શરૂ કરવા હોય તો આર.ટી.ઓ.માં પરમિશન લેવાની હોય છે એવી પરમિશન લેવી જોઇએ તો ચોક્કસ અવાજ પ્રદૂષણ ઓછું થશે. જેમ એર પોલ્યુશનમાં પી.યુ.સી. સર્ટીફિકેટ કઢાવીએ છીએ અને દર વર્ષે એને રીન્યુ કરાવીએ છીએ એમ આ બધાં ઇન્સ્ટ્રુમેન્ટ પણ ચોક્કસ સમયે બગડી જતા હોય છે તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, આમાં પણ NPUC નામનું સર્ટીફિકેટ ડેવલપ કરી અને વોઇસના ડેસીબલ કંટ્રોલમાં રહે એવું કરવું જોઇએ. મને માનનીય મંત્રીશ્રીના જવાબથી સંતોષ છે. કાયદામાં ખૂબ સારી જોગવાઇઓ છે અને મને ચોક્કસ વિશ્વાસ છે કે મારા સૂચનોને મંત્રીશ્રી ભવિષ્યમાં વિચારશે. માનનીય મંત્રીશ્રીએ વિસ્તૃત રીતે માહિતી આપી એનાથી મને સંતોષ છે એટલે હું મારું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૭ પાછું ખેંચી લેવા માટે સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી હું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૮નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૭**

ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક, ૨૦૧૮

**ધોરી માર્ગો ઉપર થતા અકસ્માતોના નિવારણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઇઓ કરતું વિધેયક**

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ (લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૮નું ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે ગૃહમાં સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૬–ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક લઇને આવી છું.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ જેમ વાહનોની નોંધણી થતી જાય છે તેમ તેમ વાહનોની ગીચતા પણ વધતી જ થાય છે અને તેની સાથે સાથે રોડ ટ્રાફિકની સમસ્યાઓ સર્જાવાના કારણે માર્ગ અકસ્માતની સંખ્યા પણ વધતી જાય છે અને ઘણી વખત કોઇ આકસ્મિક રીતે કે પછી બેદરકારીના કારણે આવા અકસ્માતો થતા હોય છે. હું જે સુરત શહેરમાં રહું છું. સુરતમાં હું સવારે ચાલવા નીકળું છું ત્યારે સુંદર મજાના સુરત શહેરમાં સરસ મજાના સર્કલ બનાવવામાં આવ્યાં છે. તેમાં અનેકવાર ગાડીઓ ચડેલી જોવા મળે છે. આજકાલના જનરેશનની તો ફેશન થઇ ગઇ છે કે જે રોડ પર હોય કે હાઇવે પર હોય રાતના સમયે પણ ડ્રીંક્સ કરીને કે પછી શોખ ખાતર રોફ જમાવવા માટે બાઇકર્સ ગેંગ અને બેફામ કાર ચાલકોનો ઘણો ત્રાસ વધી ગયો છે. બાઇકર્સ ગેંગના મવાલીઓ ચીચીયારી પાડતા પાડતા હોય છે કે જાણે સરકસના ખેલ ખેલતા હોય એવી સ્પીડે બાઇકર્સ

ગેંગ રોડ્સ સાથે જાણી જોઇને ઘસડાવી તણખાઓ પસાર થાય ત્યાં સુધી સ્પીડથી ગાડી ચલાવતા હોય છે ત્યારે ત્યાંથી પસાર થનાર કારવાળા હોય તો ડરીને કારનું સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવી ફૂટપાથ પર બેઠેલા એક સાથે પચાસ-સો માણસોને અડફેટે લેશે એ દિવસો દૂર નહીં રહે. આવા લોકોને પકડીને પોલીસ સજા નહીં કરે તો ન્યૂસન્સ દિવસે દિવસે વધતું જ જશે. ઘણીવાર એવું બને છે કે, પરિવારના મોભીનો જો અકસ્માત થાય તો એના પરિવાર પર આકાશ તૂટી પડે છે. એના પરિવારની હાલત કફોડી થઇ જાય છે. જે કમાતો વ્યક્તિ હોય તો એ ચાલ્યો જાય તો ઘરમાં શું પરિસ્થિતિ થાય છે એ આપણે સૌ અહીંયાં બેઠેલા સમજી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા જીવનનો એક અતિ સંવેદનશીલ પ્રસંગ અહીં યાદ કરવો છે. મારા ૧૯ વર્ષના દીકરાને ગયા વર્ષે જયારે અકસ્માત થયો હતો ત્યારે અમારો આખો પરિવાર હચમચી ગયો હતો. એના અકસ્માત પછી સુરતમાં સારવાર લીધા પછી ઓપરેશન કરવા માટે મુંબઇ રીફર કરવામાં આવેલ હતો. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે હું યાદ કરાવવા માગું છું કે, મારા દીકરાને જેની સાથે અકસ્માત થયો હતો એ વ્યક્તિ ચીક્કાર દારૂ પીધેલી હાલતમાં હોવાથી એણે રોંગ સાઇડે આવીને ટક્કર મારી હતી. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે અમારી જે હાલત હતી એના ઉપરથી હું અનુભવ કરી શકું છું કે, અકસ્માતમાં ઘવાયેલા કે પછી અકસ્માતમાં મરણ પામેલા પરિવાર ઉપર શું પરિસ્થિતિ વીતતી હશે તે અહીં બેઠેલા બધા જ સભ્યશ્રીઓ સમજી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે જ આ ધોરીમાર્ગ અકસ્માત નિવારણ પર કડકમાં કડક પગલાં સરકારે લેવાં જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીજીની આગેવાનીમાં શ્રી નીતિન ગડકરીજીએ રોડ અકસ્માતના બનાવ ઘટાડવા માટે ખૂબ જ ક્રાંતિકારી પગલાં લીધેલાં છે. તેમાં આખા દેશમાં સૌથી વધુ અકસ્માત થનાર પોઇન્ટને શોધીને અકસ્માત નિવારણ માટે ટર્નિંગ મોટા કરવા, સામેથી આવતા વાહનો જોઇ શકાય એવી રીતે રોડના પ્લાનિંગ કરવા અને અકસ્માત નિવારણ માટે ૧૨૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ આપણા વડાપ્રધાનશ્રીએ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર તરફથી પણ રાજય ધોરી માર્ગોને પહોળા કરવા માટે, નદીઓ, નાળાંઓ ઉપરાંત પુલ અને ગરનાળાંને પણ પહોળા કરવા માટે ફંડ ફાળવવું જોઇએ. નાના મોટા અકસ્માત સમયે તાત્કાલિક સારવાર મળી રહે તે માટે હાઇવે પર પ્રાથમિક સારવાર કેન્દ્ર બનાવવાં જોઇએ તથા અકસ્માત દરમિયાન ઈજા પામેલી અને ઘવાયેલી વ્યક્તિને સરકારી હોસ્પિટલ સિવાય પણ વિનામૂલ્યે સારવાર મળી રહે અને તેનો ખર્ચ રાજય સરકાર ભોગવે એવી બજેટમાં પણ જોગવાઇ કરવી જોઇએ કારણ કે અકસ્માત સમયે ઈજા પામનાર વ્યક્તિના કોઇ સગાસંબંધી સાથે ન હોવાથી સારવારનું બિલ કોણ ચૂકવશે એવાં કારણોસર પણ સારી સારવાર આપી ન શકાતાં તેના કારણે અકસ્માતમાં ઈજા પામેલી વ્યક્તિનું મૃત્યુ પણ થતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા મોટા આયોજન કરવામાં આવ્યાં છે. ટ્રાફિકના નિયમોનું પાલન પણ કરવામાં આવ્યું છે. ચોક્કસપણે અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થયો છે, પણ મારું સૂચન એ છે કે, એક સત્તામંડળની રચના કરવામાં આવે અને એમાં વાહન વ્યવહાર વિભાગ અને ગૃહ વિભાગ દ્વારા વધારેમાં વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે એવા એક સત્તા મંડળની રચના કરવામાં આવે. રાજયમાં વાહનોમાં વૃદ્ધિ થતી જાય છે. તેની આંકડાકીય માહિતી જોઇએ તો ૨૦૦૭ માં આ વાહનોની સંખ્યા ૮૨,૨૨,૨૯૦ થી વધીને સન ૨૦૧૫માં એ જો આર.ટી.ઓના ડેટા પરથી જોઇએ તો ૧,૮૭, ૨૦,૫૬૭ થઇ ગઇ છે. સન ૨૦૧૬માં અકસ્માતાના ગુના ૨૧,૮૫૯ બન્યા છે. સન ૨૦૦૭ માં ૧૯,૦૮૧ અકસ્માતના ગુના બનયા છે. જેમાં મરણ પામનારની સંખ્યા ૨૦૧૬ માં ૮૧૩૬ લોકો મરણ પામેલ છે. અને ૨૦૦૭માં ૭૨૭૯ મરણ પામેલ છે. આટલી મોટી સંખ્યામાં અકસ્માત થતા હોય તે ખૂબ ગંભીર બાબત છે, સરકારશ્રીએ તેના ઉપર ધ્યાન આપવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, કોઇનો લાલ, કોઇની બહેન, કોઇનો પતિ, કોઇની પત્ની કે કોઇના માતા-પિતા આનો ભોગ ન બને તેના માટે આ સભાગૃહના સમક્ષ આ વિધેયક લઇને આવી છું તો સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે તેઓ આ મારા બિલને સમર્થન આપે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પુરું થાય છે. માનનીય સભ્યશ્રી પી.ડી. વસાવા.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય સભ્યશ્રી સંગીતાબેન પાટીલ ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક લઇને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પોતાના વિધેયક માટે જે મુદ્દા રજૂ કર્યા તે જોતાં મને એમ લાગે છે કે બહેને ખૂબ અભ્યાસ કરીને આ વિધેયક રજૂ કર્યું છે, આપણે રોજ છાપામાં વાંચતા હોઇએ છીએ કે, આ જગ્યાએ અકસ્માત થયો અને આટલાં મોત થયાં, આ થયું તે થયું. તો મારી આપના દ્વારા વિભાગના મંત્રીશ્રીને વિનંતી છે કે, આ અકસ્માત થવાના કારણો શું છે, કોઇને ખબર નથી હોતી કે અકસ્માત કયારે થશે, શું થશે? તો મારું એક સૂચન છે તે એ છે કે, જયારે તમે લાયસન્સ આપો ત્યારે આ લાયસન્સનો ટેસ્ટ લેવાય છે? અમેરિકા જેવા દેશમાં તો સાહેબ તમારે લાયસન્સ લેવું હોય તો બે વર્ષ રાહ જોવી પડે છે, પરીક્ષા આપવી પડે છે, ત્યારે આ લાયસન્સ મળે છે. જયારે આપણે ત્યાં તો એક ફોર્મ ભરે કોઇ મોટી વ્યકિત તો ઘરે લાયસન્સ આવી જાય છે. પરિણામે જેને ગાડી ચલાવતાં આવડતી નથી તેવા બેસીને ચલાવે અને ૧૦૦ અને ૨૦૦ની સ્પીડે જાય ત્યારે અકસ્માત ન થાય તો શું થાય ?

ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક, ૨૦૧૮

માનનીય અધ્યક્ષશ્રી, સત્તા મંડળ લાવવાની વાત કરી છે તે સરસ વાત છે પણ એટલું ચોકકસ છે કે આવા સત્તા મંડળો રચવાથી અકસ્માતો અટકવાના નથી કે દૂર થવાના નથી. સાચી સુરક્ષા આપવી એ રાજય સરકારની ફરજમાં આવે છે. ગૃહ ખાતું, વાહનવ્યવહાર ખાતું આ બધી તેમની જવાબદારી છે તેમની પાસે પૂરતો સ્ટાફ છે. જો તમે ૧૦૦ની સ્પીડે ચાલતા હોય કે ૨૦૦ની સ્પીડે ચાલતા હોય તો તેના ચેકીંગ માટે વ્યવસ્થા કરી શકીએ એમ છે કે નહીં, મોબાઇલ વાન– રોડ પર હોય, ધોરીમાર્ગ હોય, રાષ્ટ્રીય માર્ગ હોય, ગામડાંના માર્ગ હોય કે એમ.ડી.આર. માર્ગ હોય ત્યાં ચેકીંગ મોબાઇલ વાન દ્વારા થવું જોઇએ અને તે રાઉન્ડ ધ કલોક ફરવી જોઇએ. કોઇને ધાક જ રહી નથી કે હું ૧૦૦ ની સ્પીડ જઇશ કે ૨૦૦ની સ્પીડે જઇશ તો શું થશે, તમે લાયસન્સ આપો ત્યારે એમાં લખવું જોઇએ કે તમારું વાહન ૪૦ કિલોમીટર કે ૮૦ કિલોમીટરથી વધારે સ્પીડે જઇ જ ન શકે અને તેની સ્પીડ જ બાંધી દો તો આ તમારા જે અકસ્માતો થાય છે ઓટોમેટિક ઓછા થવાના છે. આવા સત્તા મંડળ કે બીજા મંડળો રચવાની જરૂર પડવાની નથી. પરંતુ સરકારનો આના માટે પોતાનો આશય બહુ કલીયર હોવો જોઇએ, ઓપન હોવો જોઇએ. આ રાજયમાં કોઇ પણ દિવસ અકસ્માત ન થાય તેના માટેની કાળજી આપણે બધાએ રાખવાની છે, પણ જયાં સુધી લોકોમાં જાગૃતિ નહીં આવે ત્યાં સુધી આ અકસ્માતોની વણઝાર ચાલુ જ રહેવાની છે. હેલ્મેટ ન પહેરે, ગાડીમાં બેઠા હોય અને બેલ્ટ ન બાંધે ત્યારે જે અકસ્માત થાય છે એમાં ઇજાઓ થતી હોય છે.

મારે બીજી વાત એ કરવી છે કે આપ પણ આવો છો અને હું પણ આવું છું જે એશિયાની સૌથી મોટી વસાહત આવેલી છે એ અંકલેશ્વરની વાત કરું તો સાંજના સમયે જો તમે ત્યાંથી નીકળો તો તમારે તમારું વાહન કાઢવું ખૂબ મુશ્કેલ થઇ પડે છે. તમે જે ટ્રાફિક પોલીસને મૂકો છો એને કોઇ પૂછતું પણ નથી. ટ્રાફિક પોલીસની અંદર જે એન.જી.ઓ.ની સેવા લેવામાં આવે છે એમાં એક વ્યકિતને મહિને ઉચ્ચક બે થી ત્રણ હજાર રૂપિયા આપવામાં આવે છે પરંતુ એને કોઇ જાતના પાવર્સ હોતા નથી તેથી એને કોઇ પૂછતું પણ નથી. સફેદ કપડાં પહેરીને ઉભા હોય તો પણ એને કોઇ ગાંઠતું હોતું નથી. માનનીય ગૃહ મંત્રીશ્રી જાડેજા સાહેબ તો વિજીલન્સ છે કયાં શું થાય છે અને શું કરવા જેવું છે એના માટે વધારે જાગૃતિ રાખે કારણ કે આ અકસ્માતો નિવારવા એ ગૃહ વિભાગની ફરજ છે. તેથી જે ભરતી કરવામાં આવે એમાં નિષ્ઠાવાળા, પ્રમાણિક અને નિયમોનું પાલન કરે તેવા માણસોનું સિલેકશન કરીને જો ટ્રાફિક પોલીસમાં મૂકશે તો ચોક્કસ અકસ્માતો થાય છે એમાં ઘટાડો કરી શકાશે. આના માટે સત્તા મંડળ રચીને એ પોલીસને સૂચના આપે એમાં કંઇ થવાનું નથી કારણ કે પોલીસ કંઇ સત્તા મંડળને પૂછે એમ નથી એ તો બધાને ગજવામાં મૂકીને ચાલે એમ છે. માનનીય મંત્રીશ્રી ચોક્કસ આનો જવાબ આપે તેવી મારી વિનંતી છે. એકસપ્રેસ હાઇવે ઉપર ટ્રાફિક પોલીસનું ચેકિંગ થાય છે કે કેમ?

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજરોજ માનનીય સભ્યશ્રી શ્રીમતી સંગીતાબેન પાટીલનું સન ૨૦૧૮નું બિલ સરકારી વિધેયક ક્રમાંક–૬, ૨૦૧૮નું ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયકમાં હું મારા વિચારો રજૂ કરું છું.

હાલના ગુજરાતના ધોરીમાર્ગો ઉપર થતા અકસ્માતો ચોંકાવનારા દરે વધી રહ્યા છે. ધોરીમાર્ગો ઉપર દરરોજ ઘણા અકસ્માતો સર્જાય છે. જેના પરિણામે લોકોની જાનહાનિ થતી હોય છે. એમાં ઘણા ગંભીર અને કાયમી ઇજાથી અશકત પણ બને છે. વર્તમાન ધોરીમાર્ગ ઉપર પોલીસ તંત્ર, ધોરીમાર્ગ ઉપર ટ્રાફિકની દેખરેખ કરવા માટે અને અકસ્માત થતા અટકાવવા માટે પૂરતું નથી. માનનીય ધારાસભ્યશ્રી સૂચિત બિલને માર્ગ સલામતીનો મુખ્ય હેતુ જોતા તંત્ર દ્વારા વર્તમાન કામગીરી હાલમાં ચાલુ જ છે. નેશનલ હાઇવે વિશે કામકાજ ભારત સરકાર સડક પરિવહન રાજય માર્ગ મંત્રાલય નિયંત્રણ હેઠળ થાય છે. જયારે સ્ટેટ હાઇવે ઉપર રાજય સરકારના નિયંત્રણ હેઠળ રાખવામાં આવેલ છે. વધુ ગતિવાળા વાહનોનું ચેકિંગ, ડોલર, રડાર અને ઇન્સ્ટોલેશનથી ઉપયોગ થાય છે. ગતિ નિયંત્રણ માટે કસૂરદાર વાહન ચાલકોને દંડની વસૂલાત કરવામાં પણ આવે છે. માનનીય પી.ડી.જી. ગૃહ ખાતા માટે આપણે ગર્વથી બોલવું પડે કે પોલીસ તંત્ર આજે સમગ્ર ગુજરાતની અંદર જે કામગીરી કરે છે તેની એકે એક બાબત નજર અંદાજ કરવી મુશ્કેલ છે. ટ્રાફિક જાગૃત સપ્તાહની ઉજવણી અને ટ્રાફિક શિક્ષણની પણ તાલીમ આપવામાં આવે છે. સ્ટેટ હાઇવે, નેશનલ હાઇવે ઉપર મોબાઇલનું પેટ્રોલીંગ કરવામાં આવે છે. અકસ્માત થતા હોય તેવા રોડ ઉપર રસ્તા ઉપર ચાર માર્ગીય, છ માર્ગીય એકસપ્રેસ વે બનાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલ છે. વળાંકમાં રોડ ઉપર ચેતવણી દર્શક બોર્ડ કયારેય કોંગ્રેસના રાજયમાં મૂકવામાં આવેલ નથી. માર્ગ ઉપર આર.ટી.ઓ. ખાતાના ડિબેટસ, સંજ્ઞાઓ અને સૂચનો મૂકવામાં આવે છે. તમે જોશો કે રોડ, ડિવાઇડર બનાવવામાં આવેલ રોડ, પાકા શેલ્ટર બનાવવામાં આવી રહ્યા છે. આ ભારતીય જનતા પાર્ટીનું એક દ્રશ્ય છે. હાઇવેની સિક્યોરીટી માટે હોસ્પિટલ બેઝ ટ્રોમા સેન્ટર કાર્યરત છે. જે તાત્કાલિક સારવાર પૂરી પાડે છે. આરોગ્ય કેન્દ્રના દવાખાના, ખાનગી હોસ્પિટલનું ડિઝિટલાઇઝેશન કરીને, મેપિંગ કરીને ૧૦૮ની સેવા ઓન લાઇન કરીને તરત જ જાણ કરવામાં આવે છે. મને કહેતાં આનંદ થાય છે કે કોંગ્રેસના રાજમાં ૧૦૮ નહોતી. અકસ્માતગ્રસ્તને તરત સારવારમાં તબીબો, નર્સો, પેરામેડિકલ સ્ટાફને અલગ અલગ તાલીમ આપવામાં આવે છે. સ્ટેટ લેવલ રોડ સેફ્ટી કાઉન્સીલ, ભરૂચ જિલ્લા અને જિલ્લા લેવલે રોડ અને સેફ્ટી કાઉન્સીલની પણ રચના કરવામાં આવી છે. સ્ટેટ લેવલ રોડ સેફ્ટી કાઉન્સિલ માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે એક સભ્ય સચિવ અને ૧૧ સભ્યની બનેલ છે જ્યારે જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટરશ્રી અને શહેર તથા પોલીસ કમિશ્નરના અધ્યક્ષપણા હેઠળ સેફ્ટી કાઉન્સીલ બનેલ છે ત્યારે એ વાતમાં પણ ભારતીય જનતા પાર્ટી દ્વારા આગોતરું આયોજન કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર જતા એવા ૧૧ જંકશન પૈકી ૪૩ જંકશન પર અંડર પાસ, ઓવર બ્રીજ બાકીના જંકશન પર વિવિધ સલામતી સૂચક સાઇન બોર્ડ, બમ્પર, રબ્બર સ્ટ્રીપ વગેરે

મૂકવામાં આવેલ છે. કેલેન્ડર વર્ષ ૨૦૧૯ના અંતિત ચરણે બ્લેક સ્પોટ આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે એ પ્રગતિ હેઠળ છે. માનનીય સભ્યશ્રીએ રજૂ કરેલ વિધેયકના ઉદ્દેશ અંગે સરકાર ગંભીરતાપૂર્વક પગલા લઇ રહી છે ત્યારે માર્ગ સલામતી માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે અને ભારતીય જનતા પાર્ટીના શાસનમાં તમે કલ્પના કરો કે તમારે અમદાવાદથી ભરૂચ જવું હોય, કે સુરત જવું હોય તો મને યાદ છે કે નવ નવ કલાક સુધી લાઇન ઉપર રહેવું પડતું હતું અને લાઇન ચોકપ ન થાય એવા રસ્તાઓ ભારતીય જનતા પાર્ટીના રાજ્યમાં બનેલ છે. એટલા મારા વિચારો રજૂ કરું છું.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૬ ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક ઉપર હું બોલવા માગું છું, મારા વિચારો રજૂ કરું છું. આપના માધ્યમથી હું આ વિધેયક ઉપર ચર્ચા કરું છું કે આ એક ખૂબ જ અતિ ગંભીર અને સંવેદનશીલ મુદ્દો છે. અકસ્માતમાં જે પરિવારજનોએ પોતાના કુટુંબીજનો ગુમાવ્યા હોય, જે ભાઇ–બહેને પોતાનો ભાઇ ગુમાવ્યો હોય, જે માએ પોતાનો દીકરો ગુમાવ્યો હોય, જે પત્નીએ પોતાનો પતિ ગુમાવ્યો હોય અને પરિવારનો મોભી ગુમાવ્યા હોય એની વેદના એનું દુઃખ એના પરિવારજનોને ખબર પડે. આ સભાગૃહની અંદર થોડાક દિવસ પહેલા પાલીતાણા પાસે જે જાનને અકસ્માત થયો હતો એની ચિંતા થઇ હતી. આપણે સૌએ એ ચર્ચામાં પણ ભાગ લીધો હતો. પણ આ વાહનવ્યવહાર વિભાગની અંદર જે અકસ્માતો થાય છે એ અકસ્માતો માનવ સર્જિત ભૂલના કારણે થાય છે. ભાજપ–કોંગ્રેસની વાહવાહ કરીએ એના કરતાં ગુજરાતના છ કરોડ ગુજરાતીઓની ચિંતા કરીએ કે કેવી રીતે અકસ્માતમાં ભોગ બનતા લોકોને અટકાવી શકીએ. આ વિભાગની અંદર ત્રણ–ત્રણ વિભાગો આવ્યા છે. માર્ગ અને મકાન વિભાગ, વાહન વ્યવહાર વિભાગ અને ગૃહ વિભાગ. આટલું મોટું ડિપાર્ટમેન્ટ છે. ગુજરાત પહેલાથીજ વિકસિત ઔદ્યોગિક રાજય, પોર્ટ, બંદરો, બિઝનેસ વેપાર સાથે ધમધમતું રાજય છે. પ્રથમ દિવસથી જયારે ગુજરાતની રચના થઇ ત્યારે પણ રોડ–રસ્તા ગુજરાતના વખણાતા હતા અને જેમ જેમ વિકાસ થયો એમ એમ એમાં પણ વિકાસ થતો ગયો. વાહન વ્યવહાર પણ એટલા જ વધતા ગયા છે. સાધન–સંપન્ન, સુખ, સમૃદ્ધિ અને વિકાસ સાથે લોકો પોતાના વાહનો રાખે છે ત્યારે આવી પરિસ્થિતિની અંદર આર્થિક સંપન્નતાઓ વધી છે. રેંજ રોવર, મર્સીડીઝ, ઓડી એવા આધુનિક હાઇસ્પીડના વાહનો પણ વધ્યા છે એની સાથે સાથે માસ ટ્રાન્સપોર્ટ સીસ્ટમ જોઇએ તો બસ સેવા હોય, ટ્રક હોય, રીક્ષા હોય, બીજા વાહન વ્યવહાર હોય ત્યારે આવી પરિસ્થિતિની અંદર કઇ રીતે અકસ્માતો કંટ્રોલ કરવા જોઇએ એની ચિંતા આપના માધ્યમથી હું કરવા માગુ છું કે આપણે માત્ર ટ્રાફીક સપ્તાહ ઉજવીએ છીએ એ ટ્રાફીક સપ્તાહ મનાવીને આપણે માત્ર સંતોષ માનીએ તો હું માનુ છું. ગુજરાતને આપણે અન્યાય કરેલો કહેવાશે. અકસ્માત નિવારણ કરવા માટે આપણે કડક, સખત પગલાં લેવા જોઇએ. ટ્રાફિક લાયસન્સના જે નિયમો બનાવ્યા છે, સરકારી તંત્ર રોડ રસ્તા ઉપર જે વિભાગ હોય અને ટ્રાફીકના વાહનોની ગતિ છે એ બેફામ રીતે જે વાહનો ચાલે છે એ વાહનોને અટકાવવા માટે સરકાર શું પગલા લેવા માગે છે? સરકાર કઇ રીતે કામગીરી કરવા માગે છે? હું માનુ છું કે એમાં સરકારી તંત્રે સંવેદન શીલ થવું જોઇએ અને કઇ રીતે અકસ્માતોને આપણે અટકાવી શકીએ એ વિચારવું જોઇએ. ગુજરાતની અંદર ધાર્મિક રીતે અનેક માનતાઓ રાખીને લોકો દ્વારકા, અંબાજી, ડાકોર, ચોટીલા દર્શન કરવા જાય, જૈન સાધુ–સાદ્વીઓ પણ જતા હોય છે એના પણ ભૂતકાળમાં અનેક અકસ્માતો થયા છે. એના માટે આપણે ચાલવાની અલગ પગદંડી બનાવવી જોઇએ. એટલે જુદા જુદા અકસ્માત ઝોન છે એ અકસ્માત ઝોનની અંદર સાયન્ટીફીક રીતે સંશોધન કરવું જોઇએ કે કઇ રીતે આપણે આ અકસ્માતોને અટકાવી શકીએ. રોડ ટ્રાફીક સેન્સને કઇ રીતે લોકો સુધી વધારેમાં વધારે પ્રચાર માધ્યમો દ્વારા, સોશીયલ મીડીયા દ્વારા લોકોમાં વધારેમાં વધારે જાગૃતિ લાવી શકીએ આવી અનેક બાબતો એવી છે કે આપણે લોકોના ધ્યાન ઉપર લોકોને શિક્ષણ આપી, સમજણ આપીએ અને લોકોને અકસ્માતમાંથી બચાવી શકીએ. મારે આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવું છે કે અહીંયા ત્રણ વિભાગોનું સંકલન કરી એક ટોલ ફ્રી નંબર હોવો જોઇએ કે જેથી કોઇપણ કોમનમેન આને લગતી જે ફરીયાદ છે એ તંત્રને કહી શકે અને તંત્ર એની ઉપર અમલ કરી શકે.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૬, સન ૨૦૧૮નું ગુજરાત ધોરીમાર્ગ ઉપર થતા અકસ્માતોના નિવારણ માટે અને તેની સાથે સંકળાયેલ બાબતોની જોગવાઇ કરતું વિધેયક લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું. હમણાં જ થોડા સમય પહેલા રંઘોળા ગામે અનીડા ગામની જાન જતી હતી અને નાળામાં પડતા જે ૪ર જાનૈયાઓએ જાન ગુમાવ્યો એમને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું. ગુજરાત સરકારના આંકડા માનીએ તો દર વર્ષે રોડ પહોળા કરવામાં સૌથી વધુ બજેટ વપરાય છે અને આમ છતાં ઉત્તરોત્તર અકસ્માત અને અકસ્માતમાં જાનહાની થવાના બનાવો વધુ બને છે અને એનું મુખ્ય કારણ હોય તો આ જે કંઇ રોડ બનાવવાની સિસ્ટમ છે એ જવાબદાર છે. રોડ બનાવવામાં આવે છે એ પૂરતી ગુણવત્તાવાળા નથી હોતા. જરૂર હોય એ પ્રમાણેના વળાંક કે જે કંઇ એની ડીઝાઇન આર્કીટેકટ મુજબ આપી હોય એ પ્રમાણે નથી બનતી જેથી પણ અકસ્માતો થાય છે. બીજું એક કારણ એ છે કે હાઇવે ઉપર અવાર નવાર મોટા ટ્રકો અથવા બંધ પડેલા વાહનો જેની પાછળ ઘુસી જવાથી પણ મોટા અકસ્માતો થાય છે એટલે માનનીય મંત્રીશ્રીને મારું નિવેદન છે કે આવા બંધ પડેલા વાહનોને ત્યાંથી દૂર કરવા માટે અલાયદી વ્યવસ્થા કરવી જોઇએ. જેથી આવું વાહન બંધ પડે તો એક એવી ક્રેઇન રસ્તા ઉપર અવાર–નવાર હોવી જોઇએ કે જેથી ત્યાંથી તેને હટાવીને યોગ્ય જગ્યાએ મૂકવામાં આવે તો સ્પીડથી આવતા વાહનો એની પાછળ ઘુસી ન જાય અને અકસ્માત ન થાય. બીજું સરકારશ્રીને કહેવા માગું છું કે સિટ બેલ્ટ, હેલ્મેટ એનો જે કાંઇ ઉપયોગ થવો જોઇએ એના કરતાં આપણે ટ્રાફિક ઉપર મૂકેલ ટી.આર.પી. જવાનો એનો દુરુપયોગ વધારે કરે છે. એના નિયમોનું પાલન કરાવે છે એ સિટી પૂરતું હોય છે. સિટીમાં જુએ કે સિટ બેલ્ટ નથી બાંધ્યો તો અન્ય રીતે ડરાવી–ધમકાવીને

એનો તોડ કરી લે છે. એના નિયમો વ્યવસ્થિત થાય એ જરૂરી છે. ટી.આર.પી. દ્વારા કાર્યવાહી થતી હોય એના કરતાં ટ્રાફિક પોલીસ વધારે હોય તો એમાં ઘણો ઘટાડો થઇ શકે એમ છે. આર.ટી.ઓ.માં નવી રિક્ષાઓને પરમિટ આપવામાં આવે છે એમાં ઘટાડો કરવાની જરૂર છે. સી.એન.જી. રિક્ષામાં લિમિટ બહારના પેસેન્જરોને ભરવામાં આવે છે. ક્યારેક ટાયર ફાટવાથી કે અન્ય રીતે મોટા અકસ્માતો થતા હોય છે. આવી પરમિટ આપવામાં સરકારે નિયંત્રણ કરવું જરૂરી છે. અમારા સભ્યશ્રીએ કહ્યું કે લાયસન્સમાં ઘણી બધી બેદરકારી દાખવવામાં આવે છે. લાયસન્સ પ્રથા કડક કરવાની જરૂર છે જેથી ગમે તેને લાયસન્સ ન મળી જાય. એમ.વી. એક્ટમાં પણ જોગવાઇ છે અને આઇ.પી.સી.માં પણ જોગવાઇ છે. આઇ.પી.સી. ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) મુજબ કાર્યવાહી થતી હોય છે. પણ એનો ચૂસ્તપણે અમલ થતો નથી. એના માટે માનનીય સભ્યશ્રીએ બિલ લાવવાની જરૂરિયાત ઉપસ્થિત થઇ છે. માનનીય સભ્યશ્રીને મારું નમ્ર સૂચન છે કે આ બિલ પાછું ન ખેંચવું જોઇએ અને બિલ મંજૂર કરવું જોઇએ. બીજું કે, રોડ બનાવવામાં અને રીફ્લેકટિવ પટ્ટીઓની ગુણવત્તા નબળી હોય છે. બનાવ્યા પછી છ મહિનામાં ઉખડી જતી હોય છે. જેથી અકસ્માતો થવાની શક્યા વધારે હોય છે. માર્ગદર્શક સાઇન બોર્ડ જે મૂકેલ હોય છે તેની ગુણવત્તા નબળી હોય છે અથવા બાવળ કે અન્ય ઝાડ આવી જવાથી સાઇન બોર્ડ પૂરતા દેખાતા નથી અને ક્યારેક વળાંકમાં અકસ્માતો થતા હોય છે. બમ્પને યોગ્ય ગુણવત્તા મુજબ બનાવવા જોઇએ. હાઇટ લિમિટ બહાર ઉંચી કરવામાં આવે છે જેથી ઘણા મોટા અકસ્માતો થાય છે એટલે હું આ બિલને સમર્થન આપું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રિવેન્શન ઓફ એક્સિડન્ટ ઓન હાઇ–વે અંગેનું બિલ માનનીય ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ દ્વારા લાવવામાં આવ્યું છે એમાં માનનીય ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે પોતે પોતાની જીંદગીના અનુભવો, આ સંદર્ભમાં બનેલા બનાવો, એમના પોતાના વ્યક્તિગત અનુભવોના આધારે એમણે આખું કથન કર્યું. પી.ડી. વસાવાજી, અરુણસિંહ રણા, હિંમતસિંહભાઇ, રાજેશભાઇ વગેરેએ વિસ્તૃત રીતે રજૂઆતો કરી. આ માત્ર વિધાનસભા ગૃહ સુધીનું સિમિત નહીં, પરંતુ સમગ્ર ગુજરાતમાં જ્યારે કોઇપણ વ્યક્તિ હાઇ–વે ઉપર પ્રવાસ કરતી હોય એ વખતે એને ક્યારેક નાના મોટા અકસ્માતો જોયા હોય, અનુભવ્યા હોય એના કારણે એની વેદના હોય એ વેદનાની વ્યથાને વ્યવસ્થામાં પરિવર્તિત કરવા માટે બધા સભ્યશ્રીઓએ પોતાની લાગણી અહીંયા વ્યક્ત કરી છે. એમાં પણ આ અકસ્માતોના સંદર્ભમાં જે વિશ્વની અંદર આતંકવાદી ઘટનામાં કુલ કેટલા મૃત્યુ થયા એ આંકડા જોયા તો ૨૦૧૬માં ૩૪ હજાર મૃત્યુ થયા. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૨૦૧૬માં ગ્લોબલ સ્ટેટસ રિપોર્ટ ઓન રોડ સેફ્ટીના આંકડા આપ્યા તો ૨૦૧૬માં વિશ્વમાં ૧૨ લાખ લોકો અકસ્માતના કારણે મૃત્યુ પામ્યા છે. એટલે આતંકવાદ કરતા પણ ૩૫% વધારે લોકો અકસ્માતના કારણે મૃત્યુ પામ્યાં છે. ૨૦૧૬માં આખા અકસ્માતમાં જેટલા મૃત્યુ પામ્યા એમાંથી પાંચ કરોડ કરતા વધારે લોકો ઇજાગ્રસ્ત બન્યાં. ક્યારેક આમાંથી કેટલાય લોકો શારીરિક અપંગતા પામતાં હોય છે. ભારત સરકારે ૨૦૧૬–૧૭ ના માર્ગ પરિવહનના જે આંકડા પ્રસિદ્ધ કર્યા છે એમાં ૨૦૧૬–૧૭ માં ૪,૮૦,૦૦૦ જેટલા માર્ગ અકસ્માતો થયા. એમાં દોઢ લાખ કરતા વધારે લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. એટલે એવું કહેવાય કે દેશમાં દર કલાકે ૫૫ જેટલા અકસ્માતો થાય છે અને પ્રતિ કલાકે ૧૭ જેટલા લોકો મૃત્યુ પામે છે એટલે માર્ગ અકસ્માતની આ વિભિષિકાને નાથવા માટે કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારે સંયુક્ત રીતે અનેક પ્રયાસો કર્યા છે. પરંતુ સભ્યશ્રીની જે લાગણી છે, ચિંતા છે એ ચિંતાને હજી વધારે સારી રીતે અસરકારતા ઊભી કરવાની પણ આવશ્યકતા છે. માનનીય અધ્યક્ષશ્રી, Government of India Road Safety Policy જાહેર કરી અને ગુજરાત સરકારે પણ ગુજરાત રાજ્ય માર્ગ સલામતી નીતિ ૨૦૧૬ની અંદર પ્રસિદ્ધ કરી છે. એકલા ગુજરાતની વાત કરીએ તો ગુજરાતની અંદર કુલ ૨૮ નેશનલ હાઇવે ૫૦૧૭ કિ.મી.ના છે અને માર્ગ મકાનના આપણા રોડ ૧૮,૦૦૦ કિ.મી. કરતા વધારે લંબાઇના આપણા સ્ટેટ હાઇવે છે. ૨૦૧૬–૧૭ ના એક વર્ષના આપણા અકસ્માતોની જો વાત કરીએ તો ૧૯,૦૮૧ અકસ્માતો થયા હતા અને એમાં ૧૬,૮૦૨ ઇજાગ્રસ્ત થયા અને એમાં ૭,૨૮૯ મૃત્યુ પામ્યા. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જ એક એવું રાજ્ય છે કે આપણી પાસે ૨.૩૦ કરોડ વાહનો છે અને આ વાહનોમાં દર વર્ષે ૫% થી ૭ % નો વધારો થતો હોય છે. માનનીય સભ્યશ્રીઓએ જે લાગણી અપેક્ષા વ્યક્ત કરી એમાં હું પણ સંમત છું કે ગૃહ વિભાગે એમાં વિશેષ કાળજી રાખવી જોઇએ પણ આ એક વિભાગ સાથે કે એકલા સરકારી તંત્ર સાથે જોડાયેલું કામ નથી. આની અંદર ગૃહ વિભાગ, શિક્ષણ વિભાગના માધ્યમથી આ અંગેનું પ્રશિક્ષણ શહેરી વિકાસના માધ્યમથી એની જરૂરી આનુષાંગિક વ્યવસ્થા માર્ગ અને મકાન વિભાગના માધ્યમથી જ્યાં વધારે પડતા અકસ્માતો થતા હોય એવા બ્લેક સ્પોટ આઇડેન્ટીફાય કરીને, રેક્ટીફાય કરીને એ સ્થાન ઉપર થતા અકસ્માતની માત્રા કેવી રીતે ઘટાડી શકીએ? માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર વિભાગ અને અકસ્માત થયા પછી ૧૦૮ અને ૧૦૮ connected trauma centerની વ્યવસ્થા જો આપણે વધારે સંયુક્ત રીતે, અસરકારક રીતે કરી શકીએ તો પ્રિવેન્શન, અકસ્માત અને અકસ્માત પછીની આખી ઘટના ક્રમ ઉપર આપણે યોગ્ય રીતે કામ કરી શકીએ. Education-રોડ સેફ્ટી અંગેના શિક્ષણ માટેની

આવશ્યકતા છે. Enforcement of law-કાયદા છે પણ એ કાયદાનો યોગ્ય પ્રમાણમાં અમલ થાય. Engineering of Road-એટલે માર્ગ સલામતી એન્જિનિયરિંગ પ્રમાણે બને, Emergency care and effective coordination of various departments. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ તેમ ધોરણ ૪ થી ધોરણ ૧૦ સુધીના અભ્યાસક્રમોની અંદર એક લેશન ટ્રાફિકના સંદર્ભમાં આપણે બાળપણથી જ બાળકોને પ્રશિક્ષિત કરવા માટે વાપરીએ છીએ. ટ્રાફિક એજ્યુકેશન–એના માટે એક મોબાઇલવાન અને આ મોબાઇલવાન દરેક સ્કૂલોની અંદર જાય અને એના માધ્યમથી પ્રશિક્ષિત કરીએ છીએ. આના ઉપરાંત street play, માર્ગ સલામતી મીડિયાનો પ્રચાર. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે આપણા જેટલા સ્માર્ટ સિટી છે એ સ્માર્ટ સિટીને સીસીટીવીના નેટવર્કથી આપણે કનેક્ટ કરીએ છીએ. સીસીટીવીના કંન્ટ્રોલ રૂમ હોય છે. કંન્ટ્રોલ રૂમની અંદરથી જે ઘણા પ્રકારના અકસ્માતો થતા હોય છે એની જે અકસ્માત થયેલી વિડિયો ક્લીપ હોય છે એને પણ આપણે લોકોની વચ્ચે મૂકીએ છીએ. એટલે આ પ્રમાણેની ભૂલ હતી જેના કારણે આ અકસ્માત થયો. માનનીય અધ્યક્ષશ્રી, મેં એક સરવે કરાવીને કેટલાંક કારણો જાણવા માટેનો પ્રયાસ કર્યો. એમાં સૌથી વધારે ચાલુ વાહને મોબાઇલ ઉપર વાત કરવાના કારણે અકસ્માતોની માત્રા ઘણી વધતી જાય છે. ઘણીવાર પોતે પોતાની ગાડીના મિરર એડજેસ્ટ કરવા માટે અને ઘણી વખતે રસ્તા પરના સાઇન બોર્ડ જો યોગ્ય સ્થાને ના હોય તો એ જોવાના કારણે ઘણી ગાડીઓમાં લાઉડ સ્પિકર અને મ્યુઝિક, ઘણી વખતે રસ્તા પરના એકદમ પશુ–પક્ષી કે નીલગાય આવી જાય તો અને આ પ્રમાણે પછી અમદાવાદ શહેરની અંદર કે અર્બનની અંદર જે થયા એના ડ્રાયવરના બેધ્યાનપણાને કારણે થયેલા અકસ્માતો ૪૪ ટકા થયા. જો ડ્રાયવરે સીટ બેલ્ટ પહેરેલા હોય તો સો ટકા એ અકસ્માત નિવારી શકાય. પગપાળા યાત્રીઓ અને રસ્તા ઉપર મૂકાયેલા વાહનો, બંધ પડેલા વાહનો એના કારણે ૧૮ ટકા અકસ્માત થયા. આ જુદી જુદી રીતે જુદા જુદા પ્રકારના અકસ્માતો થાય છે અને એ અકસ્માતો જયાં સરકારને અને વિભાગોને જયાં આવશ્યકતા પડે ત્યાં એને નિવારવા માટે આપણે પ્રયત્ન કરીએ છીએ. જે બ્લેક સ્પોટની મેં વાત કરી તો ૨૦૧૪–૧૫ અને ૧૫–૧૬માં જયાં વધારે અકસ્માતો થાય છે એવા ૬૮૩ જેટલા બ્લેક સ્પોટ હતા આ બ્લેક સ્પોટને આઇડેન્ટીફાઇ કર્યા, એ ૬૮૩ અકસ્માતો થયા હતા એ બ્લેક સ્પોટ રેકટીફાઇ કર્યા એમાં ૬૯ જેટલા બ્લેકસ્પોટ રેકટીફાઇ કર્યા, ૬૮૩ અકસ્માતો થતા હતા એમાંથી અકસ્માતોની સંખ્યા ૫૫ થઇ એટલે ૫૯૮ જેટલા અકસ્માતો પણ આપણે એન્જીનીયરીંગ પાર્ટની અંદર ધ્યાન રાખવાથી આપણે નિવારી શકાયા છે. આ ઉપરાંત રાજયની અંદર ટ્રાફીક બ્રીગેડની અંદર એને મળતા મહેનતાણામાં વધારો કર્યો છે. રાજયમાં ટ્રાફીકની ૭૨૪૭ બ્રીગેડ હતી એમાં ૧૦,૦૦૦ જેટલા કરવામાં આવ્યા છે. જુદા જુદા રસ્તા ઉપર પડેલા વાહનોને ખસેડવા માટેની ક્રેઇન, ડીઝીટલ વીડીયો કેમેરા, ઇન્ટરસેપ્ટર, સ્પીડગન અને જુદી જુદી વ્યવસ્થા કરવામાં આવી છે. આ બધી વ્યવસ્થા જુદા જુદા લોના, એન્ફોર્સમેન્ટના માધ્યમથી ૨૦૧૬ અને ૨૦૧૭ એ બેની હું તુલનાત્મક વાત કરું તો માર્ગ અકસ્માતોની ૨૦૧૬ની સંખ્યા ૨૧,૮૫૯ હતી જે ૨૦૧૭માં ૧૯,૦૮૧ થઇ એટલે ૧૨ ટકાનો ઘટાડો થયો. મૃત્યુ પામેલાનો આંકડો એવું કહીએ તો ૮,૧૩૬ એ ૨૦૧૬ માં હતા. ૨૦૧૭માં એ ૭૨૮૯ થયા એટલે એની અંદર પણ ઘટાડો થયો. ઈજાગ્રસ્તો ૧૯ હજાર જેટલા હતા એમાંથી ૧૬ હજાર થયા. ઈજાગ્રસ્તોની અંદર પણ ઘટાડો થયો પરંતુ કોઇ એક પણ જણનું અકસ્માતના કારણે મૃત્યુ થાય કે કોઇને એ ઈજા કારણે શારીરિક અપંગતા રહે એ કોઇપણ હિસાબે ચાલે નહીં. એના માટે અમે અમારી આખી સિસ્ટમને સર્વાંગી રીતે મોડીફાઇ કરવાનો પ્રયાસ કર્યો છે. એના ઉપરાંત પણ લો ના એન્ફોર્સમેન્ટ માટે અને પ્રોપર થઇ શકે એના માટે દંડની પણ વસુલાત કરવામાં આવે છે. હું છેલ્લા બે વર્ષના આકડા કહું તો ૨૦૧૬માં ૫૭.૫૯ લાખ લોકો સાથે ૭૩.૨૦ કરોડ અને ૨૦૧૭માં ૭૩.૮૬ લાખ લોકો સાથે ૮૪.૧૬ કરોડનો ટેક્સ પણ વસુલ કરવામાં આવ્યો છે. એ પ્રમાણે ઓવરસ્પીડના જે કેસીસ હતા એ કેસીસમાં વધારો થવાના કારણે આજે ઓવરસ્પીડના નંબર્સ પણ વધ્યા છે. જીવન આપણા સૌના માટે અમૂલ્ય છે. માનનીય સંગીતાબહેને અને એમની સાથેના બધા જ માનનીય સભ્યશ્રીઓએ જે ચિંતા કરી છે એમાં હું પણ આપ સૌને રાજય સરકાર દ્વારા જે વિશિષ્ટ પગલાં લેવામાં આવ્યા છે અને હજી પણ સીસ્ટમને આપણે લો ના એન્ફોર્સમેન્ટના માધ્યમથી, બાકીના ડિપાર્ટમેન્ટના કો–ઓર્ડીનેશનથી સારામાં સારી સ્થિતિ થાય અને રોડ ઉપરના અકસ્માતોની માત્રા ઘટે એના માટે અમે ચોકકસ પ્રયત્નો કરીશું. માનનીય સંગીતાબહેન એ બાબતમાં નિશ્ચિંત રહે. આ બધી જ બાબતો ઉપર ધ્યાન આપીશું તો એમના દ્વારા વિધેયક પાછું ખેંચવામાં આવે એવી વિનંતી કરું છું.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, એક સૂચન સાથે માનનીય અરૂણસિંહ રણાજીએ જે એમનામાં સમય ઓછો પડયો હતો તો રહી ગયું હતું તો થ્રી લેન રોડ ઉપર હંમેશા ભારે વાહનો ફસ્ટ લેન પર જ જાય છે તો એ આપણે થ્રી લેન પર જ ભારે વાહનો જઇ શકે એવી વ્યવસ્થા કરવી જોઇએ. .

સભાપતિશ્રી : એ સૂચન મારું પણ છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : તો એનાથી અમારા સમયની પણ બચત થશે અને જેથી કરીને અમે અહીંયા અમદાવાદ આવતા હોઇએ ત્યારે વહેલી તકે આવતા રહીશું. સાથે સાથે જે બિલ હું લઇને આવી છું એમાં માનનીય સભ્યશ્રી પી.ડી. વસાવાજી, માનનીય હિંમતસિંહ, ગોહીલજી, અરુણસિંહ રાણાજીએ એમના વિચારો રજૂ કર્યા અને સાથે સાથે માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાજીએ હૃદયને સ્પર્શી જાય એવી સરકારની કામગીરી ધ્યાને મૂકી એના લીધે હું મારું આ બિલ પરત ખેંચવા માટે સહમત છું અને હું પ્રસ્વાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૬ પાછું ખેંચી લેવાની આ સભાગૃહ મને અનુમતિ આપે. **પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૮નું ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક પાછું ખેંચી લઉં છું.

સભાપતિશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪–૩૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તારીખ ૨૩મી માર્ચ ૨૦૧૮ના રોજ સવારના ૯–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮**
**ચૈત્ર ૨, ૧૯૪૦ શાકે**

**સભાસગૃહ સવારના ૯–૩૦ કલાકે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

આણંદ આરટીઓ કચેરીમાં ઓવરલોડ વાહનો સામે કેસ

* ૭૬૮૨ શ્રી ગોવિંદભાઈ પરમાર (ઉમરેઠ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા, અને | (૧) આણંદ આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં ૨૬૭ ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા. |
| (૨) તેનો કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો ? | (૨) તેનો રૂ।. ૧૦.૧૨ લાખ દંડ વસુલ કરવામાં આવ્યો. |

શ્રી ગોવિંદભાઈ  ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે આપના મારફતે જાણવા માગું છું કે, આણંદ આર.ટી.ઓ. ની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં ઓવરલોડ વાહનો સામે કેટલા કેસ કરવામાં આવ્યા, અને તેનો કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઓ. આણંદ ખાતે ૨૦૧૬–૧૭ના વર્ષની અંદર ઓવરલોડ વાહનોના કેસોની વાત કરું તો ૨૬૭ કેસો થયેલ છે અને એનો ૧૦.૧૨ લાખ રૂપિયા દંડ વસૂલ કરેલ છે. ઓવર ડાયમેન્શનના ગુનાના ૨૫૬ જેટલા કેસ કરવામાં આવેલ છે અને એમાં ૩૭.૩૯ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, તે જ રીતે પેસેન્જર બસ માટે ૧૦૨ જેટલા કેસ કરવામાં આવેલ છે અને એમાં ૫.૯૪ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, ખાનગી વાહનોમાં પેસેન્જર બેસાડવાના ગુનાના ૩૨૨ જેટલા કેસ કરવામાં આવેલ છે અને એમાં ૧.૭૬ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, એ જ રીતે સીટ બેલ્ટ ન બાંધવાના ગુનાના ૧૬૪ જેટલા કેસ કરવામાં આવેલ છે અને એમાં ૦.૩૦ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, હેલ્મેટ ન પહેરવાના ગુનાના ૪૦૨ જેટલા કેસ કરવામાં આવેલ છે અને એમાં ૦.૫૧ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, એ જ રીતે રેડિયમ પટ્ટી ન લગાડવાના ગુનાના ૬૧ જેટલા કેસ કરવામાં આવેલ છે અને એમાં ૧.૦૨ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, રિફ્લેકટર ન લગાડવાના ગુનાના પણ કેસ કરવામાં આવેલ છે અને એમાં ૧.૧૮ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, એરહોર્ન વગાડવાના ગુનાના ૨૬ જેટલા કેસ કરવામાં આવેલ છે અને એમાં ૦.૨૭ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, રજીસ્ટ્રેશન ફીટીંગ વિનાના ૫૬૦ જેટલા કેસ કરવામાં આવેલ છે અને એમાં ૨૨.૪૨ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, એ જ રીતે ડ્રાઈવીંગ લાયસન્સ વગર વાહન ચલાવવાના ગુનાના ૧૫૫૯ જેટલા કેસ કરવામાં આવેલ છે અને એમાં ૧૫.૪૯ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, નિયમ મુજબની નંબર પ્લેટ ન હોવાના ગુનાના ૨૩૨ જેટલા કેસ કરવામાં આવેલ છે અને એમાં ૦.૯૫ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, એ જ રીતે વીમા વિના વાહન ચલાવવાના ગુનાના ૭૨૭ જેટલા કેસ કરવામાં આવેલ છે અને એમાં ૭.૨૭ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, એ જ રીતે હેડલાઈટ અને ટેલ લાઈટના ગુનાના ૪૮ જેટલા કેસ કરવામાં આવેલ છે અને એમાં ૦.૪૮ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, પી.યુ.સી. વગર વાહન ચલાવવાના ગુનાના ૧૧૪૨ જેટલા કેસ કરવામાં આવેલ છે અને એમાં ૧૫.૬૭ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, એ જ રીતે નો પાર્કીંગમાં વાહન પાર્ક કરવાના ગુનાના ૯૮૨ જેટલા કેસ કરવામાં આવેલ છે અને એમાં ૮.૪૨ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, વધુ ગતિએ વાહન હંકારવાના ૯૨ કેસો કરવામાં આવેલા છે અને એમાં ૧.૨૪ લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. આમ કુલ ૬૯૮૯ કેસો કરવામાં આવ્યા છે અને દંડની રકમ ૧૩૧.૦૬ લાખ રૂપિયા જેટલી વસૂલ કરવામાં આવેલ છે.

શ્રી રાજેન્દ્રસિંહ  ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જે ફોર વ્હીલર વ્હીકલ છે એના પાસીંગ કરવા માટે આર.ટી.ઓ. ઓફિસ નથી જવું પડતું અને ખેડૂતોએ ટ્રેક્ટર લઈને આર.ટી.ઓ. ઓફિસ જવું પડતું હોય છે તો એના માટે કંઈક સુધારો કરવા માગો છો કે કેમ?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, આર.ટી.ઓ. કચેરી હાલમાં આણંદ ખાતે સેવા સદનમાં કાર્યરત છે તો સરકારશ્રી દ્વારા નવીન મકાન માટે શું આયોજન કરવામાં આવેલ છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ આર.ટી.ઓ. કચેરી હાલમાં જિલ્લા સેવા સદનમાં કાર્યરત છે. છેલ્લાં બાવીસ વરસથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછીથી જે રીતે ગ્રામ પંચાયતની કચેરી હોય, તાલુકા પંચાયતની કચેરી હોય, જિલ્લા પંચાયતની કચેરી હોય, મામલતદાર કચેરી હોય કે પ્રાંત કચેરી હોય, તમામ કચેરીઓના નવીનીકરણ કરવાના ભાગરૂપે આ આણંદ આર.ટી.ઓ. કચેરીનું પણ અદ્યતન મકાન બનાવવા માટે ચીખોદરા, તાલુકા આણંદના સરવે નંબર-૧૨૨૮/૧ ની ૩૪૯૦૯ ચોરસમીટર જમીન પૈકી ૨૦૦૦૦ ચોરસમીટર જમીન ફાળવવામાં આવેલ છે, સરકારશ્રી તરફથી આ કામ માટે ૬૭૯.૯૦ લાખ રૂપિયાની વહીવટી મંજૂરી પણ મળેલી છે. કચેરીના નવીન મકાનની સાથે મોટર સાયકલ, સ્કૂટર તથા કાર માટેના પાકા લાયસન્સના ટેસ્ટ માટેના ટ્રેસ્ટ ટ્રેક, વાહનની નંબર પ્લેટ ફીટ કરવા માટેના ફીટીંગ સ્ટોર્સ તથા સિક્યોરિટી કેબીન તથા જનરેટર રૂમ વિગેરે બનાવવાનું આયોજન છે, આ માટે ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરી તારીખ ૨૬-૪-૨૦૧૭ના રોજ આ કામ માટેનો વર્ક ઓર્ડર મે. એસ.એસ. શેલડીયા, સુરતને આપવામાં આવેલ છે. નવીન મકાનનું બાંધકામનું કામ હાલ પ્રગતિમાં છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી થોડું ધીરે બોલો ખ્યાલ જ નથી આવતો એટલી સ્પીડમાં બોલો છો. શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : જી સર, હાલમાં મેઇન ઓફિસ બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફલોર સ્લેબની કામગીરી પૂર્ણ થયેલ છે. પહેલા માળનું કોલમનું કામ પ્રગતિમાં છે અંદાજીત જૂન-૨૦૧૮ના અંત સુધીમાં આ કામ પૂર્ણ થવાની શકયતા છે.

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ઓવરલોડ ગાડીઓને પકડવાની સત્તા કયા કયા વિભાગને સોંપવામાં આવેલ છે ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઓવરલોડ વાહનોની પકડવા માટેની સત્તા આર.ટી.ઓ. અને પોલીસને આપવામાં આવેલી છે.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ ઓવરલોડના કિસ્સા બને છે ત્યારે ઓવરલોડ અટકાવવા માટે મોટર વાહન ખાતા દ્વારા કોઇ ખાસ ઝૂંબેશ કરવામાં આવે છે કે કેમ ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં આ ઓવરલોડ અટકાવવા માટે પાંચ જેટલા ઝોન બનાવી નજીકની આર.ટી.ઓ. કચેરીના ચેકીંગ અધિકારીઓને રાઉન્ડ ધ કલોક કામગીરી સોંપવામાં આવે છે અને આ ચેકીંગની પદ્ધતિ નીચે મુજબની છે તેમાં, ફલાઇંગ સ્કોર્ડ, ક્રોસ કચેરી ચેકીંગ અને આર.ટી.ઓ. સ્પેશ્યલ ચેકીંગ દ્વારા આ ઓવરલોડ અટકાવવા માટેની ખાસ ઝૂંબેશો ચલાવવામાં આવે છે. ફલાઇંગ સ્કોર્ડની વાત કરીએ તો એમાં અંતરીયાળ વિસ્તારોમાં ક્રોસ ચેક પોસ્ટ ચેકીંગ (અંતરાય) ભાઇ, આ સત્તાનો પ્રશ્ન નથી આ ખાસ ઝૂંબેશ માટેનો પ્રશ્ન છે. ફલાઇંગ સ્કોર્ડ દ્વારા અંતરીયાળ વિસ્તારો, ક્રોસ ચેકીંગ તેમજ કોઇ ચોક્કસ પ્રકારનો ગુનો થઇ રહેલ છે તેવી બાતમીના આધારે આ ફલાઇંગ સ્કોર્ડ દ્વારા ચેકીંગ કરવામાં આવે છે. આ ફલાઇંગ સ્કોર્ડ વાહન-વ્યવહાર કમિશ્નર કચેરીની સીધી સૂચના મુજબ આ કચેરીના સહાયક વાહન-વ્યવહાર નિયામકના સીધા આદેશ હેઠળ કામ કરે છે. જેમાં વાહન-વ્યવહાર કમિશ્નર કચેરીના તમામ મોટર વાહન નિરીક્ષક અને સહાયક મોટર નિરીક્ષકોનો સમાવેશ થાય છે. વાહન-વ્યવહાર કમિશ્નર કચેરીમાં પાંચ સહાયક મોટર વાહન નિરીક્ષક ફલાઇંગ સ્કોર્ડમાં ફરજ બજાવે છે. જરૂર પડે રાજયની કચેરીઓમાંથી પણ અધિકારીઓને ફલાઇંગ સ્કોર્ડમાં ફરજ સોંપવામાં આવે છે. ફલાઇંગ સ્કોર્ડ દ્વારા રાજયમાં કરાવેલ ખાસ ચેકીંગ દરમિયાન કુલ ૫૮૩૯ કેસો કરી ૧.૯૦ કરોડની દંડની વસૂલાત તથા ૪૫.૩૦ લાખ બાકી ટેક્સની વસૂલાત કરેલ છે. એ જ રીતે ક્રોસ ચેકીંગ કચેરીની વાત કરીએ ત્યારે એક આર.ટી.ઓ.કચેરીના અધિકારીને બીજી આર.ટી.ઓ. કચેરીની અધિકારીના વિસ્તારમાં ચેકીંગ કરવા જણાવવામાં આવે છે. આ બાબતની સૂચના તથા આયોજન વાહન-વ્યવહાર કમિશ્નર કચેરી દ્વારા કરવામાં આવે છે. અને આર.ટી. ઓ.નું જે સ્પેશ્યલ ચેકીંગ છે તે કાર્યવાહીમાં આર.ટી.ઓ. કચેરીની ટીમ દ્વારા રૂટીન ચેકીંગ ઉપરાંત આર.ટી.ઓ. કચેરીમાં આવતા વિસ્તારના સ્પેશ્યલ રીતે ચોક્કસ ગુના માટે ચેકીંગ કરવામાં આવે છે. આર.ટી.ઓ.આણંદ ખાતે ૨૦૧૬-૧૭ના વર્ષમાં કુલ ૯૮૮ જેટલા કેસો કરવામાં આવ્યા અને તેમાં ૫૧.૮૭ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. અને જે પૈકી ઓવરલોડ ૨૧૭ જે વાહનો હતા તેનો ૧૦.૧૨ લાખનો દંડ વસૂલ કરવામાં આવેલ છે.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવુ છે કે, નંબર પસંદગીની પ્રક્રિયામાં ઓન લાઇનથી જે પેમેન્ટ કરવામાં આવે છે તે પેમેન્ટ જો નંબર ના મળ્યો હોય તો એ પેમેન્ટ કેટલા સમયમાં પાછું આપવામાં આવે છે? અને તે આર.ટી.ઓ.કચેરી આપે છે કે તે પેમેન્ટ ગાંધીનગરમાંથી મળે છે ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન આણંદ આર.ટી.ઓ.કચેરીમાં ઓવરલોડ વાહનોનો છે સભ્યશ્રી જો અલગ નોટિસ આપશે તો હું જણાવીશ.

## તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮
## તારાંકિત પ્રશ્નો

ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોની સંખ્યા

* ૯૩૩૫ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટકેટલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગરીબી રેખાની નીચે જીવતા પરિવારોની કુલ સંખ્યા ગાંધીનગર જિલ્લામાં–૪૪૫૩૫ અને અમદાવાદ જિલ્લામાં ૧૪૪૦૯૯ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ૦ થી ૧૬ | ૧૭ થી ૨૦ સ્કોર | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૩૮૫૧ | ૩૦૬૮૪ | ૪૪૫૩૫ |
| ૨ | અમદાવાદ | ૮૦૦૨૨ | ૬૪૦૭૭ | ૧૪૪૦૯૯ |
| | કુલ... | ૯૩૮૭૩ | ૯૪૭૬૧ | ૧૮૮૬૩૪ |

**પ્રશ્ન**

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૨) ગાંધીનગર જિલ્લામાં વર્ષ–૨૦૧૬ અને ૨૦૧૭માં કુલ–૭ અને અમદાવાદ જિલ્લામાં કુલ–૧૨૮ ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોનો વધારો થયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ–૨૦૧૬ વધારો | વર્ષ–૨૦૧૭ વધારો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૬ | ૧ | ૦૭ |
| ૨ | અમદાવાદ | ૯૦ | ૩૮ | ૧૨૮ |
| | કુલ... | ૯૬ | ૩૯ | ૧૩૫ |

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ની છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી ? તે પૈકી કેટલી નામંજૂર કરી, અને કેટલી પડતર છે ? મારો બીજો પ્રશ્ન એ છે કે, બી.પી.એલ.ના સાચા લાભાર્થીઓને લાભ મળે તે માટે પુનઃસર્વે કરવા માગો છો કે કેમ ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લાની અંદર ૧૨૫ અરજીઓ આવેલી છે તે પૈકી ૦ થી ૧૬ ની ૩ મંજૂર કરવામાં આવેલી છે અને ૧૭ થી ૨૦ના સ્કોરમાં ચાર અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે અને ૧૧૮ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે. અમદાવાદ જિલ્લામાં ૦ થી ૧૬ ના સ્કોરમાં ૧૨૮ અરજીઓ આવેલ છે તે પૈકીની બધી જ ૧૨૮ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે અને ૦ થી ૧૬ સ્કોરના સર્વેની વાત કરી એ સર્વેની કામગીરી કેન્દ્ર સરકારના માધ્યમથી અને સૂચનાથી થતી હોય છે. રાજ્ય સરકારે એમાં કાંઇ કરવાનું રહેતું નથી.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, બી.પી.એલ.માં ગુણાંક એટલે શું છે એ કેવી રીતે નક્કી કરવામાં આવે છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા આ ગુણાંકવાળા કુટુંબોને શું લાભ આપવામાં આવે છે? તેમજ અમદાવાદ જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા બી.પી.એલ. કુટુંબોમાં ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ સ્કોર વાળા કુટુંબોની તાલુકાવાર સંખ્યા કેટલી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ (ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ૦ થી ૧૬ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૨૯૪૯ છે અને ૧૭ થી ૨૦ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૧૮૮૩ છે. આમ અમદાવાદમાં કુલ લાભાર્થી પરિવારોની સંખ્યા ૧૮૩૨ છે. બાવળામાં ૦ થી ૧૬ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૬૮૫૩ છે અને ૧૭ થી ૨૦ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૭૭૫૬ છે. આમ, બાવળામાં કુલ પરિવારોની સંખ્યા ૧૪૬૦૯ છે. દસક્રોઇમાં ૦ થી ૧૬ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૧૨૫૬૪ છે અને ૧૭ થી ૨૦ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૧૨૦૫૯ છે. આમ દસક્રોઇમાં કુલ લાભાર્થી પરિવારોની સંખ્યા ૨૪૬૨૩ છે. દેત્રોજમાં ૦ થી ૧૬ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૯૦૬૧ અને ૧૭ થી ૨૦ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૫૮૫૯ છે. આમ દેત્રોજમાં કુલ લાભાર્થી પરિવારોની સંખ્યા ૧૪૯૨૦ છે. ધંધુકા અને ધોલેરામાં ૦ થી ૧૬ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૧૦૪૦૨ છે અને ૧૭ થી ૨૦ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૪૯૯૦ છે. આમ ધંધુકા અને ધોલેરામાં કુલ લાભાર્થી પરિવારોની સંખ્યા ૧૫૩૯૨ છે. ધોળકામાં ૦ થી ૧૬ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૯૦૫૩ છે અને ૧૭ થી ૨૦ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૯૦૯૫ છે. આમ, ધોળકામાં કુલ લાભાર્થીઓની સંખ્યા ૧૮૧૪૮ છે. માંડલમાં ૦ થી ૧૬ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૪૨૭૭ છે અને ૧૭ થી ૨૦ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૩૭૬૧ છે. આમ માંડલમાં કુલ લાભાર્થી પરિવારોની સંખ્યા ૮૦૩૮ છે. સાણંદમાં ૦ થી ૧૬ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૧૨૦૫૦ છે અને ૧૭ થી ૨૦ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૯૭૩૨ છે. આમ સાણંદમાં કુલ લાભાર્થી પરિવારોની સંખ્યા ૨૧૭૮૨ છે. વિરમગામમાં ૦ થી ૧૬ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૧૨૮૧૩ છે અને ૧૭ થી ૨૦ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની

સંખ્યા ૮૯૪૨ છે. આમ વિરમગામમાં કુલ લાભાર્થી પરિવારોની સંખ્યા ૨૧૭૫૫ છે. આમ, અમદાવાદ જિલ્લામાં ૦ થી ૧૬ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૮૦,૦૨૨ છે અને ૧૭ થી ૨૦ સ્કોરવાળા લાભાર્થી પરિવારોની સંખ્યા ૬૪૦૭૭ અને કુલ લાભાર્થી પરિવારોની સંખ્યા ૧,૪૪,૦૯૯ છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના માધ્યમથી આ ગરીબી રેખા નીચે જીવતા પરિવારોને કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવામાં આવે છે. વૃદ્ધ નિરાધાર પેન્શ યોજના, આરોગ્ય વિષયક સેવાઓમાં મુખ્યમંત્રી મા અમૃતમ યોજના, ચિરંજીવી યોજના, બાળસખા યોજના, જનની સુરક્ષા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, બાલિકા સમૃદ્ધિ યોજના, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, જનરલ તાલીમ, ઘર દીવડા યોજના, પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી આવાસ યોજના, સરદાર આવાસ યોજના, ઇન્દિરા આવાસ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, રેશનકાર્ડની અંદર રાહતદરે અનાજ, બેંક લોન માટેની સબસિડી વગેરે લાભો આ પરિવારોને આપવામાં આવે છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ બી.પી.એલ. લાભાર્થીઓની સંખ્યામાં વધારો ચિંતાજનક છે. એટલા માટે કે પ્રશ્ન ક્રમાંક – ૨, ૮ અને પાછળ પણ અમુક પ્રશ્નોના જવાબ આપ્યા છે. દરેક જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓનો વધારો થયો છે. એક બાજુ આટલી બધી યોજનાઓનો લાભ આપીએ છીએ પણ સાચા અર્થમાં ગરીબની ગરીબી હટતી હોય એવું લાગતું નથી. તો ખરેખર રોજગાર કચેરીમાંથી નામ મંગાવીને અથવા તો જે એમ.ઓ.યુ. થાય છે એમાં જે લોકો અહીંયા ધંધા માટે આવ્યા છે એમણે ૮૫ ટકા લોકોને રોજગાર આપવાનો હોય છે તો આવા બી.પી.એલ. કુટુંબોમાંથી ફરજિયાત એક વ્યકતિને રોજગારી અપાવીને આપ ગરીબી દૂર કરવા માગો છો કે કેમ? ગાંધીનગર જિલ્લામાં ૭ ની સંખ્યાનો વધારો થયો છે તો એ લોકો માઇગ્રેટ થઇને આવ્યા છે કે ખરેખર અહીંયા ગરીબી વધી છે કે ક્યાં તાલુકામાં વધી છે એ જણાવવા માનનીય મંત્રીશ્રી કૃપા કરે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, જે આ બી.પી.એલ. પરિવારો વધવાની માનનીય સભ્યશ્રીએ લાગણી વ્યક્ત કરી છે, તો આ અવિરત ચાલતી પ્રક્રિયા છે અને આ જે આંકડા બી.પી.એલ.ના છે એ ૨૦૦૨ના સરવેના આધારે છે. એ પછી વસતિ વધારો થવાને કારણે, કુટુંબોનું વિભાજન થવાને કારણે, સ્થળાંતર થવાને કારણે પણ આમાં વધારો થતો રહે છે, અને એમાં ઘટાડો પણ થયો છે. ૨૦૦૪ની અંદર ગ્રામ્ય વિસ્તારની અંદર ૩૯.૧ ટકા હતો અને શહેરી વિસ્તારની અંદર ૨૦.૧ ટકા, કુલ ૩૧.૬ હતો અને ૨૦૦૯–૧૦ની અંદર ગ્રામ્ય વિસ્તારની અંદર ૨૬.૭ ટકા અને શહેરી વિસ્તારની અંદર ૧૭.૯, કુલ ૨૩.૯ ટકા હતો અને વર્ષ ૨૦૧૧–૧૨ની અંદર ગ્રામ્ય વિસ્તારની અંદર ૨૧.૫૪ ટકા અને શહેરી વિસ્તારમાં ૧૦.૫૪ ટકા હતો. કુલ ૧૬.૬૩ ટકા હતો. આમ, ક્રમે ક્રમે ઘટાડો થતો જાય છે.

અધ્યક્ષશ્રી : એમાં માઇગ્રેટ કેટલા એવો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પૂછ્યો છે એનો જવાબ નથી આપ્યો. માનનીય સભ્યશ્રી, ચાવડા આપનું ધ્યાન નથી, આજે જે પ્રશ્ન એક પૂછ્યો હતો એનો જવાબ મંત્રીશ્રી તરફથી રહી ગયો છે, મેં એમનું ધ્યાન દોર્યું છે. કેટલા માઇગ્રેટ થઇને આવેલા છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માઇગ્રેટ માટે અલગથી નોટિસ આપશો, હું એનો જવાબ આપીશ.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સામાજિક અને આર્થિક અને જાતિ આધારિત વસતિ ગણતરી, ૨૦૧૧ એસસીસી અંતર્ગત અને તેમાં કેટલા પ્રકારની વંચિતતાનો સમાવેશ થાય છે અને કઇ કઇ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક અને આર્થિક અને જાતિ આધારિત વસતિ ગણતરીની ૨૦૧૧ એસસીસી અંતર્ગત જે સાત પ્રકારના માપદંડો નક્કી કર્યા છે એમાં કેન્દ્ર સરકારની સૂચના મુજબ ગુજરાત રાજયમાં સામાજિક, આર્થિક વસતિ ગણતરી જાન્યુઆરી– માર્ચ, ૨૦૦૦ દરમિયાન કરવામાં આવેલી હતી. જેમાં મહદ્ અંશે વંચિતતાના લક્ષણો મુજબ કુટુંબોને વિભાજિત કરી આવા વંચિત કુટુંબોને સરકારની લાભાર્થીલક્ષી યોજનાના લાભો આપવાનો અભિગમ અપનાવવામાં આવેલ છે. જેમાં કુલ ૭ વંચિતતાનો સમાવેશ થયેલો છે. જેમાં (૧) માત્ર એક રૂમ હોય તેવા કાચી દિવાલ અને કાચી છત ધરાવતાં કુટુંબો માટે, (૨) વર્ષ ૧૬ થી ૫૯ની ઉંમર ધરાવતા પુખ્ત સભ્ય ન હોય તેવા કુટુંબો, (૩) કુટુંબના વડા મહિલા હોય અને કુટુંબમાં કોઇ પુખ્ત સભ્ય ના હોય તેવા કુટુંબો, (૪) અપંગ વ્યકિતઓ ધરાવતા અને કોઇપણ સશક્ત સભ્ય ન હોય એવાં કુટુંબો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના કુટુંબો, ૨૫ વર્ષ ઉપરના અક્ષરજ્ઞાન ધરાવતા પુખ્ત સભ્ય ન તેવાં કુટુંબો, જમીન વિહોણા કુટુંબો કે જેઓની આવકનો મુખ્ય સ્ત્રોત શારીરિક મજૂરી હોય આવાં પરિવારોનો આમાં સમાવેશ થાય છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ.નું સરવે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનમાં ૨૦૧૦માં થયું હતું, તેમાં ઘણા લોકોના નામો રહી ગયાં છે તો માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આપ નવું સરવે કરવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારની કામગીરી શહેરી વિસ્તારના શહેરી વિકાસ વિભાગ અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવે છે એ અમારા વિભાગ તરફથી કરવામાં આવતી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપે પૂછવો હતો પણ નથી પૂછ્યો. બીજા ત્રણ સભ્યશ્રીઓ છે જેમાં આદરણીય જગદીશભાઇ પંચાલ, માનનીય નીમાબેન આચાર્ય અને બીજા એક માનનીય સભ્યશ્રી એ ત્રણેયને પ્રશ્ન પૂછવા છે પણ સમયના અભાવે હું પૂછવા દેતો નથી. પ્રશ્ન ક્રમાંક–૩.

## તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

ભાવનગર અને પંચમહાલ જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી/પશુધન નિરીક્ષકની મંજુર જગ્યાઓ

* ૯૩૮૩ શ્રી કનુભાઈ બારૈયા (તળાજા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર અને પંચમહાલ જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરીક્ષકની કુલ કેટલી મંજૂર જગ્યાઓ છે,

(૧)

| અ. નં. | જિલ્લો | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ ની મંજૂર જગ્યા | પશુધન નિરિક્ષકની મંજુર જગ્યા |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૩૩ | ૫૫ |
| ૨ | પંચમહાલ | ૨૪ | ૩૭ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| અ. નં. | જિલ્લો | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ની ખાલી જગ્યા | પશુધન નિરિક્ષક ની ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૯ | ૨૮ |
| ૨ | પંચમહાલ | ૧૨ | ૧૯ |

(૩) ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે ?

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની કુલ ૧૪૪ જગ્યાઓ અને પશુધન નિરીક્ષકની કુલ ૪૦૦ જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે. તેમજ પશુચિકિત્સા અધિકારી અને પશુધન નિરીક્ષકની બાકી ખાલી જગ્યાઓ શક્ય એટલી ઝડપથી ભરવાનું આયોજન છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આપણે ત્યાં શ્વેત ક્રાંતિ અને પશુ મેળાની વાતો કરવામાં આવે છે ત્યારે, પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ ની ૬૦ ટકા જગ્યાઓ ખાલી છે અને પશુધન નિરીક્ષકની ૫૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે. પશુ મેળાઓ કરવાના બદલે આ જગ્યાઓ તાત્કાલિક ભરવા માગીએ છીએ કે કેમ ? બીજું કે માનનીય અધ્યક્ષશ્રી મોર એ આપણું રાષ્ટ્રીય પક્ષી છે. ગામડાંમાં મોર કે અન્ય પક્ષીઓ જયારે ઘાયલ થાય છે ત્યારે ગામડાંની પ્રજાને ખબર નથી હોતી કે આપણે એને કયાં લઇ જવું તો પશુ દવાખાનાની ઉપર પશુ–પક્ષી દવાખાનું લખવા માગીએ છીએ કે કેમ? બીજું એ કે ગાય માતા કે રખડતા પશુઓ કે પાલતુ પશુઓ જયારે કૂવામાં પડી જાય ત્યારે આપણે ત્યાં આ પશુઓને કૂવામાંથી જીવતું હોય તો પણ એ ગુજરી જાય ત્યાં સુધી બહાર કાઢવા માટેની કોઇ વયવસ્થા હોતી નથી. તો એના માટે કોઇ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ગુજરાતના પશુ ધનની, ગાયમાતાની અને રાષ્ટ્રીય પક્ષી મોરની અને ગાય માતા જયારે કૂવામાં પડે ત્યારે એના માટેની લાગણી માટેનો એમનો પ્રશ્ન છે. મોર એ રાષ્ટ્રીય પક્ષી છે અને વન વિભાગ દ્વારા અને અમારા વન મંત્રીશ્રી માધ્યમથી એની સારવાર કરવામાં આવે છે. હમણાં અમે પતંગોત્સવ કર્યો એના પછી ઘાયલ પક્ષીઓને ભેગા કરી ને અને સમગ્ર ગુજરાતમાં જેટલા પક્ષીઓ ઘાયલ થયા હોય તેની સારવાર કરવાનું એક ઐતિહાસિક કામ કર્યું છે અને જે ગાય માતાની માનનીય સભ્યશ્રીએ વાત કરી છે એના માટે ૨૦૧૫થી ગામદીઠ એક ફરતું દવાખાનું શરૂ કર્યુ છે. પાંચ હજારની વસતિએ તેનો લાભ મળે તે માટે આ દવાખાનું શરૂ કર્યુ છે, આવા ૩૪૫ દવાખાના શરૂ કર્યા છે.

અધ્યક્ષશ્રીઃ જોષી મહારાજપ, દર વખતે તમે ના બોલો. તમે ખૂબ સારા માણસ છો, આપ ન બોલશો, ખૂબ સજ્જન સભ્ય છો.

શ્રી બચુભાઇ મ. ખાબડ : જોષીજી આ ગાય માતાનો પ્રશ્ન છે ત્યાં તમને કયાં વાંધો આવ્યો. તો ગાય માતા જેવા કોઇ પણ પશુ કૂવામાં પડે તો તેને બહાર કાઢવા માટે પણ મારો વિભાગ કામ કરે છે. આ ગાય માતા માટે સત્રની અંદર એક કડક કાયદો પણ અમે લાવ્યા છીએ. મારો જવાબ બાકી છે. જગ્યાઓ ખાલી છે તેના માટે પૂછયું છે સાહેબ.

અધ્યક્ષશ્રીઃ તમારો જવાબ આવી ગયો, સભ્યશ્રી આવી ગયોને જવાબ? મને સમજ પડી ગઇ. માનનીય મંત્રીશ્રી એમને સંતોષ છે, તમારા જવાબથી. એમને સંતોષ થઇ ગયો. હવે પૂછવામાં ભૂલ નહીં કરે.

કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સંવેદનશીલ સરકાર પશુ હોસ્ટેલ ખોલીને પણ પશુઓની સારવાર કરે છે, તેવી સંવેદનશીલ સરકારને અભિનંદન પાઠવું છું. સાથે સાથે ૧૦ ગામ દીઠ એ પશુ દવાખાનાની યોજના હેઠળ પશુ ચિકિત્સા અધિકારીઓને કેવી રીતે નિમણૂક કરવામાં આવે છે? રાજયમાં ૧૦ ગામદીઠ એક મોબાઇલ પશુ દવાખાનાની યોજના હેઠળ એક મોબાઇલ પશુ દવાખાનાના અમલીકરણ માટે કેટલી જોગવાઇ કરવામાં આવે છે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મેં વાત કરી એમ ૧૦ ગામ દીઠ એક પશુ દવાખાનાની યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં ૧૧૫ કરાર આધારિત એમ કરીને ૩૪૫ પશુ ચિકિત્સક સેવાઓ માટેનું આયોજન કરીએ છીએ. અને એના માટેનો એકશન પ્લાન તૈયાર કરી કો–ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન, આણંદ દ્વારા જાહેરાત આપી અને નિયમાનુસારની કાર્યવાહી કરી કરાર આધારિત નિમણૂક કરવામાં આવે છે. એક મોબાઇલ પશુ દવાખાનાના અમલીકરણની જોગવાઇ માટે ૨૦૧૭–૧૮ માં પશુ ચિકિત્સક અધિકારીની કરાર આધારિત ભરતી કરવામાં આવે છે અને તેના માટે પ્રતિ માસ રૂ. ૪૦ હજાર વેતન આપવામાં આવે છે અને એના માટેની વાર્ષિક જોગવાઇ ૪.૮૦ લાખ રૂપિયાની કરવામાં આવી છે. અને પ્રતિમાસ રૂ. ૪૫ હજાર, વાર્ષિક રૂ. ૫.૪૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. અને તેના માટે પ્રતિ માસ રૂ. ૧૦ હજાર અને તેની વાર્ષિક જોગવાઇ ૧.૨૦ લાખ રૂપિયા અને પ્રતિમાસ રૂ. ૧૧ હજાર અને તેના માટે કુલ ૧.૩૨ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલ છે. વાહનો પણ આઉટસોર્સીંગથી રાખીએ છીએ. અને એને માટે પ્રતિમાસ ૩૦ હજાર રૂપિયા અને વાર્ષિક ૩.૬૦ લાખ રૂપિયા. પ્રતિ માસ ૩૦ હજાર રૂપિયા, વાર્ષિક ૩ લાખ ૬૦ હજાર રૂપિયા અને એના દવાઓના ખર્ચ માટે વાર્ષિક બે લાખ રૂપિયા આમ કુલ વાર્ષિક ૮૦ હજાર રૂપિયા, ૧૧ લાખ ૬૦ હજાર અને પ્રતિ માસ ૮૬ હજાર અને કુલ ૧૨ લાખ ૩૨ હજારનું આયોજન કરવામાં આવેલ છે.

ડો. અનિલ જોષિયારા : આ પ્રશ્નના જવાબમાં લગભગ ૭૮ જેટલી જગ્યાઓ ખાલી છે. અને આ રાજયમાં માણસો માટે ડોકટર નથી અને પશુઓ માટે પણ ડોકટર નથી. મંત્રીશ્રીએ પક્ષીઓ માટે ચિંતા કરી એ સારી વાત છે. પણ પશુ અને માણસ માટે ચિંતા કરવાની જરૂર છે. મારો પ્રશ્ન છે કે ૭૮ જગ્યાઓ ખાલી છે એમાની ત્રણ વર્ષ ઉપરની કેટલી ખાલી છે અને ૩ વર્ષથી ઉપરની જે જગ્યાઓ ખાલી છે એમાંથી કેટલી જગ્યા અબેયેન્સમાં ગઇ, જો ગઇ હોય તો રીવાઇવ કરવા માટે શું કાર્યવાહી કરી અને કયારે કરી?

શ્રી બચુભાઇ મ. ખાબડ : મારા મુરબ્બી વડીલ અને સિનિયર સભ્ય છે પોતે ડોકટર છે. જે આ પશુ ચિકિત્સકની જગ્યાઓ ખાલી છે એમાં બેકલોગની ૨૪ જગ્યા ખાલી હતી એને નિમણૂક આપવાની પ્રક્રિયા ચાલુ છે અને બિન અનામત ૧૨૦ જગ્યાઓ ભરવાની છે એના માટે ૪–૩–૧૮ના રોજ પરીક્ષા લેવાઇ ગઇ છે અને અત્યારે રૂબરૂ મુલાકાત થઇ રહી છે એટલે આ રીતે અમે જગ્યાઓ ભરી રહ્યા છીએ. એ ઉપરાંત જે ૩૭૦ જગ્યાઓ ખાલી છે એ પૈકી બઢતીથી ૬૨ જગ્યાઓ ભરીએ છીએ, અનામતવાળી ૨૪ જગ્યાઓ ભરીએ છીએ, સાથે સાથે બિન અનામત ૧૨૦ જગ્યાઓ ભરીએ છીએ એટલે બાકી ૨૮૦ જગ્યાઓ ખાલી છે એના માટેના માંગણા પત્રક ૧૯–૨ ના રોજ રજૂ કરેલ છે.

ડો. અનિલ જોષિયારા : મેં પ્રશ્ન એ પૂછયો કે ૭૮ પૈકી ત્રણ વર્ષ ઉપરની છે એમાંથી કેટલી અબેયેન્સમાં ગઇ અને રીવાઇવ કરવા શું કાર્યવાહી કરી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : ભાવનગરની જગ્યા ખાલી છે એ ૩૧–૧૦–૨૦૧૪ થી ઘોઘાની ૧–૧૨–૨૦૧૩ થી તળાજાની ૧૦–૩–૨૦૧૩ તળાજાની બીજી જગ્યા ૨૬–૮–૧૪ અને મહુવાની ૨૦૧૩ થી ખાલી છે. અબેયેન્સમાં આ જગ્યાઓ જતી નથી એ ચાલુ જ રહે છે અને ટૂંક સમયમાં વહેલામાં વહેલી તકે ભરવા માગીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : જે રીતે એમના જવાબમાં જણાવી રહ્યા હતા કે ભાવનગર જિલ્લાની ટોટલ ૫૭ પશુ ચિકિત્સકની જગ્યામાંથી ૩૧ જગ્યાઓ ખાલી છે. અને પશુધન નિરીક્ષકની ૯૨માંથી ૪૭ જગ્યા ખાલી છે. તેઓ ભાવનગર જિલ્લાની તાલુકાવાર વિગતવાર માહિતી આપી રહ્યા હતા એ અમે સાંભળ્યું કે ૨૦૦૩, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩, ૨૦૧૪ આ જે ટોટલ જગ્યાઓ છે એમાં મંત્રીશ્રી એટલું જણાવે કે ૨૦૧૫ પહેલા આમાંની કેટલી જગ્યાઓ ખાલી છે અને ૨૦૧૭ પહેલાની કેટલી ખાલી છે એ બે વર્ષનો ગેપ આપે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : ભાવનગર જિલ્લામાં જે જગ્યાઓ ખાલી છે એમાં મોટા ભાગની જિલ્લા પંચાયત અને રાજય સરકારની ખાલી છે એ ખાલી જગ્યાઓ ભરવા માટે પશુધન નિરીક્ષકોની હમણાં ૪૦૦ ઉમેદવારોની પરીક્ષા લઇ લીધી છે. ટૂંક સમયની અંદર આ તમામ જગ્યાઓ અમે ભરવાના છીએ. પશુ સારવારમાં આના વાંકે કોઇ જગ્યાએ ઉણપ આવેલ નથી. અમે પશુ ચિકિત્સક અને પશુ ધન નિરીક્ષકની લાંબા સમયથી ખાલી છે એને ટૂંકા સમયની અંદર ભરવાના છીએ. માનનીય શૈલેષભાઇએ વાત કરી એ મુજબ ભાવનગર જિલ્લાની મંજૂર પૈકી ભરેલ જગ્યાઓ ૯ છે અને ૧૮ જગ્યાઓ ખાલી છે એ ૨૦૧૪, ૨૦૧૩, ૨૦૧૪,૨૦ ૧૩–૨૦૧૪ અને ૨૦૧૫ એટલે આ રીતે જોઇએ તો મોટે ભાગે ૨૦૧૩–૧૪ અને ૨૦૧૫ ની ખાલી છે. આ જગ્યાઓ ટૂંક સમયમાં બને એટલી જલદી અમે ભરવા માગીએ છીએ.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં પશુ દવાખાનાઓમાં પશુ ચિકિત્સક અધિકારીઓની જે જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ ઉપર કામગીરી કેવી રીતે લેવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : શ્રી નિરંજનભાઇ, આપને સવાલ પૂછવાનો છે, આપ ક્યારના બોલો છો કે આપને પૂછવું હોય તો હું પરમિટ કરીશ, આપ સિનિયર સભ્ય છો, આપ કહેશો તો હું પરમિટ કરીશ.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાની અંદર પશુ દવાખાનામાં પશુ ચિકિત્સક અધિકારીઓની જે ૧૪ જગ્યાઓ ખાલી છે એના માટે નજીકના પશુ દવાખાનાની અંદર દા.ત. નદીસરની અમારા ડો. બી. ડી. પટેલ મોરવાના પશુ દવાખાનામાં છે એમના માદ્યમથી માત્ર ૧૦ કિ.મી.નું અંતર છે એનો અમે સહયોગ લઇને એમના ચાર્જથી પણ સારવાર કરાવીએ છીએ. એવી રીતે રતનપુરની પણ ડો.બી.ડી.પટેલ શહેરાની અંદર છે એમનો પણ અમે સહાયોગ લઇએ

છીએ. કાકણપુરની અંદર ડો.એમ.એન.ગોસાઇના માધ્યમથી પણ ગોધરાના છે એમના માધ્યમથી સેવા થાય છે. ધાણવડની અંદર એ શહેરામાં અમારા પશુ દવાખાનાના ડો. એ. એમ. પટેલ છે એમના માધ્યમથી સારવાર લેવામાં આવે છે. માંગલીયા શહેરાની અંદર ડો.એ.એમ.પટેલ શહેરામાં છે એમના માધ્યમથી સારવાર આપીએ છીએ. નાદરવાની અંદર ડો. જી.એન.પટેલ શહેરાની અંદર છે એમનો સહયોગ લઇએ છીએ. અડાદરામાં કાલોલ તાલુકાનું છે એમાં ડો.વી.કે.પરમાર એ કાલોલના છે એમના માધ્યમથી સેવાઓ અપાય છે. વાઘવડ હાલોલ તાલુકાનું છે ત્યાં ડો.એન.બી.કાનાણી એ પણ હાલોલની અંદર સેવા આપી રહ્યા છે. કથોલા એ હાલોલનું છે એ પણ ડો.વી.એસ. જાંબુઘોડાના છે એ સેવા આપી રહ્યા છે. મોરાની જગ્યા ઉપર મોરવાના ડો.જે.વી.પટેલ પણ સેવા આપી રહ્યા છે. સંતવડની અંદર મોરવા હડફના ડો.જે.વી.પટેલ પણ સેવા આપી રહ્યા છે. રજાઇકાની અંદર મોરવા હડફના ડો.જે.વી.પટેલ સેવા આપી રહ્યા છે. આ રીતે નજીકમાં નજીક જે પશુ દવાખાનામાં ડોક્ટરો છે એ સેવા આપી રહ્યા છે એટલે આ જગ્યાઓ ટૂંક સમયમાં અમે બધી ભરવાના છીએ.

છોટાઉદેપુર જિલ્લામાં અનાજ સંગ્રહ માટે ગોડાઉન બનાવવા બાબત

* ૭૭૬૪ શ્રી અભેસિંહ તળવી (સંખેડા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં છોટાઉદેપુર જિલ્લામાં ખેડૂતોને અનાજનો સંગ્રહ થાય તે માટે કેટલી સેવા મંડળીઓમાં ગોડાઉનો બાંધવામાં આવેલ છે, અને | (૧) ૨૦૧૬–૧૭ ૭<br>૨૦૧૭–૧૮ ૧ |
| (૨) તે ગોડાઉનો માટે રાજ્ય સરકારે કેટલી સહાય આપી છે ? | (૨) રૂ. ૩૨.૯૦ લાખ |

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ખેડૂતોના અનાજનો સંગ્રહ થાય એ માટે કેટલી સેવા મંડળીઓના ગોડાઉનો બાંધવામાં આવેલ અને તે માટે રાજ્ય સરકારે કેટલી સહાય આપી? બીજો પ્રશ્ન– વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં છોટા ઉદેપુર જિલ્લામાં કઇ કઇ સેવા સહકારી મંડળીઓને કેટલી રકમની ગોડાઉન બાંધકામ માટે સહાય આપવામાં આવેલ છે?

અધ્યક્ષશ્રી : શ્રી ઇશ્વરસિંહ ધીમેથી બોલજો, બહુ સ્પિડ છે. એટલી બધી સ્પિડમાં બોલો છો કે મને સંભળાતું નથી.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં છોટાઉદેપુર જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ગોડાઉનો બાંધવા માટે જે સહાય આપવામાં આવી છે એની વિગત નીચે મુજબ છે. શ્રી પાનવી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ. પાનવી તા. સંખેડામાં ગોડાઉન બાંધકામ માટે ૨૦૧૬–૧૭માં રૂ. ૩,૦૨,૭૨૦/–ની સહાય આપવામાં આવેલી છે. શ્રી હરેશ્વર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ. હરેશ્વર તા.સંખેડામાં રૂ. ૩,૭૮,૪૦૦/–ની સહાય ચૂકવવામાં આવેલ છે. છોટાઉદેપુર વિવિધ કાર્યકારી સહકારી મંડળી, છોટાઉદેપુરને રૂ. ૩,૦૨,૭૨૦/–ની સહાય આપવામાં આવી છે. એ જ રીતે પુનિયામાં વિવિધ સહકારી મંડળી, પુનિયા તા.સંખેડાને રૂ. ૨,૭૪,૨૦૦/–ની સહાય ચૂકવવામાં આવેલ છે. શ્રી સોઢવડ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ. સોઢવડ તા. કમાતને રૂ. ૭,૫૬,૮૦૦/–ની સહાય ચૂકવવામાં આવેલ છે. શ્રી રણછોડપુરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ. રણછોડપુરા તા.સંખેડાને રૂ. ૩,૦૨,૭૨૦/– ની સહાય ચૂકવવામાં આવી છે. શ્રી ચંદ્રાનગર વિવિધ કાર્યકારી સહકારી મંડળી, ચંદ્રાનગર તા.સંખેડાને રૂ. ૬,૦૫,૪૦૦ ની સહાય ચૂકવવામાં આવી છે. આમ કુલ મળીને વર્ષ ૨૦૧૬–૧૭ના વર્ષમાં રૂ. ૨૯,૨૦,૦૦૦/–ની સહાય ચૂકવવામાં આવી છે અને વર્ષ ૨૦૧૭–૧૮ના વર્ષમાં શ્રી આનંદપુરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી આનંદપુરા સંખેડાને રૂ. ૩,૬૭,૦૫૦/–ની સહાય ચૂકવવામાં આવી છે. આમ કુલ રૂ. ૩૨,૯૦,૦૫૦/–ની સહાય સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે સને ૨૦૧૭–૧૮ના વર્ષ માટે રાજય સરકાર દ્વારા કેટલી સેવા સહકારી મંડળીઓના ગોડાઉન બાંધવા માટેના પ્રોજેક્ટ તૈયાર કરેલ છે? તેનાથી કેટલો સંગ્રહ ક્ષમતામાં વધારો થશે અને આ પ્રોજેક્ટ હાલ કયા તબકકે છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા સને ૨૦૧૭–૧૮ના વર્ષ માટે કુલ ૧૮૩ જેટલી સેવા સહકારી મંડળીઓમાં નવીન ગોડાઉન બનાવવા માટે પ્રોજેક્ટ તૈયાર કરેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત અંદાજીત ૪૯,૩૦૫ મેટ્રીક ટનની સંગ્રહ ક્ષમતામાં વધારો થનાર છે. આ પ્રોજેક્ટ હાલમાં નાબાર્ડને મંજૂરી અર્થે મોકલવામાં આવેલ છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ખેડૂતો માટે ખૂબ આવકારદાયક છે પરંતુ આ યોજના હેઠળ દરખાસ્ત મંજૂર કરાવવા માટે શું કાર્યવાહી કરવાની જરૂરિયાત પડે છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અંતર્ગત જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક તેમના કાર્યક્ષેત્રમાં આવેલ ટેકસ માટે ગોડાઉન બનાવવાની દરખાસ્ત સંકલિત કરી ગુજરાત રાજય સહકારી બેંક અમદાવાદને રજૂ કરે છે. ગુજરાત રાજય સહકારી બેંક તમામ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની ટેકસ ગોડાઉન બનાવવા માટેની દરખાસ્ત સંકલિત કરી રજીસ્ટ્રાર

સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને રજૂ કરે છે. રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગર કૃષિ ખેડૂત કલ્યાણ, સહકાર વિભાગ અને નાણા વિભાગની સાથે પરામર્શ કરી ટેકસ માટે ગોડાઉન બનાવવાની દરખાસ્ત નાબાર્ડ રીજીયોનલ ઓફીસ અમદાવાદને રજૂ કરે છે અને નાબાર્ડની વડી કચેરીથી મુંબઇ દ્વારા ટેકસ ગોડાઉન બનાવવાના પ્રોજેકટને મંજૂરી આપે છે.

શ્રી સુખરામભાઈ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ વીક સહકારી મંડળીઓમાં માત્ર અને માત્ર સસ્તા અનાજની દુકાનનો માલજ ભરવામાં આવે છે. ખેડૂતોનો માલ નથી ભરવામાં આવતો. મંડળીઓ જો ખેડૂતનો માલ સીધી ખરીદ કરી શકતી હોય તો અનાજ ભરી શકે છે એ પણ મારે જાણવું છે કે આ ગોડાઉન છે એ ગોડાઉનની યુનિટ કોસ્ટ, હાલના મોંઘવારીના દિવસોમાં એની યુનિટ કોસ્ટ વધારીને તમે વધારે સહાય ચૂકવવા માગો છો કે કેમ એનો ટૂંકો જવાબ આપો.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ છેલ્લા પ્રશ્નનો જવાબ છે એ આપનું સૂચન છે. જે રીતે આ રાજય સરકાર ભૂતકાળના વર્ષોની વાત કરીએ ત્યારે ૨૦૦૫ પહેલાં કયારેય પણ આ ગોડાઉનની જરૂરિયાત પડતી નહોતી. ૧૯૯૫ની અંદર જે કૃષિની કુલ ઉપજ હતી એ ૧૪હજાર કરોડની હતી. આપણા કૃષિ મહોત્સવ થકી જે કામગીરી કરવામાં આવી છે અને આજે ૧ લાખ ૪૦હજાર કરોડથી વધુ કૃષિનું ઉત્પાદન થયું છે ખેડૂતોનો માલ આવે અને માલ પાકે ત્યારે વેપારીઓ સસ્તા ભાવે પડાવી લેતા હતા, એને લઇને જો આ ગોડાઉનની વ્યવસ્થા હોય, ગોડાઉનમાં જો સંગ્રહશકિત વધે તો એ ખેડૂતો જયારે ઓફ સીઝનની અંદર આ માલ ઉત્પન્ન કરે તો વધારે ભાવ મળે આ આશયથી આ ગુજરાતની અંદર ખેડૂત આ પોતે પોતાની રીતે ગોડાઉન બનાવી શકે છે. સહકારી મંડળીઓ પોતે પોતાની રીતે બનાવી શકે છે. ખેડૂત પોતાની રીતે ગોડાઉન બનાવી શકે છે. માર્કેટીંગ યાર્ડ બનાવી શકે છે. વેપારીઓ પણ બનાવી શકે છે. એના માટેની અનેકવિધ યોજનાઓ છે એ યોજનાઓ અંગે માનનીય સુખરામભાઇએ જે પ્રશ્ન પૂછયો એમાં વાત કરું છું એમાં પ્રાથમિક કૃષિ ધીરાણ સહકારી મંડળીને ગોડાઉન બાંધવા માટેની જે સહાય છે એમાં ૧૦૦ મેટ્રીક ટનથી ૫૦૦ મેટ્રીક ટન સુધીનું ગોડાઉન બનાવવા માટેની પણ યોજનાઓ છે એમાં જે પ્રોજેકટ કોસ્ટ છે એ ૫૧૭૭ રૂપિયા પ્રતિચોરસ મીટરના આપે છે. એ જ રીતે ગમે એટલો ખર્ચ કરે પણ ૭૩ ટકા પ્રમાણે ૩,૭૮૪ રૂપિયા પ્રતિમેટ્રીક ટનના એને સહાય ચૂકવવામાં આવે છે એ જ રીતે KKY હેઠળ એ.પી.એમ.સી.ને કોલ્ડ સ્ટોરેજ બનાવવાની પણ સહાય આપે છે. ૩૩ એવા હેતુઓ છે એ પૈકી અ અને બ વર્ગની જે એ.પી.એમ.સી. છે એને ૨૫ ટકા સહાય ચૂકવવામાં આવે છે. ક અને ડ વર્ગની એ.પી.એમ.સી.ને ૭૫ ટકા સહાય ચૂકવવામાં આવે છે. એ જ રીતે આદિવાસી વિસ્તારમાં જે માર્કેટીંગ યાર્ડ આવેલું છે એમાં અ અને બ વર્ગના માર્કેટીંગ યાર્ડને ૫૦હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવે છે. એ જ રીતે ક અને ડ વર્ગની એ.પી.એમ.સી.ને પણ ૭૫ ટકા સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી રમેશભાઈ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ યોજના હેઠળ ગોડાઉન બાંધકામ માટે ગોડાઉનની ક્ષમતા અને પ્રોજેક્ટ કોસ્ટની રકમ તેમજ સહાયની રકમ માટેના ધોરણો શું છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : હમણાં જ કહ્યું એ રીતે આ યોજના હેઠળ ફકત સેવા સહકારી મંડળીઓ તથા આદિજાતિ વિસ્તારમાં આવેલ લેમ્સ મંડળીઓને ગોડાઉન સહાય ચૂકવવામાં આવે છે. આવી મંડળીમાં ઓછામાં ઓછી ૧૦૦ મે.ટન અને વધુમાં વધુ ૫૦૦ મે.ટનના ગોડાઉન બનાવવાના રહે છે. આ યોજના હેઠળ ગોડાઉન માટે પ્રતિ મે.ટન રૂપિયા ૫,૧૭૭ પ્રોજેક્ટ કોસ્ટ નક્કી કરવામાં આવેલી છે. પ્રતિ મે.ટન ૩,૭૮૪ ની રકમ રાજય સરકાર દ્વારા સહાય તરીકે ચૂકવવામાં આવે છે.

બાલાશિનોર બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર રકમ

* ૭૭૪૩ શ્રી કુબેરભાઈ ડીંડોર (સંતરામપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લાની બાલાશિનોર બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૧૭.૦૦ લાખ. |
| (૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ. ૧૭.૦૦ લાખ. |

શ્રી કુબેરભાઈ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૩મી માર્ચ શહિદ દિન છે. દેશને આઝાદી અપાવવા માટે ભારત માતાના ત્રણ સપૂતો ભગતસિંહ, સુખદેવ અને શીવરાજ રાજ્યગુરુ ઇન્કલાબ ઝીંદાબાદના નારા સાથે સ્વાતંત્ર્ય સંગ્રામની વેદી પર પ્રાણોની આહૂતિ આપી એમને યાદ કરું છું અને એક પંક્તિ કહીને મારો પ્રશ્ન રજૂ કરું છું કે, '' ચલો ફિર સે વો નઝારા યાદ કર લે, શહિદો કે દિલ મેં થી વો જ્વાલા યાદ કરલે, જીસમેં બહકર આઝાદી પહોંચી થી કિનારે પે, દેશભક્તો કે ખૂન કી વો ધારા યાદ કર લેં.''

માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ રાજ્યની બજાર સમિતિઓને વિવિધ સુવિધાઓ ઉભી કરવાના ધોરણો શું છે અને મારા મહીસાગર જિલ્લામાં બાલાસિનોર બજાર સમિતિને કેટલી સહાય આપવામાં આવેલ છે?

તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮

તારાંકિત પ્રશ્નો

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ રાજ્યની બજાર સમિતિઓને વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. એમાં એક ઓકશન શેડ, લોડિંગ શેડ, અનલોડિંગ શેડ, પાર્કીંગ શેડ, માર્કેટયાર્ડની દિવાલ ફેન્સિંગ ગેટ સાથે, આંતરિક પાકા રસ્તા, પેવર ફલોરીંગ, બાયોગેસ સાથેનું સોલિડવેસ્ટ ડિસ્પોઝલ પ્લાન્ટ, રૂમ સાથે વે–બ્રિજ, નાના તથા મોટા વજનના કાંટા સાથે, અનાજ, કઠોળ તથા મસાલા સાફ કરવાના ક્લિનીંગ, વોશીંગ, ગ્રેડીંગ, પેકેજિંગના યુનિટ સાથે વેજીટેબલ અને ફ્રુટસ કોલ્ડ સ્ટોરેજ, ઓટોમેટિક ડ્રાયર સેન્ટર, બીલીંગ પ્લેસ, દૂધ કલેકશન સેન્ટર, ઈન્ફર્મેશન સેન્ટર, ફ્રુટ એન્ડ વેજીટેબલ માટે પ્રાયમરી પ્રોસેસિંગ સેન્ટર, ગ્રેડીંગ, કલીનીંગ, વેકસીંગ એન્ડ પેકેજિંગ સુવિધા, પ્રિકુલીંગ એકમ, ફ્રુટ એન્ડ વેજીટેબલ માર્કેટ, શૌચાલય અને બાથરૂમ, કમ્પાઉન્ડ વોલ ગેટ સાથે, એમ્બ્યુલન્સ વાન માટે રાજ્યની તમામ 'અ' અને 'બ' વર્ગ ધરાવતી બધી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કોસ્ટના ૫૦ ટકા, જ્યારે 'ક' અને 'ડ' વર્ગ ધરાવતી બધી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કોસ્ટના ૫૦ ટકાના ધોરણે આદિવાસી વિસ્તારમાં સહાય આપવામાં આવે છે. 'અ' અને 'બ' વર્ગની આદિવાસી વિસ્તારમાં સમિતિઓ આવેલ છે એને પ્રોજેક્ટ કોસ્ટના ૫૦ ટકા અને 'ક' અને 'ડ' વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કોસ્ટના ૭૫ ટકા સહાય આપવામાં આવે છે. આ કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૨–૯–૨૦૧૧ માં ૨૮–૧૨–૨૦૧૦ના ઠરાવમાં ઉલ્લેખ થયો છે એમાં સવલતોમાં વધારો કરવામાં આવેલ છે. એમાં ઓફિસ બિલ્ડીંગ, શોપ કમ ગોડાઉન, પ્લેટફોર્મ, વેસ્ટ હાઉસ, ખેડૂત કેન્ટિન, લાઇટની વ્યવસ્થા, ફ્રુટ શોપ જેવા હેતુઓ માટે પણ આ યોજનામાં આપવામાં આવે છે. બીજું કે, એમના બાલાસિનોરની અંદર માર્કેટીંગ યાર્ડ વાઇસ વાત કરી છે, એમાં બાલાસિનોરની અંદર જે સબસિડી આપવામાં આવી છે એમાં ૫.૮૦ લાખ રૂપિયાની સબસિડી આપવામાં આવી છે. અત્યારે વિભાગ કક્ષાએ એની દરખાસ્ત પડેલી છે. વિરપુરની અંદર ૧૪.૮૬ લાખ રૂપિયાની સહાય છે એ જિલ્લા રજિસ્ટ્રાર કક્ષાએ પડેલ છે. વિરપુરમાં બીજી જે એક યોજના છે કે.કે.વાય. યોજના હેઠળ ૩.૬૩ લાખની યોજના જિલ્લા કક્ષાએ પડેલ છે.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે બાલાસિનોર બજાર સમિતિને ગોડાઉન માટે બે જગ્યાએ જમીન માગેલ. બોખલા રોડ અને દેવ અને એ જમીન ફાળવવામાં આવી નથી તો હવે પછી ફાળવવા માગો છો કે કેમ?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માર્કેટિંગ યાર્ડની પાસે જો જમીન ઉપલબ્ધ હોય તો આ સહાય આપવામાં આવે છે. માર્કેટિંગ યાર્ડ માટે જમીન લેવાની બાબત અમારા વિભાગના કાર્યક્ષેત્રમાં આવતી નથી.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, મહીસાગર જિલ્લાની બજાર સમિતિઓને છેલ્લા ત્રણ વર્ષમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી સહાય આપવામાં આવી છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર જિલ્લાની બજાર સમિતિઓને છેલ્લા ત્રણ વર્ષની અંદર કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ વીરપુર બજાર સમિતિની વાત કરું ત્યારે એમને ૨૦૧૫–૧૬ ની અંદર ૧૦.૩૫ લાખની સહાય ચૂકવાયેલ છે. એ જ રીતે ૨૦૧૫–૧૬ ની અંદર ૧૩.૭૫ લાખની સહાય ચૂકવાયેલ છે. કુલ ૨૪.૧૦ લાખની સહાય આ વીરપુર માર્કેટ યાર્ડને ચૂકવવામાં આવેલ છે. એ જ રીતે ખાનપુર બજાર સમિતિમાં ૨૦૧૪–૧૫ ની અંદર ૫ લાખ રૂપિયાનીની સહાય ચૂકવવામાં આવેલી છે. ૨૦૧૫–૧૬ ના વર્ષની અંદર ૨૨.૫૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે. આમ કુલ મળીને ખાનપુર બજાર સમિતિને ૨૭.૫૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે. એ જે રીતે સંતરામપુર તાલુકામાં ૨૦૧૪–૧૫ ની અંદર ૬૪.૫ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલી છે. ૨૦૧૬–૧૭ ના વર્ષની અંદર ૫૫.૬૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે. આમ કુલ મળીને ૧૧૯.૬૫ લાખની સહાય લુણાવાડાને ચૂકવવામાં આવી છે. એ જ રીતે બાલાસિનોરની વાત કરું તો ૧૭ લાખ રૂપિયા ૨૦૧૬–૧૭ ના વર્ષમાં સહાય ચૂકવવામાં આવી છે આમ કુલ ૨૦૧૪–૧૫ ના વર્ષની અંદર આ પાંચે પાંચ માર્કેટિંગ યાર્ડ થઇને ૬૯.૫ લાખની સહાય ચૂકવવામાં આવી છે. ૨૦૧૫–૧૬ ના વર્ષની અંદર આ પાંચે પાંચ માર્કેટિંગ યાર્ડ થઇને ૧૨૮.૮૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે. ૨૦૧૬–૧૭ ના વર્ષની અંદર ૮૬.૩૫ લાખની સહાય ચૂકવવામાં આવી છે આમ કુલ મળીને ૨૮૪.૨૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી વિવેક ન. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ રાજ્યમાં અત્યાર સુધીમાં વર્ષવાર કેટલી સહાય આપવામાં આવી છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ જે રીતે માનનીય સભ્યશ્રીએ વાત કરી છે એમાં અનેકવિધ યોજનાઓ થકી હમણાં મેં વાત કરી તેમ ઓકશન શેડ, લોડિંગ શેડ જેવી અનેકવિધ યોજના હેઠળ સહાય ચૂકવવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે પ્રશ્ન છે એ વીસનગર જિલ્લા પુરતો છે એમણે આખા રાજ્યની વાત કરી છે ત્યારે અલગ નોટિસ આપ્યેથી હું જવાબ આપીશ.

અધ્યક્ષશ્રી : આ સભાગૃહમાં ગેલેરીમાં કે અન્ય કોઇ જગ્યાએ મોબાઇલ જોઇ શકાતા નથી. મહેરબાની કરીને જોવા નહીં, નહીતર ફરીવાર એ જમા કરવામાં આવશે અને પાછા આપવામાં નહિ આવે. પ્રશ્ન ક્રમાંક–૬

ચૈત્ર ૨, ૧૯૪૦ શાકે

## તારાંકિત પ્રશ્નો

### જામનગર જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને સહાય

* ૭૮૧૭ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં જામનગર જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે, અને | (૧) સને ૨૦૧૬–૧૭: ૮; સને ૨૦૧૭–૧૮: ૩ |
| (૨) જિલ્લા માટે કેટલી જોગવાઇ કરવામાં આવેલ છે ? | (૨) જિલ્લાવાર જોગવાઇ કરવામાં આવતી નથી. |

| | |
|---|---|
| સને ૨૦૧૬–૧૭ | ૮ |
| સને ૨૦૧૭–૧૮ | ૩ |

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પ્રશ્ન પૂછવા માગુ છું કે, આજે ૨૩મી માર્ચ એટલે શહીદ દિવસ છે અને ૧૪ મી વિધાનસભામાં પ્રથમવાર પ્રશ્નકાળમાં મારો પ્રશ્ન આવ્યો છે ત્યારે શહીદોને વંદન કરીને મારો પ્રશ્ન પૂછું છું. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કઇ કઇ સેવા સહકારી મંડળીને કેટલી રકમનું ધિરાણ અને વસૂલાત સહાય આપવામાં આવેલ છે? અને ચાલુ વર્ષે યોજના હેઠળ કેટલી જોગવાઇ કરવામાં આવેલ છે? માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ ખેડૂતોનો પ્રશ્ન હોઇ વિગતવાર જવાબ આપવામાં આવે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ ના જામનગર જિલ્લામાં કઇ કઇ મંડળીઓને કેટલી કેટલી રકમનું ધિરાણ અને વસૂલાત પુરતી સહાય આપવામાં આવી છે એ બાબતે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે ત્યારે મને જણાવતા આનંદ થાય છે કે, શ્રી ફલા સેવા સહકારી મંડળી તાલુકો જામનગરને ધિરાણવૃદ્ધિ સહાય માટે ૩૨,૪૦૦ રૂપિયા સહાય ચૂકવવામાં આવી છે. એ જ રીતે વસૂલાતવૃદ્ધિ સહાય માટે ૫૦,૦૦૦ ની સહાય કરવામાંઆવી છે, કુલ ૮૨,૪૦૦ રૂપિયાની સહાય આ ફલા સેવા સહકારી મંડળીને આપવામાં આવી છે. એ જ રીતે મોકાણા સેવા સહકારી મંડળી તાલુકો જામનગરને ધિરાણવૃદ્ધિ સહાયના ૧૮,૪૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. વસૂલાત પુરતી સહાયની રકમની વાત કરું તો એમાં ૧૫,૨૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી છે. આમ, બંને મળીને ૩૩,૬૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. એજ રીતે શાપર સેવા સહકારી મંડળી તાલુકો જામનગરને ૧૩,૯૦૦ રૂપિયાની ધિરાણવૃદ્ધિ સહાય ચૂકવવામાં આવી છે. એવી જ રીતે સિદ્ધસર સેવા સહકારી મંડળી જામજોધપુરને ૫૦,૦૦૦ રૂપિયાની ધિરાણવૃદ્ધિ સહાય ચૂકવવામાં આવી છે. શ્રી ભાલભંદી સેવા સહકારી મંડળી, કાલાવાડને ૩૪૭૦૦ ની ધિરાણ વૃદ્ધિ સહાય ચૂકવવામાં આવી છે અને ૫૦,૦૦૦ ની વસૂલાત વૃદ્ધિ સહાયની રકમ ચૂકવવામાં આવી છે આમ ૮૪૭૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે એ જ રીતે સકુર સેવા સહકારી મંડળી, તા. જામજોધપુરને ધિરાણ વૃદ્ધિ સહાયની ૩૬૫૦૦ ની સહાય ચૂકવવામાં આવી છે. એ જ રીતે વાંસજાળીયા સેવા સહકારી મંડળી, તા. જામજોધપુરને ૫૦,૦૦૦ રૂપિયાની ધિરાણ વૃદ્ધિની સહાય ચૂકવવામાં આવી છે અને ૫૦,૦૦૦ વસૂલાત વૃદ્ધિ સહાય ચૂકવવામાં આવી છે. આમ કુલ એક લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. શ્રી દલદેવાળીયા સેવા સહકારી મંડળી લી., તા. જામજોધપુરને ૫૦,૦૦૦ રૂ. ધિરાણ વૃદ્ધિ સહાય અને ૫૦,૦૦૦ ની વસૂલાત વૃદ્ધિની સહાય આમ કુલ ૧,૦૦,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવી છે. આમ કુલ ૨૦૧૬–૧૭ ના વર્ષની અંદર ધિરાણ વૃદ્ધિ સહાયની અંદર ૨,૮૫,૯૦૦ ની સહાય ચૂકવવામાં આવી છે અને વસૂલાત વૃદ્ધિ સહાયની વાત કરું તો ૨,૧૫,૨૦૦ રૂ. કુલ આ આઠ મંડળીઓને ૫,૦૧,૧૦૦ રૂ. ની સહાય ચૂકવવામાં આવી છે. એ જ રીતે ૨૦૧૭–૧૮ ના વર્ષની શ્રી બેરાજા સેવા સહકારી મંડળી, તાલુકો– જોડીયાને ૫૦,૦૦૦/– રૂપિયાની ધિરાણ વૃદ્ધિ સહાય ચૂકવવામાં આવી છે. શ્રી વાવડી સેવા સહકારી મંડળી, તાલુકો– જોડીયાને ૫૦,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવી છે અને શ્રી હડીયાણા સેવા સહકારી મંડળી જોડીયાને ૫૦,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવી છે. આમ કુલ મળીને ૨૦૧૭–૧૮ ના વર્ષમાં ૧,૫૦,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવી છે અને કુલ એકંદરે ૪૩૫૯૦૦ ની ધિરાણ વૃદ્ધિની સહાય ચૂકવવામાં આવી છે અને વસૂલાત વૃદ્ધિની સહાયની વાત કરું તો ૨,૦૫,૨૦૦ આમ કુલ ૭,૦૧,૧૦૦ રૂ. ની સહાય ચૂકવવામાં આવી છે. તાલુકાની સમરીની વાત કરું તો ૨૦૧૬–૧૭માં જામનગરમાં ૩ મંડળી, કાલાવાડમાં ૧ મંડળી, જામજોધપુરમાં ૪ મંડળી આમ કુલ ૮ મંડળીને ૨૦૧૬–૧૭માં સહાય ચૂકવવામાં આવી છે. ૨૦૧૭–૧૮માં જોડીયામાં ૩ મંડળીને સહાય ચૂકવવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : કોંગ્રેસ પક્ષ તરફથી કોઇને પૂછવું નથીને? કારણકે પછી હાથ ઉંચો કર્યો હોય અને મારું ધ્યાન ન ગયું હોય તો દોષ મારા ઉપર આવે છે એટલે મેં પૂછ્યું.

શ્રી ચિરાગભાઇ ૨. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું મચ્છુબેરાજામાં મંડળીમાંથી ધિરાણ પણ નથી થતું અને મંડળી એન.ઓ.સી. પણ નથી કાઢી આપતી. લાલપુર તાલુકાનું મચ્છુબેરાજા છે એમાં ધિરાણ પણ નથી મળતું અને એન.ઓ.સી. પણ નથી કાઢી આપતી મંડળી.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : તપાસ કરીને એની માહિતી હું આપને આપીશ. આપ લેખીતમાં રજૂઆત કરજો એટલે રજૂઆત દ્વારા તપાસ કરીને એની માહિતી આપીશું.

અધ્યક્ષશ્રી : હકારાત્મક રીતે જોજો આ પ્રશ્નને.

## તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પ્રકારે જાહેરાત કરી કે આટલી આટલી મંડળીઓને સહાયતા ચૂકવવામાં આવે છે તો આ રકમ મંજૂર કરવાના અધિકાર કોના છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સહાયની રકમ મંજૂર કરવાના અધિકારની વાત કરી એમાં જિલ્લા કક્ષાએ આવી સહાય મંજૂર કરવાના અધિકાર એ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીને રૂ. ૨૦,૦૦૦/– સુધીના પાવર રહેલા છે. જયારે ૨૦,૦૦૦ થી વધુ પરંતુ ૨,૦૦,૦૦૦ સુધીની સહાય મંજૂર કરવાના અધિકાર રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગાંધીનગરની કચેરી ખાતે ફરજ બજાવતા સંયુકત રજીસ્ટ્રારને રહેલા છે એ જ રીતે બે લાખથી વધુ પરંતુ ચાર લાખ રૂપિયા સુધીની સહાય મંજૂર કરવાના અધિકાર રજીસ્ટ્રાર સહકારી મંડળી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરી ખાતે ફરજ બજાવતા અધિક રજીસ્ટ્રારને રહેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ યોજના હેઠળ વધુમાં વધુ ૩ લાખ રૂપિયા સુધીની સહાય એક મંડળીને મળવાપાત્ર થાય છે.

શ્રી લાખાભાઇ સાગઠીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના માધ્યમથી જાણવા માગું છું કે આ યોજના હેઠળ સહાય મેળવવા માટે કોઇ શરતોનું પાલન કરવાનું રહે છે કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના હેઠળ સહાય મેળવવા માટે નીચે મુજબની શરતોનું પાલન કરવું જરૂરી છે. એક, ટેકસ અને લેમ્પસ કે જેની સામે સહાયના વર્ષ તેમજ તેની આગળના ત્રણ વર્ષ દરમિયાન સહકારી કાયદાની કલમ–૮૧, ૮૬ કે ૯૩ અન્વયે કોઇ કાર્યવાહી ચાલતી ન હોવી જોઇએ કે હાલમાં સૂચિતમાં પણ ન હોવી જોઇએ જે તે ટેકસ લેમ્પમાં નાણાકીય ગેરરીતિ, ઉચાપત, ગોટાળો કે ભ્રષ્ટાચારના બનાવ સહાયના વર્ષે કે તેની અગાઉના ત્રણ વર્ષ દરમિયાન બનેલ ન હોવા જોઇએ કે તે હાલ સૂચિમાં પણ ન હોવા જોઇએ. એ જ રીતે સહાયની ગણતરી માટે ખરેખર થયેલ ધિરાણ, ખરેખર થયેલ વસૂલાત તેમજ ખરેખર એકત્ર કરેલ થાપણમાં થયેલ વધારાને ધ્યાનમાં લેવાના રહે છે. હવાલાની રકમ સહાયની ગણતરી માટે ધ્યાને લેવાની રહેતી નથી. સહાયની ગણતરી માટે સભાસદોને કરેલ ધિરાણ, સભાસદ પાસેથી મેળવેલ વસૂલાતની રકમ, સભાસદ પાસેથી એકત્રિત કરેલ થાપણની ગણતરી કરવાની રહે છે. સંસ્થા કે બિન સભાસદની થાપણ સહાય ધ્યાને લેવાની રહેશે નહીં. આ યોજનાનો લાભ વર્ષમાં એક જ વાર મળવાપાત્ર થાય છે.

### અમદાવાદ આરટીઓ કચેરીમાં નોંધાયેલ વાહન

* ૭૭૨૨ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ આર.ટી.ઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા વાહનો નોંધાયેલ છે, | (૧) અમદાવાદ આર.ટી.ઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં ૨,૫૩,૦૯૫ વાહનો નોંધાયેલ છે. |
| (૨) તે પૈકી કેટલા વાહન માલીકો દ્વારા પસંદગીના નંબરો લેવામાં આવ્યા, અને | (૨) તે પૈકી ૪૩,૦૪૭ વાહન માલીકો દ્વારા પસંદગીના નંબરો લેવામાં આવ્યા. |
| (૩) તેની કેટલી આવક થઇ? | (૩) તેની રૂ. ૧૦૪૪.૮૮ લાખ આવક થઇ. |

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે રાજ્યના વિકાસની સાથે લોકોની આવક વધવાની સાથે વાહનોનો ખૂબ જ વધારો થતો જાય છે, ત્યારે અમદાવાદ આર.ટી.ઓ. માં છેલ્લાં ૫ વર્ષમાં કેટલા વાહનો નોંધાયેલા છે અને અમદાવાદ આર.ટી.ઓ. માં છેલ્લા ૫ વર્ષમાં કેટલી આવક થયેલ છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ આર.ટી.ઓ. માં છેલ્લાં ૫ વર્ષમાં નોંધાયેલ વાહનોની સંખ્યાની વાત કરું તો છેલ્લાં ૫ વર્ષમાં ૨૦૧૨–૧૩ માં ૧,૯૦,૨૫૬ વાહનોની નોંધણી કરવામાં આવી. ૨૦૧૩–૧૪ માં ૧,૮૪,૭૪૫ વાહનોની નોંધણી કરવામાં આવી. ૨૦૧૪–૧૫ માં ૨,૩૦,૮૨૦ વાહનોની નોંધણી કરવામાં આવી. ૨૦૧૫–૧૬ માં ૨,૩૬,૨૪૯ વાહનોની નોંધણી કરવામાં આવી. ૨૦૧૬–૧૭ માં ૨,૫૩,૦૯૫ વાહનોની નોંધણી કરવામાં આવી. અને ૨૦૧૭–૧૮ માં ફેબ્રુઆરીના અંત સુધીમાં ૧,૮૯,૫૭૯ વાહનો નોંધવામાં આવ્યા. એ જ રીતે અમદાવાદ આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લાં ૫ વર્ષમાં આવક ૨૦૧૨–૧૩ માં ૩૧૭.૨૩ કરોડ રૂપિયાની આવક થઇ. ૨૦૧૩–૧૪ માં ૨૯૯.૩૫ કરોડ રૂપિયાની આવક થઇ. ૨૦૧૪–૧૫ માં ૩૨૩.૭૪ કરોડની આવક થઇ. ૨૦૧૫–૧૬ માં ૩૮૬.૦૫ કરોડ રૂપિયાની આવક થઇ. ૨૦૧૬–૧૭ માં ૪૩૬.૬૪ કરોડની આવક થઇ. અને ૨૦૧૭–૧૮ ફેબ્રુઆરી અંત સુધીમાં ૩૯૦.૬૭ કરોડની આમદાવાદ આર.ટી.ઓ. કચેરી દ્વારા કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જે રીતે છેલ્લાં ૫ વર્ષમાં અમદાવાદ શહેરમાં વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો છે અને સરકાર અને કોર્ટના આધીન નિયમો મુજબ હાઇ સિક્યોરિટી નંબર પ્લેટ પણ લગાવવી ખૂબ જ જરૂરી છે. મારે મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે છેલ્લાં ૨ વર્ષમાં અમદાવાદ શહેરમાં જે વાહનો નોંધાયા એ નોંધાયેલા વાહનો પૈકી હાઇ સિક્યોરિટી નંબર પ્લેટ કેટલા વાહનોને લગાડવામાં આવી અને કેટલા વાહનોમાં બાકી છે? હાઇ સિક્યોરિટી નંબર પ્લેટ એ ગુજરાત ગવર્નમેન્ટ દ્વારા કરવામાં આવે છે કે કોઇને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, શૈલેષભાઇએ પ્રશ્ન પૂછ્યો છે. આજકાલ આ પ્રશ્નના સંદર્ભમાં નામદાર સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યોને સૂચના આપી છે કે આ બધા વાહનોમાં નવા નંબરો લગાવવા. એચ.એસ.આર.પી. નંબર

પ્લેટ લગાવવાની પ્રક્રિયા ગુજરાતમાં અલગ અલગ ખાનગી સંસ્થા, એજન્સીને કામગીરી સોંપી છે. લગભગ ૭૦૦ ઉપર એજન્સીઓને કામગીરી સોંપી છે. રાજ્યમાં ખૂબ વધુ સંખ્યામાં એટલે કે ૨ કરોડ ૩૯ લાખ જેટલા વાહનો હોઈ આ કામગીરી ખૂબ લોંગ પ્રોસેસવાળી છે. નામદાર સુપ્રીમ કોર્ટને વિનંતી કરી છે કે હજુ થોડો સમય લંબાવી આપો, કારણ આટલા બધા સ્થાનો ઉપર નવી નંબર પ્લેટ લગાવવાની કામગીરી ચાલી રહી છે, ત્યારે શૈલેષભાઇને એટલું જરુરથી કહીશ કે નવા વાહનો છૂટા થતા જાય તેમ લગાવવાની કામગીરી ચાલુ છે, પરંતુ આ પ્રક્રિયા અન્ડર પ્રોસેસ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

**અતારાંકિત પ્રશ્નોત્તરી**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોની સંખ્યા

* ૯૩૫૩ શ્રી પ્રવિણભાઈ મુસડિયા (કાલાવડ) **:** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટકેટલી છે, અને

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોની કુલ સંખ્યા જામનગર જિલ્લામાં– ૩૪૬૧૬ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૭૮૮૮ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ૦ થી ૧૬ | ૧૭ થી ૨૦ સ્કોર | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૧૪૭૭૧ | ૧૯૮૪૫ | ૩૪૬૧૬ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૧૨૮૦૫ | ૧૫૦૮૩ | ૨૭૮૮૮ |
| | કુલ... | ૨૭૫૭૬ | ૩૪૯૨૮ | ૬૨૫૦૪ |

(૨) જામનગર જિલ્લામાં વર્ષ–૨૦૧૬ અને ૨૦૧૭માં કુલ–૪૩૭ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ–૬૯૪ ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોનો વધારો થયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ–૨૦૧૬ વધારો | વર્ષ–૨૦૧૭ વધારો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૨૭૪ | ૧૬૩ | ૪૩૭ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૪૨૬ | ૨૬૮ | ૬૯૪ |
| | કુલ... | ૭૦૦ | ૪૩૧ | ૧૧૩૧ |

---------

રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં ભાડે લીધેલ ગોડાઉનો

* ૯૩૯૫ શ્રી ભીખાભાઈ જોશી (જૂનાગઢ) **:** માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં મગફળી ખરીદ્યા પછી તેને સાચવવા કેટલા ગોડાઉનો ભાડે લીધા, અને

(૨) તે અન્વયે એક ગોડાઉનની ભાડાની કિંમત કેટલી અને વર્ષવાર કેટલી રકમનું ભાડું ચૂકવ્યું ?

જવાબ

(૧)

| જિલ્લો | ગોડાઉનની સંખ્યા |
|---|---|
| રાજકોટ | ૨૫૭ |
| જૂનાગઢ | ૧૮૫ |

(૨)

| જિલ્લો | ભાવ (પ્રતિ ચો.ફૂટ/પ્રતિમાસ) | વર્ષનું કુલ ભાડુ |
|---|---|---|
| રાજકોટ | ૭.૫૫ | ૯,૭૪,૪૪,૯૪૪/– |
| જૂનાગઢ | ૭.૦૦ | ૫,૮૬,૯૫,૭૪૪/– |

---------

તાપી અને નર્મદા જિલ્લામાં માછીમારો માટેના ઈજારા

* ૯૪૧૭ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) **:** માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ તાપી અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર જળાશયોમાં માછીમારી માટેના

જવાબ

(૧) તાપી જિલ્લામાં બે અને નર્મદા જિલ્લામાં ત્રણ ઈજારદારોની માહિતી પત્રક–૧ અને પત્રક–૨ મુજબ

કેટલા ઈજારા કયા ઈજારદારોને આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત ઈજારા કેટલા સમય માટે આપવામાં આવેલ છે, — (૨) પાંચ વર્ષ

(૩) તે અન્વયે કેટલી ડીપોઝીટ જળાશયવાર લેવામાં આવેલ છે, અને — (૩) અને (૪) : પત્રક–૧ અને પત્રક–૨ મુજબ

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જળાશયવાર ઈજારા પેટે કેટલી આવક થઈ ?

પત્રક–૧

| ક્રમ | જળાશય/સિંચાઈ તળાવનું નામ | જિલ્લાનું નામ | ઈજારદારનું નામ | ઈજારાની મુદત | સિક્યોરીટી ડીપોઝીટ પેટે જમા કરેલ રકમ (રૂપિયામાં) | ઈજારા પેટે થયેલ આવકની રકમ તા. ૧–૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ (રૂપિયામાં) | ઈજારા પેટે થયેલ આવકની રકમ તા. ૧–૧–૨૦૧૭ થી તા. ૩૧–૧૨–૨૦૧૭ (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઉકાઈ જળાશય | તાપી | ઘી ટોકરવા વિભાગ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી ટોકરવા | પાંચ વર્ષ | ૨૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ |
| ૨ | ડોસવાડા જળાશય | તાપી | ઘી સોનગઢ તાલુકા મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી, જુની બાવલી, જી. તાપી | પાંચ વર્ષ | ૫૯૨૧ | ૫૦૩૩૦ | ૨૯૬૦૬ |
| | | | | | ૨૦૫૯૨૧ | ૧૦૫૦૩૩૦ | ૧૦૨૯૬૦૬ |

પત્રક–૨

| ક્રમ | જળાશય/સિંચાઈ તળાવનું નામ | જિલ્લાનું નામ | ઈજારદારનું નામ | ઈજારાની મુદત | સિક્યોરીટી ડીપોઝીટ પેટે જમા કરેલ રકમ (રૂપિયામાં) | ઈજારાપેટે થયેલ આવકની રકમ તા. ૧–૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ (રૂપિયામાં) | ઈજારા પેટે થયેલ આવકની રકમ તા. ૧–૧–૨૦૧૭ થી તા. ૩૧–૧૨–૨૦૧૭ (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરજણ જળાશય | નર્મદા | ઘી કરજણ જળાશય વી. આદિવાસી મત્સ્યો. સહકારી મંડળી લી, કરજણ | પાંચ વર્ષ | ૭૨૮૦૦ | ૪૦૦૧૨૦ | ૩૬૩૭૨૮ |
| ૨ | ચોપડવાવ | નર્મદા | ઘી સહારા મત્સ્યોદ્યોગ આદીવાસી સ.મં.લી., ચોપડવાવ | પાંચ વર્ષ | ૯૩૬૨ | ૪૬૮૧૨ | ૪૬૮૧૨ |
| ૩ | નાના કાકડીઆંબા | નર્મદા | ઘી નાના કાકડીઆંબા આદીવાસી મ.સ.મં.લી., નાનાકાકડી આંબા | પાંચ વર્ષ | ૭૦૯૫ | ૩૫૪૭૫ | ૩૫૪૭૫ |
| | | | | કુલ | ૮૯૨૫૭ | ૪૮૨૪૦૭ | ૪૪૬૦૧૫ |

છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત યોજના

* ૯૮૭૨ શ્રી સુખરામભાઈ રાઠવા (જેતપુર પાવી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂત ખાતેદારોને ખેડૂત અકસ્માત યોજના હેઠળ લાભ મેળવવા માટેની કેટલી અરજીઓ મળી,

(૧) ૨૨૫ અરજીઓ

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ખેડૂત અકસ્માત વિમાના કેસ મંજુર કરવામાં આવ્યા, અને

(૨) છોટાઉદેપુર જિલ્લાની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મંજુર કરવામાં આવેલ કેસની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૬ |
| ૨ | જેતપુરપાવી | ૧ |
| ૩ | સંખેડા | ૨ |
| ૪ | બોડેલી | ૬ |
| ૫ | નસવાડી | ૦૦ |
| ૬ | ક્વાંટ | ૩ |
| | કુલ... | ૧૮ |

વડોદરા જિલ્લાની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મંજુર કરવામાં આવેલ કેસની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦૮ |
| ૨ | પાદરા | ૦૯ |
| ૩ | કરજણ | ૦૭ |
| ૪ | સાવલી | ૦૪ |
| ૫ | ડેસર | ૦૧ |
| ૬ | ડભોઈ | ૦૩ |
| ૭ | વાઘોડિયા | ૦૧ |
| ૮ | શિનોર | ૦૨ |
| | કુલ... | ૩૫ |

(૩) તેમાં કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી રકમ ક્યારથી ચૂકવવાની બાકી છે ?

(૩) રૂ. ૫૨.૫૦ લાખ

ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ અરજીઓ પૈકી કોઈ સહાય ચુકવવાની બાકી નથી.

---------

### ખેડા અને આણંદ જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી/પશુધન નિરીક્ષકની મંજુર જગ્યાઓ

***** ૯૩૭૦ શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર (મહુધા) **:** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરીક્ષકની કુલ કેટલી મંજુર જગ્યાઓ છે,

(૧)

| અ. નં. | જિલ્લો | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની મંજૂર જગ્યા | પશુધન નિરિક્ષક ની મંજુર જગ્યા |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૨૦ | ૪૩ |
| ૨ | આણંદ | ૨૫ | ૪૩ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| અ. નં. | જિલ્લો | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની ખાલી જગ્યા | પશુધન નિરિક્ષક ની ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૧૧ | ૧૧ |
| ૨ | આણંદ | ૮ | ૧૬ |

(૩) ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે ?

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની કુલ ૧૪૪ જગ્યાઓ અને પશુધન નિરીક્ષકની કુલ ૪૦૦ જગ્યાઓ ભરવા

માટેની કાર્યવાહી ચાલુ છે. તેમજ પશુચિકિત્સા અધિકારી અને પશુધન નિરીક્ષકની બાકી ખાલી જગ્યાઓ શક્ય એટલી ઝડપથી ભરવાનું આયોજન છે.

---------

દાહોદ આરટીઓ ખાતે ઓવર ડાયમેન્શવાળા વાહન

* ૭૬૮૮ શ્રી શૈલેષભાઈ ભાભોર (લીમખેડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આરટીઓ ચેકપોસ્ટ દાહોદ ખાતેથી વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા ઓવર ડાયમેન્શવાળા કેટલા વાહન પસાર થયા, અને | (૧) આરટીઓ ચેકપોસ્ટ દાહોદ ખાતેથી વર્ષ ૨૦૧૬–૧૭માં ૧૭૯૨ ઓવર ડાયમેન્શવાળા વાહનો પસાર થયા. |
| (૨) તે વાહનો પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો ? | (૨) તે વાહનો પાસેથી રૂપિયા ૩.૬૫ કરોડ દંડ વસુલ કરવામાં આવ્યો. |

---------

ખેતી નિયામકશ્રીની કચેરી ગાંધીનગરનું મંજૂર થયેલ મહેકમ

* ૯૩૭૧ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કૃષિ અને સહકાર વિભાગના તાબા હેઠળની ખેતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| અ.નં. | સંવર્ગનું નામ | મંજૂર જગ્યા |
|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૨૪ |
| ૨ | વર્ગ–૨ | ૯૧ |
| ૩ | વર્ગ–૩ | ૨૧૧ |
| ૪ | વર્ગ–૪ | ૪૨ |
| | કુલ | ૩૬૮ |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે,

(૨)

| અ.નં. | સંવર્ગનું નામ | ભરેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૧૮ | ૬ |
| ૨ | વર્ગ–૨ | ૬૫ | ૨૬ |
| ૩ | વર્ગ–૩ | ૬૮ | ૧૪૩ |
| ૪ | વર્ગ–૪ | ૧૪ | ૨૮ |
| | કુલ | ૧૬૫ | ૨૦૩ |

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીક્સ પગાર/કરાર આધારિત/આઉટસોર્સિંગથી ભરાયેલ છે, અને

(૩)

| |
|---|
| વર્ગ ૧ થી વર્ગ ૨ની માહિતી નીલ છે. |
| વર્ગ ૩ (ફિક્સ પગાર/કરાર આધારિત)<br>હેડક્લાર્ક : ૦૪, સી.ક્લાર્ક ૦૦, જુ.ક્લાર્ક ૦૯ |
| વર્ગ ૩ અને વર્ગ ૪ : (આઉટ સોર્સ) : નીલ |

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?

(૪) જે તે સંવર્ગની ખાલી જગ્યાઓ બઢતી/સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી હાથ ધરેલ છે જે પૂર્ણ થયેથી ખાલી જગ્યાઓ ભરી શકાશે.

---------

શહેરા બજાર સમિતિને ગોડાઉનોની સુવિધા

* ૭૭૫૩ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લાની શહેરા બજાર સમિતિને ગોડાઉનોની સહાય આપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૧૯.૦૦ લાખ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

(૨) રૂ. ૧૯.૦૦ લાખ

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જંગલી પ્રાણીઓથી બચવા ખેડૂતોને તારની વાડ

*** ૯૧૬૦ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોની તારની વાડ માટેની કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર વર્ષવાર કેટલી અરજીઓ મંજુર કરી રકમ આપવામાં આવી, અને

જવાબ

(૧) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓના તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં આવેલ ખેડૂતોની તારની વાડ માટેની અરજીઓની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | સમય | અરવલ્લી જિલ્લો | | સાબરકાંઠા જિલ્લો | |
|---|---|---|---|---|---|
| | | તાલુકાનું નામ | અરજીની સંખ્યા | તાલુકાનું નામ | અરજીની સંખ્યા |
| ૧ | ૧–૧–૧૬ થી ૩૧–૧૨–૧૬ | ધનસુરા | -- | ઈડર | -- |
| ૨ | | બાયડ | -- | ખેડબ્રહ્મા | -- |
| ૩ | | ભિલોડા | -- | તલોદ | -- |
| ૪ | | મેઘરજ | -- | પ્રાંતિજ | -- |
| ૫ | | માલપુર | -- | પોશિના | -- |
| ૬ | | મોડાસા | -- | વડાલી | -- |
| ૭ | | | | વિજયનગર | -- |
| ૮ | | | | હિંમતનગર | -- |
| કુલ | | | -- | | -- |

| ક્રમ | સમય | અરવલ્લી જિલ્લો | | સાબરકાંઠા જિલ્લો | |
|---|---|---|---|---|---|
| | | તાલુકાનું નામ | અરજીની સંખ્યા | તાલુકાનું નામ | અરજીની સંખ્યા |
| ૧ | ૧–૧–૧૭ થી ૩૧–૧૨–૧૭ | ધનસુરા | ૮૮ | ઈડર | ૮૪ |
| ૨ | | બાયડ | ૧૧૪ | ખેડબ્રહ્મા | ૧૪ |
| ૩ | | ભિલોડા | ૩૯ | તલોદ | ૭૩ |
| ૪ | | મેઘરજ | ૭૪ | પ્રાંતિજ | ૪૨ |
| ૫ | | માલપુર | ૪૦ | પોશિના | ૧૯ |
| ૬ | | મોડાસા | ૯૮ | વડાલી | ૪૯ |
| ૭ | | | | વિજયનગર | ૭ |
| ૮ | | | | હિંમતનગર | ૧૩૨ |

(૨) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓના તાલુકાવાર મંજૂર કરેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સમય | અરવલ્લી જિલ્લો | | સાબરકાંઠા જિલ્લો | |
|---|---|---|---|---|---|
| | | તાલુકાનું નામ | અરજીની સંખ્યા | તાલુકાનું નામ | અરજીની સંખ્યા |
| ૧ | ૧–૧–૧૬ થી ૩૧–૧૨–૧૬ | ધનસુરા | -- | ઈડર | -- |
| ૨ | | બાયડ | -- | ખેડબ્રહ્મા | -- |
| ૩ | | ભિલોડા | -- | તલોદ | -- |
| ૪ | | મેઘરજ | -- | પ્રાંતિજ | -- |
| ૫ | | માલપુર | -- | પોશિના | -- |
| ૬ | | મોડાસા | -- | વડાલી | -- |
| ૭ | | | | વિજયનગર | -- |
| ૮ | | | | હિંમતનગર | -- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કુલ | | -- | | -- | |

| ક્રમ | સમય | અરવલ્લી જિલ્લો | | સાબરકાંઠા જિલ્લો | |
|---|---|---|---|---|---|
| | | તાલુકાનું નામ | અરજીની સંખ્યા | તાલુકાનું નામ | અરજીની સંખ્યા |
| ૧ | ૧-૧-૧૭ થી ૩૧-૧૨-૧૭ | ધનસુરા | ૨૮ | ઈડર | ૧૭ |
| ૨ | | બાયડ | ૩૮ | ખેડબ્રહ્મા | ૩ |
| ૩ | | ભિલોડા | ૧૪ | તલોદ | ૨૫ |
| ૪ | | મેઘરજ | ૧૨ | પ્રાંતિજ | ૧૪ |
| ૫ | | માલપુર | ૧૪ | પોશિના | ૦ |
| ૬ | | મોડાસા | ૩૮ | વડાલી | ૧૨ |
| ૭ | | | | વિજયનગર | ૧ |
| ૮ | | | | હિંમતનગર | ૪૫ |
| કુલ | | | ૧૪૪ | | ૧૧૭ |

(૩) તે અન્વયે કેટલા આદિવાસી ખેડૂતોને છેલ્લા બે વર્ષમાં સહાય આપવામાં આવી ?

(૩) છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ આદિવાસી ખેડૂતોને સહાય ચુકવવામાં આવી.

અરવલ્લી જિલ્લામાં : ૫ આદિવાસી ખેડૂતો

સાબરકાંઠા જિલ્લામાં :-- (હાલ કોઈ સહાય ચુકવવામાં આવેલ નથી.)

---------

ભરૂચ જિલ્લામાં એગ્રો સર્વિસ પ્રોવાઈડરની સહાયની અરજીઓ

*** ૭૬૭૩ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં એગ્રો સર્વિસ પ્રોવાઈડરની સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી, | (૧) ૫૫ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૩૬ (છત્રીસ) અરજીઓની રૂ. ૧૨૬૧૫૦૭૧.૦૦ ની સહાય ચૂકવવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે? | (૩) શૂન્ય. |

---------

અમદાવાદ અને વડોદરા જિલ્લામાં ખેલમહાકુંભ

*** ૭૫૪૧ શ્રી ઈમરાન ખેડાવાલા (જમાલપુર) :** માનનીય રમત-ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને વડોદરા જિલ્લામાં ખેલમહાકુંભ માટે કેટકેટલી રકમની ફાળવણી કરી હતી, અને | (૧) |

| જિલ્લો | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| અમદાવાદ | રૂ. ૨,૫૮,૩૬,૯૧૨ |
| વડોદરા | રૂ. ૨,૨૭,૮૨,૯૧૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૪,૧૪,૭૬,૪૫૦/- |

---------

બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજ યોજનામાં સહાય

*** ૭૬૬૨ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ (ઘાટલોડિયા) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શાકભાજી અને ફળ પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટૉરેજ માટેની યોજના માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે, | (૧) હા. |
| (૨) જો હા, તો સહાયની જોગવાઈ શું છે, અને | (૨) ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. હસ્તકની |

યોજનાની જોગવાઇ

સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ–૨૦૧૬–૨૧ અંતર્ગત–

૧. તમામ પ્રકારના કોલ્ડ સ્ટૉરેજની સ્થાપના/ વિસ્તૃતિકરણ અને વૈવિધિયકરણ/આધુનિકરણ માટે સ્થાયી મૂડી રોકાણના માન્ય પ્રોજેક્ટ કિંમતના ૨૫ ટકા રકમ વધુમાં વધુ રૂ.૫૦ લાખની મર્યાદામાં મૂડી રોકાણ સહાય.

૨. કોલ્ડ સ્ટૉરેજની સ્થાપના/વિસ્તૃતિકરણ અને વૈવિધ્યકરણ/આધુનિકરણ માટે મેળવેલ ટર્મ લોન ઉપર ૭.૫ ટકાના દરે બેંક એન્ડેડ વ્યાજ સહાય (પાંચ વર્ષના ગાળા માટે મહત્તમ રૂ.૧૫૦ લાખ સુધીની મર્યાદામાં) મળવા પાત્ર થશે.

૩. કન્ટ્રોલ્ડ એટમોસ્ફીયર/કોલ્ડ સ્ટૉરેજની સ્થાપના/ વિસ્તૃતિકરણ અને વૈવિધ્યકરણ/આધુનિકરણ માટે મેળવેલ ટર્મ લોન ઉપર ૭.૫ ટકાના દરે બેંક એન્ડેડ વ્યાજ સહાય (પાંચ વર્ષના ગાળા માટે મહત્તમ રૂ.૪૦૦ લાખ સુધીની મર્યાદામાં) મળવાપાત્ર થશે.

   ઉક્ત નં.૨ અને ૩ ઉદ્યોગ સાહસિકો અનુસૂચિત જાતિ/ જનજાતિ, દિવ્યાંગ અથવા મહિલા સાહસિક માટે ટર્મ લોન પર વધારાના ૧ટકા ના દરે વ્યાજ સહાય. ઉધોગ સાહસિકો કે જે ૩૫ વર્ષની નાની ઉંમરના હોય તેમના માટે ટર્મ લોન પર વધારાના ૧ટકા ના દરે વ્યાજ સહાય.

૪. ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઇન્ડીયા દ્ધારા માન્ય સંસ્થાઓ પાસેથી યોગ્ય ગુણવત્તા પ્રમાણપત્ર મેળવવા માટે થયેલ ખર્ચના ૫૦ ટકા (મહત્તમ રૂ.૫ લાખ)ની સહાય મળવાપાત્ર થશે.

૫. માન્ય આંતરરાષ્ટ્રીય પ્રમાણન સત્તા તંત્રને ચુકવેલ ફીના ૫૦ટકા રકમ અને પ્રમાણન માટેના પરિક્ષણ સાધનો અને મશીનરીના પ્રમાણ માટે થયેલ ખર્ચના ૫૦ટકા રકમની સહાય, આમ કુલ મળીને મહત્તમ મર્યાદા રૂ.૧૦ લાખ મળવાપાત્ર થશે.

૬. માન્ય સંસ્થામાંથી કૌશલ્યવર્ધન સર્ટિફિકેટ મળ્યેથી પ્રતિ કર્મચારી દીઠ રૂ.૧૦,૦૦૦/– ની મર્યાદામાં તાલીમ માટે ચુકવેલ ફી ના ૫૦ટકા રકમની સહાય મળવાપાત્ર થશે. (મહત્તમ રૂ.૫૦,૦૦૦/– (પચાસ હજાર) વધુમાં વધુ ૩ વર્ષના સમયગાળા માટે)

૭. કોલ્ડ સ્ટૉરેજની સેવા શરૂ કરે ત્યારથી પાંચ વર્ષ માટે વીજ કંપની દ્ધારા અપાતા વીજ બીલમાં પ્રતિ યુનિટ રૂ.૧/– લેખે પાવર ટેરીફ સબસીડી, રીએમ્બર્સમેન્ટ ધોરણે મળવાપાત્ર છે.

૮. પાંચ વર્ષ સુધી કોલ્ડ સ્ટૉરેજના લાઇટ બીલની સાથે ભરેલા વીજકરની રકમનું પણ રીએમ્બર્સમેન્ટ પણ મળવાપાત્ર છે.

૯. કોલ્ડ સ્ટૉરેજે ભરપાઇ કરેલ સ્ટેમ્પ ડ્યુટી/વેચાણ નોંધણી ફી/રૂપાંતર શૂલ્કની ૫૦ટકા રકમ અને કન્ટ્રોલ એટમોસ્ફીયર કોલ્ડ સ્ટૉરેજ માટે ૧૦૦ટકા રકમ રીએમ્બર્સ મળવાપાત્ર છે.

૧૦. આ ઉપરાંત માન્ય મૂડી રોકાણના ચુકવેલ વેટના ૭૦ટકા સુધી સહાય.

બાગાયત ખાતા હસ્તકની યોજનાની જોગવાઇ.

રાજ્ય સરકારશ્રી તરફથી આપવામાં આવતી સહાય

| ઘટકનું નામ | સહાયનું ધોરણ |
|---|---|
| કોલ્ડ ચેઇન મેનેજમેન્ટ કાર્યક્રમ | • કેન્દ્ર સરકારશ્રીની વર્ષ ૨૦૧૪–૧૫ થી અમલી MIDH-Sub scheme NHM યોજનાના પોષ્ટ હાર્વેષ્ટ મેનેજમેન્ટના ઘટકોના સહાય ધોરણો મુજબ સહાય.<br>• ઉપરાંત રાજ્ય સરકારશ્રીની વધારાની ૧૫ટકા પુરકસહાય (પેક હાઉસ સિવાય) સને ૨૦૧૨–૧૩ થી અમલી<br>• ટ્રાયબલ તાલુકામાં બટાટાના કોલ્ડ સ્ટૉરેજમાં ૫૦૦૦ થી ૨૦,૦૦૦ મે.ટન યુનિટ સુધી વધારવા મહત્તમ રૂ.૨૪૦૦/– મે. ટન લેખે સહાય.<br>• ડુંગળી અને લીલા શાકભાજી માટેના સી.એ. કોલ્ડ સ્ટૉરેજ માટે APMC રજીસ્ટર્ડ ખેડુત ગ્રુપને વધારાની ૭.૫ટકા કેપીટલ સહાય<br>• ફ્લોરી કલ્ચરના કોલ્ડ સ્ટૉરેજ માટે વ્યક્તિગત ૧૦ થી ૧૦૦ મે.ટન અને ખેડુત સંગઠનને ૫૦૦ મે.ટન સ્ટૉરેજ માટે મહત્તમ રૂ.૨૪૦૦/– મે.ટન લેખે સહાય<br>• વીજ દર સહાય નોર્મલ કોલ્ડ સ્ટૉરેજમાં વાર્ષિક ખર્ચના ૨૫ટકા મુજબ મહત્તમ રૂ.૨.૦૦ લાખ સહાય (પાંચ વર્ષ સુધી) જ્યારે **CA/MA** કોલ્ડ સ્ટૉરેજ વાર્ષિક ખર્ચના ૨૫ટકા મુજબ મહત્તમ રૂ.૩.૦૦ લાખ /એકમ સહાય (પાંચ વર્ષ સુધી)<br>• કોલ્ડ સ્ટૉરેજ ઉભા કરવા **APMC**/જાહેર સાહસો/નગર પાલિકાઓને રાજ્ય સરકારશ્રીની વધારાની ૨૫ટકા પુરક સહાય (મહત્તમ કુલ સહાય ૭૦ટકા ની મર્યાદામાં). |

કેન્દ્ર સરકારશ્રીનું સહાયનું ધોરણ

| ઘટકનું નામ | સહાયનું ધોરણ |
|---|---|
| ૧) કોલ્ડ સ્ટૉરેજ યુનિટ પ્રકાર–૧ બેઝિક મેઝનાઇઝ સ્ટ્રક્ચર સાથે મોટી ચેમ્બર(>૨૫૦ મે.ટન) અને બેઝીક મટેરીયલ હેન્ડલીંગ સાધનો સાથે (ક્ષમતા મહત્તમ ૫૦૦૦ મે.ટન) | • યુનિટ કોસ્ટ રૂ.૮૦૦૦/– મે.ટન<br>• સામાન્ય વિસ્તારો માટે કુલ પ્રોજેક્ટ ખર્ચના ૩૫ ટકા (મહત્તમ રૂ.૨૮૦૦/– મે.ટન)<br>• શિડ્યુલ્ડ અને પહાડી વિસ્તાર માટે ૫૦ટકા |

| | |
|---|---|
| | (મહત્તમ રૂ.૪૦૦૦/– મે.ટન) |
| ૨) કોલ્ડ સ્ટોરેજ યુનિટ પ્રકાર–૨ **PEB** સ્ટ્રક્ચર મલ્ટીપલ ટેમ્પરેચર અને પ્રોડક્ટ ઉપયોગ માટે ૬ કરતા વધુ ચેમ્બર (>૨૫૦ મે.ટન) અને બેઝીક મટેરીયલ હેન્ડલીંગ સાધનો સાથે (ક્ષમતા મહત્તમ ૫૦૦૦ મે.ટન) | • યુનિટ કોસ્ટ- રૂ.૧૦,૦૦૦/– મે.ટન<br>• સામાન્ય વિસ્તારો માટે કુલ પ્રોજેક્ટ ખર્ચના ૩૫ ટકા (મહત્તમ રૂ.૩૫૦૦/– મે. ટન)<br>• શિડ્યુલ્ડ અને પહાડી વિસ્તાર માટે ૫૦ટકા (મહત્તમ રૂ.૫૦૦૦/– મે.ટન) |

(૩) વર્ષ ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

(૩)

| બાગાયત ખાતા તરફથી | ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પો.લી. તરફથી |
|---|---|
| ૬ (છ) કોલ્ડ સ્ટોરેજને રૂ.૫૯૨૨.૬૮૫ લાખ સહાય | શૂન્ય |

---------

આણંદ અને નવસારી જિલ્લામાં મનરેગા યોજનામાં રકમ ફાળવણી

*** ૯૩૭૪ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

(૨) તે પૈકી આણંદ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ ફાળવી, અને

(૩) ઉક્ત જિલ્લાઓમાં મનરેગા યોજનામાં ગેરરીતિઓની કેટલી ફરીયાદો સરકારને મળી

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચેની વિગતે રકમ ગુજરાત સરકારને મળી.

| ભારત સરકાર પાસેથી ગુજરાત સસરકારને મળેલ રકમ (રૂ. લાખમાં) | | |
|---|---|---|
| તા. ૦૧–૦૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ સુધી મળેલ રકમ રૂ. | તા. ૦૧–૦૧–૨૦૧૭ થી તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધી મળેલ રકમ રૂ. | કુલ મળેલ રકમ રૂ. |
| ૬૩૮૭૨.૦૦ | ૮૨૯૯૯.૦૦ | ૧૪૬૮૭૧.૦૦ |

(૨) તે પૈકી આણંદ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર નીચેની વિગતે રકમ ફાળવી, અને

| ફાળવેલ રકમ (રૂ. લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | તા. ૧–૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ સુધી ફાળવેલ રકમ રૂ. | તા. ૧–૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ સુધી ફાળવેલ રકમ રૂ. | કુલ ફાળવેલ રકમ રૂ. |
| ૧ | આણંદ | ૩૦૦૦.૩૩ | ૩૬૬૭.૮૬ | ૬૬૬૮.૧૯ |
| ૨ | નવસારી | ૩૨૪૧.૩૮ | ૨૮૮૧.૪૩ | ૬૧૨૨.૮૧ |
| | કુલ... | ૬૨૪૧.૭૧ | ૬૫૪૯.૨૯ | ૧૨૭૯૧.૦૦ |

(૩) ઉક્ત જિલ્લાઓમાં મનરેગા યોજનામાં ગેરરીતિઓની નીચેની વિગતે ફરિયાદો સરકારને મળી.

| ગેરરીતિની મળેલ ફરિયાદોની સંખ્યા |
|---|

| ક્રમ | જિલ્લો | તા. ૧-૧-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધી મળેલ ફરીયાદોની સંખ્યા | તા. ૧-૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ સુધી મળેલ ફરીયાદોની સંખ્યા | કુલ મળેલ ફરીયાદોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૦ | ૧ | ૧ |
| ૨ | નવસારી | ૦ | ૦ | ૦ |
| | કુલ... | ૦ | ૧ | ૧ |

---------

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી/પશુધન નિરીક્ષકની મંજુર જગ્યાઓ

* ૯૩૪૨ શ્રી રાજેશકુમાર ગોહિલ (ધંધુકા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ અને પશુધન નિરીક્ષકની કુલ કેટલી મંજુર જગ્યાઓ છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે?

જવાબ

(૧)

| અ.નં. | જિલ્લો | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ ની મંજુર જગ્યા | પશુધન નિરીક્ષકની મંજુર જગ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૦ | ૯૯ |
| ૨ | ગાંધીનગર | ૪૬ | ૧૦૧ |

(૨)

| અ.નં. | જિલ્લો | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ ની ખાલી જગ્યા | પશુધન નિરીક્ષકની ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૫ | ૨૨ |
| ૨ | ગાંધીનગર | ૦૨ | ૧૫ |

(૩) પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ની કુલ ૧૪૪ જગ્યાઓ અને પશુધન નિરીક્ષકની કુલ ૪૦૦ જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે. તેમજ પશુ ચિકિત્સા અધિકારી અને પશુધન નિરીક્ષકની બાકી ખાલી જગ્યાઓ શક્ય એટલી ઝડપથી ભરવાનું આયોજન છે.

---------

આણંદ જિલ્લામાં ઘાસચારા વિકાસ યોજના

* ૭૬૭૪ શ્રી મહેશકુમાર રાવલ (ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઘાસચારા વિકાસ યોજના રાજ્યના કેટલા જિલ્લામાં અમલમાં છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં આ યોજના હેઠળ કેટલી કીટ વિતરણ કરવામાં આવી, અને

(૩) તે માટે ઉકત સ્થિતિએ કેટલા રૂપિયાની સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું ?

જવાબ

(૧) તમામ જિલ્લામાં.

(૨) ૧૦૧૮ કીટ.

(૩) લાભાર્થીને કીટના સ્વરૂપે સહાય આપવામાં આવે છે.

---------

રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી

* ૯૩૫૦ શ્રી લલિત વસોયા (ધોરાજી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં મગફળીની

જવાબ

(૧) રાજકોટ જિલ્લામાં ૩૦ કેન્દ્રો અને જૂનાગઢ

ટેકાના ભાવે ખરીદી કરવા માટે તા.૧૫-૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે, | જિલ્લામાં ૫૧ કેન્દ્રો.

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ ચાલુ સીઝનમાં કેટલી મગફળીની ખરીદી કેન્દ્રવાર કરવામાં આવી, અને | (૨) તા.૧૫-૨-૨૦૧૮ની સ્થિતિએ નાફેડ દ્વારા રાજકોટ જિલ્લામાં કુલ ૩૦ કેન્દ્રો પર ૧૧૮૨૮૭૪.૦૦ કિવન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી અને જૂનાગઢ જિલ્લામાં કુલ ૫૧ કેન્દ્રો પર ૧૫૦૨૪૧૯.૪૫ કિવન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી.

(૩) ક્યાં સુધી મગફળી ખરીદવામાં આવશે ? | (૩) ચાલુ સીઝન માટે મગફળીની ખરીદી તા.૯-૩-૨૦૧૮ થી બંધ થયેલ છે.

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં ખારેકના વાવેતરમાં સહાય

* ૭૬૬૫ શ્રી કનુભાઈ પટેલ (સાણંદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તે માટે તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭-૧૮ માં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ.૯,૯૧,૨૮૦/- |

---------

પુરાતત્વ અને સંગ્રહાલય ખાતું ગાંધીનગરનું મંજૂર મહેકમ

* ૯૩૭૭ શ્રી કાંતિભાઈ સોઢા પરમાર (આણંદ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તાબા હેઠળની પુરાતત્વ અને સંગ્રહાલય ખાતું, ગાંધીનગરનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે,

(૧) અને (૨)

| સંવર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૪ | ૦ | ૪ |
| વર્ગ-૨ | ૩૬ | ૯ | ૨૭ |
| વર્ગ-૩ | ૧૩૩ | ૩૬ | ૯૭ |
| વર્ગ-૪ | ૧૭૭ | ૧૫૦ | ૨૭ |
| કુલ | ૩૫૦ | ૧૯૫ | ૧૫૫ |

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીકસ પગાર/કરાર આધારીત/આઉટસોર્સીંગથી ભરાયેલ છે, અને

(૩)

| સંવર્ગ | ફિકસ પગાર | કરાર આધારિત | આઉટસોર્સીંગ |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૦ | ૦ | ૦ |
| વર્ગ-૨ | ૦ | ૦ | ૦ |
| વર્ગ-૩ | ૮ | ૦ | ૩ |
| વર્ગ-૪ | ૧૯ | ૦ | ૭૫ |
| કુલ | ૨૭ | ૦ | ૭૮ |

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) ઉકત ખાલી જગ્યાઓ વહીવટી અનુકુળતાએ ભરવામાં આવશે.

---------

## તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

### સુરેન્દ્રનગર જિલ્લામાં પાક વીમા રકમ

* ૮૫૫૫ શ્રી નૌશાદજી સોલંકી (દસાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી રકમનો પાક વીમો લેવામાં આવ્યો,

(૨) તે પૈકી પ્રિમિયમ પેટે વર્ષવાર કેટલી રકમ વસુલવામાં આવી,

(૩) પાક વીમા પેટે કેટલા કલેઈમ દાખલ થયા અને તે પૈકી કેટલા મંજૂર થયા, અને

(૪) મંજૂર કલેઈમ પેટે કેટલી રકમનું ચૂકવણું કર્યુ અને બાકી ચૂકવણું ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર પાક વીમો આ મુજબ છે.

| તાલુકાનું નામ | વીમીત રકમ (વર્ષ ૨૦૧૬–૧૭) (રૂપિયા) | | વીમીત રકમ (વર્ષ ૨૦૧૭–૧૮) (રૂપિયા) | |
|---|---|---|---|---|
| | ખરીફ | રવિ–ઉનાળુ | ખરીફ | રવિ–ઉનાળુ |
| ચોટીલા | ૭૯૬૫૮૦૧૪૫ | ૬૩૧૯૪૪૩ | ૭૨૬૫૮૩૨૦૯ | ૮૪૩૮૦૦૪ |
| ચુડા | ૯૬૬૩૯૯૭૮૮ | ૨૫૩૧૭૬૮ | ૬૦૦૯૪૩૨૮૩ | ૮૨૮૬૯૫૯ |
| દસાડા | ૧૮૦૭૯૫૯૯૦૬ | ૩૨૦૬૬૩૯૨ | ૧૨૨૨૧૪૬૪૧૪ | ૬૨૫૧૭૨૪૧ |
| તાલુકાનું નામ | વીમીત રકમ (વર્ષ ૨૦૧૬–૧૭) (રૂપિયા) | | વીમીત રકમ (વર્ષ ૨૦૧૭–૧૮) (રૂપિયા) | |
| | ખરીફ | રવિ–ઉનાળુ | ખરીફ | રવિ–ઉનાળુ |
| ધ્રાંગધ્રાં | ૧૪૭૫૧૨૩૫૬૫ | ૧૭૯૯૪૯૪૪૫ | ૧૬૫૦૭૦૩૦૭૩ | ૨૬૭૦૮૮૪૪૪ |
| લખતર | ૯૯૭૪૮૯૯૦૮ | ૬૮૭૪૨૯૨ | ૮૦૭૩૭૯૫૧૮ | ૨૯૩૪૮૬૯૯ |
| લીંબડી | ૧૨૭૯૦૮૫૮૦૩ | ૩૦૮૧૫૧૯૯ | ૧૦૦૯૩૫૨૧૭૩ | ૪૭૨૯૬૪૩૯ |
| મુળી | ૧૦૪૨૫૧૬૫૯૭ | ૭૪૩૭૩૦૯ | ૧૦૦૫૩૭૭૧૭૫ | ૯૬૩૨૯૮૦ |
| સાયલા | ૭૯૭૨૭૨૫૮૮ | ૧૬૫૭૪૮૮૩ | ૬૫૯૧૧૨૧૫૬ | ૩૦૮૬૪૬૩૫ |
| થાનગઢ | ૧૭૨૭૩૫૬૨૪ | ૧૫૬૪૩૨૨ | ૧૫૧૫૭૩૯૯૧ | ૦ |
| વઢવાણ | ૧૨૫૧૦૫૦૮૧૬ | ૪૭૩૬૧૧૩૭ | ૧૨૮૫૨૨૫૪૫૩ | ૭૧૦૦૮૮૫૩ |
| કુલ | ૧૦૫૮૬૨૧૪૭૪૦ | ૩૩૧૪૯૪૧૯૦ | ૯૧૧૮૩૯૬૪૪૫ | ૫૩૪૪૮૨૨૫૪ |

(૨) તે પૈકી પ્રિમિયમ પેટે ખેડૂતો પાસેથી વર્ષ ૨૦૧૬–૧૭ માં ખરીફ ઋતુના તમામ પાકો માટે ૨ ટકા, રવિ ઋતુના પાકો માટે ૧.૫ ટકા અને રવિ ઋતુના વાર્ષિક વાણિજ્યક અને વાર્ષિક બાગાયતી પાકો ૫ ટકા પ્રિમિયમ વસૂલવામાં આવ્યું.

વર્ષ ૨૦૧૭–૧૮ માં ખરીફ ઋતુના પાકો માટે ૨ ટકા, રવિ ઋતુના પાકો માટે ૧.૫ ટકા તથા ખરીફ અને રવિ ઋતુના વાર્ષિક વાણિજયક અને વાર્ષિક બાગાયતી પાકો માટે ૫ ટકા લેખે પ્રિમિયમની રકમ બેંકો દ્વારા વસૂલી.

(૩) વીમા યોજનામાં વીમાના દાવા દાખલ કરવાની જોગવાઈ નથી પરંતુ વીમા કંપનીઓ દ્વારા વીમાના દાવાઓની ગણતરી કરી રૂ.૪,૩૪,૬૭,૧૨૧ ના કુલ દાવા મંજુર કરવામાં આવ્યા.

(૪) મંજૂર કલેઈમ પેટે રૂ.૪,૩૪,૬૭,૧૨૧ નું ચૂકવણું કરવામાં આવ્યું. વર્ષ ૨૦૧૬–૧૭ માં ખરીફ ઋતુના કપાસ પાકમાં વીમાના દાવાઓની ગણતરી પ્રગતિમાં હોઈ ચૂકવણા અંગેનો નિર્ણય થયે સંબંધિત વીમા કંપનીઓ દ્વારા દાવાઓની ચૂકવણી કરવાની રહે છે.

---------

### ભરૂચ જિલ્લામાં તુવેર તથા ખેત પેદાશોવાર ટેકાના ભાવે ખરીદી

* ૯૮૯૧ શ્રી સંજયભાઈ સોલંકી (જંબુસર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તુવેર તથા અન્ય ખેતપેદાશોવાર ટેકાના ભાવે કેટલીવાર ખરીદી કરવામાં આવી,

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તુવેર તથા અન્ય ખેતપેદાશોવાર ટેકાના ભાવે નીચે મુજબ નાફેડ/સીસીઆઈ દ્વારા ખરીદી કરવામાં આવી.

| અ.નં. | પાક | વર્ષવાર ટેકાના ભાવે થયેલ ખરીદીની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૬–૧૭ | વર્ષ ૨૦૧૭–૧૮ |

| | | | |
|---|---|---|---|
| ૧ | તુવેર | તા.૨-૫-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૭ (પીએસએસ અંતર્ગત) અને તા.૧૭-૧-૨૦૧૭ થી ૨૨-૪-૨૦૧૭ (પીએસએફ અંતર્ગત) | --- |
| ૨ | મગફળી | -- | તા.૨૫-૧૦-૨૦૧૭ થી તા.૧૦-૨-૨૦૧૮ |
| ૩ | કપાસ | -- | તા.૨૫-૧૦-૨૦૧૭ થી શરૂ |

(૨) આ ખરીદી માટે ઉકત સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા સેન્ટરો ખોલવામાં આવ્યા છે, અને

(૨) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ખોલવામાં આવેલ સેન્ટરોની વિગત નીચે મુજબ છે.

વર્ષ ૨૦૧૬-૧૭

| અ.નં. | તાલુકાનું નામ | તુવેર પાકના સેન્ટરો | મગફળી પાકના સેન્ટરો | કપાસ પાકના સેન્ટરો |
|---|---|---|---|---|
| ૧ | આમોદ | ૩ | - | - |
| ૨ | હાંસોટ | - | - | - |
| ૩ | વાગરા | ૧ | - | - |
| ૪ | અંકલેશ્વર | - | - | - |
| ૫ | જંબુસર | ૨ | - | - |
| ૬ | વાલીયા | ૧ | - | - |
| ૭ | ભરૂચ | ૩ | - | - |
| ૮ | ઝગડીયા | ૧ | - | - |
| ૯ | નેત્રંગ | ૧ | - | - |
| | કુલ | ૧૨ | - | - |

વર્ષ ૨૦૧૭-૧૮

| અ.નં. | તાલુકાનું નામ | તુવેર પાકના સેન્ટરો | મગફળી પાકના સેન્ટરો | કપાસ પાકના સેન્ટરો |
|---|---|---|---|---|
| ૧ | આમોદ | - | - | - |
| ૨ | હાંસોટ | - | - | - |
| ૩ | વાગરા | - | - | - |
| ૪ | અંકલેશ્વર | - | - | - |
| ૫ | જંબુસર | - | - | - |
| ૬ | વાલીયા | - | - | - |
| ૭ | ભરૂચ | - | - | ૨ |
| ૮ | ઝગડીયા | - | - | - |
| ૯ | નેત્રંગ | - | ૧ | - |
| | કુલ | - | ૧ | - |

(૩) જો ખરીદી શરૂ કરવામાં ન આવી હોય તો તેના કારણો શું છે અને ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

(૩) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭ માં તા.૧૭-૧-૨૦૧૭ થી તુવેર પાકની ખરીદી ટેકાના ભાવે કરવામાં આવેલ હતી. મગફળી અને કપાસ પાકનો નહિવત વિસ્તાર હોવાથી

ટેકાના ભાવે ખરીદી કરવામાં આવેલ ન હતી. ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ તુવેરની આવક ન હોવાને કારણે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવેલ નથી. તા. ૧૨-૦૩-૨૦૧૮ની રાજ્યમાં તુવેરની ટેકાના ભાવ ખરીદી શરૂ કરવામાં આવેલ છે, અને તા.૨૫-૧૦-૨૦૧૭ થી મગફળીની અને કપાસ પાકની તા.૨૫-૧૦-૨૧૭ થી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવેલ હતી.

---------

અંબાજી ચેક પોસ્ટ ખાતે વાહનો સામે કેસ

* ૭૭૧૦ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) **:** માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૬-૧૭ માં અંબાજી ખાતે ચેકપોસ્ટ સિવાયના રસ્તાઓથી પસાર થતા વાહનો સામે કેટલા કેસ કરવામાં આવ્યા, અને

(૨) તે વાહનો પાસેથી કેટલો દંડ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૬-૧૭ માં આરટીઓ ચેકપોસ્ટ અંબાજી ખાતે કોઈ વાહન ચોકપોસ્ટ સિવાયના રસ્તાઓથી પસાર થતા મળી આવેલ ન હોઈ કેસ કરવામાં આવ્યા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ખેડા અને પંચમહાલ જિલ્લામાં સરકારી પુસ્તકાલયોનું મંજુર મહેકમ

* ૯૪૩૬ શ્રી કાંતિભાઈ પરમાર (ઠાસરા) **:** માનનીય રમત-ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા સરકારી પુસ્તકાલયો આવેલા છે અને તેનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) અને (૨) પત્રક-અ સામેલ છે.

(૩) વહીવટી પ્રક્રિયા મુજબ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

પ ત્ર ક – અ

| ક્રમ | સંવર્ગનું નામ | જિલ્લો ખેડા | | | જિલ્લો પંચમહાલ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | નડીયાદ શહેર | | | ગોધરા | | | ઘોઘંબા | | |
| | | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | જિલ્લા ગ્રંથપાલ | ૦૧ | ૦૧ | – | ૦૧ | – | ૦૧ | – | – | – |
| ૨ | મદદનીશ ગ્રંથપાલ | ૦૧ | ૦૧ | – | – | – | – | ૦૧ | ૦૧ | – |
| ૩ | ગ્રંથાલય કારકૂન | ૦૧ | ૦૧ | – | ૦૧ | – | ૦૧ | – | – | – |
| ૪ | કનિયાન કારકૂન | ૦૧ | ૦૧ | – | ૦૧ | – | ૦૧ | – | – | – |
| ૫ | પટાવાળા | ૦૧ | – | ૦૧ | ૦૧ | ૦૧ | – | ૦૧ | – | ૦૧ |
| | કુલ સરવાળો | ૦૫ | ૦૪ | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૧ |

---------

સુરત અને નવસારી જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોની સંખ્યા

* ૯૪૧૬ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) **:** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સુરત અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટકેટલી છે, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ગરીબી રેખાની નીચે જીવતા પરિવારોની કુલ સંખ્યા સુરત જિલ્લામાં ૧૧૪૫૮૩ અને નવસારી જિલ્લામાં ૬૯૯૯૪ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ૦ થી ૧૬ | ૧૭ થી ૨૦ સ્કોર | કુલ |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | સુરત | ૫૪૬૮૭ | ૫૯૮૯૬ | ૧૧૪૫૮૩ |
| ૨ | નવસારી | ૩૨૪૫૪ | ૩૭૫૪૦ | ૬૯૯૯૪ |
| | કુલ | ૮૭૧૪૧ | ૯૭૪૩૬ | ૧૮૪૫૭૭ |

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

(૨) સુરત અને નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ–૪૧૨૧ ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોનો વધારો થયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | છેલ્લા બે વર્ષમાં વધારો | કુલ |
|---|---|---|---|
| ૧ | સુરત | ૧ | ૧ |
| ૨ | નવસારી | ૪૧૨૦ | ૪૧૨૦ |
| | કુલ | ૪૧૨૧ | ૪૧૨૧ |

---------

આણંદ આરટીઓ કચેરીમાં નોંધાયેલ વાહન

* ૭૭૩૨ સીમાબેન મોહિલે (અકોટા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) આણંદ આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા વાહન નોંધાયેલ છે, અને

(૨) તેના ટેક્ષની કેટલી આવક થયેલ છે?

જવાબ

(૧) આણંદ આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં ૪૯,૬૬૩ વાહનો નોંધાયેલ છે.

(૨) તેના ટેક્ષની રૂ. ૬૪૫૧.૭૯ લાખ આવક થયેલ છે.

---------

ભુજ આરટીઓ કચેરીમાં નોંધાયેલ મોટર ડ્રાઈવીંગ સ્કૂલ

* ૭૬૯૮ માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભૂજ આરટીઓ કચેરીમાં તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ કેટલી મોટર ડ્રાઈવીંગ સ્કુલ નોંધાયેલ છે, અને

(૨) તે પૈકી કેટલી મોટર ડ્રાઈવીંગ સ્કુલના લાયસન્સની ચકાસણી કરવામાં આવી?

જવાબ

(૧) ભૂજ આરટીઓ કચેરીમાં તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ કુલ ૪૭ મોટર ડ્રાઈવીંગ સ્કુલ નોંધાયેલ છે.

(૨) તે પૈકી કુલ ૪૭ મોટર ડ્રાઈવીંગ સ્કુલના લાયસન્સની ચકાસણી કરવામાં આવી.

---------

રાજ્યમાં પ્રાઈસ સ્ટેબીલીટી ફંડ દ્વારા ન્યુનત્તમ કિંમતો

* ૮૫૪૬ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં અનાજ, કઠોળ અને શાકભાજીની ન્યુનત્તમ સહાય કિંમતો નક્કી કરવા માટે પ્રાઈસ સ્ટેબીલીટી ફંડ ઉભું કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો પ્રાઈસ સ્ટેબીલીટી ફંડ દ્વારા અનાજ, કઠોળ અને શાકભાજીના છેલ્લા બે વર્ષમાં ઉક્ત સ્થિતિએ શું ન્યુનત્તમ કિંમતો નક્કી કરવામાં આવી, અને

(૩) જો ના, તો કયા કારણોસર ન્યુનત્તમ કિંમતો નક્કી કરવામાં આવી નથી?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ભારત સરકારશ્રી દ્વારા ટેકાના ભાવની યોજનામાં સમાવિષ્ટ પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવ નક્કી કરવામાં આવે છે.

---------

જામનગર જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને સહાય

* ૭૮૧૯ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને થાપણ વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે. અને

જવાબ

(૧) ૧૪

(૨) જિલ્લા માટે કેટલી જોગવાઇ કરવામાં આવેલ છે? | (૨) જિલ્લાવાર જોગવાઇ કરવામાં આવતી નથી.

---------

હિંમતનગર આરટીઓ કચેરીમાં ઇસ્યુ કરેલ નવા ડ્રાઈવીંગ લાયસન્સ

* ૭૬૯૦ શ્રી હિતુ નરેશ કનોડીયા (ઇડર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હિંમતનગર આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭માં કેટલા નવા ડ્રાઈવીંગ લાયસન્સ ઇસ્યુ કરવામાં આવેલ છે, અને | (૧) હિંમતનગર આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૪,૪૪૪ નવા ડ્રાઈવીંગ લાયસન્સ ઇસ્યુ કરવામાં આવેલ છે. |
| (૨) કેટલા લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ? | (૨) ૧૦,૧૭૮ લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ. |

---------

થરાદ આરટીઓ ખાતે પેસેન્જર બસો સામે કેસ

* ૭૭૧૯ શ્રી પ્રદિપભાઇ પરમાર (અસારવા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આરટીઓ ચેકપોસ્ટ થરાદ ખાતેથી વર્ષ ૨૦૧૬-૧૭માં કેટલી પેસેન્જર બસો સામે કેસ કરવામાં આવ્યા, અને | (૧) આરટીઓ ચેકપોસ્ટ થરાદ ખાતેથી વર્ષ ૨૦૧૬-૧૭માં ૫૩૨ પેસેન્જર બસો સામે કેસ કરવામાં આવ્યા. |
| (૨) તે બસો પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો? | (૨) તે બસો પાસેથી ૧૧.૮૦ લાખ રૂપિયા દંડ વસુલ કરવામાં આવ્યો |

---------

પોરબંદર જિલ્લામાં ઘઉંના જથ્થાનો બગાડ

* ૮૩૮૧ શ્રી પુંજાભાઇ વંશ (ઉના) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદરમાં સરકારી અનાજ ગોડાઉનમાં ઘઉંનો જથ્થો સડી ગયો / બગડી ગયો હોવા અંગેની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદરમાં સરકારી અનાજ ગોડાઉનોમાં કોઈ જથ્થો સડી કે બગડી ગયો નથી. |
| (૨) જો હા, તો ઘઉંનો કેટલી રકમનો કેટલો જથ્થો કયા કારણોસર સડી / બગડી ગયો હતો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જવાબદારો સામે શું પગલા લીધા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં મનરેગા યોજના કામો

* ૮૫૬૭ શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળીયા) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલા કામો પ્રગતિમાં છે, અને | (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત નીચેની વિગતે કામો પ્રગતિમાં છે. |

| જિલ્લોઃ- દેવભૂમિ દ્વારકા | | |
|---|---|---|
| પ્રગતિ હેઠળના કામોની સંખ્યા | | |
| ક્રમ | તાલુકાનું નામ | કામોની સંખ્યા |
| ૧ | ભાણવડ | ૧૦૫ |
| ૨ | કલ્યાણપુર | ૨૧૮ |
| ૩ | ખંભાળીયા | ૪૨૫ |
| ૪ | ઓખામંડળ | ૨૦૫ |
| | કુલ... | ૯૫૩ |

| જિલ્લોઃ- જામનગર |
|---|
| પ્રગતિ હેઠળના કામોની સંખ્યા |

| ક્રમ | તાલુકાનું નામ | કામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધ્રોલ | ૩૩૧ |
| ૨ | જામજોધપુર | ૫૧૨ |
| ૩ | જામનગર | ૭૪ |
| ૪ | જોડીયા | ૧૯૭ |
| ૫ | કાલાવાડ | ૫૯૬ |
| ૬ | લાલપુર | ૨૨૫ |
| | કુલ... | ૧૯૩૫ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા નાણાં ફાળવવામાં આવ્યા?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે નાણાં ફાળવવામાં આવ્યા.

| જિલ્લોઃ- દેવભૂમિ દ્વારકા | | |
|---|---|---|
| તા. ૦૧/૦૧/૨૦૧૬ થી તા. ૩૧/૧૨/૨૦૧૭ સુધી ફાળવેલ નાણાં રકમ (રૂ. લાખમાં) | | |
| ક્રમ | તાલુકાનું નામ | રકમ રૂ. |
| ૧ | ભાણવડ | ૧૩૩.૩૯ |
| ૨ | કલ્યાણપુર | ૬૧૨.૦૮ |
| ૩ | ખંભાળીયા | ૫૮૭.૯૧ |
| ૪ | ઓખામંડળ | ૫૪૬.૧૯ |
| | કુલ... | ૧૮૭૯.૫૭ |

| જિલ્લોઃ- જામનગર | | |
|---|---|---|
| તા. ૦૧/૦૧/૨૦૧૬ થી તા. ૩૧/૧૨/૨૦૧૭ સુધી ફાળવેલ નાણાં રકમ (રૂ. લાખમાં) | | |
| ક્રમ | તાલુકાનું નામ | રકમ રૂ. |
| ૧ | ધ્રોલ | ૩૯૨.૭૦ |
| ૨ | જામજોધપુર | ૪૧૨.૭૯ |
| ૩ | જામનગર | ૪૩૭.૦૫ |
| ૪ | જોડીયા | ૪૫૪.૨૬ |
| ૫ | કાલાવાડ | ૨૬૧.૯૫ |
| ૬ | લાલપુર | ૮૯.૩૮ |
| | કુલ... | ૨૦૪૮.૧૩ |

---------

દાહોદ અને પંચમહાલ જિલ્લામાં સરકારી પુસ્તકાલયોનું મંજુર મહેકમ

*** ૯૪૨૮ શ્રીમતિ ચંદ્રીકાબેન બારીયા (ગરબાડા) :** માનનીય રમત-ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા સરકારી પુસ્તકાલયો આવેલા છે અને તેનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) અને (૨) પત્રક-અ સામેલ છે.

(૩) વહીવટી પ્રક્રિયા મુજબ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

પત્રક-અ

| ક્રમ | સંવર્ગનું નામ | જિલ્લો દાહોદ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | દાહોદ શહેર | | | લીમખેડા | | | દેવગઢબારીયા | | | ઝાલોદ | | |
| | | મંજૂર | ભરાયેલ | ખાલી | મંજૂર | ભરાયેલ | ખાલી | મંજૂર | ભરાયેલ | ખાલી | મંજૂર | ભરાયેલ | ખાલી |

| | | મહેકમ | જગ્યા | જગ્યા | મહેકમ | જગ્યા | જગ્યા | મહેકમ | જગ્યા | જગ્યા | મહેકમ | જગ્યા | જગ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મદદનીશ ગ્રંથપાલ | ૦૧ | ૦૧ | – | ૦૧ | ૦૧ | – | ૦૧ | ૦૧ | – | – | – | – |
| ૨ | ગ્રંથાલય કારકૂન | – | – | – | ૦૧ | – | ૦૧ | ૦૧ | – | ૦૧ | ૦૧ | – | – |
| ૩ | પટાવાળા | – | – | – | ૦૧ | ૦૧ | – | – | – | – | – | ૦૧ | – |
| | કુલ સરવાળો | ૦૧ | ૦૧ | – | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | – |

| ક્રમ | સંવર્ગનું નામ | જિલ્લો પંચમહાલ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગોધરા શહેર | | | ઘોઘંબા | | |
| | | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | જિલ્લા ગ્રંથપાલ | ૦૧ | – | ૦૧ | – | – | – |
| ૨ | મદદનીશ ગ્રંથપાલ | – | – | – | ૦૧ | ૦૧ | |
| ૩ | ગ્રંથાલય કારકૂન | ૦૧ | – | ૦૧ | – | – | – |
| ૪ | કનિયાન કારકૂન | ૦૧ | – | ૦૧ | – | – | – |
| ૫ | પટાવાળા | ૦૧ | ૦૧ | – | ૦૧ | – | ૦૧ |
| | કુલ સરવાળો | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૧ |

---------

થરાદ આરટીઓ ખાતે ઓવરલોડ વાહન

* ૭૬૮૧ શ્રી હસમુખભાઇ પટેલ (અમરાઇવાડી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આરટીઓ ચેકપોસ્ટ થરાદ ખાતેથી વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા ઓવરલોડ વાહન પસાર થયા, અને | (૧) આરટીઓ ચેકપોસ્ટ થરાદ ખાતેથી વર્ષ ૨૦૧૬–૧૭માં ૮૩૬૯ ઓવરલોડ વાહન પસાર થયા. |
| (૨) તે વાહનો પાસેથી કેટલો દંડ કરવામાં આવ્યો? | (૨) તે વાહનો પાસેથી રૂ. ૩.૧૦ કરોડ દંડ કરવામાં આવ્યો. |

---------

બનાસકાંઠા જિલ્લામાં અનાજ સંગ્રહ માટે ગોડાઉન બનાવવા બાબત

* ૭૭૬૫ શ્રી કિર્તિસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને અનાજ સંગ્રહ થાય તે માટે કેટલી સેવા મંડળીઓમાં ગોડાઉનો બાંધવામાં આવેલ છે, અને | (૧) ૨૦૧૬–૧૭ ૫૨<br>૨૦૧૭–૧૮ ૦૭ |
| (૨) તે ગોડાઉનો માટે રાજ્ય સરકારે કેટલી સહાય આપી છે ? | (૨) રૂ. ૨૭૫.૮૭ લાખ |

---------

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાનું આયોજન

* ૭૮૧૧ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વચ્છ ભારત અભિયાન અંગે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ)નું રાજ્યમાં વર્ષ | (૧) ના, સ્વચ્છ ભારત અભિયાન અંગે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ)નું રાજ્યમાં વર્ષ |

| | |
|---|---|
| ૨૦૧૭–૧૮માં કઈ આયોજન છે, અને | ૨૦૧૭–૧૮માં કોઈ આયોજન નથી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજયમાં ખેડુતલક્ષી વિવિધ યોજનાઓની ઓનલાઇન અરજી

* ૯૮૭૫ શ્રી વિરજીભાઈ ઠુમ્મર (લાઠી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યના ખેડુતોને ખેડુતલક્ષી વિવિધ યોજનાઓ માટે ઓનલાઇન કરવાની પ્રથા રાજ્ય સરકારે દાખલ કરેલ છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓનલાઇન અરજી કરવા માટેનો પુરતો સમયગાળો આપવામાં આવતો નથી એટલે ખેડુતોની ફરિયાદો વિભાગને આપેલ છે કે કેમ, અને | (૨) આઈ ખેડુત પોર્ટલ મારફત ખેડુતો પાસેથી ખેતીવાડી વિભાગની વિવિધ ઘટકોમાં અરજીઓ મેળવવા જે તે વર્ષની શરૂઆતમાં પોર્ટલ ખોલવામાં આવે છે. ત્યાર બાદ લક્ષ્યાંકથી ઓછી અરજી મળે ત્યારે જરૂરિયાત અનુસાર પુનઃ પોર્ટલ ખોલવામાં આવે છે. આમ, ખેડૂતોને લક્ષ્યાંકની મર્યાદામાં પુરતો લાભ મળી રહે તે માટેનો પુરતો સમયગાળો આપવામાં આવે છે. તેમ છતાં, આ અંગે કેટલીક રજુઆતો વિભાગને મળેલ છે. |
| (૩) જો હા, તો ઓનલાઇન અરજીની તારીખ જાહેર કરવામાં આવે તેની સાથે અરજી કરવાની છેલ્લી તારીખ દર્શાવી ખેડુતોને પડતી મુશ્કેલીઓ દુર કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) ૧. સમાચાર પત્રો તથા અન્ય પ્રચાર પ્રસાર માધ્યમોથી બહોળા ખેડૂત સમુદાયને જાણકારી મળી રહે તેવા તમામ પ્રયત્નો કરવામાં આવે છે.<br>૨. દરેક જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓ દ્ધારા પણ સંલગ્ન જિલ્લાના વિસ્તરણ તંત્ર મારફત પ્રચાર–પ્રસાર કરવામાં આવે છે. |

---------

પ્રધાનમંત્રી ફસલ બિમા યોજનામાં વિમા પ્રિમિયમ વસૂલી

* ૯૮૩૦ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના **PMFBY** ની ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા તેમજ રાજ્ય સરકારના ઠરાવો મુજબ નિયત સમય મર્યાદામાં વિમાપાત્ર (નોટીફાઇડ) પાકોનું ધિરાણ મેળવેલ હોય તેવા ખેડૂતો પૈકી ઓનલાઇન અરજી ન કરનાર ખેડૂતોનું પણ વિમા પ્રિમિયમ વસૂલી રાજ્ય સરકારે નિયુક્ત કરેલ વિમા કંપનીને ફરજિયાત ચૂકવે છે તે હકીકત તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ખરી છે કે કેમ, | (૧) જે ખેડૂતોનું વિમા પ્રિમિયમ વસુલવામાં આવે છે તેવા ખેડૂતો દ્ધારા અથવા સંબંધિત બેન્કો દ્ધારા તેઓના વતી ઓનલાઇન અરજી કરી વિમા પ્રિમિયમ સંબંધિત વિમા કંપનીને ચૂકવવામાં આવે છે. |
| (૨) જો હા, તો ઉક્ત ખેડૂતો પાસેથી ફરજીયાત વિમા પ્રિમિયમ વસૂલવાના શા કારણો છે, અને | (૨) પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના (PMFBY) યોજનાની માર્ગદર્શિકાની જોગવાઈઓ મુજબ ધિરાણી ખેડૂતોને પાક જોખમો સામે રક્ષણ આપવા ખેડૂતો પાસેથી વિમા પ્રિમિયમ વસુલવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત વિમા પાત્ર (નોટીફાઇડ) પાકોનું ધિરાણ મેળવતા ખેડૂતો પાસેથી ફરજીયાત પ્રિમિયમ વસૂલવાની ગંભીર ફરીયાદ નિવારવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) તે સંદર્ભે ચાલુ વર્ષે પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના (**PMFBY**) ની ગાઇડલાઈનમાં સુધારો કરવા અંગે રાજ્ય સરકારે જા.નં. **PFB/102017/GOI-386/K-7,**<br>**Date : 02/01/2018** ના પત્રથી કેન્દ્ર સરકારશ્રીને સુચનો મોકલી આપેલ છે. |

## તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

### સોનગઢ ચેક પોસ્ટ ખાતે વાહનો સામે કેસ

* ૭૭૦૯ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) **:** માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૬–૧૭માં સોનગઢ ખાતે ચેકપોસ્ટ સિવાયના રસ્તાઓથી પસાર થતા વાહનો સામે કેટલા કેસ કરવામાં આવ્યા, અને

(૨) તે વાહનો પાસેથી કેટલો દંડ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૬–૧૭માં સોનગઢ ખાતે ચેકપોસ્ટ સિવાયના રસ્તાઓથી પસાર થતા વાહનો સામે ૦૫ કેસ કરવામાં આવ્યા.

(૨) તે વાહનો પાસેથી રૂ. ૧.૨૨ લાખ દંડ કરવામાં આવ્યો.

---------

### બોટાદ અને તાપી જિલ્લામાં મનરેગા યોજનામાં રકમ ફાળવણી

* ૯૩૮૬ શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા) **:** માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

(૨) તે પૈકી બોટાદ અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ ફાળવી, અને

(૩) ઉક્ત જિલ્લાઓમાં મનરેગા યોજનામાં ગેરરીતિઓની કેટલી ફરીયાદો સરકારને મળી ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચેની વિગતે રકમ ગુજરાત સરકારને મળી.

| ભારત સરકાર પાસેથી ગુજરાત સરકારને મળેલ રકમ (રૂ. લાખમાં) | | |
|---|---|---|
| તા. ૦૧–૦૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ સુધી મળેલ રકમ રૂ. | તા. ૦૧–૦૧–૨૦૧૭ થી તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધી મળેલ રકમ રૂ. | કુલ મળેલ રકમ રૂ. |
| ૬૩૮૭૨.૦૦ | ૮૨૯૯૯.૦૦ | ૧૪૬૮૭૧.૦૦ |

(૨) તે પૈકી બોટાદ અને તાપી જિલ્લામાં જિલ્લાવાર નીચેની વિગતે રકમ ફાળવી.

| ફાળવેલ રકમ (રૂ. લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | તા. ૧–૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ સુધી ફાળવેલ રકમ રૂ. | તા. ૧–૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ સુધી ફાળવેલ રકમ રૂ. | કુલ ફાળવેલ રકમ રૂ. |
| ૧ | બોટાદ | ૭૫૯.૩૭ | ૫૩૫.૯૮ | ૧૨૯૫.૩૫ |
| ૨ | તાપી | ૫૪૩૯.૦૪ | ૬૭૬૨.૮૬ | ૧૨૨૦૧.૯૦ |
| કુલ... | | ૬૧૯૮.૪૧ | ૭૨૯૮.૮૪ | ૧૩૪૯૭.૨૫ |

(૩) ઉક્ત જિલ્લાઓમાં મનરેગા યોજનામાં ગેરરીતિઓની નીચેની વિગતે ફરિયાદો સરકારને મળી.

| ગેરરીતિની મળેલ ફરિયાદોની સંખ્યા | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | તા. ૧–૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ સુધી મળેલ ફરીયાદોની સંખ્યા | તા. ૧–૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ સુધી મળેલ ફરીયાદોની સંખ્યા | કુલ મળેલ ફરીયાદોની સંખ્યા |
| ૧ | બોટાદ | ૦ | ૧ | ૧ |
| ૨ | તાપી | ૨ | ૫ | ૭ |

| કુલ... | ૨ | ૬ | ૮ |
|---|---|---|---|

---------

રાજ્યમાં ખેડૂતોને મગફળી અને કપાસના પોષણક્ષમ ભાવો

* ૯૩૪૭ શ્રી ઋત્વિકભાઈ મકવાણા (ચોટીલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યના ખેડૂતોને મગફળી અને કપાસના પોષણક્ષમ ભાવો મળે અથવા ભાવોમાં વધારો કરવા માટે
તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને ક્યારે–ક્યારે પત્ર લખ્યા, માંગણી કરી, રજૂઆત કરી કે દરખાસ્ત કરી,

જવાબ

(૧) રાજ્યના ખેડૂતોને ભારત સરકારની ટેકાના ભાવની યોજનામાં પોષણક્ષમ ભાવો મળે તે માટે ગુજરાત રાજ્ય કૃષિ ભાવ પંચ દર વર્ષે ટેકાના ભાવોની ભલામણ ભારત સરકારશ્રીની સંસ્થા કૃષિ ખર્ચ અને ભાવ પંચ, નવી દિલ્હીને કરે છે. તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારશ્રીની સંસ્થા કૃષિ ખર્ચ અને ભાવ પંચ, નવી દિલ્હીની નીચેની વિગતે ખરીદ પાકોના ટેકાના ભાવ માટે દરખાસ્ત કરવામાં આવી.

| અ.નં. | વર્ષ | ભારત સરકારશ્રીને દરખાસ્ત કર્યા તારીખ |
|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૦૮–૧૨–૨૦૧૫ |
| ૨ | ૨૦૧૭ | ૧૬–૦૧–૨૦૧૭ |

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફતી ક્યારે શા પ્રતિભાવ મળ્યા, અને

(૨) છેલ્લા બે વર્ષમાં ભારત સરકારશ્રી દ્વારા મગફળી અને કપાસના ટેકાના ભાવો નીચે મુજબ જાહેર કરવામાં આવેલા છે.

| અ.નં. | પાકનું નામ | ટેકાના ભાવ (રૂ./ક્વિન્ટલ) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૬–૧૭ તા. ૩.૦૬.૨૦૧૬ | વર્ષ ૨૦૧૭–૧૮ તા.૧૩.૦૬.૨૦૧૭ |
| ૧ | મગફળી | ૪૨૨૦ | ૪૪૫૦ |
| ૨ | કપાસ (લંબતારી) | ૪૧૬૦ | ૪૩૨૦ |
| | કપાસ | ૩૮૬૦ | ૪૦૨૦ |

(૩) કપાસ અને મગફળીના પોષણક્ષમ ભાવોમાં ઉક્ત સ્થિતિએ કેટલો વધારો છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યો ?

(૩)

| અ. નં. | પાકનું નામ | ટેકાના ભાવ (રૂ./ક્વિન્ટલ) | | ટેકાના ભાવમાં વધારો (રૂ./ક્વિન્ટલ) |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૬–૧૭ | વર્ષ ૨૦૧૭–૧૮ | |
| ૧ | મગફળી | ૪૨૨૦ | ૪૪૫૦ | ૨૩૦ |
| ૨ | કપાસ (લંબતારી) | ૪૧૬૦ | ૪૩૨૦ | ૧૬૦ |
| | કપાસ | ૩૮૬૦ | ૪૦૨૦ | ૧૬૦ |

---------

નવસારી આરટીઓ કચેરીમાં વાહનોની ઓલ ઈન્ડીયા પરમીટ આપવા બાબત

* ૭૭૦૫ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નવસારી આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા વાહનોની ઓલ ઈન્ડીયા પરમીટ આપવામાં આવી, અને

જવાબ

(૧) નવસારી આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં કોઈ પણ વાહનોની ઓલ ઈન્ડીયા પરમીટ આપવામાં આવેલ નથી.

(૨) તેની કેટલી ફી અને ટેક્ષ વસુલ કરવામાં આવેલ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તાપી જિલ્લામાં બાગાયત ખાતામાં સહાય

* ૭૬૭૧ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકો માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તે માટે તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭-૧૮માં તાપી જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ. ૬,૧૨,૬૯૮/- |

---------

ગાંધીનગર જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજનાની અરજીઓ

* ૭૬૭૨ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂત ખાતેદાર અકસ્માત વિમા યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૯૮-અરજીઓ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૨) રૂ. ૩૮.૦૦ લાખ |
| (૩) કેટલી સહાય ચુકવવાની બાકી છે ? | (૩) ઉક્ત સ્થિતિએ મંજુર થયેલ તમામ અરજીઓની સહાયનું વિમા નિયામકશ્રીની કચેરી દ્વારા ચુકવણું પૂર્ણ કરવામાં આવેલ છે. |

---------

નવસારી જિલ્લામાં બાગાયત ખાતામાં સહાય

* ૭૬૭૦ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકો માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા, |
| (૨) જો હા, તો તે માટે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭-૧૮માં તાપી જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે. | (૨) નવસારી રૂ. ૩,૧૭,૧૩૪/-<br>તાપી રૂ.૬,૧૨,૬૯૮/- |

---------

ભાવનગર આરટીઓ કચેરીમાં ઇસ્યુ કરેલ નવા ડ્રાઈવીંગ લાયસન્સ

* ૭૬૯૧ શ્રી ભીખાભાઈ બારૈયા (પાલીતાણા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કેટલા નવા ડ્રાઈવીંગ લાયસન્સ ઇસ્યુ કરવામાં આવેલ છે, અને | (૧) ભાવનગર આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં ૩૦,૧૫૨ નવા ડ્રાઈવીંગ લાયસન્સ ઇસ્યુ કરવામાં આવેલ છે. |
| (૨) કેટલા લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ? | (૨) ૧૮,૫૮૧ લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ. |

---------

ખેડા જિલ્લામાં ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ

* ૭૮૫૮ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ખેડા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું? | ખેડા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું. |

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો |
|---|---|

| | (મેટ્રીક ટનમાં) |
|---|---|
| ખાંડ | ૩૭૪૬.૪૫ |
| આયોડીનયુક્ત મીઠું | ૧૭૪૧.૫૧ |

---------

નર્મદા જિલ્લામાં ટ્રેલીઝ મંડપમાં સહાય

* ૭૬૬૬ શ્રી શૈલેશભાઈ મહેતા (ડભોઈ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) રાજ્યમાં વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે,

(૧) હા,

(૨) જો હા, તો સહાયની જોગવાઈ શું છે, અને

(૨) (અ) કાચા મંડપમાં (ટામેટા/મરચાં અને અન્ય શાકભાજીના પાકો માટે)

ત્રણ વર્ષમાં એકવાર

યુનિટ કોસ્ટ રૂ. ૫૨,૦૦૦/ હેક્ટર

| ખેડૂત | ખર્ચના ટકા | સહાયની મહત્તમ મર્યાદા |
|---|---|---|
| સામાન્ય | ૫૦ટકા | રૂ. ૨૬,૦૦૦/– હેક્ટરે |
| અનુ.જન.જાતિ તથા અનુ.જાતિ | ૭૫ટકા | રૂ. ૩૯,૦૦૦/– હેક્ટરે |
| દેવીપૂજક | ૯૦ટકા | રૂ. ૪૬,૮૦૦/– હેક્ટરે |

(બ) <u>અર્ધ પાકા મંડપમાં વેલાવાળા શાકભાજીના પેડલ</u>

પાંચ વર્ષમાં એકવાર

યુનિટ કોસ્ટ રૂ. ૮૦,૦૦૦/ હેક્ટર

| ખેડૂત | ખર્ચના ટકા | સહાયની મહત્તમ મર્યાદા |
|---|---|---|
| સામાન્ય | ૫૦ટકા | રૂ. ૪૦,૦૦૦/– હેક્ટરે |
| અનુ.જન.જાતિ તથા અનુ.જાતિ | ૭૫ટકા | રૂ. ૬૦,૦૦૦/– હેક્ટરે |
| દેવીપૂજક | ૯૦ટકા | રૂ. ૭૨,૦૦૦/– હેક્ટરે |

(ક) <u>પાકા મંડપઃ વેલાવાળા શાકભાજીના પેડલ</u>

આઠ વર્ષમાં એકવાર

યુનિટ કોસ્ટ રૂ. ૧,૬૦,૦૦૦/ હેક્ટર

| ખેડૂત | ખર્ચના ટકા | મહત્તમ મર્યાદામાં સહાય |
|---|---|---|
| સામાન્ય | ૫૦ટકા | રૂ. ૮૦,૦૦૦/– હેક્ટરે |
| અનુ.જન.જાતિ તથા અનુ.જાતિ | ૭૫ટકા | રૂ.૧,૨૦,૦૦૦/– હેક્ટરે |
| દેવીપૂજક | ૯૦ટકા | રૂ.૧,૪૪,૦૦૦/– હેક્ટરે |

(૩) તથા આ યોજના અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭–૧૮માં નર્મદા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવામાં આવેલ છે?

(૩) ૯ લાભાર્થીઓને રૂ. ૯૯,૯૮૦/– ની સહાય ચુકવવામાં આવેલ છે.

---------

તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નોત્તરી

બિલીમોરા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર રકમ

* ૭૭૪૨ શ્રી પુર્ણેશભાઈ મોદી (સુરત પશ્ચિમ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લાની બિલીમોરા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૧૯.૮૫ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂ. ૧૯.૮૫ લાખ. |

---------

નવસારી અને ભરૂચ જિલ્લામાં માછીમારો માટેના ઈજારા

* ૯૪૧૧ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ નવસારી અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર જળાશયોમાં માછીમારી માટેના કેટલા ઈજારા કયા ઈજારદારોને આપવામાં આવ્યા છે, | (૧) નવસારી જિલ્લામાં બે અને ભરૂચ જિલ્લામાં પાંચ ઈજારદારોની માહિતી પત્રક–૧ અને પત્રક–૨ મુજબ |
| (૨) ઉક્ત ઈજારા કેટલા સમય માટે આપવામાં આવેલ છે, | (૨) પાંચ વર્ષ |
| (૩) તે અન્વયે કેટલી ડીપોઝીટ જળાશયવાર લેવામાં આવેલ છે, અને | (૩) અને (૪) પત્રક–૧ અને પત્રક–૨ મુજબ |
| (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જળાશયવાર ઈજારા પેટે કેટલી આવક થઈ ? | |

પત્રક–૧

| ક્રમ | જળાશય/સિંચાઈ તળાવનું નામ | જિલ્લાનું નામ | ઈજારદારનું નામ | ઈજારાની મુદત | સિક્યોરીટી ડીપોઝીટ પેટે જમાં કરેલ રકમ (રૂપિયામાં) | ઈજારા પેટે થયેલ આવક તા.૧/૧/૨૦૧૬થી તા.૩૧/૧૨/૨૦૧૬ (રૂપિયામાં) | ઈજારા પેટે થયેલ આવક તા.૧/૧/૨૦૧૭થી તા.૩૧/૧૨/૨૦૧૭ (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કેલીયા | નવસારી | કેલીયા આદિવાસી મત્સ્યો સહકારી મં.લી. કેલીયા | પાંચ વર્ષ | **9040** | **45198** | **45198** |
| ૨ | જુજ | નવસારી | આદિવાસી સર્વોદય મત્સ્ય ઉછેર સહકારી મંડળી મું. રાયબોર | પાંચ વર્ષ | **13155** | **65777** | **0** |
| | | | | | | **110975** | **45198** |

પત્રક–૨

| ક્રમ | જળાશય/સિંચાઈ તળાવનું નામ | જિલ્લાનું નામ | ઈજારદારનું નામ | ઈજારાની મુદત | સિક્યોરીટી ડીપોઝીટ પેટે જમાં કરેલ રકમ.(રૂપિયામાં) | ઈજારા પેટે થયેલ આવક તા.૧/૧/૨૦૧૬થી તા.૩૧/૧૨/૨૦૧૬ (રૂપિયામાં) | ઈજારા પેટે થયેલ આવક તા.૧/૧/૨૦૧૭થી તા.૩૧/૧૨/૨૦૧૭ (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પીંગોટ | ભરૂચ | ધી પીંગુટ | પાંચ વર્ષ | 8655 | 43275 | 43275 |

| ક્રમ | જળાશય/સિંચાઈ તળાવનું નામ | જિલ્લાનું નામ | ઈજારદારનું નામ | ઈજારાની મુદત | સિક્યોરીટી ડીપોઝીટ પેટે જમાં કરેલ રકમ.(રૂપિયામાં) | ઈજારા પેટે થયેલ આવક તા.૧/૧/૨૦૧૬થી તા.૩૧/૧૨/૨૦૧૬ (રૂપિયામાં) | ઈજારા પેટે થયેલ આવક તા.૧/૧/૨૦૧૭થી તા.૩૧/૧૨/૨૦૧૭ (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|---|---|
| | | | આદિવાસી મત્સ્યો સહકારી મં લી મહુજા | | | | |
| ૨ | ભાંગોરીયા | ભરૂચ | ધી ભાંગોરીયા આદિવાસી મત્સ્યોગ સહકારી મંડળી લી. ગામ ભાંગોરીયા તા. નેત્રંગ | પાંચ વર્ષ | 589 | 2946 | 2946 |
| ૩ | બલદેવા | ભરૂચ | ધી પીંગુટ આદિવાસી મત્સ્યોગ સહકારી મં લી મુજા તા. નેત્રંગ | પાંચ વર્ષ | 7456 | 37278 | 37278 |
| ૪ | દરિયા | ભરૂચ | પડવાણીયા આદિવાસી મત્સ્યો સહકારી મં લી મુઈ દરીયા તા. જગડીયા | પાંચ વર્ષ | 357 | 1787 | 1787 |
| ૫ | ધોલી | ભરૂચ | શ્રી કાંતીભાઈ કારીયાભાઈ વસાવા ધોલેશ્વર તા જગડીયા જી. ભરૂચ | પાંચ વર્ષ | 11257 | 56287 | 56287 |
| | | | | | 28314 | 141573 | 141573 |

---------

ભરૂચ જિલ્લામાં પપૈયા પાકના વાવેતરમાં સહાય

*** ૭૬૬૦ શ્રી વી.ડી. ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા |
| (૨) જો હા, તો તે માટે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭–૧૮માં ભરૂચ જિલ્લામાં કેટલી સહાય ચુકવવામાં આવેલ છે ? | (૨) રૂ. ૩૦,૧૦,૬૮૦/- |

---------

વડોદરા અને નર્મદા જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી/પશુધન નિરીક્ષકની મંજુર જગ્યાઓ

*** ૯૪૨૫ શ્રી જશપાલસિંહ ઠાકોર (પાદરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

## તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરીક્ષકની કુલ કેટલી મંજુર જગ્યાઓ છે,

(૧)

| અ.નં. | જિલ્લો | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ની મંજુર જગ્યા | પશુધન નિરીક્ષકની મંજુર જગ્યા |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૨૭ | ૬૯ |
| ૨ | નર્મદા | ૨૦ | ૪૩ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| અ.નં. | જિલ્લો | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ની ખાલી જગ્યા | પશુધન નિરીક્ષકની ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૦૭ | ૩૮ |
| ૨ | નર્મદા | ૧૭ | ૩૦ |

(૩) ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે?

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની કુલ ૧૪૪ જગ્યાઓ અને પશુધન નિરીક્ષકની કુલ ૪૦૦ જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે. તેમજ પશુચિકિત્સા અધિકારી અને પશુધન નિરીક્ષકની બાકી ખાલી જગ્યાઓ શક્ય એટલી ઝડપથી ભરવાનું આયોજન છે.

---------

### ભીલાડ આરટીઓ ખાતે ઓવરલોડ વાહન

*** ૭૬૮૦ શ્રી હર્ષ સંઘવી (મજુરા) :** માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) આરટીઓ ચેકપોસ્ટ ભીલાડ ખાતેથી વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા ઓવરલોડ વાહન પસાર થયા, અને

(૧) આરટીઓ ચેકપોસ્ટ ભીલાડ ખાતેથી વર્ષ ૨૦૧૬–૧૭માં ૨૨૯૪ ઓવરલોડ વાહન પસાર થયા.

(૨) તે વાહનો પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો?

(૨) તે વાહનો પાસેથી રૂ. ૭૨.૨૩ લાખ દંડ વસુલ કરવામાં આવ્યો.

---------

### પારડી બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર રકમ

*** ૭૭૪૪ શ્રી કનુભાઇ દેસાઇ (પારડી) :** માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાની પારડી બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૧) રૂ. ૧૫૭.૫૫ લાખ.

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

(૨) રૂ. ૧૫૭.૫૫ લાખ.

---------

### રાજકોટ જિલ્લામાં અંત્યોદય કાર્ડ

*** ૧૦૦૬૫ શ્રી કુંવરજીભાઇ બાવળીયા (જસદણ) :** માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અંત્યોદય કાર્ડ મેળવવા માટે કેટલી અરજીઓ મળી,

(૧) તા. ૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ મેળવવા માટે મળેલ અરજીઓની તાલુકાવાર અને વર્ષવાર વિગત આ સાથે સામેલ

પત્રક મુજબ છે.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી લાભાર્થીઓને કાર્ડ આપવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાભાર્થીઓને આપવામાં આવેલ રેશનકાર્ડની કેટેગરીવાર વિગત નીચે મુજબ છે.

| ઇસ્યુ કરેલ રેશનકાર્ડની કેટેગરી | સમયગાળો | |
|---|---|---|
| | ૧/૨/૧૬ થી ૩૧/૦૧/૧૭ | ૧/૨/૧૭ થી ૩૧/૦૧/૧૮ |
| એપીએલ ૧ | ૧૦૨૦૪ | ૬૩૫૦ |
| એપીએલ ૨ | ૩૦૭૮ | ૧૬૮૨ |
| બીપીએલ | ૨૨૮ | ૬૯ |
| એએવાય | ૧૮૦ | ૫૮ |
| કુલ મંજુર થયેલ અરજી | ૧૩૬૯૦ | ૮૧૫૯ |

(૩) પડતર રહેલ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી લાભાર્થીઓને કાર્ડ આપવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી ફોર્મની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૧/૨/૧૬ થી ૩૧/૦૧/૧૭ | ૧/૨/૧૭ થી ૩૧/૦૧/૧૮ |
| ૧ | ઉપલેટા | ૬૭૬ | ૪૩૩ |
| ૨ | કોટડાસાંગાણી | ૨૯૭ | ૨૧૦ |
| ૩ | ગોંડલ | ૭૯૫ | ૫૧૩ |
| ૪ | જેતપુર | ૪૫૧ | ૪૬૫ |
| ૫ | જસદણ | ૨૧૭ | ૬૨ |
| ૬ | જામકંડોરણા | ૭૪ | ૬૧ |
| ૭ | ઝોનલ-૧ | ૨૬૮૦ | ૧૧૯૧ |
| ૮ | ઝોનલ-૨ | ૩૬૫૫ | ૧૮૪૭ |
| ૯ | ઝોનલ-૩ | ૨૦૪૧ | ૧૨૨૬ |
| ૧૦ | ઝોનલ-૪ | ૧૬૧૫ | ૮૬૨ |
| ૧૧ | ધોરાજી | ૩૮૪ | ૩૨૬ |
| ૧૨ | પડધરી | ૧૨૧ | ૯૯ |
| ૧૩ | રાજકોટ | ૮૦૪ | ૮૨૯ |
| ૧૪ | લોધિકા | ૨૪૮ | ૧૨૮ |
| ૧૫ | વીછીંયા | ૧૪૨ | ૯૪ |
| | કુલ | ૧૪૨૦૦ | ૮૩૪૬ |

---------

## નર્મદા અને છોટાઉદેપુર જીલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના

*** ૯૭૭૭ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૧/૨/૨૦૧૮ની સ્થિતિએ નર્મદા અને છોટાઉદેપુર જીલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ તાલુકાવાર કેટલા આવાસો બનાવવાનો સર્વે રિપોર્ટ છે,

જવાબ

(૧) તા.૧/૨/૨૦૧૮ની સ્થિતિએ નર્મદા અને છોટાઉદેપુર જીલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ તાલુકાવાર નીચે મુજબનો આવાસો બનાવવાનો સર્વે રિપોર્ટ છે,

| નર્મદા જિલ્લામાં આવાસોનો સર્વે રિપોર્ટ | | | છોટાઉદેપુર જીલ્લામાં આવાસોનો સર્વે રિપોર્ટ | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | આવાસની સંખ્યા | ક્રમ | તાલુકાનું નામ | આવાસની સંખ્યા |
| ૧ | ડેડીયાપાડા | ૧૦૬૪ | ૧ | બોડેલી | ૧૯૯૬ |
| ૨ | ગરૂડેશ્વર | ૪૬૭ | ૨ | છોટાઉદેપુર | ૧૧૬૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | નાંદોદ | ૫૦૯ | ૩ | જેતપુરપાવી | ૪૨૬૫ |
| ૪ | સાગબારા | ૫૫૬ | ૪ | કવાંટ | ૬૮૯૬ |
| ૫ | તિલકવાડા | ૨૬૭ | ૫ | નસવાડી | ૨૦૫૩ |
| | | | ૬ | સંખેડા | ૨૨૫ |
| | કુલ | ૨૮૬૩ | | કુલ | ૧૬૬૦૨ |

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તેમાં નવા કેટલા આવાસોનો ઉમેરો કરવામાં આવેલ છે,

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને છોટાઉદેપુર જીલ્લામાં કોઈ જ નવા આવાસોનો ઉમેરો કરવામાં આવેલ નથી.

(૩) બાંધકામ શરૂ થતાં પહેલા પ્રથમ હપ્તાની કેટલી રકમ કેટલા લાભાર્થીઓને ઉક્ત સ્થિતિએ વર્ષવાર ચૂકવાઇ,

(૩) નર્મદા જીલ્લામાં બાંધકામ શરૂ થતાં પહેલા પ્રથમ હપ્તાની ચુકવણી થયેલ રકમ અને લાભાર્થીઓની વિગત નીચે મુજબ છે.

| | | તા.૧/૨/૨૦૧૬ થી તા.૧/૨/૨૦૧૭ | | તા.૧/૨/૨૦૧૭ થી તા.૧/૨/૨૦૧૮ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | પ્રથમ હપ્તો ચૂકવેલ લાભાર્થીઓની સંખ્યા | પ્રથમ હપ્તાની ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) | પ્રથમ હપ્તો ચૂકવેલ લાભાર્થીઓની સંખ્યા | પ્રથમ હપ્તાની ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) |
| ૧ | ડેડીયાપાડા | ૧૪૭ | ૪૪.૧ | ૫૨૭ | ૧૫૮.૧ |
| ૨ | ગરૂડેશ્વર | ૧૧૨ | ૩૩.૬ | ૨૬૨ | ૭૮.૬ |
| ૩ | નાંદોદ | ૫૭ | ૧૭.૧ | ૩૧૧ | ૯૩.૩ |
| ૪ | સાગબારા | ૫૨ | ૧૫.૬ | ૩૩૭ | ૧૦૧.૧ |
| ૫ | તિલકવાડા | ૨૭ | ૮.૧ | ૮૨ | ૨૪.૬ |
| | કુલ | ૩૯૫ | ૧૧૮.૫ | ૧૫૧૯ | ૪૫૫.૭ |

- છોટાઉદેપુર જિલ્લામાં બાંધકામ શરૂ થતાં પહેલા પ્રથમ હપ્તાની ચુકવણી થયેલ રકમ અને લાભાર્થીઓની વિગત નીચે મુજબ છે.

| | | તા.૧/૨/૨૦૧૬ થી તા.૧/૨/૨૦૧૭ | | તા.૧/૨/૨૦૧૭ થી તા.૧/૨/૨૦૧૮ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | પ્રથમ હપ્તો ચૂકવેલ લાભાર્થીઓની સંખ્યા | પ્રથમ હપ્તાની ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) | પ્રથમ હપ્તો ચૂકવેલ લાભાર્થીઓની સંખ્યા | પ્રથમ હપ્તાની ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) |
| ૧ | બોડેલી | ૮૮૭ | ૨૬૬.૧ | ૯૯૭ | ૨૯૯.૧ |
| ૨ | છોટાઉદેપુર | ૫૮૬ | ૧૭૫.૮ | ૫૦૮ | ૧૫૨.૪ |
| ૩ | જેતપુરપાવી | ૨૦૩૮ | ૬૧૧.૪ | ૧૬૬૬ | ૪૯૯.૮ |
| ૪ | કવાંટ | ૩૭૨૯ | ૧૧૧૮.૭ | ૨૬૮૩ | ૮૦૪.૯ |
| ૫ | નસવાડી | ૬૯૭ | ૨૦૯.૧ | ૧૦૬૭ | ૩૨૦.૧ |
| ૬ | સંખેડા | ૧૧૪ | ૩૪.૨ | ૧૦૩ | ૩૦.૯ |
| | કુલ | ૮૦૫૧ | ૨૪૧૫.૩ | ૭૦૨૪ | ૨૧૦૭.૨ |

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આવાસોના બાંધકામ પૂર્ણ થયા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૪) ઉક્ત સ્થિતિએ નર્મદા જીલ્લામાં નીચે મુજબના આવાસોના બાંધકામ પૂર્ણ થયા છે અને તેની પાછળ નીચે મુજબનો ખર્ચ થયેલ છે.

| | | તા.૧/૨/૨૦૧૬ થી તા.૧/૨/૨૦૧૭ | | તા.૧/૨/૨૦૧૭ થી તા.૧/૨/૨૦૧૮ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | પૂર્ણ થયેલ આવાસોની | થયેલ ખર્ચ (રૂ. | પૂર્ણ થયેલ આવાસોની | થયેલ ખર્ચ (રૂ. |

| | | સંખ્યા | લાખમાં) | સંખ્યા | લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ડેડીયાપાડા | ૦ | ૦ | ૧૮ | ૨૧.૬ |
| ૨ | ગરૂડેશ્વર | ૦ | ૦ | ૧૧ | ૧૩.૨ |
| ૩ | નાંદોદ | ૦ | ૦ | ૧૧ | ૧૩.૨ |
| ૪ | સાગબારા | ૦ | ૦ | ૧૩ | ૧૫.૬ |
| ૫ | તિલકવાડા | ૦ | ૦ | ૦૧ | ૧.૨૦ |
| | કુલ | ૦ | ૦ | ૫૪ | ૬૪.૮ |

- ઉક્ત સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લામાં નીચે મુજબના આવાસોના બાંધકામ પૂર્ણ થયા છે અને તેની પાછળ નીચે મુજબનો ખર્ચ થયેલ છે.

| | | તા.૧/૨/૨૦૧૬ થી તા.૧/૨/૨૦૧૭ | | તા.૧/૨/૨૦૧૭ થી તા.૧/૨/૨૦૧૮ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | પૂર્ણ થયેલ આવાસોની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | પૂર્ણ થયેલ આવાસોની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૧ | બોડેલી | ૨૨ | ૨૬.૪ | ૧૮ | ૨૧.૬ |
| ૨ | છોટાઉદેપુર | ૪ | ૪.૮ | ૦ | ૦ |
| ૩ | જેતપુરપાવી | ૧૪૬ | ૧૭૫.૨ | ૧૧ | ૧૩.૨ |
| ૪ | કવાંટ | ૪ | ૪.૮ | ૦ | ૦ |
| ૫ | નસવાડી | ૧ | ૧.૨ | ૦ | ૦ |
| ૬ | સંખેડા | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૧૭૭ | ૨૧૨.૪ | ૨૯ | ૩૪.૮ |

(૫) ઉક્ત સ્થિતિએ નાણાં મળ્યા પછી વર્ષવાર કેટલા લાભાર્થીઓએ આવાસો બનાવવાનું શરૂ કર્યું નથી?

(૫) નાણાં મળ્યા પછી નર્મદા જીલ્લામાં વર્ષવાર નીચે મુજબના લાભાર્થીઓએ આવાસો બનાવવાનું શરૂ કર્યું નથી.

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧/૨/૨૦૧૬ થી તા.૧/૨/૨૦૧૭ સુધી શરૂ ન થયેલ આવાસો | તા.૧/૨/૨૦૧૭ થી તા.૧/૨/૨૦૧૮ સુધી શરૂ ન થયેલ આવાસો |
|---|---|---|---|
| ૧ | ડેડીયાપાડા | ૦ | ૪૨૦ |
| ૨ | ગરૂડેશ્વર | ૦ | ૧૬૨ |
| ૩ | નાંદોદ | ૦ | ૧૫૭ |
| ૪ | સાગબારા | ૦ | ૧૬૩ |
| ૫ | તિલકવાડા | ૦ | ૪૭ |
| | કુલ | ૦ | ૯૪૯ |

- નાણાં મળ્યા પછી છોટાઉદેપુર જીલ્લામાં વર્ષવાર નીચે મુજબના લાભાર્થીઓએ આવાસો બનાવવાનું શરૂ કર્યું નથી.

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧/૨/૨૦૧૬ થી તા.૧/૨/૨૦૧૭ સુધી શરૂ ન થયેલ આવાસો | તા.૧/૨/૨૦૧૭ થી તા.૧/૨/૨૦૧૮ સુધી શરૂ ન થયેલ આવાસો |
|---|---|---|---|
| ૧ | બોડેલી | ૧૯ | ૩૩ |
| ૨ | છોટાઉદેપુર | ૧૦ | ૬૨ |
| ૩ | જેતપુરપાવી | ૨૯૮ | ૨૩૩ |
| ૪ | કવાંટ | ૧૮૭ | ૪૬૭ |
| ૫ | નસવાડી | ૪૩ | ૧૨૯ |
| ૬ | સંખેડા | ૦ | ૦ |
| | કુલ | ૫૫૭ | ૯૨૪ |

---------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં સરકારી પુસ્તકાલયોનું મંજુર મહેકમ

* ૯૪૩૩ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય રમત-ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલા સરકારી પુસ્તકાલયો આવેલા છે અને તેનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) પત્રક-અ સામેલ છે.

(૩) વહીવટી પ્રક્રિયા મુજબ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

પત્રક-અ

| ક્રમ | સંવર્ગનું નામ | જિલ્લો મહિસાગર | | | | | | જિલ્લો છોટાઉદેપુર | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બાલાશિનોર | | | સંતરામપુર | | | નસવાડી | | | કવાંટ | | | પાવીજેતપુર | | |
| | | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | મદદનીશ ગ્રંથપાલ | ૦૧ | - | ૦૧ | ૦૧ | - | ૦૧ | - | - | - | ૦૧ | ૦૧ | - | - | - | - |
| ૨ | ગ્રંથાલય કારકૂન | - | - | - | ૦૧ | - | ૦૧ | ૦૧ | ૦૧ | - | ૦૧ | - | ૦૧ | ૦૧ | - | ૦૧ |
| ૩ | પટાવાળા | ૦૧ | ૦૧ | - | ૦૧ | ૦૧ | - | ૦૧ | - | ૦૧ | ૦૧ | - | ૦૧ | ૦૧ | ૦૧ | - |
| | કુલ સરવાળો | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૧ |

---------

### ગાંધીનગર આરટીઓ કચેરીમાં વાહન સામે કેસ

* ૭૭૧૫ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭માં કેટલા વાહન સામે કેસ કરવામાં આવેલ, અને

(૨) તેના દંડની કેટલી આવક થયેલ છે?

**જવાબ**

(૧) ગાંધીનગર આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭માં ૨૫૮૭ વાહન સામે કેસ કરવામાં આવેલ.

(૨) તેના દંડની રૂ. ૧ કરોડ આવક થયેલ છે.

---------

### સોનગઢ આરટીઓ ખાતે ઓવર ડાયમેન્શનવાળા વાહન

* ૭૬૮૩ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આરટીઓ ચેકપોસ્ટ સોનગઢ ખાતેથી વર્ષ ૨૦૧૬-૧૭માં કેટલા ઓવર ડાયમેન્શનવાળા કેટલા વાહન પસાર થયા, અને

(૨) તે વાહનો પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) આરટીઓ ચેકપોસ્ટ સોનગઢ ખાતેથી વર્ષ ૨૦૧૬-૧૭માં ૧,૩૫,૬૮૪ ઓવર ડાયમેન્શન વાળા વાહન પસાર થયા.

(૨) તે વાહનો પાસેથી રૂપિયા ૨૧.૯૫ કરોડ દંડ વસુલ કરવામાં આવ્યો.

---------

### દાંતીવાડા તાલુકામાં મા અન્નપૂર્ણા યોજના

* ૯૮૨૪ શ્રી નાથાભાઇ પટેલ (ધાનેરા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તથા દાંતીવાડા તાલુકામાં કેટલા ગામોમાં કેટલા બી.પી.એલ. પરિવારોને "મા અન્નપૂર્ણા" યોજનામાં સમાવેશ તા. ૩૧-૧-

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં નીચે દર્શાવેલ બીપીએલ પરિવારોનો "મા અન્નપૂર્ણા" યોજનામાં તા. ૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ

૨૦૧૮ની સ્થિતિએ કરવામાં આવ્યો નથી,

સમાવેશ કરવામાં આવેલ નથી તેની તાલુકાવાર તથા ગામવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામની સંખ્યા | સમાવેશ કરવામાં ન આવેલ બીપીએલ પરિવારોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ધાનેરા | ૭૭ | ૭૯૯ |
| ૨ | દાંતીવાડા | ૫૭ | ૩૫૪ |

(૨) તેના શા કારણો છે, અને

(૨) **SECC-2011** ની યાદીમાં તથા તા. ૨૨/૦૭/૨૦૧૪ ના ઠરાવથી નિયત કરેલ ધોરણો મુજબની લાયકાત ધરાવતા ન હોવાને કારણે સમાવેશ કરી શકાયેલ નથી.

(૩) ઉક્ત ફરિયાદનો ઉકેલ લાવવા રાજ્ય સરકારે ક્યારે આદેશ કર્યો છે?

(૩) કોઇ પાત્રતા ધરાવતી વ્યક્તિ કે કુટુંબ સરકારશ્રીની આ યોજનાના લાભથી વંચિત રહી ન જાય તેવા શુભ આશયથી સરકારશ્રીએ "અગ્રતા ધરાવતા કુટુંબો" ની યાદીમાં સમાવેશ થવા માટે મળતી રજુઆતના નિકાલ માટે તા.૨૩.૦૩.૨૦૧૬ ના ઠરાવથી દ્વિસ્તરીય સમિતિની રચના કરી ઉકેલ લાવવા માટે વ્યવસ્થા કરી છે.

---------

## રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં ભાડે લીધેલ ગોડાઉનો

*** ૯૪૦૧ શ્રી ભગાભાઇ બારડ (તાલાલા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–**

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં મગફળી ખરીદ્યા પછી તેને સાચવવા કેટલા ગોડાઉનો ભાડે લીધા, અને

(૧)

| જિલ્લો | ગોડાઉનની સંખ્યા |
|---|---|
| રાજકોટ | ૨૫૭ |
| જૂનાગઢ | ૧૮૫ |

(૨) તે અન્વયે એક ગોડાઉનની ભાડાની કિંમત કેટલી અને વર્ષવાર કેટલી રકમનું ભાડું ચૂકવ્યું?

(૨)

| જિલ્લો | ભાવ (પ્રતિ ચો. ફૂટ/પ્રતિમાસ) | વર્ષનું કુલ ભાડુ |
|---|---|---|
| રાજકોટ | ૭.૫૫ | ૯,૭૪,૪૪,૯૪૪/- |
| જૂનાગઢ | ૭.૦૦ | ૫,૮૬,૯૫,૭૪૪/- |

---------

## રાજકોટ જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

*** ૭૬૭૫ શ્રી અરવિંદ રૈયાણી (રાજકોટ પૂર્વ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ કેટલા ખાતેદાર ખેડૂત નોંધાયેલ છે, અને

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦–૧૧ રીપોર્ટ મુજબ બૃહદ રાજકોટ જિલ્લામાં ૩,૫૨,૬૫૩ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લામાં નાના અને સિમાંત ખેડૂત ખાતેદારોની સંખ્યા કેટલી છે?

(૨) ૧. નાના ખેડૂતો – ૧,૪૦,૮૮૪
૨. સીમાંત ખેડૂતો – ૮૧,૪૪૩

---------

## છોટા ઉદેપુર આરટીઓ ખાતે ઓવર ડાયમેન્શનવાળા વાહન

*** ૭૬૮૬ શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

પ્રશ્ન | જવાબ

(૧) આરટીઓ ચેકપોસ્ટ છોટાઉદેપુર ખાતેથી વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા ઓવર ડાયમેન્શનવાળા કેટલા વાહન પસાર થયા, અને

(૧) આરટીઓ ચેકપોસ્ટ છોટાઉદેપુર ખાતેથી વર્ષ ૨૦૧૬–૧૭માં ૪૦ ઓવર ડાયમેન્શનવાળા વાહન પસાર થયા.

(૨) તે વાહનો પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો?

(૨) તે વાહનો પાસેથી દંડ રૂપિયા ૭.૦૮ લાખ વસુલ કરવામાં આવ્યો.

---------

સુરત આરટીઓ કચેરીમાં ઈસ્યુ કરેલ નવા ડ્રાઈવીંગ લાયસન્સ

*** ૭૬૮૯ શ્રી કાંતિભાઈ બલર (સુરત ઉત્તર) :** માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરત આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭ માં કેટલા નવા ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે, અને

(૨) કેટલા લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ ?

જવાબ

(૧) સુરત આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭ માં ૫૨,૨૦૯ નવા ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૨) ૪૫,૧૪૭ લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ.

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી/પશુધન નિરીક્ષકની મંજુર જગ્યાઓ

*** ૯૩૬૩ શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) :** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરીક્ષકની કુલ કેટલી મંજુર જગ્યાઓ છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે?

જવાબ

(૧)

| અ.નં. | જિલ્લો | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ ની મંજુર જગ્યા | પશુધન નિરીક્ષકની મંજુર જગ્યા |
|---|---|---|---|
| ૧ | અરવલ્લી | ૧૯ | ૫૬ |
| ૨ | સાબરકાંઠા | ૨૯ | ૮૨ |

(૨)

| અ.નં. | જિલ્લો | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ ની ખાલી જગ્યા | પશુધન નિરીક્ષકની ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | અરવલ્લી | ૧૨ | ૦૫ |
| ૨ | સાબરકાંઠા | ૧૧ | ૧૨ |

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની કુલ ૧૪૪ જગ્યાઓ અને પશુધન નિરીક્ષકની કુલ ૪૦૦ જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે. તેમજ પશુચિકિત્સા અધિકારી અને પશુધન નિરીક્ષકની બાકી ખાલી જગ્યાઓ શક્ય એટલી ઝડપથી ભરવાનું આયોજન છે.

---------

વડોદરા અને પોરબંદર જિલ્લામાં માછીમારો માટેના ઈજારા

***૯૪૨૨ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) :** માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વડોદરા અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર જળાશયોમાં માછીમારી માટેના કેટલા ઈજારા ક્યા ઈજારદારોને આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત ઈજારા કેટલા સમય માટે આપવામાં આવેલ છે,

(૩) તે અન્વયે કેટલી ડીપોઝીટ જળાશયવાર લેવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જળાશયવાર ઈજારા પેટે કેટલી આવક થઈ ?

જવાબ

(૧) વડોદરા જિલ્લામાં પંદર અને પોરબંદર જિલ્લામાં ત્રણ જળાશયોમાં ઈજારદારોની માહિતી સામેલ પત્રક–૧ અને પત્રક–૨ મુજબ.

(૨) પાંચ વર્ષ.

(૩) અને (૪) પત્રક–૧ અને પત્રક–૨ મુજબ.

પ ત્ર ક – ૧

| ક્રમ | જળાશયનું | જિલ્લાનું | ઈજારદારનું નામ | ઈજારાની | સિક્યોરીટી | ઈજાર પેટે થયેલ | ઈજાર પેટે થયેલ |
|---|---|---|---|---|---|---|---|

| | નામ | નામ | | મુદત | ડીપોઝીટની રકમ (રૂપિયામાં) | આવક તા.૧/૧/૧૬ થી ૩૧/૧૨/૨૦૧૬ (રૂપિયામાં) | આવક તા.૧/૧/૧૭ થી ૩૧/૧૨/૨૦૧૭ (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સારસી | વડોદરા | બસીરમહમદ લાલમહમદ મકરાણી | પાંચ વર્ષ | ૮૦૦૦ | ૬૬૬૬૭ | ૪૦૦૦૦ |
| ૨ | ધનોરા | વડોદરા | ગફુરભાઈ ઈબ્રાહીમભાઈ ભટ્ટી | પાંચ વર્ષ | ૭૦૨૦૦૦ | ૩૫૧૦૦૦૦ | ૧૧૭૦૦૦૦ |
| ૩ | જાવલા | વડોદરા | ડૉ.બાબાસાહેબ મ.સ.મં.મુ. રાજપીપળા | પાંચ વર્ષ | ૧૯૬૦ | ૯૮૦૦ | ૯૮૦૦ |
| ૪ | વડદલા | વડોદરા | ઠાકોરભાઈ ડાહ્યાભાઈ ભોઈ | પાંચ વર્ષ | ૨૭૦૨૨૨ | ૧૩૫૧૧૧૧ | ૯૦૦૭૪૦ |
| ૫ | હરીપુરા | વડોદરા | કૈલાસભાઈ ફકીરભાઈ કહાર | પાંચ વર્ષ | ૧૮૦૦ | ૯૦૦૦ | ૯૦૦૦ |
| ૬ | મુવાલ | વડોદરા | ભાવનગર આંતરજલીય સ.મ.લી. | પાંચ વર્ષ | ૧૪૧૫૫૭ | ૭૦૭૭૯૦ | ૪૭૧૮૬૦ |
| ૭ | મનોરપુરા | વડોદરા | કૈલાસભાઈ ફકીરભાઈ કહાર | પાંચ વર્ષ | ૨૪૦૦ | ૧૨૦૦૦ | ૧૨૦૦૦ |
| ૮ | કરચિયા | વડોદરા | નસરૂદ્દીન ફતેસિંહ રાઠોડ | પાંચ વર્ષ | ૮૧૫૭ | ૪૦૭૮૬ | ૪૦૭૮૬ |
| ૯ | શ્રી પોરટીંબી | વડોદરા | શ્રી પોરટીંબી નાથુબબા કહાર મ.ખે.સ.મં.લી. | પાંચ વર્ષ | ૭૧૩૬૩૨ | ૩૫૬૮૧૫૮ | ૦ |
| ૧૦ | રવાલ | વડોદરા | નીવેદીતાબેન કૈલાસભાઈ કહાર | પાંચ વર્ષ | ૧૭૨૮ | ૮૬૪૦ | ૮૬૪૦ |
| ૧૧ | જામ્બુવાઈ | વડોદરા | નાથગુરૂ મ.સ્વ.સ. જૂથ | પાંચ વર્ષ | ૧૫૩૬ | ૭૬૮૦ | ૭૬૮૦ |
| ૧૨ | સરવણ | વડોદરા | કૈલાસભાઈ ફકીરભાઈ કહાર | પાંચ વર્ષ | ૧૪૦૦ | ૭૦૦૦ | ૭૦૦૦ |
| ૧૩ | વેસણીયા | વડોદરા | કૈલાસભાઈ ફકીરભાઈ કહાર | પાંચ વર્ષ | ૧૭૦૩ | ૮૫૧૫ | ૮૫૧૫ |
| ૧૪ | કુંભારીયા | વડોદરા | ધનસરવા તથા વીન્ટોજ મ.સ.મ.લી. | પાંચ વર્ષ | ૫૦૦૦ | ૨૫૦૦૦ | ૨૫૦૦૦ |
| ૧૫ | વઢવાણા | વડોદરા | રાજેશ તુલસીદાસ બરેલીવાલા | પાંચ વર્ષ | ૨૬૨૬૨૬ | ૧૩૧૩૧૩૧ | ૧૩૧૩૧૩૧ |
| | | | | | ૨૧૨૩૭૨૧ | ૧૦૬૪૫૨૭૮ | ૪૦૨૪૧૫૨ |

પત્રક – ૨

| ક્રમ | જળાશય / સિંચાઈ તળાવનું નામ | જિલ્લાનું નામ | ઈજારદારનું નામ | ઈજારાની મુદત | સિક્યોરીટી ડીપોઝીટ પેટે જમા કરેલ રકમ | ઈજારાની રકમ તા.૧/૧/૧૬ થી ૩૧/૧૨/૨૦૧૬ | ઈજારાની રકમ તા.૧/૧/૧૭ થી ૩૧/૧૨/૨૦૧૭ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમીપુર | પોરબંદર | યુનુસ સુલેમાન ભાટા | પાંચ વર્ષ | ૩૨૫૫૦ | ૨૧૭૦૦૦ | ૧૦૮૩૯૨ |
| ૨ | કાલીન્દ્રી | પોરબંદર | ક્રીષ્નાબેન વિનોદભાઈ ટીંબા | પાંચ વર્ષ | ૭૨૦૦૦ | ૭૪૪૦૦૦ | ૪૭૯૫૨૦ |
| ૩ | ખંભાળા | પોરબંદર | શ્રીમતી ભાગ્યશાળી અનુજનજાતિ મત્સ્ય સહકારી મંડળી લી. | પાંચ વર્ષ | ૭૦૦૦૦ | ૨૩૩૧૦૦ | ૯૫૫૯૦૦ |
| | | | | કુલ | ૧૭૪૫૫૦ | ૧૧૯૪૧૦૦ | ૧૫૪૩૮૧૨ |

## તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

### વલસાડ આરટીઓ કચેરીમાં નોંધાયેલ વાહન

* ૭૭૩૪ શ્રી અરવિંદભાઈ પટેલ (ધરમપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કેટલા વાહન નોંધાયેલ છે, અને | (૧) વલસાડ આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં ૫૦,૫૨૨ વાહન નોંધાયેલ છે. |
| (૨) તેના ટેક્ષની કેટલી આવક થયેલ છે ? | (૨) તેના ટેક્ષની રૂ.૭૩૨૭.૩૦ લાખ આવક થયેલ છે. |

---------

### પોરબંદર જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉનો

* ૭૮૬૪ શ્રી બાબુભાઈ બોખીરીયા (પોરબંદર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ ૦૯ ગોડાઉન આવેલા છે. |
| (૨) ગોડાઉનની સંગ્રહ શકિત કેટલી છે, અને | (૨) પોરબંદર જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહશકિત ૧૦૨૫૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શકિત વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ-૨ હેઠળ પોરબંદર ખાતે ૫૦૦૦ મે.ટન, રાણાવાવ તથા કુતીયાણા ખાતે પ્રત્યેક ૨૦૦૦ મે.ટન એમ ત્રણ તાલુકામાં કુલ ૯,૦૦૦ મે.ટન ગોડાઉન બાંધકામની કામગીરી વર્ષ ૨૦૧૭-૧૮ માં પૂર્ણ કરવામાં આવેલ છે. |

---------

### શ્રી મોરારજી દેસાઈની સમાધિ માટે સહાય મેળવવા રજુઆત / માંગણી

* ૯૩૨૭ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ભારત સરકાર સાથેની ગુજરાતની અગત્યની બાબતો વર્ષ ૨૦૧૫ પૈકી અભયઘાટ-સ્વ. શ્રી મોરારજીભાઈ દેસાઈની સમાધિ માટે સહાય મેળવવા રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કેટલી રજુઆતો કે માંગણી કરવામાં આવી, | (૧) આ કામગીરી ભારત સરકારના **CPWD** સેન્ટ્રલ પબ્લિક વકર્સ ડીપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવે છે. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે માટે વર્ષવાર કેટલી રકમની સહાય કેન્દ્ર સરકાર તરફથી મળી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં મા અન્નપૂર્ણા યોજના

* ૯૮૩૩ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) તા.૩૧-૩-૧૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *પ્રશ્ન ક્રમાંક ૩૧૬૬૯ (અગ્રતા-૧૮૭) ના અનુસંધાને : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ અનુક્રમે ૨૨૮,૨૦૯ અને ૩૪૭ પરિવારોનો ''મા અન્નપૂર્ણા'' યોજનામાં સમાવેશ કરવામાં આવેલ ન હતો તે હકિકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૨૩-૩-૨૦૧૬ ના ઠરાવથી દ્વિસ્તરીય સમિતિની રચના થયેલ છે તેની બેઠકો ક્યારે ક્યારે મળી, અને | (૨) તા.૨૩-૩-૨૦૧૬ના ઠરાવ મુજબ નીચેની વિગતે તાલુકાવાર બેઠકો યોજાયેલ છે. |

| તાલુકાનું નામ | યોજાયેલ બેઠકની તારીખ |
|---|---|

| | |
|---|---|
| માણાવદર | તા.૧૦-૫-૨૦૧૬, ૧૩-૫-૨૦૧૬, ૨૭-૫-૨૦૧૬, ૨૪-૬-૨૦૧૬, ૨૧-૭-૨૦૧૬, ૧૯-૮-૨૦૧૬, ૨૧-૧૦-૨૦૧૬, ૧૮-૧૧-૨૦૧૬, ૧૬-૭-૨૦૧૭ કુલ-૯ બેઠકો મળેલ છે. |
| વંથલી | તા.૪-૬-૨૦૧૬, ૧૦-૬-૨૦૧૬, ૨-૭-૨૦૧૬, ૧૧-૭-૨૦૧૬, ૧૨-૭-૨૦૧૬, ૨-૭-૨૦૧૬ કુલ-૬ બેઠકો મળેલ છે. |
| મેંદરડા | તા.૧૩-૫-૨૦૧૬, ૨૦-૫-૨૦૧૬, ૨૭-૫-૨૦૧૬, ૩-૬-૨૦૧૬, ૧૦-૬-૨૦૧૬, ૨૪-૬-૨૦૧૬, ૧-૭-૨૦૧૬, ૫-૮-૨૦૧૬, ૬-૯-૨૦૧૬, ૨૩-૯-૨૦૧૬, ૨૮-૧૦- ૨૦૧૬ કુલ-૧૧ બેઠકો મળેલ છે. |

(૩) ઉકત પૈકી તાલુકાવાર, ગામવાર કેટલા ઉકત યોજનામાં સમાવેશ ન થયેલા બી.પી.એલ. પરિવારોનો સમાવેશ તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ કરવામાં આવ્યો,

(૩) ઉકત પૈકી નીચેની વિગતે તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ બી.પી.એલ. પરિવારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | તા.૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ બાકી બી.પી.એલ. પરિવારોની સંખ્યા | સમાવેશ કરેલા બી.પી.એલ. પરિવાર વાળા ગામની સંખ્યા | તા.૩૧-૧-૧૮ની સ્થિતિએ સમાવેશ કરેલા પરિવારોની સંખ્યા |
|---|---|---|---|
| માણાવદર | ૨૨૮ | ૨૮ | ૧૯૨ |
| વંથલી | ૨૦૯ | ૨૮ | ૧૯૧ |
| મેંદરડા | ૩૪૭ | ૧ | ૧ |

(૪) ઉકત પૈકી કેટલા પરિવારો બાકી છે અને તેના શા કારણો છે, અને

(૪) ઉકત પૈકી નીચેની વિગતે તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ બી.પી.એલ. પરિવારો સમાવેશ કરવાના બાકી છે.

| તાલુકાનું નામ | ગામની સંખ્યા | તા.૩૧-૧-૨૦૧૮ ની સ્થિતિએ બાકી બી.પી.એલ. પરિવારોની સંખ્યા |
|---|---|---|
| માણાવદર | ૧૩ | ૩૬ |
| વંથલી | ૧૩ | ૧૮ |
| મેંદરડા | ૩૮ | ૩૪૬ |

સરકારશ્રીએ તા.૨૨-૦૭-૧૪ ના ઠરાવથી નિયત કરેલ ધોરણો મુજબની લાયકાત ધરાવતા ન હોવાના કારણોસર સમાવેશ થઈ શકેલ નથી.

(૫) ઉકત ફરિયાદના નિકાલ માટે સરકારે શી કાર્યવાહી કરી અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

(૫) કોઈ પાત્રતા ધરાવતી વ્યકિત કે કુટુંબ સરકારશ્રીની આ યોજનાના લાભથી વંચિત રહી ન જાય તેવા શુભ આશયથી સરકારશ્રીએ ‘‘અગ્રતા ધરાવતા કુટુંબો’’ ની યાદીમાં સમાવેશ થવા માટે મળતી રજુઆતના નિકાલ માટે તા.૨૩-૩-૨૦૧૬ ના ઠરાવથી દ્વિસ્તરીય સમિતિની રચના કરી ઉકેલ લાવવા માટે વ્યવસ્થા કરી છે અને ખંડ (૪) માં જણાવ્યા મુજબ નિયત કરેલ ધોરણો મુજબની લાયકાત

ધરાવતા ન હોવાના કારણોસર કાર્યવાહી પૂર્ણ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુના

*** ૭૫૪૬ શ્રી કાન્તીભાઈ ખરાડી (દાંતા) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સને ૨૦૧૬ તથા ૨૦૧૭ દરમ્યાન બનાસકાંઠા તથા મહેસાણા જિલ્લામાં જંતુનાશક દવાઓના કેટલા નમુના ક્યા તાલુકામાંથી લેવામાં આવ્યા,

જવાબ

(૧) પત્રક–અ મુજબ.

પ ત્ર ક – અ

| ખંડ | જિલ્લાનું નામ | અ.નં. | તાલુકો | વર્ષવાર લેવાયેલ નમુના | |
|---|---|---|---|---|---|
| | | | | સને ૨૦૧૬ | સને ૨૦૧૭ |
| ૧ | બનાસકાંઠા | ૧ | પાલનપુર | ૨૮ | ૨૩ |
| | | ૨ | અમીરગઢ | ૮ | ૮ |
| | | ૩ | દાંતીવાડા | ૧૨ | ૧ |
| | | ૪ | ધાનેરા | ૪૩ | ૦ |
| | | ૫ | દિયોદર | ૩૯ | ૫ |
| | | ૬ | ભાભર | ૧૯ | ૬ |
| | | ૭ | ડીસા | ૩૧ | ૩૦ |
| | | ૮ | કાંકરેજ | ૧૨ | ૧૭ |
| | | ૯ | થરાદ | ૩૦ | ૩૦ |
| | | ૧૦ | વાવ | ૯ | ૬ |
| | | ૧૧ | વડગામ | ૧૯ | ૧૦ |
| | | ૧૨ | દાંતા | ૧૧ | ૪ |
| | | | જિલ્લાનું કુલ | ૨૬૧ | ૧૪૦ |
| ખંડ | જિલ્લાનું નામ | અ.નં. | તાલુકો | વર્ષવાર લેવાયેલ નમુના | |
| | | | | સને ૨૦૧૬ | સને ૨૦૧૭ |
| ૨ | મહેસાણા | ૧ | મહેસાણા | ૨૨ | ૨૧ |
| | | ૨ | વિસનગર | ૩૮ | ૧૦ |
| | | ૩ | ઉંઝા | ૧૯ | ૯ |
| | | ૪ | કડી | ૨૭ | ૨૫ |
| | | ૫ | દાંતા | ૧૨ | ૧૧ |
| | | ૬ | ખેરાલુ | ૧૩ | ૧૦ |
| | | ૭ | સતલાસણા | ૧૯ | ૧૦ |
| | | ૮ | વિજાપુર | ૩૭ | ૧૫ |
| | | ૯ | વડનગર | ૧૭ | ૫ |

(૨) તે પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા બિનપ્રમાણિત થયા, અને

(૨)

| જિલ્લાનું નામ | પ્રમાણિત | બિનપ્રમાણિત |
|---|---|---|
| બનાસકાંઠા | ૩૯૭ | ૪ |
| મહેસાણા | ૩૧૪ | ૬ |

(૩) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બિનપ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શું પગલાં લેવામાં આવ્યા ?

(૩) પત્રક–બ મુજબ.

પ ત્ર ક – બ

| ક્રમ | જિલ્લાનું | બિનપ્રમાણિત | લીધેલ પગલાંની |
|---|---|---|---|

| | નામ | થયેલ નમૂનાની સંખ્યા | વિગત |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૧ | જવાબદારો સામે કોર્ટકેસ કરવામાં આવેલ છે. |
| | | ૧ | રીએનાલીસીસમાં પ્રમાણિત થયેલ છે. |
| | | ૨ | જવાબદારોને કારણદર્શક નોટીસ આપેલ છે. |
| ૨ | મહેસાણા | ૪ | જવાબદારો સામે કોર્ટકેસ કરવામાં આવેલ છે. |
| | | ૨ | જવાબદારો સામે વહીવટી પગલાં ભરવામાં આવેલ છે. |

---------

નવસારી આરટીઓ કચેરીમાં ઈસ્યુ કરેલ નવા ડ્રાઈવીંગ લાયસન્સ

* ૭૬૯૩ શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નવસારી આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭ માં કેટલા નવા ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે, અને

(૨) કેટલા લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ ?

જવાબ

(૧) નવસારી આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭ માં ૧૩,૭૫૫ નવા ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૨) ૬,૫૩૮ લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ.

---------

રાજ્યમાં ખેડૂતોને મગફળી અને કપાસના પોષણક્ષમ ભાવો

* ૯૩૮૯ શ્રી વલ્લભભાઈ ધારવીયા (જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યના ખેડૂતોને મગફળી અને કપાસના પોષણક્ષમ ભાવો મળે અથવા ભાવોમાં વધારો કરવા માટે તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને ક્યારે–ક્યારે પત્ર લખ્યા, માંગણી કરી, રજૂઆત કરી કે દરખાસ્ત કરી,

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા, અને

જવાબ

(૧) રાજ્યના ખેડૂતોને ભારત સરકારની ટેકાના ભાવની યોજનામાં પોષણક્ષમ ભાવો મળે તે માટે ગુજરાત રાજ્ય કૃષિ ભાવ પંચ દર વર્ષે ટેકાના ભાવોની ભલામણ ભારત સરકારશ્રીની સંસ્થા કૃષિ ખર્ચ અને ભાવ પંચ, નવી દીલ્હીને કરે છે. તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારશ્રીની સંસ્થા કૃષિ ખર્ચ અને ભાવ પંચ, નવી દીલ્હીને નીચેની વિગતે ખરીફ પાકોના ટેકાના ભાવ માટે દરખાસ્ત કરવામાં આવી.

| અ.નં. | વર્ષ | ભારત સરકારશ્રીને દરખાસ્ત કર્યા તારીખ |
|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૦૮.૧૨.૨૦૧૫ |
| ૨ | ૨૦૧૭ | ૧૬.૦૧.૨૦૧૭ |

(૨) છેલ્લા બે વર્ષમાં ભારત સરકારશ્રી દ્વારા મગફળી અને કપાસના ટેકાના ભાવો નીચે મુજબ જાહેર કરવામાં આવેલ છે.

| અ.નં. | પાકનું નામ | ટેકાના ભાવ (રૂ./કિવંટલ) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૬–૧૭ તા.૦૩–૦૬–૨૦૧૬ | વર્ષ ૨૦૧૭–૧૮ તા.૧૩–૦૬–૨૦૧૭ |

| | | | |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૪૨૨૦ | ૪૪૫૦ |
| ૨ | કપાસ (લંબતારી) | ૪૧૬૦ | ૪૩૨૦ |
| | કપાસ (મધ્યમતારી) | ૩૮૬૦ | ૪૦૨૦ |

(૩) કપાસ અને મગફળીના પોષણક્ષમ ભાવોમાં ઉક્ત સ્થિતિએ કેટલો વધારો છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યો ?

(૩)

| અ.નં. | પાકનું નામ | ટેકાના ભાવ (રૂ./ક્વિંટલ) | | ટેકાના ભાવમાં વધારો (રૂ. / ક્વિંટલ) |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૬–૧૭ | વર્ષ ૨૦૧૭–૧૮ | |
| ૧ | મગફળી | ૪૨૨૦ | ૪૪૫૦ | ૨૩૦ |
| ૨ | કપાસ (લંબતારી) | ૪૧૬૦ | ૪૩૨૦ | ૧૬૦ |
| | કપાસ | ૩૮૬૦ | ૪૦૨૦ | ૧૬૦ |

---------

### જુનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં કોકોનટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ

* ૯૩૯૯ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં કોકોનટ ડેવલપમેન્ટ પ્રોજક્ટ માટેની માંગણીઓ તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ રાજ્ય સરકારમાં કેટલી પડતર છે, | (૧) ૩ અરજીઓ |
| (૨) ઉક્ત માંગણીઓ/અરજીઓ કેટલા સમયથી પડતર છે, અને | (૨) તા. ૨–૨–૨૦૧૬ના પત્રથી કલેક્ટરશ્રી જૂનાગઢને સંબંધીત જમીનની જરૂરીયાત માટે જણાવેલ છે. |
| (૩) મળેલ માંગણીઓ/અરજીઓ પરત્વે સરકારે ક્યારે શું કાર્યવાહી કરી ? | (૩) |

---------

### અમદાવાદ અને ગીર સોમનાથ જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી

* ૯૩૩૮ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ અને ગીર સોમનાથ જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવા માટે તા. ૧૫–૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે, | (૧) અમદાવાદ જિલ્લામાં કેન્દ્રો શરૂ કરવામાં આવેલ ન હતા, જ્યારે ગીર સોમનાથ જિલ્લામાં ૧૮ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ હતા. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ચાલુ સીઝનમાં કેટલી મગફળીની ખરીદી કેન્દ્રવાર કરવામાં આવી, અને | (૨) તા. ૧૫–૨–૨૦૧૮ની સ્થિતિએ નાફેડ દ્વારા ચાલુ સીઝનમાં અમદાવાદ જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવેલ નથી અને ગીર સોમનાથ જિલ્લામાં નાફેડ દ્વારા કુલ ૧૮ કેન્દ્રો પર ૫૮૯૬૫૪.૩૬ ક્વિન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી. |
| (૩) ક્યાં સુધી મગફળી ખરીદવામાં આવશે ? | (૩) ચાલુ સીઝન માટે મગફળીની ખરીદી તા., ૯–૩–૨૦૧૮થી બંધ થયેલ છે. |

---------

### કચ્છ અને મોરબી જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી/પશુધન નિરીક્ષકની મંજુર જગ્યાઓ

* ૯૩૫૮ શ્રી સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને | (૧) |

મોરબી જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરીક્ષકની કુલ કેટલી મંજૂર જગ્યાઓ છે,

| અ. નં. | જિલ્લો | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની મંજૂર જગ્યા | પશુધન નિરિક્ષક વર્ગ–૩ની મંજૂર જગ્યા |
|---|---|---|---|
| ૧ | કચ્છ | ૪૩ | ૯૮ |
| ૨ | મોરબી | ૧૨ | ૪૬ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| અ. નં. | જિલ્લો | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની ખાલી જગ્યા | પશુધન નિરિક્ષકની ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | કચ્છ | ૨૭ | ૭૬ |
| ૨ | મોરબી | ૦૧ | ૧૮ |

(૩) ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે ?

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની કુલ ૧૪૪ જગ્યાઓ અને પશુધન નિરીક્ષકની કુલ ૪૦૦ જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે. તેમજ પશુચિકિત્સા અધિકારી અને પશુધન નિરીક્ષકની બાકી ખાલી જગ્યાઓ શક્ય એટલી ઝડપથી ભરવાનું આયોજન છે.

---------

પંચમહાલ જિલ્લામાં વોટરશેડ હેઠળના ગામો

* ૯૮૭૯ શ્રી જેઠાભાઈ આહીર (શહેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વોટરશેડ હેઠળ કેટલા ગામો આવરી લીધેલ છે,

(૨) તે પૈકી મંજૂર થયેલ વોટરશેડના ગામોમાં કેટલી રકમ કયા કયા કામો માટે ફાળવેલ છે, અને

(૩) ઉક્ત કામો ઉક્ત સ્થિતિ સુધીમાં પૂર્ણ થયેલ છે કે કેમ ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં વોટરશેડ યોજના હેઠળ કોઈ નવા ગામો આવરી લેવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વલસાડ અને નવસારી જિલ્લામાં સરકારી પુસ્તકાલયોનું મંજુર મહેકમ

* ૯૪૧૩ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય રમત–ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા સરકારી પુસ્તકાલયો આવેલા છે અને તેનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) અને (૨) પ્રશ્ન માટે પત્રક–અ સામેલ છે.

(૩) વહીવટી પ્રક્રિયા મુજબ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

પત્રક–અ

| ક્રમ | સંવર્ગનું નામ | જિલ્લો વલસાડ | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વલસાડ શહેર | | | ધરમપુર | | | કિલ્લેપારડી | | | વાંસદા | | | ઉમરગામ | | | ખેરગામ | | |
| | | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જિલ્લા ગ્રંથાપાલ | ૦૧ | ૦૧ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૨ | મદદનીશ ગ્રંથપાલ | -- | -- | -- | ૦૧ | ૦૧ | -- | ૦૧ | -- | ૦૧ | ૦૧ | -- | ૦૧ | ૦૧ | ૦૧ | -- | ૦૧ | ૦૧ | -- |
| ૩ | ગ્રંથાલય કારકૂન | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | -- | ૦૧ | ૦૧ | ૦૧ | -- | ૦૧ | ૦૧ | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૪ | કનિયાન કારકુન | ૦૧ | ૦૧ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૫ | પટાવાળા | ૦૧ | ૦૧ | -- | ૦૧ | ૦૧ | -- | ૦૧ | -- | ૦૧ | ૦૧ | ૦૧ | -- | ૦૧ | -- | -- | -- | -- | -- |
| | કુલ સરવાળો | ૦૫ | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૧ | -- | ૦૧ | ૦૧ | -- |

| ક્રમ | સંવર્ગનું નામ | જિલ્લો નવસારી | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નવસારી શહેર | | | ચીખલી | | |
| | | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | મદદનીશ ગ્રંથપાલ | -- | -- | -- | ૦૧ | -- | ૦૧ |
| ૨ | ગ્રંથાલય કારકૂન | ૦૧ | ૦૧ | -- | -- | -- | -- |
| | કુલ સરવાળો | ૦૧ | ૦૧ | -- | ૦૧ | -- | ૦૧ |

---------

ખેડા અને ગીર સોમનાથ જિલ્લામાં માછીમારી માટેના ઈજારા

*** ૯૪૪૦ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) :** માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર જળાશયોમાં માછીમારી માટેના કેટલા ઈજારા કયા ઈજારદારોને આપવામાં આવ્યા છે, | (૧) ખેડા જિલ્લામાં તેર અને ગીર સોમનાથ જિલ્લામાં અગિયાર ઈજારદારોની માહિતી *પત્રક-૧ અને *પત્રક-૨ મુજબ |
| (૨) ઉક્ત ઈજારા કેટલા સમય માટે આપવામાં આવેલ છે, | (૨) પાંચ વર્ષ |
| (૩) તે અન્વયે કેટલી ડીપોઝીટ જળાશયવાર લેવામાં આવેલ છે, અને | (૩) અને (૪) : *પત્રક-૧ અને *પત્રક-૨ મુજબ |
| (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જળાશયવાર ઈજારા પેટે કેટલી આવક થઈ ? | |

*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

---------

સાબરકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ યોજનામાં સહાય

*** ૭૬૬૧ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શાકભાજી અને ફળ પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટોરેજ માટેની યોજના માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે, | (૧) હા. |
| (૨) જો હા, તો સહાયની જોગવાઈ શું છે, અને | (૨) ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. હસ્તકની યોજનાની જોગવાઇ<br>સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ-૨૦૧૬-૨૧ અંતર્ગત- |

૧. તમામ પ્રકારના કોલ્ડ સ્ટોરેજની સ્થાપના/ વિસ્તૃતિકરણ અને વૈવિધ્યકરણ/આધુનિકરણ માટે સ્થાયી મૂડી રોકાણના માન્ય પ્રોજેક્ટ કિંમતના ૨૫ ટકા રકમ વધુમાં વધુ રૂ.૫૦ લાખની મર્યાદામાં મૂડી રોકાણ સહાય.

૨. કોલ્ડ સ્ટોરેજની સ્થાપના/વિસ્તૃતિકરણ અને વૈવિધ્યકરણ/આધુનિકરણ માટે મેળવેલ ટર્મ લોન ઉપર ૭.૫ ટકાના દરે બેંક એન્ડેડ વ્યાજ સહાય (પાંચ વર્ષના ગાળા માટે મહત્તમ રૂ.૧૫૦ લાખ સુધીની મર્યાદામાં) મળવા પાત્ર થશે.

૩. કન્ટ્રોલ્ડ એટમોસ્ફીયર/કોલ્ડ સ્ટોરેજની સ્થાપના/ વિસ્તૃતિકરણ અને વૈવિધ્યકરણ/આધુનિકરણ માટે મેળવેલ ટર્મ લોન ઉપર ૭.૫ ટકાના દરે બેંક એન્ડેડ વ્યાજ સહાય (પાંચ વર્ષના ગાળા માટે મહત્તમ રૂ.૪૦૦ લાખ સુધીની મર્યાદામાં) મળવાપાત્ર થશે.

ઉક્ત નં.૨ અને ૩ ઉદ્યોગ સાહસિકો અનુસૂચિત જાતિ/ જનજાતિ, દિવ્યાંગ અથવા મહિલા સાહસિક માટે ટર્મ લોન પર વધારાના ૧ટકા ના દરે વ્યાજ સહાય, ઉદ્યોગ સાહસિકો કે જે ૩૫ વર્ષની નાની ઉંમરના હોય તેમના માટે ટર્મ લોન પર વધારાના ૧ટકા ના દરે વ્યાજ સહાય.

૪. ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા દ્વારા માન્ય સંસ્થાઓ પાસેથી યોગ્ય ગુણવત્તા પ્રમાણપત્ર મેળવવા માટે થયેલ ખર્ચના ૫૦ ટકા (મહત્તમ રૂ.૫ લાખ)ની સહાય મળવાપાત્ર થશે.

૫. માન્ય આંતરરાષ્ટ્રીય પ્રમાણન સત્તા તંત્રને ચુકવેલ ફીના ૫૦ટકા રકમ અને પ્રમાણન માટેના પરિક્ષણ સાધનો અને મશીનરીના પ્રમાણ માટે થયેલ ખર્ચના ૫૦ટકા રકમની સહાય, આમ કુલ મળીને મહત્તમ મર્યાદા રૂ.૧૦ લાખ મળવાપાત્ર થશે.

૬. માન્ય સંસ્થામાંથી કૌશલ્યવર્ધન સર્ટિફિકેટ મળ્યેથી પ્રતિ કર્મચારી દીઠ રૂ.૧૦,૦૦૦/- ની મર્યાદામાં તાલીમ માટે ચુકવેલ ફી ના ૫૦ટકા રકમની સહાય મળવાપાત્ર થશે. (મહત્તમ રૂ.૫૦,૦૦૦/- (પચાસ હજાર) વધુમાં વધુ ૩ વર્ષના સમયગાળા માટે)

૭. કોલ્ડ સ્ટોરેજની સેવા શરૂ કરે ત્યારથી પાંચ વર્ષ માટે વીજ કંપની દ્વારા અપાતા વીજ બીલમાં પ્રતિ યુનિટ રૂ.૧/- લેખે પાવર ટેરીફ સબસીડી, રીએમ્બર્સમેન્ટ ધોરણે મળવાપાત્ર છે.

૮. પાંચ વર્ષ સુધી કોલ્ડ સ્ટોરેજના લાઇટ બીલની સાથે ભરેલા વીજકરની રકમનું પણ રીએમ્બર્સમેન્ટ પણ મળવાપાત્ર છે.

૯. કોલ્ડ સ્ટોરેજ ભરપાઇ કરેલ સ્ટેમ્પ ડ્યુટી/વેચાણ નોંધણી ફી/રૂપાંતર શૂલ્કની ૫૦ટકા રકમ અને કન્ટ્રોલ એટમોસ્ફીયર કોલ્ડ સ્ટોરેજ માટે ૧૦૦ટકા રકમ રીએમ્બર્સ મળવાપાત્ર છે.

૧૦. આ ઉપરાંત માન્ય મૂડી રોકાણના ચૂકવેલ વેટના ૭૦ટકા સુધી સહાય.

તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮
અતારાંકિત પ્રશ્નોત્તરી

બાગાયત ખાતા હસ્તકની યોજનાની જોગવાઇ.

(૨) રૂ.૪૮/- પ્રતિ લીટરના ભાવે વિતરણ કરવામાં આવ્યું.

(૩) રાજ્ય સરકારે કેટલો બોજ ઉઠાવ્યો અથવા કેટલી સબસીડી ભોગવી ?

(૩) રાજ્ય સરકારે રૂ. ૭૭,૭૭,૩૦૧/-ની સબસીડી ભોગવી.

---------

જામનગર અને દેવભૂમિદ્વારકા જિલ્લામાં માછીમારો માટેના ઈજારા

* ૯૩૯૧ શ્રી વલ્લભભાઈ ધારવીયા (જામનગર ગ્રામ્ય) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિદ્વારકા જિલ્લામાં જિલ્લાવાર જળાશયોમાં માછીમારી માટેના કેટલા ઈજારા ક્યા ઈજારદારોને આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત ઈજારા કેટલા સમય માટે આપવામાં આવેલ છે,

(૩) તે અન્વયે કેટલી ડીપોઝીટ જળાશયવાર લેવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જળાશયવાર ઈજારા પેટે કેટલી આવક થઇ ?

જવાબ

(૧) જામનગર જિલ્લામાં તેત્રીસ અને દેવભૂમિદ્વારકા જિલ્લામાં દસ ઈજારદારોની માહિતી *પત્રક-૧ અને *પત્રક-૨ મુજબ.

(૨) પાંચ વર્ષ.

(૩) અને (૪)
*પત્રક-૧ અને *પત્રક-૨ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં માછીમારો માટેના ઈજારા

* ૯૩૫૯ સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર જળાશયોમાં માછીમારી માટેના કેટલા ઈજારા ક્યા ઈજારદારોને આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત ઈજારા કેટલા સમય માટે આપવામાં આવેલ છે,

(૩) તે અન્વયે કેટલી ડીપોઝીટ જળાશયવાર લેવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જળાશયવાર ઈજારા પેટે કેટલી આવક થઇ ?

જવાબ

(૧) કચ્છ જિલ્લામાં શુન્ય અને બનાસકાંઠા જિલ્લામાં ૨૫ (પચ્ચીસ) ઈજારદારોની માહિતી *પત્રક-૧ મુજબ.

(૨) પાંચ વર્ષ.

(૩) અને (૪)
*પત્રક-૧ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

વલસાડ અને ડાંગ જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી/પશુધન નિરીક્ષકની મંજુર જગ્યાઓ

* ૯૪૧૫ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વલસાડ અને ડાંગ જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ અને પશુધન નિરીક્ષકની કુલ કેટલી મંજુર જગ્યાઓ છે,

જવાબ

(૧)

| અ.નં | જિલ્લો | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ ની મંજુર જગ્યા | પશુધન નિરીક્ષકની મંજુર જગ્યા |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૧૦ | ૪૩ |
| ૨ | ડાંગ | ૦૮ | ૧૫ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| અ.નં | જિલ્લો | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ | પશુધન નિરીક્ષકની ખાલી |
|---|---|---|---|

| | | ની ખાલી જગ્યા | જગ્યા |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૦૪ | ૧૫ |
| ૨ | ડાંગ | ૦૬ | ૦૮ |

(૩) ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે?

(૩) પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ની કુલ ૧૪૪ જગ્યાઓ અને પશુધન નિરીક્ષકની કુલ ૪૦૦ જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે. તેમજ પશુ ચિકિત્સા અધિકારી અને પશુધન નિરીક્ષકની બાકી ખાલી જગ્યાઓ શક્ય એટલી ઝડપથી ભરવાનું આયોજન છે.

---------

પાલનપુર બજાર સમિતિને ગોડાઉનોની સુવિધા

* ૭૭૫૧ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાની પાલનપુર બજાર સમિતિને રાજ્યની બજાર સમિતિઓમાં વેરહાઉસીંગ ગોડાઉનોની સુવિધાઓ ઊભી કરવા સહાય આપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૨૬.૦૦ લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂ. ૨૬.૦૦ લાખ |

---------

ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ

* ૮૫૯૭ ડૉ. સી.જે.ચાવડા (ગાંધીનગર ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ મહોત્સવ પાછળ ગાંધીનગર જિલ્લામાં કેટલો ખર્ચ થયો, | (૧) વર્ષ ૨૦૧૬ : રૂ.૨૦.૦૦ લાખ<br>વર્ષ ૨૦૧૭ : શૂન્ય |
| (૨) છેલ્લા બે વર્ષમાં કૃષિ મહોત્સવ દ્વારા ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા અને કયા પ્રકારની કીટ્સ ખેડૂતોને આપવામાં આવી, અને | (૨) શૂન્ય |
| (૩) ખેડૂતોને કૃષિ મહોત્સવ થકી શા ફાયદા થયા ? | (૩) કૃષિ વૈજ્ઞાનિકશ્રીઓ/અધિકારીશ્રીઓ અને ખેડૂતો સીધા સંપર્કમાં આવ્યા. |

- ખેડૂતો પોતાના કૃષિલક્ષી પ્રશ્નો/માહિતી/ટેકનોલોજી મેળવવા માટે નિઃસંકોચ અધિકારીશ્રીઓ/ વૈજ્ઞાનિકશ્રીઓ સાથે ચર્ચા કરતા થયા.
- ખેડૂતોમાં કૃષિલક્ષી જાગૃતિ આવતા નવી તાંત્રિકતા અપનાવતાં તેમની આવકમાં વધારો થયો.
- કૃષિમાં સપ્રમાણ વાવેતર અને સપ્રમાણ ઈનપુટસનો ઉપયોગ કરતા થયા જેથી ખેતી ખર્ચમાં ઘટાડો થતાં આવકમાં વધારો થયેલ છે.
- જળ સંચય/જળ સંગ્રહના કામોને કારણે જળસ્તર ઉંચા આવ્યા જેથી પિયત વિસ્તાર વધ્યો તેમજ બિન પિયત વિસ્તારમાં પૂરક પિયતની વ્યવસ્થા થતાં ખેડૂતોને પાકને જરૂરીયાતના સમયે પિયત મળતાં પાક ઉત્પાદન વધ્યું.
- ખેડૂતો નવા પાકોનું વાવેતર કરવા લાગ્યા જેથી

એકજ પ્રકારના પાકના વાવેતરથી થતા નુકશાનના જોખમમાં ઘટાડો થયો.

- રાજ્યના છેવાડાના ખેડૂતો નવી કૃષિ તાંત્રિકતા અપનાવતા થયા.
- રાજ્ય/કેન્દ્ર સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ ખાતા હસ્તકની સહાય યોજનાઓથી માહિતગાર થતાં લાભ લેવા આગળ આવવા લાગ્યા.
- મુલ્યવર્ધિ થાય તેવા પાકોના વાવેતર તરફ આકર્ષણ વધ્યું.

---------

રાજકોટ જિલ્લામાં પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પ

*** ૭૮૮૮ શ્રીમતી ગીતાબા જાડેજા (ગોંડલ) :** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૧૨ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૧૭,૦૪૮ |

---------

અમરેલી અને ગીર–સોમનાથ જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી/પશુધન નિરીક્ષકની મંજુર જગ્યાઓ

*** ૯૪૦૭ શ્રી જે.વી.કાકડીયા (ધારી) :** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમરેલી અને ગીર–સોમનાથ જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરીક્ષકની કુલ કેટલી મંજુર જગ્યાઓ છે,

(૧)

| અ.નં | જિલ્લો | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ ની મંજુર જગ્યા | પશુધન નિરીક્ષકની મંજુર જગ્યા |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૩૯ | ૯૭ |
| ૨ | ગીર–સોમનાથ | ૨૦ | ૧૬ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| અ.નં | જિલ્લો | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ ની ખાલી જગ્યા | પશુધન નિરીક્ષકની ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૨૪ | ૬૬ |
| ૨ | ગીર–સોમનાથ | ૧૪ | ૦૪ |

(૩) ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે?

(૩) પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ની કુલ ૧૪૪ જગ્યાઓ અને પશુધન નિરીક્ષકની કુલ ૪૦૦ જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે. તેમજ પશુ ચિકિત્સા અધિકારી અને પશુધન નિરીક્ષકની બાકી ખાલી જગ્યાઓ શક્ય એટલી ઝડપથી ભરવાનું આયોજન છે.

---------

સાયલા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના

*** ૭૮૨૨ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) :** માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાની સાયલા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ | (૧) રૂ. ૪૯.૦૫ લાખ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| મંજૂર કરવામાં આવેલ છે, અને | |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ. ૪૯.૦૫ લાખ |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં માછીમારો માટેના ઇજારા

* ૯૩૬૮ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર જળાશયોમાં માછીમારી માટેના કેટલા ઇજારા ક્યા ઇજારદારોને આપવામાં આવ્યા છે, | (૧) અરવલ્લી જિલ્લામાં ત્રીસ અને સાબરકાંઠા જિલ્લામાં પચ્ચીસ ઇજારદારોની માહિતી સામેલ *પત્રક–૧ અને *પત્રક–૨ મુજબ. |
| (૨) ઉક્ત ઇજારા કેટલા સમય માટે આપવામાં આવેલ છે, | (૨) પાંચ વર્ષ. |
| (૩) તે અન્વયે કેટલી ડીપોઝીટ જળાશયવાર લેવામાં આવેલ છે, અને | (૩) અને (૪) *પત્રક–૧ અને પત્રક–૨ મુજબ. |
| (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જળાશયવાર ઇજારા પેટે કેટલી આવક થઇ ? | |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

રાજ્યોમાં અનુદાનિત ગ્રંથાલયો માટે એવોર્ડ

* ૭૮૭૩ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના અનુદાનિત ગ્રંથાલયો માટે રાજ્ય દ્વારા એવોર્ડની કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૩–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગ્રંથાલયોને આ યોજના અન્વયે એવોર્ડ આપવામાં આવ્યા ? | (૨) દર બે વર્ષે એવોર્ડ આપવામાં આવે છે. જેની પ્રક્રિયા હાલ ચાલુ છે. |

---------

મહેસાણા જિલ્લામાં ખેડૂતોને પાક ધિરાણમાં વ્યાજ સહાય

* ૭૮૦૩ શ્રી રમણભાઈ પટેલ (વિજાપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના ખેડૂતોને પાક ધિરાણમાં વ્યાજ સહાય કેટલા ટકા પ્રમાણે કેટલા ખેડૂતોને કેટલી ચૂકવવામાં આવી ?

જવાબ

| સહકારી ધિરાણ માળખા અન્વયે | | |
|---|---|---|
| ટકા | ખેડૂતોની સંખ્યા | વ્યાજ સહાય |
| ૦૩ | ૯૭૯૯૬ | રૂ.૨૨૯૫.૮૬ લાખ |

---------

જુનાગઢ જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીને ફાળવેલ રકમ બાબત

* ૧૦૦૩૩ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી. |

| | વર્ષ | વર્ષ |
|---|---|---|
| જુનાગઢ | ૦૧–૦૨–૨૦૧૬ થી ૩૧–૦૧–૨૦૧૭ | ૦૧–૦૨–૨૦૧૭ થી ૩૧–૦૧–૨૦૧૮ |

| | ગ્રાન્ટ (લાખમાં) | ગ્રાન્ટ (લાખમાં) |
|---|---|---|
| | ૩૩૦૪.૩૧ | ૯૦૦.૬૦ |

(૨) તે પૈકી કેટલી ગ્રાન્ટ વણવપરાયેલી રહી છે,

(૨) તે પૈકી નીચે મુજબ ગ્રાન્ટ વણવપરાયેલી રહી છે.

| જુનાગઢ | વર્ષ ૦૧-૦૨-૨૦૧૬ થી ૩૧-૦૧-૨૦૧૭ | વર્ષ ૦૧-૦૨-૨૦૧૭ થી ૩૧-૦૧-૨૦૧૮ |
|---|---|---|
| | વણવપરાયેલ ગ્રાન્ટ (લાખમાં) | વણવપરાયેલ ગ્રાન્ટ (લાખમાં) |
| | ૧૬૦૯.૯૧ | ૧૭૨૪.૧૨ |

(૩) વણવપરાયેલ ગ્રાન્ટનો ઉપયોગ થાય તે હેતુસર મુદતમાં વધારો કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૩) વણવપરાયેલ ગ્રાન્ટ વાપરવા માટે કોઈ સમય મર્યાદા નિર્ધારીત કરેલ ના હોય મુદત વધારાનો પ્રશ્ન રહેતો નથી.

(૪) જો હા, તો કેટલો વધારો કરવામાં આવ્યો છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ખેડા જિલ્લામાં પશુઓનું રસીકરણ

* ૭૮૮૭ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) **:** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) પશુપાલન ખાતા દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) ક્યા ક્યા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું?

જવાબ

(૧) ૪૨,૫૪,૨૪૬.

(૨) ગળસૂંઢો, ખરવા-મોવાસા, આંત્રવિષજ્વર, થાઇલેરીયોસીસ, હડકવા અને પી.પી.આર.

---------

અમદાવાદ જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૭૮૫૫ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) **:** માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિ છેલ્લા એક વર્ષમાં મળી,

(૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને

(૪) પડતર રહેવાના કારણો શું છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં નવા રેશનકાર્ડની ૭૩૬૬ અરજીઓ મળેલ હતી,

(૨) મળેલ તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

મહેસાણા અને પાટણ જિલ્લામાં પાકવિમા યોજનામાં ચૂકવેલ રકમ

* ૮૩૭૦ ડૉ. આશા પટેલ (ઉંઝા) **:** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન મહેસાણા અને પાટણ જિલ્લામાં પાક વિમા યોજના નીચે ખરીફ સીઝનમાં કેટલા ખેડૂતોએ તાલુકા દીઠ કેટલી રકમનું પ્રિમિયમ ચૂકવ્યું,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન મહેસાણા અને પાટણ જિલ્લામાં પાક વિમા યોજના નીચે ખરીફ સીઝનમાં ખેડૂતોએ આ મુજબ પ્રિમિયમ ચૂકવ્યું.

| મહેસાણા | | | | |
|---|---|---|---|---|
| તાલુકાનું નામ | ખેડૂતોની સંખ્યા | ખરીફ ૨૦૧૬ પ્રિમિયમની રકમ (રૂપિયા) | ખેડૂતોની સંખ્યા | ખરીફ ૨૦૧૭ પ્રિમિયમની રકમ (રૂપિયા) |

| | | | | |
|---|---|---|---|---|
| ઉંઝા | ૨૯૭૭ | ૧૪૬૬૫૨૯ | ૧૪૨૫ | ૪૨૫૦૧૦૮ |
| કડી | ૫૦૦૦ | ૪૦૭૪૭૪૯ | ૨૭૭૮ | ૧૩૭૯૭૫૬૨ |
| ખેરાલુ | ૧૧૮૦ | ૯૨૩૮૬૯ | ૯૩૩ | ૪૬૬૨૬૧૨ |
| જોટાણા | ૧૨૩૬ | ૭૨૯૪૧૧ | ૪૮૧ | ૨૬૭૮૭૨૭ |
| બેચરાજી | ૩૫૧૦ | ૩૦૪૬૩૭૧ | ૧૦૯૩ | ૫૯૭૬૫૨૩ |
| મહેસાણા | ૧૯૮૪ | ૧૫૭૯૯૦૮ | ૧૪૭૩ | ૫૪૧૨૫૩૮ |
| વડનગર | ૨૪૧૨ | ૧૭૨૦૭૭૦ | ૧૦૭૫ | ૪૯૯૬૦૩૦ |
| વિજાપુર | ૪૪૯૩ | ૨૭૯૧૨૪૫ | ૨૮૪૭ | ૮૯૩૯૯૨૦ |
| વિસનગર | ૫૦૮૦ | ૩૧૦૬૦૮૧ | ૨૦૩૩ | ૮૨૨૧૯૯૪ |
| સતલાસણા | ૮૧૩ | ૬૪૬૪૧૩ | ૬૫૨ | ૧૪૧૬૦૫૭ |
| કુલ | ૨૮૬૮૫ | ૨૦૦૮૫૩૪૫ | ૧૪૭૯૦ | ૬૦૩૫૨૦૭૧ |

| પાટણ | | | | |
|---|---|---|---|---|
| તાલુકાનું નામ | ખેડૂતોની સંખ્યા | ખરીફ ૨૦૧૬ પ્રિમિયમની રકમ (રૂપિયા) | ખેડૂતોની સંખ્યા | ખરીફ ૨૦૧૭ પ્રિમિયમની રકમ (રૂપિયા) |
| ચાણસ્મા | ૧૭૯૫ | ૧૫૫૬૩૬૯ | ૬૧૩૦ | ૯૬૩૯૧૮૪ |
| હારીજ | ૧૨૬૨ | ૧૪૫૧૨૮૧ | ૨૧૩૧ | ૩૯૩૮૫૨૭ |
| પાટણ | ૧૪૩૪ | ૧૨૩૨૫૨૮ | ૩૪૪૩ | ૬૯૨૫૨૭૫ |
| રાધનપુર | ૫૦૮૩ | ૩૮૮૬૭૩૯ | ૩૫૧૯ | ૪૦૩૧૮૯૭ |
| સમી | ૨૪૩૩ | ૨૭૬૩૩૭૨ | ૧૩૪૩ | ૧૪૮૬૪૦૩ |
| સાંતલપુર | ૫૬૦૭ | ૯૭૬૪૬૯ | ૩૦૩૫ | ૩૧૧૭૫૭૨ |
| સરસ્વતી | ૧૩૯૯ | ૫૫૫૪૬૦૬ | ૩૬૭૭ | ૭૮૧૭૦૬૬ |
| શંખેશ્વર | ૭૪૨ | ૯૭૬૬૧૪ | ૧૪૬૬ | ૨૭૨૩૦૬૮ |
| સિદ્ધપુર | ૭૫૧ | ૫૫૨૭૮૬ | ૩૬૩૧ | ૪૧૭૮૬૩૪ |
| કુલ | ૨૦૫૦૬ | ૧૮૯૫૦૭૬૪ | ૨૮૩૭૫ | ૪૩૮૫૭૬૨૭ |

(૨) આ સમયગાળા દરમ્યાન આ યોજના નીચે સરકારે ખાનગી વિમા કંપનીઓને પ્રિમિયમ પેટે કેટલી રકમ ચૂકવી, અને

(૨) આ સમયગાળા દરમ્યાન આ યોજના નીચે રાજ્ય સરકારે ખાનગી વિમા

| અનુ. નં. | વીમી કંપનીનું નામ | પ્રિમિયમની રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | એગ્રીકલ્ચર ઇન્સ્યોરન્સ કંપની | ૩,૯૬,૬૭,૪૨,૧૬૬ |
| ૨ | એચડીએફસી અર્ગો જનરલ ઇન્સ્યોરન્સ કંપની | ૭,૧૧,૪૯,૯૩,૩૩૯ |
| ૩ | યુનાઇટેડ ઇન્ડીયા ઇન્સ્યોરન્સ કંપની | ૧૫,૧૬,૬૪,૪૯૫ |

કંપનીઓને પ્રિમિયમ પેટે આ મુજબ રકમ ચૂકવી.

(૩) ખેડૂતો અને સરકારશ્રીએ ચૂકવેલ રકમ પૈકી આ સમયગાળામાં ખેડૂતોને કેટલી રકમનો વીમો ચૂકવવામાં આવ્યો?

(૩) ઉક્ત સ્થિતિએ ખેડૂતો અને સરકારશ્રીએ ચૂકવેલ રકમ પૈકી આ સમયગાળામાં ખેડૂતોને રૂ.૧૦૦૦.૦૭ કરોડ રકમનો વીમો ચુકવવામાં આવ્યો.

---------

રાજા રામમોહનરાય લાઈબ્રેરી ફાઉન્ડેશન યોજનામાં સહાય

*** ૭૮૭૨ શ્રી વિવેક પટેલ (ઉધના) :** માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓના મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજા રામમોહનરાય લાઈબ્રેરી ફાઉન્ડેશન (કલકત્તા) યોજના અંતર્ગત ગ્રંથાલય ખાતાને સન ૨૦૧૫–

જવાબ

(૧) વર્ષઃ ૨૦૧૫–૧૬ – રૂ.૨૦૦.૦૦ લાખ
વર્ષઃ ૨૦૧૬–૧૭ – રૂ.૨૫૦.૦૦ લાખ.

૧૬ અને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં કેટલી સહાય મળી,

(૨) આ યોજના હેઠળ રાજ્ય સરકારના ફાળાની જોગવાઇ છે કે કેમ, અને

(૨) હા.

(૩) જો હા, હોય તો તેની વિગતો શું છે ?

(૩) રાજ્ય સરકારનો વર્ષઃ ૨૦૧૫–૧૬ –રૂ.૨૦૦.૦૦ લાખ રાજ્ય સરકારનો વર્ષઃ ૨૦૧૬–૧૭ – રૂ.૨૫૦.૦૦ લાખ.

---------

રાજ્યના આરટીઓ કચેરીઓમાં આધારકાર્ડ માન્ય રાખવા બાબત

* ૯૩૩૨ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યના આરટીઓ કચેરીઓમાં આધારકાર્ડ ફોટો આઇડી કે સરનામાના પુરાવા તરીકે માન્ય રાખવામાં આવતા નથી તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને

(૩) આધારકાર્ડ માન્ય રહે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ કોઇ સૂચના આપેલ છે કે કેમ ?

જવાબ

(૧) હા.

(૨) આરટીઓ કચેરીઓમાં રજીસ્ટ્રેશન અને ડ્રાઈવીંગ લાઈસન્સ સંબંધિત પ્રક્રિયામાં જરૂરી સરનામાના પુરાવા તરીકે માન્ય દસ્તાવેજોની યાદી કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ ના નિયમ–૪ માં આપવામાં આવી છે જેમાં આધારકાર્ડનો ઉલ્લેખ નથી તેથી આધારકાર્ડનો ફોટો આઇડી કે સરનામાના પુરાવા તરીકે માન્ય રાખવામાં આવતા નથી.

(૩) આધારકાર્ડને સરનામાનો વધારાનો પુરાવો ગણવા ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ, ૧૯૮૯ માં સુધારા કરતું જાહેરનામું ક્રમાંકઃ **PT/2017/34/MVD/102017/435/KH,** તા.૩૦–૮–૨૦૧૭ ના રોજ રાજ્ય સરકારે બહાર પાડેલ છે. આ જાહેરનામા અનુસંધાને વાહન વ્યવહાર કમિશ્નર કચેરી દ્વારા પરિપત્ર ક્રમાંકઃ એમવીપી/ગુ.મો.વા.નિયમ/સુધારા/૬૪૦૪, તા.૦૫–૦૯–૨૦૧૭ ના રોજ બહાર પાડેલ છે.

---------

સુરત અને મોરબી જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોની સંખ્યા

* ૯૩૪૫ શ્રી સોમાભાઈ કોળી પટેલ (લીંબડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટકેટલી છે, અને

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ગરીબી રેખાની નીચે જીવતા પરિવારોની કુલ સંખ્યા સુરેન્દ્રનગર જિલ્લામાં– ૧૨૫૭૯૪ અને મોરબી જિલ્લામાં–૪૭૧૩૬ છે.

(પત્રક મુજબ)

| ક્રમ | જિલ્લાનું નામ | ૦ થી ૧૬ | ૧૭ થી ૨૦ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ૬૮૫૨૧ | ૫૭૨૭૩ | ૧,૨૫,૭૯૪ |
| ૨ | મોરબી | ૨૪૬૪૫ | ૨૨૪૯૧ | ૪૭,૧૩૬ |
| | કુલ | ૯૩૧૬૬ | ૭૯૭૬૪ | ૧,૭૨,૯૩૦ |

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ–૨૦૧૬ અને ૨૦૧૭ માં કુલ–૧૪ અને મોરબી જિલ્લામાં કુલ–૨૨૯૯ ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોનો વધારો થયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૬ વધારો | વર્ષ ૨૦૧૭ વધારો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ૦૮ | ૦૬ | ૧૪ |
| ૨ | મોરબી | ૧૯૬૩ | ૩૩૬ | ૨૨૯૯ |

| | કુલ | ૧૯૭૧ | ૩૪૨ | ૨૩૧૩ |
|---|---|---|---|---|

---------

વલસાડ જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉનો

* ૭૮૬૦ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) **:** માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ ૧૨ ગોડાઉન આવેલા છે. |
| (૨) ગોડાઉનની સંગ્રહ શકિત કેટલી છે, અને | (૨) વલસાડ જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહશકિત ૧૧૦૦૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શકિત વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ–૩ હેઠળ વાપી અને વલસાડ ખાતે કુલ બે તાલુકામાં પ્રત્યેક ૨૦૦૦ મે.ટન એમ કુલ ૪૦૦૦ મે.ટન ગોડાઉન બાંધકામ માટેના ટેન્ડર મંજુર કરી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. ધરમપુર ખાતે ૨૦૦૦ મે.ટન ગોડાઉન બાંધકામના અંદાજને વહીવટી મંજૂરી આપવાની પ્રક્રીયા ચાલુ છે. |

---------

ભુજ આરટીઓ કચેરીમાં ઓવરલોડ વાહનો સામે કેસ

* ૭૭૩૭ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) **:** માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભુજ આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા, અને | (૧) ભુજ આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં ૧૯૫ ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા. |
| (૨) તેનો કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો ? | (૨) તેનો રૂ.૧.૧૦ કરોડ દંડ વસુલ કરવામાં આવ્યો. |

---------

મહેસાણા જિલ્લામાં નવીન રચાયેલ બજાર સમિતિઓમાં પાયાની સગવડો

* ૭૭૫૮ શ્રી બલરામ થાવાણી (નરોડા) **:** માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાની સતલાસણા બજાર ૨૬૨ સમિતિને પાયાની સગવડો ઊભી કરવા સહાય આપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૨૫.૯૧ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ. ૨૫.૯૧ લાખ. |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સરકારી પુસ્તકાલયોનું મંજુર મહેકમ

* ૯૩૩૪ શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ) **:** માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા સરકારી પુસ્તકાલય આવેલ છે અને તેનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૧) અને (૨) પ્રશ્ન માટે પત્રક–અ સામેલ છે. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે, અને | |
| (૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા મુજબ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. |

પત્રક–અ

| ક્રમ | સંવર્ગનું નામ | જિલ્લો અરવલ્લી | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મેઘરજ | | | ભિલોડા | | | માલપુર | | | બાયડ | | |
| | | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | મદદનીશ ગ્રંથપાલ | ૦૧ | ૦૧ | – | ૦૧ | ૦૧ | – | ૦૧ | – | – | ૦૧ | – | – |
| ૨ | ગ્રંથાલય કારકૂન | ૦૧ | – | ૦૧ | – | – | – | – | ૦૧ | – | – | – | – |
| ૩ | પટાવાળા | ૦૧ | – | ૦૧ | ૦૧ | ૦૧ | – | ૦૧ | – | – | – | – | – |
| | કુલ સરવાળો | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૨ | – | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | – |

| ક્રમ | સંવર્ગનું નામ | જિલ્લો સાબરકાંઠા | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હિંમતનગર શહેર | | | વિજયનગર | | | ખેડબ્રહ્મા | | | પ્રાંતિજ | | |
| | | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | જિલ્લા ગ્રંથપાલ | ૦૧ | ૦૧ | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨ | મદદનીશ ગ્રંથપાલ | ૦૧ | ૦૧ | – | ૦૧ | ૦૧ | – | ૦૧ | ૦૧ | – | ૦૧ | ૦૧ | – |
| ૩ | ગ્રંથાલય કારકૂન | ૦૨ | ૦૨ | – | – | – | – | ૦૧ | – | ૦૧ | – | – | – |
| ૪ | કનિયાન કારકૂન | ૦૧ | – | ૦૧ | – | – | – | – | – | – | – | – | – |
| ૫ | પટાવાળા | ૦૧ | – | ૦૧ | ૦૧ | ૦૧ | – | ૦૧ | – | ૦૧ | ૦૧ | ૦૧ | – |
| | કુલ સરવાળો | ૦૬ | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૨ | – | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૨ | – |

---------

### ઉમરાળા બજાર સમિતિને ગોડાઉનોની સુવિધા

* ૭૭૪૫ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) **:** માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાની ઉમરાળા બજાર સમિતિને ગોડાઉનોની સહાય આપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૩૨.૦૦ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૩૨.૦૦ લાખ. |

---------

### એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયા પાસેથી ‘‘ના વાંધા પ્રમાણપત્ર’’ મેળવવા બાબત

* ૮૧૦૩ શ્રી ચિરાગભાઈ કાલરીયા (જામજોધપુર) **:** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ દ્વારા એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા પાસેથી અમદાવાદ એરપોર્ટ ખાતે પેરીશેબલ કાર્ગો બાબતે ના વાંધા પ્રમાણપત્ર મેળવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત કરવામાં આવી, અને | (૧) તા.૧૮–૬–૨૦૧૪ના એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના પત્રથી ના વાંધા પ્રમાણપત્ર મળેલ છે. ત્યારબાદ આ સુવિધા કાર્યરત છે. એટલે રજુઆત કરવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો? | (૨) લાગુ પડતું નથી. |

## ચૈત્ર ૨, ૧૯૪૦ શાકે
## અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

### અમરેલી જિલ્લામાં અનાજ સંગ્રહ માટે ગોડાઉન બનાવવા બાબત

*** ૭૮૧૨ શ્રી પ્રવિણભાઇ ઘોઘારી (કરંજ) :** માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં અમરેલી જિલ્લામાં ખેડૂતોને અનાજનો સંગ્રહ થાય તે માટે કેટલી સેવા મંડળીઓમાં ગોડાઉનો બાંધવામાં આવેલ છે, અને | (૧) ૨૦૧૬-૧૭ ૧૧<br>૨૦૧૭-૧૮ ૦૭ |
| (૨) તે ગોડાઉનો માટે રાજ્ય સરકારે કેટલી સહાય આપી છે ? | (૨) રૂ.૭૫,૫૧,૯૦૦/- |

---------

### કચ્છ અને પાટણ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોની સંખ્યા

*** ૯૩૫૬ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટ કેટલી છે, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ગરીબી રેખાની નીચે જીવતા પરિવારોની કુલ સંખ્યા કચ્છ જિલ્લામાં-૧૦૫૬૬૪ અને પાટણ જિલ્લામાં-૧૦૧૯૫૪ છે.

(પત્રક મુજબ)

| ક્રમ | જિલ્લાનું નામ | ૦ થી ૧૬ | ૧૭ થી ૨૦ સ્કોર | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કચ્છ | ૪૯૮૬૦ | ૫૫૮૦૪ | ૧૦૫૬૬૪ |
| ૨ | પાટણ | ૪૭૬૨૬ | ૫૪૩૨૮ | ૧૦૧૯૫૪ |
| | કુલ | ૯૭૪૮૬ | ૧૧૦૧૩૨ | ૨૦૭૬૧૮ |

પ્રશ્ન

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

જવાબ

(૨) કચ્છ જિલ્લામાં વર્ષ-૨૦૧૬ અને ૨૦૧૭માં કુલ-૧૦૫ અને પાટણ જિલ્લામાં કુલ-૦૬ ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોનો વધારો થયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૧૬ વધારો | વર્ષ-૨૦૧૭ વધારો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કચ્છ | ૫૧ | ૫૪ | ૧૦૫ |
| ૨ | પાટણ | ૦૬ | ૦ | ૦૬ |
| | કુલ | ૫૭ | ૫૪ | ૧૧૧ |

---------

### જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોની સંખ્યા

*** ૯૩૯૭ શ્રી હર્ષદકુમાર રીબડીયા (વિસાવદર) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટ કેટલી છે, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ગરીબી રેખાની નીચે જીવતા પરિવારોની કુલ સંખ્યા જૂનાગઢ જિલ્લામાં-૫૧૧૭૫ અને પોરબંદર જિલ્લામાં-૨૦૬૬૪ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ૦ થી ૧૬ | ૧૭ થી ૨૦ સ્કોર | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૨૧૩૪૫ | ૨૯૮૩૦ | ૫૧૧૭૫ |
| ૨ | પોરબંદર | ૯૬૨૪ | ૧૧૦૪૦ | ૨૦૬૬૪ |
| | કુલ | ૩૦૯૬૯ | ૪૦૮૭૦ | ૭૧૮૩૯ |

પ્રશ્ન

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

જવાબ

(૨) જૂનાગઢ જિલ્લામાં વર્ષ-૨૦૧૬ અને ૨૦૧૭માં કુલ-૧૦૪૭ અને પોરબંદર જિલ્લામાં કુલ-૪૦૬ ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોનો વધારો થયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ–૨૦૧૬ વધારો | વર્ષ–૨૦૧૭ વધારો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૭૭૧ | ૨૪૬ | ૧૦૧૭ |
| ૨ | પોરબંદર | ૧૮૩ | ૨૨૩ | ૪૦૬ |
| | કુલ | ૯૫૪ | ૪૬૯ | ૧૪૨૩ |

---------

વડગામ અને પાલનપુર તાલુકામાં મા અન્નપૂર્ણા યોજના

* ૯૮૨૩ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લાના વડગામ તથા પાલનપુર તાલુકામાં કેટલા ગામોમાં કેટલા બી.પી.એલ પરિવારોને ‘‘મા અન્નપૂર્ણ’’ યોજનામાં સમાવેશ તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ કરવામાં આવ્યો નથી,

(૨) તેના શા કારણો છે, અને

(૩) ઉક્ત ફરિયાદનો ઉકેલ લાવવા રાજ્ય સરકારે ક્યારે આદેશ કર્યો છે?

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લાના વડગામ તથા પાલનપુર તાલુકામાં નીચે દર્શાવેલ બીપીએલ પરિવારોનો ‘‘મા અન્નપૂર્ણ’’ યોજનામાં તા. ૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ સમાવેશ કરવામાં આવેલ નથી તેની તાલુકાવાર તથા ગામવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામની સંખ્યા | સમાવેશ કરવામાં ન આવેલ બીપીએલ પરિવારોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વડગામ | ૧૦૯ | ૧૧૫૫ |
| ૨ | પાલનપુર | ૧૧૫ | ૧૨૪૨ |

(૨) **SECC-2011** ની યાદીમાં તથા ૨૨–૭–૨૦૧૪ના ઠરાવથી નિયત કરેલ ધોરણો મુજબની લાયકાત ધરાવતા ન હોવાને કારણે સમાવેશ કરી શકાયેલ નથી.

(૩) કોઇ પાત્રતા ધરાવતી વ્યક્તિ કે કુટુંબ સરકારશ્રીની આ યોજનાના લાભથી વંચિત રહી ન જાય તેવા શુભ આશયથી સરકારશ્રીએ “અગ્રતા ધરાવતા કુટુંબો” ની યાદીમાં સમાવેશ થવા માટે મળતી રજુઆતના નિકાલ માટે તા.૨૩–૦૩–૨૦૧૬ના ઠરાવથી દ્વિસ્તરીય સમિતિની રચના કરી ઉકેલ લાવવા માટે વ્યવસ્થા કરી છે.

---------

તળાજા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના

* ૭૮૨૧ શ્રી રાઘવભાઈ મકવાણા (મહુવા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાની તળાજા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

જવાબ

(૧) રૂ. ૫૦.૦૦ લાખ.

(૨) રૂ. ૫૦.૦૦ લાખ

---------

તાપી અને ડાંગ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોની સંખ્યા

* ૯૪૧૦ શ્રી સુનીલભાઈ ગામીત (માંડવી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટ કેટલી છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગરીબી રેખાની નીચે જીવતા પરિવારોની કુલ સંખ્યા તાપી જિલ્લામાં–૭૯૨૯૩ અને ડાંગ જિલ્લામાં–૩૫૨૭૮ છે. (પત્રક મુજબ)

| ક્રમ | જિલ્લાનું નામ | ૦ થી ૧૬ | ૧૭ થી ૨૦ | કુલ |
|---|---|---|---|---|

| | | | સ્કોર | |
|---|---|---|---|---|
| ૧ | તાપી | ૪૨૬૫૧ | ૩૬૬૪૨ | ૭૯૨૯૩ |
| ૨ | ડાંગ | ૨૪૦૧૯ | ૧૧૨૫૯ | ૩૫૨૭૮ |
| | કુલ | ૬૬૬૭૦ | ૪૭૯૦૧ | ૧૧૪૫૭૧ |

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

(૨) તાપી જિલ્લામાં વર્ષ–૨૦૧૬ અને ૨૦૧૭માં કુલ–૦ અને ડાંગ જિલ્લામાં કુલ–૧૫ ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોનો વધારો થયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ–૨૦૧૬ વધારો | વર્ષ–૨૦૧૭ વધારો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | તાપી | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | ડાંગ | ૦૯ | ૦૬ | ૧૫ |
| | કુલ | ૦૯ | ૦૬ | ૧૫ |

---------

બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં મનરેગા યોજનામાં રકમ ફાળવણી

*** ૯૩૬૨ ગેનીબેન ઠાકોર (વાવ) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચેની વિગતે રકમ ગુજરાત સરકારને મળી.

| ભારત સરકાર પાસેથી ગુજરાત સરકારને મળેલ રકમ (રૂ.લાખમાં) | | |
|---|---|---|
| તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ સુધી મળેલ રકમ રૂ. | તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ સુધી મળેલ રકમ રૂ. | કુલ મળેલ રકમ રૂ. |
| ૬૩૮૭૨.૦૦ | ૮૨૯૯૯.૦૦ | ૧૪૬૮૭૧.૦૦ |

(૨) તે પૈકી બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ ફાળવી, અને

(૨) તે પૈકી બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર નીચેની વિગતે રકમ ફાળવી. અને

| ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ સુધી ફાળવેલ રકમ રૂ. | તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ સુધી ફાળવેલ રકમ રૂ. | કુલ ફાળવેલ રકમ રૂ. |
| ૧ | બનાસકાંઠા | ૪૭૭૯.૪૯ | ૪૪૧૮.૦૩ | ૯૧૯૭.૫૨ |
| ૨ | મહેસાણા | ૩૩૦૧.૫૬ | ૨૧૬૧.૦૩ | ૫૪૬૨.૫૯ |
| | કુલ | ૮૦૮૧.૦૫ | ૬૫૭૯.૦૬ | ૧૪૬૬૦.૧૧ |

(૩) ઉક્ત જિલ્લાઓમાં મનરેગા યોજનામાં ગેરરીતિઓની કેટલી ફરિયાદો સરકારને મળી ?

(૩) ઉક્ત જિલ્લાઓમાં મનરેગા યોજનામાં ગેરરીતિઓની નીચેની વિગતે ફરિયાદો સરકારને મળી.

| ગેરરીતિની મળેલ ફરિયાદોની સંખ્યા | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨– | તા.૦૧–૦૧–૨૦૧૭ થી | કુલ મળેલ ફરીયાદોની સંખ્યા |

તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮
અતારાંકિત પ્રશ્નોત્તરી

| | | ૨૦૧૬ સુધી મળેલ ફરીયાદોની સંખ્યા | તા.૩૧-૧૨-૨૦૧૭ સુધી મળેલ ફરીયાદોની સંખ્યા | |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ |
| ૨ | મહેસાણા | ૦ | ૩ | ૩ |
| | કુલ | ૦ | ૩ | ૩ |

---------

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર: માનનીય અધ્યક્ષશ્રી, મારે એક બાબત તરફ આ ગૃહનું ધ્યાન દોરવું છે.

અધ્યક્ષશ્રી : શું બાબત છે?

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર આપે ટકોર કરવા છતાં ૧૪૭ નંબરનો આજનો પ્રશ્ન છે એમાં શુદ્ધિપત્રકમાં સભ્યશ્રીનું નામ ઇન્દ્રજીતસિંહ પરમાર, મત વિસ્તાર બોરસદ લખાયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, તંત્રને કયા ધારાસભ્યનો મત વિસ્તાર કયો છે એ ખબર નથી અને અધિકારી ભૂલી જાય છે ત્યારે ખાસ શુદ્ધિપત્રકમાં પણ આવી ભૂલ છે અને દર વખતે આપ ટકોર કરો છો છતાં ભૂલ થાય છે.

અધ્યક્ષશ્રી : આવી ફરી ભૂલ ન થાય એની કાળજી લેવા માટે હું તાકીદ કરું છું. નેકસ્ટ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

ગુજરાત મેડીકલ સર્વિસીસ કોરપોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેડીકલ સર્વિસીસ કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી આર. સી. પટેલ ( પશુપાલન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી આર. સી. પટેલ ( પશુપાલન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત ઉર્જા વિકાસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઉર્જા વિકાસ લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોરપોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી ગણપતસિંહ વે. વસાવા (મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

### ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી ગણપતસિંહ વે. વસાવા (વન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૨૦૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

### ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના સન ૨૦૧૫-૧૬ અને સન ૨૦૧૬-૧૭ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા સન ૨૦૧૫-૧૬ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

### જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ (કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૧૪-૧૫ના વાર્ષિક હિસાબો, વાર્ષિક ઓડિટ અહેવાલ તેમજ તેના ઉપર લેવાયેલા પગલાંનું નિવેદન તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

### કામધેનુ યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલો

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ (પશુપાલન મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું કામધેનુ યુનિવર્સિટીના સન ૨૦૧૫-૧૬ અને સન ૨૦૧૬-૧૭ના વાર્ષિક અહેવાલો તથા સન ૨૦૧૦-૨૦૧૧ થી ૨૦૧૩-૨૦૧૪ના ઓડિટ અહેવાલો તેમજ સન ૨૦૧૬-૧૭ના વાર્ષિક અહેવાલ સિવાયના ઉક્ત અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલો, ઓડિટ અહેવાલ તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

### ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

### ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઇલ્ડ રાઇટ્સનો વાર્ષિક અહેવાલ

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઇલ્ડ રાઇટ્સનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

### ગુજરાત હાઉસીંગ બોર્ડનો ઓડિટ અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૨૦૧૩-૧૪ અને સન ૨૦૧૪-૧૫ના હિસાબ અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

હિસાબ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

### શિક્ષણ વિભાગની અધિસૂચનાઓ

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) :માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગના સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેની

(૧) તા. ૧૮-૫-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૨૧/ ૨૦૧૬/ પીવીએસ/૧૦૨૦૧૩/૨૮૦/એસ

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

(૨) તા. ૧૮-૫-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૨૨/ ૨૦૧૬/ પીવીએસ/૧૦૨૦૧૩/૧૭/એસ

(૩) તા. ૨૩-૫-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૨૪/ ૨૦૧૫/ પીવીએસ/૧૦૨૦૧૬/૧૬૧/એસ

(૪) તા. ૧૪-૬-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૩૧(૧)/ ૨૦૧૬/ પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસ

(૫) તા. ૧૪-૬-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૩૧(૨)/ ૨૦૧૬/ પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસ

(૬) તા. ૧૪-૬-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૩૧(૩)/ ૨૦૧૬/ પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસ

(૭) તા. ૧૪-૬-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૩૧(૪)/ ૨૦૧૬/ પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસ

(૮) તા. ૧૪-૬-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૩૧(૫)/ ૨૦૧૬/પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસ

(૯) તા. ૧૪-૬-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૩૧(૬)/ ૨૦૧૬/ પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસ

(૧૦) તા.૧૪-૬-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૩૧(૭)/ ૨૦૧૬/ પીવીએસ/૧૦૨૦૧૧/૩૩૫/એસ

(૧૧) તા.૧૪-૬-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૩૩/૧૦૨૦૧૬/ પીવીએસ/૫૧૧/એસ

(૧૨) તા. ૧૪-૬-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૩૪/ ૨૦૧૬/ પીવીએસ/ ૧૦૨૦૧૩/૨૮૦/એસ

(૧૩) તા. ૨૧-૭-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૪૨/ ૨૦૧૫/ પીવીએસ/ ૧૦૨૦૧૫/૧૬૧/એસ

અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)**

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે, અનુદાનો માટેની માગણીઓ પરની ચર્ચા અને મતદાન માટેનો આજે છેલ્લો દિવસ છે, સભાગૃહની આજની બેઠકનો સમય સવારના ૯-૩૦ વાગ્યાથી બપોરના ૨-૦૦ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવ્યો છે, વિધાનસભાના નિયમોના નિયમ-૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલત્વી રાખવાના એક કલાક પહેલાં અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય. આ જોગવાઇ અનુસાર આજે બપોરના ૧-૦૦ વાગ્યે અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચાનો અંત આવશે અને જે માગણી ઉપર ચર્ચા ચાલતી હશે તે અને તે સિવાયની બાકી રહેલી બીજી તમામ માગણીઓ એકીસાથે સભાગૃહના મત માટે મૂકવામાં આવશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણાં વિભાગ સેવાને લગતી નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૦,૮૧,૧૪,૦૦૦/- ની માગણી ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

ડૉ. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

ડૉ. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

ચૈત્ર ૨, ૧૯૪૦ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી નાથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૧૬ રજૂ કરવામાં આવી.

માગણી નંબર–૧૭

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૧,૯૪,૮૯,૨૧,૦૦૦ની માગણી ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ભાવેશભાઇ બા. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

માગણી નંબર–૧૮

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્સન અને અન્ય નિવૃત્તિ લાભ અંગેની સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૧,૧૩,૨૭,૩૦,૦૫,૦૦૦ની માગણી ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી સુરેશકુમાર ચ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૧૮–૧૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા.૨૩–૦૩–૨૦૧૮ (બારમો અને છેલ્લો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| ૧૦ | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| નાણા વિભાગ<br>માગણી નં ૧૫ | | | | |

તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૫૨–<br>સચિવાલય...સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>૦૧ – નાણા વિભાગ<br>રૂ. ૨૦\,૭૬,૧૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના નં. ૭૧ અને ૭૨ | ૧૦૦ | વેચાણવેરાની બાકી રકમ વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર<br>(હિંમતસિંહ પટેલ,<br>લલીત વસોયા અને<br>પ્રેમસિંહભાઇ વસાવા) |
| ૨ | – – " – – | ૧૦૦ | ડબ્બા ટ્રેડીંગથી કરોડો રૂપિયાના વેરાની ચોરીઓ થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. અનિલ જોષિયારા<br>(લાખાભાઇ ભરવાડ, બ્રિજેશ મેરજા અને જશપાલસિંહ પઢિયાર) |
| ૩ | – – " – – | ૧૦૦ | કેન્દ્રીય છઠ્ઠા પગારપંચે સૂચવેલ અને ભારત સરકાર દ્વારા અમલ કરેલ Modified Assured Career Progression Scheme (MACPS) મુજબના ૧૦–૨૦–૩૦ ના ઉચ્ચતર પગારધોરણનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | સંતોકબેન આરેઠીયા<br>(કાન્તીભાઇ ખરાડી,<br>પ્રદ્યુમનસિંહ જાડેજા અને<br>સુનિલભાઇ ગામીત) |
| ૪ | – – " – – | ૧૦૦ | નાણા વિભાગની ખાલી જગ્યાઓ પર કરાર આધારિત નિમણૂંક ન કરતાં નિયમિત ભરતી કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. આશાબેન પટેલ<br>(મંગળભાઇ ગાવિત અને<br>ભરતજી ઠાકોર) |
| ૫ | – – " – – | ૧૦૦ | ૧૯૮૦થી આજદિન સુધી કર્મચારીઓના સ્પેશ્યિલ–પે ના ભથ્થામાં વધારો થયો નથી, તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઇ પરમાર<br>(અનંતકુમાર પટેલ અને<br>અક્ષયકુમાર પટેલ) |
| ૬ | – – " – – | ૧૦૦ | બજેટમાં ફળવાયેલા નાણા વર્ષના અંતે પણ પૂરેપૂરા ખર્ચાતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઇ ચૌધરી<br>(ધવલસિંહ ઝાલા અને ઇમરાન ખેડાવાલા) |
| ૭ | – – " – – | ૧૦૦ | સાતમા પગારપંચ મુજબ તબીબી ભથ્થામાં જરૂરી વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુખરામભાઇ રાઠવા<br>(ચંદનજી ઠાકોર અને કાંતિભાઇ સોઢાપરમાર) |
| ૮ | – – " – – | ૧૦૦ | સાતમા પગારપંચની પગાર બાંધણીની નબળી કામગીરીને કારણે કર્મચારીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત<br>(નૌશાદ સોલંકી અને<br>રાજેશકુમાર ગોહિલ) |
| ૯ | ૨૦૫૨–<br>સચિવાલય...સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>૦૧ – નાણા વિભાગ<br>રૂ. ૨૦\,૭૬,૧૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના નં. ૭૧ અને ૭૨ | ૧૦૦ | સચિવાલયના વિભાગો દ્વારા થતા બિનઉત્પાદક ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઇ મકવાણા<br>(જીતુભાઇ ચૌધરી અને<br>પરસોત્તમ સાબરીયા) |
| ૧૦ | – – " – – | ૧૦૦ | સાતમા પગારપંચ મુજબ વાહન ભથ્થામાં જરૂરી વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઇ કોટવાલ<br>(અલ્પેશ ઠાકોર અને<br>કીરીટકુમાર પટેલ) |
| ૧૧ | – – " – – | ૧૦૦ | વેપારીઓને જીએસટીને કારણે પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ<br>(ભીખાભાઇ જોષી અને<br>વલ્લભભાઇ ધારવિયા) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | – – " – – | ૧૦૦ | સાતમા પગારપંચ મુજબ ઘરભાડા ભથ્થામાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નથાભાઈ પટેલ (ગેનીબેન ઠાકોર અને મહેશકુમાર પટેલ) |
| ૧૩ | – – " – – | ૧૦૦ | રાજ્યના બજેટમાં દેવાના વ્યાજની મોટી રકમો ચૂકવવાને કારણે રાજયની નાણાંકીય સ્થિતિ નબળી પડતી જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જવાહરભાઈ ચાવડા (મહમદજાવીદ પીરઝાદા અને વિમલભાઈ ચુડાસમા) |
| ૧૪ | – – " – – | ૧૦૦ | રાજયના બજેટમાં દેવાનો બોજ વધતો જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સોમાભાઈ કોળીપટેલ (ડો. સી.જે.ચાવડા, લલીતભાઈ કગથરા અને જીજ્ઞેશકુમાર મેવાણી) |
| ૧૫ | – – " – – | ૧૦૦ | કર્મચારીઓ નિવૃત થયા પછી તેમજ મંત્રીમંડળના સીધી ભરતીના કર્મચારીઓને એરીયર્સ, હક્કરજા પગાર તફાવત વિગેરેની રકમો સાતમા પગારપંચ મુજબ ન ચૂકવતાં, છઠ્ઠા પગારપંચ મુજબ ચૂકવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળિયા (હર્ષદકુમાર રીબડીયા અને મોહનલાલ વાળા) |
| ૧૬ | – – " – – | ૧૦૦ | ના.સે.અ.ઓની પ્રવરતા અંગેના નાણા વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:–ખરચ/૨૦૦૨ /૫૭/પાર્ટ–૨/ઝ–૧માંથી બઢતી અને પ્રવરતા શબ્દો દૂર કરી લાંબા સમયથી ના.સે.અ. તરીકે ફરજ બજાવતાં અનુભવી કર્મચારીઓને થતો અન્યાય દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેશકુમાર ગોહિલ (અક્ષયકુમાર પટેલ અને ભગાભાઈ બારડ) |
| | | માંગણી નં. ૧૭ | | |
| ૧૭ | ૨૦૫૪ – તિજોરી... વહીવટ ૦૯૫ – હિસાબ.... કચેરી રૂ. ૧૭,૮૫,૩૮,૦૦૦ અં.પ્ર.નં. ૬ પાના નં. ૭૪ થી ૭૬ | ૧૦૦ | હિસાબ અને તિજોરી નિયામકની કચેરીની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઈ માડમ (બાબુભાઈ વાજા અને ચિરાગભાઈ કાલરીયા) |
| ૧૮ | – – " – – | ૧૦૦ | હિસાબ અને તિજોરી કચેરીઓમાં પૂરતો સ્ટાફ સત્વરે ભરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઈ વંશ (જે.વી. કાકડીયા અને ઈન્દ્રજીતસિંહ પરમાર) |
| *૧૯ | – – " – – | ૧૦૦ | હિસાબ અને તિજોરી કચેરીઓમાં સમયસર બિલો મંજૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઈ ઠુમ્મર (પ્રવિણભાઈ મારૂ અને કાળાભાઈ ડાભી) |
| ૨૦ | ૨૦૫૪ – તિજોરી... વહીવટ ૦૯૫ – હિસાબ.... કચેરી રૂ. ૧૭,૮૫,૩૮,૦૦૦ અં.પ્ર.નં. ૬ પાના નં. ૭૪ થી ૭૬ | ૧૦૦ | પગાર ચકાસણી એકમની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા (ચંદ્રીકાબેન બારીયા અને ભાવેશભાઈ કટારા) |
| | | માંગણી નં. ૧૮ | | |
| ૨૧ | ૨૦૭૧ – પેન્સન...લાભો ૦૧ – મુલકી ૧૦૧– | ૧૦૦ | વયનિવૃત્તિ અને સ્વૈચ્છીક નિવૃત્તિ પછી પેન્સન અને સંલગ્ન ભથ્થા સમયસર ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સુરેશકુમાર પટેલ (રાજેન્દ્રસિંહ પરમાર અને કનુભાઈ બારૈયા) |

| | | | | |
|---|---|---|---|---|
| | વયનિવૃત્તિ.....ભથ્થાં<br>રૂ. ૫૭,૩૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬૪ પાના નં. ૮૬ | | | |
| ૨૨ | – – " – – | ૧૦૦ | વયનિવૃત્તિ અને સ્વૈચ્છીક નિવૃત્તિ પછી પેન્સન કેસોનો સત્વરે નિકાલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા (ભગાભાઈ બારડ અને શીવાભાઈ ભુરીયા) |

ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

ડી. એમ. પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા

*આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગની આજની માગણીઓ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

પેન્સન અને તિજોરી વિભાગ એના સંદર્ભે કેટલીક વાતો કરીને, સેલ્સટેક્સ વિભાગની પણ વાત કરીશ. મારા રાજયની તિજોરી ઉપર કોઇનો પંજો નહિ પડવા દઉં એવી વાતો કરનારના હાથમાં આજે આખે આખી તિજોરીઓ આવી છે.(અંતરાય) લાભ સાચો છે પણ એનો લાભ આપણને નથી મળતોને? તિજોરીમાંથી સરકારી કર્મચારીઓનું પેન્સન પણ આપવામાં આવે છે. સરકારી કર્મચારીઓની ભરતી પણ કરવામાં આવે છે અને સરકારી કર્મચારીઓ અને પેન્સનર્સનું બેલેન્સ જળવાયું જ નથી. અહીંયા કહેવામાં આવ્યું છે કે, અમે આટલા હજાર કર્મચારીઓની ભરતી કરી. આજે ૪,૬૦,૦૦૦ જેટલા પેન્સનરો છે. એનો મતલબ એ છે કે, દર વર્ષે ૨૦,૦૦૦ જેટલા કર્મચારી-અધિકારીઓ નિવૃત્ત થાય છે. ગુજરાતમાં છેલ્લે ૧૯૯૬-૯૭માં કોંગ્રેસની સરકાર હતી ત્યારે આ રાજ્યના કર્મચારીઓની સંખ્યા સાડા પાંચ લાખ હતી. જ્યારે આજે સરકારી, મ્યુનિસિપાલિટી અને સહાયક સંસ્થાઓના કર્મચારીઓની સંખ્યા પાંચ લાખ થાય છે. એનો અર્થ એ થયો કે, ૧૯૯૬-૯૭માં આ રાજ્યમાં જેટલા કર્મચારીઓ સેવા બજાવતા હતા. આજે ૧૯૯૬-૯૭ના બજેટમાં જે રકમ આવતી હતી એના કરતાં અનેક ગણો વધારો થયો છે. તે વખતે વસતી ૩ કરોડ હતી આજે સાડા છ કરોડ થઇ છે. ખરેખર કર્મચારીઓની સંખ્યા ૧૧ લાખ હોવી જોઇએ પરંતુ એક પણ કર્મચારીનો વધારો આજે થયો નથી. એના બદલે ૪,૬૦,૦૦૦ સુધી પહોંચી ગઇ છે. બહુ દુ:ખની બાબત છે. રાજ્ય સરકારે કામ તો લેવું જ પડે એટલે એક પૅરેલલ ગવર્નમેન્ટ ઊભી થઇ કે જેમાં એજન્સી આપવામાં આવે છે એ એજન્સી નક્કી કરે કે ક્યાં-ક્યાં કર્મચારીઓ ખૂટે છે. એની ભરતી કરે અને પગાર કરે અને આ રીતે આઉટ સોર્સિંગનું એક આખું તંત્ર આ રાજ્યમાં ઊભું થયું. હું માનનીય મંત્રીશ્રીને ૧-૨ દાખલા આપવા માગું છું. આઉટ સોર્સિંગથી જે કર્મચારીને સેન્સીટીવ જગ્યા પર મૂકવામાં આવે એ કર્મચારી એ કોઇ યોજના જ ન હોય અને તિજોરીમાં બિલ મૂકી દીધું. તિજોરીમાંથી ચેક આવી ગયો, પૈસા ઉપડી ગયા અને કરોડો રૂપિયા લઇને કર્મચારી જતો રહ્યો. આજે એનો કોઇ પત્તો જ નથી. આવા એક-બે કિસ્સાઓ મારા ધ્યાનમાં આવ્યા છે. સરકારના ધ્યાનમાં આવ્યા હોય તો એની તપાસ કરે. આ બહુ મોટું ષડયંત્ર રાજ્યમાં ચાલી રહ્યું છે. એના અનુસંધાને આપણે બધાએ ગંભીર બનવાની જરૂર છે. પેન્સનરની સંખ્યા ૪,૬૦,૦૦૦ છે અને અમારા ગાંધીનગરમાં તો પેન્સનર એસોસીએશન ચાલે છે અને હું એમની જનરલ સભામાં પણ ગયો હતો. એમના અનેક પ્રશ્નો છે. એમના જે કાંઇ સેન્સિટીવ પ્રશ્નો છે એ નાણામંત્રીશ્રીના ધ્યાનમાં આવે તો ઉકેલી આપજો. એક પ્રશ્ન એમણે સારો ઉકેલી આપ્યો છે કે, સાતમા પગારપંચનો લાભ કલમ - ૪૪ હેઠળ વાંચીને પેન્સનરોને લાભ આપ્યો છે પરંતુ તફાવતના નાણા ત્રણ હપ્તામાં ચૂકવવાની વાત કરી છે. પેન્સનર્સ ખૂબ વયોવૃદ્ધ થયા હોય અને અપેક્ષા લઇને બેઠા હોય કે સાતમું પગારપંચ જાહેર થયું છે અમને પણ એરિયર્સના નાણા મળશે એમાંથી દીકરા કે દીકરીના લગ્ન કરીશું અને તમે ત્રણ-ત્રણ હપ્તે આપો તો પહેલાં એને સગાઇ કરવી પડે પછી એને લગ્ન કરવા પડે એના કરતાં જો રાજ્યની તિજોરીમાં આટલા નાણા ઉપલબ્ધ હોય તો એક સાથે એ આપવા જોઇએ. તો અમારા ગાંધીનગર અને ગુજરાતના સરકારી કર્મચારીઓનો પ્રશ્ન ઉકલી જાય. બીજી એક ચિંતાની વાત એ છે કે, આ નાણા વિભાગમાં એક બજેટ શાખા પણ કામ કરે છે. સચિવાલયમાં નાણા ખાતું પણ કામ કરે છે. પેન્સનર અને તિજોરીમાં પણ કર્મચારીઓ સારું કામ કરે છે. સેલ્સટેક્ષ વિભાગમાં પણ સારું કામ થાય છે. હવે પ્રશ્ન એ છે કે, બજેટ બનાવતી વખતે બેલેન્સિંગ થવું જોઇએ એ થતું નથી અને બિન વિકાસલક્ષી ખર્ચાઓ પર કાપ મૂકાવો જોઇએ. એના કારણે રાજ્યનું દેવું ખૂબ વધી ગયું છે. રાજ્યનું દેવું આજે ૨ લાખ ૧૦ હજાર કરોડ રૂપિયા જેટલું થયું છે. દરેક ગુજરાતી બાળક ૩૫,૦૦૦ના દેવા સાથે જન્મે છે. જે રાજ્ય બીજા રાજ્યોને સહાય કરતું હતું એ રાજ્ય આજે દેવામાં ડૂબેલું છે. એને બહાર કાઢવાના પ્રયત્નો થતા નથી. એમ કહી શકાય કે, આજે ગુજરાત સરકાર રોજના ૧૦૦ કરોડનું દેવું કરે છે અને રોજના દેવાના વ્યાજ પેટે ૫૩ કરોડ રૂપિયા ચૂકવવામાં આવે છે. સરકારે દેવું ઘટાડવા માટે પ્રયત્ન કરવો જોઇએ પણ દેવું ઘટતું નથી અને અગાઉ મેં ઘણી વખત આ ગૃહનું ધ્યાન દોર્યું છે કે, તમારા રાજ્યમાં દેવુ, દારૂ અને ભૂંડ સિવાય કશું વધ્યું નથી અને માનનીય નાણાં મંત્રીશ્રી આ ધ્યાન આપે એવી વિનંતી કરું છું અને દેવુ કરી શકાય, વિકાસલક્ષી કામ માટે દેવુ કરી શકાય. બે લાખ દસ હજાર કરોડ રૂપિયાનું દેવુ થયું, દેવુ કરીએ છીએ તો સાત- સાડા સાત ટકાથી વ્યાજથી આપણે પૈસા લઇએ છીએ, એવું દેવુ કરીએ છીએ અને પછી પાછા આપણે દાતાર બની જઇએ છીએ. આપણે કેવા દાતાર કે નેનો પ્રોજેક્ટ માટે ટાટાને ૩૩ હજાર કરોડ રૂપિયા ચૂકવવાના, એનું

વ્યાજ પણ નહીં લેવાનું, ૦.૦૧ ટકા વ્યાજ, આપણે સાત ટકાથી લાવવાનું અને દાતાર બનીને ૦.૦૧ ટકા વ્યાજ, અને આપણે દર વર્ષે ચૂકવવાનું, દરરોજ ચૂકવવાનું, અને એની પાસેથી ૨૫ વર્ષ પછી વ્યાજ લેવાનું. આવી દાતારી કરવાને બદલે તમે ખેડૂતોને ઝીરો ટકાથી વ્યાજ આપ્યું હોય, તમે સબસિડી જી.આઇ.ડી.સી.માં નાના ઉદ્યોગકારોને આપી હોય તો આ રાજયના લોકોને, રાજયના ખેડૂતોને અને બધાને ફાયદો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વખતમાં ખેડૂતોને આવી લોન આપવામાં આવતી, નાના વેપારીઓને લોન આપવામાં આવતી, લોકો કમાતા, સુખી થતા અને પછી ચાર ધામ જતા અને પછી એમ કહેતા અને ચર્ચા કરે કે, અમે ગંગામાં નાહ્યા, યમુનામાં નાહ્યા, નર્મદામાં નાહ્યા માનનીય નાણાં મંત્રીશ્રી આપના રાજયમાં તો લોકો બધા નાહ્યા નાહ્યા તો કરે છે પણ શામાં કરે છે, ખબર છે? એ કહે કે અમે નિરવ મોદીમાં નાહ્યા, અમે લલિત મોદીમાં નાહ્યા, અમે માલ્યામાં નાહ્યા, અમે મેહૂલ ચોક્સીમાં નાહ્યા એટલે માનનીય અધ્યક્ષશ્રી, આટલો તફાવત તમારી સરકારમાં અને અમારી સરકારનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક દેશ એક ટેક્સ એની અમલવારી આખા દેશમાં થવાની શરૂઆત થઇ અને જી.એસ.ટી., ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ દાખલ થયો. પહેલાં સેલ્સ ટેક્સ હતો, પછી વેટ આવ્યો અને હવે જી.એસ.ટી. આવ્યો. આ દરેક વખત ગુજરાત સરકારે જયારે જયારે કેન્દ્રની સરકાર યુ.પી.એ.ની હતી ત્યારે વિરોધ કર્યો, ત્યાં ગયા પછી ડહાપણની દાઢ ફૂટી અને પછી જી.એસ.ટી.નો અમલ શરૂ થયો. ગમે તે કારણોસર પેટ્રોલ અને ડીઝલને એમાંથી બાકાત રાખવામાં આવ્યા. આજ નહીં તો આવતી કાલે પણ એને દાખલ કર્યે જ છૂટકો છે. અમે વિરોધપક્ષ તરીકે હંમેશાં અને આજે પણ કહીએ છીએ કે, પેટ્રોલ અને ડીઝલને પણ એક દેશ– એક ટેક્સના માળખામાં લેવું જોઇએ, જેથી પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાના કારણે આડકતરી રીતે જે મોંઘવારી વધે છે એ કન્ટ્રોલ કરી શકાય. આ બજેટ શાખામાં બેસતા લોકોએ આનો રિપોર્ટ કરીને કેન્દ્ર સરકારને મોકલવો જોઇએ અને એનો લાભ આપણને મળે એ રીતે કરવું જોઇએ. આ સેલ્સટેક્સ, વેટ અને આજે જી.એસ.ટીથી એટલી બધી આવક થાય છે કે, ૨૦૧૦–૧૧ની સાલમાં જે ૩૦ હજાર કરોડ રૂપિયા વેટની આવક હતી એ ૨૦૧૬–૧૭ સુધીમાં ૫૦ હજાર કરોડ સુધી પહોંચી છે. આપણને આટલી આવક થઇ છે અને બારમી પંચવર્ષિય યોજનામાં ૨,૮૬,૦૦,૬૨૩/– કરોડ રૂપિયા પાંચ વર્ષના આયોજન માટે ગુજરાતને માનનીય મનમોહનસિંહની સરકાર વખતે નક્કી થયેલા અને આજે ૧૩મી પંચવર્ષીય યોજનામાં પણ કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને વાર્ષિક બજેટ માટે એક કેપીટલ ટેક્સ આપવામાં આવે છે અને એ રીતે બજેટ થાય છે, પરંતુ આપ જાણો છો એમ સાહેબ, આ સેલ્સટેક્સ, વેટ કે જી.એસ.ટી. માં એક ટકો ટેક્સ જમા કરાવવાનો હોય છે, એને સર્વિસ ટેક્સ કહે છે. આ સર્વિસ ટેક્સ જમા કરાવવાનો હોય છે. આ રાજયની મોટી મોટી મેગા કંપનીઓ એમનો કંપનીનો એક એજન્ટ રાખે છે કે, અમારા વતીથી તમે આ સર્વિસ ટેક્સ જમા કરાવી આવજો.

માનનીય અધ્યક્ષશ્રી, આ સર્વિસ ટેક્સ જમા કરાવવા માટેનો આ રાજયમાં એક નવો ઉદ્યોગ શરૂ થયો છે. ઉદ્યોગપતિઓ ઓફિસ સુધી આવે નહીં, એમના માણસો આવે અથવા આંખ આડા કાન કરે અથવા છાવરવા પ્રયત્ન કરે અને કેટલાક રાજકીય માણસોને અથવા રાજકીય માણસો ધારાસભ્યો કે સંસદસભ્યોના પુત્રોને કે જમાઇઓને એમના સર્વિસ ટેક્સ જમા કરાવવા માટે એજન્ટો મૂકી દે. હવે ત્યાંથી એ રકમ લઇ લે છે, સરકારમાં જમા થતી નથી અને ઉચાપત થાય છે અને કરોડો રૂપિયાની ઉચાપત અહીં સરકારના ધ્યાને પણ આવી છે. કચ્છમાં એક કિસ્સો થયો છે કે, માજી ધારાસભ્યના પુત્ર ટી.જે. કોરપૉરેશનના નામે કરોડો રૂપિયાનો સર્વિસ ટેક્સ કંપનીઓમાંથી લઇ અને અહીંયાં જમા કરાવવાના બદલે જમા કરાવ્યો નથી, આ એક ખૂબ ગંભીર પ્રકારનો ગુનો કહેવાય. આ તો એક કિસ્સો ધ્યાનમાં આવ્યો છે. મિડીયાના, સરકારના અને અમારા બધાના ધ્યાનમાં આવ્યો છે. રાજયમાં આવા તો અનેક પ્રકારના કિસ્સાઓ તમે જોશો તો મળશે. જે સર્વિસ ટેક્ષની રકમ ગુજરાતની કરોડો રૂપિયાની સરકારની તિજોરીમાં જમા કરાવવાના બદલે બીજાની તિજોરીમાં જમા થઇ જાય તે હરગીઝ ચલાવી ન લેવાય તેના માટે આપના માધ્યમ દ્વારા માનનીય નાણા મંત્રીશ્રીને વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, બિન વિકાસ લક્ષી ખર્ચાઓ પર કાપ મૂકવો જોઇએ અને કરકસર કરવી જોઇએ.

અધ્યક્ષશ્રીઃ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી દુષ્યંતભાઇ પટેલ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, જીવનના ક્ષણ– ક્ષણ અને શરીરના કણ– કણ માતૃભૂમિને અર્પણ કર્યું છે તેવા શહીદ ભગતસિંહ, સુખદેવસિંહ અને રાજગુરૂના આજે બલિદાનના દિવસે આજે તેઓને કોટી કોટી વંદન કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે નાણા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરી અને તેને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના વિદ્વાન ધારાસભ્યશ્રી ડો.સી.જે.ચાવડાજી હમણાં ખૂબ વિગતો આપતા હતા. ૨૦૦૦ સેલ કંપનીઓ હતી એ કોના રાજમાં હતી, કોના રાજમાં ફૂલીફાલી હતી અને કોના રાજમાં બંધ થઇ. માનનીય અધ્યક્ષશ્રી, એનો થોડો સરવે કરીને આંકડા આપ્યા હોત તો બધા સભ્યશ્રીઓના ધ્યાન પર વાત આવત. આવી અનેક વાતો છે. આ લોન આ બધી જે નીરવ મોદીની વાતો કરો છો તે પૈસા કોના રાજમાં અપાયા હતા. એ દેશ આખો જાણે છે.

ગુજરાત સરકારની વાત કરું તો છેલ્લા ૨૦ વર્ષમાં મારું ધ્યાન છે કે, આ રાજય સરકારે આજદિન સુધી એક પણ ઓવરડ્રાફટ લેવો પડયો નથી. આપનું રાજ હતું મને ખબર છે અંબાજી મંદિરમાંથી પૈસા લઇને પગાર ચૂકવતા હતા તેવું તો છેલ્લા ૨૦ વર્ષમાં આ સરકારમાં જોવા નથી મળ્યું. રાજય સરકાર સમાજના તમામ વર્ગોનો ઔચિત્ય પૂર્વક સમાવેશ કરીને ઝડપી વિકાસ વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માગે છે. સૌના સાથથી સૌનો વિકાસ અને પ્રગતિશીલ ગુજરાત અને વિકાસની વ્યૂહ

નીતિ ગુજરાત સરકારે તેને અપનાવવાનો ધ્રુવ સિદ્ધાંત છે, અને રાજવીતિય નીતિ અને રાજયની સમગ્ર વિકાસ વ્યૂહ નીતિમાં વિકસાવવામાં આવે છે. આ રાજવીતીય નીતિનો મુખ્ય ઉદેશ સંશાધનનો ઉપયોગ કરીને વધુમાં વધુ સામાજીક અને આર્થિક આવક પરત્વે ખર્ચને પ્રાધાન્ય આપી, ઉચ્ચતર આર્થિક વૃદ્ધિ નીતિને સહાયતા આપવામાં આવે છે. તેમજ તેને સરળ બનાવવાનો ઉદેશ છે. રાજય સરકારે સુશાસનની આધારશીલા તરીકે ગણવામાં આવતી નાણાકીય જરૂરીયાતોને ધ્યાને રાખી રાજવીતીય વહીવટી તંત્ર વધુ પારદર્શક બનાવવા માટે તેમજ રાજવીતીય વ્યવસ્થા તંત્ર હાથ ધરીને તથા સ્થિરતા અને સમજદારી સુનિશ્ચત કરવા માટે રાજય સરકારને જવાબદાર બનાવવા ગુજરાત રાજવીતિય જવાબદારી અધિનિયમ ૨૦૦૫ લાવવામાં આવ્યો છે. અને એના આધારે રાજવીતીય સુધારણા અને એકત્રીકરણની દિશામાં આગળ વધવા માટે રાજય સરકારે ઘણાં પગલાં લીધાં છે. આ અધિનિયમમાં નિર્ધારીત કરવામાં આવેલી સમયમર્યાદા પહેલાં તેના માપદંડો, પેરામીટર્સ અનુપાલન સિદ્ધ કર્યા છે. ગુજરાત રાજયે છેલ્લા દસકામાં ઉંચો વિકાસ દર જાળવી રાખ્યો છે, તેનું એક ઉદાહરણ આપું તો રાજયનો આર્થિક વિકાસ આજે ઘણો ઉંચો બની રહ્યો છે. આધાર વર્ષ ૨૦૧૧-૧૨ મુજબ છેલ્લા સાત વર્ષની અંદર ૨૦૧૧-૧૨ થી ૨૦૧૭-૧૮ વાર્ષિક વૃદ્ધિ દર ૧૩.૫૬ ટકા નોંધાયો છે. રાજયનું દેવું એટલે કે રાજયના વિકાસ કાર્યો એટલે તેમાં મૂડી ખર્ચ માટેનું એક સંશાધન છે. ગુજરાત રાજવીતીય અધિનિયમ ૨૦૦૫ દેવાનું વાર્ષિક કદ અને કુલ દેવાની મર્યાદાના માપદંડો નિયત કર્યા છે. અને રાજવીતીય શિસ્ત પાલન માટે માર્ગદર્શક છે, આમ એના ૧૩ મા નાણા પંચની જે ભલામણ છે તે અને રાજવીતીય શિસ્તના પાલન માટે એ કહે છે કે રાજયનું કુલ દેવું રાજયના એકંદર ઘરગથ્થુ ઉત્પાદન એટલે કે જીએસડીપી ૨૭.૧૦ ટકાની મર્યાદામાં રાખવાનું રહેશે. બીજું રાજયવિત્તય ખાધ એટલે ફિસકલ ડેફિસીટ રાજયનું એકંદર ઘરગથ્થું ઉત્પાદન એટલે જી.એ.પી.ટીના ૩ ટકાની મર્યાદામાં રાખવાની રહેશે. ત્રીજું મહેસૂલી ખાધ નાબૂદ કરવાની કે મહેસૂલી પૂરાંત હાંસલ કરવાની રહેશે. આ ત્રણ સિદ્ધાંતોને લઇને આપ કહો છો કે દેવું વધારે છે દેવું વધારે છે. પણ આપણું બજેટ ૧ લાખ ૮૩ હજાર કરોડ રૂપિયાનું છે એને આપ જોશો તો ખબર પડશે.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી નાણા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે આપની મારફત મારા મંતવ્યો ગૃહ સમક્ષ મૂકું તે પહેલા હું શહિદોને મારા વંદન કરું છું.

મારો ચિંતાનો વિષય કૂદકે અને ભૂસકે વધી રહેલું દેવું છે. ફાઇનાન્સ ઇઝ એ બેકબોન્ડ ઓફ એડમિનિસ્ટ્રેશન, નાણું કેવી રીતે મેળવવું આ મેળવેલું નાણું કયાં વાપરવું, કેવી રીતે વાપરવું એ માટે ચોક્કસ નીતિ નિયમો હોય છે. ઓનરેબલ સ્પીકર, No tax shall be levied or collected except by authority of law. અહીંયા ટાંકવું જોઇએ કે ઓથોરિટી એટલે શું? ઓથોરિટી એટલે લો. લો કાયદો એટલે શું? લો એટલે વિધાનસભા, એસેમ્બ્લી, બ્રિટીશરોએ પણ નાણાકીય શિસ્ત માટે એક આખી સિસ્ટમ ઉભી કરેલી અને ભારતના બંધારણમાં પણ નાણા અંગેનું આખું એક ચેપ્ટર છે અને આર્ટિકલ ૨૬૪ થી શરુ થાય છે. કોઇ એક વ્યકિતને ચાર દીકરા હોય, એમાં એક દીકરો દારૂ વેચીને, બીજો ચોરી કરીને, ત્રીજો લૂંટફાટ કરીને જયારે ચોથો પૈસાથી કમાણી કરે તો એને આપણી ભારતીય સંસ્કૃતિ મુજબ પરસેવાનો પૈસો એ પૈસો છે અને કાયદેસર રીતે મેળવેલો પૈસો છે એ પૈસો સચવાય એ જોવાની આપણી એક જવાબદારી બને છે. પૈસાની સાચવણી અને એનો વપરાશ એટલે જ આપણું આજનું બજેટ સત્ર. રાજયને ટકાવવા માટે નાણાકીય શિસ્ત ખૂબ જરૂરી છે. નાણાં સચવાય, કોના દ્વારા સચવાય. એકત્રિત નિધિ દ્વારા સચવાય. એકત્રિત નિધિ એટલે શું? દેશી હિસાબમાં કહીએ કે એકત્રિત નિધિ એટલે કે આપણો વિધાનસભાનો કબાટ અને અમે કાઠીયાવાડીમાં એને પટારો કહીએ છીએ.

અધ્યક્ષશ્રી : પાછું બીજું કંઇ બોલતા નહિ.

શ્રી બ્રિજેશ મેરજા : સાહેબ, આજે હું ડાહ્યો થઇને આવ્યો છું.

અધ્યક્ષશ્રી : આપણા ઘરમાં ન બોલી શકાય.

શ્રી બ્રિજેશ મેરજા : હું ડાહ્યો થઇને આવ્યો છું. આપણા બંનેની પત્નીઓએ એકજ ડ્રેસ નક્કી કરી રાખેલો હશે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, મારો ડ્રેસ મારી પત્ની નક્કી નથી કરતી.

શ્રી બ્રિજેશ મેરજા : ભાઇશ્રી દુષ્યંતભાઇએ ત્રણ સિદ્ધાંતોની વાત કરી. એની સામે પણ નાણાકીય શિસ્ત માટેના હું ત્રણ સિદ્ધાંતો મૂકવા માગું છું. નાણાંના સ્ત્રોતની આવક, નાણાંની યોગ્ય સાચવણી, નાણાંનો યોગ્ય વપરાશ. આ બધુ ખુદ બંધારણીય ડિસીપ્લીનેટ કરેલું છે. જયાં સુધી આ વિધાનસભાનું ગૃહ એપ્રોપ્રિએશન બિલ મંજૂર ન કરે ત્યાં સુધી આ પટારાની ચાવી ગૃહ પાસે હોય છે. આ બજેટ સત્ર આવી નાણાકીય પ્રક્રિયાઓ અધિકારો અને માગણીઓને ચર્ચા કરવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. નાણાકીય બાબતોના હિસાબો આપણા નાણામંત્રીશ્રી રાખવા બંધાયેલા છે પણ હું એમ પણ કહેવા માગું છું કે આ તિજોરીના મુનિમ સાચા પણ આ નાણાં ઉપર કોઇનો પણ માત્ર અધિકાર હોય તો ગૃહમાં બેઠેલા ૧૮૨ સભ્યોનો છે. બંધારણે પ્રજાને અધિકાર આપ્યા, પ્રજાએ એના ચૂંટાયેલા ૧૮૨ સભ્યોને અધિકાર આપ્યા. એ રીતે એક પણ રૂપિયો સરકારે કયાંય વાપરવો હોય તો અહીં બેઠેલા ૧૮૨ સભ્યોની મંજૂરીથી વપરાય છે. ત્યારે મારે નાણામંત્રીશ્રીને શિસ્તબદ્ધ રીતે કહેવું છે કે નાણાકીય શિસ્ત જળવાય છે ખરી? આપે એક લાખ ૮૩ હજાર કરોડનું ૨૭ વિભાગનું માગણું રજૂ કર્યું. અમારા સી.જે. ચાવડા સાહેબે પણ વાત કરી, વિકાસલક્ષી કહ્યું અને બિન વિકાસલક્ષી ખર્ચો પણ આપે મૂકયો પરંતુ દેવાનું શું? આપના મારફત બા-અદબ પૂછવા માગું છું, કહેવા માગું છું કે અગાઉ કોઇએ ચેતવ્યા હોય એની સાથે મને નિસબત નથી. પણ સન ૨૦૦૪માં સીએજીએ આપને ચેતવ્યા હતા ખરા? જો નાણાકીય શિસ્ત નહીં જાળવો તો ગુજરાત રાજ્ય કાયમ દેવાદાર બની જશે.

સીએજીની આ સ્પષ્ટ ચેતવણી છતાં નાણાકીય શિસ્ત કેમ જળવાતી નથી? એ સૌને મૂંઝવતો પ્રશ્ન છે. અહીં રૂ. ૨,૧૦,૦૦૦/– કરોડના દેવાની વાત થઇ. આ દેવાનું વ્યાજ ચૂકવવા માટે પણ નાણા ઉછીના લેવા પડે છે, ઉધાર લેવા પડે છે. એટલું તો જવા દો. એમણે જુના વ્યાજના દર કરતાં વધારાના નવા દરે ઉધાર નાણા લેવા પડે છે. આ પણ એક મોટી કમનસીબી છે. આને આપણે શું નાણાકીય શિસ્ત કહેશું? આ રીતે જોઇએ તો સરકાર વધારાના નવા વ્યાજના દરે દેવું ચૂકવવામાં ખાડામાં ઉતરતી જાય છે. વધુને વધુ દેવામાં ડૂબતી જાય છે. મારે નમ્ર ભાવે પણ પ્રજા હિતમાં પૂછવું છે કે જે ઉત્સવો તમે સરકારી ખર્ચે કરો છો, એ બજેટના ક્યા હેડે કરો છો? જાપાન, ચીન, જર્મનીથી આવતા વિદેશીઓ, મહેમાનોની સરભરાનું ખર્ચ ક્યા હેડે કરો છો? ભૂતકાળમાં વનબંધુ, સાગરખેડૂની યોજનાઓ માટે જે *(×××) વચનોની વાત થતી હતી એ આપે ક્યા હેડે કરી છે?

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ કાઢી નાંખું છું.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી કર્મચારીઓ આપણા હાથપગ છે. કેન્દ્રના ધોરણે સાતમા પગાર પંચનો પૂરેપૂરો લાભ આ કર્મચારીઓને ક્યારે અપાશે? નિવૃત્તો કે જેને કરાર આધારીત પુનઃનોકરીમાં રખાય છે એમને સાતમા પગારપંચ મુજબ 60 ટકા બેઝીક વેતન કરી ક્યારે ન્યાય આપશો? સચિવાલયમાં રોજમદારોનું પીએફમાં શોષણ થાય છે તેમની ક્યારે આર્થિક કાળજી લેશો. માનનીય મંત્રીશ્રી મોરબીની હંમેશાં ચિંતા સેવતા હોય છે. મારું મોરબી એ સિરામીકનું મોટું હબ છે અને એમાં જે સિરામીકને જીએસટીમાં ૨૮ ટકાના ઉંચા સ્લેબમાં મૂકેલા એને ધીમે ધીમે નીચે લાવવામાં માનનીય નાણામંત્રીશ્રી એમની *(×××) ક્યારે ઉપયોગ કરશે? ૧૮ ટકા અપૂરતા છે.

અધ્યક્ષશ્રી :આમાં *(×××)વાપરવાની હોતી નથી. એટલે *(×××)શબ્દ કાઢી નાખવામાં આવે છે. કોઇ *(×××) ન હોઇ શકે, દલીલ હોઇ શકે, તર્ક હોઇ શકે. એ ઠીક છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે ચિંતા સેવવી જોઇએ. સરકારી કાર્યક્રમોમાં બસ મારફત કાર્યકરો ભેગા કરાય છે, આ બસોનું બિલ કોણ ચૂકવે છે? પ્રજાના પરસેવાના કરવેરાથી ભરાયેલ તિજોરીમાંથી આવી રકમો ચૂકવાય છે. માત્રને માત્ર સરકારી વાહવાહ પાછળ આવી નાણાકીય શિસ્તના ચિંથરા ઉડાડાય છે એનું અમને દુઃખ છે. મારે એટલું કહેવું છે કે અંતે તો બધુ કન્યાની કેડ ઉપર છે. સરકાર વેચાણ વેરાની મસમોટા ઉદ્યોગગૃહો પાસેથી અબજોની રકમ વસૂલ કરી શકતી નથી. સચિવાલયનું બિન ઉત્પાદકીય ખર્ચ ઘટાડી શકતી નથી. નાણાકીય સ્થિતિ દિન–પ્રતિદિન કથળતી જાય છે. આ બૂકના માગણી ક્રમાંક–૨૦૪૯માં સ્પષ્ટ લખ્યું છે કે વ્યાજની ચૂકવણી કેવી રીતે કરીએ છીએ! સને ૨૦૧૬–૧૭માં માગણી તળે વ્યાજની ચૂકવણી રૂ. ૧૬,૦૦૦/– કરોડ, સને ૨૦૧૭–૧૮માં માગણી તળે વ્યાજની ચૂકવણી રૂ. ૨૦૦૦/– કરોડ, સને ૨૦૧૮–૧૯માં માગણી તળે વ્યાજની ચૂકવણી રૂ. ૨૦૦૦/– કરોડ રૂ. ૨૦,૦૦૦/– કરોડ આપણે વ્યાજમાં ચૂકવીએ છીએ. ગુજરાતની આર્થિક સમૃદ્ધિ માટે આવું દેવું આપણી સૌનો ચિંતાનો વિષય બનવો જોઇએ. અંતે હું એટલું જ કહીશ કે (×××)

અધ્યક્ષશ્રી : આ શબ્દો દ્વારા નામ ઉપરથી કોઇની ટીકા થઇ એટલે કાઢી નાખું છું.

શ્રી બ્રિજેશ મેરજા : પાછા ખેંચું છું.

અધ્યક્ષશ્રી : સારું, સારું થયું.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા નાથાકાકાને દુઃખ થાય છે એટલે પાછા ખેંચી લઉં છું. ''ખુદ સુકાનીએ ડૂબાડી નાવડી અને બદનામ દરિયો થઇ ગયો.'' એમ સરકારે નાણા શિસ્ત ન જાળવી અને દેવાના ડુંગરમાં ગુજરાત ડૂબી ગયું. આ ચિંતા નાણાકીય શિસ્ત જાળવવી, બેફામ થતા ખર્ચાઓ અટકાવવા, બિન ઉત્પાદક ખર્ચા ઉપર લગામ રાખવી એ આપણે સૌએ જોવું જોઇએ અને એ રીતે આજે જે નાણામંત્રીશ્રી એમની માગણી લઇને આવ્યા છે ત્યારે એમની માગણીમાં નાણાકીય શિસ્ત વધુને વધુ કેળવાય, આવનારા દિવસોમાં ગુજરાતને ધીમે ધીમે દેવામાંથી બહાર કાઢી અને ગુજરાત એ પુરાંતવાળું રાજય બને, ભૂતકાળમાં જે રીતે ગુજરાતની એક સમૃદ્ધિ હતી એ સમૃદ્ધિને ચાર ચાંદ લાગે એ તરફ આપણે સૌએ ધ્યાન આપીને આપણી આ નાણાકીય સ્થિતિને વધુ સારી ઉચ્ચ સ્તરે લઇ જવી જોઇએ એ જ અભ્યર્થના સહ મારું પ્રવચન અહીં પૂરું કરું છું.

અધ્યક્ષશ્રી : આ નાણાકીય શિસ્તની સાથે ધારાકીય શિસ્ત પણ સભાગૃહમાં હોવી જોઇએ. થેંકયુ.. થેંકયુ.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, આજના શહીદ દિવસે વીર શહીદોને નમનની સાથે સાથે વીરાંજલી પાઠવું છું અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી પોતાની માગણી નં. ૧૭, તિજોરી અને હિસાબોના વહીવટની માગણી લઇને આવ્યા છે એના અનુમોદનમાં મારા વિચારો રજૂ કરું છું. તિજોરી ઘરની હોય કે સરકારની એને સાચવવી, એને જાળવવી એ કામગીરી ખૂબ મહત્વની છે અને આ ગુજરાતની જનતા આ તિજોરીના મહત્વને ખૂબ સારી રીતે સમજે છે અને એટલા માટે જ છેલ્લા ૨૨–૨૨ વર્ષથી આ સરકારની તિજોરીનો વહીવટ ભારતીય જનતા પાર્ટીને સોંપતી આવી છે એટલું જ નહીં આવનારા વર્ષોમાં પણ આ ગુજરાતની જનતા આ તિજોરી ઉપર કોઇનો પંજો પડવા દેશે નહીં એનો મને અડગ વિશ્વાસ છે. સરકારશ્રીના નાણા વિભાગ દ્વારા એમની દેખરેખ હેઠળ નિયામકશ્રી, તિજોરીઓ અને હિસાબ દ્વારા આપણા રાજયમાં જિલ્લા તિજોરીઓ, પેટા તિજોરીઓ, પગાર અને હિસાબ કચેરીઓ, પેન્સન ચૂકવણા કચેરીઓ જેવી અનેકવિધ

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

કચેરીઓનું સંચાલન કરવામાં આવે છે. કામગીરીમાં પારદર્શિતા આવે, નાણાકીય નિર્ણયો ત્વરીત થઇ જાય, સુચારૂ રીતે કામગીરી થાય, નિર્ણયો લેવામાં સુગમતા રહે આ બધા હેતુઓ પાર પડી શકે એ માટે આ તમામ જિલ્લા કચેરીઓને, વિવિધ કચેરીઓને કોમ્પ્યુટરાઇઝ કરવાનું કામ આ સરકારે હાથ ઉપર લીધું છે. છેલ્લા કેટલા વર્ષોમાં કોમ્પ્યુટરાઇઝેશનની કામગીરીમાં અનેકવિધ સુધારાઓ સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે અને તેના લીધે કામગીરીમાં ઝડપ અને પારદર્શિતા બંન્ને આવી ગયા છે. રાજય સરકારના નાણા વિભાગ દ્વારા સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પદ્ધતિ, આઇ. એફ.એમ. એસ. ઇન્ટીગ્રેટેડ ફાઇનાન્સીયલ મેનેજમેન્ટ સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે. આ પદ્ધતિ અંતર્ગત આપણા રાજયની ૩૩ જિલ્લાની જિલ્લા તિજોરીઓ તેમજ તાલુકા કક્ષાની ૧૩૮ પેટા કચેરીઓને આવરી લેવામાં આવી છે અને આ બધી જ કચેરીઓમાં ઓન લાઇન કામગીરી સફળતાપૂર્વક કરવામાં આવી રહી છે. ડીસીઝન સપોર્ટ સીસ્ટમ અને મેનેજમેન્ટ ઇન્ફર્મેશન સિસ્ટમના માધ્યમથી આવક અને ખર્ચ અંગેની તાત્કાલિક માહિતી મળવાને કારણે રાજયના ભંડોળનું સુચારૂ સંચાલન થઇ શકે છે. આ કોમ્પ્યુટરાઇઝેશનને કારણે આ કચેરીના હિસાબો એકાઉટન્ટ જનરલને સમયસર પહોંચાડવામાં મદદરૂપ થાય છે. સામાન્ય રીતે મહિનાના ૧ થી ૧૫ તારીખ સુધીના હિસાબો મહીનાથી ૧૯ થી ૨૦ તારીખ સુધીમાં અને ૧૬ તારીખથી માસાંત સુધીના હિસાબો બીજા મહિનાની ૫ થી ૬ તારીખ સુધીમાં સમયસર મોકલી આપવામાં આવે છે. ઇન્ફર્મેશન અને ટેકનોલોજીના માધ્યમથી અંદાજપત્રની તમામ કામગીરી ઓન લાઇન થઇ જાય છે અને એના લીધે અંદાજપત્ર રજૂ થવાની સાથે જ કયા કરોમાં ફેરફાર થયા છે, કઇ યોજનાઓ જાહેર થઇ છે એ આ રાજયના નાગરિકો સરળતાથી ઓનલાઇન જોઇ શકે છે. ૨૦૧૦-૧૧થી અંદાજપત્ર ઓનલાઇન મૂકવાને લીધે નાગરિકો અંદાજપત્રનું સારી રીતે વિશલેષણ કરી શકે છે. રાજયના ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓને ઓનલાઇન ગ્રાન્ટની ફાળવણી થતા ખાતાના વડાશ્રીઓ તથા વિભાગના અધિકારીશ્રીઓ ખર્ચની પ્રગતિના અહેવાલનું સીધા સરકારશ્રીને સમયસર સારી રીતે રીપોર્ટીંગ કરી શકે છે. રાજયના ચાર હજારથી વધુ ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓ દ્વારા ઓન લાઇન બિલો બનાવીને તિજોરી કચેરી ખાતે સબમીટ કરવામાં આવે છે અને આ બિલોનું ઓનલાઇન સબમીશન થવાને લીધે બિલોનો ઝડપી નિકાલ થાય છે. ઇ-બિલના કારણે કાગળોનો બચાવ થાય છે અને પરોક્ષ રીતે ઝાડ ઓછા કપાવાના કારણે પર્યાવરણનો બચાવ થાય છે. રાજ્યની તમામ તિજોરી કચેરીઓ પૈકી ૨૨ એસ.બી.આઇ. સાથે અને ૧૧ જિલ્લા તિજોરી કચેરીઓ બેન્ક ઓફ બરોડા સાથે સંકળાયેલ છે. આ તમામ કચેરીઓમાં ઓન લાઇન બિલોના ઇ-પેમેન્ટ કરવામાં આવે છે. ઇ-પેમેન્ટ થયાથી સમયનો બચાવ થાય છે સાથોસાથ પગાર, પેન્સન વગેરે સીધા લાભાર્થીના ખાતામાં જમા થાય છે. આજની તારીખે ૧૦૦ ટકા પગાર, ૧૦૦ ટકા પેન્સન અને મોટાભાગના માગણાઓ ઇ-પેમેન્ટથી કરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકારનું તમામ ભરણું ઓનલાઇન કરવાનો આ સરકારનો લક્ષ્યાંક છે. એના માટે સાઇબર ટ્રેઝરીની રચના કરવામાં આવી છે. સાઇબર ટ્રેઝરીના માધ્યમથી....

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

ડો. આશા પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નાણા વિભાગની માંગણી નં. ૧૫, ૧૭ અને ૧૮ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં વન નેશન, વન ટેક્સના સિદ્ધાંત મુજબ જી.એસ.ટી. ટેક્સ ૨૦૧૭માં લાગુ કરવામાં આવ્યો છે. હાલમાં રાજ્ય સરકારે તા. ૧૫-૩-૨૦૧૮ના રોજ વિધાનસભામાં તારાંકિત પ્રશ્નોતરીના જવાબમાં જણાવ્યા મુજબ સેસ સાથે પેટ્રોલ ઉપર ૨૪ ટકા, ડિઝલ ઉપર ૨૪ ટકા, સી.એન.જી. અને પી.એન.જી. ઉપર ૧૫ ટકા વેટ રાજ્ય સરકાર વસૂલે છે. પેટ્રોલની વાત કરીએ તો ૨૦૧૬-૧૭માં ૩૪૫૫.૩૩ કરોડ જ્યારે તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં ૨૯૬૮.૧૭ કરોડ જ્યારે ડિઝલમાં ૨૦૧૬-૧૭માં ૭૦૪૦.૯૧ કરોડ જ્યારે તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં ૬૬૧૭.૫૭ કરોડ અને સી.એન.જી.માં ૪૪૦.૧૮ કરોડ જ્યારે ૩૧-૧૨-૨૦૧૭ માં ૨૩૯.૧૭ કરોડ અને પી.એન.જી.માં ૨૦૧૬-૧૭માં ૯૨૫.૦૫ કરોડ અને તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૫૭૦.૦૨ કરોડ એમ આ સરકારે રાજ્યમાં ૨૦૧૬-૧૭માં ૧૨,૮૬૧ કરોડ અને ૨૦૧૭-૧૮માં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૧૦,૩૮૩.૯૧ કરોડના વેરાઓ ઉંચા દરે રાજ્યની પ્રજા પાસેથી વસૂલ્યા છે. રાજ્ય સરકાર અને આ સભાગૃહના સભ્યો જાણે છે કે પેટ્રોલ અને ડિઝલ તેમજ ગેસ સામાન્ય ગરીબથી માંડીને તવંગરની જીવન-જરૂરિયાતની વસ્તુ બની ગઇ છે. આ ઉંચા ટેક્સના કારણે જીવન-જરૂરિયાતની વસ્તુઓનું વહન મોંઘા દરે થવાના કારણે મોંઘવારી પ્રજાને સહન કરવી પડી છે. આ મોંઘવારી વધારનાર પરિબળમાંથી મુક્ત કરવા માટે આ પેટ્રોલિયમ પેદાશો પર જી.એસ.ટી. લાગુ કરવા સરકાર વિચારણા કરી લાગુ કરે તેવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફિક્સ પગારદારોની બાબતમાં વાત કરું તો રાજ્યમાં છેલ્લા ૨૦ વર્ષથી ફિક્સ પગારથી નોકરી આપવામાં આવી રહી છે. જે ભારતીય જનતા પાર્ટીની સરકારની શરૂઆત છે. આ ફિક્સ પગારના વર્ગ-૩ના કર્મચારીઓ પાસેથી જે કામ લેવામાં આવે છે તે જ કામ પૂર્ણ પગાર ધરાવતા કર્મચારીઓ પાસેથી પણ લેવામાં આવે છે. સમાન કામ અને સમાન વેતનના સિદ્ધાંતને સરકાર અનુસરે. આ તો •(×××)

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો કાઢી નાખું છું.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દુઃખની વાત તો એ છે કે નામદાર ગુજરાત હાઇકોર્ટે એક સ્વૈચ્છિક સંસ્થાના કેસમાં ફિક્સ પગારદારોને નોકરીમાં લાગ્યાની તારીખથી સળંગ નોકરી ગણી પૂરો પગાર આપવાનો ચૂકાદો આપ્યો છે. તેની સામે સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે. સરકારની આવી નીતિથી કર્મચારીઓને કર્મયોગી ક્યાંથી બનાવી શકાય? નાણા વિભાગની વેબસાઇટ ઉપર કેગના રિપોર્ટની વાત કરું તો ગુજરાત સરકારની નાણાકીય વ્યવસ્થાની પારદર્શિતાનું મૂલ્યાંકન એ કેગનો રિપોર્ટ કરે છે. રાજ્યમાં ઉપલબ્ધ તમામ સુવિધાઓ અને કામગીરી માટે નાણાકીય નાણા રૂપી ઇંજન આપતું વિભાગ એટલે ગુજરાતનું નાણા વિભાગ. આ વિભાગમાં પારદર્શિતા હોય તેવી સામાન્ય નાગરિકોની અપેક્ષા હોય છે. પરંતુ આ વિભાગની વેબસાઇટ ઉપર કેગે આપેલો રિપોર્ટ ઉતાલબ્ધ નથી. આ રિપોર્ટ જોવા માટેનો વિભાગ તો બનાવવામાં આવ્યો છે. પરંતુ તેની લિંક ખુલતી નથી એ ચિંતાનો વિષય છે. ત્રણ વર્ષ પહેલાં સરકારે એવી જાહેરાત કરી હતી કે કેગ દ્વારા તૈયાર કરવામાં આવેલ રિપોર્ટ હવે વેબસાઇટ પર ઉપલબ્ધ કરવામાં આવશે. સરકાર અને સરકારના મંત્રીશ્રીઓ નવી વેબસાઇટ બનાવડાવે છે અને નિયમિત રૂપે સરકારના સારા કામોને ટ્વીટ મારફતે પ્રચાર કરતા રહે છે. પરંતુ તેમના વિભાગની પારદર્શિતા વિશે કેગનો શું અહેવાલ છે તે લોકો સમક્ષ જણાવવા માગતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગ ૨૦૧૧ થી ૨૦૧૬ કેગના રિપોર્ટની વેબસાઇટ પર ઉપલબ્ધ હોવાનો જે દાવો કરે છે તે પણ નાણા વિભાગની વેબસાઇટ પર કેગના રિપોર્ટ ખૂલતા નથી આવી છે આ સરકારની પારદર્શીતા. નાણા સમયસર ના ચૂકવવાથી પ્રોજેક્ટોની કિંમતમાં વધારો થાય છે તે બાબતે પણ હું ચિંતા વ્યક્ત કરું છું. ગુજરાત માળખાકીય પ્રોજેક્ટને નાણા સમયસર ના આપી શકવાના કારણે પ્રોજેક્ટની કિંમતમાં અસાધારણ વધારો નોંધાયો છે તેવું ભારત સરકારના માર્ચ ૨૦૧૬ ના કેગના રિપોર્ટમાં દર્શાવાયું છે. જેના કારણે ૭૦ જેટલા બાંધકામ, ધોરી માર્ગો, પાણી પુરવઠાના પ્રોજેક્ટો વિલંબિત બન્યા છે એ પૈકી ૧૮ પ્રોજેક્ટમાં ૮૩% જેટલો અને બાકીના ૫૨ પ્રોજેક્ટમાં ૭૪% જેટલો કિંમતમાં વધારો થયો હતો. આમ, ખાતાની અણઆવડતના કારણે વધુ ભંડોળ વપરાયું હતું એ ચિંતાજનક વસ્તુ છે એ હું વ્યક્ત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારનું જાહેર મૂડીરોકાણની વાત કરું તો માર્ચ ૨૦૧૬ ના અંતમાં નિગમો, સરકાર સંચાલિત કંપનીઓ, ગ્રામીણ બેંકો, જોઇન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી મંડળીઓ અને સ્થાનિક મંડળોમાં રાજ્ય સરકારે રૂ. ૭૦,૭૩૦ કરોડ જેટલું રોકાણ કર્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં આ રોકાણમાં સરેરાશ ૦.૨૫% વળતર મળે છે. જ્યારે સરકારે વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૬ દરમ્યાન તેણે લીધેલી લોન ઉપર સરેરાશ ૭.૬૭% વ્યાજ ચૂકવ્યું હતું. આમ સરકારે પ્રજા પાસેથી ઊંચો ટેક્સ ઉઘરાવી અણઆવડતવાળું રોકાણ કરી પ્રજા પર દેવું વધારી અણઘડ વહીવટનો નમૂનો અહીંયા પૂરો પાડ્યો છે એની પણ હું ચિંતા વ્યક્ત કરું છું. નાણા વિભાગ બધાને *(xxx) એવી તો શિખામણ આપે છે પણ શિખામણ નાણા ખાતા માટે *(xxx) તેવી લાગે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ શબ્દો કાઢી નાખવામાં આવે છે. આ બધું ઘરે બોલાય અહીં ના બોલાય.

ડો. આશા પટેલ : ઓ. કે. નાણા વિભાગની આવી બાબતો આ સભાગૃહ સમક્ષ જણાવવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, પેન્સનના હકદારો પેન્સનથી વંચિત છે ત્યારે રાજ્યની યુનિવર્સિટીઓમાં ફરજ બજાવતા તા.૧-૪-૧૯૮૨ થી નિમણૂક પામેલ લેક્ચરરો તથા અધ્યાપકો ૨૦૦૬ થી એટલે કે આશરે ૧૦ વર્ષથી નિવૃત્ત થયા છે છતાં તેઓ પેન્સનને પાત્ર નથી. પેન્સન ના મળવાથી નામદાર હાઇકોર્ટમાં ન્યાય મેળવવા પેન્સનરોએ અરજ કરતા નામદાર હાઇકોર્ટે પેન્સન ઉપરાંત ૯% વ્યાજ આપવા આદેશ કરેલો. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે સરકારે આની સામે એલ.પી.એ. કરી. આમ, સરકાર પેન્સનરો પ્રત્યે ઉદાર દિલ રાખતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષક દ્વારા પટાવાળાથી પ્રેસિડન્ટનું નિર્માણ થાય છે એ શિક્ષકોને ન્યાય આપવો જોઇએ કે નહિ? એ આ સરકારે વિચારવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, ટેક્સ રિકવરીની હું વાત કરું તો રાજ્યની આવકમાં ટેક્સનો મહત્વનો ફાળો હોય છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે, માનનીય બાબુભાઇ બોખીરીયા.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે શહીદ દિને હું સર્વે શહીદોને નમન કરીને મારી શ્રધ્ધાંજલિ પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે માગણી ક્રમાંક ૧૮ પેન્સન અને અન્ય નિવૃત્તિ લાભોની માગણી લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા જે પેન્સનરોની સંખ્યા પાંચ વર્ષની જોઇએ તો ૨૦૧૩-૧૪ માં ૩,૯૬,૧૮૬ પેન્સનરો હતા. ૨૦૧૪-૧૫ માં ૪,૧૩,૩૦૨ પેન્સનરો હતા. ૨૦૧૫-૧૬ માં ૪,૦૮,૯૪૮ અને ૨૦૧૬-૧૭માં ૪,૨૦,૫૦૨ અને ૨૦૧૭-૧૮ એટલે કે તા.૩૧-૧૨-૧૭ અંતિતના ૪,૩૪,૫૬૧ પેન્સનરો રાજ્ય સરકારમાં છે ત્યારે મારે ખાસ તો માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર એટલા માટે માનવો છે કે પેન્સનરોની જે સંખ્યા છે એ છેલ્લા પાંચ વર્ષમાં ૩,૯૬,૦૦૦ માંથી ૪,૩૪,૦૦૦ એટલે ૩૮,૦૦૦ નો વધારો થયો છે એની સામે રાજ્યના વહીવટમાં તકલીફ ના પડે એટલે આ છેલ્લા વર્ષ ૨૦૧૭-૧૮ ની અંદર ૭૨,૦૦૦ કરતા પણ વધારે રાજ્ય સરકારની અંદર કર્મચારીઓ અને અધિકારીઓની ભરતી કરવામાં આવી છે અને એના લીધે રાજ્ય સરકારનો વહીવટ છે એ સુચારું રીતે ચાલી શકે છે. આમાં રાજ્ય સરકારના જે પેન્સનરો છે એ ૩,૨૪,૩૦૦ અને એનો જે વાર્ષિક ખર્ચ છે ૮,૭૮૩ હજાર કરોડ, પંચાયતના પેન્સનરો અને પ્રાથમિક શિક્ષકો ૧,૧૦,૨૬૧ અને એનો જે ખર્ચ છે એ ૫૨૪૮ કરોડ રૂપિયા જેટલો છે. આમ કુલ ૧૪૦૩૧ કરોડ જેવો અંદાજીત ખર્ચ આ પેન્સનરો ને પેન્સન આપવા માટે કરવામાં આવે છે. તા. ૧-૪-૧૯૮૮ પહેલા પેન્સનની કામગીરી છે એ એકાઉન્ટન્ટ જનરલ દ્વારા કરવામાં આવતી હતી. તા. ૧-૪-૧૯૮૮ થી પેન્સન અને પ્રોવિડન્ડ ફંડ નિયામકની કચેરી,

ગાંધીનગર દ્વારા આ કાર્યવાહી કરવામાં આવે છે. કર્મચારીઓની નિવૃત્તિના ૨૪ મહિના બાકી હોય ત્યારે સબંધિત કચેરી દ્વારા પેન્સન કેસ અંગેની કાર્યવાહી ચાલુ કરવામાં આવે છે આજે ૪,૩૪,૫૬૧ પેન્સનરો છે એને તકલીફ ન પડે એટલા માટે થઇને એની જે પેન્સન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી દ્વારા જે કામગીરી કરવામાં આવે છે એમાં પેન્સન અને ગ્રેજ્યુઇટી જેવા નિવૃત્તિ લાભો અધિકૃત કરવા, મકાન બાંધકામ પેશગી, વાહન પેશગીના હિસાબો નિભાવવા, જનરલ પ્રોવિડન્ડ ફંડના હિસાબો નિભાવવા અને તા. ૧-૪-૨૦૦૫થી શરૂ થયેલ નવી વર્ધિત પેન્સન યોજનાના હિસાબો નિભાવવા. આ કામગીરી છે એ પેન્સન અને પ્રોવિડન્ડ ફંડ નિયામકની કચેરી રાજય સરકારના વર્ગ-૧ થી ૪ ના કર્મચારીઓ તથા અન્ય ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ જેવી કે માધ્યમિક શાળાઓ, કોલેજો તથા યુનિવર્સિટીના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, પંચાયત હેઠળની પ્રાથમિક શાળાના કર્મચારીઓ તેમજ ખાનગી માન્ય શાળાના કર્મચારીઓના પેન્સન કેસો પેન્સન એન્ડ પ્રોવિડન્ડ ફંડ નિયામકની કચેરી દ્વારા નિભાવવામાં આવે છે. પેન્સનરોને કોઇપણ તકલીફ ન પડે તે માટે રાજય સરકારે પેન્સન ચૂકવણાની પ્રક્રિયામાં પણ સુધારો કરેલો છે જેને પરિણામે મંજૂર થતા કેસો ઇલેકટ્રોનીકલી ટ્રાન્સફર થવાને કારણે નિવૃત્તિ લાભોનું પ્રથમ ચૂકવણું અત્યંત ઝડપી બનેલ છે. પેન્સનરોની હયાતી પ્રક્રિયા અતિ સરળ કરી આ માટે બેંકને અધિકૃત કરેલ છે. નિવૃત્ત કર્મચારીઓનું માસિક પેન્સન સીધું બેંકમાં જમા કરવામાં આવે છે. પેન્સનરના મેડિકલ બિલો પણ ટપાલમાં સ્વીકારી બેંકમાં સીધી ચૂકવણી કરવામાં આવે છે. મોંઘવારી ભથ્થાની તફાવતની ચૂકવણી એક સાથે તમામ પેન્સનરોના બેંક એકાઉન્ટમાં કરવામાં આવે છે. પેન્સન રીવીઝન કિસ્સામાં ચૂકવણું પણ ઝડપી કરાય છે. અત્યારે ઇન્ટરનેટના માધ્યમથી આ પેન્સનરોને પોતાની માહિતી મળી શકે તે માટે પેન્સન પોર્ટલ પણ કાર્યરત કરેલ છે. આ પોર્ટલ દ્વારા પેન્સનરો પોતાની માહિતી ઓન લાઇન મેળવી શકે તે માટે સાઇબર ટ્રેઝરી પેન્સન પોર્ટલ કાર્યરત કરવામાં આવેલ છે. પેન્સન પોર્ટલ મારફતે માહિતી મેળવવા માટે પેન્સનરે પોતાના લુક આઇ.ડી. તરીકે તેઓના બેંક એકાઉન્ટ.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય મોહનભાઇ વાળા, બે મિનિટ પછી રીસેસ પડશે. પછી ચાલુ રહેશે આપનું વકતવ્ય.

શ્રી મોહનલાલ મા. વાળા(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી નાણા વિભાગની માગણી લઇને જયારે આવ્યા છે ત્યારે આ માંગણીમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. બજેટમાં જે અનુસૂચિત જાતિ અને જનજાતિની નાણાની ફાળવણી થાય છે આ નાણાની ફાળવણીમાં અનુસૂચિત જાતિ અને જનજાતિના ફાળવેલા નાણા એના વિકાસના કામોમાં વપરાવાને બદલે અન્ય ખર્ચાઓમાં વપરાય છે એની વાત ગૃહ સમક્ષ રાખવાની છે. આપના દ્વારા કહેવા માગુ છું કે આ સરકાર જયારે અનુસૂચિત જાતિ અને જનજાતિના નાણા ફાળવે છે ત્યારે એની કેટલીક યોજનાઓ છે એ યોજનાઓમાં ખર્ચ કરવાને બદલે મારા ધ્યાને આવ્યું છે, જાણ્યું છે કે આ અનુસૂચિત જાતિ અને જનજાતિના ફાળવેલા નાણામાંથી સરકારે અન્ય જગ્યાએ સિમેન્ટ રોડ, બુકસ અને કેટલીક પાણીની ટાંકીઓ, અન્ય જગ્યાએ વાપર્યા છે અને આના અંદરથી તા. ૧-૧-૨૦૧૫ થી તા. ૧૩-૯-૨૦૧૭ સુધીમાં નોકરી કરતા કર્મચારીઓને પગાર પણ ચૂકવે છે ત્યારે ટી.એ.પી. અને એસ.સી.એસ.ટી.ની જે ગ્રાન્ટો છે આ નાણામાં પણ એમણે યોગ્ય જગ્યાએ વાપરવાના બદલે જાહેરાતો કરી છે.

(વિરામ ૧૧-૩૦ થી ૧૨-૦૦)

( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

શ્રી મોહનલાલ મા. વાળા (ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરી રહ્યો હતો અનુસૂચિત જાતિ અને જનજાતિને ફાળવેલ નાણાના વપરાશ અંગેની. તો આપના મારફત હું આ ગૃહના સભ્યોને જણાવવા માગુ છું કે આ એસ.ટી.પી. અને એસ.ઇ. એસ.પી. માં જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, એમાંથી ૧-૪-૨૦૧૪ ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે પણ આ નાણામાંથી ૧ કરોડ ૪૬ લાખ જેટલો ખર્ચો કરવામાં આવેલ છે. ૩૦-૬-૨૦૧૫ થી ૩૦-૬-૨૦૧૭ માં ગતિશીલ ગુજરાત અને સૌનો સાથ સૌનો વિકાસ અને સરકારની સિદ્ધિઓ પાછળ ૫ કરોડ રૂપિયા જેવી માતબર રકમ ખર્ચી નાખવામાં આવી છે. તેમાં ૧૪-૮-૨૦૧૭ ના રોજ વડોદરામાં સ્વાતંત્ર પર્વની ઉજવણી માટે પણ ૪ લાખ ૨૫ હજાર અને દિવ્યંગોના જીવનમાં ઊજાશ જાહેરાત ખર્ચ પાછળ પણ ૯૧ લાખ ટી.એસ.પી. યોજનામાંથી વાપરી નાખવામાં આવ્યા છે. દિવ્યાંગોને સાધન સહાય માટેનાં પણ ૪૩ લાખ ૭૦ હજાર રૂપિયા ટી.એસ.પી.માંથી વાપરી નાખવામાં આવ્યા છે. મેગા જોબ ફેર ૨૦૧૭ માટે પણ ૮૨ લાખ ૫૦ હજાર રૂપિયા આ ટી.એસ.પી. યોજનામાંથી વાપરી નાખવામાં આવ્યા છે. આવી જ રીતે ગુજરાત રોજગાર સમાચાર પણ આ યોજનામાંથી છપાવામાં આવે છે અને ૫ લાખ ૪૨ હજાર રૂપિયા આવી રીતે વાપરી નાખવામાં આવ્યા છે. હું આપના મારફત નાણા મંત્રીશ્રી અને સમાજ કલ્યાણ વિભાગ સંભાળતા મંત્રીશ્રીને કહેવા માગુ છું કે અન્ય રાજ્યોમાં આ...

અધ્યક્ષશ્રી : માનનીય મોહનભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જગદીશ પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, તમામ શહીદોને શ્રદ્ધાંજલિ. માનનીય અધ્યક્ષશ્રી માનનીય નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ જે નાણાં વિભાગની માગણી નં.-૧૫ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા અને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

રાજ્ય સરકાર તમામ વર્ગોના ઔચિત્યપૂર્ણ સમાવેશ લઇ અને એને ઝડપી વિકાસ અને વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માગે છે. સબકા સાથ સબકા વિકાસ અને ગતિશીલ ગુજરાતને જે વેગવંતુ બનાવ્યું છે અને વિકાસશીલની જે વ્યવહારુ નીતિ અપનાવવામાં આવી છે, તે ધ્યેય સાથે અમારી પારદર્શક સરકારનો વહીવટ ચાલી રહ્યો છે, એના માટે માનનીય નાણા

મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. ચાણક્યએ પણ વર્ષો પૂર્વે કહ્યું હતું કે જે તે રાજ્યનો નાણાં વિભાગ, તિજોરી વિભાગ મજબૂત હોય, સ્વચ્છ હોય અને પારદર્શક હોય એ રાજ્યની પ્રજા હંમેશપણે સુખી હોય છે. એ રાજ્યમાં કયારેય આપત્તિનો સામનો કરવો પડતો નથી અને એમાં ય નાણા વિભાગ અમારા નીતિનભાઇ સંભાળતા હોય ત્યારે પારદર્શકતામાં કોઇ ખામી જ ના હોઇ શકે. અને નાણા વિભાગમાં અંદાજપત્ર જે સેવાકીય સહાય છે, કર વિભાગ છે, તિજોરી અને હિસાબ વહીવટ છે, પેન્સન અને પગાર છે, લોકલ ફંડ છે, જાહેર સાહસો, યોજનાઓ આવી ઘણી બધી માળખાકીય સુવિધાઓ અને માળખાકીય બાબતો નાણાં વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતી હોય છે, ત્યારે મારે ખાસ કહેવું છે કે જે ઓનલાઇન બજેટની તૈયારી કરવામાં આવે છે. ત્યારે અંદાજપત્રની તમામ કામગીરી ઓનલાઇન મુકવામાં આવે છે. વિધાનસભાનું અંદાજ સત્ર રજૂ થયાની સાથે જ નાણાં વિભાગ પ્રજાને ઉપલબ્ધ થતાં કરો અને યોજનાકીય માહિતીઓ વેબસાઇટ ઉપર ઓનલાઇન મૂકે છે. આને કહેવાય પારદર્શક વહીવટ! ગ્રાન્ટ ફાળવણીને લઇને જે ઝડપી ફંડની ફાળવણી ઓનલાઇન થાય છે. આની જોગવાઇ થતા ખર્ચ પર નિયંત્રણ રાખવામાં પણ સુગમતા રહે છે. આને કહેવાય પારદર્શક વહીવટ! બિલોનું જે ઓનલાઇન અમલીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં ૪૦૦૦ થી વધુ ઉપાડ અને બિલોની વહેંચણી જે અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે, એ ઓનલાઇન બનાવ્યું છે. તિજોરી અને કચેરી ખાતે અમલીકરણ કરવામાં આવે છે. બિલોનું ઓનલાઇન અમલીકરણ થતા ઝડપી નિકાલ અને ઇ-બિલોના કારણે કાગળ અને સમયનો બચાવ થયો છે. પર્યાવરણનો પણ બચાવ થયો છે. આને કહેવાય પારદર્શક વહીવટ! પેન્સન પોર્ટલ યોજના હોય, પેન્સન મેળવતા વરીષ્ઠ નાગરિક હોય, સેલરી મેળવતા હોય, શિષ્યવૃત્તિ, ગ્રાન્ટ, પગાર અન્ય બિલો અને અન્ય ચુકવણા પણ જ્યારે ઇ-બિલ દ્વારા અને ડાયરેક્ટ નેટ સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે, ત્યારે આમાં મેક્સિમમ અને મિનિમાઇઝ ટાઇમનો અમલીકરણ થાય છે અને સમય બચે છે અને પારદર્શક વહીવટ થાય છે. આને કહેવાય પારદર્શક સરકાર! હમણા અમારા કોંગ્રેસના સભ્ય કહેતા હતા કે દેશનું દેવું વધતું જાય છે, રાજ્યનું દેવું વધતું જાય છે. ખાધ વધતી જાય છે, પણ મારે કહેવું છે કે હમણા આપણા બધા ૧૮૨ ધારાસભ્યો નક્કી કરીએ. આ જે દેવું છે એ આવતા વર્ષે પણ વધવાનું છે એટલા માટે કે અત્યારે ધારાસભ્યશ્રીઓ જે પગારની માગણી કરી રહ્યા છે અને કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ પણ સહીની સાથે પગારની માગણી કરી રહ્યા છે એ કોઇ પણ સંજોગોમાં વાજબી નથી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારનો જે વિનિયોગનો જે વિવેક જાળવવામાં આવ્યો છે એને કારણે રાજયમાં ઘરગથ્થુ ઉત્પાદન તથા જાહેર દેવા પર જે વ્યાજની ચૂકવણી અને મહેસૂલની આવક પ્રમાણ જળવાઇ રહયું છે આને કહેવાય પારદર્શક વહીવટ. મને ગૌરવ સાથે કહેતા આનંદ થાય છે કે, રાજય સરકાર દ્વારા, કેન્દ્ર સરકાર દ્વારા જે જી.એસ.ટી. લાવ્યા, આધાર કાર્ડ લિંક કરવામાં આવ્યા, કરદાતાઓની મેકસીમમ ઝૂંબેશ ચલાવવામાં આવી અને કરદાતાઓ વધ્યા અને હજુ પણ કહું છું ભા.જ.પ. અને કોંગ્રેસના તમામ સભ્યો સાથે મળી અને કરદાતાઓનો વધારો કરીએ તો ચોક્કસપણે ગુજરાતની આવકમાં વધારો થશે, આપણી મહસૂલી ખાધ પણ ઘટાડો થશે અને આપણે તમામ સભ્યો સાથે મળી હાઉસની અંદર આપણે બધા જે સોલિડ ચર્ચા કરવા માટે ભેગા થયા છીએ અને આપણો સમય પણ ખૂબ કિંમતી છે ત્યારે હાઉસનો જે રોજનો ખર્ચ થાય છે ત્યારે આપણે સમય વેડફીએ નહીં. અહીંયા આપણે માત્ર હાઉસની અંદર હો હા કરીને બાયકોટ કરીને નીકળી જઇએ, એક બીજા સભ્યો પર માત્ર આક્ષેપ કરીએ છીએ ત્યારે આક્ષેપ ન કરીને પણ આપણે આપણો સમય બચાવીશું તો ચોક્કસ મને વિશ્વાસ છે કે, નાણાનો કયાંય વ્યય થતો અટકશે. એટલે આ મારા વિચારો સાથે માનનીય નાણા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપુ છું.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે ટ્રેઝરી અને વ્યવસ્થાપનની દરખાસ્ત લઇને આવ્યા તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ આજે શહીદ દિન છે અને આ શહીદ દિને મહામૂલી આઝાદી મેળવવા માટે જે વીર જવાનોએ શહીદી આપી છે, ફાંસીને માચડે લટક્યા છે એવા શહીદ વીરોને વીરાંજલિ આપુ છું અને નતમસ્તકે વંદન પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તિજોરી એ તિજોરી જ છે ભલે વ્યક્તિગત ઘરની હોય કે સરકારની હોય. આ તિજોરીની કિંમત ત્યારે જ છે કે, એમાં બાકોરા પડેલ ન હોય, કાણાં પડેલ ન હોય તો એ તિજોરીની કિંમત છે. પણ એ તિજોરીમાં જો બાકોરા પડ્યા હોય અને ઉંદર હડીયું કાઢતા હોય તો એ તિજોરીની કોઇ કિંમત નથી. આવી તિજોરી હતી એ વખતે રાજયના વડા કેન્દ્રમાં જાય અને આઠ આઠ દિવસ સુધી પ્રધાન મંત્રી પણ મુલાકાત આપે નહીં એ તિજોરીના કારણે, તિજોરી ખાલી હતી ત્યારે ઓવર ડ્રાફટ આપવા માટે પ્રધાન મંત્રી પણ એ વખતે તૈયાર ન હતા અને ત્યારે માતાજીનું શરણું લેવું પડે, માં અંબાનું શરણું લેવું પડે કર્મચારીઓના પગાર માટે, માં અંબાજી રીઝે, ઓવર ડ્રાફટ આપે એટલે પગાર થાય એ તિજોરીની સ્થિતિ હતી. આજે એ તિજોરી તરબતર છે એના કારણે નવસર્જનના પણ વિચાર આવે, પરિવર્તનના પણ વિચાર આવે પણ ગુજરાતની જનતાએ નવસર્જન પણ કરી દીધું અને પરિવર્તન પણ કરી દીધું અને જેને જયાં બેસાડવાના હતા ત્યાં બેસાડ્યા. માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ કેટલાક મિત્રો હજુ હિસાબની વાતો કરે છે. ચૂંટણી પહેલા તો હિસાબની વાત કરતા હતા અને કહેતા હતા કે હિસાબ આપવો પડશે, જનતાને હિસાબ આપવો પડશે. માનનીય અધ્યક્ષશ્રી, પાંચ વરસનો હિસાબ અમે જનતાને આપ્યો અને જનતાએ અમને જયાં બેસાડવાના હતા ત્યાં બેસાડ્યા અને તમને જયાં બેસાડવાના હતા ત્યાં તમને પણ બેસાડ્યા, હવે હજુ હિસાબ શેનો આપવાનો છે? માનનીય અધ્યક્ષશ્રી, આ ટ્રેઝરી કચેરીની જે વ્યવસ્થા છે એમાં રાજયમાં કુલ ૩૩ ટ્રેઝરી કચેરીઓ છે,

૧૩૮ પેટા કચેરીઓ છે, ૩ હિસાબનીશ કચેરીઓ છે, ઇ.પી.એ. કચેરી–૧, વિભાગીય ટ્રેઝરી કચેરી–૧ અને પેન્સનરોને તકલીફ ન પડે એના માટે ૫ પેટા વિભાગની પેન્સન કચેરીઓ પણ છે. આમ, કુલ ૧૮૦ કચેરીઓ મારફત ટ્રેઝરી કચેરીનો વહીવટ ચાલે છે. કર્મચારીઓના પગારથી માંડીને પટાવાળાના પગાર અને રાજયમાં આ ગૃહમાં બેઠેલાં તમામ ધારાસભ્યોનો પગાર પણ આ ટ્રેઝરી કચેરીઓ મારફત થાય છે. આ તિજોરીની પણ કિંમત છે અને એના કારણે આજે જયારે ગુજરાતની તિજોરી તરબતર ભરેલ છે, ગુજરાતનો વિકાસ એના કારણે થઇ રહ્યો છે ત્યારે અને જે નવા ૮૧ જેટલા તાલુકાઓ બન્યા છે ત્યાં આજે ટ્રેઝરી કચેરીની વ્યવસ્થા નથી એવી જગ્યાએ પણ સ્પેશ્યલ બેન્કને વ્યવસ્થા સોંપીને ત્યાં પણ એનો વહીવટ અટકે નહિ એના માટે વ્યવસ્થાપન કરવામાં આવેલ છે.

તે જ રીતે પેન્સનરો માટે પણ પાંચ જગ્યાઓ – અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ અને સુરત આ બધી જગ્યાએ પણ કચેરીઓ વ્યવસ્થિત રીતે ચાલે છે, જેના કારણે આખા વહીવટનું એક હૃદય જેને કહી શકાય, કે ધમની અને શિરાને લોહી પૂરું પાડે એ પ્રકારનું કામ આજે રાજ્યની ટ્રેઝરી કચેરી કરી રહી છે અને એના કારણે સમગ્ર વહીવટ સુચારું રીતે ચાલે છે. અનેક પ્રકારની વ્યવસ્થાઓ હોય છે, પછી એ ચલણથી પૈસા ભરવાના હોય, સ્ટેમ્પના પૈસા ભરવાના હોય, રોયલ્ટી ભરવાની હોય, કોઇપણ જાતના કર ભરવાના હોય આ તમામ પ્રકારની વ્યવસ્થા ટ્રેઝરી મારફતે થાય છે અને ટ્રેઝરી આજે એના જ કારણે તરબતર છે અને માનનીય પ્રધાનમંત્રીશ્રી ચુંટણી પહેલાં કહેતા હતા કે હું આ તરબતર થયેલી ગુજરાતની જે તિજોરી ભરેલી છે એની ઉપર કોઇ પંજો પડવા દઇશ નહિ અને ગુજરાતની જનતાએ આ વાત માની, સ્વીકારી અને આજે એ તિજોરી ઉપર પંજો પડ્યો નથી અને એના કારણે બાવીસ વરસથી સલામત રીતે આજે માનનીય નાણાં મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સુચારું રીતે એનું વ્યવસ્થાપન કરી રહ્યા છે. જે પ્રકારે નાણાકીય વહીવટ, સુચારું રીતે થઇ રહેલ છે તે માટે મને કહેતા આજે આનંદ થાય છે કે, આ રાજ્ય સરકારે એક પણ વાર કેન્દ્ર સરકાર પાસેથી ઓવરડ્રાફ્ટ લેવો પડ્યો નથી એ આ રાજ્યની સદ્ધરતા બતાવે છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય શ્રી કેતનભાઇ ઇનામદાર,

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રી પેન્સન અને અન્ય નિવૃત્તિના લાભો માટેની રૂપિયા ૧૧,૩૨૭,૩૦,૫,૦૦૦ ની જે માગણી નંબર–૧૯ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, પેન્સન અને નિવૃત્તિ લાભ આ એક એવી વ્યક્તિ પાસે જતી રકમ છે કે જે પોતે જ્યારે વયોવદ્ધ થાય, સિનિયર સીટીઝન થાય તે સમયે એમને કોઇપણ પ્રકારની અગવડતા ન પડે. પેન્સન મેળવવા માટે દર પહેલી તારીખે એમના એકાઉન્ટની અંદર એમનું પેન્સન જમા થાય એવો જો કોઇ નિર્ણય અને જો કોઇ પગલું ભર્યું હોય તો આ રાજ્ય સરકારે ભર્યું છે એટલે હું એમને અભિનંદન આપું છું. હમણાં જ મારા વિપક્ષના સાથી સદસ્ય સી.જે. ચાવડા સાહેબ કહેતા હતા કે સાતમા પગાર પંચનો નિર્ણય જે રાજ્ય સરકારે લીધો છે તે ખૂબ આવકાર્ય છે. હું આજે પણ એવું કહુ છું કે, વારંવાર હમણાં જે વાતો નીકળે છે, મેહુલ ચોક્સીની, માલ્યાની, નિરવ મોદીની બેન્કના કેટલાક ડિફોલ્ટરોની તો મારે એવું કહેવું છે કે, નિરવ મોદી, માલ્યા, મેહુલ ચોક્સી, એ તો હમણાં જ અમારા સાથી સદસ્ય શ્રી દુષ્યંતભાઇ પટેલે વાત કરી કે એ જ્યારે લોન અપાઇ ત્યારની સરકાર અને હાલની સરકાર, આ તો આ લોકો અત્યારે ડિફોલ્ટરો જાહેર થયા, સાહેબ માલ્યા, નિરવ મોદી અને મેહુલ ચોક્સી તો અત્યારે આવ્યા છે પણ જે તે સમયે યુ.પી.એ. સરકારની અંદર કૌભાંડો આવતા હતા એમાં ડાયરેક્ટ મંત્રીઓ સંડોવાતા હતા. આજે ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર સરકાર હોય કે ભારતીય જનતા પાર્ટીની રાજ્યની સરકાર હોય, આજે પણ હું તમને કહું કે બાવીસ બાવીસ વરસ આ રાજ્યની સરકારના કોઇ મંત્રી સામે આંગળી થઇ હોય તો આજે જાહેરજીવન છોડી દેવા તૈયાર છું. આજે હું તમને કહું કે, યુ.પી.એ. સરકારની અંદર, યુ.પી.એ. સરકારની અંદર, (અંતરાય) તમારા નામ જ ભૂલાઇ ગયા છે એટલે મારાથી જ ભૂલાઇ જવાય છે. યુ.પી.એ. સરકારમાં જેટલી લોન અપાઇ છે અને જેટલા ડિફોલ્ટરો બહાર આવ્યા છે એ એન.ડી.એ. સરકારમાં આવ્યા છે. એટલે હું કહુ છું કે, કેન્દ્રની વાતમાં મારે નથી પડવું, મારે માત્ર બાવીસ વરસની આ રાજ્ય સરકાર, બાવીસ વરસની આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર જે વહીવટ કરે છે, હું આજે પણ એવું કહું કે, સાહેબ હું આજે એવુ કહું કે ૨૨ વર્ષની અંદર કોઇ મંત્રીઓ ઉપર આજ દિવસ સુધી કોઇ આક્ષેપ પૂરવાર થયો હોય કે કોઇ આક્ષેપ થયો હોય તો અમે અમારું જાહેર જીવન છોડી દઇએ. નાણાં વિભાગની લોનની વાત છે, દેવાની વાત છે દુનિયાનું કોઇ પણ રાજય હોય આજે તેના ડેવલપમેન્ટ માટે માણસને પૈસા લેવા પડતા હોય છે. સાહેબ તમે પૈસા લીધા, પૈસા લીધા દેવું કર્યુ, દેવું કર્યુ એ બધુ કહો છો પણ સાથે સાથે એ પણ કહો કે ગુજરાતને રોડ મોડલ બનાવવામાં આ ગુજરાતની સરકાર ભારત દેશની અંદર નામના પામી છે. આજે તમે વિચાર કરો કે ૨૦૧૪ની અંદર ભારત દેશના વડાપ્રધાન તરીકે દેશના લોકોએ, દેશની જનતાએ જયારે નરેન્દ્રભાઇને પસંદ કર્યા એમાં માત્ર અને માત્ર એક જ કારણ હતું કે ગુજરાતનું ૨૨ વર્ષનું સુશાસન અને સારા શાસનને લઇ અને તેને પસંદ કર્યા. હું આજેય તમને કહું કે આ પેન્સનની વાત છે, પેન્સનરોની વાત છે આપણે બધાજ એ લોકોના હિત માટે અહીંયા આગળ બેઠાં છીએ. વિરોધ પક્ષ હોય કે સત્તાધારી પક્ષ હોય અમારા નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રી આકરા છે, આજે તમને કહું કે આકરા છે પણ લાગણીશીલ છે. આજે પણ વહીવટી કુશળતાની અંદર તેમની સાથે કોઇ આંગળી ના કરી શકે આજે કોંગ્રેસના લોકોએ પણ કહેવુ પડે, (અંતરાય) પણ તમે લોકો કટાક્ષ મારો છો. આદરણીય સી.જે.ચાવડા પણ એવું કહેતા હતા કે ભાઇ તમને નથી મળતું પણ તેમને કશું જોઇતું નથી એ તો ગુજરાતની આ જનતાને કંઇક અને કંઇક આપવા માટે આવ્યા છે પણ તમે હવે કબૂલ કરો છો તો અમે તમને પણ અભિનંદન

આપીએ છીએ. તમે કહો કે નાણામંત્રી આજે જે માગણીઓ લઇને આવ્યા છે અમે કોઇ નાણામંત્રીની માગણી સામે આક્ષેપ નથી કર્યો, કોઇ આંગળી નથી કરી કેમ ? કારણ કે તેમના વહીવટ ઉપર આંગળી કરવા જેવુ કશું છે જ નહીં. આજે પણ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર અમે માનીએ છીએ કે વિરોધ પક્ષમાં આપ લોકો હોય. આપે વિરોધ કરવો પડે, કાપ દરખાસ્ત લાવવી પડે અમે પણ માનીએ છીએ. પણ તમારા આત્માને એવુ પૂછો કે આ જે ૧૧,૩૨૭ કરોડ ૩૦ લાખ ૫ હજારની જે માગણી લઇને આવવાની હિંમત જો હોય તો એ માત્ર અને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારની છે.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, લાગણીશીલ મંત્રી એવા માનનીય નીતિનભાઇ જે નાણા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની પ્રજા માટે વિવિધ વિભાગો મારફતે યોગ્ય રકમની ફાળવણી થાય, બજેટ ફળવાય આ બજેટ સમયસર અને ફળવાયેલ રકમ પૂરેપૂરી ખર્ચ થાય તે જોવાની જવાબદારી નાણાં વિભાગની હોય છે. પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, છેલ્લા કેટલાંય વર્ષોના આંકડા જોઇએ તો જે પણ વિભાગોમાં બજેટ ફળવાય છે તે બજેટમાંની મોટાભાગની રકમ છેલ્લા મહિનાઓમાં વપરાય અને સાથે સાથે પૂરતી રકમ પણ ના વપરાય તેવી નાણાકીય અનિમિતતા જોવા મળતી હોય છે અને આ અનિમિતતા ઉપર કન્ટ્રોલ લાવવા માટે, તેને રોકવા માટેની જવાબદારી જે નાણાં વિભાગની હોય છે તેમાં આ વિભાગ સદંતર નિષ્ફળ રહ્યો હોય એવુ જાણવા અને જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ પરિવાર હોય, સંસ્થા હોય કે રાજય હોય જયારે તેનુ દેવું દિવસે દિવસે વધતું જાય ત્યારે સમાજ હોય કે પ્રજા હોય તેને શંકાની દ્રષ્ટિએ જોતાં હોય છે. દેવું વધે અને દેવું કરવુ પડે એ જયારે આપણી પોતાની આર્થિક સ્થિતિ સારી ના હોય, આપણો યોગ્ય વહીવટ ના હોય ત્યારે પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે. આપણાં કરતા કેટલાય ગરીબ રાજયો કહેવાય એ ઓરીસ્સા હોય કે બિહાર હોય એવા રાજયના દેવાની અને આપણા દેવાની જો સરખામણી કરીએ તો મારે આંકડા આપવા છે માનનીય નાણામંત્રીશ્રીને કે માર્ચ, ૨૦૧૭ મુજબ રિઝર્વ બેન્કે જે આંકડા બહાર પાડયા છે તેમાં ઓરીસ્સાનું આઉટ સ્ટેન્ડીંગ લાયાબિલીટી ૬૭૭.૯ બિલિયન, બિહારની આઉટ સ્ટેન્ડીંગ લાયાબિલીટી ૧૩૧૪.૩ બિલિયન, પંજાબ ૧૪૮૨.૩ બિલિયન, કર્ણાટક ૧૯૮૨.૯ બિલિયન અને ગુજરાતની જે લાયાબિલીટી છે તે ૨૪૮૪.૧ બિલિયન. એટલે બિહાર હોય કે ઓરીસ્સા હોય એવા પછાત કહેવાય કે ઓછાં વિકસિત કહેવાય એવા રાજયોની સરખામણીમાં પણ આપણું દેવું વધારે છે. રાજયમાં જે ગુજરાતની પ્રજા છે તે જયારે પણ બજેટ બહાર આવે ત્યારે તેમાં રાહતની આશા રાખતી હોય છે અને આ દેશની અને રાજ્યની પ્રજા જ્યારે અચ્છે દિનની રાહ જોઇએ બેઠી હોય ત્યારે આ ગુજરાતની પ્રજા પાસે ગુજરાત સરકાર દ્વારા ટેક્ષ લેવામાં આવે છે એની થોડીક વાત કરું તો પેટ્રોલમાં અત્યારે ૨૪ ટકા વેટ અને સેઝ બંને ભેગા કરીને રાજ્ય સરકારે બે વર્ષમાં રૂપિયા ૬૪૨૩.૫ કરોડ ટેક્ષ લીધો છે. ડિઝલમાં ૨૪ ટકા વેટ અને સેઝ બંને ભેગા કરીને બે વર્ષમાં રૂપિયા ૧૪૨૯૭.૫ કરોડ ગુજરાતની જનતા પાસેથી આ સરકારે ઉઘરાવ્યા છે. સી.એન.જીમાં ૧૫ ટકા લેખે ગણીએ તો ૬૬૯.૩૩ કરોડ, પી.એન.જીમાં ૧૪૯૫.૭ કરોડ અને ખાતર કે જે ખેડૂતની જરૂરિયાત છે અને આપણે જગતના તાતને મદદ કરવાની વાતો કરીએ છીએ એ રાસાયણિક ખાતર પર ૫ ટકા જી.એસ.ટી લેવાનો છે એમાં પણ બે વર્ષમાં રૂપિયા ૧૬૪.૦૫ કરોડ ટેક્ષ ઉઘરાવ્યો છે. આપણે એક બાજુ ગુજરાતમાં લગભગ ૩૨ હજાર કરોડ જેટલી વેરા વસૂલાતની રકમ બાકી હોય અને એ જો નાના લોકો પાસેથી હોય તો એની પર દમન કરીને પણ ઝડપથી વસૂલવામાં આવે પણ જો ઉદ્યોગપતિઓ પાસે ૩૨ હજાર કરોડ રૂપિયા જેટલી રકમ વસૂલવાની બાકી હોય એ વસૂલાત ન થાય અને બીજી બાજુ ગુજરાતની જનતાને જે રાહત આપવી જોઇએ, મોંઘવારીના મારથી એને બચાવવી જોઇએ એ માટે પેટ્રોલ, ડિઝલના વેટ ઘટાડવામાં ન આવે, રાસાયણિક ખાતર પર જી.એસ.ટી. નાબૂદ કરવામાં ન આવે અને એના બદલે આ રકમની વસૂલાત જે રીતે કરવામાં આવે છે એ દુ:ખદ બાબત છે. મોંઘવારીની ઘણી બધી વાતો થાય છે. યુ.પી.એ. સરકાર હતી ત્યારે ક્રુડ ઓઇલના બેરલના ભાવ ૬૦ ડોલરથી વધીને ૧૩૦ ડોલર પ્રતિ બેરલ થયા હતા તેમ છતાં આ દેશની જનતાને મોંઘવારીનો માર ના પડે એટલા માટે યુ.પી.એ. સરકારે પેટ્રોલ, ડિઝલના ભાવ કંટ્રોલ રાખીને અત્યારે જે ભાવ છે એ જ ભાવ એ વખતે પણ હતા. આજે એન.ડી.એ.ની સરકાર છે અને પેટ્રોલ, ડિઝલ માટે જે ક્રુડ ઓઇલ આવે એના બેરલના ભાવ ૩૦ ડોલરથી વધીને ૬૦-૭૦ ડોલર સુધી પહોંચ્યા છે એ ઘટેલા ભાવનો લાભ આપવાને બદલે આજે પણ જે ભાવ યુ.પી.એ. સરકાર વખતે હતા એ જ ભાવે પેટ્રોલ, ડિઝલ લોકો ખરીદી રહ્યા છે. મારી નાણા મંત્રીશ્રીને વિનંતી છે કે, કોંગ્રેસના વખતમાં પેટ્રોલ, ડિઝલના ભાવમાં જી.એસ.ટી. લાવીશું એવી વાત હતી અને જી.એસ.ટી.માં પેટ્રોલ, ડિઝલ આવે તો એનો વેરો ૧૮ ટકા થી ઓછી રકમ થાય અને પ્રજાને મોંઘવારીના મારથી રાહત મળે ત્યારે રાજ્ય સરકારને વિનંતી છે કે, ૩૨ હજાર કરોડ જેટલી રકમ જે મોટા ઉદ્યોગપતિઓ પાસેથી વસૂલવાની બાકી છે એ વસૂલે અને બીજી બાજુ ગરીબ, મધ્યમ વર્ગને રાહત આપવા માટે પેટ્રોલ, ડિઝલ પરના વેટ અને સેઝ છે એનો જી.એસ.ટી.માં સમાવેશ ન થાય ત્યાં સુધી ૧૫ ટકા જેટલો કરીને આ ગુજરાતની જનતાને રાહત આપો એવી અમારી વિનંતી છે. દરેક ઘરની ગૃહિણીને પોતાના ઘરનું બજેટ જળવાય એની ચિંતા હોય છે. તો રાજ્ય સરકાર દ્વારા રાંધણ ગેસ પર વધુ ૫ ટકા જી.એસ.ટી. લેવામાં આવે છે અને એમાં પણ ૨૦૧૬-૧૭માં ૧૦૧ કરોડ અને ૨૦૧૭-૧૮ માં પણ ૧૦૦ કરોડ જેટલો વેરો ઉઘરાવવામાં આવ્યો છે. ત્યારે મારી એ પણ વિનંતી છે કે, ગુજરાતમાં ગૃહિણીઓને લાભ મળે એટલા માટે રાંધણ ગેસ પરથી જી.એસ.ટી. નાબૂદ થવું જોઇએ. બિન ઉત્પાદક ખર્ચમાં વધારો થાય એ આપણા સૌ માટે અને નાણા વિભાગ માટે ચિંતાનો વિષય છે. આ રાજ્ય સરકારમાં છેલ્લા ૨૨ વર્ષથી દર વર્ષે ઉત્સવો અને મહોત્સવો પાછળનો ખર્ચ વધતો જાય છે. આજની પ્રશ્નોત્તરીના જવાબમાં જોઇએ તો મહોત્સવો પાછળ પ્રતિ વર્ષે

## તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

એક હજાર કરોડ રૂપિયા જેટલી રકમ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ખર્ચ થાય છે અને સાથે – સાથે હોર્ડિંગ્સ, જાહેરાતો અને પોતાની વાહ વાહ માટે પણ દર વર્ષે એક હજાર રૂપિયા કરતાં પણ વધારે રકમનો ખર્ચ થતો હોય છે. જો રાજ્ય સરકાર આ બિન ઉત્પાદક ખર્ચમાં ઘટાડો કરે અને એની સામે સામાજિક સેવાઓ જેવી કે, ગરીબને મકાન બનાવવું હોય, ખેડૂતને રાહત આપવાની હોય, વિધવા કે વિકલાંગની સહાયમાં વધારો કરવાનો હોય, ફિક્સ પગારના અને કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓના પગારમાં વધારો કરીને સમાન કામ સમાન વેતનની માગણીને સંતોષવાની હોય તો આ બિન ઉત્પાદક ખર્ચના બદલે આવા કામો પાછળ ખર્ચ કરીએ તો ગુજરાતની જનતા તમને પણ આશીર્વાદ આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારું મધ્ય ગુજરાતમાં અને ઉત્તર ગુજરાતમાં તમાકુનો મબલક પાક થાય, ચરોતર પ્રદેશ તરીકે અમારો વિસ્તાર ઓળખાય, આજે લાખ્ખો ખેડૂતોએ પોતાના ખેતરમાં તમાકુના પાકનું ઉત્પાદન કર્યું પણ આટલા વર્ષોમાં પહેલી વખત એવું બન્યું કે, આ સરકારે જી.એસ.ટી.નો જે ટેક્સ લગાવ્યો એ કાચા માલ પર પાંચ ટકા જી.એસ.ટી. અને પ્રોસેસ કરેલા તમાકુના માલ પર ૨૮ ટકા જી.એસ.ટી. એમ કરીને ૩૩ ટકા જી.એસ.ટી. લગાવવામાં આવ્યો છે. આજે એક પણ વેપારી આ તમાકુ ખરીદવા આવતા નથી. અમારા બોરસદ – આંકલાવ તાલુકામાં કોઓપરેટીવ ધોરણે ખેતી થાય અને આઝાદી પછી જે કોઓપરેટીવ ધોરણે ભાઠાની જમીનમાં ખેતી થાય અને આખા વિશ્વમાં પ્રખ્યાત કહેવાય એવી તમાકુનું ઉત્પાદન થાય અને આટલા વર્ષોમાં પહેલી વખત એવું થયું કે, આ સામૂહિક ખેતીની હરાજી જે થાય છે એ હરાજીમાં એક પણ વેપારીએ ટેન્ડર ના ભર્યું અને એના કારણે આજે લાખ્ખો ખેડૂતોનો પોતાના ખેતરમાં તૈયાર પાક ઉભો છે, તૈયાર પાક પોતાના ખેતરમાં પડ્યો છે. આખા પરસેવાની કમાણી એણે પાક અને ખેતી પાછળ લગાવી છે અને એને ખરીદનાર કોઇ ના હોય ત્યારે એ ખેડૂત આજે આંદોલન કરી રહ્યો છે અને સરકાર પાસે માગણી કરી રહ્યો છે કે, કમસેકમ કાચા માલ ઉપર જે ૫ ટકા જી.એસ.ટી. છે એને નાબૂદ કરવામાં આવે અને જો આ નાબૂદ નહીં થાય તો •(×××) ત્યારે મારી વિનંતી સરકારને છે કે, આખા ગુજરાતના ખેડૂતો જે તમાકુ માટે આખા વિશ્વમાં પ્રખ્યાત છે એ પોતાનું ઉત્પાદન કરે, પરસેવો પાડીને પોતાનો પાક તૈયાર કરે તો એ પાકને પણ બજારમાં સારો ભાવ મળે અને એને ખરીદનાર વેપારી મળે એટલા માટે એના ઉપર જે જી.એસ.ટી. લગાવવામાં આવ્યો છે એને નાબૂદ કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ વાત થઇ એમ ઘણા બધા બીજા ખર્ચાઓ કરવામાં આવે પણ આ ગુજરાતના યુવાનોની જે પોતાની લાગણી છે. પોતાની માગણી છે કે, અમોને સરકાર જે નોકરી આપે એ પૂરતા પગારની નોકરી મળે, એને કાયમી નોકરી મળે અને કોન્ટ્રાક્ટ પ્રથા હોય આઉટ સોર્સીંગ હોય કે ફિક્સ પગાર હોય એમાંથી નાબૂદી થાય અને સમાન કામ સમાન વેતનની એમની જે માંગ છે અને સન્માન સાથે કામ કરી શકે અને એ જે કામ કરે એનો લાભ સરકારના વિવિધ વિભાગો દ્વારા સરકાર પોતાની યોજનાઓ, પોતાનું બજેટ છેવાડાના માણસ સુધી પહોંચાડી શકે એટલા માટે પણ સરકારે, નાણાં વિભાગે મોટું મન રાખી અને જે પણ કોઇ માગણીઓ છે એમાં કોર્ટમાં પણ સમાધાનકારી નિર્ણયો કરાવીને નાણાં વિભાગ આ લોકોને પણ કાયમી નોકરી આપે, એને પૂરતો પગાર આપે એવી પણ માગણી કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ખાતર પર ૫ ટકા વેટ છે, ટ્રેકટર પર વેટ છે ત્યારે આપણે ખેડૂતોને મદદ કરવાની વાત કરીએ તો એ પણ નાબૂદી થાય એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, આપનું વક્તવ્ય પુરું થાય છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇએ આત્મહત્યાની ચિંતા કરવી જોઇએ. ખેડૂતો આત્મહત્યા કરે છે એની ચિંતા ગૃહને છે, બધાને છે પણ એમણે આગાહી કરી નાખી અને એમાં ઉશ્કેરણીમાં પણ આવી ગયા. તો ખેડૂતો કરવાના છે, મેં બરોબર સાંભળ્યું છે કે *(×××), માનનીય અધ્યક્ષશ્રી,આમ એ ભૂલથી બોલી ગયા હશે પણ એ...

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એમાં હું કલેરીફીકેશન કરું કે આ..

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એ ચિંતા વ્યક્ત કરો અને અમે પણ ચિંતા કરીએ છીએ. ...

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂતોએ અમારા જિલ્લામાં રેલીઓ કાઢી છે, આવેદનપત્ર આપ્યાં છે..

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, પણ કરવાના છે એવું ન કહેવાય.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અને આવેદનપત્રમાં એમણે ઉલ્લેખ કર્યો છે કે સરકાર જો આ ટેક્સ પાછો નહીં ખેંચે તો એ ખેડૂતોએ હજારોની સંખ્યામાં સહીઓ કરીને આપ્યું છે કે, અમારે આત્મવિલોપન કે આત્મહત્યા કરવી...

અધ્યક્ષશ્રી : આપણે એવી આશા રાખીએ કે..

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પણ આપણે એવું ન કહીએ.

અધ્યક્ષશ્રી : આત્મહત્યા કરશે એના કરતાં એવું લાગે છે એમ કહોને.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે એનો પુરાવો છે.

અધ્યક્ષશ્રી : પણ એવું કહોને કે એવું લાગે છે પણ તમે ખાતરીપૂર્વક ના કહી શકો.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મારણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો ખાતરીપૂર્વક સરકારનું ધ્યાન દોર્યું છે કે,.

અધ્યક્ષશ્રી : કરશે તો તમે મદદગાર છો એવું દેખાય અહીંયાં આગળ. ચાલો,એ શબ્દોમાં સુધારો કરીએ.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, આપણે ચિંતા કરીએ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં સરકારનું વિનંતીપૂર્વક ધ્યાન દોર્યું છે કે, ખેડૂતોની આવી લાગણી છે, એમણે લેખિતમાં આપી છે તો આપણે એના ઉપર ધ્યાન આપીએ એટલી જ વિનંતી કરી છે.

અધ્યક્ષશ્રી : ચાલો, સારું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત સરકારના વિવિધ વિભાગોની બધા જ વિભાગોના બજેટની માગણીઓ પૂર્ણ થયા પછી અમારો આ વિભાગ કે જેણે બધા વિભાગોને બજેટની ફાળવણી કરી છે તે નાણા વિભાગનું બજેટ આજે સન્માનનીય ગૃહમાં મેં રજૂ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આને છેલ્લે એટલા માટે રાખીએ છીએ કે આપણા ઘરે કોઇ મહેમાન આવે, કોઇ સગાં–વહાલાં આવે તો પહેલાં આપણે તેમને જમાડીએ છીએ અને બધાજ જમી લે પછી ઘરના લોકો જમતા હોય છે. વધે એમાંથી જો કે આમાં ઘણું વધેલું છે. અગાઉ મારા સાથી મંત્રીશ્રીઓના કરોડો રૂપિયાનું બજેટ સન્માનનીય ગૃહે મંજૂર કર્યું છે અને આજે અમે જમવા માટે આવ્યા છીએ, તમે પીરસો અમે આપની સમક્ષ આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં મારા સભ્યશ્રીએ જે કહ્યું કે, નાણા વિભાગ એ રાજયના અર્થતંત્રની અને દેશના અર્થતંત્રની ધોરી નસ છે. શરીરમાં હૃદયમાંથી જેમ લોહી જાય અને આ લોહી શરીરના બધા જ અંગોને જાગૃત રાખે, સક્રિય રાખે, તેમ આ નાણા વિભાગ દ્વારા ફળવાયેલ બજેટ સરકારના બધા જ વિભાગોને કાર્યક્ષમ રાખી, ગુજરાતની જનતાને કોઇ પણ જાતના જ્ઞાતિ, જાતિ, સમાજ અને વિસ્તારોના ભેદભાવ સિવાય સરકારની યોજનાઓનો લાભ મળે તે માટે આયોજન કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ છે કે અમારા બધા જ વિભાગના મંત્રીશ્રીઓના જે વિભાગવાર બજેટો સન્માનનીય ગૃહમાં રજૂ થયાં તેમાં ચર્ચા–વિચારણા થઇ અને મંજૂર પણ થયાં, તેમાં લભગભગ કોઇ પણ વિભાગમાં કોઇ પણ જાતની વિરૂદ્ધમાં, કોઇ પણ જાતની નોંધનીય કહેવાય, કોઇ પણ ગંભીર પ્રકારની કહેવાય એવી કોઇ ટીકા માનનીય સભ્યશ્રીઓ તરફથી કરવામાં નથી આવી. અમારા સભ્યશ્રીએ કહ્યું કેતનભાઇએ વિરોધપક્ષ છે એટલે ટીકા કરવી પડે, સૂચનો કરવાં પડે, ફરિયાદો કરવી પડે અને આક્ષેપો પણ કરવા પડે. પણ અમે અમારી જાતને ગૌરવશાળી માનીએ છીએ. છેલ્લે જે અમિતભાઇએ કહ્યું કે પ્રજા નક્કી કરે છે, વાત સાચી છે, ગુજરાતની પ્રજાએ ગુજરાતની તિજોરી કોને આપવી, એ અમારા જગદીશભાઇએ કહ્યું એ પ્રમાણે એ નક્કી કરતી હોય છે. આપણે ત્યાં પણ ઘરની મુખ્ય જવાબદારી કોને આપવી તે ઘરના વડીલો નકકી કરે છે તેમ આ ગુજરાતની જનતા એ આપણા સૌની વડીલ છે. સવા છ કે સાડા છ કરોડ જે જનતા હોય એમણે છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતની જનતાએ અને ગુજરાતીઓએ ભારતીય જનતા પાર્ટી ઉપર સતત વિશ્વાસ રાખ્યો છે. આ નેતાઓ, આ કાર્યકરો, આ પક્ષની નીતિ, આ પક્ષનું આયોજન અને આ પક્ષનો સંકલ્પપત્ર એનાથી ગુજરાતને કોંગ્રેસના લોભામણા વચનો કરતાં અને કોંગ્રેસની લલચાવનારી વાતો કરતાં વધુ ભલું કરવાના છે. (અંતરાય) આટલામાં ચાર, હજુ તો કયાં બોલ્યો જ છું. નહીં બોલું ચાલો, ગુજરાતની જનતાએ બધું જોયું છે. સાહેબ અહીં બધું મફત આપો, મફત આપો, એમ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો સંકલ્પપત્ર જૂઓ. (અંતરાય) છેલ્લે ભલે આપી પણ ચાવી આપી છે. હમણાં જ આપી તમારા પછી અમારા ઉપર પસંદગી ઉતારી છે. હમણાં જ કોંગ્રેસના એક સભ્યશ્રીએ કહ્યું કે, ૧૮૨ જણાને એટલે કે સભ્યશ્રીઓને આ બધી સત્તા છે. માનનીય અધ્યક્ષશ્રી તેમની આ વાત સાથે હું સંમત નથી. આ નાણાં મેં અગાઉ પણ કહ્યું હતું અને આજે પણ કહું છું કે આજે રૂ. ૧,૮૩,૬૬૬ કરોડનું જે બજેટ રજૂ થયું છે તેની આવક થશે, તે બધાજ પૈસા અને નાણાં ઉપર ફકતને ફકત ગુજરાતની જનતાનો અધિકાર છે અને તેના માટે આપણે બધું કરીએ છીએ. ૧૮૨ માટે નથી. ૧૮૨ તો પ્રક્રિયાનો એક ભાગ છીએ. એ વાત સાચી કે પ્રક્રિયા કરવાની જવાબદારી સોંપી છે. સી.જે. ચાવડા સાહેબ કોઇ બહેન હોય એને ઘેર લગ્ન હોય અને દાગીના બનાવવા સોનીને આપે ૨૫ તોલુ સોનુ લઇને જાય એ સોનીને આપે કે લો આના દાગીના બનાવજો, વીટી બનાવજો, બંગડી કે કંદોરો બનાવજો એ સોનીને આપવામાં આવે છે. પણ એ સોનીએ દાગીના ઘડીને એ માલિકને પાછા આપે છે. સોનીને સોનું આપ્યું હોય એટલે સોનીની માલિકીનું નથી થઇ જતું તેમ ગુજરાતની જનતાએ આપણને જવાબદારી સોંપી છે આપણે એના માલિક નથી. મેં અગાઉ પણ કહ્યું હતું અને આજે પણ કહું છું કે મહાત્મા ગાંધીજી કાયમી ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત આપણને કહેતા હતા એ રીતે આપણે ટ્રસ્ટીઓ છીએ. ગુજરાતની જનતાએ વિશ્વાસથી મોકલ્યા છે. અમને સત્તામાં તમને વિપક્ષમાં, અમને કામ કરવા માટે મોકલ્યા છે એમાં કોઇ ક્ષતિ હોય કોઇ ભૂલ હોય કોઇ વધારો કરવો હોય તો એ કહેવા માટે તમને મોકલ્યા છે. પણ મોકલ્યા છે એ ગુજરાતની સવા છ કરોડની જનતાએ આપણને મોકલ્યા છે.

અગાઉ પણ મેં ઘણી ચર્ચા કરી છે આ દેવાનો પ્રશ્ન એવો સમાજવા જેવો અને ટેકનિકલ પ્રશ્ન છે. સ્વાભાવિક છે કે કોઇને દેવું ન કરવું હોય. નાનો માણસ હોય અને બે હજાર રૂપિયા બહારથી કોઇ કામ માટે લાવે તો એને પણ રાત્રે એમ થાય કે મારે દેવું કરવાની શું જરૂર હતી. એણે છોકરા ભણાવવા માટે એને પરદેશ ભણવા મોકલવા માટે જે રકમ લીધી હોય તો એ દેવાનો ભાર એને રહેતો નથી. એને એટલા માટે નથી રહેતો કે એને ખબર છે કે આ છોકરાને ભણાવવા માટે હું જે લોન બેંકમાંથી લઉં છું એ ભણી ગણીને ડોકટર બનીને આવશે,પ્રોફેસર બનીને આવશે, એન્જિનિયર બનશે કે વેપારી બનશે એ કમાતો થશે

એ કમાણીમાંથી આ લોન ભરાઇ જશે અને આખી જિંદગી એની આવકમાંથી સારી રીતે મારું જીવન પસાર થવાનું છે એ મા–બાપને ખબર હોય છે. કોઇ આપણા ઘરમાં બીમાર પડે, આ તો સારું છે કે અમારી સરકારે મા–વાત્સલ્ય યોજના કરી, મોદી સાહેબે શરૂઆત કરી. તો ગરીબોને કેન્સર, કીડની, હ્રદય રોગ જેવા ગંભીર રોગોની સારવાર માટે સરકારે હાથ પકડ્યો છે. અગાઉની સરકારો વખતે કોઇ રણીધણી નહોતું. કેન્સર થયું હોય તો મરી જાય, ટીબી થયો હોય તો મરી જાય. હ્રદયરોગનો હુમલો આવે તો મરી જાય, કોઇ પૂછનાર નહોતું, કીડની ફેઇલ થઇ હોય તો મરી જાય કારણ કે તે વખતે જુદી સરકાર હતી અને એના જુદા વિચારો હતા. અમારા વિચારો માનવ સેવા માટેના વિચારો છે. અને માનવ સેવા પંડીત દિનદયાળજીના અમારા સંસ્કારમાં આવેલા છે. ડો. શ્યામાપ્રસાદ મુખરજીએ અમને સંસ્કાર આપ્યા છે એ માનવ સેવાના સંસ્કાર છે. નહિતર પહેલા કોઇને કેન્સર થતું હતું એ જમાનામાં ડોકટર પાસે લઇ જાય ૫૦ હજાર ઓપરેશનનો ખર્ચો થાય, યુવાન છોકરો હોય, ધંધો કરતો હોય સારી નોકરી કરતો હોય અને કેન્સર થયું હોય તો મા–બાપ દેવું કરીને પત્નીના દાગીના ગીરો મૂકીને ખેડૂત હોયતો જમીન ગીરો મુકીને ઘર ગીરો મૂકીને પૈસા લાવીને એના છોકરા કે પત્નીની કમાનારની એ સેવા કરવા માટે સાજો કરવા માટે ઓપરેશન કરાવતા હતા. ઓપરેશન કરાવા માટે દેવું કરતા હતા, કેમ કે એ સાજો થઇ જાય ફરી ધંધો નોકરી રોજગાર ચાલુ થઇ જાય અને આપણું ઘર પાછું હતું એમ હસતું રમતું થઇ જાય એમ અમે પણ જે દેવું કરીએ છીએ એ દેવું કોઇ શોખ માટે નહિ કોઇ આનંદ માટે નહિ, ગુજરાતના સતત સર્વાંગી વિકાસ કરવા માટે કરીએ છીએ અને એનો લાભ આજે આખા ગુજરાતમાં આપણે જોઇ શકીએ છીએ.

માનનીય અમિતભાઇએ ઓરિસ્સાનો દાખલો આપ્યો. એક સાદી સમાજ આપું, જયાં સુખ હોય ત્યાં લોકો કામધંધો કરવા જાય છે. ભારતમાંથી અમેરિકા, ઇગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા વગેરે જગ્યાએ જાય છે એમ ગુજરાતમાં પણ બહારથી લોકો આવે છે. આખા દેશમાંથી લોકો આવે છે. ઓરિસ્સા એમણે નામ આપ્યું એટલા માટે કહું છું. ઓરિસ્સા આપણા દેશનો જ ભાગ છે. એમને અહીંયા આવવાનો અધિકાર છે એ કેમ અહીંયા આવે છે કે ગુજરાતમાં ધંધા રોજગાર, બધી સગવડતાઓ, આરોગ્ય, શિક્ષણ, પીવાનું પાણી અને વીજળી બધી જ સારી રીતે મળી રહે છે. એમ કહો છો કે ઓરિસ્સામાં દેવું નથી. ઓરિસ્સા દેવું નહીં કરતું હોય, કેમ કે એની પાસે પૈસા લઇને વાપરવાની જગ્યા નહીં હોય, સ્કિમો નહીં હોય, આપણે ત્યાં નર્મદા યોજના જેવો મોટો પ્રોજેક્ટ કેટલાક લોકોની ભૂલના કારણે વર્ષોથી વિલંબમાં મૂકાયો, સાહેબ, અગાઉ કહી ચૂક્યો છું. ૧૯૬૧માં પાંચ હજાર કરોડ રૂપિયામાં આ યોજના થવાની હતી. એ વખતે એનું ખાત મુહૂર્ત થયું અને ૧૯૭૫ પહેલા નર્મદા યોજના પૂરી કરી દેવાની હતી. એ જમાનામાં પાંચ હજાર કરોડ રૂપિયાની આજુબાજુ એ પતી જવાની હતી. ભૂતકાળની ગંભીર ભૂલોના કારણે, ભૂતકાળના નેતાઓની અણઆવડતના કારણે, ભૂતકાળના રાજકીય નેતાઓની ગુજરાત પ્રત્યેની કિન્નાખોરીના કારણે, ગુજરાત આગળ આવી જશે તો આપણું નહીં માને, કોઇનું નામ નથી દીધું. શ્રી જોષિયારાજી, બંધ બેસતી પાઘડી કોઇએ પહેરી લેવી નહીં. આ છાપામાં લખે છે, ટી.વી. સિરિયલોમાં પણ લખે છે કે કોઇએ બંધબેસતી પાઘડી પહેરવી નહીં. હું કોંગ્રેસ બોલું તો કહેજો. મેં ભૂતકાળનું કહ્યું છે. લોકો જાણે છે કે ભૂતકાળમાં કોણ હતું એટલે મારે ચોખવટ કરવાની જરૂર નથી. આજે પાંચ હજાર કરોડ રૂપિયામાં પૂરી થનાર યોજનાનું ૧૯૭૫થી પાણી મળવાનું હતું. આજે હવે પૂરી થઇ છે અને લગભગ સાઇઠ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. તમે બધા પ્રશ્નો પૂછો છો કે કેટલું દેવું થયું? ક્યાં વપરાયા? સૌ કોઇને અભ્યાસ કરવાની મારી વિનંતી છે. ફરી કહું કે બધુ સાહિત્ય દરેક માનનીય ધારાસભ્યશ્રીઓને અપાય છે. રૂપિયો ક્યાંથી આવ્યો અને ક્યાં વપરાશે? એનો ચાર્ટ છે, એના આંકડા છે, વિકાસલક્ષી ખર્ચમાં કેટલો વપરાશે? વિકાસમાં પણ ક્યા ક્યા વિભાગમાં વપરાશે? એની પણ માહિતી છે. ખેતીમાં કેટલા? સિંચાઇમાં કેટલા, આરોગ્યમાં કેટલા, શિક્ષણમાં કેટલા? શિક્ષણમાં પણ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં કેટલા આ બધુ જ આપવામાં આવે છે. પણ કમનસીબે હું કોઇની ટીકા કરતો નથી. આ કંઇ તમે પહેલીવાર કહો છો એવું પણ નથી. તમે ત્યાં બેસીને આ બોલવા ટેવાઇ ગયા છો અને અમે અહીં ૨૨ વર્ષથી આવુંને આવું સાંભળવા ટેવાઇ ગયા છીએ. એમાં કોઇ નવીનતા, કોઇના તરફથી સંશોધાત્મક કહેવાય, અભ્યાસપૂર્ણ કહેવાય એવી ભાગ્યે જ કોઇ રજૂઆત આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.સી.જે.ચાવડાજીએ નેનોની વાત કરી. ટાટા નેનો ગુજરાતમાં આપણે લાવ્યા. એ પહેલા ગુજરાતમાં હાલોલમાં જનરલ મોટર્સની એક જ કંપની હતી. અહીંયાં સવારે અમારા શ્રી ફળદુ સાહેબે આંકડા આપ્યા. તમે પ્રશ્ન પૂછ્યો હતો કે ગુજરાતમાં વાહનોની સંખ્યા કેટલી વધતી જાય છે? ફક્ત અમદાવાદ જેવા શહેરમાં એક વર્ષમાં દોઢ કરોડ વાહનોની નોંધણી થાય તો તમે ગુજરાતનું વિચારી લો. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, આખું ગુજરાત. કેટલા વાહનો દર વર્ષે નવા આવતા હશે? ક્યાંથી આવતા હશે આ બધા ! લોકો એ પૈસા ક્યાંથી લાવતા હશે? ગુજરાતમાં આર્થિક ઉત્પાદન વધ્યું, મોટર સાઇકલ ઉદ્યોગ વધ્યો, મોટર ઉદ્યોગ વધ્યો. હું ૧૯૭૧માં જ્યારે એસ.એસ.સી.માં ભણતો હતો ત્યારે મારા કડીમાં અમે વિદ્યાર્થી તરીકે ગણતા હતા કે અહીં કેટલી મોટરો છે? ગણીને ૧૭ મોટર કાર હતી. આ ૧૯૭૧ની વાત કરું છું. આજે સાહેબ, હજારોની સંખ્યામાં મોટરકારો, એકેએક શહેરની અંદર, એકેએક સોસાયટીમાં જાઓ તો તમને જોવા મળશે અને હવે તો ઘણા એવા મધ્યમવર્ગ અને એની ઉપરના સુખી છે કે પોતાનીય મોટર જુદી, એની પત્નીની પણ જુદી, દીકરાનીએ જુદી અને વહુની પણ જુદી. આમ ચારેબાજુ આ બધુ છે. આ બધુ ક્યારે થયું? મારે જુદું સમજાવવું છે. જ્યારે મોટર ઉદ્યોગ ભારતમાં પાંગર્યો, વધ્યો એનો લાભ લેવા માટે કે મોટરની ઓટોમોબાઇલ્સ ઇન્ડસ્ટ્રીઝ વિશે તમે બધા ન જાણતા હોય તો ટીકા કરનારા જાણી લેજો, દુનિયાનું મોટામાં મોટું એક સેક્ટર છે, રોજગારી મોટી મળે છે, આડકતરી રોજગારી

મળે છે, એમાં સ્ટીલ વપરાય, એલ્યુમિનિયમ વપરાય, પ્લાસ્ટીક વપરાય, કાચ વપરાય, કાપડ વપરાય. શું નથી વપરાતું મોટરકારની અંદર ! આ બધુ આપણે વાપરીએ છીએ. એની ખરીદી થાય, એનો ટેક્સ મળે, એની ઇન્ડસ્ટ્રીઝ વધે. આ બધામાં એનું મુળ પકડવું પડે અને મુળ પકડવા માટે અમારા એ વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ સાહસ કરી ટાટા નેનોને ગુજરાતમાં બોલાવી અને એ કેસ આપણે બધા જાણીએ છીએ. પશ્ચિમ બંગાળમાં જે રીતે સામ્યવાદી શાસનમાં સામ્યવાદીઓ એને લાવ્યા હતા અને અત્યારના મુખ્યમંત્રીએ એ વખતે જમીન બાબતમાં અને બીજા બધા પ્રશ્નો ઉભા કરીને વિરોધ કરેલો, અને એ પ્લાન ત્યાંથી ખસેડયો. જેને રેકર્ડ જોવું હોય એ જોઇ લેજો. ડો. સી.જે. ચાવડા, તમે અભ્યાસુ છો, શ્રી શૈલેષભાઇ, તમે અભ્યાસુ છો, શ્રી અમિતભાઇ અભ્યાસુ છે. જેને અભ્યાસ કરવો હોય એને છૂટ છે. એ વખતે ટાટા નેનોને આકર્ષવા માટે કર્ણાટકમાં જયાં અત્યારે કોંગ્રેસની સરકાર છે, તામિલનાડુ, આંધ્રપ્રદેશ બધાજ રાજયોએ ઓફર મૂકી હતી કે તમે અમારે ત્યાં આવો. તમને આ સગવડ આપશું. આ સબસિડી આપીશું. વીજળી મફત આપીશું. જમીન મફત આપીશું કારણ કે બધાને ખબર છે. ટાટા નામ એ એકલા ભારતનું નામ નથી. દુનિયાનું નામ છે અને ટાટાને આપણે લાવ્યા. ટાટા નેનો કાર બનાવવાની હતી. એનું સપનું હતું કે નાની કાર લોકોને એ જમાનામાં લાખ રૂપિયાની મળે. કમનસીબે ટેકનોલોજી સફળ ના થઇ, એનું મોડેલ નિષ્ફળ ગયું એને આપણે કોઇ લેવા દેવા નથી પણ ટાટા આવ્યા પછી જે થયું, ગુજરાત જે મોટર ટ્રાન્સપોર્ટ ઇન્ડસ્ટ્રીનું હબ બન્યું. ગઇ કાલે જ ભરતભાઇ કહેતા હતા અમારો બેચરાજી, માંડલ આખો મહેસાણા જિલ્લો, અમદાવાદ જિલ્લો ધમધમતો થઇ ગયો. મારૂતી ભારતની મોટામાં મોટી કંપની એ આપણા ગુજરાતમાં આવી, હોન્ડા કંપની આવી, હીરો હોન્ડા આવ્યું, એની પાછળ જાપાનનું હોન્ડા આવ્યું. હોન્ડામાં પણ બે ભાગ પડયા છે. હીરો હોન્ડા ભારતીય કંપની થઇ ગઇ. મુંજાલની કંપની અને અસલ હોન્ડા એ જાપાનથી આવ્યું એ આપણે ત્યાં બનતું થઇ ગયું. આ એટલા માટે થયું કે ટાટા જેવી કંપની આવે એટલે બધાને ઓટોમેટીક વિશ્વાસ બેસે અને વિશ્વાસ બેઠો એના કારણે હવે ગુજરાત ઓટોમોબાઇલમાં હબ બન્યું છે. દર વર્ષે ચાર થી પાંચ લાખ બધી કંપનીઓની ભેગી કરીને મોટરકાર ગુજરાતમાં બનતી થઇ ગઇ છે અને મોટર સાયકલો તો લાખોની સંખ્યામાં બનતી થઇ ગઇ છે. એનો ધંધો તમે વિચારો કેટલો બધો ફાયદો સીધો અને આડકતરો એ રાજયને થયો છે. તમે નાની વાતને જોવો એ ના ચાલે. આપણે માતાજીને, ભગવાનને દીવો કરીને પ્રસાદના પેંડા તો ફકત પાંચ જ મૂકીએ છીએ પછી એ પેંડા બધા આખા પાંચ કિલો લાવ્યા હોય એ આખા ગામને વહેંચીએ છીએ. એમ મોદી સાહેબે બુદ્ધિપૂર્વક ટાટા નેનોને દીવો પ્રગટાવી પેંડા મૂકયા પણ પછી જે ફાયદો થયો એનો લાભ આખું ગુજરાત અત્યારે લે છે અને બીજું મેં આપને બધાને કીધું છે કે ૩૩ હજાર કરોડ–૩૩ હજાર કરોડ વાત ભૂલી જાવ. એને આપણે સ્કીમ આપી હતી પણ મોડેલ ના ચાલ્યું, ઉત્પાદન ઓછું થાય છે એટલે આપણે એને લોન પણ ઓછી આપીએ છીએ. એના ટેકસમાંથી જ લોન આપીએ છીએ આપણા નહીં અને અત્યારે મારી પાસે લેટેસ્ટ વિગત છે. આ એકઝેટ આકડા અમારા અધિકારીઓએ તાજા મને આપ્યા છે, તા.૩૧–૧૨–૧૭ની સ્થિતિએ ૫૮૪ કરોડ ૮૨ લાખ રૂપિયા લોન ટાટા નેનોને ગુજરાત સરકારે આપી છે. ઓછા વ્યાજે આપી છે એ આપણને પાછી મળવાની છે પણ સામે આપણે લઇ આવીએ છીએ કેવી? એક લાખ કરોડ રૂપિયા આ હમણાં મેટ્રો જાયકાના બુલેટ ટ્રેનના જાપાન પાસેથી લઇ આવ્યા. તમે બધા ચિંતા કરો છો, દેવું કરો છો, ૦.૧ ટકાની લોન જાપાન જેવા દેશ પાસેથી ગુજરાત સરકાર, લાખો કરોડ રૂપિયાની લાવે છે એ તમે નથી જોતા અને આ ૩૩ હજાર કરોડ, ૩૩ હજાર કરોડ કરો છો. સાહેબ, પેલી ટેપ ફસાઇ જાયને, જેમ જૂના વખતમાં સીડી આવતી હતી એ ફસાઇ જાય. રેકોર્ડ આગળ વાગે જ નહીં. ચૂંટણીમાં પણ ૩૩ હજાર કરોડ કહો. અહીં દસ વખત મેં ચોખવટ કરી તો પણ ૩૩ હજાર કરોડ, ૩૩ હજાર કરોડ કહો છો એટલે તમે જો રેકોર્ડ ના બદલતા હોવ તો હું તમને નવી સીડી આપું પણ હવે એ સીડીમાં ૫૮૪. ૮૨ કરોડ તમે લખી લો અને આ ૩૩ હજાર કરોડનું ભૂત તમે મહેરબાની કરીને મગજમાંથી કાઢી નાખો. બીજું મારે ખાસ કહેવું છે કે અમે આખા દેશના નાણામંત્રીશ્રીને જી.એસ.ટી. કાઉન્સિલમાં મળીએ છીએ, ગુજરાતમાં જ અમે જોયું છે, મહારાષ્ટ્રમાં કોઇ ઉદ્યોગપતિને કોઇ કોંગ્રેસ વાળો, કોઇ શીવસેનાવાળો, કોઇ એન.સી.પી.વાળો કદી ઉતારી નથી પાડતો. એના વિરુદ્ધ ટીકા નથી કરતો. આંધ્રમાં, કર્ણાટકમાં તામિલનાડુમાં, દિલ્હીમાં પંજાબમાં આખા દેશના બધા રાજયોમાં મોટા મોટા ઉદ્યોગપતિઓ છે એ ઉદ્યોગપતિઓને એ સરકારો મદદ કરે છે. સારી રીતે સાચી રીતે કે તમે ઉદ્યોગ આપણા રાજયમાં જ નાખો. ટ્રેકટર ઇન્ડસ્ટ્રી મોટામાં મોટી પંજાબમાં છે. તો કોઇએ એવું નથી કીધું કે ત્યાં મહેન્દ્રાવાળાએ આમ કર્યું કે સ્વરાજવાળાએ આમ કર્યું. મેં ક્યાંય વાંચ્યું પણ નથી. પણ કમનસીબે ગુજરાતમાં અમારી સરકારને બદનામ કરવા માટે ગુજરાતના ઉદ્યોગપતિઓને નિશાન બનાવી ઉદ્યોગપતિઓને આપી દીધું આપી દીધું કરી જે રીતે વર્તન કરવામાં આવી રહ્યું છે. ખરેખર કોઇ ઇન્વેસ્ટરને આપણે પ્રોત્સાહન આપવાનું હોય, એની ભૂલ હોય તો ચોક્કસ સુધારીએ, હું નથી કહેતો કે નહીં હોય. ભૂલ સુધારવા માટે દરેક વ્યક્તિનું આપણે ધ્યાન દોરવું પડે. પણ એને ખંખોળી નાખીએ, એને બેઆબરૂ કરીએ, ઇજ્જત લઇએ અને જાણે આખા ગુજરાતનું નર્મદાનું પાણી ઉદ્યોગપતિઓને આપી દીધું, વારંવાર કહ્યું છે કે નર્મદા ટ્રિબ્યુનલ જેટલું પાણી ઉદ્યોગો માટે અત્યારે ફાળવે છે એનાથી અડધું ગુજરાતના ઉદ્યોગપતિઓને નથી આપવાના. મને ખાતરી છે કે આ ૩૩ હજાર કરોડ જ કહેવાના ટાટાના. એમ ઉદ્યોગોનું પાણી આ બહાર જશે અને નીચે બાઇટ આપશે અને કહેશે. આટલું બધું સમજાવ્યા પછી. બાર મહિના શિક્ષક છોકરાને ભણાવે તોય પરીક્ષામાં પાછું ઝીરો એટલે ઝીરો. એવું અહીં ઘણીવાર બને છે. આપણે કોઇ દેવું નથી કરતા. ગુજરાત આરોગ્યમાં, શિક્ષણમાં ઘણું આગળ છે. ચોક્કસ ધારાસભ્યને ચિંતા હોવી જોઇએ કે સરકાર જે ખર્ચ કરે છે એનો પ્રજાકીય હિતમાં વિકાસલક્ષી ખર્ચમાં ઉપયોગ થવો જોઇએ. આપણે સરકારમાંથી જે ખર્ચ કરીએ છીએ એમાં ૬૨ ટકા કરતા વધુ રકમ લગભગ આપણે વિકાસ

કામોમાં ખર્ચ કરીએ છીએ. પગાર અને બીજા ખર્ચ એ આપણા ઓછા છે. અહીંયા કર્મચારીઓની પણ વાત કરી. ભરતી નથી કરતા. અગાઉની હતી એ પણ કહ્યું છે. ચીમનભાઇ વખતે પણ આ પ્રથા હતી. શંકરસિંહજી હતા ત્યારે આ પ્રથા હતી. એમાં તમે ભાગીદાર હતા. માઇકો તોડીતોડીને સરકાર બની હતી. ગુજરાતમાં એક જ સરકાર માઇકો તોડીને બનાવેલી. નવા સભ્યોને ખબર નહીં હોય. અમે બધા હતા. અહીંયા બેઠેલા કોંગ્રેસના એક સિનિયર સભ્યે એ વખતે માઇકો તોડીને એ વખતના સ્પીકરના માથામાં મારેલું. જોષીયારાજી તો એમાં હતા જ અને એના લાભાર્થી છે એ. આ પ્રકૃતિ છે એમાં વાંધો નહીં. અમે તો લોકશાહી પદ્ધત્તિથી પ્રજાનો સપોર્ટ લઇ ૨૨ માંથી ૨૭ વર્ષ સુધી અમે જ્યારે અહીંયા બેઠા છીએ ત્યારે દેવું ના થાય, દેવું ઘટતું જાય છે. એની પણ થોડી માહિતી આપવી છે. અગાઉના વર્ષોમાં ગુજરાતનું દેવું ૨૨ થી ૨૩ ટકા હતું એ ઘટીને ૧૭ ટકા જેટલું નીચું લાવ્યા છીએ. મારો પોતાનો અભિગમ છે કે બિન જરૂરી ખર્ચ ઘટાડવો અને વધુમાં વધુ દેવું ઝડપથી ઓછું કરવું. વ્યાજનું ભારણ ઓછું કરવું અને પ્રજાકીય કામોમાં વધુ રકમ વાપરવી. પહેલાં પણ કહ્યું હતું અને આજે પણ કહી દઉં કે નર્મદા યોજનાનું કામ લગભગ પૂર્ણ થઇ ગયું છે અને મોટાભાગનો ખર્ચ પૂર્ણ થયો છે. સૌની યોજનાનું કામ ઘણું પૂર્ણ કર્યું છે. એનો ખર્ચ ભવિષ્યમાં ઉત્પાદન ખર્ચ છે. સુજલામ સુફલામ અંગે અહીં બેઠેલા ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ધારાસભ્યોને ખબર છે કે સુજલામ સુફલામનો લોકોને કેટલો મોટો ફાયદો થયો છે. એ મોટો ખર્ચ પીવાનું પાણી ન હતું ત્યાં ૫૦૦ કિલોમીટરની મારા જેવા તો ઉભા જતા રહે એવી તોતીંગ પાઇપલાઇનો નાખી દીધી અને અમારા જીતુભાઇ અમારા અધ્યક્ષ પણ જતા રહે એવી પાઇપલાઇનો નાખી છે. (અંતરાય) આવજો તમને બતાવીશ. ગુજરાતના તમામ વિસ્તારમાં પીવાનું પાણી, નર્મદાનું પાણી, બીજી યોજનાઓનું પાણી પહોંચાડ્યું. અમારી પાસે રાજ્ય આવ્યું ત્યારે ૮ કલાક વીજળીમાં ચાલતું હતું. ગામડાંમાં વીજળી મળતી ન હતી. મોદી સાહેબે નક્કી કર્યું કે જ્યોતિગ્રામ યોજના અમલમાં મૂકવી. આજે ગુજરાતના નાનામાં નાના ગામડાં સુધીરજ કલાક વીજળી ન મળતી હોય એવું કોઇ ગામ નથી. તમે કહો છો ને કે પૈસા ક્યાં ગયા? આદિવાસી, ગરીબોને ગામડાંમાં વીજળી આપી એમાં રકમ ગઇ, નર્મદાના પાણી પહોંચાડ્યાં એમાં રકમ ગઇ, શહેરોમાં વ્યવસ્થાઓ કરી એમાં રકમ ગઇ, સ્કૂલ, કોલેજો, હાઇસ્કૂલો બનાવી, મોટી મોટી હોસ્પિટલો બનાવી, મેડિકલ કોલેજો બનાવી. પ્રજાના વિકાસ માટે અમારી સરકારે શું નથી કર્યું એ વિચારો. પ્રજાના વિકાસ માટે એ વિચારો અને એ બધું કામ હવે પૂરું થયું છે. એટલે હવે તબક્કાવાર મારી જે સમજ છે એ પ્રમાણે આપણે લોન લેવાનો રેશિયો ડો. સાહેબ હવે નીચે જતો જશે અને આપણી જે આવક આવવાની છે એમાંથી આ બધું જ દેવું ભરપાઇ કરીને ગુજરાતને સારામાં સારું સમૃદ્ધ અને સુખી રાજ્ય બનાવવા અમારો નાણા વિભાગ અને અમારી સરકાર, અમારા મુખ્યમંત્રી વિજયભાઇ, અમારા વડાપ્રધાન નરેન્દ્રભાઇ અને અમારો ભારતીય જનતા પક્ષ કટિબદ્ધ છે ત્યારે પેન્સનરો વિષે પણ અમારા સભ્યશ્રીએ કીધું છે, ભાઇશ્રી સી. જે. ચાવડાએ પણ કીધું. સાહેબ, અમે પેન્સનરોની પણ ચિંતા કરીએ છીએ. પેન્સનરોને તમામ લાભ આજે આ સાતમા પગારપંચ સહીતનો ગુજરાત જેવું કોઇ રાજ્ય નહીં હોય કે આ બધા લાભો આપ્યા હોય. તમે બધા આંકડા લાવો છો તો સાતમા પગારપંચ કેટલા રાજ્યોએ આપ્યું? પેન્સનરોને સાતમું પગારપંચ કેટલા આપે છે? આટલી પેશગીઓ કેટલા આપે છે? દિવાળી આવે અને કર્મચારીઓને કેટલું બોનસ આપે છે? આવું તો બધું લાવો, એમાં ગુજરાતની સરખામણી કરોને. આવી બધી સરખામણી નથી કરતા. અમે કરીએ છીએ એટલે આ બધું જ સાહેબ જ્યારે ગુજરાત સરકાર કરે છે. (અંતરાય) હા, અમે કરીએ છીએ. તમારો કહેવાનો હક છે. ભૂલ થાય તો અમે કાન પણ પકડીશું. અમે કંઇ ભગવાન નથી કે અમે કોઇ એવું અમારી જાતને માનતા નથી. અમે માણસો છીએ. અમારાથી પણ કયાંક ભૂલ થતી હોય તો તમે ધ્યાન દોરશો તો અમે સુધારી લઇશું. અમે તૈયાર છીએ પણ સારી રીતે પ્રજાના હીતમાં કહો. રાજકીય રીતે અહીં જુદું કહેવાનું અને બહાર જઇને જુદું કહેવાનું એવું ના કરો તો સારૂં, આપણે સારી રીતે કામ કરીએ છીએ. સાહેબ, રાજ્યના નાણા વિભાગની કામગીરી ઘણી છે. બજેટ એકલું નથી. સાહેબ, હું થોડી માહિતી આપી દઉં. સાહેબ, અત્યારે જે ગુજરાત સરકારના ૪,૩૪,૫૬૧ પેન્સનરો છે. વર્ષે ૧૩,૫૫૦ કરોડ રૂપિયા પેન્સનરોને આપણે પેન્સન આપીએ છીએ અને એનાથી વધુ કર્મચારીઓને આપણે સાતમા પગારપંચ પ્રમાણે બધો લાભ આપીએ છીએ. આખા રાજ્યની અંદર જે ટ્રેઝરી અમારી કામ કરે છે. મોટા ભાગના સભ્યશ્રીઓને જાણકારી માટે હું કહું સાહેબ, અમારી ટ્રેઝરી જે કામ કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે માત્ર એક પ્રશ્ન પૂછવા દેવાનો છે. સમય થઇ ગયો છે.

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : એક મિનિટ સાહેબ, કરોડો ચલણ અમારી તિજોરીમાં જમા થાય બધાને ઓન લાઇન પગાર મળે, સરકારનો ટેક્સ સરકારમાં બધું પદ્ધતિથી આવે એ બધું ટ્રેઝરી મારફત થાય છે. અમારી એક વીમા નિયામકની કચેરી છે એ પણ સાહેબ, મને જણાવતા આનંદ થાય છે. થોડો સમય વધારી દોને? પાંચ મિનિટ પછી પ્રશ્ન પૂછી શકાય.

સભાગૃહનો સમય લંબાવવા બાબત

શ્રી પંકજ દેસાઇ ( દંડકશ્રી : ) માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત કરું છું કે, માગણીઓ પર ચર્ચા માટે પાંચ મિનિટ સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડી વાર બાદ) સભાગૃહનો સમય પાંચ મિનિટ લંબાવવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : અકસ્માત વીમા યોજના એ આપણે માનવ સેવાની ગરીબ અને મધ્યમ વર્ગની સેવાની એક ખૂબ મોટી સહાય યોજના છે. ગુજરાતમાં લગભગ સાડા ત્રણ કરોડ ગુજરાતીઓને સાંભળી લેજો ફરીથી લગભગ સાડા ત્રણ કરોડ ગુજરાતીઓને જુદી જુદી વીમા યોજનાથી અમારી ભારતીય જનતા પક્ષની સરકારે લાભાર્થી તરીકે અકસ્માત જૂથ વીમા યોજનામાં આવરી લીધા છે. એમાં દા.ત. ખેડૂતો છે, ખેડૂતોના પતિ-પત્ની છે, એના ખાતેદાર પરિવાર છે, અસંગઠિત શ્રમિકો છે

અને સાહેબ, ગુજરાત એક એવું રાજ્ય છે કે, પ્રાથમિક શાળાથી માંડીને કોલેજના વિદ્યાર્થીઓ સુધી જેની સંખ્યા અંદાજે એક કરોડ પંદર લાખથી વધુ થાય છે. એક કરોડ પંદર લાખ વિદ્યાર્થીઓનો અકસ્માત વીમો એ લેનાર હોય તો એ ભારતીય જનતા પક્ષની સરકાર છે. કોઇ વિદ્યાર્થી સ્કુલથી, ઘરેથી, બજારમાંથી ગમે ત્યાંથી પસાર થતો હોય અને કોઇ અકસ્માત થાય, કોઇને વીજળીનો કરંટ લાગે, કોઇને બીજું-ત્રીજું થાય અકસ્માત વીમો ગુજરાતની સરકારે તમામ વિદ્યાર્થીઓનો અમે લીધો છે. એવી રીતે જે અમે બીજા વીમા લીધા છે એમાં તમામ પોલીસ કર્મચારીઓનો સરકારે વીમો લીધો છે, વિધવાઓનો વીમો લીધો છે, વિકલાંગોનો વીમો લીધો છે, હીરાના કારીગરોનો વીમો લીધો છે આમ ગુજરાતની સવા છ કરોડની જનતામાંથી સાડાત્રણ કરોડ લોકોનો અકસ્માત જૂથ વીમો એ ગુજરાત સરકારે લીધો છે. ના કરે નારાયણ અને કોઇના ઘરમાં કોઇનું અકસ્માતે મૃત્યુ થાય તો એને સહાય આપવા અમારી સરકાર બધા વતી દર વર્ષે લગભગ ૪૯ કરોડ રૂપિયાનું પ્રિમિયમ સરકાર ભરે છે અને અમારા નાગરિકોને અમે સુરક્ષીત રાખ્યા છે એવી રીતે અન્ય જે પ્રવૃત્તિઓ અમે કરીએ છીએ, નાણા વિભાગ તો આમ તો બ્રહ્માના સ્વરૂપ જેવું છે. બધી જ જગ્યાએ નાણા વિભાગની કામગીરી દેખાય અને નાણા વિભાગની મદદ સિવાય કે નાણા વિભાગના સમર્થન સિવાય કોઇ કામ ગુજરાત સરકાર કે ભારત સરકાર કે દુનિયાની કોઇ સરકાર કરી ના શકે એવું ગુજરાતને ધબકતું રાખતું છે. વાઇબ્રન્ટ એટલે ધબકતું . ઘણા પૂછે છે કે વાઇબ્રન્ટ એટલે શું? વાઇબ્રન્ટનું ગુજરાતી ધબકતું એટલે ધબકતું ગુજરાત રાખવું, સમૃદ્ધ ગુજરાત બનાવવું, સુરક્ષિત ગુજરાત બનાવવું, પ્રગતિશીલ ગુજરાત બનાવવું અને નંબર-૧ ગુજરાત બનાવવું એ કામ અમે કયારના કરીએ છીએ. એને વધુ સુદ્રઢ કરવા આ બજેટ નાણા વિભાગનું મેં રજૂ કર્યું છે સર્વ માનનીય સભ્યશ્રીઓને એ સર્વાનુમતે મંજૂર કરવા વિનંતી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ જ સરળ ભાષામાં ખૂબ સારી વાત કરી. કોઇ રાજકીય વાત નહીં કરું પણ સ્વાભાવિક છે કે ..

અધ્યક્ષશ્રી : આપણી પાસે સમય દોઢ જ મિનિટ છે. પાછળ પણ કોઇકને પૂછવું હશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ સર, આપણે સૌ ગુજરાતના ચૂંટાયેલા પ્રતિનિધિ છીએ એટલે સ્વાભાવિક છે કે પ્રશ્નોત્તરીના માધ્યમથી સરકારનું દેવું વધતુ હોય એટલે અમારી ચિંતા સ્વાભાવિક છે, ગુજરાતની પ્રજા માટેની ચિંતા છે એટલે અમારી ચિંતા એ પ્રજાની ચિંતા છે એટલે મારે મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે આપે જે રીતે કીધું કે દેવામાં ૨૨ ટકાથી ૧૭ ટકાનો અત્યારે ઘટાડો થયો છે. ૨૨ માંથી ૧૭ ટકા ઉપર દેવું પહોંચ્યું છે. તો આપ એટલું જણાવશો કે રાજયની માથાદીઠ આવક કેટલી છે અને રાજયનું માથાદીઠ દેવું કેટલું છે? આ બે જ જાણવું છે. માથાદીઠ આવક અને માથાદીઠ દેવું આટલું જણાવશો પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : થોડીવાર લાગે. ત્યાં સુધી બીજો પ્રશ્ન પૂછો. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની કુલ માથાદીઠ આવક જે જુના વખતની છે, લેટેસ્ટ જે આવક છે એ હું કહું. આ આંકડા જુના છે.

અધ્યક્ષશ્રી : બંને દંડકશ્રીઓ સમય વધારો નહીં તો હું પ્રશ્નો નહીં આપી શકું. (અંતરાય) બંને પક્ષની સંમતિથી બીજી બે મિનિટ વધારી છે. જયાં સુધી પતે નહીં ત્યાં સુધી વધારવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હાલની ગુજરાતની માથાદીઠ આવક ૧,૫૬,૬૯૧ રૂપિયા છે અને રાજયનું જે કુલ દેવું છે એના આંકડા તો તમે આપેલા જ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માથાદીઠ આવક અને માથાદીઠ દેવું બહુ સિમ્પલ સવાલ છે મારો સાહેબ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કુલ દેવું છે એ ૧,૯૯,૩૩૮ કરોડ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : હું માથાદીઠ પૂછું છું સાહેબ.

અધ્યક્ષશ્રી : કેલકયુલેટરમાં જોઇ લેજોને?

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, મારો બહુ સરળ પ્રશ્ન છે કે માથાદીઠ દેવું કેટલું?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજા અને ખેડૂતોની જે માગણી અને લાગણી છે કે રાસાયણિક ખાતર ઉપર પાંચ ટકા જી.એસ.ટી. છે એ નાબૂદ કરવામાં આવે, તમાકુ ઉપર કાચા માલ ઉપર જે પાંચ ટકા જી.એસ.ટી. છે એ નાબૂદ કરવામાં આવે અને સાથેસાથે પેટ્રોલ ડિઝલનો જી.એસ.ટી. માં સમાવેશ ના કરો ત્યાં સુધી એના ઉપર જે વેરો છે એ ઘટાડવામાં આવે એ માગણી સ્વીકારવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમયમર્યાદાના કારણે મેં જી.એસ.ટી.ની કોઇ વાત જ નથી કરી. મને એમ સમજ નથી આવતી હજુ કે કોંગ્રેસના માનનીય સભ્યશ્રીઓ જેમણે પણ પ્રવચન કર્યા એ બધા એમ કહે છે કે પેટ્રોલ, ડિઝલને જી.એસ.ટી.માં લઇ લો. હવે એ તો મને સમજાવો કે એના ફાયદા શું અને નુકસાન શું? કોઇ વિચારણા કરી હોય તો મને કહો. હું એટલા માટે કહું છું કે જી.એસ.ટી.નો સાદો નિયમ ગઇ વખતે મેં સમજાવ્યો હતો. જી.એસ.ટી.માં કોઇપણ ચીજવસ્તુ ઉપર આવક થાય એના ૫૦ ટકા ભાગ ભારત સરકાર લઇ જાય છે. ૫૦ ટકા રાજ્યના ભાગમાં આવે. અત્યારે આપણા ગુજરાતમાં પેટ્રોલ, ડીઝલ, ગેસ ઉપર આપણી આવક છે. અગાઉ કહ્યું હતું ફરી કહી દઉં કે બધા રાજ્યોના આંકડા આપ્યા હતા. તમારા બધા રાજ્યોમાં ૩૦ ટકાથી માંડી કર્ણાટક સહિત ગુજરાત કરતા અનેકગણો ટેક્સ વધારે છે. આપણો ઓછામાં ઓછો દેશમાં ૨૦ ટકા છે. ૨૦ ટકા અમે ઘટાડેલો છે. નંબર-૧ અને બીજું જી.એસ.ટી.માં જઇએ તો જે આવક છે તે

ઓટોમેટિક ૫૦ ટકા ભારત સરકારના ભાગમાં જતી રહે. સમજી લો કે ૧૫,૦૦૦ કરોડની પેટ્રોલ, ડીઝલ, ગેસની આવક છે. આ આવક ૧૦૦ ટકા ગુજરાત સરકારની છે. એમાં કોઇ ભાગ નથી. હવે જી.એસ.ટી.માં જઇએ તો એમાંથી સાડા સાત હજાર કરોડ ભારત સરકારને આપી દેવા પડે. તમારા બધાની જાણકારી માટે ફરી કહું કે જી.એસ.ટી. માં કાઉન્સિલમાં કોંગ્રેસ, સામ્યવાદી અને બીજા પક્ષો બધા જ રાજ્યોના નાણામંત્રીઓ છે. તમામ રાજ્યોના નાણામંત્રીએ પેટ્રોલ, ડીઝલને પેટ્રોલીયમ પ્રોડક્ટને જી.એસ.ટી.માં ન લઇ જવા માટે સર્વાનુમતિથી નિર્ણય કર્યો છે. દરેક રાજ્યની પોતાની આવકમાં મુખ્ય આવક પેટ્રોલ, ડીઝલ એ રોજેરોજની આવક છે. ગુજરાતમાં જેટલું પેટ્રોલ, ડીઝલ વેચાય છે તે આપણે પેટ્રોલ પંપ પાસેથી નથી વસૂલ કરતા. ઇન્ડિયન ઓઇલ કંપની ગુજરાતમાં જેટલું વેચાયું હોય તેનો ચેક, ડ્રાફ્ટ સીધો ગુજરાત સરકારને જમા કરાવી દે છે. કોઇ વહીવટી ખર્ચો નહિ. પારદર્શકતા. જી.એસ.ટી. માં જવાથી ફાયદો નથી, એટલા માટે નથી જ્યાં સુધી ભારત સરકાર પેટ્રોલ, ડીઝલ ઉપરની એક્સાઇઝ ન ઘટાડે ત્યાં સુધી પેટ્રોલ, ડીઝલનો ભાવ ઘટી શકે નહિ. આ તો આપણે આપણું આપી દેવાનું અને આપણને લાભ ન મળે. અમિતભાઇ, હજુ કહું છું. ચર્ચા કરવી હોય તો અલગ બેસીશું. જી.એસ.ટી., જી.એસ.ટી. કોઇ પકડાવે. એ મહેરબાની કરીને ન પકડતા. રાજ્યની આવક જળવાઇ રહે, રાજ્યની આવકને નુકસાન ન થાય તે પ્રમાણે ફોર્મ્યુલા જી.એસ.ટી. કાઉન્સિલ કે ભારત સરકાર બનાવે તો જી.એસ.ટી.માં પેટ્રોલ, ડીઝલને લઇ જવા આપણી સંમતિ આપીએ. બાકી આપણી આવક સીધેસીધી ભારત સરકાર લઇ જાય એવો નુકસાનીનો ધંધો કરવાનો એવો વિચાર ન કરાય. કોઇએ ટીકા કરી કે પહેલાં જી.એસ.ટી.નો વિરોધ કરતા હતા અને કેન્દ્રમાં તમારી સરકાર આવી. મનમોહનજીની સરકાર હતી ત્યારે એટલે વિરોધ કરતા હતા કે ૫ વર્ષ સુધી રાજ્યને જી.એસ.ટી. આવવાના કારણે જે નુકસાન થાય તે ભરપાઇ કરી આપવા માટે તે વખતની કેન્દ્ર સરકાર તૈયાર નહોતી. સંમત નહોતી. મોદી સાહેબ આવ્યા. એમણે પાર્લામેન્ટમાં નવો કાયદો બનાવ્યો. બંધારણમાં સુધારો કર્યો. ૫ વર્ષ સુધી જી.એસ.ટી. માં જે રાજ્યની આવકમાં જેટલો ઘટાડો થશે તે ભારત સરકાર ભરપાઇ કરી આપશે. એ સુધારો કર્યા પછી આપણે જી.એસ.ટી. માં સંમત થયા છીએ. એ પણ કેવી રીતે? દર વર્ષે ૧૪ ટકા ગ્રોથ. આ વર્ષે આપણી જેટલી જી.એસ.ટી.ની આવક છે, એના આવતા વર્ષે ૧૪ ટકા ઓટોમેટિક ઉમેરવાની. એ આવકમાં ઘટાડો થાય તો ભારત સરકાર આપણને ૫ વર્ષ સુધી મદદ કરે. આ શરત પછી આપણે સંમત થયા છીએ. તમારા વખતે કોંગ્રેસની મનમોહનસિંહની સરકાર નફામાં ભાગ લેવો હતો. પણ નુકસાનીમાં ભાગ નહોતો આપવો. રાજ્યોને નુકસાન થાય. એટલે તમારા કોંગ્રેસના રાજ્યો પણ એ વખતે એમાં સંમત નહોતા. આ આવડત જુઓ મોદી સાહેબની. એક જ સુધારો કરીને જી.એસ.ટી. મંજૂર કરી દીધો. તમારે ત્યાં ૧૫ વર્ષથી જી.એસ.ટી., જી.એસ.ટી. વિલંબમાં ડખે ચડી ગયેલો.

શ્રી અમિત ચાવડા : જી.એસ.ટી. માં લાવવાની વાત નથી કરતા. ટેક્સ ઓછો કરવાની વાત કરીએ છીએ. જી.એસ.ટી. માં ન જઇએ તો રાજ્ય સરકારના ટેક્સમાં ઘટાડો કરી રાહત આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : મેં અગાઉ કહ્યું આજે પણ કહું છું આખા દેશમાં પેટ્રોલ, ડીઝલમાં ઓછામાં ઓછો ટેક્સ ગુજરાતની અંદર છે.

ડો. સી. જે. ચાવડા : ૧ લાખ ૯૯ હજાર કરોડનું દેવું થયું એવું આપે જણાવ્યું. સારી વાત કરી. મારી વિનંતી વધારે છે કે આટલું દેવું કર્યું છે તો ૩૨૦૦૦ કરોડ વધારે દેવું કરો અને ખેડૂતોના દેવું માફ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પણ ખૂબ ચર્ચાનો વિષય દેશમાં બનેલો. જયારે ચૂંટણી આવે ત્યારે, હમણા મેં કહ્યુંને માફ, બધું માફ. હજુ પણ હું કહું છું કે, ભાઇ સી.જે. ચાવડા તમારો સંકલ્પ પત્ર જોજો તમે એમાં જે વચનો આપ્યા હતા એ આ મેં જે બજેટ રજૂ કર્યું છે ૧ લાખ ૮૩ હજાર કરોડનું મંજૂર કર્યું છે એવા ત્રણ બજેટ થાય તોય તમારું પતે નહીં એવા લોભાવનારા, લલચાવનારા, શકય ન હોય તેવા, અવાસ્તવિક એવા વચનો તમે આપ્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, શું નહોતું કહ્યું? બધું મફત, લઇ જાવ, કોનું છેને કોનું આપવાનું છે? કીસકા લીયા તુમ રહે ગયા? આવું તમારું હતું. કોનું હતું અને તું રહી ગયો? કોના આપ્યા અને તમે રહી ગયા? એવું તમે કર્યું હતું પણ અમે એવું કરવા માગતા નથી. અમારો જે સિદ્ધાંત છે, વાત સાચી છે કે, ખેડૂતોનું દેવું એક વખત માફ કરીએ, ગુજરાતમાં ૨૦ હજાર કરોડ રૂપિયા કરતા વધારે દર વરસે ગુજરાતના ખેડૂતો સહકારી બેન્કો અને અન્ય બેન્કોમાંથી ખેતી માટે ધિરાણ લે છે અને મને આનંદ છે અને ગુજરાતના ખેડૂતો ઉપર મને ગર્વ છે અને હું અભિનંદન આપુ છું કે, જે ખેડૂતોએ દર વર્ષે વ્યાજે લોન લીધી હોય બેન્કોમાંથી એમાંથી લગભગ ૯૫ ટકા કરતા વધારે ખેડૂતો એ ભરપાઇ કરી દે છે. એટલે ગુજરાતના ખેડૂત એ રીતે કોઇ દેવાદાર નથી. બીજું અમે ઝીરો ટકા વ્યાજ કર્યું, અમે સિંચાઇ યોજનાઓ વધારી, અમે ખેતીવાડીમાં કનેકશનો વધાર્યા આમ ખેડૂતની આવક વધે એવું કર્યું છે. કોઇ નવરો બેસી રહે એવું નહીં, પરંતુ સારું કામ કરે એમાં સગવડ આપવા અમે એપ્રેન્ટીસ યોજના લાવ્યા યુવાનો માટે, તમે કહ્યું હતું બેકારી ભથ્થું આપીશું. અમે બેકારું ભથ્થું નહીં, એ નોકરી ઉપર જાય, કામ ધંધો કરે, અનુભવ મેળવે, ત્રણ હજાર રૂપિયા મેળવે એવું કર્યું છે અને અમે આની અમલવારી અમારા શ્રમ અને રોજગાર વિભાગમાં ચાલુ કરી દીધી છે. આ રીતે કરીને અમે પ્રોત્સાહન આપીએ છીએ અને તમે નાસીપાસ કરો છો. નાસીપાસ કરીને દેવું માફ કરીએ એ યોગ્ય નથી. દેવું માફ કરવાની બાબત પહેલીવાર નથી ભૂતકાળમાં અનેક સરકારોએ દેવા માફ કર્યા છે અને તમારી સરકારે પણ દેવું માફ કર્યું હતું પાછું હતું એનું એજ થઇ ગયું, પણ આપણે એની આવક વધારીએ, લોકો સુખી થાય એવું કરવાનું છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧ અને ૨૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૧૫, ૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**ગિલોટિન કરેલી માગણીઓ**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંકઃ-૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરું છુ.**

**માગણી ક્રમાંકઃ- ૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**
**રાજ્ય વિધાન મંડળની માગણી નંબર-૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૧૫ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮ના રોજ સવારના ૧૧-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮
ટૂંકી મુદતનો પ્રશ્ન

**ગુજરાત વિધાનસભા**

**સોમવાર તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮**
**ચૈત્ર ૫, ૧૯૪૦ શાકે**

**સભાગૃહ સવારના ૧૧-૦૦ કલાકે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## ટૂંકી મુદતનો પ્રશ્ન

ઘાટલોડિયાની આઇડીપી સ્કૂલમાં ફી મુદ્દે બાળકોને પરીક્ષામાંથી બાકાત રાખવા અંગે.

શ્રી ટું. મું. પ્ર. ક. ૭ પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) અમદાવાદના ઘાટલોડીયાના ચાણકયપુરીમાં આવેલી આઇડીપી સ્કૂલમાં ફી મુદ્દે બાળકોને પરીક્ષામાંથી બાકાત રાખવાની નોટિસ આપી અને એલસીની ધમકી આપી હોવાની હકીકત તાઃ૨૦-૩-૨૦૧૮ની સ્થિતિએ સાચી છે ?

(૨) જો હા, તો ફી અને એલસી બાબતે ધમકી આપનાર શાળા સંચાલકો સામે શા પગલાં લીધા, અને

(૩) વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ ન બગડે અને પરીક્ષા મુકતપણે આપી શકે તે માટે શા પગલાં લીધા ?

માનનીય શિક્ષણ મંત્રીશ્રી

(૧) આઇડીપી સ્કૂલ ઘાટલોડીયામાં ફી મુદ્દે બાળકોને પરીક્ષામાંથી બાકાત રાખવાની કે એલસી આપી દેવાની ધમકી આપવામાં આવે છે એવી રજૂઆત વાલીશ્રીઓ મારફતે તાઃ ૧૩-૩-૨૦૧૮ના રોજ મળેલ છે.

(૨) કેળવણી નિરીક્ષકશ્રીને આ ફરિયાદ સંદર્ભે તપાસ સોંપેલ છે. આક્ષેપો સાબિત થયેથી શાળા સામે પગલાં લેવામાં આવશે.

(૩) વિદ્યાર્થી સંદર્ભે કોઇ પણ મુશ્કેલી પડશે નહીં તે બાબતની લેખિત બાંયેધરી-ખાતરી શાળા તરફથી મળેલ છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા ટૂંકી મુદ્દતના પ્રશ્નમાં જે જવાબ આપ્યો છે કે વાલીઓ તરફથી ફરિયાદ મળી કેળવણી નિરીક્ષકને તપાસ સોંપી છે અને રિપોર્ટ આવ્યા પછી દોષિત જણાશે તો પગલાં લેવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ઘણાં લાંબા સમયથી આ પ્રકારની ચિંતા સમગ્ર રાજયમાં વાલીઓમાં અસંતોષ છે અને આ મેટર છેક સુપ્રીમ કોર્ટ સુધી ગઇ છે. રાજય સરકારની સમયસર અનિર્ણાયકતાને કારણે ગુજરાતનાં વાલીઓમાં જબરજસ્ત રોષ છે. તો આ અંગે રાજય સરકાર સમય-મર્યાદામાં વાલીઓને ફી અંગે સંતોષ થાય કે જેના કારણે વારંવાર સમયાંતરે અલગ અલગ સ્કૂલોની અંદર આ પ્રકારના બનાવો બને છે અને એટલા માટે મારા બે સવાલો છે કે રાજય સરકારે નક્કી કરેલ પ્રાથમિક, માધ્યમિક શાળાઓ માટે ફીનું ધોરણ ખાનગી શાળાઓ જાળવે તેના માટેનું નક્કર આયોજન શું કરવામાં આવ્યુ છે ? મારો બીજો સવાલ કે મોટાભાગની ખાનગી શાળાઓ દ્વારા રાજય સરકારે નક્કી કરેલ ફી કરતા વધુ ફી ઉઘરાવેલ છે અને તેના કારણે આ પ્રશ્નો બને છે તો વાલીઓને ફી નિર્ધારણ અધિનિયમ અન્વયે નક્કી કરેલ ફીથી વધારે ઉઘરાવેલ ફી પરત આપવા માગો છો કે કેમ ? અને કયાં સુધીમાં આ ખાનગી શાળાઓ પાસેથી વાલીઓને પરત ફી આપવામાં આવશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બે પ્રશ્ન જે પાછળથી પૂછયા તે અત્યારે સુપ્રીમ કોર્ટમાં સબ જયુડિશીયલ છે. ૪થી-૫મી તારીખે તેની આખરી સુનાવણી છે પણ તેના અનુસંધાનમાં પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તેનો મારે વિગતવાર જવાબ આપવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની ચાણકયપુરી ઘાટલોડીયામાં જે બનાવ બન્યો તેના સંદર્ભમાં ૧૩-૩-૧૮ના રોજ ફીના મુદ્દે વાલીઓને અલગ બેસાડવામાં આવે છે, ફી ભરવામાં નહીં આવે તો પરીક્ષા વિગેરે રજૂઆત કરી. અમે તરતજ વર્ગ-૨ કક્ષાના મી.રાણીપને આ તપાસ સોંપી છે અને એ તપાસમાં જે નીકળશે, દંડથી લઇને શાળાની માન્યતા રદ સુધીના પગલાં ભરવા માટે રાજય સરકાર તૈયાર છે. એક પણ બાળકને ફીના વાંકે ધોરણ-૧૦ અને ૧૨માં હોલ ટિકિટ રસીદ ન આપવામાં આવે તે પ્રકારના સમાચાર જાણીને વેલ ઇન એડવાન્સ મેં ૨૧-૨ના રોજ પ્રેસ કોન્ફરન્સ કરીને જાહેરાત કરી હતી કે એક પણ વિદ્યાર્થીને ફીના વાંકે જો હોલ ટિકિટ નહીં આપવામાં આવે તો અમે કડકમાં કડક પગલાં ભરીશું ત્યારે મને આજે આ વિગત આપતા આનંદ છે કે, બન્ને બોર્ડની પરીક્ષા પૂરી થઇ ગઇ છે ૧૭,૧૪,૦૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે અને એક પણ ફરિયાદ આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ બાબતમાં દુઃખ સાથે, પીડા સાથે કહેવું છે કે, ૧લી ફેબ્રુઆરીના રોજ નામદાર સુપ્રીમ કોર્ટે અને પછી એની એ જ વાત વર્બેટીમ હું વાંચી સંભળાવું છું. એ મેં મીડિયામાં કહી પણ જે લોકોને મીડિયા દ્વારા નેતા થવુ છે

એવા બનાવટી વાલીઓ, જેને બાળકો નથી પણ વાલીઓના લીડર બની ગયા છે તેમને હિત નહોતું આ બિલ રાજ્ય સરકાર વિજયભાઇ રૂપાણીની સરકાર લાવી કોઇની પણ ભલામણ, દરખાસ્ત સિવાય મધ્યમ વર્ગના વાલીઓની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમે બિલ લાવ્યાં. અત્યારે બની બેઠેલાં વાલીઓ કે જે અત્યારે અપપ્રચાર કરે છે માનનીય પુંજાભાઇએ કહ્યું તેમ અપપ્રચાર કરે છે. અને કેવો અપપ્રચાર કરે છે સરકાર ફરી ગઇ, સંચાલકો સાથે ભળી ગઇ, સરકારની પીછેહઠ, સરકારે હાથ ઉંચા કર્યા. એવા તત્વોને મારે કહેવું છે કે, અમે બિલ લાવ્યા પહેલાં તમે ક્યાં હતા? એના અનુસંધાનમાં આપના માધ્યમથી મારે કહેવું છે કે, સરકાર આ લડાઇ વાલીઓ વતી જાહેર હિતમાં લડે છે અને કાયદાની સલાહ મુજબ જ અમે કામ કરીએ છીએ. પૂંજાભાઇએ મને તક આપી છે એટલે હું એમનો આભાર માનું છું. ૧ લી ફેબ્રુઆરીએ નામ સુપ્રિમ કોર્ટે જે કહ્યું એ માનવા અમે તૈયાર છીએ કારણ કે, અમે જવાબદાર સંસ્થા અને સરકાર છીએ. અમે માનવા બંધાયેલા છીએ. "Any grievance of any party regarding working out of this order shall be made to this Court alone in the present proceeding and not to any other Court..." તમારે જે કાંઇ કહેવું હોય એ અહીંયા આવીને કહેજો બીજે ક્યાંય જતા નહિ. .."However, in the meantime, no coercive steps..." આ નામદાર સુપ્રિમ કોર્ટ અમને કહે છે. "..no coercive steps.. કોઇ સખત કડક પગલાં under the Gujarat Self-Finance Act, 2017 shall not be taken.." આ અમને કહે છે. આગળ કહે છે કે, `` It is further made clear that this order shall not be prejudice the rights and contention of either party અને અંતમાં કહે છે કે, જે મેં ૨૧ મી ફેબ્રુઆરીએ કહ્યું અને ૨૨ મી ફેબ્રુઆરીએ સાંજે કહ્યું, જેનું અર્થઘટન twist કરીને છેલ્લા બે – ત્રણ દિવસથી ચાલે છે. માનનીય સભ્યશ્રી આપના દ્વારા અને આ ગૃહ દ્વારા આખા રાજ્યના વાલીઓને કહેવા માગું છું કે, અમે તમારી સાથે છીએ પણ આ વાત "in the meantime, school shall declare their fees structure only on provisional basis and shall not collect anything more than the provision.." આ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા શિક્ષણમંત્રી કે રાજ્ય સરકારનો નિર્ણય નથી. ૨૧ મી ફેબ્રુઆરીએ કહ્યું એ અને ૨૨ મી તારીખે કહ્યું એ મારો નિર્ણય નથી. એ સુપ્રિમ કોર્ટનો નિર્ણય છે પણ આ બની બેઠેલા વાલીઓ ચલાવે રાખે છે એને ધ્યાનમાં રાખીને આ જાહેરાત રાજ્ય સરકારે સ્પષ્ટતા કરવા કરી છે કે કોઇને અંગ્રેજીમાં સમજણ ના પડતી હોય તો અમે આ જાહેરાત આપી અને એમાં આખું ટાઇમ ટેબલ અને નામદાર સુપ્રિમ કોર્ટે ગુજરાતીમાં જે કહ્યું છે કે, નામ સુપ્રિમ કોર્ટના વચગાળાના હુકમ મુજબ આ સમય દરમિયાન શાળા કામચલાઉ ધોરણે ફી નું માળખું જાહેર કરશે પણ કામચલાઉ ફી સિવાય કોઇ પણ વધુ ફી વસૂલ કરી શકશે નહિ. મેં અનેકવાર કહ્યું છે તો પણ ગેરસમજ થઇ છે એટલે ફરી વખત કહું છું કે, this is not government's version, this is not education minister's version. this is a version of honorable supreme court. માનનીય અધ્યક્ષશ્રી મારે ગૃહ મારફત વાલીઓને વિનંતી કરીને કહેવું છે કે, હવે કોઇ વિવાદ ન કરે. જે કાંઇ નિર્ણય થશે એ સરકાર તરીકે અમારે અને સંચાલક તરીકે એમણે માનવું જ પડશે. આપણે હાઇકોર્ટમાં વાલીઓની તરફેણમાં જીતી ગયા અને સુપ્રિમ કોર્ટનો જે આખરી નિર્ણય હશે એ અમે માનીશું પણ કેટલાંક લોકોને ડર છે કે, સુપ્રિમ કોર્ટમાં પણ હાઇકોર્ટનું જ જજમેન્ટ કન્ફર્મ રહેશે તો શું થશે? એ લોકો આ ગેરસમજ ફેલાવવા માગે છે. માનનીય પૂંજાભાઇનો હું આભાર માનું છું કે આટલી સ્પષ્ટતા કરવાની મને તક આપી અને ફી વધારા કે ઘટાડાની જે વાત છે એની ચર્ચામાં વાલીઓના હિતને હાનિ ન પહોંચે એ માટે અત્યારે આ ચર્ચાને અવકાશ નથી.

શ્રી શૈલેષ  મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખાલી સુપ્રિમ કોર્ટને આધિન છે એટલે વધારે ચર્ચા નથી કરવી. ગુજરાતની તમામ શાળાઓની અંદર બાળકે ફી ના ભરી હોય અને સંચાલક દ્વારા એની સાથે જે વર્તન કરવામાં આવે છે એ મારી રીતે યોગ્ય નથી. કોર્ટનો મુદ્દો જુદો છે પણ અત્યારે already શાળાઓ ગુજરાત સરકારની નજરમાં હોય. તો આવી શાળાઓને પણ, મારી વિનંતી માનનીય મંત્રીશ્રીને છે કે, વિદ્યાર્થીઓ પાસે ખૂબ મોટા પ્રમાણની અપેક્ષા રાખીને એમની સામે શિક્ષાત્મક પગલાં પણ લેવામાં આવે છે જેના લીધે વાલીઓ મેદાનમાં આવે છે તો મારી વિનંતી છે કે, જયાં સુધી સુપ્રીમ કોર્ટનો ચૂકાદો ના આવે ત્યાં સુધી ગુજરાતની તમામ શાળાઓમાં જે જૂનું ફીનું માળખું છે એના આધિન બાળકોને હેરાન કરવામાં આવે છે, જે વાલીઓને હેરાન કરવામાં આવે છે એ ના થાય એવી માનનીય શિક્ષણ મંત્રીશ્રી બાંયધરી આપે તેવી વિનંતી કરું છું

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બાંયધરી ના અપાય, સૂચન છે પણ કોર્ટે એવું પણ કહ્યું છે અને બિલમાં પણ એવું છે કે, વધારે ભરી હશે તો સરભર કરી આપવાની જવાબદારી પણ સંચાલકની છે. It is on record, બાકી તમારું સૂચન છે.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ચૂંટણી પહેલાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ શિક્ષણ માફિયાઓ ઉપર વાલીનો વિજય. માનનીય અધ્યક્ષશ્રી, સરકારના નિયમોને આધિન એ ખાનગી શાળાઓને મંજૂરી સરકારે આપી હતી. આજે માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ કહેવું પડ્યું કે, ગરીબ વાલીઓ ઉપર શિક્ષણ માફિયાઓનો વિજય. માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી છે કે, નામદાર કોર્ટને સંદર્ભમાં લઇને એમણે કહ્યું કે, અત્યારે પ્રોવીઝનલ ફી ભરી દે, તો સરકાર એ સ્ટેન્ડ પણ લઇ શકી હોત કે, અત્યારે સરકારે નક્કી કરેલા ફીના ધોરણો છે એનું શાળા સંચાલકો પાલન કરે અને નામદાર કોર્ટના આખરી નિર્ણય પછી જો વધારાની ફી ભરવાની થતી હોય તો એ વસૂલી શકે. અત્યારે એને વધારે વસૂલવાની મંજૂરી આપીએ અને પછી પરત મેળવવા એના કરતાં માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, સરકારે જે મોંઘીદાટ ફી વસૂલતા શિક્ષણ માફિયાઓ છે એના ઉપર

## ટૂંકી મુદતનો પ્રશ્ન

સકંજો કસી અને સરકારે નક્કી કરેલા ધારાધોરણ મુજબ અત્યારે ફી વસૂલ કરવામાં આવે અને પછી નામદાર કોર્ટના હુકમ પછી જે કંઇ સુધારો વધારો થાય એ મુજબ આપણે મુઠ્ઠીભર સંચાલકો અને લાખ્ખો વિદ્યાર્થીઓ અને વાલીઓ તો મુઠ્ઠીભર સંચાલકોને નિયંત્રિત કરવા જોઇએ, નહીં કે લાખ્ખો વાલીઓ પર વધારાનો બોજ કે રોકાણ કરવા માટે આપણે શિક્ષણ માફિયાઓને છૂટછાટ આપી શકીએ, એટલે મારી શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી છે કે, સરકારે જે ખાનગી શાળાઓને મંજૂરી આપી છે આવી શાળાઓ સરકારે કરેલા હુકમોનું પાલન કરવા માટે બંધાયેલી છે, અત્યારે સરકારે જે સૂચનાઓ આપી છે એ મર્યાદાથી નીચે એ ફી વસૂલ કરે અને કોર્ટનો આખરી નિર્ણય થયે, જો વધારે વસૂલવાના થાય તો કોર્ટના હુકમના આધારે એ વાલીઓ ઉપર જે કોઇ નિર્ણય આવે એ પણ અપેક્ષા રાખીએ કે, નામદાર કોર્ટ પણ ગરીબ વાલીની ચિંતા કરીને એની તરફેણમાં નિર્ણય આપે, પણ આ માટે માનનીય મંત્રીશ્રી આ ગૃહને ખાતરી આપવા માગે છે કે, જે ખાનગી શાળા સંચાલકોને આપણે સરકારના ધારાધોરણ મુજબ શિક્ષણ સંસ્થાઓ ચલાવવાની મંજૂરી આપી છે એ સરકારના આદેશોને માનવા બંધાયેલી છે, અત્યારે સરકારે કરેલા પ્રોવીઝન કરતાં વધુ નહીં, એટલા દરમાં જ ફી વસૂલાત કરે, વિદ્યાર્થીઓનું શિક્ષણ સલામત કરે, એની પરીક્ષાઓ આપવા માટે કે વાતાવરણ બગાડવામાં ક્યાંય અડચણરૂપ ન થાય અને કોર્ટનો આખરી ફેંસલો તો સરકાર, વાલી કે સંસ્થાઓ બધાને બંધનકર્તા રહેવાનો છે. એ નિર્ણય આવ્યા પછી એનું પાલન કરવામાં આવે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સુપ્રીમ કોર્ટના આદેશથી આગળ (અંતરાય) મારું બીજું કહેવું છે કે, નામદાર સુપ્રીમ કોર્ટના આદેશથી આગળ કોઇ સરકાર જઇ શકે એમ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ના, માનનીય અધ્યક્ષશ્રી, ફરીવાર ‘‘However, in the meantime ... તમારા સવાલનો જવાબ આમાં આવી જાય છે.’’ ‘‘no coercive steps under the Act shall be taken by the Government.’’ અમે અત્યારે બંધાયેલા છીએ.

અધ્યક્ષશ્રી : સરકારના હાથ બંધાયેલા છે. આ જવાબ પૂરો થઇ જાય છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ પૂરો થઇ જાય છે એની ગેરસમજ ના થાય, આ ફ્લોર ઉપરથી મારે ગુજરાતના સૌ વાલીઓને કહેવું છે.

અધ્યક્ષશ્રી : (માનનીય પુંજાભાઇ, ઉભા થતાં) માનનીય પુંજાભાઇ, આપે તો આટલો લાંબો પ્રશ્ન પૂછી લીધો છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો...

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણી પહેલાં જે બોલ્યો છું એ જ ચૂંટણી પછી બોલ્યો છું, મેં કોઇ ફેરફાર નથી કર્યો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં જણાવ્યું છે કે, અમુક વાલીઓ અને બનાવટી વાલીઓ આ પ્રકારની સ્થિતિ ઉભી કરે છે તો જો બનાવટી વાલીઓ હોય તો સરકાર તપાસ કરે અને જે પકડાય એની સામે સરકાર કાયદેસર જે પગલાં લેવાનાં હોય તે લો, પણ રાજ્યના સાચા વાલીઓ જે છે એ મોટા ભાગે હેરાન અને પરેશાન થાય છે, સવાલ અત્યારે એનો છે. છેલ્લા ઘણા સમયથી એક પણ દિવસ એવો નથી કે, ટી.વી. ચેનલ કે મીડીયામાં શિક્ષણને લગતા વિવાદ કે પ્રશ્નો ઉભા ન થયા હોય તેવો અને શાળાઓ ઉપર ઘર્ષણ ન થયા હોય તેવો એક પણ દિવસ ખાલી નથી ગયો, ત્યારે રાજ્ય સરકાર આને ગંભીરતાથી લઇ અને આવતી કાલથી આવી પરિસ્થિતિ પેદા ન થાય એના માટે કોઇ આયોજન કરે તેના માટેનો મુદ્દો છે, સવાલ આ છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં એકવાર કહ્યું હતું મારા સાથી નહોતા માન્યા, મેં એકવાર સાબિતી પણ આપી હતી અને એટલા માટે મેં કહ્યું હતું કે આપને જે કાંઇ કહેવું હોય તે આપના કોંગ્રેસના વકીલો છે અભિષેક મનુ સીંઘવી અને કપીલ સીબ્બલને જઇને કહો, જે કહેવું હોય તે એમને જઇને કહો.

અધ્યક્ષશ્રીઃ સારું આમાં ચાલો આપણે ચર્ચા સમાપ્ત કરીએ છીએ. આ ટૂંકી મુદતનો પ્રશ્ન છે, માનનીય મંત્રીશ્રી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય પુંજાભાઇ, સરકાર વાલીઓ માટે લડી રહી છે. જે આર્થિક રીતે નબળા છે તેવા વાલીઓ માટે લડી રહી છે. તમારે જે કંઇ કહેવું હોય તે તમારા વકીલોને જઇને કહો.

અધ્યક્ષશ્રીઃ હવે આપણે આગળ જઇએ. પ્રશ્ન ક્રમાંક-૧ , આમાં પંદર મિનીટ ગઇ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી સાથે આમાં રાજકીય મૂલ્યાંકનની અપેક્ષા ન હતી. માનનીય મંત્રીશ્રી પાસે અમે એટલી જ માગણી કરી હતી કે સરકાર એફીડેવીટ કરી અને નામદાર કોર્ટને એટલું કહી શકે કે, અમારા નિયમોને આધિન આ શાળાઓને મંજૂરી આપી છે અને સરકારે વધુમાં વધુ આટલી ફી વસૂલવાનો નિર્ણય કર્યો છે. આપનો નિર્ણય એ સરકાર અને શાળાઓને આધિન છે. જયાં સુધી આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી ફી વધારે વસૂલી શકાય નહીં, આવું સ્ટેન્ડ લઇ એફીડેવીટ જો સરકાર આપે તો વાલીઓ આજે પણ વધારાની ફી ભરવાના બોજામાંથી પણ મૂકત થઇ જાય. મારી આટલી જ વિનંતી છે કે સરકાર આવી કોઇ એફીડેવીટ નામદાર કોર્ટ સમક્ષ કરવી જોઇએ કે એ કરવા માગે છે કે કેમ? આટલી જ વાત કરવી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

અધ્યક્ષશ્રીઃ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧

ચૈત્ર ૫, ૧૯૪૦ શાકે

તારાંકિત પ્રશ્નો

**તારાંકિત પ્રશ્નો**

અમરેલી જિલ્લામાં વિદ્યાર્થીઓના અભ્યાસના ખર્ચની ચૂકવણી સહાય યોજના

* ૮૪૫૩ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીઓના અભ્યાસને લગતા આનુષાંગિક ખર્ચની ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે, અને | (૧) બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આર.ટી.ઈ.એક્ટ હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના અભ્યાસને લગતા આનુષાંગિક ખર્ચની ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ રૂ.૩,૦૦૦/– રકમની સહાય ચૂકવવામાં આવે છે. |
| (૨) વર્ષ ૨૦૧૬–૧૭માં અમરેલી જિલ્લા માટે કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે ? | (૨) |

| જિલ્લાનું નામ | ૨૦૧૬–૧૭માં આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| અમરેલી જિલ્લો | ૬૯૬ |

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.આઇ. એક્ટ હેઠળ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા વિદ્યાર્થીઓને ધોરણ–૧ માં પ્રવેશ આપવામાં આવ્યો અને તે વિદ્યાર્થીઓ પાછળ રાજય સરકારે કુલ કેટલો ખર્ચ કર્યો છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સભ્યશ્રીએ પૂછેલા પ્રશ્નમાં જણાવવાનું કે, અમરેલી જિલ્લામાં ધોરણ–૧ માં વર્ષ ૨૦૧૬–૧૭ ની અંદર ૨૪,૨૦૦ રૂપિયા ફી આપવામાં આવી છે અને ધોરણ–૧ માં ૮ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. ૨૦૧૭–૧૮ માં ૨૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. એમાં જે ખર્ચની વિગત છે, એમાં અમરેલી જિલ્લામાં ૨૦૧૬–૧૭ માં ૮ વિદ્યાર્થીઓ પાછળ ૨૪,૨૦૦ રૂપિયા અને રૂ.૩૦૦૦ હજાર લેખે આ ખર્ચ કરવામાં આવ્યો છે. ધોરણ–૧ ૨૦૧૭–૧૮ ની અંદર ૨૫ વિદ્યાર્થીઓ તેની અંદર રૂ. ૧, ૯૧,૬૨૫ રીએમ્બર્સ તરીકે અને ૭૫ હજાર રૂપિયા ૩ હજાર રૂપિયા જે સહાય લેખે આપવામાં આવે છે તે ચૂકવ્યા. અમરેલી નગરમાં ૧૭૯ વિદ્યાર્થીઓ માટે ૧,૦૮, ૧૯૦ લાખ રૂપિયા રીએમ્બર્સ કરી આપ્યા છે. ૫.૩૭ લાખ રૂપિયા વિદ્યાર્થીની સહાય ખર્ચ પેટે આપવામાં આવ્યા છે. ૨૦૧૭–૧૮માં અમરેલી નગરમાં ૩૦૦ વિદ્યાર્થીઓને ૧૮,૭૮, ૭૨૦ રૂપિયા અને વિદ્યાર્થી સહાયમાં ૯ લાખ રૂપિયા. લાઠીની અંદર ધોરણ–૧માં ૨૦૧૬–૧૭ માં ૭૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે અને ફી પેટે ૩, ૧૭, ૭૮૦ રૂપિયા અને વિદ્યાર્થીઓને જે સહાય આપવામાં આવે છે તે પેટે ૨.૧૦લાખ રૂપિયા, ૨૦૧૭–૧૮ માં લાઠીમાં ૯૯ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો અને રૂ. ૩,૮૪, ૧૬૦, વિદ્યાર્થી સહાય નો ખર્ચ કર્યો છે ૨.૯૭ લાખ, તેવી જ રીતે લીલીયાની અંદર ૨૦૧૬–૧૭ માં ૩ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે અને તેની અંદર ખર્ચ કરવામાં આવ્યો ૯૮૦૦ રૂપિયા, અને વિદ્યાર્થી સહાયમાં ૯ હજાર અને ૨૦૧૭–૧૮ ની અંદર ધોરણ–૧ માં ૯ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો અને ૩, ૩૧, ૪૫૦ રૂપિયા અને ૨૭ હજારનો ખર્ચ કરવામાં આવ્યો. બાબરાની અંદર ૨૦૧૬–૧૭માં ૭૮ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવમાં આવ્યો અને ૪.૯ લાખ રૂપિયા ફી ચૂકવામાં આવી અને ૨.૩૪ લાખ રૂપિયાની વિદ્યાર્થી સહાય ચૂકવવામાં આવી. ૨૦૧૭–૧૮ માં બાબરમાં જ ૧૦૨ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો અને ૫,૮૮,૫૪૦ રૂપિયા ફી તરીકે, ૩ લાખ ૬ હજાર રૂપિયા વિદ્યાર્થી સહાય તરીકે ચૂકવવામાં આવ્યા છે. કુંકાવાવ તાલુકામાં સન ૨૦૧૬–૧૭માં ૧૦ વિદ્યાર્થીઓને ૫૨૧૪૦ રૂપિયા અને વિદ્યાર્થી સહાય તરીકે ૩૦ હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. એ જ રીતે સન ૨૦૧૭–૧૮માં ૩૧ વિદ્યાર્થીઓને ફી પેટે ૧ લાખ ૬૫,૨૭૦ રૂપિયા તથા વિદ્યાર્થી સહાય તરીકે ૯૩ હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. બગસરા તાલુકામાં સન ૨૦૧૬–૧૭માં ધોરણ–૧ માં ૩૦ વિદ્યાર્થીઓને ૧ લાખ ૨૭૭૧૦ ફી તરીકે અને ૯૦ હજાર સહાય તરીકે ચૂકવવામાં આવ્યા છે. સન ૨૦૧૭–૧૮માં ૭૩ બાળકોને ફી પેટે ૩ લાખ ૭૨૩૦૦ રૂપિયા તથા ૨ લાખ૧૯ હજાર સહાય તરીકે ચૂકવવામાં આવ્યા છે. ધારી તાલુકામાં ૨૦૧૬–૧૭માં ફી પેટે ૨૯ બાળકોને ૨૦૫૦૦ તથા સહાય તરીકે ૮૭ હજાર ચૂકવવામાં આવ્યા છે. સન ૨૦૧૭–૧૮માં ૭૧ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, બહુ લાંબો જવાબ છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ અમરેલી જિલ્લાના દરેક તાલુકાની માહિતી માગી છે. મારા જવાબથી સંતોષ હોય તો આખા જિલ્લાની માહિતી આપી દઉં તો સન ૨૦૧૬–૧૭માં ૬૯૬ વિદ્યાર્થીઓને ૩,૨૯,૩૪,૦૪૭ ફી પેટે અને સહાય પેટે ૨૦,૮૮,૦૦૦ ચૂકવવામાં આવ્યા છે. એ જ રીતે સન ૨૦૧૭–૧૮માં ૧૦૭૫ વિદ્યાર્થીઓને ફી પેટે ૬૨,૪૪,૭૭૫ રૂપિયા તથા સહાય પેટે ૩૨,૨૫,૦૦૦ ચૂકવવામાં આવ્યા છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય મંત્રીશ્રીએ આઇ.ટી. એક્ટ નીચે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે એની વિગતો આપી. હું એ જાણવા માગું છું કે કયો વિદ્યાર્થી આની નીચે પ્રવેશ લઇ શકે છે એમાં કયા પ્રકારના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે. કોઇ શાળા આ આઇ.ટી. એક્ટ નીચે પ્રવેશ ન આપે તો એની ઉપર કયા પ્રકારની કડક કાર્યવાહી

કરવા માગો છો? હમણાં જ માનનીય શિક્ષણમંત્રીશ્રીએ વાત કરી એ મુજબ આ આઇ.ટી. એક્ટ નીચે કોઇ શાળા પ્રવેશ ન આપે તો કયા પ્રકારની કડક કાર્યવાહી કરશો?

શ્રીમતી વિભાવરી દવે : આ આઇ.ટી. એક્ટ નીચે પ્રવેશ ન આપતી હોય તો એની પહેલી ભૂલ હોય તો દસ હજારનો દંડ કરવામાં આવે છે. અને પછીની પ્રત્યેક ભૂલ ઉપર ૨૫ હજારનો દંડ કરવામાં આવે છે. એટલે આમાં કોઇ વિદ્યાર્થીઓને અન્યાય થાય અથવા કોઇ શાળા પ્રવેશ ન આપે એવું બની બની શકે અને એના માટે કડક કાર્યવાહી અને અગાઉ જયારે સુરેન્દ્રનગર જિલ્લાનો પ્રશ્ન હતો એના જવાબમાં ૮૫ –૮૫ હજારના દંડની વાત કરેલી છે. કયા પ્રકારના સભ્યોને પ્રવેશ આપવામાં આવે છે એવી વાત કરું તો અમારી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ ઉપર ચાલતી સરકાર ચાર પાયા ઉપર ચાલે છે. સંવેદનશીલતા, પ્રમાણિકતા, પારદર્શિતા અને નિર્ણાયકતા. આ નિર્ણાયકતા ઉપર ચાલે છે એનો પુરાવો આજે હું જે જવાબ આપું છું એના ઉપરથી મળી રહે છે. આ એક્ટ મુજબ જે નબળા જૂથના બાળકો હોય એને ૨૫ ટકા મુજબ પ્રવેશ આપવાનો હોય છે એ પ્રવેશ માટે બીજા રાજયોમાં આવું કરવામાં નથી આવતું પરંતુ ગુજરાત સરકારે સૌથી વધુ જરૂરિયાતમંદ હોય એને પહેલી પ્રાથમિકતા મળે એના માટે પ્રયોરિટી નક્કી કરી છે. સોથી પહેલા કોઇ અનાથ બાળકને મળે છે, પછી સંભાળ અને સંરક્ષણની જરૂરિયાતવાળા બાળકને ત્યારપછી બાળગૃહમાં હોય એને પ્રાયોરિટી મળે છે. બાળ મજૂર સ્થળાંતરીતના મજૂરના બાળકોને એની પછીની પ્રાયોરિટી આપવામાં આવે છે. મંદ બુદ્ધિના અને સેરીબલ પાલ્સી બાળકોને પ્રવેશ આપીએ છીએ એના પછીનો ક્રમ છે. ખાસ જરૂરિયાતવાળા દિવ્યાંગ બાળકોને પણ પ્રવેશ મળે એટલા માટે પ્રાયોરિટીમાં સમાવેશ કરવામાં આવ્યો. એચ.આઇ.વી. બાળકોને પણ પ્રાયોરિટીમાં સમાવવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અટલે કે એસ.સી., એસ.ટી.ને પણ નેકસ્ટ ક્રમમાં આપવામાં આવ્યો છે. એટલે કે બી.પી.એલ. કેટેગરીવાળા. સામાજીક, શૈક્ષણિક રીતે પછાત વર્ગ, (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમણે પૂછયું કયા પ્રકારના બાળકો એવું પૂછયું છે અને પછી જવાબ આપી રહ્યા છે.

શ્રીમતી વિભાવરી દવે : સામાજીક, શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અન્ય પછાત વર્ગ, વિચરતી અને વિમુકત જાતિને પ્રવેશમાં અગ્રીમતા આપવામાં આવે છે. છેલ્લે ૧૦મા ક્રમે જનરલ કેટેગરીને પણ આ પ્રાયોરિટીમાં સમાવવામાં આવેલ છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આર.ટી.ઇ. એક્ટ હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને અનિવાર્ય સંજોગોમાં શાળા ફેરબદલી કરી આપવામાં રાજ્ય સરકારશ્રી દ્વારા કોઇ જોગવાઇ કરવામાં આવેલ છે કે કેમ? જો હા, તો તેની વિગતો શું છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યશ્રી, ફરી વખત હું કહીશ કે આ જે ચાર પાયા ઉપર સરકાર ચાલે છે, કોઇ બીજા રાજયની અંદર આવી રીતે શાળા ફેરબદલી, આર. ટી.ઇ. એક્ટ બધા જ રાજયોમાં ચાલુ છે પરંતુ અન્ય કોઇ રાજયોમાં શાળા ફેરબદલી કરવાનું કોઇ ધારાધોરણ નથી, પરંતુ આ સરકારે એવી સંવેદનાથી કામ કર્યું છે કે તેમાં શાળા ફેરબદલી કરવા માટેના પણ નિયમો બનાવ્યા છે કે કયા બાળકને શાળા ફેરબદલી કરવા માટેની મંજૂરી મળે. તેમાં રાજય સરકાર દ્વારા વાલીઓને જો કોઇ મુખ્યમંત્રી આવાસ યોજનામાં અથવા તો કોઇ સરકારી આવાસ ફાળવવામાં આવ્યું હોય, અત્યારે અહીંયા રહેતા હોય અને આવાસ બીજી જગ્યાએ ફાળવવામાં આવ્યું હોય તો ત્યારે તેને એ શાળામાં ફેરબદલી કરી આપવામાં આવે છે. કોઇ પણ વાલીની નોકરીના કારણે બદલી થાય અને રહેઠાણ બદલાયું હોય તો પણ તેને શાળા ફેરબદલી કરી આપવામાં આવે છે. કદાચ બાળકે અંગ્રેજી માધ્યમમાં એડમિશન લીધું અને પછી તેમાં પોતે સમાઇ શકતો નથી, પોતે કન્ફયુઝ છે અને આગળ વધી શકે તેમ નથી એવું તેને જણાય ત્યારે તે જો ગુજરાતી માધ્યમની પસંદગી કરવામાં આવે તો સરકારશ્રી એમાં પણ મંજૂરી આપે છે. હૃદય, કીડની, કેન્સર જેવી ગંભીર બિમારી હોય તો પણ તેને શાળા ફેરબદલી કરવાની મંજૂરી આપવામાં આવે છે. એટલું જ નહીં, માતા–પિતાના છૂટાછેડા થઇ ગયા હોય. દા.ત. જયારે એડમિશન લીધું હોય ત્યારે અહીંયા રહેતા હોય અને માતા–પિતાના છૂટાછેડા થઇ જાય અને માંને પિયર રહેવા જવું પડે અને ત્યાં બાળકને લઇને જાય તો ત્યાં પણ તેને ફેરબદલી કરી આપવામાં આવે છે. માતા–પિતામાંથી કોઇ એકનું મૃત્યુ થાય.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : છૂટાછેડા ખૂબ થાય એ સારા નહીં. પાટલી ઓછી થપથપાવો.

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, સંવેદનશીલતાનો વધુ એક નમૂનો મારે આપની મંજૂરીથી કહેવું છે. રાજય સરકારે આ ફેરબદલીનો નિર્ણય કર્યો. જેવી રીતે પ્રાયોરિટીનો નક્કી કર્યો. એવી રીતે એક નિર્ણય કર્યો છે, આ પ્રશ્નમાં આવ્યું છે કે વિદ્યાર્થીઓને ૩,૦૦૦ રૂપિયા સહાય આપવામાં આવે છે. મેં પહેલાં કહ્યું સંવેદનશીલતા, પ્રમાણિકતા અને પારદર્શિતાથી ચાલતી આ સરકારે સૌથી વધારે સંવેદનશીલતાથી બાળકોને ૩,૦૦૦ રૂપિયાની જે ફી આપવામાં આવે છે એ ૩,૦૦૦ રૂપિયાની ફી બીજા કોઇ રાજયોમાં આપવામાં આવતી નથી પરંતુ જયારે કોઇ વંચિત વિદ્યાર્થી ખાનગી શાળામાં ભણવા જાય તો બીજા વિદ્યાર્થીઓની સમકક્ષ રહી શકે, લઘુતાગ્રંથીથી ન પીડાય. એટલે કે તેને એવું ન થાય કે મારી પાસે કંઇ નથી. તેને શૂઝ લેવાના હોય, ગણવેશ લેવાનો હોય, સ્કૂલ બેગ લેવાની હોય અને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ કરવાનો હોય, આ બધો ખર્ચ કરવા માટે થઇને સરકાર દર વર્ષે ૩,૦૦૦ રૂપિયા. માત્ર પ્રવેશ સમયે નહીં, જેમ ખાનગી શાળામાં વિદ્યાર્થીઓના માં–બાપ દર વર્ષે નવી સ્કૂલ બેગ લઇ દે. દર વર્ષે નવા શૂઝ લઇ દે એવી રીતે સરકાર આ દરેક વિદ્યાર્થીઓને ૩,૦૦૦ રૂપિયા સંવેદનશીલતાથી આપે છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા બેન બા માનનીય શિક્ષણમંત્રીએ ખૂબ લંબાણપૂર્વક વિગતે માહિતી આપી છે. આર.ટી.ઇ. એક્ટ મુજબ દરેક ખાનગી શાળાઓમાં કુલ સીટોના ૨૫ ટકા વિદ્યાર્થીઓને આર.ટી.ઇ. મુજબ પ્રવેશ આપવાની જોગવાઇ કાયદાથી કરેલી છે. યુ.પી.એ. સરકારે આ દેશનો દરેક બાળક જે ૧૪ વર્ષ સુધીની ઉંમરે ભણે તેના શિક્ષણના અધિકારનો કાયદો પસાર કર્યો અને સમગ્ર દેશે સ્વીકાર્યો. કમનસીબે આપણે મોડો ચાલુ કર્યો, પણ કર્યો એટલે અભિનંદન. આપના મારફત શિક્ષણમંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે અમરેલી જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ એટલે કે ધોરણ ૧થી ૮માં સરકારી શાળાઓમાં ૨૦૧૬–૧૭માં અને ૨૦૧૭–૧૮માં કેટલા વિદ્યાર્થીઓ ભણતા હતા? ધોરણ ૧થી ૮માં ખાનગી શાળામાં પ્રાથમિક શિક્ષણમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ ભણતા હતા? એના ૨૫ ટકા મુજબ કેટલા લોકોને પ્રવેશ આપવા પાત્ર થતો હતો? પ્રવેશ આપ્યો એ તો આંકડા આપે આપ્યા છે. ૨૦૧૬–૧૭માં ૬૯૬ જણાને સહાય આપી, ૨૦૧૭–૧૮માં ૧૦૭૫ જણાને સહાય આપી. પણ સરકારી અને ખાનગી શાળાઓમાં ૨૦૧૬–૧૭માં સરકારી શાળાઓમાં કેટલા વિદ્યાર્થીઓ હતા, ખાનગી શાળાઓમાં કેટલા વિદ્યાર્થીઓ હતા? તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને ૨૫ ટકા પ્રમાણે પ્રવેશ આપવા પાત્ર થતો હતો અને કેટલા લોકોને લાભ આપ્યો?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, મારા ભઇલાએ જે પ્રશ્ન કર્યો છે એમાં એ ભઇલાને મારે જણાવવું છે કે, અમારા સૌરાષ્ટ્રમાં બેનબા અને ભઇલાની નીતિ હોય છે. અમારા ભઇલાએ જે પ્રશ્ન કર્યો છે. એમનો પહેલો પ્રશ્ન એ છે કે મોડો અમલ કેમ કર્યો? તા.૧–૪–૨૦૧૦ના રોજ કેન્દ્રમાં આરટીઇ એક્ટ મંજૂર કરવામાં આવ્યો. એ કાયદાની અંદર બફર ટાઇમ ત્રણ વર્ષનો આપવામાં આવ્યો હતો, અમલીકરણનો સમય આપવામાં આવ્યો હતો. એની અંદર રાજ્ય સરકાર પોતાની રીતે પોતાના નિયમો ઘડતી હોય છે. અનેક નિયમો અમે ઘડ્યા છે જેવા બીજા રાજ્યોમાં નથી. જેમ કે આપણે ત્રણ હજાર રૂપિયા બાળકોને આપવાનો નિયમ કર્યો છે, પ્રાયોરીટી નક્કી કરવાનું અમે નક્કી કર્યું, શાળા ફેરબદલ કરવાનો પણ આપણે નિયમ કર્યો છે. આવા બધા નિયમો અને કાયદા બનાવવાના હોય. એ નિયમો ઘડવા માટે સમય લાગતો હોય છે. એટલે સરકારે બફર ટાઇમની અંદર જ સમયબદ્ધ રીતે તા.૧–૪–૨૦૧૩થી અમલ શરૂ કરી દીધો છે. આ સરકાર ક્યાંય મોડી પડતી નથી અને સમયસર આ કાયદાનો અમલ શરૂ કરી દીધો છે. એમણે કહ્યું કે અમરેલી જિલ્લામાં સરકારના નિયમ પ્રમાણે બધા પ્રવેશ માટે અરજી કરતા હોય છે. એ અરજી કરનાર બાળકોને પ્રવેશ માટેની સરકાર કાર્યવાહી કરતી હોય છે. ૨૦૧૬–૧૭માં ૮૩૮ અરજી કરવામાં આવી અને ૨૦૧૭–૧૮માં ૧૭૭૯ અરજી કરવામાં આવી. આ અરજી એટલે જે બાળકે પહેલા ધોરણમાં પ્રવેશ મેળવવો છે. એમાં માન્ય અરજી હોય એવી ૨૦૧૬–૧૭માં ૭૨૪ અરજીઓ હતી, ૨૦૧૭–૧૮માં ૧૫૬૯ માન્ય રહી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ હતો. ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં સરકારી શાળાઓની અંદર કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો અને ૨૦૧૭–૧૮માં કુલ કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો? એ પૈકી ૨૫ ટકા લેખે આરટીઇ હેઠળ કેટલાને પ્રવેશ આપવા પાત્ર થાય છે? સરકારે અરજી કરવાની પરંપરા રાખી છે. શું કામ આ કાયદાને ઇનીસીએટીવ લઇને ૨૫ ટકા જગ્યાઓ નક્કી કરીને સ્વૈચ્છિક ન આપીએ? મારું આ બહોળા વર્ગને લાભ કરતું સૂચન છે, બેનશ્રી, આપને અમે સાંભળ્યા છે એટલે મારો મુદ્દો એટલો છે કે ૨ વર્ષની અંદર સરકારી અને ખાનગી શાળાઓમાં ધોરણ એકથી આઠ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓ હતા અને ૨૫ ટકા પ્રમાણે આરટીઇ હેઠળ કેટલા વિદ્યાર્થીઓને આપણે ખાનગી શાળાઓમાં સમાવી શકતા હતા? કેટલા વિદ્યાર્થીઓની અરજી આવી, કેટલાને પ્રવેશ આપવામાં આવ્યો અને એની પાછળ કેટલો ખર્ચ થયો?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી શાળાઓ આરટીઇ હેઠળ આવતી નથી, ખાનગી શાળાઓ જ આવે છે. ૨૦૧૪–૧૫માં ૨૩૫ ખાનગી શાળાઓ હતી. એમાં ધોરણ ૧ની અંદર ૫૯૨૯ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો. તેમાં ૨૫ ટકા પ્રમાણે ઉપલબ્ધ જગ્યાઓ ૧૪૮૨ હતી. આરટીઇ એક્ટ હેઠળ ધોરણ–૧માં માન્ય અરજીઓની સંખ્યા ૪૧૩ અને એ પૈકી જે વિદ્યાર્થીઓને પ્રવેશ મળેલ છે એવા ૪૦૮ વિદ્યાર્થીઓ છે. ટકાવારીની દ્રષ્ટિએ જોઇએ તો ૯૮.૭૯ ટકા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. ૨૦૧૫–૧૬માં ખાનગી શાળાઓ ૨૪૨ હતી. એમાં ધોરણ ૧ની અંદર ૬૨૭૪ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. ૨૫ ટકા મુજબ ધોરણ–૧માં ઉપલબ્ધ જગ્યાઓ ૧૫૬૮ હતી. જેમાં આરટીઇ એક્ટ હેઠળ ૫૫૨ વિદ્યાર્થીઓની અરજી આવી હતી. એમાંથી જે વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે એમની સંખ્યા ૫૩૫ છે એટલે ધોરણ ૧ની અંદર ૯૬.૯૨ ટકા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો. ૨૦૧૬–૧૭માં ૨૫૭ શાળાઓની અંદર અરજી કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૬૩૭૮ હતી. એમાંથી ૨૫ ટકા પ્રમાણે ૧૫૯૪ વિદ્યાર્થીઓની ઉપલબ્ધ જગ્યાઓ હતી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં સ્પષ્ટ પ્રશ્ન કર્યો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બેન બરાબર જવાબ આપે છે. મારા સાથી મંત્રીશ્રી તમે પૂછ્યું છે એ પ્રમાણે જ જવાબ આપે છે. સાહેબ.

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન પૂછે છે અને પછી જવાબ પૂરો આપવા નથી દેતા.

અધ્યક્ષશ્રી : પણ આ ભઇલા અને બહેનબા વચ્ચે આ બાપલાનું શું? એમનું પણ ધ્યાન રાખજો.

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, મારા ભઇલાએ જે પ્રશ્ન પૂછ્યો છે એનો સંતોષકારક જવાબ આપવાનો પ્રયત્ન કરું છું. ૨૦૧૬–૧૭ની વાત કરું તો ૨૦૧૬–૧૭માં ૨૫૭ શાળાઓ હતી. ૬,૩૭૮ વિદ્યાર્થીઓ હતા. ૨૫ ટકા મુજબ ૧,૫૯૪ જગ્યા ઉપલબ્ધ હતી એમાં જે અરજીઓ આવી એની સંખ્યા ૭૨૪, એમાં જે અરજી માન્ય રહી એ જગ્યા છે ૬૯૬,

એટલે ૯૬.૧૩ ટકા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો. વર્ષ ૨૦૧૭–૧૮ ની જો વાત કરું તો ૨૪૭ શાળાઓની અંદર ૬,૨૩૮ વિદ્યાર્થીઓની કુલ સંખ્યા હતી એમાંથી ૨૫ ટકા મુજબ ૧,૫૫૯ જગ્યા ઉપલબ્ધ હતી એમાં ધોરણ–૧માં અરજીઓ આવી ૧,૫૬૯ અને એની અંદરથી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો એ ૧૦૭૫. પ્રવેશની ટકાવારી આની અંદર છે. હજી વધારે સભ્યશ્રીને માહિતી જોઇતી હોય તો હું આપવા તૈયાર છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બહેન બા અને ભઇલા વચ્ચે સવાલ–જવાબ બરાબર પ્રોપર થયા છે. મારા સાથી મંત્રીએ સરસ પ્રોપર જવાબ આપ્યા છે. એમણે પૂછયું હતું કે સરકારી, માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.આઇ. એકટ ખાનગીમાં લાગુ પડે છે. સરકારીને લાગુ પડતો નથી.

પાલીતાણા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૮૪૬૬ શ્રી ભીખાભાઈ બારૈયા (પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકિય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૩૪૭ હેક્ટર |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૯૨.૩૮ લાખ |

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે પાલીતાણા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કરાયેલ વાવેતરમાં વર્ષવાર કેટલા વિસ્તારમાં કેટલા રોપનું વાવેતર કરેલ છે? તેમાંથી કેટલા રોપ જીવંત છે? તેની ટકાવારી શું છે? આમાં વર્ષવાર શું ખર્ચ થયેલ છે અને કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે, તેમજ કઇ કઇ પ્રજાતિઓના રોપાઓનું વાવેતર કરાયેલ છે?

શ્રી રમણભાઇ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સાથી ધારાસભ્યશ્રી ભીખાભાઇએ ખૂબ સારો પ્રશ્ન પૂછયો છે. ભાવનગરની અંદર ટોટલ ૮ તાલુકા આવેલ છે અને ભાવનગરનું પાલિતાણા જૈન સમાજ માટે ધાર્મિક પેટર્ન પણ છે અને જયારે ધાર્મિક પેટર્ન હોય ત્યારે વનવિભાગ દ્વારા કયા કયા ક્ષેત્રિય યોજના હેઠળ વૃક્ષોનું વાવેતર કરેલ છે એ પ્રકારનો પ્રશ્ન મારી પાસે આવ્યો છે. ખાસ કરીને એમનો પહેલો પ્રશ્ન છે કે આ વિસ્તારમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે તો ૨૦૧૬–૧૭ ની અંદર ૨૧૫ હેકટર વાવેતર કરેલું છે અને એમાં ૩૦હજાર છોડ અમે વાવ્યા છે. એમાંથી જીવંત રોપ ૨૭હજાર છે. એની ટકાવારી ૯૦ ટકા છે. એ જ પ્રમાણે ૨૦૧૭–૧૮ની અંદર ૩૧–૧૨–૨૦૧૭ સુધી ૧૩૨ હેકટર વાવેતર કરેલું છે અને એમાં ૨૪ હજાર છોડોનું વાવેતર કરેલ છે. જીવંત રોપ ૨૩ હજાર છે. એની જીવંતની ટકાવારી ૯૫.૮૩ ટકા છે. એમ બંને વર્ષની અંદર ૩૪૭ હેકટર વાવેતર કરેલ છે. ૫૪ હજાર રોપા વાવ્યા છે. ૫૦ હજાર જીવંત છે. જીવંતની ટકાવારી ૯૨ ટકા છે. એમનો બીજો જે પ્રશ્ન છે, એમાં ખર્ચો કેટલો થયો એ પૂછયું છે તો ૨૦૧૬–૧૭ની અંદર ૬૬ લાખ પર હજાર રૂપિયા ખર્ચો થયો છે અને માનવ દિન ઉત્પાદન થયેલ છે ૧૩,૮૨૦ અને ૨૦૧૭–૧૮ની અંદર ૨૫ લાખ ૮૬ હજાર ખર્ચો થયો છે અને માનવદિન ઉત્પાદન થયેલ છે ૫,૨૧૩ એમ કુલ ખર્ચો ૯૨ લાખ ૩૮ હજાર અને માનવદિન ૧૯૦૩૩ કુલ થયા છે. એમનો ત્રીજો પ્રશ્ન હતો કે કઇ જાતના છોડ એમાં રોપવામાં આવ્યા છે તો એમાં ખાસ કરીને ૫ પ્રકારના છોડવા રોપવામાં આવ્યા છે. ઇમારતીમાં સાગ, સીસમ, હળદર, કલમ અને શીળસ, ફળાઉ ઝાડની અંદર સીતાફળ, કાજુ, ટીમરું, બીલ્લી અને મહુડો, ગૌણ વન પેદાશની અંદર બહેડા, હરડે, આસન, સેવન, કડઇ અને આમળા, ઔષધિની અંદર શતાવરી, અર્જુન અને શાદળ, જલાઉની અંદર કાકડ, મોદલ, ખાખર અને કુંડી, અન્યની અંદર પતરાળી, કુશમ, આસન અને કાતરી આ પ્રકારે ઝાડ વાવવામાં આવે છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : જ્યારે જ્યારે જવાબ આપવામાં આવે છે ત્યારે ૮૦–૯૦ ટકા છોડ જીવંત છે એમ કહેવામાં આવે છે પણ ખરેખર ૮૦–૯૦ ટકા છોડ પતી ગયા હોય છે. એના માટે કોઇ તપાસ કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ના. પાટકર : જે વૃક્ષારોપણ થાય છે એમાં વૃક્ષોને જીવંત સંખ્યા ગણવાની પદ્ધત્તિ સરકારે નક્કી કરી છે. એમાં બીટ ગાર્ડ, રાઉન્ડ ફોરેસ્ટર અને રેન્જ ફોરેસ્ટર પહેલા રાઉન્ડમાં ઓકટોબર–નવેમ્બરમાં રાઉન્ડ કરી જે વાવેતર કર્યું છે એમાં કેટલા જીવંત છે એની ગણતરી કરી એનો રિપોર્ટ સરકારને કરતા હોય છે. ત્યાર બાદ એના ઉપરી અધિકારી એનું મોનિટરીંગ કરતાં હોય છે અને આપેલ ટકાવારી બરાબર છે કે કેમ સાબિત કરતા હોય છે. ત્રીજી પદ્ધત્તિ પણ છે કે અત્યારે કોન્ટ્રાકટ પદ્ધત્તિથી એક્સ એજન્સી દ્વારા પણ એનો સરવે કરતા હોય છે. આ રીતે જીવંત રોપા કેટલા છે એનો આ રિપોર્ટ અહીંયા મૂકવામાં આવ્યો છે.

શ્રી અરવિંદ રૈયાણી : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભાવનગર જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં તાલુકાવાર રોપા વાવેતરની કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી રમણલાલ ના. પાટકર : મેં કહ્યું તે રીતે ભાવનગરમાં કુલ ૮ તાલુકા આવેલા છે. ૮ તાલુકામાં ભાવનગરમાં ૨૮૫ હેકટરમાં ૪ લાખ રોપા વાવ્યા એમાં ઘોઘામાં ૪૩.૮૦ હેકટરમાં ૧૨ હજાર રોપા અને જીવંત રોપ ૯ હજાર અને ટકાવારી ૭૫ છે. શિહોરમાં ૧૪૫.૬૮ હેકટરમાં ૨૩ હજાર રોપા વાવ્યા એમાં ૨૦ હજાર જીવંત રોપ અને એની ટકાવારી ૮૬.૯૬ છે. પાલીતાણામાં ૨૧૫ હેકટરમાં ૩૦ હજાર રોપા વાવ્યા એમાં ૨૭ હજાર જીવંત છે અને એની ટકાવારી ૯૦ ટકા છે. મહુવામાં ૬૦ હેકટરમાં ઘાસનું વીડ કરેલ છે એટલે રોપા વાવેલ નથી. જેસરમાં ૧૭૦.૧૮ હેકટરમાં ૨૫ હજાર રોપા વાવેલા એમાં ૨૦ હજાર જીવંત છે એટલે એની ટકાવારી ૮૦ ટકા છે. એ જ રીતે તળાજામાં ૬૫૧ હેકટરમાં ૧૨ લાખ રોપાનું વાવેતર કરેલ અને ૧૦ લાખ ૨૬ હજાર જીવંત રોપા છે અને એની ટકાવારી ૮૫.૫૦ ટકા છે. વલભીપુરમાં ૨૦ હેકટરમાં ૪ હજાર રોપાનું વાવેતર કરેલ અને એમાંથી ૩ હજાર જીવંત છે એટલે એની ટકાવારી ૭૫ ટકા છે. આમાં જીવંત રોપાની ટકાવારી એવરેજ ૮૨.૮૯ ટકા છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ૨૦૧૬–૧૭ અને ૨૦૧૬–૧૮માં એકમાં ૯૫ ટકા અને બીજામાં ૯૨ ટકા રોપાનું વાવેતર કર્યું પછી જીવંત છે. અમારો જાત અનુભવ છે, અમે જોયું છે કે જે રોપાનું જે વિસ્તારમાં ઓમાસાના સમય દરમિયાન વાવેતર થાય પછીથી એની કોઇ પ્રકારની કાળજી લેવામાં આવતી નથી. વાવેતર થયા પછી એને પાણી આપવું, ગોડ આપવાની કે ખાતર આપવાની એવી કોઇ પ્રકારની કામગીરી પછીથી થતી નથી. આ વાસ્તવિકતા છે. તેમ છતાં જુદી જુદી એજન્સીઓ મારફતે સરવે કરાવી પછીથી આ આંકડા આપ્યા છે. કોઇ એજન્સી સ્થળ ઉપર જઇને એવું કરતી નથી. હું જાણવા માગું છું કે એક રોપાના વાવેતર પાછળ ખાડો ખોદવા સહિત ખાતર નાખવા સુધીનો કેટલો ખર્ચ કરીએ છીએ? અને એ રોપા જીવંત રહે એના માટે પાછળથી કોઇ સરકારી એજન્સી મારફતે મોનિટરીંગ કરવા માગે છે કે કેમ? અને જો મોનિટરીંગ કરવા માગતા હોય તો ખરેખર જે વાસ્તવિક આંકડાઓ છે એ વાસ્તવિક આંકડાઓ બહાર લાવીને ગુજરાની પ્રજા સમક્ષ અથવા તો અહીંયા માનનીય ધારાસભ્યો સમક્ષ મૂકવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સારો પ્રશ્ન કર્યો છે.

અધ્યક્ષશ્રી : આમાં જવાબ લાંબો છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, લાંબો તો ઘણો છે પણ મને જે અનુભવ છે એ દ્રષ્ટીએ જવાબ આપું છું. જ્યારે વૃક્ષારોપણ કરતા હોય તે પહેલા નર્સરી ક્યાં બનાવી છે અને ત્યાંથી બ્રિડિંગ કેટલુ દૂર છે એના પર ખર્ચો થતો હોય છે. જયારે વાવેતર કરવાનું છે તે પહેલા એપ્રિલ–મે મહિનાની અંદર પહેલા માપ લઇને ખાડા ખોદવાના થતા હોય છે, બરાબર ૨૦ થી ૨૫ દિવસ વધારેમાં વધારે તાપ ખાડાની અંદર આપવો પડે જેથી રોપા જીવંત રહેવાનું પ્રમાણ પણ વધારે જળવાઇ શકે છે. ત્યાર બાદ જયારે આપણે રોપાણ કર્યા પછી ૨૦ કે ૨૫ દિવસની અંદર પહેલું બ્રિડિંગ કરવું પડે છે એટલે કે ગોળ કામ કરવા પડે છે અને ત્યાર બાદ બે બે મહિનાએ ત્રણવાર કૂપો બનાવ્યા છે તેમાં બ્રિડિંગ કામ કરવામાં આવે છે. એટલે બ્રિડિંગમાં પણ ખર્ચ થાય છે એટલે આ રીતે માવજત આપીએ તો જીવંત છોડની સંખ્યા વધે છે જે મારો પ્રેક્ટિકલ અનુભવ છે. એટલા માટે હું કહું છું કે જે કૂપો થયા છે એમાં સ્વાભાવિક રીતે વૃક્ષોની અંદર બે પ્રકારના પરિણામ બહુ સારા મળ્યા છે. આપણે ગ્રામ કક્ષાએ વૃક્ષારોપણ કર્યુ છે એમાં કમસેકમ ૩૦ કરોડ જેટલા વૃક્ષો ઊભા કરી શક્યા છીએ.

અધ્યક્ષશ્રી : એમણે એવરેજ ખર્ચ કીધો.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, એક ખાડો ખોદવા પાછળ ૪.૯૫ નો ખર્ચો આવે છે અને માટી જો હાર્ડ હોય તો એ વધીને ૭ રૂપિયા સુધીનો ખર્ચો પણ થાય છે.

### સુરત જિલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ

* ૮૪૧૨ શ્રીમતિ ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ કેટલું છે, | (૧) ૪૫૧ |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) |

| વર્ષ ૨૦૧૫–૧૬ માં ભરાયેલ જગ્યાઓ | વર્ષ ૨૦૧૬–૧૭ માં ભરાયેલ જગ્યાઓ | છેલ્લા બે વર્ષમાં ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૨૧ | ૯૯ | ૧૨૦ | ૮૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે. |

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે સુરત જિલ્લામાં ૪૫૧ નું મહેકમ છે તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધીની સ્થિતિમાં ૮૪ જગ્યાઓ ખાલી છે અને તે પૈકી કયા કયા તાલુકાઓમાં કેટલી જગ્યા ભરાઇ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ ૮૬ જેટલી જગ્યાઓ ખાલી છે એમાં તાલુકાવાઇઝ જોઇએ તો ચોર્યાસી તાલુકામાં મહેકમ ૧૯ નું છે, ઓલપાડમાં ૩૭, કામરેજમાં ૩૩, પલસાણામાં ૨૫, બારડોલીમાં ૫૪,

મહુવામાં ૫૧, માંડવીમાં ૬૦, માંગરોળમાં ૫૯ અને ઉંમરપાડામાં ૨૮ આમ કુલ ૩૬૬ અને લીવ રિઝર્વની જગ્યા પણ દરેક પી.એચ.સી. પર એક એક છે એમાં ૫૫, આમ જોવા જઇએ તો ૨૧ અને ૩૦ અર્બન વિસ્તારની છે એમ કરીને ૪૫૧ નું મહેકમ જવાબમાં બતાવ્યું છે. ૪૫૧ નું મહેકમ બતાવ્યું છે એમાં છેલ્લા બે વર્ષમાં ૧૨૦ જેટલી ખાલી જગ્યાઓ રાજ્ય સરકારે ભરેલ છે પણ ૨૦૧૦ થી ૨૦૧૭ સુધી જોવા જઇએ તો કેલેન્ડર વર્ષ પ્રમાણે ૨૨૯ જગ્યાઓ રાજ્ય સરકારે ભરી છે. આમ, દસ વર્ષીય ભરતી કેલેન્ડર પ્રમાણે આ ભરતી કરી છે. જવાબમાં ૮૬ જગ્યાઓ ખાલી બતાવી છે એમાં ૩૦ જગ્યાઓ એવી છે કે જે અર્બન વિસ્તારની છે એ ગ્રામ્ય વિસ્તારમાં આવતી નથી એ અર્બન વિસ્તાર મહાનગરપાલિકા હેઠળ આવતી હોય છે. બાકી રહી ૫૬ એમાં અહીંયા લીવ રિઝર્વની ૫૫ જગ્યાઓ છે એમાંથી ૫ જગ્યાઓ ભરેલી છે એટલે જે ખાલી જગ્યાઓ છે એમાં કામરેજની ૧, મહુવાની ૧, માંગરોળની ૪ અને લીવ રિઝર્વ ૫૦ જગ્યા ખાલી છે આમ, રેગ્યુલર ૬ જગ્યાઓ ખાલી છે પણ લીવ રિઝર્વની ૫ જગ્યાઓ ભરેલી છે એ જગ્યાએ કામગીરી બજાવે છે એટલે આમ જોવા જઇએ તો ૧ જગ્યા ખાલી છે અને લીવ રિઝર્વની ૫૦ જગ્યા ખાલી છે. લીવ રિઝર્વની જગ્યાઓ છે એ પેટા આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતી ફિમેલ હેલ્થ વર્કરની માંદગી સબબ, પ્રસૂતિના કારણોસર કે અન્ય કારણોસર લાંબી રજા ઉપર જવાના કારણે સંબંધિત પેટા આરોગ્ય કેન્દ્રની કુટુંબ કલ્યાણની મૂળભૂત સેવાઓ ચાલુ રહે તે માટે અને આરોગ્ય કાર્યક્રમ ઉપર વિપરીત અસર ન થાય એ બાબત ધ્યાને રાખીને પ્રત્યેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રદીઠ એક લેખે રીઝર્વ ફીમેલ હેલ્થ વર્કરની જગ્યા મંજૂર કરવામાં આવેલી છે. આમ મોટાભાગની જગ્યાઓ ફીમેલ હેલ્થ વર્કરની સુરતમાં ભરેલી છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે એક બાજુ આ સરકાર સ્ત્રી સશક્તિકરણની વાતો કરે છે ત્યારે આ ખાલી પડેલી જગ્યા કેટલા વખત સુધીમાં ભરવામાં આવશે? અને ફીમેલ હેલ્થ વર્કરોની કામગીરી શું છે અને એમને કામગીરીના પ્રમાણમાં કેટલું મહેનતાણું આપે છે? શું એમનું મહેનતાણુ વધારવા માગે છે સરકાર?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં વાત કરી માનનીય સભ્યશ્રીએ જો બરાબર સાંભળી હોત તો, આ જગ્યાઓ ખાલી નથી. લીવ રીઝર્વની જગ્યાઓ ૫૫ છે. ૬ જગ્યા ખાલી છે. ૫૫માંથી ૫ લીવ રીઝર્વની ભરેલી છે એટલે છમાંથી પાંચ ભરેલી છે. એક જગ્યા ખાલી છે અને એમણે જે વાત કરી માનનીય સભ્યશ્રીએ કે એમને શું મહેનતાણુ આપવામાં આવે છે તો એમાં જે એમને મળે છે એ ફીમેલ હેલ્થ વર્કરના સંવર્ગને ૫૨૦૦ થી ૨૦૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦ ના પગાર ધોરણમાં રૂ. ૧૯૯૫૦ ફીકસ પગારથી પાંચ વર્ષ માટે નિમણૂક કરવામાં આવે છે. એમને સવલતો પણ બધી આપવામાં આવે છે. એમાં મુસાફરી ભથ્થુ, દૈનિક ભથ્થુ, રજાઓ, ખાસ ગંભીર કિસ્સામાં અને તબીબી સારવારના કિસ્સામાં મા વાત્સલ્ય યોજના હેઠળ લાભ, એક વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોય તેવા સ્ત્રી કર્મચારીઓને પ્રસૂતિની રજાઓનો લાભ, વિમા સુરક્ષા કવચનો લાભ આપવામાં આવે છે. પાંચ વર્ષના ફીકસ પગારના સમયગાળાને બઢતી તથા પ્રવર્તતા માટે પણ ધ્યાને લેવાની જોગવાઇ છે અને પાંચ વર્ષનો ફીકસ પગારનો સમયગાળો પૂર્ણ થતા આ કર્મચારીઓને નિયમિત પગારધોરણમાં નિમણૂક આપવામાં આવે છે. એમણે જે વાત કરી કે બીજી શું શું કામગીરી કરે છે? તો જે ફીમેલ હેલ્થ વર્કર છે એને આરોગ્યલક્ષી અગત્યની કામગીરી સોંપવામાં આવે છે જેવી કે સરવેની કામગીરી, માહિતીનું સંકલન, રેકર્ડ અને રિપોર્ટિંગની કામગીરી, આરોગ્યલક્ષી કાર્યક્રમોનું અમલીકરણ, નિરીક્ષણ અને માર્ગદર્શન, ટીમ વર્ક, પુરવઠો, સાધનો અને સબસેન્ટરની જાળવણી, રેકર્ડ અને રિપોર્ટ, માતૃબાળ કલ્યાણ, કુટુંબ નિયોજન અને પ્રસૂતિ નિવારણ, પોષક આહાર, વિસ્તારિત રોગપ્રતિકારક કામગીરી, ઝાડા નિયંત્રણ કાર્યક્રમ, સંકરાત્મક રોગો, શ્વસનતંત્રનો ચેપ, શાળા આરોગ્ય, પ્રાથમિક તબીબી સંભાળ, આરોગ્ય શિક્ષણ આવી કામગીરી ફીમેલ હેલ્થ વર્કર કરતા હોય છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે સીધી ભરતીથી નિમણૂક પામતા ફીમેલ હેલ્થ વર્કરની કેટલા સમય દરમિયાનમાં બદલી થઇ શકે? અને કયા કયા લાભો આપવામાં આવે છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે મેં વાત કરી કે પાંચ વર્ષનો જે ફીકસ પગારનો સમગયાળો પૂર્ણ થતા જ તેમને નિયમિત પગારધોરણમાં પણ નિમણૂક આપવામાં આવે છે અને જે એમને સવલતો મળે છે મેં વાત કરી મુસાફરી ભથ્થુ, દૈનિક ભથ્થુ, રજાઓ, ખાસ ગંભીર કિસ્સામાં અને તબીબી સારવારના કિસ્સામાં મા વાત્સલ્ય યોજના હેઠળ લાભ, એક વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોય તેવા સ્ત્રી કર્મચારીઓને પ્રસૂતિની રજાઓનો લાભ, વિમા સુરક્ષા કવચનો લાભ આપવામાં આવે છે. પાંચ વર્ષના ફીકસ પગારના સમયગાળાને બઢતી અને પ્રવર્તતા માટે પણ ધ્યાને લેવાની જોગવાઇ છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં પેટા આરોગ્ય કેન્દ્ર હોય, આરોગ્ય કેન્દ્ર હોય, ફીમેલ હેલ્થ વર્કરનું કામ ખૂબ અગત્યનું છે. મજૂર માણસો હોય, બહેનો હોય એ ખેતરમાં હોય અને આરોગ્યના જે કાયદાઓ છે કે એની જે ગંભીરતા છે એનાથી અજ્ઞાન હોય તો ફીમેલ હેલ્થ વર્કર એક કડી છે આપણા માટે અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર સુધી લઇ જવા હોય કે સિવિલમાં લઇ જવા હોય પરંતુ એ બે દિવસે કે ત્રણ દિવસે ગામમાં વિઝિટ કરતા હોય છે અને પરંપરાગત ડિલિવરીના પ્રશ્નો હોય, કોઇ રોગોની વાત હોય તો ખોલીને કરી શકતા નથી. આ અગત્યનું છે છતા ઘણી બધી જગ્યા ખાલી છે તો એ માળખુ છે એને સુદ્રઢ કરવા માટે બીજું આયોજન છે કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : મેં વાત કરી જગ્યાઓ લગભગ ભરેલી છે. એક જગ્યા રેગ્યુરલ ખાલી છે. માળખું

સુદ્રઢ કરેલ જ છે. મેં આ સન્માનનીય સભાગૃહમાં વાત કરી કે ફીમેલ હેલ્થ વર્કર કઈ કઈ સેવાઓ આપે છે, એટલે બીજો કોઈ પ્રશ્ન કે બીજી કોઈ ફરિયાદ રહેતી નથી.

સીએનજી પાઈપલાઈનની મંજૂરી

* ૯૪૭૫ શ્રી સોમાભાઈ કોળી પટેલ (લીંબડી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભારત સરકારની સાથેની ગુજરાતની અગત્યની બાબતો વર્ષ ૨૦૧૫ પૈકી સીએનજી પાઈપલાઈનની મંજુરી માટે રાજ્ય સરકારને પર્યાવરણને લગતી સત્તા આપવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કેટલી રજુઆતો કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા ?

જવાબ

(૧) આ મંજુરી મળી ગયેલ હોય,તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેન્દ્ર સરકારશ્રી સમક્ષ છેલ્લા બે વર્ષમાં આ અંગે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક પણ મીટિંગ થઇ નથી અને મંજૂરી મળી ગઇ છે. નવાઇની વાત છે કે એક પણ મીટિંગ થઇ ન હોય અને મંજૂરી મળી જાય એ બહુ માનવા જેવું નથી. અગાઉ કદાચ મીટિંગો થઇ હશે એવું હું માનું છું. અગાઉ મીટિંગ કઇ તારીખે થઇ અને કયારે મંજૂરી મળી એ તારીખ જણાવશો?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય સભ્યશ્રીનો આભાર માનું છું કે તેમણે આ પ્રશ્ન પૂછ્યો. ભારત સરકાર દ્વારા જનરલ એપ્રુવલ હેઠળ વન વિસ્તારમાં ઓપ્ટીકલ ફાઇબર કેબલ, ટેલિફોન લાઇન, પીવાના પાણીની પાઇપલાઇન માટે મંજૂરી આપવાની સત્તા રાજ્ય સરકારને ભૂતકાળમાં આપેલ હતી, પરંતુ વન સંરક્ષક ૧૯૮૦ હેઠળ રસ્તાઓની બાજુમાં રક્ષિત વન વિસ્તાર તરીકે જે વિસ્તાર જાહેર થયેલ હોય ત્યાંથી સી.એન.જી. પાઇપલાઇન નાખવાની મંજૂરી અગાઉ કેન્દ્ર સરકારને હતી. આપણું ગુજરાત ખૂબ પ્રગતિશીલ રાજ્ય છે. અને સી.એન.જી. પાઇપલાઇનનું નેટવર્ક ખૂબ જ ઝડપથી ગુજરાતના ગામડે ગામડે પ્રસરી રહ્યું છે, ત્યારે ભૂતકાળની અંદર આ રક્ષિત વન વિસ્તારમાંથી સી.એન.જી. પાઇપલાઇન મંજૂરી આપવાની સત્તા મેં કહ્યું તેમ ભારત સરકારને હતી. રાજ્ય સરકારને આપવામાં આવે એના માટે જે તે વખતે કોંગ્રેસની સરકારમાં ૨૧–૫–૨૦૧૩ ના રોજ ભારત સરકારને અમારા વિભાગે રજૂઆત કરી. ત્યારબાદ ૫–૭–૨૦૧૩ ના રોજ ગુજરાત સરકારે રજૂઆત કરી. ત્યારબાદ ૨૫–૯–૨૦૧૩ ના રોજ ફરી પત્રથી રજૂઆત કરી. પણ આપની કોંગ્રેસ સરકારે કોઇ મંજૂરી ગુજરાતને આપી નહોતી. મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદી સાહેબ આ દેશના વડાપ્રધાન બન્યા અને તા. ૨૬–૫–૨૦૧૪ ના રોજ સપથવિધિ થઇ. માત્ર પાંચ જ મહિનામાં એટલે કે તા. ૭–૧૧–૨૦૧૪ ના રોજ ગુજરાત રાજ્યને સી.એન.જી. અને પી.એન.જી. પાઇપલાઇન નાખવાની મંજૂરી એ રાજ્ય સરકારને સત્તા આપી.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે વન વિસ્તારમાં કયા કયા પ્રકારની સુવિધાઓ માટે મંજૂરી આપવાની સત્તા ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને આપવામાં આવી છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : આમ તો વન વિભાગના કાયદા એ ભારત સરકારના કાયદા હોય છે. આપણા ગુજરાત સરકારના હોતા નથી. પરંતુ ભારત સરકાર દ્વારા જાહેર હિતમાં શાળાઓ બનાવવા માટે, ડિસ્પેન્સરી માટે, હોસ્પિટલ, ઇલેક્ટ્રિક ટેલી કોમ્યુનિકેશન લાઇન માટે, પીવાના પાણી માટે, વોટર હાર્વેસ્ટિંગ માટે, માઇનોર ઇરીગેશન માટે, ઊર્જાના બિન–પરંપરાગત સ્ત્રોત માટે, વ્યવસાયિક તાલીમ કેન્દ્રો માટે, પાવર સબસ્ટેશન માટે, ચેકપોસ્ટ માટે, રસ્તાની બાજુમાં આવેલ એપ્રોચ માર્ગ સહિતનું વિસ્તરણ કરવા માટે, સરહદી વિસ્તારમાં બોર્ડર રોડ ઓર્ગેનાઇઝર દ્વારા હાલના પુલોનું અપગ્રેડેશન કરવા માટે અને ગૃહ વિભાગ દ્વારા નક્કી કરેલ સંવેદનશીલા વિસ્તારમાં પોલીસ ચોકી ઊભી કરવા માટે રાજ્ય સરકારને પાવર્સ આપેલા છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

**અતારાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

પ્રાથમિક શાળાઓમાં પુસ્તકો વસાવવા માટે બજેટમાં જોગવાઈ

* ૯૫૨૦ શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર (મહુધા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની પ્રાથમિક શાળાઓના પુસ્તકાલયોમાં પુસ્તકો વસાવવા છેલ્લા બે નાણાંકીય વર્ષમાં બજેટમાં કેટલી જોગવાઈ કરવામાં આવેલ,

(૨) ઉક્ત જોગવાઈ પૈકી વર્ષવાર કેટલી રકમનો

જવાબ

(૧)

| વર્ષ | રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૮૨૭.૯૧ |
| ૨૦૧૭–૧૮ | ૬૩૧.૭૦ |

(૨)

ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

| વર્ષ | થયેલ ખર્ચ રૂ. લાખમાં | વણ વપરાયેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૬-૧૭ | ૮૨૭.૯૧ | ૦.૦૦ |
| ૨૦૧૭-૧૮ | ૨૨૨.૮૭ | ૪૦૮.૮૩ |

(૩) થયેલ ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવેલ?

(૩) મુખ્ય સદરઃ ૨૨૦૨, સામાન્ય શિક્ષણ,
પેટા સદરઃ ૨૨૦૨-૦૧-૧૦૬-૧૦,
૨૨૦૨-૦૧-૧૦૬-૧૩,
૨૨૦૨-૦૧-૭૯૬-૩૭
ઈડીએન-૧૦
જીલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ

---------

અદાણી કંપની દ્વારા દરીયા કિનારે રક્ષણાત્મક દિવાલ તોડવા બાબત

* ૭૨૧૮ ઈમરાન ખેડાવાલ (જમાલપુર) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મુંદ્રા તાલુકાના ટુંડાવાડ નવીનવાર અને જરપરા ગામના દરીયાકીનારે આવેલા રક્ષણાત્મક રેતીના મોર ટુવાને અદાણી કંપનીએ ગેરકાયદેસર તોડીપાડીને પર્યાવરણને નુકશાન કરેલ છે, તેની તપાસ માટે કમિટી ફરીથી નિમવા સુપ્રીમ કોર્ટે હુકમ આપ્યા છે તે વાત સાચી છે,

(૨) સરકારે એ માટેની તપાસ કમિટી ક્યારે નિમી, અને

(૩) કમિટીએ ક્યારે રિપોર્ટ આપ્યો ?

જવાબ

(૧) ના, જી

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં પ્રવાસીઓને મળતી સગવડતા

* ૯૮૭૦ શ્રી સુખરામ રાઠવા (જેતપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં પ્રવાસીઓને પ્રોત્સાહન મળે અને સગવડતા મળી રહે તે માટે કયા ગામોના જુના યાત્રોધામોના વિકાસ માટે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં પ્રવાસીઓને પ્રોત્સાહન મળે અને સગવડતા મળી રહે તે માટે નીચે મુજબના યાત્રાધામો વિકસાવવા રાજ્ય સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે.

(૧) જિલ્લો-છોટાઉદેપુરઃ

વર્ષ ૨૦૧૬

- બોડેલી તાલુકાના ઝંડ હનુમાન અને તાંદલજા ખાતે ત્રંબકેશ્વર મંદિર
- સંખેડા તાલુકાના સોનગીર ઇન્દ્રાલ ખાતે રણછોડરાયજીનું મંદિર
- કવાંટ તાલુકાના હાંફેશ્વર મંદિર

ઉક્ત મંદિરો ખાતે યાત્રીકો માટે શેડ, પીવાનું પાણી, ગાર્ડન, સોલર લાઇટ, ટોયલેટ વગેરે સુવિધાઓ ઉભી કરવાની કાર્યવાહી કરેલ છે.

(૨) જિલ્લો-વડોદરાઃ

વર્ષ ૨૦૧૬

- વડોદરા તાલુકાના બળિયા દેવ મંદિર પોર, શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં રોશની, શ્રી વ્યાસેશ્વર મહાદેવ મંદિરમાં રોશની તથા શૌચાલય નવીનીકરણ તથા શ્રી સુર્યનારાયણ મંદિરમાં ફ્લોરીંગ
- કરજણ તાલુકાના નારેશ્વર મંદિર
- ડભોઈ તાલુકાના વઢવાણા તળાવ અને તેન તળાવ, કરનાળી ગામે સોમનાથ ઘાટ

બનાવવાની કામગીરી તથા બસ સ્ટેન્ડથી કુબેર મંદિર થઈ કરનાળી બુંજેઠા રોડને જોડતા રીંગ રોડની કામગીરી

- શીનોર તાલુકાના માલસર અને બરકાલ વ્યાસપેટ, શ્રી અનસુયા માતાજી મંદિરમાં રોશની અને વિસામો

વર્ષ ૨૦૧૭

- સાવલી તાલુકાના કમળ તળાવ અને ભાદરવા મંદિર
- ડભોઈ તાલુકાના પલાસવાડા ગામે શ્રી આનંદમંગલ હનુમાનજી મંદિરમાં ફ્લોરીંગ

તથા સરકાર હસ્તકના અન્ય મંદિરોનો સર્વે કરાવીને યાત્રી સુવિધાના કામો હાથ ધરવા આયોજન કરેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ બન્ને જિલ્લાના તાલુકાવાર કયા પ્રવાસધામોના વિકાસ માટેની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી ?

(૨) ઉક્ત સ્થિતિએ બન્ને જિલ્લાના તાલુકાવાર નીચે જણાવેલ પ્રવાસધામોના વિકાસ માટેની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી.

(૧) છોટાઉદેપુરઃ- વર્ષ ૨૦૧૬

- છોટાઉદેપુર તાલુકાના કેવડી
- બોડેલી તાલુકાના તરગોળ તળાવ, ઝંડ હનુમાન અને તાંદલજા ખાતે ત્રંબકેશ્વર મંદિર
- સંખેડા તાલુકાના સોનગીર ઈન્દ્રાલ ખાતે રણછોડરાયજીનું મંદિર
- કવાંટ તાલુકાના હાંફેશ્વર મંદિર

(૨) વડોદરાઃ-વર્ષ ૨૦૧૬

- વડોદરા તાલુકાના બળિયા દેવ મંદિર પોર,
- કરજણ તાલુકાના નારેશ્વર મંદિર,
- ડભોઈ તાલુકાના વઢવાણા તળાવ અને તેન તળાવ,
- શીનોર તાલુકાના માલસર

વર્ષ ૨૦૧૭

- સાવલી તાલુકાના કમળ તળાવ અને ભાદરવા મંદિર

---------

કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં ગૌચર જમીનોમાં દબાણો

* ૮૨૩૦ સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર ગૌચર જમીનમાં ગેરકાયદેસર બાંધકામો ઉભા કરીને દબાણો થયા હોવાની, ગેરકાયદેસર કબ્જો લીધો હોવા બાબતની કેટલી ફરીયાદો સરકારને મળી,

(૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે કેટલા તલાટી-કમ-મંત્રીઓ(મહેસુલ)ની સમીક્ષા બેઠકમાં કેટલા દબાણો દુર કરવા સુચનાઓ આપવામાં આવી, અને

(૩) તે અન્વયે કેટલી ગૌચરની કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી ?

જવાબ

(૧) છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર મળેલ ફરીયાદો આ મુજબ છે.

| ક્રમ | જિલ્લો | મળેલ ફરીયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | કચ્છ | ૨૩ |
| ૨ | બનાસકાંઠા | ૦ |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ની જોગવાઈ મુજબ ગૌચરના દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની હોઈ તલાટી-કમ-મંત્રીઓની માસિક સમીક્ષા બેઠકમાં આવા દબાણો દૂર કરાવવા સમયાંતરે તાલુકા વિકાસ અધિકારી દ્વારા સૂચના આપવામાં આવેલ છે.

(૩) જિલ્લાવાર નીચે મુજબ ગૌચરની જમીન પરનું દબાણ દુર થયેલ છે.

તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | જિલ્લો | ક્ષેત્રફળ (હે.આરે.પ્રતિ) |
|---|---|---|
| ૧ | કચ્છ | ૨૧.૬૯.૭૩ |
| ૨ | બનાસકાંઠા | ૦.૦૦.૦૦ |

---------

ભરૂચ જિલ્લામાં સરકારી મકાનમાં ચાલતા આંગણવાડી કેન્દ્રો

* ૯૬૧૩ શ્રી અરવિંદ રાણા (સુરત-પૂર્વ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રો સરકારી મકાનમાં બેસે છે, | (૧) ૧૨૨૦ આંગણવાડી કેન્દ્રો |
| (૨) તે પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રો ખાતે શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે, અને | (૨) તમામ આંગણવાડી કેન્દ્રોમાં. |
| (૩) બાકી રહેતા શૌચાલય ઉભા કરવા માટે શું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આદર્શ નિવાસી/એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ

* ૧૦૦૬૧ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી આદર્શ નિવાસી અને કેટલી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલો આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે,

(૨) ઉકત શાળાઓમાં મંજુર મહેકમ તાલુકાવાર કેટલું છે, અને

(૩) ઉકત સ્થિતિએ એમાંથી કેટલી જગ્યાઓ કાયમી ભરેલ છે, અને કેટલી ખાલી છે ?

જવાબ

(૧)

| જિલ્લો | તાલુકો | આ.નિ.શા. ની સંખ્યા | EMRS ની સંખ્યા |
|---|---|---|---|
| અરવલ્લી | ભિલોડા | ૧ | ૩ |
| સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૧ | ૧ |

(૨) અને (૩) મંજુર, કાયમી ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત પત્રક-અ મુજબ છે.

જ્યારે અરવલ્લી જિલ્લાની ૧ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ PPP મોડ હેઠળની હોઈ સંસ્થા દ્વારા જરૂરિયાત મુજબ શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવેલ છે.

પ ત્ર ક - અ

આદર્શ નિવાસી શાળાઓના મહેકમની વિગત

| જિલ્લો | તાલુકો | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| અરવલ્લી | ભિલોડા | ૧૭ | ૧૬ | ૧ |
| સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૧૭ | ૧૪ | ૩ |

એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલોના મહેકમની વિગત

| જિલ્લો | તાલુકો | મંજુર મહેકમ | મંજુર મહેકમ સામે કાયમી ભરતી થઈ નથી. હાલમાં નીચે મુજબ વ્યવસ્થા કરાયેલ છે. | | |
|---|---|---|---|---|---|
| | | | કરાર આધારિત ભરાયેલ જગ્યા | લોકલ મેનેજમેન્ટ કમિટી દ્વારા ભરાયેલ જગ્યા | તાસ પદ્ધતિથી ભરાયેલ જગ્યા |
| અરવલ્લી | ભિલોડા | ૨૩ | ૧૨ | ૧૪ | ૭ |
| સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૨ | ૨ | ૩ | ૦ |

---------

સરકારી માધ્યમિક અને ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ માટે નાણાકીય સહાય

* ૯૫૧૭ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ભારત સરકાર સાથેની ગુજરાતની અગત્યની બાબતો વર્ષ ૨૦૧૫ પૈકી રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાન (આરએમએસએ) દ્વારા રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતી સરકારી માધ્યમિક અને ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓ માટે નાણાકીય સહાય માટે એક સરખા ધોરણો અપનાવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કેટલી રજૂઆતો કે માંગણી કરવામાં આવી, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ રજૂઆત કરેલ નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બાબતે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી સહાય મળી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમદાવાદ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર

* ૯૪૭૧ શ્રી રાજેશકુમાર ગોહિલ (ધંધુકા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ અમદાવાદ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર કેટલો છે, | (૧) અમદાવાદ – ૧૦,૬૮૨ હેક્ટર<br>પોરબંદર – ૨૪,૬૯૦ હેક્ટર. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર વન વિસ્તારમાં કેટલો ઘટાડો નોંધાયો, અને | (૨) કોઇ ઘટાડો નોંધાયેલ નથી. |
| (૩) જમીનના કુલ ક્ષેત્રફળનો ૧/૩ ભાગ વૃક્ષ આચ્છાદિત હોવો જોઇએ તે પ્રમાણે જો ઓછો વન વિસ્તાર હોય તો કેટલો ઓછો છે અને વધારવા માટે શું પગલાં લીધા ? | (૩) રાષ્ટ્રીય વન નીતિ-૧૯૮૮ પ્રમાણે સમગ્ર દેશના કુલ ભૌગોલિક વિસ્તારના એક તૃતિયાંશ ભાગ વૃક્ષ આચ્છાદિત કરવાનો ધ્યેય છે. આ ધ્યેયને સ્થાનિક કે જિલ્લા કક્ષાએ વિભાજીત કરી શકાય નહીં. આમ છતાં રાષ્ટ્રીય વન નીતિને અનુરૂપ રાજ્યના વધુને વધુ વિસ્તારને વૃક્ષ આચ્છાદિત કરવા માટે વન વિભાગની જુદી-જુદી યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આ યોજનાઓમાં મુખ્યત્વે વન તેમજ વન બહારના વિસ્તારોમાં વનીકરણ, સામાજીક વનીકરણ યોજના હેઠળ વાવેતર તેમજ રોપ વિતરણ, વન અને પર્યાવરણને લગત લોક જાગૃતિની વિવિધ યોજનાઓ, સહભાગી વન વ્યવસ્થા યોજના અને ચેર વાવેતર જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ

* ૮૧૮૦ શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

| જિલ્લાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ (રૂપિયા લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૬ | ૨૦૧૭ |
| અરવલ્લી | ૨૦૦.૦૦ | ૨૨૦૪.૦૨ |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે ક્યાં પ્રવાસન સ્થળના વિકાસ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૨) તે અન્વયે નીચે જણાવેલ પ્રવાસન સ્થળના વિકાસ માટે ખર્ચ કરવામાં આવ્યો.

| જિલ્લાનું નામ | પ્રવાસન સ્થળનું નામ | થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૧૬ | ૨૦૧૭ |
| અરવલ્લી | શામળાજી મંદિર ખાતે પ્રવાસન સુવિધા | ૧.૫૦ | ૩૦.૦૦ |
| | દેવની મોરી | ૦.૦૦ | ૨.૫૦ |
| | કુલ | ૧.૫૦ | ૩૨.૫૦ |
| સાબરકાંઠા | (૧) રાણી તળાવ-ઇડર | ૦.૦૦ | ૧૪.૯૨ |
| જિલ્લાનું નામ | પ્રવાસન સ્થળનું નામ | થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં) | |
| | | ૨૦૧૬ | ૨૦૧૭ |
| | (૨) પોળો ટેન્ટ સીટી રોડ જોઇનીંગ આંતરસુબા-અભા વણજ ડેમ સાઇટ રોડની મરામત અને ડેમ સાઇટની રક્ષાત્મક દિવાલ બાંધકામ | ૭૯.૯૬ | ૦.૦૦ |
| | (૩) સંત નગરી, મહોર | ૦.૦૦ | ૮૩.૪૨ |
| | કુલ | ૭૯.૯૬ | ૯૮.૩૪ |

---------

અમદાવાદ જિલ્લાના ગ્રામ પંચાયતોના જર્જરીત પંચાયત ઘર

* ૮૪૨૬ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાદીઠ કેટલી ગ્રામ પંચાયતોના પંચાયત ઘર જર્જરીત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી કેટલી ગ્રામ પંચાયતના ઘરની મરામત/નવીન બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ

| તાલુકો | જર્જરીત પંચાયત ઘરની સંખ્યા |
|---|---|
| દસક્રોઈ | ૩૪ |
| સાણંદ | ૨૮ |
| બાવળા | ૨૬ |
| ધોળકા | ૩૧ |
| ધંધુકા | ૨૫ |
| ધોલેરા | ૧૦ |
| માંડલ | ૧૬ |
| વિરમગામ | ૪૧ |
| દેત્રોજ | ૨૫ |
| કુલ | ૨૩૬ |

(૨)

| મરામતની આપેલ મંજૂરી | નવીન બનાવાવની આપેલ મંજૂરી |
|---|---|
| ૩૮ | ૧૦૦ |

(૩) રૂ.૧૬૩૦.૦૦ લાખ.

---------

સુરત ખાતે નવી આઇ.આઇ.ટી. મંજુર કરવા રજુઆત

* ૯૫૨૫ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ભારત સરકાર સાથેની ગુજરાતની અગત્યની બાબતો વર્ષ ૨૦૧૫ પૈકી સુરત ખાતે નવી આઇ.આઇ.ટી. મંજૂર કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કેટલી રજુઆતો કે માંગણી કરવામાં આવી,

(૧) સુરત ખાતે નવી આઇ.આઇ.ટી. મંજૂર કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કોઇપણ રજુઆત કે માંગણી કરેલ નથી.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત બાબતે મંજુરી મળેલ હોય તો ક્યારે મળી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે મેડીકલ પ્રવેશની પરીક્ષા તાલીમનું આયોજન

* ૮૪૭૪ શ્રી પિયુષભાઈ દેસાઇ (નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ મેડીકલમાં પ્રવેશ મેળવે તે માટે વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧-૨૦૧૮ સુધીમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા નીટ પરીક્ષાની તાલીમનું કોઇ આયોજન કરેલ છે કે કેમ,

(૧) હા.

(૨) જો હા, તો જિલ્લામાં આ તાલીમ માટે કેટલા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ, અને

(૨) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭ માં ૭ તાલીમ કેન્દ્રો અને વર્ષ ૨૦૧૭-૧૮ માં ૧૬ તાલીમ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે.

(૩) તે કેન્દ્રો દ્વારા કુલ કેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે ?

(૩) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭ માં ૪૧૮ વિદ્યાર્થીઓને અને વર્ષ ૨૦૧૭-૧૮ માં ૭૧૮ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે.

---------

નવસારી અને વલસાડ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ ચુકવવાની થતી ગ્રાન્ટ

* ૯૫૫૦ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય આદિજાતિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર ટ્રાયબલ સબ પ્લાન હેઠળ કુલ કેટલી ગ્રાન્ટ ચુકવવાની થાય છે,

(૧)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૩૧૮૫૮.૪૦ |
| ૨૦૧૭-૧૮ ૩૧-૧૨-૨૦૧૭ સુધી | ૪૩૨૪૮.૯૯ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૨)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૩૧૮૩૫.૭૧ |
| ૨૦૧૭-૧૮ ૩૧-૧૨-૨૦૧૭ સુધી | ૩૩૧૭૯.૭૬ |

(૩) કેટલી રકમ ચુકવવાની બાકી છે અને બાકી રકમ ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

(૩)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૨૨.૬૯ |
| ૨૦૧૭-૧૮ | ૧૦૦૬૯.૨૩ |
| • બાકી રહેતી રકમ ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં ચુકવવામાં આવશે. | |

---------

બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળઓમાં જુદી-જુદી સુવિધાઓ

* ૯૪૪૯ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ બનાસકાંઠા

(૧) પત્રક મુજબ.

અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમતગમત મેદાન, વીજળી, કંપાઉન્ડ વોલ, પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધાઓ નથી,

(૨) આ શાળાઓમાં ઉક્ત સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ કરાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી, અને

(૨) ઉક્ત સુવિધા પૈકી વિજળી, પાણી અને શૌચાલયની સુવિધાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. ફક્ત બે શાળાઓમાં વિજળીની સુવિધા નથી. બાકીની તમામ શાળાઓમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ કરાવવાની તથા જમીન ઉપલબ્ધ કરાવવાની તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

(૩) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

પત્રક

બનાસકાંઠા જિલ્લો

| તાલુકો | રમતગમતનાં મેદાનની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| અમીરગઢ | ૩૦ | ૦ | ૧૫ | ૦ | ૦ |
| ભાભર | ૨૯ | ૦ | ૨૬ | ૦ | ૦ |
| દાંતા | ૮૭ | ૦ | ૫૯ | ૦ | ૦ |
| દાંતીવાડા | ૨૩ | ૦ | ૩૪ | ૦ | ૦ |
| ડીસા | ૬૮ | ૦ | ૮૦ | ૦ | ૦ |
| દિયોદર | ૫૮ | ૦ | ૫૮ | ૦ | ૦ |
| ધાનેરા | ૨૮ | ૦ | ૩૩ | ૦ | ૦ |
| કાંકરેજ | ૧૦૦ | ૦ | ૮૩ | ૦ | ૦ |
| લાખણી | ૩૭ | ૦ | ૭૦ | ૦ | ૦ |
| પાલનપુર | ૩૫ | ૦ | ૩૭ | ૦ | ૦ |
| સુઇગામ | ૨૭ | ૦ | ૧૭ | ૦ | ૦ |
| થરાદ | ૬૬ | ૦ | ૧૪૮ | ૦ | ૦ |
| વડગામ | ૧૪ | ૦ | ૨૩ | ૦ | ૦ |
| વાવ | ૫૬ | ૨ | ૫૦ | ૦ | ૦ |

મહેસાણા જિલ્લો

| તાલુકો | રમતગમતનાં મેદાનની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| બેચરાજી | ૧૯ | ૦ | ૪ | ૦ | ૦ |
| જોટાણા | ૦ | ૦ | ૨ | ૦ | ૦ |
| કડી | ૩૧ | ૦ | ૪ | ૦ | ૦ |
| ખેરાલુ | ૦ | ૦ | ૭ | ૦ | ૦ |
| મહેસાણા | ૨ | ૦ | ૩ | ૦ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| સતલાસણા | ૦ | ૦ | ૨૨ | ૦ | ૦ |
| ઉંઝા | ૧૫ | ૦ | ૩ | ૦ | ૦ |
| વડનગર | ૧૧ | ૦ | ૭ | ૦ | ૦ |
| વિજાપુર | ૪ | ૦ | ૧ | ૦ | ૦ |
| વિસનગર | ૬ | ૦ | ૩ | ૦ | ૦ |

---------

ખેડા અને વડોદરા જિલ્લામાં ગૌચર જમીનોમાં દબાણ

* ૮૨૨૯ શ્રી કાંતિભાઇ પરમાર (ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર ગૌચરની જમીનમાં ગેરકાયદેસર બાંધકામો ઉભા કરીને દબાણો થયા હોવાની, ગેરકાયદેસર કબ્જો લીધો હોવા બાબતની કેટલી ફરીયાદો સરકારને મળી,

(૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે કેટલા તલાટી–કમ–મંત્રીઓ (મહેસૂલ) ની સમીક્ષા બેઠકમાં કેટલા દબાણો દૂર કરવા સુચનાઓ આપવામાં આવી, અને

(૩) તે અન્વયે કેટલી ગૌચરની કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી ?

જવાબ

(૧) છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર મળેલ ફરિયાદો આ મુજબ છે.

| ક્રમ | જિલ્લો | મળેલ ફરીયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડા | ૦૪ |
| ૨ | વડોદરા | ૨૨૦ |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૧૦૫ ની જોગવાઇ મુજબ ગૌચરની જમીનના દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની હોઇ તલાટી–કમ–મંત્રીઓની માસિક સમીક્ષા બેઠકમાં આવા દબાણો દૂર કરાવવા સમયાંતરે તાલુકા વિકાસ અધિકારી દ્વારા સૂચના આપવામાં આવેલ છે.

(૩) જિલ્લાવાર નીચે મુજબ ગૌચરની જમીન પરનું દબાણ દૂર થયેલ છે.

| ક્રમ | જિલ્લો | ક્ષેત્રફળ (હે.આરે.પ્રતિ) |
|---|---|---|
| ૧ | ખેડા | ૦.૦૨.૨૪ |
| ૨ | વડોદરા | ૦.૪૦.૩૦ |

---------

વડોદરા અને નર્મદા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં જુદી–જુદી સુવિધાઓ

* ૯૫૩૪ શ્રી જશપાલસિંહ ઠાકોર (પાદરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમતગમતના મેદાન, વીજળી, કંપાઉન્ડ વોલ, પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધાઓ નથી,

(૨) આ શાળાઓમાં ઉક્ત સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ કરાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી, અને

(૩) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે ?

જવાબ

(૧) પત્રક–૧ આ સાથે સામેલ છે.

(૨) ઉક્ત સુવિધા પૈકી વિજળી, પાણી અને શૌચાલયની સુવિધાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે અને તમામ શાળાઓમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ કરાવવાની તથા રમતગમતના મેદાન માટે જમીન ઉપલબ્ધ કરાવવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહેલ છે.

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

પત્રક–૧

વડોદરા જિલ્લો

| ક્રમ | તાલુકો | રમતગમતનાં મેદાન વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ડભોઇ | ૫૨ | ૦ | ૭૩ | ૦ | ૦ |
| ૨ | ડેસર | ૩૦ | ૦ | ૨૯ | ૦ | ૦ |
| ૩ | કરજણ | ૧૯ | ૦ | ૨૦ | ૦ | ૦ |

| ક્રમ | તાલુકો | રમતગમતનાં મેદાન વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૪ | પાદરા | ૪૨ | ૦ | ૧૨ | ૦ | ૦ |
| ૫ | સાવલી | ૪૪ | ૦ | ૪૯ | ૦ | ૦ |
| ૬ | શિનોર | ૯ | ૦ | ૩ | ૦ | ૦ |
| ૭ | વડોદરા | ૪૭ | ૦ | ૩૭ | ૦ | ૦ |
| ૮ | વાઘોડીયા | ૪૨ | ૦ | ૩૯ | ૦ | ૦ |

નર્મદા જિલ્લો

| ક્રમ | તાલુકો | રમતગમતનાં મેદાન વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ડેડિયાપાડા | ૧૩૯ | ૦ | ૪૦ | ૦ | ૦ |
| ૨ | ગરૂડેશ્વર | ૬૯ | ૦ | ૨૦ | ૦ | ૦ |
| ૩ | નાંદોદ | ૭૪ | ૦ | ૧૯ | ૦ | ૦ |
| ૪ | સાગબારા | ૬૩ | ૦ | ૧૮ | ૦ | ૦ |
| ૫ | તિલકવાડા | ૬૬ | ૦ | ૨૨ | ૦ | ૦ |

---------

બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના

* ૮૪૭૯ શ્રી શશીકાંત પંડ્યા (ડીસા) : માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલી આદિજાતી કન્યાઓને સહાય આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧)

| વર્ષ | લાભાર્થી કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૪૫ |
| ૨૦૧૭–૧૮ | ૫૫ |
| કુલ | ૧૦૦ |

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | રૂ. ૪.૫૦ લાખ |
| ૨૦૧૭–૧૮ | રૂ. ૫.૫૦ લાખ |
| કુલ | રૂ. ૧૦.૦૦ લાખ |

---------

અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં કોમર્શીયલ કોર્ટની સ્થાપના

* ૯૬૭૮ શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ (ઘાટલોડીયા) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં કોમર્શીયલ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે, અને

(૨) જો હા, તો આ કોર્ટ ક્યારથી કાર્યરત થયેલ છે?

જવાબ

(૧) હા જી

(૨) સરકારશ્રી કાયદા વિભાગે તા.૦૨–૦૪–૨૦૧૬ ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૦૮/૨૦૧૬ /એસપીસી/ ૧૦૨૦૧૬/ જીઓઆઇ/૦૯/ડી(પાર્ટ–૧)ના અધિસૂચનાથી તા.૦૧–૦૬–૨૦૧૬ના રોજથી અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં કોમર્શીયલ કોર્ટો કાર્યરત થયેલ છે.

---------

## અતારાંકિત પ્રશ્નો

### ભરૂચ જિલ્લામાં દરિયા કિનારે ચેરનું વાવેતર

* ૮૫૦૭ શ્રી દુષ્યંતભાઇ પટેલ (ભરૂચ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) ભરૂચ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં દરિયા કિનારે ચેરનું કેટલું વાવેતર થયું, અને

(૧)

| વર્ષ | વાવેતર |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૮૬૫ હેકટર |
| ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં | ૧૨૫૦ હેકટર |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રૂ।. ૨૨૩.૯૪ લાખ

---------

### તાપી અને ડાંગ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ ચુકવવાની થતી ગ્રાન્ટ

* ૯૫૪૭ શ્રી સુનીલભાઇ ગામીત (નીઝર) : માનનીય આદિજાતી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર ટ્રાયબલ સબ પ્લાન હેઠળ કુલ કેટલી ગ્રાન્ટ ચુકવવાની થાય છે,

(૧)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૪૧૦૯૦.૮૧ |
| ૨૦૧૭-૧૮ ૩૧-૧૨-૨૦૧૭ સુધી | ૩૪૮૪૨.૦૯ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૨)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૩૮૩૮૬.૨૦ |
| ૨૦૧૭-૧૮ ૩૧-૧૨-૨૦૧૭ સુધી | ૨૪૮૫૩.૬૩ |

(૩) કેટલી રકમ ચુકવવાની બાકી છે અને બાકી રકમ કયાં સુધીમાં ચુકવવામાં આવશે?

(૩)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૨૭૦૪.૬૧ |
| ૨૦૧૭-૧૮ | ૯૯૮૮.૪૬ |
| • બાકી રહેતી રકમ ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં ચુકવવામાં આવશે. | |

---------

### ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર

* ૯૪૫૮ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર કેટલો છે,

(૧) ગાંધીનગર - ૨,૪૯૬ હેકટર
મહેસાણા - ૭,૧૫૨ હેકટર

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર વન વિસ્તારમાં કેટલો ઘટાડો નોંધાયો, અને

(૨) કોઇ ઘટાડો નોંધાયેલ નથી.

(૩) જમીનના કુલ ક્ષેત્રફળનો ૧/૩ ભાગ વૃક્ષ આચ્છાદિત હોવો જોઇએ તે પ્રમાણે જો ઓછો વન વિસ્તાર હોય તો કેટલો ઓછો છે અને વધારવા માટે શું પગલાં

(૩) રાષ્ટ્રીય વન નીતિ-૧૯૮૮ પ્રમાણે સમગ્ર દેશના કુલ ભૌગોલિક વિસ્તારના એક તૃતિયાંશ ભાગ વૃક્ષ આચ્છાદિત કરવાનો ધ્યેય છે. આ ધ્યેયને સ્થાનિક કે જિલ્લા

લીધા?

કક્ષાએ વિભાજીત કરી શકાય નહીં. આમ છતાં રાષ્ટ્રીય વન નીતિને અનુરૂપ રાજ્યના વધુને વધુ વિસ્તારને વૃક્ષ આચ્છાદિત કરવા માટે વન વિભાગની જુદી–જુદી યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આ યોજનાઓમાં મુખ્યત્વે વન તેમજ વન બહારના વિસ્તારોમાં વનીકરણ, સામાજીક વનીકરણ યોજના હેઠળ વાવેતર તેમજ રોપ વિતરણ, વન અને પર્યાવરણને લગત લોક જાગૃતિની વિવિધ યોજનાઓ, સહભાગી વન વ્યવસ્થા યોજના જેવી યોજનાઓનો સમાવેશ થાય છે.

---------

જામનગર અને પોરબંદર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન યોજના

* ૯૪૮૭ શ્રી વલ્લભભાઇ ધારવીયા (જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સરકારી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ભોજન તૈયાર કરવા માટે ખાસ ઓરડાઓ નથી તેવી શાળાઓની સંખ્યા જામનગર અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલી છે, અને

(૨) ખાસ ઓરડાઓ ન હોય તેવી શાળાઓમાં ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

જવાબ

(૧)

| જિલ્લો | ભોજન તૈયાર કરવા માટે ખાસ ઓરડાઓ ન હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|
| જામનગર | ૦ |
| પોરબંદર | ૦ |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

દાહોદ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂં યોજના

* ૮૪૭૫ શ્રી શૈલેષભાઇ ભાભોર (લીમખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને સહાય આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧)

| વર્ષ | લાભાર્થી કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૩૭૫ |
| ૨૦૧૭–૧૮ | ૨૮૯ |
| કુલ | ૬૬૪ |

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | રૂ. ૩૭.૫૦ લાખ |
| ૨૦૧૭–૧૮ | રૂ૦ા. ૨૮.૯૦ લાખ |
| કુલ | રૂ. ૬૬.૪૦ લાખ |

---------

રાજ્યની સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપકનું મંજુર મહેકમ

* ૮૪૬૦ શ્રીમતી મનીષા વકીલ (વડોદરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ–૨ નું મજુર થયેલ કુલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કુલ કેટલી જગ્યા ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારશ્રી

જવાબ

(૧) મંજૂર મહેકમ– ૧૫૧૯

(૨) ભરાયેલ જગાઓઃ ૬૧૬
ખાલી જગાઓઃ ૯૦૩

(૩) મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ–૨ ની ખાલી જગાઓ

| | |
|---|---|
| તરફથી શું કાર્યવાહી થયેલ છે? | પૈકી કુલ–૫૫૭ જગાઓ સીધી ભરતીથી ભરવા ગુજરાત જાહેર સેવા ઓયોગને મોકલાવેલ માંગણી પત્રકના અનુસંધાનમાં હાલ બાબત ઈન્ટરવ્યુના તબક્કે છે અને પસંદગીની કામગીરી ચાલુ છે. |

---------

રાજકોટ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના કેન્દ્રો

* ૮૪૫૪ શ્રીમતી ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે, અને | (૧) ૮ (આઠ) |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે? | (૨) ૩૩૬૭૦ |

---------

વડોદરા, સુરત સહિત અન્ય ચાર મહાનગરપાલિકાઓમાં આઇ.સી.ડી.એસ. ના સફળ અમલીકરણ માટે પ્રોગ્રામ ઓફિસરની મંજૂર જગ્યા

* ૯૫૧૪ શ્રી સોઢા કાંતિભાઇ પરમાર (આણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભારત સરકાર સાથેની ગુજરાતની અગત્યની બાબતો વર્ષ ૨૦૧૫ પૈકી ભારત સરકારની આઇ.સી.ડી.એસ.ની માર્ગદર્શિકાના પાનાં નં.૮૫ પરિશિષ્ટ–૪ માં જણાવ્યા મુજબ પાંચ ઘટક ઉપર એક પ્રોગ્રામ ઓફિસર હોવા જોઇએ તે મુજબ વડોદરા, સુરત સહિત અન્ય ચાર મહાનગરપાલિકાઓમાં આઇ.સી.ડી.એસ ના સફળ અમલીકરણ માટે પ્રોગ્રામ ઓફિસરની જગ્યા મંજૂર કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લાં બે વર્ષમાં કેટલી રજૂઆતો કે માંગણી કરવામાં આવી, અને | (૧) આવી કોઇ દરખાસ્ત કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શાં પ્રતિભાવ મળ્યા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે મેડિકલ પ્રવેશની પરીક્ષા તાલીમનું આયોજન

* ૮૪૭૨ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ મેડિકલ પ્રવેશ મેળવે તે માટે વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૦૧–૨૦૧૮ સુધીમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા નીટ પરીક્ષાની તાલીમનું કોઈ આયોજન કરેલ છે, | (૧) હા |
| (૨) જો હા, તો જિલ્લામાં આ તાલીમ માટે કેટલા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ, અને | (૨) તાપી જીલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭માં ૮ તાલીમ કેન્દ્રો અને વર્ષ ૨૦૧૭–૧૮માં ૮ તાલીમ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) તે કેન્દ્રો દ્વારા કુલ કેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે? | (૩) તાપી જીલ્લામાં વર્ષ ૨૧૦૬–૧૭માં ૪૩૬ વિદ્યાર્થીઓને અને વર્ષ ૨૦૧૭–૧૮માં ૩૮૮ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. |

## તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

----------

અમરેલી અને રાજકોટ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં જુદી-જુદી સુવિધાઓ

* ૯૪૯૯ શ્રી જે.વી. કાકડિયા (ધારી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમરેલી અને રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમતગમત મેદાન, વીજળી, કંપાઉન્ડ વોલ, પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધાઓ નથી, | (૧) પત્રક મુજબ |
| (૨) આ શાળાઓમાં ઉક્ત સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ કરાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી, અને | (૨) ઉક્ત સુવિધા પૈકી વીજળી, પાણી અને શૌચાલયની સુવિધાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે અને તમામ શાળાઓમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ કરાવવાની તથા જમીન ઉપલબ્ધ કરાવવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહેલ છે. |
| (૩) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી. |

પત્રક

અમરેલી જીલ્લો

| તાલુકો | રમતગમતના મેદાનની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલ ની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| અમરેલી | ૬ | ૦ | ૩ | ૦ | ૦ |
| બાબરા | ૩ | ૦ | ૮ | ૦ | ૦ |
| બગસરા | ૦ | ૦ | ૮ | ૦ | ૦ |
| ધારી | ૦ | ૦ | ૪ | ૦ | ૦ |
| જાફરાબાદ | ૨ | ૦ | ૫ | ૦ | ૦ |
| ખાંભા | ૦ | ૦ | ૮ | ૦ | ૦ |
| કુંકાવાવ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ |
| લાઠી | ૬ | ૦ | ૨ | ૦ | ૦ |
| લીલીયા | ૨ | ૦ | ૫ | ૦ | ૦ |
| રાજુલા | ૦ | ૦ | ૧૭ | ૦ | ૦ |
| સાવરકુંડલા | ૨ | ૦ | ૫ | ૦ | ૦ |

રાજકોટ જિલ્લો

| તાલુકો | રમતગમતના મેદાનની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલ ની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ધોરાજી | ૭ | ૦ | ૪ | ૦ | ૦ |
| ગોંડલ | ૧૬ | ૦ | ૯ | ૦ | ૦ |
| જામકંડોરણા | ૨ | ૦ | ૨ | ૦ | ૦ |
| જસદણ | ૧૦ | ૦ | ૨૦ | ૦ | ૦ |
| જેતપુર | ૮ | ૦ | ૬ | ૦ | ૦ |
| કોટડાસાંગાણી | ૧૧ | ૦ | ૫ | ૦ | ૦ |
| લોધિકા | ૫ | ૦ | ૧ | ૦ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| પડધરી | ૨૨ | ૦ | ૧૨ | ૦ | ૦ |
| રાજકોટ | ૧૯ | ૦ | ૨૯ | ૦ | ૦ |
| ઉપલેટા | ૩ | ૦ | ૭ | ૦ | ૦ |
| વિંછીયા | ૬ | ૦ | ૨૭ | ૦ | ૦ |

---------

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓનું મંજૂર મહેકમ

* ૧૦૧૩૧ ડૉ. સી.જે. ચાવડા (ગાંધીનગર–ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર તાલુકા અને શહેરમાં કુલ કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ છે અને તેમાં શિક્ષકોનું મંજુર થયેલ મહેકમ કેટલું છે, અને

(૧)

| ગાંધીનગર તાલુકો | | ગાંધીનગર શહેર | |
|---|---|---|---|
| સરકારી પ્રા.શાળાઓની સંખ્યા | શિક્ષકોનું મંજૂર મહેકમ | સરકારી પ્રા.શાળાઓની સંખ્યા | શિક્ષકોનું મંજૂર મહેકમ |
| ૧૫૩ | ૧૨૩૧ | ૩૩ | ૨૬૨ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શિક્ષકો નિવૃત્ત થયા, કેટલા શિક્ષકની ભરતી કરવામાં આવી અને ઉક્ત સ્થિતિ કેટલી ઘટ છે અને ઘટ ક્યારે ભરવામાં આવશે?

(૨)

| ગાંધીનગર તાલુકો | | | ગાંધીનગર શહેર | | |
|---|---|---|---|---|---|
| નિવૃત્ત થયેલ શિક્ષકોની સંખ્યા | ભરતી કરેલ શિક્ષકોની સંખ્યા | ઘટની સંખ્યા | નિવૃત્ત થયેલ શિક્ષકોની સંખ્યા | ભરતી કરેલ શિક્ષકોની સંખ્યા | ઘટની સંખ્યા |
| ૫૧ | ૨૩ | ૩૮ | ૨૭ | ૦૦ | ૩૩ |

જેમ બને તેમ ઝડપથી.

---------

અમદાવાદ જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ

* ૮૪૨૯ શ્રી કનુભાઈ પટેલ (સાણંદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ કેટલું છે,

(૧) ૨૧૯.

(૨) તે પૈકી, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| વર્ષ ૨૦૧૫–૧૬ માં ભરાયેલ જગ્યા | વર્ષ ૨૦૧૬–૧૭ માં ભરાયેલ જગ્યા | છેલ્લા બે વર્ષમાં ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૪૪ | ૨૮ | ૭૨ | ૧૬ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

(૩) વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે.

---------

જુનાગઢ જિલ્લામાં સફાઈ કર્મચારીઓને સહાય

* ૪૯૫૮ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) નામદાર સુપ્રીમ કોર્ટ સફાઈ કર્મચારી આંદોલન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા, રીટ પીટીશન (સીવીલ) નં.૫૮૩–૨૦૦૩ ના કેસમાં ગટર સફાઈ માટે ઉતારવામાં આવતા સફાઈ કામદારોના થઈ રહેલા મોતના વળતર બદલ રૂ.૧૦,૦૦,૦૦૦/– નું વળતર ચૂકવવા આદેશ આપેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ ?

(૧) હા, જી.

(૨) જો હા, તો જુનાગઢ જિલ્લાના પંચાયત

(૨) જુનાગઢ જિલ્લાના પંચાયત વિસ્તારમાં આવો કોઈ

વિસ્તારમાં ડિસેમ્બર–૨૦૧૭ની સ્થિતિએ મૃત્યુ પામેલ કેટલા સફાઈ કર્મચારીઓના કિસ્સામાં રૂ.૧૦ લાખનું વળતર ચૂકવવાનું બાકી છે, | બનાવ બનેલ ન હોઈ, કોઈ કિસ્સામાં વળતર ચૂકવવાનું બાકી નથી.

(૩) આ વળતર બાકી રહેવાના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન રહેતો નથી.

(૪) બાકી રહેલ તમામ વળતર ક્યાં સુધીમાં ચૂકવી આપવામાં આવનાર છે? | (૪) પ્રશ્ન રહેતો નથી.

---------

જેસર તાલુકામાં સેટઅપ મુજબ શિક્ષકોની ખાલી જગ્યા

* ૯૮૮૪ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૦૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના જેસર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં સેટઅપ મુજબ કેટલા ગામોમાં કેટલા પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ છે? | ૨૬ ગામોમાં પ્રાથમિક શિક્ષકોની ૮૫ જગ્યાઓ ખાલી છે. |

---------

ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાઓમાં વર્ગ–૩ અને જને ચૂકવવામાં આવતું વેતન

* ૮૧૯૬ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ ચાલતી ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાઓ અને આશ્રમશાળાઓમાં વર્ગ–૩ તથા જના કર્મચારીઓને માસિક કેટલું વેતન ચૂકવવામાં આવે છે, | (૧) પત્રક–અ મુજબ |
| (૨) ઉક્ત કર્મચારીઓને ફીક્સ વેતન આપવામાં આવતું હોય તો શિક્ષણ વિભાગ હેઠળ આવતી શાળાઓમાં જે રીતે વધારો આપવામાં આવેલ છે તેવી રીતે આ કર્મચારીઓને ફીક્સ વેતનમાં વધારો મળે તેવું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૨) હા |
| (૩) જો હા, તો આ વધારો ક્યારથી આપવામાં આવશે ? | (૩) જેમ બને તેમ વહેલા. |

પત્રક–(અ)

તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ ચાલતી આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં વર્ગ–૩ અને વર્ગ–૪ ના કર્મચારીઓને ચુકવાતા પગારની વિગત દર્શાવતું પત્રક

| આશ્રમશાળાઓ | | | | | |
|---|---|---|---|---|---|
| વર્ગ–૩ | | | વર્ગ–૪ | | |
| જગ્યાનું નામ | ચુકવવામાં આવતા માસિક વેતનની રકમ | | જગ્યાનું નામ | ચુકવવામાં આવતા માસિક વેતનની રકમ | |
| | પે–બેન્ડ | ગ્રેડ–પે | | પે–બેન્ડ | ગ્રેડ–પે |
| મદદનીશ શિક્ષક | ૫૨૦૦–૨૦૨૦૦ | ૨૪૦૦ | રસોયા | ૪૪૪૦–૭૪૪૦ | ૧૩૦૦, ૧૪૦૦, ૧૬૫૦ |
| | ૫૨૦૦–૨૦૨૦૦ | ૨૮૦૦ | મદદનીશ રસોયા | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ૯૩૦૦–૩૪૮૦૦ | ૪૨૦૦ | રસોડા કામદાર | | |
| | ૯૩૦૦–૩૪૮૦૦ | ૪૪૦૦ | કમાઠી | | |
| વિદ્યાસહાયક | ૧૧૫૦૦ (ફીક્સ વેતન) | –– | | | |

| ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ | | | | | |
|---|---|---|---|---|---|
| વર્ગ–૩ | | | વર્ગ–૪ | | |
| જગ્યાનું નામ | ચુકવવામાં આવતા માસિક વેતનની રકમ | | જગ્યાનું નામ | ચુકવવામાં આવતા માસિક વેતનની રકમ | |
| | પે–બેન્ડ | ગ્રેડ–પે | | પે–બેન્ડ | ગ્રેડ–પે |
| મદદનીશ શિક્ષક | ૯૩૦૦–૩૪૮૦૦ | ૪૨૦૦ | રસોયા | ૪૪૪૦–૭૪૪૦ | ૧૩૦૦, ૧૪૦૦, ૧૬૫૦ |
| | ૯૩૦૦–૩૪૮૦૦ | ૪૪૦૦ | મદદનીશ રસોયા | | |
| ફીલ્ડ આસીસ્ટન્ટ શિક્ષણ સહાયક | ૫૨૦૦–૨૦૨૦૦ | ૨૮૦૦ | રસોડા કામદાર | | |
| | ૧૬૫૦૦ (ફીક્સ વેતન) | –– | કમાઠી | | |
| વહીવટી સહાયક (જુનીયર કલાર્ક) | ૫૨૦૦–૨૦૨૦૦ | ૧૯૦૦, ૨૪૦૦, ૪૨૦૦ | કમાઠી | ૧૦૫૦૦ (ફીક્સ વેતન) | –– |
| | | | સાથી સહાયક (પટાવાળા) | ૪૪૪૦–૭૪૪૦ | ૧૩૦૦, ૧૪૦૦, ૧૬૫૦ |
| | | | સાથી સહાયક (પટાવાળા) | ૬૦૦૦ (ફીક્સ વેતન) | |

---------

બનાસકાંઠા જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના કેન્દ્રો

* ૯૬૦૭ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે, અને | (૧) ૧૧ (અગીયાર) |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે? | (૨) ૬૨૪૦ |

---------

બનાસકાંઠા જિલ્લામાં મૃત સફાઈ કર્મચારીઓને સહાય

* ૪૯૪૫ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નામદાર સુપ્રીમ કોર્ટ સફાઈ કર્મચારી આંદોલન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા, રીટ પીટીશન (સીવીલ) નં.૫૮૩–૨૦૦૩ ના કેસમાં ગટર સફાઈ માટે ઉતારવામાં આવતા સફાઈ કામદારોના થઈ રહેલા મોતના વળતર બદલ રૂ.૧૦,૦૦,૦૦૦/– નું વળતર ચૂકવવા આદેશ આપેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ ? | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લાના પંચાયત વિસ્તારમાં ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મૃત્યુ પામેલા કેટલા સફાઈ કર્મચારીઓના કિસ્સામાં રૂ.૧૦ લાખનું વળતર | (૨) બનાસકાંઠા જિલ્લાના પંચાયત વિસ્તારમાં આવો કોઈ બનાવ બનેલ ન હોઈ, કોઈ કિસ્સામાં વળતર ચૂકવવાનું બાકી નથી. |

ચૂકવવાનું બાકી છે,

(૩) આ વળતર બાકી રહેવાના શા કારણો છે, અને — (૩) પ્રશ્ન રહેતો નથી.

(૪) બાકી રહેલ તમામ વળતર ક્યાં સુધીમાં ચૂકવી આપવામાં આવનાર છે? — (૪) પ્રશ્ન રહેતો નથી.

---------

ડાંગ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં વિજ્ઞાન/અંગ્રજી/ગણિતના શિક્ષકોનું મંજુર મહેકમ

* ૮૨૦૦ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં આવેલ સરકારી પ્રાથમિક શાળામાં વિજ્ઞાન,અંગ્રજી,ગણિતના વિષયવાર કેટલા શિક્ષકોનું મહેકમ મંજુર થયેલ છે,

(૧) સરકારી પ્રાથમિક શાળાઓમાં વિજ્ઞાન, ગણિત અને અંગ્રજીના વિષયના શિક્ષકોનું અલગથી મહેકમ મંજૂર કરવામાં આવતું નથી, પરંતુ ગણિત–વિજ્ઞાન અને ભાષા શિક્ષકોનું મહેકમ મંજૂર કરવામાં આવે છે.

| વિષય | મંજૂર મહેકમ |
|---|---|
| ગણિત–વિજ્ઞાન | ૧૭૧ |
| ભાષા | ૨૨૭ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ છેલ્લા એક, બે કે ત્રણ વર્ષથી ખાલી છે, અને

(૨)

| છેલ્લાં એક વર્ષથી ખાલી | | છેલ્લાં બે વર્ષથી ખાલી | | છેલ્લાં ત્રણ વર્ષથી ખાલી | |
|---|---|---|---|---|---|
| ગણિત–વિજ્ઞાન | ભાષા | ગણિત–વિજ્ઞાન | ભાષા | ગણિત–વિજ્ઞાન | ભાષા |
| ૨૪ | ૩૮ | ૧૭ | ૨૫ | ૦૦ | ૦૦ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? — (૩) જેમ બને તેમ જલદી.

---------

બોટાદ જિલ્લામાં કાર્યાન્વિત આંગણવાડી કેન્દ્રો

* ૯૬૧૨ શ્રી રાઘવભાઈ મકવાણા (મહુવા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) બોટાદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત છે, — (૧) ૫૬૯ આંગણવાડી કેન્દ્રો.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા આંગણવાડી કેન્દ્રમાં વીજ જોડાણ આપવામાં આવેલ છે, અને — (૨) ૫૬૩ આંગણવાડી કેન્દ્રમાં.

(૩) બાકી વીજ જોડાણ ક્યાં સુધીમાં આપવામાં આવશે ? — (૩) ૬ આંગણવાડી કેન્દ્રોના વીજ જોડાણ બાકી છે, જે માટે થાંભલાના તથા ટેસ્ટીંગ ચાર્જીસ ભરાયેલ છે. બનતી ત્વરાએ વીજ જોડાણ આપવામાં આવશે.

---------

અરવલ્લી અને અમદાવાદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં જુદી–જુદી સુવિધાઓ

* ૯૭૫૨ શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને અમદાવાદ જીલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમતગમતના મેદાન, વીજળી, કંપાઉન્ડ વોલ,પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધાઓ નથી, — (૧) પત્રક–૧ આ સાથે સામેલ છે.

(૨) આ શાળાઓમાં ઉક્ત સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ કરાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી, અને

(૨) ઉક્ત સુવિધાઓ પૈકી વીજળી, પાણી અને શૌચાલયની સુવિધાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે અને તમામ શાળાઓમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ કરાવવાની તથા રમતગમતના મેદાન માટે જમીન ઉપલબ્ધ કરાવવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહેલ છે.

(૩) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

પત્રક–૧

અરવલ્લી જિલ્લો

| ક્રમ | તાલુકો | રમતગમતના મેદાન વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | વીજળીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | બાયડ | ૫૨ | ૦ | ૬૬ | ૦ | ૦ |
| ૨ | ભીલોડા | ૪૪ | ૦ | ૭૨ | ૦ | ૦ |
| ૩ | ધનસુરા | ૨૨ | ૦ | ૨૪ | ૦ | ૦ |
| ૪ | માલપુર | ૨૦ | ૦ | ૩૭ | ૦ | ૦ |
| ૫ | મેઘરજ | ૩૬ | ૦ | ૧૪૨ | ૦ | ૦ |
| ૬ | મોડાસા | ૫૦ | ૦ | ૪૩ | ૦ | ૦ |

અમદાવાદ જિલ્લો

| ક્રમ | તાલુકો | રમતગમતના મેદાન વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | વીજળીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | બાવળા | ૦ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૨ | સીટી | ૬ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૩ | દસક્રોઇ | ૬ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૪ | દેત્રોજ | ૫ | ૦ | ૩ | ૦ | ૦ |
| ૫ | ધંધુકા | ૬ | ૦ | ૫ | ૦ | ૦ |
| ૬ | ધોલેરા | ૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ધોળકા | ૫ | ૦ | ૧૬ | ૦ | ૦ |
| ૮ | માંડલ | ૪ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૯ | સાણંદ | ૧૩ | ૦ | ૪ | ૦ | ૦ |
| ૧૦ | વિરમગામ | ૧૪ | ૦ | ૩ | ૦ | ૦ |

---------

## ગીર–સોમનાથ જિલ્લામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૯૫૯૭ શ્રી બાબુભાઇ બોખીરીયા (પોરબંદર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર–સોમનાથ સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) ૪૯૩ હેકટર |
| (૨) તે પૈકી તાલાલા તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) ૮૩ હેકટર |
| (૩) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૨૬.૮૩ લાખ |

---------

## તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

લખપત અને અબડાસા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૮૫૦૨ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ લખપત અને અબડાસા તાલુકામાં નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૫૦૮૯.૧૨ હેક્ટર |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૧૪૫૮.૭૧ લાખ |

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના કેન્દ્રો

* ૮૪૫૬ શ્રી ધનજીભાઇ પટેલ (વઢવાણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે, અને | (૧) ૯ (નવ) |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે? | (૨) ૧૬૭૮૩ |

---------

વડોદરા જિલ્લામાં ડ્રોપ આઉટ રેટ ઘટાડવા બાબત

* ૮૪૪૪ શ્રી કેતનભાઇ ઇનામદાર (સાવલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન યોજના અંતર્ગત ડ્રોપ આઉટ રેટ ઘટવા પામેલ છે કે કેમ, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ડ્રોપ આઉટ રેટ ઘટાડવા માટે રાજ્ય સરકાર દ્વારા કેવા પ્રકારની કાર્યવાહી હાથ ધરેલ છે? | (૨) હાથ ધરેલ કાર્યવાહીઃ |

| | |
|---|---|
| (૧) | સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્ય પુસ્તકોનું વિતરણ |
| (૨) | કુમાર અને કન્યા માટે અલગ શૌચાલયની સુવિધા ધરાવતા સ્વચ્છ વિદ્યાલય સંકુલની વ્યવસ્થા |
| (૩) | ડ્રોપ આઉટ થતાં બાળકોને ખાસ તાલીમ વર્ગોમાં અભ્યાસ કરાવી મેઇન–સ્ટ્રીમ કરવામાં આવે છે. |
| (૪) | મધ્યાહન ભોજન યોજના અંતર્ગત સરકારી શાળાઓમાં બાળકોને વિનામૂલ્યે ભોજન |
| (૫) | ૩૫ ટકા કરતાં ઓછા સત્સાક્ષરતા દર હોય તેવા ગામોની કન્યાઓને ધોરણ–૧માં પ્રવેશ વખતે જ રૂ. ૨૦૦૦/–નાં વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે. |
| (૬) | કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી |
| (૭) | કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય અંતર્ગત કન્યાઓ માટે નિવાસી શાળાની સુવિધા |
| (૮) | તમામ બાળકોની શાળા આરોગ્ય તપાસ |

| | |
|---|---|
| (૯) | શાળા વ્યવસ્થાપન સમિતિ મારફત વાલીઓની શિક્ષણ પ્રત્યે જાગૃતિ |
| (૧૦) | સમાજ કલ્યાણ વિભાગ દ્વારા શિષ્યવૃત્તિ |
| (૧૧) | વડોદરા જિલ્લામાં ૧૦૦ શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ થકી સ્માર્ટ વર્ગ ખંડોનો વિકાસ |
| (૧૨) | વડોદરા જિલ્લામાં એક શાળાનો સ્માર્ટ સ્કુલ તરીકે વિકાસ |

---------

આદિજાતિ વિકાસ વિભાગમાં સંવર્ગવાર જગ્યાઓ.

* ૧૦૦૮૦ શ્રી ભાવેશભાઈ કટારા (ઝાલોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ ની સ્થિતિએ આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય ગાંધીનગરમાં છેલ્લા બે વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કાયમી, કેટલી બઢતીથી અને કેટલી કરાર આધારિત ભરવામાં આવી,

(૧)

| વર્ષ-૨૦૧૬ | | | |
|---|---|---|---|
| સંવર્ગ | કાયમી | બઢતી | કરાર આધારિત |
| વર્ગ-૧ | ૦૩ | ૦૩ | ૦૧ |
| વર્ગ-૨ | ૦૦ | ૦૨ | ૦૦ |
| વર્ગ-૩ | ૦૮ | ૦૦ | ૦૩ |
| વર્ષ-૨૦૧૭ | | | |
| સંવર્ગ | કાયમી | બઢતી | કરાર આધારિત |
| વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| વર્ગ-૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| વર્ગ-૩ | ૧૧ | ૦૧ | ૦૧ |

(૨) કરાર આધારિત જે જગ્યાઓ ભરવામાં આવી હોય તે પૈકી સંવર્ગવાર ૬૨ વર્ષ કરતાં વધુ વયના કર્મચારીઓને નિમણૂંક આપવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) ના,જી.

(૩) જો હા, તો કરાર આધારિત નિમણૂંક આપવામાં આવેલ કર્મચારી/અધિકારીની ઉંમર ઉક્ત સ્થિતિએ કેટલી છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આવી નિમણૂંક આપવાના કારણો શું છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ જુથ ગ્રામ પંચાયતોમાં જોડાયેલ ગામો

* ૯૭૮૨ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આવેલ જુથ ગ્રામ પંચાયતોમાં પંચાયત વાર કેટલા ગામો જોડાયેલા છે,

(૧) ૨૧૦ (બસ્સો દસ ) ગ્રામ પંચાયતોમાં ૫૪૬ (પાંચસો છેતાલીસ) ગામો સમાવિષ્ટ છે.

(૨) ૧૦૦૦ની વસ્તીના ધોરણે અલગ ગ્રામ્ય પંચાયત આપવાના ધોરણો પ્રમાણે સરકારે સુઓમોટો કરી જુથ ગ્રામ પંચાયતોનું વિભાજન કરવા શી કામગીરી કરી,

(૨) ગ્રામ પંચાયત/ તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતના ભલામણ બાદ જ વિભાજનની કાર્યવાહી કરવાની થતી હોઇ સુઓમોટોથી વિભાજન કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) આવી કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત સરકારમાં ક્યારથી પેન્ડીંગ પડી છે, અને

(૩) ૦ (શૂન્ય)

(૪) દરખાસ્ત થઈ આવેલ પંચાયતનું વિભાજન

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ક્યારે થશે ?

---------

અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં કોમર્શીયલ કોર્ટની સ્થાપના

* ૯૬૭૯ શ્રી અરવિંદભાઇ પટેલ (સાબરમતી) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં કોમર્શીયલ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ કયારથી કાર્યરત થયેલ છે? | (૨) સરકારશ્રીના કાયદા વિભાગે તા.૦૨–૦૪–૨૦૧૬ ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૦૮/૨૦૧૬ /એસપીસી/ ૧૦૨૦૧૬/ જીઓઆઇ–૦૯/ડી(પાર્ટ–૧)ના અધિસૂચનાથી તા.૦૧–૦૬–૨૦૧૬ના રોજથી અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં કોમર્શીયલ કોર્ટ કાર્યરત થયેલ છે. |

---------

ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે આપેલ ગ્રાન્ટ

* ૮૪૧૮ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાબાદ) : માનનીય પંચાયતમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે કોઇ ગ્રાન્ટ આપવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી કેટલી ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવી? | (૨) છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે જિલ્લાની તાલુકાવાર ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ |
|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ ગ્રા.પં. ની સંખ્યા | ગ્રાન્ટ ફાળવેલ ગ્રા.પં.ની સંખ્યા |
| ૧ | ખેડા | ૩૭ | ૩૮ |
| ૨ | વસો | ૨૨ | ૨૨ |
| ૩ | મહુધા | ૪૨ | ૪૩ |
| ૪ | કઠલાલ | ૫૩ | ૫૪ |
| ૫ | ગળતેશ્વર | ૩૪ | ૩૪ |
| ૬ | માતર | ૪૬ | ૪૬ |
| ૭ | મહેમદાવાદ | ૬૫ | ૬૫ |
| ૮ | ઠાસરા | ૬૬ | ૬૬ |
| ૯ | નડીયાદ | ૪૭ | ૪૯ |
| ૧૦ | કપડવંજ | ૯૫ | ૧૦૨ |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગૌચર જમીનોમાં દબાણ

* ૮૨૩૭ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર | (૧) છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર મળેલ ફરીયાદો આ મુજબ છે. |

ગૌચરની જમીનમાં ગેરકાયદેસર બાંધકામો ઉભા કરીને દબાણો થયા હોવાની, ગેરકાયદેસર કબ્જો લીધો હોવા બાબતની કેટલી ફરીયાદો સરકારને મળી,

| ક્રમ | જિલ્લો | મળેલ ફરીયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અરવલ્લી | ૧૪ |
| ૨ | સાબરકાંઠા | ૨ |

(૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે કેટલા તલાટી–કમ–મંત્રીઓ (મહેસુલ)ની સમીક્ષા બેઠકમાં કેટલા દબાણો દુર કરવા સુચનાઓ આપવામાં આવી, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ ની જોગવાઇ મુજબ ગૌચરના જમીનના દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની હોઇ તલાટી–કમ–મંત્રીઓની માસિક સમીક્ષા બેઠકમાં આવા દબાણો દુર કરાવવા સમયાંતરે તાલુકા વિકાસ અધિકારી દ્વારા સૂચના આપવામાં આવેલ છે

(૩) તે અન્વયે કેટલી ગૌચરની કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી?

(૩) જિલ્લાવાર નીચે મુજબ ગૌચરની જમીન પરનું દબાણ દુર થયેલ છે.

| ક્રમ | જિલ્લો | ક્ષેત્રફળ (હે.આરે.પ્રતિ) |
|---|---|---|
| ૧ | અરવલ્લી | ૦.૨૯.૬૧ |
| ૨ | સાબરકાંઠા | ૦.૦૨.૦૦ |

---------

## જૂનાગઢ જિલ્લામાં આંગણવાડી કાર્યકર/તેડાગર માટે ગૌરવનિધિ વીમા યોજના

* ૮૪૯૮ શ્રી દેવાભાઇ માલમ (કેશોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આંગણવાડી કાર્યકર/તેડાગર માટે ગૌરવનિધિ વીમા યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા આંગણવાડી કાર્યકર/તેડાગર જોડાયેલ છે, અને | (૧) કાર્યકર – ૧૩૪૭<br>તેડાગર – ૧૨૮૩<br>કુલ – ૨૬૩૦ |
| (૨) નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭માં આ યોજનાનો કેટલાને લાભ આપવામાં આવેલ છે? | (૨) કાર્યકર/તેડાગર – ૮૬ |

---------

## ઇન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણમાં અસરકારકતા લાવવા બાબત

* ૮૪૪૦ શ્રી લાખાભાઇ સાગઠીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન યોજના અંતર્ગત ઇન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણમાં અસરકારકતા લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૨) |

| | |
|---|---|
| (૧) | ૧૧૭ શાળાઓને જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત લેપટોપ, પ્રોજેક્ટર, ઇન્ટર એક્ટીવ કેમેરા, ટેબલેટ આપવામાં આવેલ છે. |
| (૨) | ૧ શાળાનો સ્માર્ટ સ્કુલ અંતર્ગત સમાવેશ કરી તમામ શિક્ષકોને લેપટોપ આપવામાં આવેલ છે અને શાળાને બિલ્ડીંગ એઝલર્નીંગએઇડ, ગ્રીન સ્કુલ કોન્સેપ્ટનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૩) | ૩૨૦ શાળાઓમાં ઇ–કન્ટેન્ટ આપવામાં આવેલ છે. |
| (૪) | ૮૭૪ શાળાઓને ઇન્ટરનેટ સુવિધાથી સજજ કરવામાં આવેલ છે. |

(૩) આ યોજના અંતર્ગત ઈન્ફર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) રૂ. ૩૪૪.૩૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## વડોદરા જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનના કેન્દ્રો

* ૮૪૫૭ શ્રીમતી સીમાબેન મોહિલે (અકોટા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે, અને | (૧) ૭ (સાત) |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે? | (૨) ૧૩૪૭૨ |

---------

## કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ સબંધે સૂચના

* ૯૫૩૬ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભારત સરકાર સાથેની ગુજરાતની અગત્યની બાબતો વર્ષ ૨૦૧૫ પૈકી હયાત કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ સબંધમાં સૂચનો (એસએસએની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ શરૂ થયા પહેલા રાજ્ય સરકારે હાથ ધરેલી પ્રવૃત્તિઓ માટે ફંડ બાબત) બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કેટલી રજૂઆતો કે માંગણી કરવામાં આવી, | (૧) આ બાબતે રાજ્ય સરકાર તરફથી ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલયને તા.૧૪–૦૯–૧૬ના પત્રકઃ ઈડીયુ/ (પીએન્ડએસ) એચ એન્ડ ટી આઈ એન્ડ ટી/વી આઈપી/૨૪ અન્વયે રજુઆત મોકલવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા, અને | (૨) પ્રશ્ન પડતો મુકેલ હોઈ પ્રતિભાવનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બાબતે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ મળી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કાર્યરત આંગણવાડીઓ

* ૮૪૯૬ શ્રી રૂષિકેશ પટેલ (વિસનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને

(૧)

| | |
|---|---|
| મહેસાણા | ૨૩૧ |
| જોટાણા | ૧૯૩ |
| ઉંઝા | ૧૭૦ |
| કડી | ૨૮૫ |
| બેચરાજી | ૧૧૮ |
| વડનગર | ૧૬૪ |
| ખેરાલુ | ૧૨૮ |
| સતલાસણા | ૯૮ |
| વિસનગર | ૨૪૬ |
| વિજાપુર | ૨૮૭ |

(૨) આંગણવાડી કાર્યકર અને તેડાગરની કેટલી જગ્યા ભરાયેલ છે?

(૨)

| તાલુકાનું નામ | આંગણવાડી કાર્યકરની ભરાયેલ જગ્યા | આંગણવાડી તેડાગરની ભરાયેલ જગ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| મહેસાણા | ૨૧૯ | ૨૧૨ |
| જોટાણા | ૧૯૧ | ૧૮૨ |
| ઉંઝા | ૧૬૭ | ૧૬૧ |
| કડી | ૨૮૨ | ૨૭૭ |
| બેચરાજી | ૧૧૬ | ૧૧૨ |
| વડનગર | ૧૬૦ | ૧૫૪ |
| ખેરાલુ | ૧૨૬ | ૧૨૨ |
| તાલુકાનું નામ | આંગણવાડી કાર્યકરની ભરાયેલ જગ્યા | આંગણવાડી તેડાગરની ભરાયેલ જગ્યા |
| સતલાસણા | ૯૭ | ૮૯ |
| વિસનગર | ૨૪૬ | ૨૩૫ |
| વિજાપુર | ૨૮૭ | ૨૭૯ |

---------

તાપી જિલ્લાના તાલુકાઓમાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

* ૮૪૪૯ શ્રી કાંતિભાઇ બલર (સુરત ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૦૧૭–૧૮ ના વર્ષ સુધીમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તાપી જિલ્લાના કયા કયા તાલુકાઓમાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવેલ છે, | (૧) કુકરમુંડા, ઉચ્છલ, સોનગઢ, ડોલવણ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં કુલ કેટલી કન્યાઓ અભ્યાસ કરે છે, | (૨) ૨૮૮ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કેજીબીવીમાં માધ્યમિક શિક્ષણ માટે વિસ્તરણની વ્યવસ્થા કરવામાં આવેલ છે,અને | (૩) એક |
| (૪) ઉક્ત સ્થિતિએ આ વિદ્યાલયમાં કન્યાઓને કઇ કઇ સુવિધાઓ આપવામાં આવે છે? | (૪) વિનામૂલ્યે શિક્ષણ, રહેવાની અને જમવાની સુવિધા. |

---------

એમબીએ અને એમસીએ અભ્યાસક્રમની સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજોમાં બેઠકો

* ૯૪૬૭ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ એમ.બી.એ અને એમ.સી.એ અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે, અને | (૧) ગુજરાત રાજ્યમાં એમબીએ અભ્યાસક્રમમાં, અનુદાનિત કોલેજમાં ૪૪૦ અને સ્વનિર્ભર કોલેજમાં ૯૪૩૦ બેઠકો છે. એમસીએ અભ્યાસક્રમમાં, સરકારી કોલેજમાં ૯૦ અનુદાનિત કોલેજમાં ૨૨૦ અને સ્વનિર્ભર કોલેજમાં ૫૧૦૦ બેઠકો છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી ખાલી રહી? | (૨) વર્ષ ૨૦૧૭–૧૮માં સરકારી કોલેજમાં એમસીએ અભ્યાસક્રમમાં ૯૦ બેઠકોમાંથી ૮૦ ભરાયેલ હતી અને ૧૦ ખાલી રહેલ હતી. અનુદાનિત કોલેજમાં એમબીએ અભ્યાસક્રમમાં ૪૪૦ બેઠકો માંથી ૪૧૬ બેઠકો ભરાયેલ અને ૨૪ બેઠકો ખાલી રહેલ હતી તેમજ એમસીએ અભ્યાસક્રમમાં ૨૨૦ બેઠકોમાંથી ૨૧૭ બેઠકો ભરાયેલ અને ૩ બેઠકો ખાલી રહેલ હતી. સ્વનિર્ભર કોલેજોમાં એમબીએ અભ્યાસક્રમમાં ૯૪૩૦ બેઠકોમાંથી ૫૯૩૨ બેઠકો ભરાયેલ હતી અને ૩૪૯૮ બેઠકો ખાલી હતી તેમજ |

એમસીએ અભ્યાસક્રમમાં ૫૧૦૦ બેઠકોમાંથી ૨૩૯ બેઠકો ભરાયેલ હતી અને ૪૮૬૧ બેઠકો ખાલી હતી.

વર્ષ ૨૦૧૬–૧૭માં સરકારી કોલેજમાં એમસીએ અભ્યાસક્રમમાં ૯૦ બેઠકોમાંથી ૮૪ ભરાયેલ હતી અને ૬ ખાલી રહેલ હતી. અનુદાનિત કોલેજમાં એમબીએ અભ્યાસક્રમમાં ૪૪૦ બેઠકોમાંથી ૩૮૭ બેઠકો ભરાયેલ અને ૫૩ બેઠકો ખાલી રહેલ હતી તેમજ એમસીએ અભ્યાસક્રમમાં ૨૨૦ બેઠકોમાંથી ૨૧૯ બેઠકો ભરાયેલ અને ૧ બેઠક ખાલી રહેલ હતી. સ્વનિર્ભર કોલેજોમાં એમબીએ અભ્યાસક્રમમાં ૯૬૬૦ બેઠકોમાંથી ૫૬૦૫ બેઠકો ભરાયેલ હતી અને ૪૦૫૫ બેઠકો ખાલી હતી તેમજ એમસીએ અભ્યાક્રમમાં ૫૫૮૦ બેઠકોમાંથી ૨૩૯ બેઠકો ભરાયેલ હતી અને ૫૩૪૧ બેઠકો ખાલી હતી.

---------

માંડવી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૮૫૦૧ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના માંડવી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૮૬૦ હેક્ટર |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૪૪૪.૦૫ લાખ |

---------

ભાવનગર અને ગીર–સોમનાથ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં જુદી–જુદી સુવિધાઓ

* ૯૫૦૫ શ્રી કનુભાઇ બારૈયા (તળાજા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર અને ગીર–સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમતગમત મેદાન, વીજળી, કંપાઉન્ડ વોલ, પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધાઓ નથી, | (૧) પત્રક મુજબ |
| (૨) આ શાળાઓમાં ઉક્ત સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ કરાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શુ કાર્યવાહી કરી, અને | (૨) ઉક્ત સુવિધા પૈકી વિજળી, પાણી અને શૌચાલયની સુવિધાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. ગીર સોમનાથ જીલ્લાના ગીર ગઢળા તાલુકાની ફક્ત એક શાળામાં વિજળીની સુવિધા નથી. બાકીની તમામ શાળાઓમાં વિજળીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ કરાવવાની તથા જમીન ઉપલબ્ધ કરાવવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહેલ છે. |
| (૩) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) આગામી વર્ષોમાં તબક્કાબાર જેમ બને તેમ ઝડપથી. |

પત્રક

ભાવનગર જિલ્લો

| તાલુકો | રમતગમતના મેદાનની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ભાવનગર | ૪૬ | ૦ | ૧૧ | ૦ | ૦ |
| ગારીયાધાર | ૨૧ | ૦ | ૪ | ૦ | ૦ |
| ઘોઘા | ૧૨ | ૦ | ૪ | ૦ | ૦ |
| જેસર | ૧૭ | ૦ | ૧૨ | ૦ | ૦ |
| મહુવા | ૬૧ | ૦ | ૨૯ | ૦ | ૦ |
| પાલીતાણા | ૪૩ | ૦ | ૨૪ | ૦ | ૦ |
| શિહોર | ૨૮ | ૦ | ૬ | ૦ | ૦ |
| તળાજા | ૨૯ | ૦ | ૩૨ | ૦ | ૦ |
| ઉમરાળા | ૧૬ | ૦ | ૫ | ૦ | ૦ |
| વલ્લભીપુર | ૨૧ | ૦ | ૨ | ૦ | ૦ |

ગીર સોમનાથ જિલ્લો

| તાલુકો | રમતગમતના મેદાનની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ગીર ગઢળા | ૨૪ | ૧ | ૧૧ | ૦ | ૦ |
| કોડીનાર | ૩૧ | ૦ | ૧૯ | ૦ | ૦ |
| સુત્રાપાડા | ૩૦ | ૦ | ૧૧ | ૦ | ૦ |
| તાલાલા | ૧૫ | ૦ | ૧૫ | ૦ | ૦ |
| ઉના | ૪૮ | ૦ | ૨૦ | ૦ | ૦ |
| વેરાવળ | ૪૮ | ૦ | ૧૮ | ૦ | ૦ |

---------

સુરત જિલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ

* ૮૪૩૩ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

જવાબ

(૧) ૪૫૧

(૨)

| વર્ષ ૨૦૧૫–૧૬ માં ભરાયેલ જગ્યાઓ | વર્ષ ૨૦૧૬–૧૭ માં ભરાયેલ જગ્યાઓ | છેલ્લા બે વર્ષમાં ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૨૧ | ૯૯ | ૧૨૦ | ૮૬ |

(૩) વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે.

## તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

ગીર, આલેચ અને બરડાના જંગલ વિસ્તારના માલધારીઓ–રબારીઓ–ભરવાડ–ચારણોને અનુસૂચિત જનજાતિના વિગતદર્શક કાર્ડ આપવા બાબત

* ૧૦૦૫૩ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર, આલેચ અને બરડાના જંગલ વિસ્તારના માલધારી વસાહતો–નેસોમાં વસતા રબારી, ભરવાડ અને ચારણ જાતિઓની અનુસૂચિત જનજાતિ તરીકેના વિગતદર્શક કાર્ડ મેળવવા સારૂ કેટલી અરજીઓ આવી, અને | (૧) એક પણ અરજી આવેલ નથી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી નામંજૂર કરી અને તેના કારણો શું છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

પાટણ જિલ્લાની શાળાઓમાં ગુણોત્સવ

* ૯૬૨૪ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગુણોત્સવ–૭ દરમ્યાન પાટણ જિલ્લામાં કેટલી શાળાઓએ સી અને ડી ગ્રેડ મેળવ્યો અથવા કેટલી શાળાઓ નબળી અને અતિશય નબળી જણાઈ આવેલ છે, અને | (૧) ૨૬ શાળાઓએ સી ગ્રેડ અને ૧ શાળાએ ડી ગ્રેડ મેળવેલ છે. |
| (૨) તેને માટે સરકારશ્રી દ્ધારા શાં પગલાં લેવામાં આવ્યા ? | (૨) સરકારે લીધેલા પગલાં : |

| | |
|---|---|
| (૧) | ઉપચારાત્મક કાર્યક્રમ દ્ધારા અતિશય નબળી શાળાઓનો સમય એક કલાક વધારી વધારાનું શિક્ષણ કાર્ય કરવામાં આવે છે અને તેનું સુચારૂ અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવામાં આવે છે. |
| (૨) | સ્મૃતિધારા કાર્યક્રમ અન્વયે જૂન માસથી શાળાઓમાં વિદ્યાર્થીઓને પુનરાવર્તન સ્વરૂપે ૧૦ દિવસ ઝુંબેશ સ્વરૂપે ગુણવત્તામાં સુધારો થાય તે માટે સઘન મોનીટરીંગ દ્ધારા ગત વર્ષના શૈક્ષણિક કાર્યનું પુનરાવર્તન કરાવી નવીન શૈક્ષણિક વિષયો તરફ પૂર્વ તૈયારી કરાવવામાં આવેલ છે. |
| (૩) | જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્ધારા ડી ગ્રેડની શાળાઓને દત્તક લઇ વિશેષ મુલાકાત લેવામાં આવી. |
| (૪) | સી અને ડી ગ્રેડની શાળાઓમાં લેશન ડાયરી તેમજ ગૃહકાર્ય ચકાસણી પત્રક વિશેષ મહાવરો કરાવવામાં આવેલ છે. |
| (૫) | જિલ્લા સ્તરના ઉચ્ચ અધિકારીઓ તેમજ તાલુકા સ્તરના અધિકારીઓ સાથે સમયાંતરે બેઠકો યોજી ગુણવત્તા સુધારણા માટે પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. |
| (૬) | જિલ્લાની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રીપોર્ટ વાલીઓ સુધી પહોંચે તેવું આયોજન કરેલ છે. |

| | |
|---|---|
| (૭) | દરેક શાળામાં ફરજીયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ થાય તેના પર ખાસ ભાર મુકાયો. |
| (૮) | ગુણવત્તા સુધારણા અંગે વખતોવખત આપવામાં આવેલ સૂચનાઓની અમલવારી કરાવવી. આ બાબતોનું સઘન મોનીટરીંગ/ હેન્ડ હોલ્ડીંગ પોતાના તાબાની શાળાઓમાં સીઆરસી, બીઆરસી કો-ઓર્ડીનેટર તેમજ બીટ કેળવણી નિરીક્ષકોને કરવા જણાવવામાં આવેલ છે. |
| (૯) | વાંચન, લેખન અને ગણન જેવી પ્રવૃત્તિઓ કરતી વખતે બાળકોને સતત પ્રોત્સાહન આપી જાહેરમાં તેમને બિરદાવવાથી શિક્ષણમાં સારા પરીણામ માટે પ્રયત્નો કરવામાં આવે છે. |
| (૧૦) | શાળાઓમાં ભૌતિક સુવિધાઓની ઘટનો તાત્કાલિક નિકાલ થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. |

---------

સર્વ શિક્ષા અભિયાન હેઠળ પાટણ અને બનાસકાંઠા જિલ્લાને ગ્રાન્ટ

* ૯૯૦૧ શ્રી ચંદનજી ઠાકોર (સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી સર્વ શિક્ષા અભિયાન હેઠળ રાજ્ય સરકારને કેટલી રકમની ગ્રાન્ટ મળી,

(૨) તે અન્વયે વર્ષવાર પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ફાળવવામાં આવેલ રકમમાંથી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેવા પ્રકારના કામોમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી સર્વ શિક્ષા અભિયાન હેઠળ રાજ્ય સરકારને નીચે મુજબની રકમ મળેલ છે.

(રૂ. લાખમાં)

| વર્ષ | રકમ |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૭૭૭૪૦.૫૧ |
| ૨૦૧૭-૧૮ (૩૧-૧૨-૧૭ ની સ્થિતિએ) | ૪૬૦૯૪.૭૮ |

(૨) વર્ષવાર પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર ફાળવવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| વર્ષ | પાટણ | બનાસકાંઠા |
|---|---|---|
| ૨૦૧૬-૧૭ | ૩૯૮૦.૪૭ | ૯૨૭૫.૬૫ |
| ૨૦૧૭-૧૮ (૩૧-૧૨-૧૭ની સ્થિતિએ) | ૨૪૧૬.૯૯ | ૪૫૧૭.૭૩ |
| કુલ | ૬૩૯૭.૪૬ | ૧૩૭૯૩.૩૮ |

(૩) ફાળવવામાં આવેલ રકમમાંથી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર થયેલ કામો તેમજ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| વર્ષ | પાટણ | | | બનાસકાંઠા | | |
|---|---|---|---|---|---|---|
| | જનરલ | કેપીટલ | કુલ | જનરલ | કેપીટલ | કુલ |
| ૨૦૧૬-૧૭ | ૨૫૩૩.૪૩ | ૧૦૫૫.૦૨ | ૩૫૮૮.૪૫ | ૬૫૬૭.૩૧ | ૨૪૬૫.૭૯ | ૯૦૩૩.૧૦ |
| ૨૦૧૭-૧૮ (૩૧-૧૨-૧૭ની સ્થિતિએ) | ૧૩૫૪.૫૬ | ૬૫૫.૮૩ | ૨૦૧૦.૩૯ | ૩૯૫૨.૯૪ | ૨૯૨.૫૫ | ૪૨૪૫.૪૯ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કુલ | ૩૮૮૭.૯૯ | ૧૭૧૦.૮૫ | ૫૫૯૮.૮૪ | ૧૦૫૨૦.૨૫ | ૨૭૫૮.૩૪ | ૧૩૨૭૮.૫૯ |

---------

છોટાઉદેપુર જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે મેડીકલ પ્રવેશ માટેની પરીક્ષા તાલીમનું આયોજન

* ૮૪૭૧ શ્રી અભેસિંહ તડવી (સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ મેડીકલમાં પ્રવેશ મેળવે તે માટે વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧–૨૦૧૮ સુધીમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા નીટ પરીક્ષાની તાલીમનું કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો જિલ્લામાં આ તાલીમ માટે કેટલા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ, અને | (૨) છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭માં ૬ તાલીમ કેન્દ્રો અને વર્ષ ૨૦૧૭–૧૮માં ૧૦ તાલીમ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) તે કેન્દ્રો દ્વારા કુલ કેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે? | (૩) છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭માં ૨૯૧ વિદ્યાર્થીઓને અને વર્ષ ૨૦૧૭–૧૮માં ૫૭૯ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. |

---------

નર્મદા જિલ્લામાં પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં રમતગમતનું મેદાન

* ૯૭૮૦ શ્રી પ્રેમસિંહભાઈ વસાવા (નાંદોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નર્મદા જિલ્લાની કેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં રમત–ગમતનાં મેદાનો નથી, અને | (૧) |

| પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ |
|---|---|
| ૪૩૩ | ૦૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) જે શાળાઓમાં મેદાનો નથી ત્યાં સરકાર શું વ્યવસ્થા કરવા માગે છે. | (૨) જે શાળાઓમાં મેદાનો નથી ત્યાં નજીકનાં ખુલ્લા મેદાનો, ગૌચર અથવા સરકારી પડતર મેદાનોનો રમતગમતના મેદાન તરીકે ઉપયોગ કરવામાં આવે છે. વધુમાં, આ હેતુ માટે શાળાઓને જમીન ઉપલબ્ધ કરાવવા પ્રયાસો હાથ ધરવામાં આવશે. |

---------

રાપર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૮૫૦૬ શ્રી માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકિય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૯૫૭ હેક્ટર |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૨૪૦.૯૮ લાખ |

---------

રાજ્યની સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપકનું મંજુર મહેકમ

* ૮૪૫૯ શ્રી પૂર્ણેશ મોદી (સુરત પશ્ચિમ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ–૨ નું મંજુર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૧) મંજૂર મહેકમ : ૧૫૧૯ |
| (૨) તે પૈકી કુલ કેટલી જગ્યા ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) ભરાયેલ જગાઓઃ ૬૧૬<br>ખાલી જગાઓઃ ૯૦૩ |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારશ્રી | (૩) મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ–૨ ની ખાલી જગાઓ |

તરફથી શું કાર્યવાહી થયેલ છે?

પૈકી કુલ–૫૫૭ જગાઓ સીધી ભરતીથી ભરવા ગુજરાત જાહેર સેવા આયોગને મોકલાવેલ માંગણીપત્રકના અનુસંધાનમાં હાલ બાબત ઈન્ટરવ્યુના તબક્કે છે અને પસંદગીની કામગીરી ચાલુ છે.

---------

### અમદાવાદ જિલ્લાના ગ્રામ પંચાયતોના જર્જરીત પંચાયત ઘર

* ૮૪૨૫ શ્રી પ્રદીપભાઈ પરમાર (અસારવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાદીઠ કેટલી ગ્રામ પંચાયતોના પંચાયત ઘર જર્જરીત છે,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ

| તાલુકો | જર્જરીત પંચાયત ઘરની સંખ્યા |
|---|---|
| દસક્રોઇ | ૩૪ |
| સાણંદ | ૨૮ |
| બાવળા | ૨૬ |
| ધોળકા | ૩૧ |
| ધંધુકા | ૨૫ |
| ધોલેરા | ૧૦ |
| માંડલ | ૧૬ |
| વિરમગામ | ૪૧ |
| દેત્રોજ | ૨૫ |
| કુલ | ૨૩૬ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી કેટલી ગ્રામ પંચાયતના ઘરની મરામત/નવીન બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨)

| મરામતની આપેલ મંજૂરી | નવીન બનાવવાની આપેલ મંજૂરી |
|---|---|
| ૩૮ | ૧૦૦ |

(૩) તે ઉક્ત સ્થિતિએ સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું ?

(૩) રૂા. ૧૬૩૦.૦૦ લાખ.

---------

### રીકવરી પ્લાન ફોર ગ્રેટ ઈન્ડીયન બસ્ટર્ડ માટે કેન્દ્રીય સહાય મંજુર કરવાની દરખાસ્ત

* ૯૪૬૧ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભારત સરકાર સાથેની ગુજરાતની અગત્યની બાબતો વર્ષ ૨૦૧૫માં રીકવરી પ્લાન ફોર ગ્રેટ ઈન્ડીયન બસ્ટર્ડ (ઘોરાડ) માટે રૂ.૧૮૭.૧૩ કરોડની કેન્દ્રીય સહાય મંજુર કરવાની દરખાસ્તને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે,

જવાબ

(૧) હા,જી.

(૨) જો હા, તો ક્યારે મંજૂરી આપેલ છે, અને

(૨) તારીખ ૧૬–૦૯–૨૦૧૫ અને ૭–૧૦–૨૦૧૬

(૩) તે અન્વયે કેટલી રકમ ક્યારે મળી?

(૩)

| વર્ષ | મંજુરીની રકમ |
|---|---|
| ૨૦૧૫ | ૧૧.૭૯ લાખ |
| ૨૦૧૬ | ૮.૯૮ લાખ |

---------

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિભાગ હેઠળ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

* ૮૫૬૩ શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળીયા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગના તાબા હેઠળની કચેરીમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલુ છે,

જવાબ

(૧) આઇસીડીએસ

| સંવર્ગનું નામ | મંજુર જગ્યાઓ |
|---|---|
| પ્રોગ્રામ અધિકારી (વર્ગ–૧) | ૧ |
| સીડીપીઓ (વર્ગ–૨) | ૪ |
| આસી. સીડીપીઓ (વર્ગ–૩) | ૧ |

| | |
|---|---|
| કચેરી અધિક્ષક (વર્ગ–૩) | ૧ |
| આંકડા મદદનીશ | ૫ |
| મુખ્ય સેવિકા | ૩૦ |
| સિ. ક્લાર્ક (વહીવટ) | ૨ |
| જુ. ક્લાર્ક | ૫ |
| પટાવાળા | ૫ |
| ડ્રાઈવર | ૪ |
| ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | ૪ |
| આંગણવાડી કાર્યકર | ૬૯૧ |
| આંગણવાડી તેડાગર | ૬૮૧ |

મહિલા વિંગ

| સંવર્ગનું નામ | મંજુર જગ્યાઓ |
|---|---|
| મહિલા અને બાળ અધિકારી (વર્ગ–૧) | ૧ |
| દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી (વર્ગ–૨) | ૧ |
| ફિલ્ડ ઓફીસર (વર્ગ–૩) | ૧ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને

(૨) આઈસીડીએસ

| સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| પ્રોગ્રામ અધિકારી (વર્ગ–૧) | ૦ | ૧ |
| સીડીપીઓ (વર્ગ–૨) | ૦ | ૪ |
| આસી. સીડીપીઓ (વર્ગ–૩) | ૦ | ૧ |
| કચેરી અધિક્ષક (વર્ગ–૩) | ૧ | ૦ |
| આંકડા મદદનીશ | ૧ | ૪ |
| મુખ્ય સેવિકા | ૨૫ | ૫ |
| સિ. ક્લાર્ક (વહીવટ) | ૧ | ૧ |
| જુ. ક્લાર્ક | ૧ | ૪ |
| પટાવાળા | ૨ | ૩ |
| ડ્રાઈવર | ૦ | ૪ |
| ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | ૦ | ૪ |
| આંગણવાડી કાર્યકર | ૬૪૧ | ૫૦ |
| આંગણવાડી તેડાગર | ૬૦૬ | ૭૫ |

મહિલા વિંગ

| સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| મહિલા અને બાળ અધિકારી (વર્ગ–૧) | ૦ | ૧ |
| દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી (વર્ગ–૨) | ૧ | ૦ |
| ફિલ્ડ ઓફીસર (વર્ગ–૩) | ૦ | ૧ |

(૩) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) વહિવટી અનુકૂળતા મુજબ બનતી ત્વરાએ.

---------

મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ ચુકવવાની થતી ગ્રાન્ટ

* ૯૫૨૮ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર

જવાબ

(૧)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ. |
|---|---|

ટ્રાયબલ સબ પ્લાન હેઠળ કુલ કેટલી ગ્રાન્ટ ચુકવવાની થાય છે,

| | લાખમાં) |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૨૯૯૯૬.૭૭ |
| ૨૦૧૭-૧૮ ૩૧-૧૨-૨૦૧૭ સુધી | ૩૩૩૭૮.૭૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૨)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૨૭૩૩૦.૯૦ |
| ૨૦૧૭-૧૮ ૩૧-૧૨-૨૦૧૭ સુધી | ૨૮૯૦૧.૦૪ |

(૩) કેટલી રકમ ચુકવવાની બાકી છે અને બાકી રકમ કયાં સુધીમાં ચુકવવામાં આવશે?

(૩)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૨૬૬૫.૮૭ |
| ૨૦૧૭-૧૮ | ૪૪૭૭.૬૭ |
| • બાકી રહેતી રકમ ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં ચુકવવામાં આવશે. | |

---------

સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે ગ્રાન્ટ

* ૮૪૧૬ શ્રી મુકેશ પટેલ (સુરત પશ્ચિમ) : માનનીય પંચાયતમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે કોઇ ગ્રાન્ટ આપવામાં આવેલ છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી કેટલી ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવી?

(૨) છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે જિલ્લાની તાલુકાવાર ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ |
|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ ગ્રા.પં. ની સંખ્યા | ગ્રાન્ટ ફાળવેલ ગ્રા.પં.ની સંખ્યા |
| ૧ | ઓલપાડ | ૯૬ | ૯૬ |
| ૨ | ચોર્યાસી | ૪૧ | ૪૧ |
| ૩ | બારડોલી | ૭૬ | ૭૬ |
| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ |
| | | ગ્રાન્ટ ફાળવેલ ગ્રા.પં. ની સંખ્યા | ગ્રાન્ટ ફાળવેલ ગ્રા.પં.ની સંખ્યા |
| ૪ | કામરેજ | ૫૯ | ૫૯ |
| ૫ | પલસાણા | ૪૪ | ૪૪ |
| ૬ | માંડવી | ૮૬ | ૮૮ |
| ૭ | મહુવા | ૬૨ | ૬૨ |
| ૮ | માંગરોળ | ૬૮ | ૭૧ |
| ૯ | ઉમરપાડા | ૩૩ | ૩૫ |

---------

વલસાડ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર

* ૯૫૫૩ શ્રી જીતુભાઇ ચૌધરી (કપરાડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ વલસાડ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર કેટલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ બે વર્ષમાં જિલ્લાવાર વન વિસ્તારમાં કેટલો ઘટાડો નોંધાયો, અને

(૩) જમીનના કુલ ક્ષેત્રફળનો ૧/૩ ભાગ વૃક્ષ આચ્છાદિત હોવો જોઇએ તે પ્રમાણે જો ઓછો વન વિસ્તાર હોય તો કેટલો ઓછો છે અને વધારવા માટે શું પગલાં લીધા ?

જવાબ

(૧) વલસાડ – ૯૩,૭૫૩ હેક્ટર
નવસારી – ૨૭,૪૬૯ હેક્ટર.

(૨) કોઇ ઘટાડો નોંધાયેલ નથી.

(૩) રાષ્ટ્રીય વન નીતિ-૧૯૮૮ પ્રમાણે સમગ્ર દેશના કુલ ભૌગોલિક વિસ્તારના એક તૃતિયાંશ ભાગ વૃક્ષ આચ્છાદિત કરવાનો ધ્યેય છે. આ ધ્યેયને સ્થાનિક કે જિલ્લા કક્ષાએ વિભાજીત કરી શકાય નહીં. આમ છતાં રાષ્ટ્રીય વન નીતિને અનુરૂપ રાજ્યના વધુને વધુ વિસ્તારને વૃક્ષ આચ્છાદિત કરવા માટે વન વિભાગની જુદી-જુદી યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આ યોજનાઓમાં મુખ્યત્વે વન તેમજ વન બહારના વિસ્તારોમાં વનીકરણ, સામાજીક વનીકરણ યોજના હેઠળ વાવેતર તેમજ રોપ વિતરણ, વન અને પર્યાવરણને લગત લોક જાગૃતિની વિવિધ યોજનાઓ, સહભાગી વન વ્યવસ્થા યોજના અને ચેર વાવેતર જેવી યોજનાઓનો સમાવેશ થાય છે.

---------

### બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે મેડિકલ પ્રવેશ માટેની પરીક્ષા તાલીમનું આયોજન

* ૮૪૭૩ શ્રી કિર્તીસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ મેડિકલમાં પ્રવેશ મેળવે તે માટે વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧-૦૧-૨૦૧૮ સુધીમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા નીટ પરીક્ષાની તાલીમનું કોઈ આયોજન કરેલ છે, કે કેમ

(૨) જો હા, તો જિલ્લામાં આ તાલીમ માટે કેટલા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ, અને

(૩) તે કેન્દ્રો દ્વારા કુલ કેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે?

જવાબ

(૧) હા

(૨) બનાસકાંઠા જીલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭માં ૩ તાલીમ કેન્દ્રો અને વર્ષ ૨૦૧૭-૧૮માં ૬ તાલીમ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે.

(૩) બનાસકાંઠા જીલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૩૭ વિદ્યાર્થીઓને અને વર્ષ ૨૦૧૭-૧૮માં ૨૨૭ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે.

---------

### સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર

* ૯૪૭૪ શ્રી નૌશાદજી સોલંકી (દસાડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર કેટલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર વન વિસ્તારમાં કેટલો ઘટાડો નોંધાયો, અને

(૩) જમીનના કુલ ક્ષેત્રફળનો ૧/૩ ભાગ વૃક્ષ આચ્છાદિત હોવો જોઇએ તે પ્રમાણે જો ઓછો વન વિસ્તાર હોય તો કેટલો ઓછો છે અને વધારવા માટે શું પગલાં લીધા ?

જવાબ

(૧) સુરેન્દ્રનગર – ૪૭,૪૬૮ હેક્ટર
બોટાદ – ૩૫૬૭ હેક્ટર.

(૨) કોઇ ઘટાડો નોંધાયેલ નથી.

(૩) રાષ્ટ્રીય વન નીતિ-૧૯૮૮ પ્રમાણે સમગ્ર દેશના કુલ ભૌગોલિક વિસ્તારના એક તૃતિયાંશ ભાગ વૃક્ષ આચ્છાદિત કરવાનો ધ્યેય છે. આ ધ્યેયને સ્થાનિક કે જિલ્લા કક્ષાએ વિભાજીત કરી શકાય નહીં. આમ છતાં રાષ્ટ્રીય વન નીતિને અનુરૂપ રાજ્યના વધુને વધુ વિસ્તારને વૃક્ષ આચ્છાદિત કરવા માટે વન વિભાગની જુદી-જુદી યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આ યોજનાઓમાં મુખ્યત્વે વન તેમજ વન બહારના વિસ્તારોમાં વનીકરણ, સામાજીક વનીકરણ યોજના હેઠળ વાવેતર

તેમજ રોપ વિતરણ, વન અને પર્યાવરણને લગત લોક જાગૃતિની વિવિધ યોજનાઓ, સહભાગી વન વ્યવસ્થા યોજના જેવી યોજનાઓનો સમાવેશ થાય છે.

---------

પાટણ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના કેન્દ્રો

* ૯૬૦૯ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાટણ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે, અને | (૧) ૧૦ (દસ) |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે? | (૨) ૧૪૯૭૮ |

---------

બીપીએલમાં આવતી મહિલાઓ માટે ઇન્દિરા ગાંધી વિધવા પેન્શન યોજના

* ૮૧૯૭ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૪૦ થી ૬૪ વર્ષની બી.પી.એલ. માં આવતી મહિલાઓ માટે ઇન્દિરા ગાંધી વિધવા પેન્શન યોજના ગુજરાતમાં ક્યારથી અમલમાં છે, અને | (૧) ફેબ્રુઆરી–૨૦૦૯ થી |
| (૨) ઉક્ત યોજના અન્વયે આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી મહિલાઓને આવરી લેવામાં આવી? | (૨) આણંદ જિલ્લો |

**આણંદ જિલ્લો**

| વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬ | ૩૯૦ |
| ૨૦૧૭ | ૪૦૬ |

**ખેડા જિલ્લો**

| વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬ | ૧૧૬૦ |
| ૨૦૧૭ | ૧૧૨૫ |

---------

આણંદ જિલ્લામાં ગ્રામપંચાયતોને વિના મૂલ્યે સ્મશાન સગડી આપવાની અરજીઓ

* ૮૫૧૧ શ્રી ગોવિંદભાઈ પરમાર (ઉમરેઠ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં આણંદ જિલ્લામાં બળતણ બચાવવા સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) ૫૩ |
| (૨) તે અંગે તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૧.૭૪ લાખ |

---------

ઊંઝા અને વડનગર તાલુકામાં મંજુર થયેલ પ્રાથમિક શિક્ષકોની જગ્યા

* ૮૩૭૨ ડૉ. આશા પટેલ (ઊંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઊંઝા અને વડનગર તાલુકામાં તા.૩૧–૧૨– | (૧) |

૨૦૧૭ની સ્થિતિએ મંજુર થયેલ પ્રાથમિક શિક્ષકોની જગ્યા કેટલી છે,

| તાલુકો | પ્રાથમિક શિક્ષકોની મંજુર થયેલ જગ્યાઓ |
|---|---|
| ઊંઝા | ૪૬૩ |
| વડનગર | ૬૮૭ |

(૨) આ જગ્યાઓ પૈકી કેટલી ખાલી છે,

(૨)

| તાલુકો | પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ |
|---|---|
| ઊંઝા | ૩ |
| વડનગર | ૭ |

(૩) ખાલી જગ્યાઓ રહેવાનાં કારણો કયા છે, અને

(૩) વયનિવૃત્તિ

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં પૂરવામાં આવશે ?

(૪) જેમ બને તેમ જલ્દીથી.

---------

સાવરકુંડલા અને રાજુલા તાલુકામાં સામાજીક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર

* ૯૫૯૩ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને રાજુલા તાલુકામાં સામાજીક વનીકરણ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરેલ છે, | (૧) ૩ (ત્રણ) લાખ |
| (૨) કઈ જાતના રોપા વાવ્યા છે, અને | (૨) લીમડા, નીલગીરી, અરડુસા, કણજી, ગુલમહોર, કાશીદ, પેલ્ટોફોરમ, સીરસ, ઉમરા, ગરમાળો, વડ, દેશી બાવળ, સરગવો તથા પીલુ |
| (૩) તેની પાછળ તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂ. ૧૨૨.૭૭ લાખ |

---------

મહેસાણા જિલ્લાના તાલુકાઓમાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

* ૮૪૫૦ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૦૧૭–૧૮ ના વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મહેસાણા જિલ્લાના કયા તાલુકાઓમાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૦૧૭–૧૮ ના વર્ષમાં મહેસાણા જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ થયેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં કુલ કેટલી કન્યાઓ અભ્યાસ કરે છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કેજીબીવીમાં માધ્યમિક શિક્ષણ માટે વિસ્તરણની વ્યવસ્થા કરવામાં આવેલ છે, અને | (૩) એક |
| (૪) ઉક્ત સ્થિતિએ આ વિદ્યાલયમાં કન્યાઓને કઇ કઇ સુવિધાઓ આપવામાં આવે છે? | (૪) વિનામૂલ્યે શિક્ષણ, રહેવાની અને જમવાની સુવિધા. |

---------

ઈ–ગ્રામ વિશ્વ ગ્રામ યોજના હેઠળ ઈન્ટરનેટ સુવિધા પૂરી પાડવા બાબત

* ૧૦૦૯૪ શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ ઈ–ગ્રામ વિશ્વ ગ્રામ પ્રોજેકટ અંતર્ગત આણંદ અને વડોદરા જિલ્લામાં | (૧) મેસર્સ ભારતી એરટેલ લી. ને કોન્ટ્રાક્ટ આપેલ છે. |

કઈ કંપનીઓને ઈન્ટરનેટ સુવિધા પૂરી પાડવાનો અને સર્વિસનો કોન્ટ્રાક્ટ આપેલ છે, અને

(૨) છેલ્લા બે વર્ષમાં ક્યા હેતુસર કેટલી રકમ ઉક્ત કંપનીઓને ચૂકવવામાં આવી?

(૨) તા.૦૧-૦૨-૨૦૧૬ થી તા.૩૧-૦૧-૨૦૧૭ સુધી રૂ.૧૮.૨૭/- કરોડ અને તા.૦૧-૦૨-૨૦૧૭ થી તા.૩૧-૦૧-૨૦૧૮ સુધી રૂ.૧૭.૫૧/- કરોડની રકમ ચુકવવામાં આવી.

---------

મોડાસા અને ધનસુરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૯૫૮૨ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) અરવલ્લી જિલ્લામાં મોડાસા અને ધનસુરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) ૩૦૧ હેક્ટર

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રૂ. ૧૧૬.૦૯ લાખ

---------

ધાનેરા અને દાંતીવાડાની શાળામાં જર્જરીત ઓરડાઓ

* ૧૦૧૧૧ શ્રી નાથાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળામાં જર્જરિત અને પતરાંની છતવાળા ઓરડાઓ કેટલા સમયથી છે,

(૧)

| વિગત | ધાનેરા | દાંતીવાડા |
|---|---|---|
| જર્જરિત ઓરડાવાળી શાળાઓ | ૧૨ | ૧૩ |
| સમયગાળો | શાળાવાર અલગ-અલગ છેલ્લા ૧ કે ૨ વર્ષથી | શાળાવાર અલગ-અલગ છેલ્લા ૧ કે ૨ વર્ષથી |

| વિગત | ધાનેરા | દાંતીવાડા |
|---|---|---|
| પતરાની છતવાળી શાળાઓ | ૧૧૧ | ૬૮ |
| સમયગાળો | શાળાવાર અલગ-અલગ ૧૨ થી શરૂ કરીને ૪૨ વર્ષથી | શાળાવાર અલગ-અલગ ૧૧ થી શરૂ કરીને ૬૨ વર્ષથી |

(૨) જો હા, તો આવી બિસ્માર અને ખરાબ હાલતમાં શાળાના ઓરડા ચલાવી લેવાના શા કારણો છે, અને

(૨) બિસ્માર અને ખરાબ હાલતવાળા ઓરડાઓને ડિમોલેશન કરી તબક્કાવાર નવા બનાવાય છે. જે ચલાવવામાં આવતા નથી. જ્યારે પતરાની છતવાળા જે ઓરડાઓ જર્જરીત નથી તેને જ ચલાવવામાં આવે છે.

(૩) આવી જર્જરિત, બિસ્માર અને પતરાંના છતવાળી શાળાઓને સ્થાને સારા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવનાર છે ?

(૩) આગામી વર્ષોમાં તબકકાવાર જેમ બને તેમ ઝડપથી.

---------

મહિસાગર જિલ્લામાં સી અને ડી ગ્રેડની શાળાઓ

* ૮૪૫૨ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ

(૧) ૨૮ શાળાઓએ સી ગ્રેડ અને ૯ શાળાઓએ ડી

## અતારાંકિત પ્રશ્નો

ગુણોત્સવ–૭ દરમ્યાન મહિસાગર જિલ્લામાં કેટલી શાળાઓએ સી અને ડી ગ્રેડ મેળવ્યો અથવા કેટલી શાળાઓ નબળી અને અતિશય નબળી જણાઈ આવેલ છે, અને

ગ્રેડ મેળવેલ છે.

(૨) તેને માટે સરકારશ્રી દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

(૨) સરકારે લીધેલા પગલાં :

| | |
|---|---|
| (૧) | ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અતિશય નબળી શાળાઓનો સમય એક કલાક વધારી વધારાનું શિક્ષણ કાર્ય કરવામાં આવે છે અને તેનું સુચારૂ અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવામાં આવે છે. |
| (૨) | સ્મૃતિધારા કાર્યક્રમ અન્વયે જૂન માસથી શાળાઓમાં વિદ્યાર્થીઓને પુનરાવર્તન સ્વરૂપે ૧૦ દિવસ ઝુંબેશ સ્વરૂપે ગુણવત્તામાં સુધારો થાય તે માટે સઘન મોનીટરીંગ દ્વારા ગત વર્ષના શૈક્ષણિક કાર્યનું પુનરાવર્તન કરાવી નવીન શૈક્ષણિક વિષયો તરફ પૂર્વ તૈયારી કરાવવામાં આવેલ છે. |
| (૩) | જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા ડી ગ્રેડની શાળાઓને દત્તક લઇ વિશેષ મુલાકાત લેવામાં આવી. |
| (૪) | સી અને ડી ગ્રેડની શાળાઓમાં લેશન ડાયરી તેમજ ગૃહકાર્ય ચકાસણી પત્રક વિશેષ મહાવરો કરાવવામાં આવેલ છે. |
| (૫) | જિલ્લા સ્તરના ઉચ્ચ અધિકારીઓ તેમજ તાલુકા સ્તરના અધિકારીઓ સાથે સમયાંતરે બેઠકો યોજી ગુણવત્તા સુધારણા માટે પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. |
| (૬) | જિલ્લાની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રીપોર્ટ વાલીઓ સુધી પહોંચે તેવું આયોજન કરેલ છે. |
| (૭) | દરેક શાળામાં ફરજીયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ થાય તેના પર ખાસ ભાર મુકાયો. |
| (૮) | ગુણવત્તા સુધારણા અંગે વખતોવખત આપવામાં આવેલ સૂચનાઓની અમલવારી કરાવવી. આ બાબતોનું સઘન મોનીટરીંગ/ હેન્ડ હોલ્ડીંગ પોતાના તાબાની શાળાઓમાં સીઆરસી, બીઆરસી કો–ઓર્ડીનેટર તેમજ બીટ કેળવણી નિરીક્ષકોને કરવા જણાવવામાં આવેલ છે. |
| (૯) | વાંચન, લેખન અને ગણન જેવી પ્રવૃત્તિઓ કરતી વખતે બાળકોને સતત પ્રોત્સાહન આપી જાહેરમાં તેમને બિરદાવવાથી શિક્ષણમાં સારા પરીણામ માટે પ્રયત્નો કરવામાં આવે છે. |
| (૧૦) | શાળાઓમાં ભૌતિક સુવિધાઓની ઘટનો તાત્કાલિક નિકાલ થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. |

---------

### લખપત તાલુકામાં દરિયાઈ વિસ્તારમાં વળતર વનીકરણના ભાગરૂપે વાવેતર બાબત

* ૯૫૫૯ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ

જવાબ

(૧) ના,જી.

જિલ્લાનાં લખપત તાલુકામાં દરિયાઈ વિસ્તારમાં વળતર વનીકરણના ભાગરૂપે ચેરીયા અને અન્ય વૃક્ષોનાં વાવેતર માટે લખપત ગામથી ઘુનાપ ગામ સુધીની હે.૫૭–૭૫–૦૦ ચો.મી. અને શિણાપર ગામની હે.૨૦૦૮–૪૧–૦૦ ચો.મી. સન સર્વેક જમીન વન વિભાગને મળ્યા બાદ તે જમીનમાં ચેરીયા અને અન્ય વૃક્ષોનું વાવેતર થઈ શક્યું નથી તે હકીકત સાચી છે,

(૨) આ જમીન વન વિભાગને ક્યારે મળી હતી, આ વનીકરણ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, અને

(૨)

| ક્રમ નં. | સ્થળ–ગામ–તાલુકો | જમીન મળ્યા તારીખ | વનીકરણ માટે ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | મોજે. ઘુનાપ તા.લખપત | ૧૨–૦૬–૨૦૦૦ | ૧૫.૦૦ |
| ૨ | મોજે. કાનેર અને શિણાપર તા.લખપત | ૧૯–૦૯–૨૦૦૭ | ૮૩૩.૦૬ |

(૩) તે રકમ કયા સ્થળે ક્યા હેતુ માટે વાપરવામાં આવી અને જો ન વાપરવામાં આવી હોય તો તેનાં કારણો શા શા છે ?

(૩) આ રકમ મોજે.ઘુનાપ, કાનેર અને શિણાપરની જમીન પર ચેરીયા અને અન્ય વૃક્ષોના વાવેતર અને જાળવણીના હેતુ માટે વાપરવામાં આવેલ છે.

---------

## સુરત જિલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ

* ૯૫૭૩ શ્રીમતિ સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ કેટલું છે,

(૧) ૪૫૧

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| વર્ષ ૨૦૧૫–૧૬ માં ભરાયેલ જગ્યાઓ | વર્ષ ૨૦૧૬–૧૭ માં ભરાયેલ જગ્યાઓ | છેલ્લા બે વર્ષમાં ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૨૧ | ૯૯ | ૧૨૦ | ૮૬ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

(૩) વહવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

* ૮૪૮૦ શ્રી હિતુ નરેશ કનોડીયા (ઈડર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને સહાય આપવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | લાભાર્થી કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૨૧૦ |
| ૨૦૧૭–૧૮ | ૧૮૨ |
| કુલ | ૩૯૨ |

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | રૂ. ૨૧.૦૦ લાખ |
| ૨૦૧૭–૧૮ | રૂ. ૧૮.૨૦ લાખ |
| કુલ | રૂ. ૩૯.૨૦ લાખ |

---------

## તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### કચ્છ જિલ્લામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૯૫૯૧ શ્રી મહેશકુમાર રાવલ (ખંભાત) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) ૫૮૧ હેકટર |
| (૨) તે પૈકી લખપત તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) ૬૧ હેકટર |
| (૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂ. ૪૬.૪૦ લાખ |

---------

### ભરૂચ અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર

* ૯૫૪૦ શ્રી સંજયભાઇ સોલંકી (જંબુસર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ભરૂચ અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર કેટલો છે, | (૧) ભરૂચ – ૨૪,૫૮૫ હેક્ટર<br>દાહોદ – ૮૮,૩૮૭ હેક્ટર. |
| (૨) ઉક્ત સ્થિતિએ બે વર્ષમાં જિલ્લાવાર વન વિસ્તારમાં કેટલો ઘટાડો નોંધાયો, અને | (૨) કોઇ ઘટાડો નોંધાયેલ નથી. |
| (૩) જમીનના કુલ ક્ષેત્રફળનો ૧/૩ ભાગ વૃક્ષ આચ્છાદિત હોવો જોઇએ તે પ્રમાણે જો ઓછો વન વિસ્તાર હોય તો કેટલો ઓછો છે અને વધારવા માટે શું પગલાં લીધા ? | (૩) રાષ્ટ્રીય વન નીતિ–૧૯૮૮ પ્રમાણે સમગ્ર દેશના કુલ ભૌગોલિક વિસ્તારના એક તૃતિયાંશ ભાગ વૃક્ષ આચ્છાદિત કરવાનો ધ્યેય છે. આ ધ્યેયને સ્થાનિક કે જિલ્લા કક્ષાએ વિભાજીત કરી શકાય નહીં. આમ છતાં રાષ્ટ્રીય વન નીતિને અનુરૂપ રાજ્યના વધુને વધુ વિસ્તારને વૃક્ષ આચ્છાદિત કરવા માટે વન વિભાગની જુદી–જુદી યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આ યોજનાઓમાં મુખ્યત્વે વન તેમજ વન બહારના વિસ્તારોમાં વનીકરણ, સામાજીક વનીકરણ યોજના હેઠળ વાવેતર તેમજ રોપ વિતરણ, વન અને પર્યાવરણને લગત લોક જાગૃતિની વિવિધ યોજનાઓ, સહભાગી વન વ્યવસ્થા યોજના અને ચેર વાવેતર જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. |

---------

### સુરત જિલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ

* ૮૪૩૨ શ્રી વી. ડી. ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ કેટલું છે, | (૧) ૪૫૧ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) |

| વર્ષ ૨૦૧૫–૧૬માં ભરાયેલ જગ્યાઓ | વર્ષ ૨૦૧૬–૧૭માં ભરાયેલ જગ્યાઓ | છેલ્લા બે વર્ષમાં ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૨૧ | ૯૯ | ૧૨૦ | ૮૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે? | (૩) વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવશે. |

---------

### ગીર અભ્યારણોમાં સિંહોની વસ્તી

* ૯૪૯૪ શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ગીર અભ્યારણમાં સિંહોની કુલ વસ્તી કેટલી છે, | (૧) વર્ષ ૨૦૧૫ના વસ્તી અંદાજ મુજબ-૩૦૪. |
| (૨) સિંહોની કુલ વસ્તીમાં નર, માદા અને બચ્ચાઓની વસ્તી કેટલી છે, | (૨) નર - ૬૯<br>માદા - ૧૧૯<br>સબ એડલ્ટ - ૩૨<br>બચ્ચા - ૮૪ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સિંહોના અકસ્માતથી અને કેટલા સિંહોના શિકારથી અને કેટલા સિંહોના કુદરતી મૃત્યુ થયા છે, અને | (૩) અકસ્માતથી ૧ (એક), શિકારથી શૂન્ય અને કુદરતી રીતે ૮૧ સિંહોના મૃત્યુ થયેલ છે. |
| (૪) સિંહોના શિકાર અને અપમૃત્યુના બનાવો રોકવા માટે સરકારે શા પગલા લીધા છે? | (૪)<br>• ગીર રક્ષિત વિસ્તાર નજીક આવેલ રેવન્યુ વિસ્તારમાં આવેલ ખુલ્લા કુવાઓના ફરતે પેરાપેટ વોલ બાંધવામાં આવેલ છે.<br>• અમરેલી જિલ્લામાંથી પસાર થતા સુરેન્દ્રનગર-પીપાવાવ રેલ્વે ટ્રેકના બન્ને બાજુ ચેઈલીંક ફેન્સીંગ કરેલ છે.<br>• ગીરની આજુબાજુના ગામોમાં વન્યપ્રાણી મિત્રની નિમણૂંક કરેલ છે.<br>• અભ્યારણ્ય વિસ્તારમાં જાહેર માર્ગ ઉપર સ્પીડ બ્રેકર્સ મુકવામાં આવેલ છે.<br>• જનજાગૃતિ કાર્યક્રમો હાથ ધરેલ છે. |

---------

નવસારી જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના

* ૮૪૭૭ શ્રી નરેશભાઇ પટેલ (ગણદેવી) : માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કેટલી આદિજાતી કન્યાઓને સહાય આપવામાં આવેલ છે, અને | (૧) |

| વર્ષ | લાભાર્થી કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૫૯૦ |
| ૨૦૧૭-૧૮ | ૪૩૯ |
| કુલ | ૧૦૨૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) |

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૬-૧૭ | રૂ. ૫૯.૦૦ લાખ |
| ૨૦૧૭-૧૮ | રૂ. ૪૩.૯૦ લાખ |
| કુલ | રૂ. ૧૦૨.૯૦ લાખ |

---------

રાજકોટ અને બોટાદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૧૦૦૬૬ શ્રી કુંવરજીભાઇ બાવળીયા (જસદણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) રાજકોટ જિલ્લામાં - ૧૩૭૩<br>બોટાદ જિલ્લામાં - ૫૬૯ |
| (૨) તે પૈકી જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, | (૨) રાજકોટ જિલ્લામાં - ૧૧૫૮<br>બોટાદ જિલ્લામાં - ૪૩૫ આંગણવાડીઓને |
| (૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય | (૩) રાજકોટ જિલ્લામાં ૨૧૫ અને |

જગ્યાએ ચાલે છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા છેલ્લા બે વર્ષમાં સરકારે શું પગલાં લીધા?

બોટાદ જિલ્લામાં ૧૩૪ આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાઓ ચાલે છે.

(૪) રાજકોટ જિલ્લો

૨૧૫ આંગણવાડી કેન્દ્રોના મકાનો પૈકી ૪૦ આંગણવાડી કેન્દ્રોના મકાન માટે મનરેગા કન્વર્ઝન હેઠળ તથા ૧૭૫ આંગણવાડી કેન્દ્રોના મકાનો માટે અન્ય યોજનામાં આયોજન હાથ ધરવામાં આવેલ છે.

બોટાદ જિલ્લામાં

છેલ્લા બે વર્ષમાં ૬૪ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ પૂર્ણ કરેલ છે.

૧૩૪ આંગણવાડી કેન્દ્રોના મકાનો બનાવવા માટે નીચે મુજબના પ્રયત્નો કરવામાં આવી રહેલ છે.

| | |
|---|---|
| ૮૩ | આંગણવાડી કેન્દ્રોના મકાનો નગરપાલિકા વિસ્તારમાં આવે છે. ગ્રાન્ટ મળેલ છે. કાર્યવાહી ચાલુ છે. |
| ૪૧ | મનરેગા યોજના હેઠળ પ્રગતિમાં છે. |
| ૧૦ | જિલ્લા પંચાયત દ્વારા જમીનોના ઠરાવ ઉપલબ્ધ કરાયેલ છે. |

---------

મોરબી અને રાજકોટ જિલ્લાની શાળામાં શિક્ષકોની ઘટ

* ૧૦૦૭૩ શ્રી લલિતભાઇ કગથરા (ટંકારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મોરબી અને રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન હેઠળ ચાલતી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ છે તે સરકાર જાણે છે,

(૧) હા, જી

(૨) જો હા તો વિષયવાર, જિલ્લાવાર કઇ શાળામાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૨)

મોરબી

| ક્રમ | આર.એમ.એસ.એ. સરકારી માધ્યમિક શાળાનું નામ | વિષયવાર | | | | ઘટ શિક્ષકોની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | ગણિત/ વિજ્ઞાન | સમાજિક વિજ્ઞાન | અંગ્રેજી | અન્ય ભાષા | |
| ૧ | ઠીકરીયાળી | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨ | પલાસડી | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૩ | ભેરડા | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૪ | નવા કણકોટ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ક્રમ | આર.એમ.એસ.એ. સરકારી માધ્યમિક શાળાનું નામ | વિષયવાર | | | | ઘટ શિક્ષકોની કુલ સંખ્યા |
| | | ગણિત/ વિજ્ઞાન | સમાજિક વિજ્ઞાન | અંગ્રેજી | અન્ય ભાષા | |
| ૫ | ધવાણા | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૬ | સુંદરી | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૭ | ડુંગરપુર | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૮ | મેરુપર | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૯ | રણમલપુર | ૦ | ૧ | ૧ | ૧ | ૩ |
| ૧૦ | ખેતરડી | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૧ | કડીયાણા | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| | કુલ | ૨ | ૭ | ૮ | ૧ | ૧૮ |

રાજકોટ

| ક્રમ | આર.એમ.એસ.એ. સરકારી માધ્યમિક શાળાનું નામ | વિષયવાર | | | | ઘટ શિક્ષકોની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | ગણિત/ વિજ્ઞાન | સમાજિક વિજ્ઞાન | અંગ્રેજી | અન્ય ભાષા | |
| ૧ | કાસલોલીયા | ૧ | ૦ | ૧ | ૦ | ૨ |
| ૨ | ઢેઢુંકી | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૩ | હાથીસણ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૪ | ગુદાણા | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૫ | રેવાનીયા | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૬ | ખડવાવડી | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૭ | દેવપરા | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૮ | મોટામાંત્રા | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૯ | પારેવડા | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૦ | ભુપગઢ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૧ | બારવણ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૨ | ઈશ્વરીયા | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| કુલ | | ૫ | ૭ | ૬ | ૦ | ૧૮ |

(૩) આ ઘટ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) વહીવટી અનુકૂળતા મુજબ.

---------

આણંદ અને પાટણ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં જુદી-જુદી સુવિધાઓ

* ૯૫૧૧ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમતગમતના મેદાન, વીજળી, કંપાઉન્ડ વોલ, પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધાઓ નથી,

(૨) આ શાળાઓમાં ઉક્ત સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ કરાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી, અને

(૩) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે?

જવાબ

(૧) પત્રક ૧ આ સાથે સામેલ છે.

(૨) ઉક્ત સુવિધા પૈકી વીજળી, પાણી અને શૌચાલયની સુવિધાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે અને તમામ શાળાઓમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ કરાવવાની તથા રમતગમતના મેદાન માટે જમીન ઉપલબ્ધ કરાવવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહેલ છે.

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

પત્રક-૧

આણંદ જીલ્લો

| ક્રમ | તાલુકો | રમતગમતના મેદાન વિનાની સરકારી પ્રાથમિક | વિજળીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક | પાણીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક | શૌચાલયની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|

| | | શાળાઓની સંખ્યા | સંખ્યા | શાળાઓની સંખ્યા | શાળાઓની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૧ | ૦ | ૪૪ | ૦ | ૦ |
| ૨ | આંકલાવ | ૫ | ૦ | ૨૧ | ૦ | ૦ |
| ૩ | બોરસદ | ૫૩ | ૦ | ૩૬ | ૦ | ૦ |
| ૪ | ખંભાત | ૩૨ | ૦ | ૧૯ | ૦ | ૦ |
| ૫ | પેટલાદ | ૧૭ | ૦ | ૧૮ | ૦ | ૦ |
| ૬ | સોજીત્રા | ૧૧ | ૦ | ૫ | ૦ | ૦ |
| ૭ | તારાપુર | ૧૦ | ૦ | ૪ | ૦ | ૦ |
| ૮ | ઉમરેઠ | ૨૫ | ૦ | ૨૫ | ૦ | ૦ |

પાટણ જીલ્લો

| ક્રમ | તાલુકો | રમતગમતના મેદાન વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ચાણસ્મા | ૧૭ | ૦ | ૬ | ૦ | ૦ |
| ૨ | હારીજ | ૭ | ૦ | ૧૬ | ૦ | ૦ |
| ૩ | પાટણ | ૧૦ | ૦ | ૪ | ૦ | ૦ |
| ૪ | રાધનપુર | ૧૫ | ૦ | ૧૯ | ૦ | ૦ |
| ૫ | સમી | ૮ | ૦ | ૨૫ | ૦ | ૦ |
| ૬ | સાંતલપુર | ૩ | ૦ | ૨૬ | ૦ | ૦ |
| ૭ | સરસ્વતી | ૯ | ૦ | ૨૨ | ૦ | ૦ |
| ૮ | શંખેશ્વર | ૨૦ | ૦ | ૬ | ૦ | ૦ |
| ૯ | સિધ્ધપુર | ૬ | ૦ | ૭ | ૦ | ૦ |

---------

રાજકોટ જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ

* ૮૪૩૦ શ્રી અરવિંદ રૈયાણી (રાજકોટ પૂર્વ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

જવાબ

(૧) ૩૩૯

(૨)

| વર્ષ ૨૦૧૫–૧૬માં ભરાયેલ જગ્યાઓ | વર્ષ ૨૦૧૬–૧૭માં ભરાયેલ જગ્યાઓ | છેલ્લા બે વર્ષમાં ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૨૩ | ૯૪ | ૧૧૭ | ૭૦ |

(૩) વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે.

---------

અમદાવાદ જિલ્લાના ગ્રામ પંચાયતોના જર્જરીત પંચાયત ઘર

* ૮૪૨૪ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાદીઠ કેટલી ગ્રામ

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ

| તાલુકો | જર્જરીત પંચાયત ઘરની |
|---|---|

પંચાયતોના પંચાયત ઘર જર્જરીત છે,

| | સંખ્યા |
|---|---|
| દસક્રોઇ | ૩૪ |
| સાણંદ | ૨૮ |
| બાવળા | ૨૬ |
| ધોળકા | ૩૧ |
| ધંધુકા | ૨૫ |
| ધોલેરા | ૧૦ |
| માંડલ | ૧૬ |
| વિરમગામ | ૪૧ |
| દેત્રોજ | ૨૫ |
| કુલ | ૨૩૬ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી કેટલી ગ્રામ પંચાયતના ઘરની મરામત / નવીન બનાવવા માટે મંજૂર આપવામાં આવી, અને

(૨)

| મરામતની આપેલ મંજૂરી | નવીન બનાવવાની આપેલ મંજૂરી |
|---|---|
| ૩૮ | ૧૦૦ |

(૩) તે ઉક્ત સ્થિતિએ સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું?

(૩) રૂ઼ા. ૧૬૩૦.૦૦ લાખ

---------

પંચમહાલ જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા શાળાનું સંચાલન

* ૯૬૪૦ શ્રી સી.કે.રાઉલજી (ગોધરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ આદિજાતિ વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ માટે ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા કયા કયા પ્રકારની શાળાઓનું સંચાલન કરવામાં આવે છે, | (૧) એકલવ્ય માડેલ રેર્સીડેંસીયલ પ્રકારની ૧(એક) શાળા, કન્યા સાક્ષરતા નિવાસી પ્રકારની ૨ (બે) શાળા એમ ૩ (ત્રણ) શાળાઓ |
| (૨) આ શાળાઓની તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુલ માન્ય સંખ્યા કેટલી છે, અને | (૨) ૧૧૪૦ વિદ્યાર્થીઓ |
| (૩) આ શાળાઓમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેટલા છાત્રો/છાત્રાઓ અભ્યાસ કરે છે? | (૩) ૨૧૨ વિદ્યાર્થીઓ અને ૮૮૮ વિદ્યાર્થીનીઓ |

---------

ડિપ્લોમા અભ્યાસક્રમની સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજોમાં બેઠકો

* ૯૪૭૯ શ્રી ઋત્વિકભાઈ મકવાણા (ચોટીલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ડિપ્લોમા અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ડિપ્લોમા અભ્યાસક્રમની સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજોમાં કુલ ૬૬૭૧૫ બેઠકો છે |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી ખાલી રહી? | (૨) સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજોમાં વર્ષ ૨૦૧૬ માં કુલ ૪૩૯૧૮ બેઠકો અને વર્ષ ૨૦૧૭ માં કુલ ૪૦૧૪૩ બેઠકો ભરાયેલ છે અને વર્ષ ૨૦૧૬ માં કુલ ૨૨૩૪૧ બેઠકો અને વર્ષ ૨૦૧૭ માં કુલ ૨૬૫૭૨ બેઠકો ખાલી રહેલ છે. |

---------

મહેસાણા અને પાટણ જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ઘટ

* ૧૦૦૭૨ શ્રી ભરતજી ઠાકોર (બેચરાજી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં રાષ્ટ્રીય માધ્યમિક | (૧) ૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લાની રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન હેઠળની કોઇ |

શિક્ષા અભિયાન હેઠળ ચાલતી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

શાળામાં શિક્ષકોની ઘટ નથી.

૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પાટણ જિલ્લાની રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન હેઠળ કુલ ૨૪ શિક્ષકોની ઘટ રહેલ છે.

(૨) જો હા તો વિષયવાર, જિલ્લાવાર કઈ શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૨)

પાટણ

| ક્રમ | RMSA સરકારી માધ્યમિક શાળાનું નામ | વિષયવાર | | | | ઘટ શિક્ષકોની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | ગણિત/ વિજ્ઞાન | સમાજિક વિજ્ઞાન | અંગ્રેજી | અન્ય ભાષા | |
| ૧ | ભાટસણ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨ | અલ્હાબાદ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૩ | જાવંત્રી | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૪ | સરેલ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૫ | દુનાવાડા | ૧ | ૦ | ૦ | ૧ | ૨ |
| ૬ | ચારૂપ | ૦ | ૧ | ૧ | ૧ | ૩ |
| ૭ | જોરાવરગંજ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૮ | વેડ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૯ | ગોધાણા | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૦ | ગાંજીસર | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૧ | ઝેકડા | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૨ | ધોકાવાડા | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |

(૩) આ ઘટ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) વહીવટી અનુકૂળતા મુજબ.

---------

પાટણ જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટેડ વિજ્ઞાન, વાણિજ્ય અને વિનિયન કોલેજો

* ૮૩૯૮ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર વિજ્ઞાન, આર્ટસ અને કોમર્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

જવાબ

(૧) પાટણ જિલ્લામાં વિજ્ઞાન, આર્ટસ અને કોમર્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજો

| તાલુકા | સરકારી કોલેજની સંખ્યા | ગ્રાન્ટેડ કોલેજની સંખ્યા |
|---|---|---|
| ચાણસ્મા | ૦૦ | ૦૨ |
| હારીજ | ૦૧ | ૦૦ |
| પાટણ | ૦૦ | ૦૩ |
| રાધનપુર | ૦૦ | ૦૧ |
| સમી | ૦૧ | ૦૦ |
| સાંતલ-વારાહી | ૦૧ | ૦૦ |
| સિધ્ધપુર | ૦૦ | ૦૧ |
| શંખેશ્વર | ૦૦ | ૦૦ |
| સરસ્વતી | ૦૦ | ૦૦ |
| કુલ | ૦૩ | ૦૭ |

(૨) ઉક્ત કોલેજોમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજુર થયેલ છે,

(૨) સરકારી કોલેજોમાં સામેલ પત્રક-૧ મુજબ
ગ્રાન્ટેડ કોલેજોમાં સામેલ પત્રક-૨ અને પત્રક-૩ મુજબ

(૩) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) સરકારી કોલેજોમાં સામેલ પત્રક–૧ મુજબ ગ્રાન્ટેડ કોલેજોમાં સામેલ પત્રક–૨ અને પત્રક–૩ મુજબ

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) શક્ય એટલી વહેલી તકે

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે. )

---------

રાજ્યની શાળાઓમાં ઈન્ટરનેટ કનેક્શન આપવા બાબત

* ૮૪૩૫ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજયમાં કુલ કેટલી શાળામાં ઈન્ટરનેટ કનેક્શન આપવામાં આવેલ છે, અને

(૧) ૧૯,૫૯૨ શાળાઓમાં

(૨) આ યોજના અંતર્ગત સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રૂ. ૧૫૨૫.૨૬ લાખનો.

---------

મહીસાગર જિલ્લાની ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવા બાબત

* ૮૪૧૩ શ્રી કુબેરભાઈ ડીંડોર (સંતરામપુર) : માનનીય પંચાયતમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં ઈ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવામાં આવેલ છે,

(૧)

| ક્રમ | તાલુકાનુ નામ | બ્રોડબેન્ડ કનેક્ટીવીટી ધરાવતી ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧૦૭ |
| ૨ | ખાનપુર | ૩૧ |
| ૩ | સંતરામપુર | ૭૩ |
| ૪ | કડાણા | ૪૪ |
| ૫ | બાલાસિનોર | ૪૦ |
| ૬ | વીરપુર | ૩૦ |
| | કુલ | ૩૨૫ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામપંચાયતોમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવાની બાકી છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનુ નામ | બ્રોડબેન્ડ કનેક્ટીવીટી ન ધરાવતી ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૦૩ |
| ૨ | ખાનપુર | ૦૬ |
| ૩ | સંતરામપુર | ૧૪ |
| ૪ | કડાણા | ૦૨ |
| ૫ | બાલાસિનોર | ૦૪ |
| ૬ | વીરપુર | ૦૧ |
| | કુલ | ૩૦ |

(૩) બાકી ગ્રામ પંચાયતો ખાતે ક્યાં સુધીમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવામાં આવશે ?

(૩) સદર ગ્રામ પંચાયતો તાજેતરમાં વિભાજનથી નવીન અસ્તિત્વમાં આવેલ છે. સદર ગ્રામ પંચાયતો ખાતે ટૂંક સમયમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પુરી પાડવામાં આવશે.

---------

સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ઘટ

* ૧૦૦૭૪ શ્રી પરસોત્તમ સાબરીયા (ધ્રાંગધ્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લામાં રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન હેઠળ ચાલતી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ છે, તે સરકાર જાણે છે,

(૨) જો હા તો વિષયવાર, જિલ્લાવાર કઈ શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૧) હા, જી.

(૨)

સુરેન્દ્રનગર

| ક્રમ | આર.એમ.એસ.એ. સરકારી માધ્યમિક શાળાનું નામ | વિષયવાર | | | | ઘટ શિક્ષકની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | ગણિત/ વિજ્ઞાન | સમાજિક વિજ્ઞાન | અંગ્રેજી | અન્ય ભાષા | |
| ૧ | નવી રાજવાડ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨ | ચિરોડા | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૩ | સોનગઢ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૪ | મેવાસા | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૫ | મોટા કાંધાગર | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૬ | વિરેન્દ્રગઢ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૭ | વાવડી | ૧ | ૦ | ૧ | ૦ | ૨ |
| ૮ | જીવા | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૯ | કુડા | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૦ | કટારીયા | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૧ | પલાશ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૨ | દધોડીયા | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૩ | શિરવાવણી | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૪ | કોટડા | ૧ | ૦ | ૧ | ૦ | ૨ |
| ૧૫ | ઈશ્વરીયા(સાયલા) | ૧ | ૦ | ૧ | ૦ | ૨ |
| ૧૬ | મોટા સખપર | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૭ | બાલદાણા | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૮ | મીઠા ગોઢાં | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૯ | છાબલી | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| | કુલ | ૮ | ૧૨ | ૧૬ | ૦ | ૩૬ |

અમદાવાદ

| ક્રમ | આર.એમ.એસ.એ. સરકારી માધ્યમિક શાળાનું નામ | વિષયવાર | | | | ઘટ શિક્ષકની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | ગણિત/ વિજ્ઞાન | સમાજિક વિજ્ઞાન | અંગ્રેજી | અન્ય ભાષા | |
| ૧ | હેબતપુર | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨ | દેવધોલેરા | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૩ | સાંકોડ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૪ | સરંઢી | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૫ | ઝાંપ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૬ | ચરલ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૭ | લીલાપુર | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૮ | જેતાપુર | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૯ | કોક્તા | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૦ | પનાર | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| કુલ | ૩ | ૬ | ૬ | ૦ | ૧૫ |

(૩) આ ઘટ કયાં સુધી ભરવામાં આવશે?

(૩) વહીવટી અનુકૂળતા મુજબ.

---------

રાજ્યની સરકારી કોલેજોમાં આચાર્યની મંજૂર થયેલ જગ્યા

* ૮૪૬૪ શ્રી વલ્લભભાઇ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની સરકારી કોલેજોમાં આચાર્યની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) મંજુરઃ ૧૦૭ |
| (૨) તે પૈકી આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ભરાયેલઃ ૧૬<br>ખાલીઃ ૯૧ |
| (૩) આ આચાર્યની ખાલી જગ્યાઓ ભરવા માટે સરકાર તરફથી શું કાર્યવાહી થયેલ છે ? | (૩) આચાર્ય વર્ગ–૧ની (૫૨) બાવન ખાલી જગ્યાઓનું માંગણીપત્રક જી.પી.એસ.સી.ને મોકલેલ છે. કાર્યવાહી હાલ જી.પી.એસ.સી.માં પસંદગી પ્રક્રીયાના તબક્કે છે. |

---------

પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાઓનું વાવેતર

* ૯૧૫૮ શ્રી અલ્પેશ ઠાકોર (રાધનપુર) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વનીકરણ કાર્યક્રમ હેઠળ પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું, | (૧) વર્ષ ૨૦૧૬–૧૭ ૨૬.૮૮ લાખ<br>વર્ષ ૨૦૧૭–૧૮ ૩૩.૨૮ લાખ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) વર્ષ ૨૦૧૬–૧૭ રૂ. ૨૪૬૦.૬૪ લાખ<br>વર્ષ ૨૦૧૭–૧૮ રૂ. ૧૩૧૭.૧૮ લાખ<br>(૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં) |
| (૩) ઉક્ત વાવેતર કરેલ રોપાઓ પૈકી કેટલા રોપા જીવિત છે ? | (૩) ૪૨.૭૦ લાખ |

---------

અમદાવાદ જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ

* ૮૪૨૮ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ કેટલું છે, | (૧) ૨૧૯ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) |

| વર્ષ ૨૦૧૫–૧૬ માં ભરાયેલ જગ્યા | વર્ષ ૨૦૧૬–૧૭ માં ભરાયેલ જગ્યા | છેલ્લા બે વર્ષમાં ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૪૪ | ૨૮ | ૭૨ | ૧૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) આ ખાલી જગ્યાઓ કયારે ભરવામાં આવશે? | (૩) વહીવટી અનૂકુળતા મુજબ ભરવામાં આવશે. |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિવિધલક્ષી કલ્યાણ યોજનાના કેન્દ્રો

* ૮૪૫૫ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જામનગર | (૧) જામનગર –૭ (સાત) |

અને દેવભૂમિ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે, અને

દેવભુમી દ્વારકા–૩ (ત્રણ)

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે?

(૨) જામનગર –૧૭૪૨૦
દેવભુમી દ્વારકા–૮૩૫૪

---------

વલસાડ જિલ્લાની ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવા બાબત

* ૮૪૧૧ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ઇ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પુરી પાડવામાં આવેલ છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | બ્રોડબેન્ડ કનેક્ટીવીટી ધરાવતી ગ્રામપંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૯૨ |
| ૨ | પારડી | ૫૩ |
| ૩ | વાપી | ૨૩ |
| ૪ | ધરમપુર | ૬૩ |
| ૫ | કપરાડા | ૯૨ |
| ૬ | ઉમરગામ | ૫૧ |
| | કુલ | ૩૭૪ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પુરી પાડવાની બાકી છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | બ્રોડબેન્ડ કનેક્ટીવીટી ન ધરાવતી ગ્રામપંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૦૩ |
| ૨ | પારડી | ૦૦ |
| ૩ | વાપી | ૦૦ |
| ૪ | ધરમપુર | ૦૦ |
| ૫ | કપરાડા | ૦૬ |
| ૬ | ઉમરગામ | ૦૧ |
| | કુલ | ૧૦ |

(૩) બાકી ગ્રામ પંચાયતો ખાતે ક્યાં સુધીમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પુરી પાડવામાં આવશે?

(૩) સદર ગ્રામ પંચાયતો તાજેતરમાં વિભાજનથી નવીન અસ્તિત્વમાં આવેલ છે. સદર ગ્રામ પંચાયતો ખાતે ટૂંક સમયમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પુરી પાડવામાં આવશે.

---------

વલસાડ જિલ્લાની ગ્રામ પંચાયતોને પર્ફોર્મંસ ગ્રાંટ

* ૮૪૨૦ શ્રી અરવિંદભાઈ પટેલ (ધરમપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ અંતિત ૧૪ માં નાણાપંચ અંતર્ગત વલસાડ જિલ્લાની કેટલી ગ્રામ પંચાયતો પર્ફોર્મંસ ગ્રાંટ મેળવવા માટે યોગ્યતા પામેલ, અને

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ અંતિત ૧૪ માં નાણાપંચ અંતર્ગત વલસાડ જિલ્લાની ૨૦૫ ગ્રામ પંચાયતો પર્ફોર્મંસ ગ્રાંટ મેળવવા માટે યોગ્યતા પામેલ.

(૨) ઉક્ત સ્થિતિએ, આ ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાંટ મળેલ ?

(૨) ઉક્ત સ્થિતિએ, આ ગ્રામ પંચાયતોને કુલ ૩.૬,૩૭,૨૧,૫૨૩/–ની ગ્રાંટ મળેલ છે.

---------

જિલ્લા અને તાલુકા કક્ષાની તકેદારી સમિતિની રચના કરવા અંગેના ઠરાવ સિધ્ધ કરવા બાબત

* ૧૦૧૦૨ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) ધ પ્રોહીબીશન ઓફ એમ્પ્લોઈમેન્ટ એઝ

(૧) હા, જી.

મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રેહેબીલીટેશન એક્ટ તથા તે હેઠળ બનેલા નિયમો-૨૦૧૩ અન્વયે પંચાયત વિભાગે તા.૧૦-૧૦-૨૦૧૪ ના રોજ ઠરાવ પ્રસિધ્ધ કરીને જિલ્લા અને તાલુકા કક્ષાની તકેદારી સમિતિની રચના કરવા ઠરાવ પ્રસિધ્ધ કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આવી સમિતિની રચના ક્યારે કરવામાં આવી,

(૨) બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લાસહ તમામ જિલ્લા અને તાલુકા કક્ષાની તકેદારી સમિતિની રચના સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તા.૧૦-૧૦-૨૦૧૪ ના પરિપત્ર ક્રમાંકઃ ટીસીએસ-૧૦૨૦૧૪-૭૦૩૨૨-લ, થી કરવામાં આવેલ છે.

(૩) ઉપરોક્ત સમિતિઓને સન ૨૦૧૬ અને ૨૦૧૭ના વર્ષમાં તેને સોપ્યા પૈકીની કઈ કઈ ફરજો અને કામગીરી બજાવી, અને

(૪) જો આવી ફરજો અને કામગીરી ન બજાવવામાં આવી હોય તો તેના શા કારણો છે ?

(૩) અને (૪) સદરહુ પરિપત્ર પ્રમાણે જો કોઈ બાબત ઉપસ્થિત થાય અને સમિતિના ધ્યાને આવે તો સમસ્ત ફરજો/કામગીરી બજાવવાની થાય છે.

---------

ઉના તાલુકામાં ૨૦ આંગણવાડીઓના બાંધકામને આપેલ કામગીરી

* ૮૩૮૨ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૩માં ગીર-સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં શ્રી રૂદ્રાક્ષ કન્સ્ટ્રક્શન-ઉનાને ૧૪૫ અને પ્રણવ બિલ્ડર્સ-જૂનાગઢને ૨૦ આંગણવાડીઓના બાંધકામની કામગીરી આપેલ હતી તે વાત સાચી છે,

(૨) જો હા, તો તે આંગણવાડીઓનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું હતું,

(૩) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કેટલી આંગણવાડીઓનું બાંધકામ પૂર્ણ થયું, કેટલાનું ચાલુ છે અને કેટલાનું શરૂ કરવામાં આવેલ નથી, અને

(૪) સમય મર્યાદામાં આંગણવાડીઓના કામો પૂર્ણ ન થયા હોય તો ઉક્ત એજન્સીઓ સામે ક્યારે, ક્યા પ્રકારના પગલાં લીધાં?

જવાબ

(૧) હા,જી.

(૨) શ્રી રૂદ્રાક્ષ કન્સ્ટ્રક્શન-ઉનાને તા.૧૮-૦૩-૨૦૧૪ તેમજ પ્રણવ બિલ્ડર્સ-જૂનાગઢને તા.૦૫-૦૫-૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું હતું

(૩) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૧૬૫ પૈકી ૪૭ આંગણવાડીઓનું બાંધકામ પૂર્ણ થયું છે. જ્યારે બાકી રહેતી ૧૧૮ પૈકી ૫૫ આંગણવાડીના જમીન ઉપલબ્ધિના ઠરાવો મળેલ હતા, પરંતુ સ્થળ ઉપર જમીનનો પ્રત્યક્ષ કબજો મળેલ નથી. તેમજ અન્ય ૨૪ આંગણવાડીમાં કામની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ ઠરાવો મળેલ છે અને ૩૭ આંગણવાડીના ઠરાવો મળેલ નથી, જ્યારે ૨ આંગણવાડીનું કામ વિવાદમાં છે.

(૪) સમયમર્યાદામાં આંગણવાડીઓના કામો પૂર્ણ ન થતાં, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ઉના દ્વારા મુદત વધારવા અંગે દરખાસ્ત મળતાં, તા.૦૭-૧૦-૨૦૧૬ની સામાન્ય સભામાં મુદ્દા નં-૧૫ ઠરાવ નં-૩૮/૧૬-૧૭ થી સંબંધિત એજન્સીને મુદ્દત વધારવા તેમજ જમીનના પ્રશ્ન અંગેની તમામ આંગણવાડીઓના કામો રદ કરવા સર્વાનુંમતે ઠરાવ કરવામાં આવેલ છે.

---------

પાટણ જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ

* ૯૬૨૨ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પાટણ જિલ્લામાં દૂધ સંજીવની યોજના અમલમાં છે, અને

જવાબ

(૧) હા, જી.

(૨) જો હા તો, જિલ્લાના ક્યા તાલુકામાં આ યોજના અમલમાં છે?

(૨) (૧) સમી
(૨) શંખેશ્વર
(૩) સાંતલપુર

---------

ભારત સરકારને મોકલેલ નવી આંગણવાડીઓની માંગણીની મંજૂરી બાબત

* ૯૪૯૦ શ્રી ચીરાગભાઈ કાલરીયા (જામજોધપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભારત સરકાર સાથેની ગુજરાતની અગત્યની બાબતો વર્ષ ૨૦૧૫ પૈકી ભારત સરકારને મોકલેલ કુલ ૧૪૬૪ નવી આંગણવાડીની માંગણી સામે માત્ર ૨૬ આંગણવાડીને મંજૂરી મળેલ, તો બાકી રહેતી આંગણવાડીઓને મંજૂરી મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણી કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શાં પ્રતિભાવ મળ્યા ?

જવાબ

(૧) આ અંગે નીચેની વિગતે મંજૂરી મળેલ છે.

| વર્ષ | ભારત સરકારને કરેલી દરખાસ્તના આં.વા. કેન્દ્રોની સંખ્યા | તે પૈકી ભારત સરકારે મંજુર કરેલ આં.વા. કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૨૧૭ | ૨૬ |
| ૨૦૧૪–૧૫ | ૧૫૯૯ | ૮૬૬ |
| કુલ | ૧૮૧૬ | ૮૯૨ |

જ્યારે છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર સમક્ષ આંગણવાડીની કોઈ માંગણી કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
વધુમાં, હવે ભારત સરકારશ્રીનાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના તા.૫–૫–૨૦૧૬ના પત્રના અનુસંધાને, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીનં તા.૧૭–૦૯–૨૦૧૬ના પરિપત્રથી હાલના મંજુર આંગણવાડી કેંદ્રોનું રીએલોકેશન કરી વંચિત રહેતા ગામ–શહેરના વિસ્તારોને યોજનાનો લાભ આપવાનો રહેશે તેમ જણાવેલ હોઈ, હવે નવી કોઈ દરખાસ્ત/માંગણી કરવાની રહેતી નથી.

---------

ગીર–સોમનાથ અને છોટાઉદેપુર જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણો

* ૯૯૫૭ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગીર–સોમનાથ અને છોટાઉદેપુર જિલ્લામાં ગૌચરની કેટલી જમીનમાં ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) સરકારે આ દબાણો દૂર કરવા શા પગલાં લીધાં, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર, જિલ્લાવાર ગૌચરના દબાણો દુર કરી કેટલી જમીન છુટી કરી?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જિલ્લાવાર ગૌચરની જમીનમાં નીચે મુજબ ગેરકાયદેસર દબાણો થયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૪૧૯.૪૪.૮૪ |
| ૨ | છોટાઉદેપુર | ૨૦.૪૯.૫૧ |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ની જોગવાઈ મુજબ ગૌચરના દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. ગૌચરના દબાણો દૂર કરાવવા સબંધે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની મીટીંગમાં આ બાબતે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.

(૩) છેલ્લા બે વર્ષમાં, જિલ્લાવાર નીચે મુજબ ગૌચરની જમીન પરનું દબાણ દુર થયેલ છે.

| ક્રમ | જિલ્લો | છેલ્લા બે વર્ષમાં દૂર કરેલ ગૌચર દબાણ. | કુલ (હે.આરે.પ્ર.) |
|---|---|---|---|

| | | (હે.આરે.પ્ર.) | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ | |
| ૧ | ગીર સોમનાથ | ૧.૩૧.૫૩ | ૧.૬૧.૮૮ | ૨.૯૩.૪૧ |
| ૨ | છોટાઉદેપુર | ૪.૫૪.૦૦ | ૭.૦૦.૦૦ | ૧૧.૫૪.૦૦ |

---------

ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજોમાં બેઠકો

* ૯૪૬૪ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત, અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત, અને સ્વનિર્ભર કોલેજોમાં કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી ખાલી રહી?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમમાં સરકારી કોલેજમાં ૮૯૭૦, અનુદાનિત કોલેજમાં ૧૪૩૪ અને સ્વનિર્ભર કોલેજમાં ૫૭૭૦૯ બેઠકો છે.

(૨) ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમમાં સરકારી કોલેજમાં વર્ષ ૨૦૧૭–૧૮માં ૮૯૭૦ બેઠકોમાંથી ૮૩૧૮ બેઠકો ભરાયેલ હતી અને ૬૫૨ બેઠકો ખાલી રહેલ હતી તેમજ વર્ષ ૨૦૧૬–૧૭માં ૮૯૭૦ બેઠકોમાંથી ૮૫૧૫ બેઠકો ભરાયેલ હતી અને ૪૫૫ બેઠકો ખાલી રહેલ હતી.

અનુદાનિત કોલેજમાં વર્ષ ૨૦૧૭–૧૮માં ૧૪૩૪ બેઠકોમાંથી ૧૪૧૨ બેઠકો ભરાયેલ હતી અને ૨૨ બેઠકો ખાલી રહેલ હતી તેમજ વર્ષ ૨૦૧૬–૧૭માં ૧૪૩૪ બેઠકોમાંથી ૧૩૮૧ બેઠકો ભરાયેલ હતી અને ૫૩ બેઠકો ખાલી રહેલ હતી.

સ્વનિર્ભર કોલેજમાં વર્ષ ૨૦૧૭–૧૮માં ૫૭૭૦૯ બેઠકોમાંથી ૨૬૦૨૭ બેઠકો ભરાયેલ હતી અને ૩૧૬૮૨ બેઠકો ખાલી રહેલ હતી તેમજ વર્ષ ૨૦૧૬–૧૭માં ૫૮૨૬૩ બેઠકોમાંથી ૨૮૧૬૨ બેઠકો ભરાયેલ હતી અને ૩૦૧૦૧ બેઠકો ખાલી રહેલ હતી.

---------

કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર

* ૯૪૪૨ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર કેટલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ બે વર્ષમાં જિલ્લાવાર વન વિસ્તારમાં કેટલો ઘટાડો નોંધાયો, અને

(૩) જમીનના કુલ ક્ષેત્રફળનો ૧/૩ ભાગ વૃક્ષ આચ્છાદિત હોવો જોઈએ તે પ્રમાણે જો ઓછો વન વિસ્તાર હોય તો કેટલો ઓછો છે અને વધારવા માટે શું પગલાં લીધા ?

**જવાબ**

(૧) કચ્છ – ૫,૫૯,૯૪૪ હેક્ટર
બનાસકાંઠા – ૧,૧૦,૭૨૧ હેક્ટર.

(૨) કોઈ ઘટાડો નોંધાયેલ નથી.

(૩) રાષ્ટ્રીય વન નીતિ–૧૯૮૮ પ્રમાણે સમગ્ર દેશના કુલ ભૌગોલિક વિસ્તારના એક તૃતિયાંશ ભાગ વૃક્ષ આચ્છાદિત કરવાનો ધ્યેય છે. આ ધ્યેયને સ્થાનિક કે જિલ્લા કક્ષાએ વિભાજીત કરી શકાય નહીં. આમ છતાં રાષ્ટ્રીય વન નીતિને અનુરૂપ રાજ્યના વધુને વધુ વિસ્તારને વૃક્ષ

આચ્છાદિત કરવા માટે વન વિભાગની જુદી-જુદી યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આ યોજનાઓમાં મુખ્યત્વે વન તેમજ વન બહારના વિસ્તારોમાં વનીકરણ, સામાજીક વનીકરણ યોજના હેઠળ વાવેતર તેમજ રોપ વિતરણ, વન અને પર્યાવરણને લગત લોક જાગૃતિની વિવિધ યોજનાઓ, સહભાગી વન વ્યવસ્થા યોજના અને ચેર વાવેતર જેવી યોજનાઓનો સમાવેશ થાય છે.

---------

ગીરસોમનાથ જિલ્લામાં આવતી તાલુકા પંચાયતનું મહેકમ

* ૮૧૮૮ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ગીર-સોમનાથ જિલ્લામાં આવતી તાલુકા પંચાયતનું તાલુકાવાર સંવર્ગ વાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

ગીરસોમનાથ

| તાલુકા | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|
| વેરાવળ | ૦ | ૧ | ૨૦ | ૯ |
| તલાલા | ૦ | ૧ | ૨૫ | ૫ |
| ગીરગઢડા | ૦ | ૧ | ૧૨ | ૧ |
| સુત્રાપાડા | ૦ | ૧ | ૬ | ૨ |
| કોડીનાર | ૦ | ૧ | ૨૩ | ૬ |
| ઉના | ૦ | ૧ | ૧૮ | ૬ |
| કુલ | ૦ | ૬ | ૧૦૪ | ૨૯ |

(૨) તે અન્વયે તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| ગીરસોમનાથ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | તે અન્વયે તાલુકાવાર ભરાયેલ અને ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે. | | | | | |
| તાલુકા | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | |
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| વેરાવળ | ૧ | ૦ | ૧૪ | ૬ | ૩ | ૬ |
| તલાલા | ૦ | ૧ | ૭ | ૧૮ | ૨ | ૩ |
| ગીરગઢડા | ૦ | ૧ | ૪ | ૮ | ૧ | ૦ |
| સુત્રાપાડા | ૦ | ૧ | ૪ | ૨ | ૦ | ૨ |
| કોડીનાર | ૧ | ૦ | ૧૦ | ૧૩ | ૧ | ૫ |
| ઉના | ૧ | ૦ | ૧૦ | ૮ | ૩ | ૩ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩)

ગીરસોમનાથ

| તાલુકો | વર્ગ-૨ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ ઉપર | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ ઉપર | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ ઉપર |
| વેરાવળ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૪ | ૨ |
| તલાલા | ૦ | ૦ | ૧ | ૬ | ૪ | ૮ | ૦ | ૩ | ૦ |
| ગીરગઢડા | ૧ | ૦ | ૦ | ૩ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| સુત્રાપાડા | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ | ૦ |

અતારાંકિત પ્રશ્નો

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કોડીનાર | ૦ | ૦ | ૦ | ૨ | ૪ | ૭ | ૦ | ૫ | ૦ |
| ઉના | ૦ | ૦ | ૦ | ૨ | ૩ | ૩ | ૦ | ૩ | ૦ |
| કુલ | ૧ | ૦ | ૨ | ૧૭ | ૨૦ | ૧૮ | ૦ | ૧૭ | ૨ |

(૪) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવશે.

---------

સુરત અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર

* ૯૫૪૧ શ્રી આનંદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ સુરત અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર કેટલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ બે વર્ષમાં જિલ્લાવાર વન વિસ્તારમાં કેટલો ઘટાડો નોંધાયો, અને

(૩) જમીનના કુલ ક્ષેત્રફળનો ૧/૩ ભાગ વૃક્ષ આચ્છાદિત હોવો જોઇએ તે પ્રમાણે જો ઓછો વન વિસ્તાર હોય તો કેટલો ઓછો છે અને વધારવા માટે શું પગલાં લીધા ?

જવાબ

(૧) સુરત – ૪૯,૬૭૨ હેક્ટર
છોટાઉદેપુર – ૭૨,૦૭૧ હેક્ટર.

(૨) કોઇ ઘટાડો નોંધાયેલ નથી.

(૩) રાષ્ટ્રીય વન નીતિ–૧૯૮૮ પ્રમાણે સમગ્ર દેશના કુલ ભૌગોલિક વિસ્તારના એક તૃતિયાંશ ભાગ વૃક્ષ આચ્છાદિત કરવાનો ધ્યેય છે. આ ધ્યેયને સ્થાનિક કે જિલ્લા કક્ષાએ વિભાજીત કરી શકાય નહીં. આમ છતાં રાષ્ટ્રીય વન નીતિને અનુરૂપ રાજ્યના વધુને વધુ વિસ્તારને વૃક્ષ આચ્છાદિત કરવા માટે વન વિભાગની જુદી–જુદી યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આ યોજનાઓમાં મુખ્યત્વે વન તેમજ વન બહારના વિસ્તારોમાં વનીકરણ, સામાજીક વનીકરણ યોજના હેઠળ વાવેતર તેમજ રોપ વિતરણ, વન અને પર્યાવરણને લગત લોક જાગૃતિની વિવિધ યોજનાઓ, સહભાગી વન વ્યવસ્થા યોજના અને ચેર વાવેતર જેવી યોજનાઓનો સમાવેશ થાય છે.

---------

જુનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લાના ઔદ્યોગિક એકમો દ્વારા સીધુ નદી, દરીયામાં ઠલવાતું પ્રદુષિત પાણી

* ૧૦૦૭૬ શ્રી મોહનભાઇ વાળા (કોડીનાર) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લાના ઔધોગિક એકમો દ્વારા પ્રદુષિત પાણી સીધુ નદી, દરિયામાં ઠાલવવામાં કે બોર દ્વારા ભૂગર્ભમાં ઉતારવા બાબતની કોઇ ફરિયાદ સરકારને મળેલ છે, અને

(૨) જો હા, તો તે અન્વયે સરકાર દ્વારા શું પગલાં ભરવામાં આવ્યા?

જવાબ

(૧) હા, જી

(૨) પ્રદૂષિત પાણી સીધું નદી કે દરીયામાં ઠાલવવા બાબતની ફરીયાદ અન્વયે ઔદ્યોગિક એકમો સામે પાણી પ્રદૂષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ–૧૯૭૪ની કલમ ૩૩(અ) હેઠળ કલોઝર ડાયરેકશનઃ નોટિસ ઓફ ડાયરેકશનઃ કારણદર્શક નોટિસઃ ઇમ્પ્રૂવમેન્ટ નોટિસઃ લીગલ નોટિસ પાઠવવામાં આવેલ છે. બોર દ્વારા ભૂગર્ભમાં પ્રદૂષિત પાણી ઉતારવા બાબતની ફરિયાદમાં તથ્ય જણાયેલ નથી.

---------

ખેડા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા

* ૮૪૨૨ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજુર થયેલ છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ-૧૦ (દસ) જગ્યા મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકા વિકાસ અધિકારીની કુલ-૫ (પાંચ) જગ્યાઓ ભરાયેલ છે અને ૫ (પાંચ) જગ્યાઓ ખાલી છે.

(૩) આ ખાલી જગ્યાઓ કયારે ભરવામાં આવશે?

(૩) વહીવટી અનુકૂળતાએ

---------

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર

* ૯૪૮૪ શ્રી પ્રવિણભાઇ મુસડીયા (કાલાવડ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર કેટલો છે, | (૧) જામનગર – ૧,૦૭,૭૫૯ હેક્ટર<br>દેવભૂમિ દ્વારકા – ૫૧,૭૪૫ હેક્ટર. |
| (૨) ઉક્ત સ્થિતિએ બે વર્ષમાં જિલ્લાવાર વન વિસ્તારમાં કેટલો ઘટાડો નોંધાયો, અને | (૨) કોઇ ઘટાડો નોંધાયેલ નથી. |
| (૩) જમીનના કુલ ક્ષેત્રફળનો ૧/૩ ભાગ વૃક્ષ આચ્છાદિત હોવો જોઇએ તે પ્રમાણે જો ઓછો વન વિસ્તાર હોય તો કેટલો ઓછો છે અને વધારવા માટે શું પગલાં લીધા ? | (૩) રાષ્ટ્રીય વન નીતિ-૧૯૮૮ પ્રમાણે સમગ્ર દેશના કુલ ભૌગોલિક વિસ્તારના એક તૃતિયાંશ ભાગ વૃક્ષ આચ્છાદિત કરવાનો ધ્યેય છે. આ ધ્યેયને સ્થાનિક કે જિલ્લા કક્ષાએ વિભાજીત કરી શકાય નહીં. આમ છતાં રાષ્ટ્રીય વન નીતિને અનુરૂપ રાજ્યના વધુને વધુ વિસ્તારને વૃક્ષ આચ્છાદિત કરવા માટે વન વિભાગની જુદી-જુદી યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આ યોજનાઓમાં મુખ્યત્વે વન તેમજ વન બહારના વિસ્તારોમાં વનીકરણ, સામાજીક વનીકરણ યોજના હેઠળ વાવેતર તેમજ રોપ વિતરણ, વન અને પર્યાવરણને લગત લોક જાગૃતિની વિવિધ યોજનાઓ, સહભાગી વન વ્યવસ્થા યોજના અને ચેર વાવેતર જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. |

---------

### તાપી અને વલસાડ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં જુદી જુદી સુવિધાઓ

* ૯૫૪૪ શ્રી પુનાભાઇ ગામીત (વ્યારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમતગમત મેદાન, વીજળી, કંપાઉન્ડ વોલ, પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધાઓ નથી, | (૧) પત્રક મુજબ |
| (૨) આ શાળાઓમાં ઉક્ત સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ કરાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી, અને | (૨) ઉક્ત સુવિધા પૈકી વિજળી, પાણી અને શૌચાલયની સુવિધાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. ફક્ત એક શાળામાં વિજળીની સુવિધા નથી. બાકીની તમામ શાળાઓમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ કરાવવાની તથા જમીન |

ઉપલબ્ધ કરાવવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહેલ છે.

(૩) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે?

(૩) આગામી વર્ષમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

પત્રક

તાપી જીલ્લો

| તાલુકો | રમતગમતના મેદાનની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ડોલવણ | ૨૬ | ૦ | ૪૬ | ૦ | ૦ |
| કુકરમુંડા | ૪૪ | ૦ | ૬ | ૦ | ૦ |
| નીઝર | ૨૮ | ૦ | ૨ | ૦ | ૦ |
| સોનગઢ | ૦ | ૧ | ૬૩ | ૦ | ૦ |
| ઉકછલ | ૮૫ | ૦ | ૧૧ | ૦ | ૦ |
| વાલોડ | ૬૩ | ૦ | ૨૦ | ૦ | ૦ |
| વ્યારા | ૯૫ | ૦ | ૩૮ | ૦ | ૦ |

પત્રક

વલસાડ જીલ્લો

| તાલુકો | રમતગમતના મેદાનની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| વલસાડ | ૫૭ | ૦ | ૫ | ૦ | ૦ |
| વાપી | ૭ | ૦ | ૧૬ | ૦ | ૦ |
| પારડી | ૮ | ૦ | ૪૨ | ૦ | ૦ |
| ઉમરગામ | ૯૦ | ૦ | ૩૧ | ૦ | ૦ |
| ધરમપુર | ૯૭ | ૦ | ૪૫ | ૦ | ૦ |
| કપરાડા | ૦ | ૦ | ૨૧ | ૦ | ૦ |

---------

## રાજ્યની સરકારી કોલેજોમાં મદદદનીશ પ્રાધ્યાપકનું મંજુર મહેકમ

* ૮૪૬૧ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) ત.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ–૨નું મંજુર થયેલ કુલ મહેકમ કેટલું છે,

(૧) મંજુર મહેકમઃ ૧૫૧૯

(૨) તે પૈકી કુલ કેટલી જગ્યા ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ભરાયેલી જગાઓઃ ૬૧૬
ખાલી જગાઓઃ ૯૦૩

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારશ્રી તરફથી શું કાર્યવાહી થયેલ છે ?

(૩) મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ–૨ની ખાલી જગાઓ પૈકી કુલ–૫૫૭ જગાઓ સીધી ભરતીથી ભરવા ગુજરાત જાહેર સેવા આયોગને મોકલાવેલ માંગણીપત્રકના અનુસંધાનમાં હાલ બાબત ઈન્ટરવ્યુના તબક્કે છે અને પસંદગીની કામગીરી ચાલુ છે.

---------

## તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### દાંતા તાલુકાના અંબાજી અને તેની આસપાસના માર્બલ લીઝોવાળા વન વિસ્તાર સામે જમીનમાં વળતર વનીકરણ કરવાની શરત બાબત

* ૯૮૧૭ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના અંબાજી અને તેની આસપાસના માર્બલ લીઝોવાળા ૧૯૦ હેકટર વન વિસ્તાર સામે ૪૦૦ હેકટર જમીનમાં વળતર વનીકરણ કરવાની લદાયેલ શરતો તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પૂર્ણ થયેલ નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે, કેમ, અને | (૧) કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલ પરવાનગીની શરતો મુજબ અંબાજી અને તેની આસપાસના માર્બલ લીઝ હોલ્ડરો દ્વારા ૪૦૦ હે. જમીન અને કુલ રૂ.૪૦.૦૦ લાખ વળતર વનીકરણ માટે રાજ્ય સરકારને આપવાના થતા હતા, જે તેમણે સને ૧૯૯૨ થી ૧૯૯૬ દરમિયાન રાજ્ય સરકારને ચુકવી આપેલ છે. જેથી લીઝહોલ્ડર્સ તરફથી તમામ શરતો પુર્ણ થયેલ છે. રાજ્ય સરકાર દ્વારા આ જમીન પૈકી ૨૪૦ હેકટરમાં અત્યાર સુધીમાં વનીકરણ કરવામાં આવેલ છે. બાકીના ૧૬૦ હેકટર વિસ્તારમાં રૂટ સ્ટોક અને ઝાડોની ગીચતા ધ્યાને લઈ સીડ સોઇંગ અને ભૂમિભેજ સંરક્ષણની કામગીરી કરવામાં આવેલ છે. જેથી વળતર વનીકરણ કરવાની લદાયેલ શરતો પુર્ણ થયેલ નથી તે હકીકત સાચી નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ શરતભંગ થયા છતાં પણ લીઝોનું ખનન કાર્ય ચાલુ રાખવા દેવાના સામે ઉક્ત સ્થિતિએ શું પગલાં લેવાયા છે ? | (૨) શરત ભંગ થયેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### સર્વશિક્ષા અભિયાન હેઠળ ગાંધીનગર જિલ્લામાં નામાંકન દર

* ૮૪૩૮ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પ્રારંભિક સ્તરે નામાંકન દર કેટલા ટકા રહેવા પામેલ છે, | (૧) નામાંકન દર ૯૮.૯૪ % રહેવા પામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં નામાંકન દરમાં વધારો કરવા રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે,અને | (૨) નામાંકન દર વધારવા માટે સરકારશ્રી તરફથી લેવામાં આવેલ પગલાં.<br>• પ્રવેશપાત્ર બાળકોના વાલીઓ સાથે સંપર્ક કરી શાળામાં નામાંકન કરાવવા અંગે સર્વે કરાવવામાં આવે છે.<br>• શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી) મારફત વાલીઓને શિક્ષણ પ્રત્યે જાગૃતિ<br>• પ્રવેશપાત્ર બાળકોનું ૧૦૦% નામાંકન થાય તે માટે SMC ના સહયોગથી કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી<br>• ૩૫% કરતાં ઓછા સ્ત્રી સાક્ષરતા દર હોય તેવા ગામોની કન્યાઓને ધોરણ–૧માં પ્રવેશ વખતે જ રૂ. ૨૦૦૦ / ની વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે.<br>• સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પાઠ્ય પુસ્તકનું વિતરણ<br>• કુમાર અને કન્યા માટે અલગ શૌચાલયની સુવિધા ધરાવતા સ્વચ્છ વિદ્યાલય સંકુલની વ્યવસ્થા<br>• ડ્રોપ આઉટ થતા બાળકોને ખાસ તાલીમ વર્ગોમાં અભ્યાસ કરાવી મેઇન–સ્ટ્રીમ કરવામાં આવે છે. |

- મધ્યાહન ભોજન યોજના અંતર્ગત સરકારી શાળાઓમાં બાળકોને વિના મૂલ્યે ભોજન
- કે.જી.બી.વી. અંતર્ગત કન્યાઓ માટે નિવાસી શાળાની સુવિધા
- તમામ બાળકોની શાળા આરોગ્ય તપાસ
- સમાજ કલ્યાણ વિભાગ દ્વારા શિષ્યવૃતિ
- ગાંધીનગર જિલ્લામાં ૭૭ શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેકટ થકી સ્માર્ટ વર્ગખંડોનો વિકાસ
- ગાંધીનગર જિલ્લામાં ૪ શાળાઓનો સ્માર્ટ સ્કૂલ તરીકે વિકાસ.

(૩) રાજ્ય સરકારના પગલાના કારણે નામાંકન દરમાં કેટલો સુધારો થયેલ ?

(૩) રાજ્ય સરકારના પગલાના કારણે ગાંધીનગર જિલ્લાનો પ્રારંભિક સ્તરે નામાંક્ન દર વર્ષ ૨૦૦૨-૦૩ માં ૮૨.૮૯% હતો. જે વધીને વર્ષ ૨૦૧૬-૧૭માં ૯૮.૯૪ % થયેલ છે.

---------

દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે મેડીકલ પ્રવેશની પરીક્ષા તાલીમનું આયોજન

* ૮૪૬૯ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ મેડીકલમાં પ્રવેશ મેળવે તે માટે વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧-૨૦૧૮ સુધીમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા નીટ પરીક્ષાની તાલીમનું કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો જિલ્લામાં આ તાલીમ માટે કેટલા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ, અને | (૨) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭ માં ૮ તાલીમ કેન્દ્રો અને વર્ષ ૨૦૧૭-૧૮ માં ૧૦ તાલીમ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) તે કેન્દ્રો દ્વારા કુલ કેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે ? | (૩) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭ માં ૪૦૧ વિદ્યાર્થીઓને અને વર્ષ ૨૦૧૭-૧૮ માં ૫૨૨ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. |

---------

જુનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લામાં અનામત વીડીઓમાંથી એકઠું કરવામાં આવેલ ઘાસ

* ૧૦૦૭૫ શ્રી ભીખાભાઈ જોશી (જુનાગઢ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લામાં આવેલ અનામત વીડીઓમાંથી કેટલું ઘાસ એકઠું કરવામાં આવ્યું, | (૧) વર્ષ ૨૦૧૬-૧૭ ૨૫.૦૭ લાખ કિલોગ્રામ<br>વર્ષ ૨૦૧૭-૧૮ ૪૩.૦૦ લાખ કિલોગ્રામ |
| (૨) તે પૈકી કેટલો જથ્થો ક્યા ગોડાઉન ખાતે સ્ટોર કરવામાં આવ્યો, અને | (૨) તે પૈકી કેટલો જથ્થો ક્યા ગોડાઉન ખાતે સ્ટોક કરવામાં આવ્યો તેની વિગત નીચે મુજબ છે. |

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ | ગોડાઉનનું નામ | સંગ્રહ કરેલ ઘાસનો જથ્થો (લાખમાં કિ.ગ્રા) |
|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૨૦૧૬-૧૭ | પ્લાસવા | ૦.૨૯ |
| ૨ | | | માણાવદર-૨ | ૦.૮૬ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | દાડમધાર | ૧.૨૧ |
| | | | કેશોદ–૨ | ૦.૯૮ |
| | | | ગડોદર–૧ | ૦.૨૦ |
| | | | ગડોદર–૭ | ૦.૧૪ |
| | | | બાબરા–૧ | ૨.૫૮ |
| | | | બાબરા–૨ | ૨.૫૬ |
| | | | બાબરા–૩ | ૨.૧૦ |
| | | | બાબરા–૪ | ૦.૭૭ |
| | | | બાબરા–૫ | ૨.૭૯ |
| | | | લક્કડધાર–૨ | ૧.૭૫ |
| | | | માળીયા | ૧.૧૫ |
| | | | મેંદરડા | ૫.૪૦ |
| | | | વિસાવદર | ૦.૭૨ |
| | | | ધારી | ૧.૪૮ |
| ૨ | ગીરસોમનાથ | ૨૦૧૬–૧૭ | | શૂન્ય |
| ૩ | જુનાગઢ | ૨૦૧૭–૧૮ | પ્લાસવા | ૦.૨૯ |
| | | | ભેંસાણ | ૦.૧૮ |
| | | | માણાવદર–૨ | ૧.૩૭ |
| | | | દાડમધાર | ૧.૬૬ |
| | | | કેશોદ–૧ | ૨.૦૦ |
| | | | કેશોદ–૨ | ૦.૨૭ |
| | | | કેશોદ–૩ | ૧.૬૭ |
| | | | ગડોદર–૧ | ૧.૮૮ |
| | | | ગડોદર–૨ | ૧.૯૬ |
| | | | ગડોદર–૩ | ૧.૦૯ |
| | | | ગડોદર–૪ | ૦.૩૧ |
| | | | ગડોદર–૫ | ૨.૨૬ |
| | | | ગડોદર–૬ | ૨.૫૦ |
| | | | ગડોદર–૭ | ૨.૦૭ |
| | | | બાબરા–૧ | ૦.૩૫ |
| | | | બાબરા–૨ | ૦.૧૧ |
| | | | બાબરા–૪ | ૦.૬૭ |
| | | | બાબરા–૬ | ૨.૦૦ |
| | | | બાબરા–૭ | ૧.૭૬ |
| | | | માંગરોળ | ૦.૯૩ |
| | | | શીલ | ૦.૨૧ |
| | | | મેંદરડા | ૫.૯૦ |
| | | | વિસાવદર | ૫.૯૮ |
| ૪ | ગીરસોમનાથ | ૨૦૧૭–૧૮ | વેરાવળ | ૦.૩૫ |
| | | | તલાલા | ૦.૫૧ |

(૩) આ ઘાસ એકઠું કરવા મજૂરોને કેટલું

(૩) સરકારશ્રીના ધારાધોરણ મુજબ નીચેની વિગતે

મહેનતાણું ચૂકવવામાં આવે છે ?

મહેનતાણું ચુકવવામાં આવે છે.

| અ.નં. | વર્ષ | પ્રતિ કિ.ગ્રા.દીઠ (રૂ.) |
|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૬.૭૪ |
| ૨ | ૨૦૧૭ | ૭.૨૮ |

---------

## દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં જુદી–જુદી સુવિધાઓ

* ૯૫૩૧ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમતગમત મેદાન, વીજળી, કંપાઉન્ડ વોલ, પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધાઓ નથી,

(૨) આ શાળાઓમાં ઉકત સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ કરાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી, અને

(૩) કેટલા સમયમાં આ કામીગીરી પૂર્ણ કરવાનું આયોજન છે ?

જવાબ

(૧) પત્રક મુજબ.

(૨) ઉકત સુવિધા પૈકી વિજળી, પાણી અને શૌચાલયની સુવિધાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. અને તમામ શાળાઓમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ કરાવવાની તથા જમીન ઉપલબ્ધ કરાવવાની તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

પ ત્ર ક

દાહોદ જિલ્લો

| તાલુકો | રમતગમતનાં મેદાનની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| દાહોદ | ૯૮ | ૦ | ૭૮ | ૦ | ૦ |
| દેવગઢબારીયા | ૧૦૬ | ૦ | ૧૩ | ૦ | ૦ |
| ધાનપુર | ૬૨ | ૦ | ૩૨ | ૦ | ૦ |
| ફતેપુરા | ૯૩ | ૦ | ૬૧ | ૦ | ૦ |
| ગરબાડા | ૧૧૯ | ૦ | ૩૨ | ૦ | ૦ |
| લીમખેડા | ૭૩ | ૦ | ૬૪ | ૦ | ૦ |
| સંજેલી | ૨૮ | ૦ | ૨૫ | ૦ | ૦ |
| ઝાલોદ | ૧૧૪ | ૦ | ૯૬ | ૦ | ૦ |

છોટાઉદેપુર જિલ્લો

| તાલુકો | રમતગમતનાં મેદાનની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| બોડેલી | ૬૯ | ૦ | ૯૪ | ૦ | ૦ |
| છોટાઉદેપુર | ૬૩ | ૦ | ૧૦૩ | ૦ | ૦ |
| જેતપુરપાવી | ૧૫ | ૦ | ૫૭ | ૦ | ૦ |
| કવાંટ | ૧૭ | ૦ | ૭૫ | ૦ | ૦ |
| નસવાડી | ૬૫ | ૦ | ૯૭ | ૦ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| સંખેડા | ૧૮ | ૦ | ૭૫ | ૦ | ૦ |

---------

મહેસાણા જિલ્લામાં વિદ્યાદીપ વીમા યોજનાના કેસ

* ૮૪૫૧ શ્રી રમણભાઈ પટેલ (વિજાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વિદ્યાદીપ વીમા યોજનાના કેટલા કેસો રજૂ થયા, | (૧) ૩૦ કેસ. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા કેસો મંજૂર થયા અને કેટલા નામંજૂર થયા, અને | (૨) ૨૩ કેસો મંજુર થયા અને ૩ કેસો નામંજુર થયા. |
| (૩) બાકી કેસોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૩) બાકી રહેલા ૪ કેસોમાં વિગતોની પૂર્તતા થયેથી. |

---------

બોટાદ અને ભરૂચ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં જુદી–જુદી સુવિધાઓ

* ૯૫૦૯ શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બોટાદ અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમતગમતના મેદાન, વીજળી, કંપાઉન્ડ વોલ, પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધાઓ નથી, | (૧) પત્રક–૧ આ સાથે સામેલ છે. |
| (૨) આ શાળાઓમાં ઉકત સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ કરાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી, અને | (૨) ઉકત સુવિધા પૈકી વિજળી, પાણી અને શૌચાલયની સુવિધાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. અને તમામ શાળાઓમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ કરાવવાની તથા રમતગમતના મેદાન માટે જમીન ઉપલબ્ધ કરાવવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહેલ છે. |
| (૩) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી. |

પ ત્ર ક

બોટાદ જિલ્લો

| ક્રમ | તાલુકો | રમતગમતના મેદાન વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | બરવાળા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | બોટાદ | ૨૦ | ૦ | ૬ | ૦ | ૦ |
| ૩ | ગઢડા | ૨૦ | ૦ | ૧૩ | ૦ | ૦ |
| ૪ | રાણપુર | ૩ | ૦ | ૭ | ૦ | ૦ |

ભરૂચ જિલ્લો

| ક્રમ | તાલુકો | રમતગમતના મેદાન વિનાની સરકારી પ્રાથમિક | વિજળીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક | પાણીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક | શૌચાલયની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક |
|---|---|---|---|---|---|---|

| | | શાળાઓની સંખ્યા | શાળાઓની સંખ્યા | શાળાઓની સંખ્યા | શાળાઓની સંખ્યા | શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | આમોદ | ૩ | ૦ | ૯ | ૦ | ૦ |
| ૨ | અંકલેશ્વર | ૨૨ | ૦ | ૧૦ | ૦ | ૦ |
| ૩ | ભરૂચ | ૮૨ | ૦ | ૩૨ | ૦ | ૦ |
| ૪ | હાંસોટ | ૧૩ | ૦ | ૭ | ૦ | ૦ |
| ૫ | જંબુસર | ૪૨ | ૦ | ૩૨ | ૦ | ૦ |
| ૬ | નેત્રંગ | ૯૦ | ૦ | ૧૧ | ૦ | ૦ |
| ૭ | વાગરા | ૩૦ | ૦ | ૩ | ૦ | ૦ |
| ૮ | વાલીયા | ૬૦ | ૦ | ૮ | ૦ | ૦ |
| ૯ | ઝઘડીયા | ૯૭ | ૦ | ૨૦ | ૦ | ૦ |

---------

કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને સહાય

* ૮૪૮૨ સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ નાણાકી વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને સહાય આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉકત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| વર્ષ | લાભાર્થી કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૧૧૮ |
| ૨૦૧૭–૧૮ | ૬૦ |
| કુલ | ૧૭૮ |

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | રૂ.૧૧.૮૦ લાખ. |
| ૨૦૧૭–૧૮ | રૂ.૦૬.૦૦ લાખ. |
| કુલ | રૂ.૧૭.૮૦ લાખ. |

---------

ડિપ્લોમા અભ્યાસક્રમની સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજોમાં બેઠકો

* ૯૪૮૧ શ્રી લલિત વસોયા (ધોરાજી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ડિપ્લોમા અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી ખાલી રહી?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ડિપ્લોમા અભ્યાસક્રમની સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજોમાં કુલ ૬૬૭૧૫ બેઠકો છે.

(૨) સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજોમાં વર્ષ ૨૦૧૬માં કુલ ૪૩૯૧૮ બેઠકો અને વર્ષ ૨૦૧૭માં કુલ ૪૦૧૪૩ બેઠકો ભરાયેલ છે અને વર્ષ ૨૦૧૬માં કુલ ૨૨૩૪૧ બેઠકો અને વર્ષ ૨૦૧૭માં કુલ ૨૬૫૭૨ બેઠકો ખાલી રહેલ છે.

---------

છોટાઉદેપુર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના

* ૮૪૮૧ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–

જવાબ

(૧)

| વર્ષ | લાભાર્થી કન્યાઓની |
|---|---|

૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને સહાય આપવામાં આવેલ છે, અને

| | સંખ્યા |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૧૫૦ |
| ૨૦૧૭–૧૮ | ૨૦૪ |
| કુલ | ૩૫૪ |

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | રૂ. ૧૫.૦૦ લાખ. |
| ૨૦૧૭–૧૮ | રૂ. ૨૦.૪૦ લાખ. |
| કુલ | રૂ. ૩૫.૪૦ લાખ. |

---------

વલસાડ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના

* ૮૪૭૬ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને સહાય આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| વર્ષ | લાભાર્થી કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૬૮૦ |
| ૨૦૧૭–૧૮ | ૫૦૩ |
| કુલ | ૧૧૮૩ |

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | રૂ. ૬૮.૦૦ લાખ. |
| ૨૦૧૭–૧૮ | રૂ. ૫૦.૩૦ લાખ. |
| કુલ | રૂ. ૧૧૮.૩૦ લાખ. |

---------

નર્મદા જિલ્લામાં તાલુકા પંચાયતોના નવીન મકાન માટે મંજૂરી

* ૮૪૨૩ શ્રી શૈલેષ મહેતા (ડભોઈ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગીર–સોમનાથ જિલ્લાના ૦૫ તાલુકા અને પોરબંદર જિલ્લાના ૦૨ તાલુકાઓમાં નિમણૂક થયેલ છે, જ્યારે ગીર–સોમનાથ જિલ્લાના ૦૧ અને પોરબંદર જિલ્લાના ૦૧ તાલુકાઓમાં જગ્યા ખાલી છે.

(૨) ગીર–સોમનાથ જિલ્લાના
સુત્રાપાડા– તા.૩૧/૦૩/૨૦૧૭
પોરબંદર જિલ્લાના
પોરબંદર– તા.૩૧/૦૩/૨૦૧૬ થી આ જગ્યા ખાલી છે.

(૩) વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે.

---------

નખત્રાણા તાલુકામાં આવેલ કોલેજોને ગ્રાન્ટેબલ કરવાની મળેલ રજૂઆતો

* ૮૫૫૧ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નખત્રાણા તાલુકામાં આવેલ કોલેજોને ગ્રાન્ટેબલ કરવા માટે છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી માંગણીઓ મળી, અને

(૨) તે અન્વયે કઈ કોલેજની માંગણી ગ્રાહ્ય રાખી અને ગ્રાન્ટેબલ કરવા સરકારે શું કાર્યવાહી કરી ?

જવાબ

(૧) છેલ્લા બે વર્ષમાં મળેલ માંગણીઓ

| વર્ષ | માંગણીઓ |
|---|---|
| ૨૦૧૬ | ૦૬ |
| ૨૦૧૭ | એકપણ નહી |

(૨) એકપણ નહી., પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વન ખાતામાં કામ કરતાં અવસાન પામેલ રોજમદારોના કુટુંબીજનોને સહાય

* ૮૧૮૯ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વન ખાતામાં કામ કરતા રોજમદારો ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામે તો તેમના કુટુંબીજનોને કોઈ વળતર કે સહાય ચૂકવવામાં આવે છે, અને

જવાબ

(૧) નામ. સુપ્રિમ કોર્ટના તા.૦૯/૦૭/૨૦૧૩ના આદેશના અનુસંધાને વિભાગના તા.૧૫/૦૯/૨૦૧૪ના ઠરાવની જોગવાઇઓ મુજબના લાભ રોજમદારોને આપવામાં આવે છે, તેમાં રોજમદાર ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામે તો તેમના કુટુંબીજનોને વળતર કે સહાય ચૂકવવાનો સમાવેશ થતો નથી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર–સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં આવા કેટલા મૃતકોના પરિવારજનોને સહાય ચૂકવવામાં આવી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સુરત અને ડાંગ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં જુદી જુદી સુવિધાઓ

* ૯૫૪૨ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સુરત અને ડાંગ જીલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમતગમતના મેદાન, વીજળી, કંપાઉન્ડ વોલ, પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધાઓ નથી,

(૨) આ શાળાઓમાં ઉક્ત સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ કરાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી, અને

(૩) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે ?

જવાબ

(૧) પત્રક–૧ આ સાથે સામેલ છે.

(૨) ઉક્ત સુવિધા પૈકી વીજળી, પાણી અને શૌચાલયની સુવિધાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે અને તમામ શાળાઓમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ કરાવવાની તથા રમતગમતના મેદાન માટે જમીન ઉપલબ્ધ કરાવવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહેલ છે.

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

પત્રક–૧

સુરત જિલ્લો

| ક્રમ | તાલુકો | રમતગમતના મેદાન વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | વીજળીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | બારડોલી | ૨૬ | ૦ | ૧૪ | ૦ | ૦ |
| ૨ | ચોર્યાસી | ૧૦ | ૦ | ૫ | ૦ | ૦ |
| ૩ | કામરેજ | ૯ | ૦ | ૪ | ૦ | ૦ |
| ૪ | મહુવા | ૮ | ૦ | ૩૯ | ૦ | ૦ |
| ૫ | માંડવી | ૧૮ | ૦ | ૩૬ | ૦ | ૦ |
| ૬ | માંગરોળ | ૩૩ | ૦ | ૧૨ | ૦ | ૦ |
| ૭ | ઓલપાડ | ૧૦ | ૦ | ૧૮ | ૦ | ૦ |
| ૮ | પલસાણા | ૧૪ | ૦ | ૩ | ૦ | ૦ |
| ૯ | ઉમરપાડા | ૯ | ૦ | ૧૬ | ૦ | ૦ |

ડાંગ જિલ્લો

| ક્રમ | તાલુકો | રમતગમતના મેદાન વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | વીજળીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની સરકારી પ્રાથમિક શાળાઓની |
|---|---|---|---|---|---|---|

તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

| | | | | | | સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | આહવા | ૯૫ | ૦ | ૬૨ | ૦ | ૦ |
| ૨ | સુબીર | ૮૦ | ૦ | ૨૦ | ૦ | ૦ |
| ૩ | વઘઈ | ૯૦ | ૦ | ૨૨ | ૦ | ૦ |

---------

સર્વશિક્ષા અભિયાન હેઠળ ગીર–સોમનાથ અને પોરબંદર જિલ્લાને ગ્રાન્ટ

* ૧૦૦૮૧ શ્રી મોહનલાલ વાળા (કોડીનાર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી સર્વ શિક્ષા અભિયાન હેઠળ રાજ્ય સરકારને કેટલી રકમની ગ્રાન્ટ મળી,

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી સર્વ શિક્ષા અભિયાન હેઠળ રાજ્ય સરકારને નીચે મુજબની રકમ મળેલ છે.

(રૂ. લાખમાં)

| વર્ષ | રકમ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૭૭૭૪૦.૫૧ |
| ૨૦૧૭–૧૮ (તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ) | ૪૬૦૯૪.૭૮ |

(૨) તે અન્વયે વર્ષવાર ગીર–સોમનાથ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) વર્ષવાર ગીર–સોમનાથ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર ફાળવવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| વર્ષ | ગીર સોમનાથ | પોરબંદર |
|---|---|---|
| ૨૦૧૬–૧૭ | ૧૮૯૭.૮૬ | ૧૦૯૨.૫૮ |
| ૨૦૧૭–૧૮ (તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ) | ૧૨૩૮.૯૬ | ૫૬૮.૧૫ |
| કુલ | ૩૧૩૬.૮૨ | ૧૬૬૦.૭૪ |

(૩) ફાળવવામાં આવેલ રકમમાંથી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેવા પ્રકારના કામોમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) ફાળવવામાં આવેલ રકમમાંથી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર થયેલ કામો તેમજ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| વર્ષ | ગીર–સોમનાથ | | | પોરબંદર | | |
|---|---|---|---|---|---|---|
| | જનરલ | કેપીટલ | કુલ | જનરલ | કેપીટલ | કુલ |
| ૨૦૧૬–૧૭ | ૧૦૪૭.૪૧ | ૭૯૨.૦૮ | ૧૮૩૯.૪૯ | ૮૨૯.૩૯ | ૨૩૩.૭૧ | ૧૦૬૩.૧૦ |
| ૨૦૧૭–૧૮ (તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ) | ૬૭૪.૨૩ | ૫૦૨.૭૪ | ૧૧૭૬.૯૭ | ૪૫૭.૪૬ | ૮૫.૧૨ | ૫૪૨.૫૮ |
| કુલ | ૧૭૨૧.૬૪ | ૧૨૯૪.૮૨ | ૩૦૧૬.૪૬ | ૧૨૮૬.૮૫ | ૩૧૮.૮૩ | ૧૬૦૫.૬૮ |

---------

ખેડા જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના કેન્દ્રો

* ૮૪૫૮ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે ?

જવાબ

(૧) ૯ (નવ)

(૨) ૨૦૨૯૮

## અતારાંકિત પ્રશ્નો

---------

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં જુદી–જુદી સુવિધાઓ

* ૯૪૮૫ શ્રી પ્રવિણભાઈ મુસડીયા (કાલાવડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમતગમત મેદાન, વીજળી, કંપાઉન્ડ વોલ, પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધાઓ નથી, | (૧) પત્રક મુજબ |
| (૨) આ શાળાઓમાં ઉક્ત સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ કરાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી, અને | (૨) ઉક્ત સુવિધા પૈકી વિજળી, પાણી અને શૌચાલયની સુવિધાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. ફક્ત બે શાળાઓમાં વિજળીની સુવિધા નથી. બાકીની તમામ શાળાઓમાં વિજળીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ કરાવવાની તથા જમીન ઉપલબ્ધ કરાવવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહેલ છે. |
| (૩) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી. |

પત્રક

જામનગર જીલ્લો

| તાલુકો | રમતગમતના મેદાનની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ધ્રોલ | ૧ | ૦ | ૧૫ | ૦ | ૦ |
| જામજોધપુર | ૩૬ | ૧ | ૧૨ | ૦ | ૦ |
| જામનગર | ૨૩ | ૦ | ૩૪ | ૦ | ૦ |
| જોડિયા | ૬ | ૦ | ૭ | ૦ | ૦ |
| કાલાવડ | ૧૩ | ૦ | ૨૧ | ૦ | ૦ |
| લાલપુર | ૨ | ૦ | ૨૯ | ૦ | ૦ |

દેવભૂમિ દ્વારકા જીલ્લો

| તાલુકો | રમતગમતના મેદાનની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ભાણવડ | ૨૨ | ૧ | ૨૬ | ૦ | ૦ |
| દ્વારકા | ૨૬ | ૦ | ૨૫ | ૦ | ૦ |
| જામકલ્યાણપુર | ૬૫ | ૦ | ૫૮ | ૦ | ૦ |
| જામખંભાળીયા | ૨૬ | ૦ | ૪૮ | ૦ | ૦ |

---------

### તાપી અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર

* ૯૫૪૬ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ તાપી અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર કેટલો છે, | (૧) તાપી–૯૦,૭૬૧ હેક્ટર<br>મોરબી–૩૦,૯૭૯ હેક્ટર. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર વન વિસ્તારમાં કેટલો ઘટાડો નોંધાયો, અને | (૨) કોઈ ઘટાડો નોંધાયેલ નથી. |

(૩) જમીનના કુલ ક્ષેત્રફળનો ૧/૩ ભાગ વૃક્ષ આચ્છાદિત હોવો જોઈએ તે પ્રમાણે જો ઓછો વન વિસ્તાર હોય તો કેટલો ઓછો છે અને વધારવા માટે શું પગલાં લીધા ?

(૩) રાષ્ટ્રીય વન નીતિ-૧૯૮૮ પ્રમાણે સમગ્ર દેશના કુલ ભૌગોલિક વિસ્તારના એક તૃતિયાંશ ભાગ વૃક્ષ આચ્છાદિત કરવાનો ધ્યેય છે. આ ધ્યેયને સ્થાનિક કે જિલ્લા કક્ષાએ વિભાજીત કરી શકાય નહીં. આમ છતાં રાષ્ટ્રીય વન નીતિને અનુરૂપ રાજ્યના વધુને વધુ વિસ્તારને વૃક્ષ આચ્છાદિત કરવા માટે વન વિભાગની જુદી જુદી યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આ યોજનાઓમાં મુખ્યત્વે વન તેમજ વન બહારના વિસ્તારોમાં વનીકરણ, સામાજીક વનીકરણ યોજના હેઠળ વાવેતર તેમજ રોપ વિતરણ, વન અને પર્યાવરણને લગત લોક જાગૃતિની વિવિધ યોજનાઓ, સહભાગી વન વ્યવસ્થા યોજના જેવી યોજનાઓનો સમાવેશ થાય છે.

---------

અમદાવાદ અને સુરત જિલ્લામાં મોર્નિંગ/ઈવનીંગ ફેમીલી કોર્ટની રચના

* ૯૬૭૪ શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને સુરત જિલ્લાઓમાં મોર્નિંગ/ઈવર્નીંગ ફેમીલી કોર્ટની રચના થયેલ છે, અને | (૧) હા જી. |
| (૨) આ મોર્નિંગ/ઈવર્નીંગ ફેમીલી કોર્ટમાં કયા પ્રકારના કેસો હાથ ધરવામાં આવે છે ? | (૨) આ મોર્નિંગ/ઈવર્નીંગ ફેમીલી કોર્ટમાં નીચે મુજબના કેસો હાથ ધરવામાં આવે છે.<br>(૧) સીવીલ કેસો :<br>(અ) કૌટુંબીક દાવાઓ<br>(બ) એક્ઝીક્યુશન પીટીશન<br>(ક) દિવાની પરચુરણ અરજીઓ તથા રીવ્યુ એપ્લીકેશન/બધી ઈન્ટરલોક્ટરી એપ્લીકેશન<br>(૨) ક્રીમીનલ કેસો :<br>(અ) ફોજદારી પરચુરણ અરજીઓ<br>(બ) સી.આર.પી.સી, ૧૯૭૩ની કલમ ૧૨૫(૩) હેઠળની ફોજદારી પરચુરણ અરજીઓ. |

---------

બાલારામ-અંબાજી અભ્યારણ માટે ગામોની સીમના વિસ્તારોની હદ મર્યાદા નક્કી ઠરાવતા નકશા બાબત

* ૯૮૧૮ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાલારામ-અંબાજી અભ્યારણમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના ઝરીવાવ, ચીખલા, ખોખરબીલ્લી, કોટેશ્વર અને કુંભારીયા ગામોની સીમના જે સર્વે નંબરોના જે વિસ્તારોનો સમાવેશ થયો છે તે વિસ્તારોની ચોક્કસ હદ-મર્યાદા નક્કી ઠરાવતા નકશા તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વિભાગ તરફથી તૈયાર ઠરાવવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, અને<br>(૨) જો હા, તો તેનાં શું કારણો છે અને તે કેટલા સમયમાં તૈયાર કરવામાં આવશે ? | (૧) અને (૨) બાલારામ-અંબાજી અભ્યારણ્યની હદ દર્શાવતુ જાહેરનામું તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ હોઈ, નકશા તૈયાર કરવાનું કામ ચાલી રહેલ છે. જે શક્ય તેટલું જલ્દી પૂર્ણ કરવામાં આવશે. |

---------

દાંતા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૯૫૯૫ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

| | |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૧૩૯૮.૪૦ હેક્ટર |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૫૬૦.૭૦ લાખ |

---------

દાહોદ અને ઝાલોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૮૫૦૩ શ્રી રમેશભાઇ કટારા (ફતેપુરા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના દાહોદ અને ઝાલોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૫૭૬ હેક્ટર |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૨૨૪.૯૭ લાખ |

---------

જુનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લાના ઔદ્યોગિક એકમો દ્વારા સીધુ નદી, દરિયામાં ઠલવાતું પ્રદુષિત પાણી

* ૧૦૦૭૭ શ્રી ભીખાભાઇ જોશી (જુનાગઢ) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લાના ઔધોગિક એકમો દ્વારા પ્રદુષિત પાણી સીધું નદી, દરિયામાં ઠાલવવા કે બોર દ્વારા ભૂગર્ભમાં ઉતારવા બાબતની કોઇ ફરિયાદ સરકારને મળેલ છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તે અન્વયે સરકાર દ્વારા શું પગલાં ભરવામાં આવ્યા? | (૨) પ્રદૂષિત પાણી સીધું નદી કે દરીયામાં ઠાલવવા બાબતની ફરીયાદ અન્વયે ઔધોગિક એકમો સામે પાણી પ્રદૂષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ-૧૯૭૪ની કલમ ૩૩(અ) હેઠળ કલોઝર ડાયરેકશન; નોટિસ ઓફ ડાયરેકશન; કારણદર્શક નોટિસ; ઇમ્પ્રૂવમેન્ટ નોટિસ; લીગલ નોટિસ પાઠવવામાં આવેલ છે. બોર દ્વારા ભૂગર્ભમાં પ્રદૂષિત પાણી ઉતારવા બાબતની ફરિયાદમાં તથ્ય જણાયેલ નથી. |

---------

મહેસાણા જિલ્લામાં આંગણવાડી કાર્યકર/તેડાગર માટે ગૌરવનિધિ વીમા યોજના

* ૯૬૦૧ શ્રી રમણભાઇ પટેલ (વિજાપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આંગણવાડી કાર્યકર/તેડાગર માટે ગૌરવનિધિ વીમા યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કેટલા આંગણવાડી કાર્યકર/તેડાગર જોડાયેલ છે, અને | (૧) કાર્યકર - ૧૮૨૯<br>તેડાગર - ૧૭૧૭<br>કુલ - ૩૫૪૬ |
| (૨) નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં આ યોજનાનો કેટલાને લાભ આપવામાં આવેલ છે? | (૨) કાર્યકર/તેડાગર :- ૧૭૫ |

---------

### ભાવનગર અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર

* ૯૫૧૦ શ્રી પ્રવિણભાઇ મારૂ (ગઢડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ભાવનગર અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર કેટલો છે, | (૧) ભાવનગર – ૨૫,૫૪૫ હેક્ટર<br>રાજકોટ – ૧૭,૧૫૬ હેક્ટર. |
| (૨) ઉક્ત સ્થિતિએ બે વર્ષમાં જિલ્લાવાર વન વિસ્તારમાં કેટલો ઘટાડો નોંધાયો, અને | (૨) કોઇ ઘટાડો નોંધાયેલ નથી. |
| (૩) જમીનના કુલ ક્ષેત્રફળનો ૧/૩ ભાગ વૃક્ષ આચ્છાદિત હોવો જોઇએ તે પ્રમાણે જો ઓછો વન વિસ્તાર હોય તો કેટલો ઓછો છે અને વધારવા માટે શું પગલાં લીધા ? | (૩) રાષ્ટ્રીય વન નીતિ-૧૯૮૮ પ્રમાણે સમગ્ર દેશના કુલ ભૌગોલિક વિસ્તારના એક તૃતિયાંશ ભાગ વૃક્ષ આચ્છાદિત કરવાનો ધ્યેય છે. આ ધ્યેયને સ્થાનિક કે જિલ્લા કક્ષાએ વિભાજીત કરી શકાય નહીં. આમ છતાં રાષ્ટ્રીય વન નીતિને અનુરૂપ રાજ્યના વધુને વધુ વિસ્તારને વૃક્ષ આચ્છાદિત કરવા માટે વન વિભાગની જુદી-જુદી યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આ યોજનાઓમાં મુખ્યત્વે વન તેમજ વન બહારના વિસ્તારોમાં વનીકરણ, સામાજીક વનીકરણ યોજના હેઠળ વાવેતર તેમજ રોપ વિતરણ, વન અને પર્યાવરણને લગત લોક જાગૃતિની વિવિધ યોજનાઓ, સહભાગી વન વ્યવસ્થા યોજના અને ચેર વાવેતર જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. |

---------

### પંચમહાલ જિલ્લામાં આંગણવાડી તેડાગર બહેનોને રસોઇની તાલીમ આપવા

* ૮૪૯૯ સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં આંગણવાડી તેડાગર બહેનોને રસોઈ અંગેની તાલીમ આપવામાં આવે છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આ તાલીમ તાલુકાવાર કેટલી બહેનોએ લીધેલ છે, અને | (૨) |

| તાલુકાનું નામ | તાલીમ લીધેલ આં.વા તેડાગર બહેનોની સંખ્યા |
|---|---|
| જાંબુઘોડા | ૫૪ |
| શહેરા | ૨૬૩ |
| કાલોલ | ૨૧૧ |
| હાલોલ | ૧૮૩ |
| ગોધરા | ૩૮૦ |
| મોરવા (હ) | ૨૦૨ |
| ઘોઘંબા | ૩૦૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તેની વિગતો શું છે ? | (૩) આંગણવાડીઓમાં સવારનો ગરમ નાસ્તો બનાવવો, બપોરનું ભોજન બનાવવું, ત્રીજું ભોજન લાડુ બનાવીને આપવું, નિદર્શન ભોજન તૈયાર કરવું તથા બાળકોને દુધ તથા ફળોનું વિતરણ કરવું જેવી કામગીરી કરવામાં આવી રહી છે, જેમાં, તેડાગરની મુખ્ય ભૂમિકા રહે છે. આંગણવાડીમાં ફરજ બજાવતી હેલ્પર બહેનોની કાર્યક્ષમતા, જાણકારી અને સમગ્ર રાજ્યમાં બાળકોને અપાતા ભોજનમાં એક સરખી પ્રોટીન, કેલરી અને ગુણવત્તા મળે તથા સ્વાદિષ્ટ ભોજન બાળકોને મળી રહે, તે માટે "રસોઈ તાલીમ" રાજ્યના તમામ જિલ્લાઓની તેડાગર બહેનોને આપવામાં આવે છે. જેમાં હેલ્પર બહેનોને રસોઈ બનાવવાની પદ્ધતિ, સ્વચ્છતા તથા રસોઇના પોષક તત્વોની સમજણ આપવામાં આવે છે. |

---------

રાજકોટ અને પોરબંદર જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણો

* ૯૯૪૨ શ્રી લલિત વસોયા (ધોરાજી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં ગૌચરની કેટલી જમીનમાં ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) સરકારે આ દબાણો દુર કરવા શા પગલાં લીધા, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગૌચરના દબાણો દુર કરી કેટલી જમીન છુટી કરી?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જિલ્લાવાર ગૌચરની જમીનમાં નીચે મુજબ ગેરકાયદેસર દબાણો થયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૭૫.૦૩.૬૫૭ |
| ૨ | પોરબંદર | ૧૩૨.૪૮.૫૮ |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ની જોગવાઈ મુજબ ગૌચરના જમીનના દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. ગૌચર દબાણો દુર કરાવવા સબંધે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની મીટીંગમાં આ બાબતે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.

(૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર નીચે મુજબ ગૌચરની જમીન પરનું દબાણ દુર થયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | છેલ્લા બે વર્ષમાં દૂર કરેલ ગૌચર દબાણ. (હે.આરે.પ્ર) | | કુલ (હે.આરે.પ્ર.) |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ | |
| ૧ | રાજકોટ | ૦૨.૦૨.૩૫ | ૨૫.૦૯.૧૪ | ૨૭.૧૧.૪૯ |

---------

છોટાઉદેપુર જિલ્લામાં આંગણવાડીઓને પોતાના મકાન

* ૮૪૯૧ શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

(૩) બાકી રહેતા મકાનો બનાવવા શું આયોજન છે ?

જવાબ

(૧) ૧૦૦૩ આંગણવાડીઓને પોતાના મકાનો છે.

(૨) ૨૦૯ આંગણવાડીઓને પોતાના મકાનો નથી.

(૩) બાકી રહેતા આંગણવાડી કેન્દ્રોના મકાન માટે મનરેગા કન્વર્ઝન હેઠળ તથા અન્ય યોજનામાં આયોજન હાથ ધરવામાં આવેલ છે.

---------

વલસાડ જિલ્લાની ગ્રામ પંચાયતોને પર્ફોર્મંસ ગ્રાંટ

* ૯૫૭૭ શ્રી કનુભાઇ દેસાઇ (પારડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૩/૨૦૧૭ અંતિત ૧૪ માં નાણાપંચ અંતર્ગત વલસાડ જિલ્લાની કેટલી ગ્રામ પંચાયતો પર્ફોર્મંસ ગ્રાંટ મેળવવા માટે યોગ્યતા પામેલ. અને

(૨) ઉક્ત સ્થિતિએ, આ ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાંટ મળેલ છે ?

જવાબ

(૧) તા.૩૧/૦૩/૨૦૧૭ અંતિત ૧૪ માં નાણાપંચ અંતર્ગત વલસાડ જિલ્લાની ૨૦૫ ગ્રામ પંચાયતો પર્ફોર્મંસ ગ્રાંટ મેળવવા માટે યોગ્યતા પામેલ.

(૨) ઉક્ત સ્થિતિએ, આ ગ્રામ પંચાયતોને કુલ રૂ.૬,૩૭,૨૧,૫૨૩/–ની ગ્રાંટ મળેલ છે.

---------

નાંદોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૮૫૦૫ શ્રી શૈલેષભાઇ મહેતા (ડભોઇ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં ક્ષેત્રિય

જવાબ

(૧) ૩૮૫ હેક્ટર

| | |
|---|---|
| વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧૨૦.૩૮ લાખ |

---------

## રાજ્યની સરકારી કોલેજોમાં આચાર્યની મંજૂર થયેલ જગ્યા

* ૮૪૬૩ શ્રી ગોવિંદભાઇ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની સરકારી કોલેજોમાં આચાર્યની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) મંજુરઃ ૧૦૭ |
| (૨) તે પૈકી આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ભરાયેલ : ૧૬<br>ખાલી : ૯૧ |
| (૩) આ આચાર્યની ખાલી જગ્યાઓ ભરવા માટે સરકાર તરફથી શું કાર્યવાહી થયેલ છે ? | (૩) આચાર્ય વર્ગ-૧ની (૫૨) બાવન ખાલી જગ્યાઓનું માંગણીપત્રક જી.પી.એસ.સી.ને મોકલેલ છે. કાર્યવાહી હાલ જી.પી.એસ.સી.માં પસંદગી પ્રક્રીયાના તબક્કે છે. |

---------

## બોટાદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજુર જગ્યા

* ૯૬૫૦ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજુર થયેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ-૪ (ચાર) જગ્યા મંજુર થયેલ છે, |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકા વિકાસ અધિકારીની કુલ-૩ (ત્રણ) જગ્યાઓ ભરાયેલ છે અને ૧ (એક) જગ્યા ખાલી છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે? | (૩) વહીવટી અનુકુળતાએ. |

---------

## બોટાદ જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવા બાબત

* ૯૬૧૫ શ્રી ભીખાભાઈ બારૈયા (પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૨૦૧૭-૧૮ ના વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બોટાદ જિલ્લાના કયા કયા તાલુકાઓમાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવેલ છે, | (૧) બોટાદ અને રાણપુર |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં કુલ કેટલી કન્યાઓ અભ્યાસ કરે છે, | (૨) ૨૦૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કેજીબીવીમાં માધ્યમિક શિક્ષણ માટે વિસ્તરણની વ્યવસ્થા કરવામાં આવેલ છે,અને | (૩) એક |
| (૪) ઉક્ત સ્થિતિએ આ વિદ્યાલયમાં કન્યાઓને કઇ કઇ સુવિધાઓ આપવામાં આવે છે? | (૪) વિનામૂલ્યે શિક્ષણ, રહેવાની અને જમવાની સુવિધા. |

---------

## એમબીએ અને એમસીએ અભ્યાસક્રમની સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજોમાં બેઠકો

* ૯૪૭૭ શ્રી સોમાભાઈ કોળીપટેલ (લીંબડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ એમ.બી.એ અને એમ.સી.એ અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી ખાલી રહી?

**જવાબ**

(૧) ગુજરાત રાજ્યમાં એમબીએ અભ્યાસક્રમમાં, અનુદાનિત કોલેજમાં ૪૪૦ અને સ્વનિર્ભર કોલેજમાં ૯૪૩૦ બેઠકો છે. એમસીએ અભ્યાસક્રમમાં, સરકારી કોલેજમાં ૯૦ અનુદાનિત કોલેજમાં ૨૨૦ અને સ્વનિર્ભર કોલેજમાં ૫૧૦૦ બેઠકો છે.

(૨) વર્ષ ૨૦૧૭–૧૮માં સરકારી કોલેજમાં એમસીએ અભ્યાસક્રમમાં ૯૦ બેઠકોમાંથી ૮૦ ભરાયેલ હતી અને ૧૦ ખાલી રહેલ હતી. અનુદાનિત કોલેજમાં એમબીએ અભ્યાસક્રમમાં ૪૪૦ બેઠકો માંથી ૪૧૬ બેઠકો ભરાયેલ અને ૨૪ બેઠકો ખાલી રહેલ હતી તેમજ એમસીએ અભ્યાસક્રમમાં ૨૨૦ બેઠકોમાંથી ૨૧૭ બેઠકો ભરાયેલ અને ૩ બેઠકો ખાલી રહેલ હતી. સ્વનિર્ભર કોલેજોમાં એમબીએ અભ્યાસક્રમમાં ૯૪૩૦ બેઠકોમાંથી ૫૯૩૨ બેઠકો ભરાયેલ હતી અને ૩૪૯૮ બેઠકો ખાલી હતી તેમજ એમસીએ અભ્યાસક્રમમાં ૫૧૦૦ બેઠકોમાંથી ૨૩૯ બેઠકો ભરાયેલ હતી અને ૪૮૬૧ બેઠકો ખાલી હતી.

વર્ષ ૨૦૧૬–૧૭માં સરકારી કોલેજમાં એમસીએ અભ્યાસક્રમમાં ૯૦ બેઠકોમાંથી ૮૪ ભરાયેલ હતી અને ૬ ખાલી રહેલ હતી. અનુદાનિત કોલેજમાં એમબીએ અભ્યાસક્રમમાં ૪૪૦ બેઠકોમાંથી ૩૮૭ બેઠકો ભરાયેલ અને ૫૩ બેઠકો ખાલી રહેલ હતી તેમજ એમસીએ અભ્યાસક્રમમાં ૨૨૦ બેઠકોમાંથી ૨૧૯ બેઠકો ભરાયેલ અને ૧ બેઠક ખાલી રહેલ હતી. સ્વનિર્ભર કોલેજોમાં એમબીએ અભ્યાસક્રમમાં ૯૬૬૦ બેઠકોમાંથી ૫૬૦૫ બેઠકો ભરાયેલ હતી અને ૪૦૫૫ બેઠકો ખાલી હતી તેમજ એમસીએ અભ્યાસક્રમમાં ૫૫૮૦ બેઠકોમાંથી ૨૩૯ બેઠકો ભરાયેલ હતી અને ૫૩૪૧ બેઠકો ખાલી હતી.

---------

## એશિયાઈ સિંહોના સંરક્ષણ માટે કેન્દ્રીય આર્થિક સહાય મેળવવા રજૂઆત

* ૯૪૬૯ શ્રી ઈમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભારત સરકાર સાથેની ગુજરાતની અગત્યની બાબતો વર્ષ ૨૦૧૫ પૈકી એશિયાઈ સિંહોના સંરક્ષણ માટે કેન્દ્રીય આર્થિક સહાય મેળવવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કેટલી રજૂઆતો કરવામાં આવી,

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા, અને

(૩) ઉક્ત બાબતે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી સહાય મળી ?

**જવાબ**

(૧) ૨ (બે) વખત

(૨) કેન્દ્ર સરકાર તરફથી તા.૦૭–૧૦–૨૦૧૬ તથા તા.૧૭–૦૮–૨૦૧૭ના રોજ આર્થિક સહાય ફાળવવાના હુકમો થયેલ છે.

(૩)

| વર્ષ | મળેલ રકમ |
|---|---|
| ૨૦૧૬ | રૂ. ૪૩.૩૯ લાખ |
| ૨૦૧૭ | રૂ. ૯૩.૨૯ લાખ |

---------

## તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

### સાબરમતી નદીમાં ઔદ્યોગિક એકમો દ્વારા છોડવામાં આવતું પ્રદુષિત પાણી

* ૧૦૦૭૯ શ્રી રાજેશભાઈ ગોહિલ (ધંધૂકા) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદુષિત પાણી સાબરમતી નદીમાં છોડવા બાબતની કોઈ ફરિયાદ સરકારને મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે સરકાર દ્વારા શું પગલાં ભરવામાં આવ્યા ? | (૨) અમદાવાદ શહેરના વટવા, ઓઢવ, નરોડા તથા નારોલ વિસ્તારના ઉદ્યોગો માટે સંયુક્ત શુદ્ધિકરણ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે. અમદાવાદ શહેરમાંથી ઉદભવતા ઘરગથ્થું ગંદા પાણીને શુદ્ધિકરણ કરવા માટે સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આ વિસ્તારનું સઘન મોનીટરીંગ પણ કરવામાં આવે છે, અને જો કોઈ એકમ સાબરમતી નદીમાં સીધો નિકાલ કરતાં જણાય તો તેની સામે નિયમાનુસાર પગલા લેવામાં આવે છે. |

---------

### અરવલ્લી અને મહિસાગર જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ ચુકવવાની થતી ગ્રાન્ટ

* ૯૪૫૯ શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ) : માનનીય આદિજાતિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને મહિસાગર જિલ્લામાં જિલ્લાવાર ટ્રાયબલ સબ પ્લાન હેઠળ કુલ કેટલી ગ્રાન્ટ ચુકવવાની થાય છે,

**જવાબ**

(૧)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૧૧૩૪૦.૫૧ |
| ૨૦૧૭–૧૮ ૩૧–૧૨–૨૦૧૭ સુધી | ૧૧૫૮૭.૭૭ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૨)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૧૧૩૪૦.૫૧ |
| ૨૦૧૭–૧૮ ૩૧–૧૨–૨૦૧૭ સુધી | ૭૧૮૧.૨૫ |

(૩) કેટલી રકમ ચુકવવાની બાકી છે અને બાકી રકમ કયાં સુધીમાં ચુકવવામાં આવશે?

(૩)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૦.૦૦ |
| ૨૦૧૭–૧૮ | ૪૪૦૬.૫૨ |
| • બાકી રહેતી રકમ ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં ચુકવવામાં આવશે. | |

---------

### અમીરગઢ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૯૫૯૬ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકિય વર્ષ ૨૦૧૬– | (૧) ૭૬૨ હેક્ટર. |

૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રૂ. ૩૦૬.૭૪ લાખ

---------

## ખેડા અને પંચમહાલ જિલ્લામાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણૂંક

* ૯૦૩૧ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને પંચમહાલ જિલ્લામાં કેટલા તાલુકાઓમાં તાલુકા આરોગ્ય કચેરીમાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણૂંક થયેલ છે અને કેટલા તાલુકાઓમાં આ જગ્યા ખાલી છે,

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારથી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લાના ૦૭ તાલુકાઓમાં અને પંચમહાલ જિલ્લાના ૦૧ તાલુકાઓમાં નિમણૂક થયેલ છે, જ્યારે ખેડા જિલ્લાના ૦૩ અને પંચમહાલ જિલ્લાના ૦૬ તાલુકાઓમાં જગ્યા ખાલી છે.

(૨) ખેડા જિલ્લાના
ઠાસરા – તા.૦૧–૧૧–૧૭
માતર – તા.૦૧–૧૨–૧૭
વસો – તા.૨૨–૦૩–૧૬
પંચમહાલ જિલ્લાના
જાંબુઘોડા – તા.૦૧–૦૩–૨૦૧૭
હાલોલ – તા.૦૧–૦૩–૨૦૧૭
ઘોઘંબા – તા.૦૧–૦૩–૨૦૧૭
ગોધરા – તા.૦૧–૦૩–૨૦૧૭
મોરવા(હ) – તા.૦૧–૦૩–૨૦૧૭
અને શહેરા તાલુકામાં તા.૦૧–૦૩–૨૦૧૭ થી જગ્યા ખાલી છે.

(૩) વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે.

---------

## સર્વ શિક્ષા અભિયાન હેઠળ નવસારી અને ડાંગ જિલ્લાને ગ્રાન્ટ

* ૧૦૦૮૨ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી સર્વ શિક્ષા અભિયાન હેઠળ રાજ્ય સરકારને કેટલી રકમની ગ્રાન્ટ મળી,

(૨) તે અન્વયે વર્ષવાર નવસારી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ફાળવવામાં આવેલ રકમમાંથી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેવા પ્રકારના કામોમાં કેટલો ખર્ચ કરવામાં

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી સર્વ શિક્ષા અભિયાન હેઠળ રાજ્ય સરકારને નીચે મુજબની રકમ મળેલ છે.

(રૂ. લાખમાં)

| વર્ષ | રકમ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૭૭૭૪૦.૫૧ |
| ૨૦૧૭–૧૮ (તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ) | ૪૬૦૯૪.૭૮ |

(૨) વર્ષવાર નવસારી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર ફાળવવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| વર્ષ | નવસારી | ડાંગ |
|---|---|---|
| ૨૦૧૬–૧૭ | ૨૩૨૧.૪૨ | ૨૦૨૧.૨૦ |
| ૨૦૧૭–૧૮ (તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ) | ૧૧૭૯.૮૪ | ૧૦૪૦.૯૨ |
| કુલ | ૩૫૦૧.૨૬ | ૩૦૬૨.૧૨ |

(૩) ફાળવવામાં આવેલ રકમમાંથી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર થયેલ કામો તેમજ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

આવ્યો ?

(રૂ. લાખમાં)

| વર્ષ | નવસારી | | | ડાંગ | | |
|---|---|---|---|---|---|---|
| | જનરલ | કેપીટલ | કુલ | જનરલ | કેપીટલ | કુલ |
| ૨૦૧૬-૧૭ | ૧૬૮૭.૫૬ | ૬૧૮.૫૬ | ૨૩૦૬.૧૨ | ૧૫૯૯.૪૨ | ૩૫૯.૮૦ | ૧૯૫૯.૨૨ |
| ૨૦૧૭-૧૮ (તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ) | ૫૭૬.૮૦ | ૪૪૮.૭૩ | ૧૦૨૫.૫૩ | ૮૨૪.૧૩ | ૯૪.૮૫ | ૯૧૮.૯૮ |
| કુલ | ૨૨૬૪.૩૬ | ૧૦૬૭.૨૯ | ૩૩૩૧.૬૫ | ૨૪૨૩.૫૫ | ૪૫૪.૬૫ | ૨૮૭૮.૨૦ |

---------

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણુંક

* ૮૯૮૬ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં કેટલા તાલુકાઓમાં તાલુકા આરોગ્ય કચેરીમાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણૂંક થયેલ છે અને કેટલા તાલુકાઓમાં આ જગ્યા ખાલી છે, | (૧) બનાસકાંઠા જિલ્લાના ૧૧ તાલુકાઓમાં નિમણુક થયેલ છે. પાટણ જિલ્લાના ૦૬ તાલુકાઓમાં નિમણુક થયેલ છે. બનાસકાંઠાના ૦૩ અને પાટણ જિલ્લાના ૦૩ તાલુકાઓમાં જગ્યા ખાલી છે. |
| (૨) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારથી છે, અને | (૨) બનાસકાંઠા જિલ્લામાં<br>ડીસા – તા.૨૮-૦૨-૧૭<br>સુઈગામ – તા.૩૧-૦૩-૧૭<br>વાવ તાલુકામાં તા.૩૧-૦૩-૧૭ થી આ ખાલી જગ્યા ખાલી છે.<br>પાટણ જિલ્લામાં<br>પાટણ – તા.૦૧-૦૨-૨૦૧૭<br>સમી – તા.૦૧-૧૧-૨૦૧૬<br>અને રાધનપુર – તા.૦૧-૧૧-૨૦૧૭ થી આ જગ્યા ખાલી છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે. |

---------

ભરૂચ જિલ્લામાં ધો. ૯માં અભ્યાસ કરતી કન્યાઓને સાઈકલ આપવાની યોજના

* ૯૬૩૪ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં અનુસુચિત જનજાતિની ધો.૯માં અભ્યાસ કરતી કન્યાઓને શાળાએ જવા સાઈકલ આપવાની યોજના અમલમાં છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬- અને ૨૦૧૬-૧૭માં કેટલી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે, અને | (૨) વર્ષ ૨૦૧૫-૧૬ માં – ૨૬૫૭<br>વર્ષ ૨૦૧૬-૧૭માં – ૨૬૫૭ |
| (૩) તે માટે વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) વર્ષ ૨૦૧૫-૧૬ માં – રૂ. ૭૨.૯૩ લાખ<br>વર્ષ ૨૦૧૬-૧૭માં – રૂ. ૭૪.૨૩ લાખ |

---------

તાપી અને સુરત જિલ્લાની સરકારી પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન યોજના

* ૯૫૪૯ શ્રી સુનિલભાઈ ગામીત (નીઝર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સરકારી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ભોજન તૈયાર કરવા માટે ખાસ ઓરડાઓ નથી તેવી શાળાઓની સંખ્યા તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલી છે, અને

જવાબ

(૧)

| જિલ્લો | ભોજન તૈયાર કરવા માટે ખાસ ઓરડાઓ ન હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|

| સુરત | ૭ |
|---|---|

(૨) ખાસ ઓરડાઓ ન હોય તેવી શાળાઓમાં ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

(૨) તબક્કાવાર આગામી વર્ષોમાં જેમ બને તેમ ઝડપથી

---------

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણો

* ૯૮૪૪ શ્રી વલ્લભભાઈ ધારવીયા (જામનગર-ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌચરની કેટલી જમીનમાં ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) સરકારે આ દબાણો દુર કરવા શા પગલાં લીધા, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગૌચરના દબાણો દુર કરી કેટલી જમીન છુટી કરી?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જિલ્લાવાર ગૌચરની જમીનમાં નીચે મુજબ ગેરકાયદેસર દબાણો થયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
|---|---|---|
| ૧ | જામનગર | ૨૭.૭૮.૪૫ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૦૮.૫૨.૮૩ |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ની જોગવાઈ મુજબ ગૌચરના જમીનના દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. ગૌચર દબાણો દુર કરાવવા સબંધે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની મીટીંગમાં આ બાબતે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.

(૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગૌચરની જમીન પરનું દબાણ દુર થયેલ છે.

| ક્રમ | જિલ્લો | છેલ્લા બે વર્ષમાં દુર કરેલ ગૌચર દબાણ. (હે.આરે.પ્ર.) | | કુલ (હે.આરે.પ્ર.) |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ | |
| ૧ | જામનગર | ૨૨.૭૪.૧૬ | ૦૩.૨૬.૪૦ | ૨૬.૦૦.૫૬ |
| ૨ | દેવભૂમિ | ૦૦.૧૫.૩૨ | ૦૦.૯૫.૯૮ | ૦૧.૧૧.૩૦ |

---------

## દાહોદ અને અરવલ્લી જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના

* ૯૬૫૬ શ્રી શૈલેષ ભાભોર (લીમખેડા) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ દાહોદ અને અરવલ્લી જિલ્લાઓમાં ફેમીલી કોર્ટની રચના થયેલ છે, અને

(૨) જો હા, તો કઈ તારીખથી ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) સરકારશ્રીના કાયદા વિભાગે તા.૧૫/૧૧/૨૦૧૬ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૯૨/૨૦૧૬/ એચસીટી/૧૦૨૦૧૫/ ૨૧૦/ડી(પાર્ટ-૧૧)ના અધિસૂચનાથી તા.૫/૧૨/૨૦૧૬ ના રોજથી દાહોદ જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે. અને

(બ) સરકારશ્રીના કાયદા વિભાગે તા.૦૭/૦૯/૨૦૧૬ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૫૮/૨૦૧૭/એચસીટી/૧૦૨૦૧૬/ ૨૮૬૫/ડી/ના અધિસૂચનાથી તા.૨૭/૦૯/૨૦૧૭ ના રોજ અરવલ્લી જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે.

---------

## ગીર-સોમનાથ જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા શાળાનું સંચાલન

## તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

* ૯૬૪૩ શ્રીમતી ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર–સોમનાથ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આદિજાતિ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા કયા કયા પ્રકારની કેટલી શાળાઓનું સંચાલન કરવામાં આવે છે, | (૧) કન્યા સાક્ષરતા નિવાસી પ્રકારની ૧ (એક) શાળા |
| (૨) આ શાળાઓની તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કુલ માન્ય સંખ્યા કેટલી છે, અને | (૨) ૩૦૦ વિદ્યાર્થીઓ |
| (૩) આ શાળાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા છાત્રો/છાત્રાઓ અભ્યાસ કરે છે? | (૩) ૭૪ વિદ્યાર્થીનીઓ |

---------

### ગીર અભ્યારણમાં સિંહોની વસ્તી

* ૯૫૦૧ શ્રી જે. વી. કાકડીયા (ધારી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગીર અભ્યારણમાં સિંહોની કુલ વસ્તી કેટલી છે, | (૧) વર્ષ ૨૦૧૫ના વસ્તી અંદાજ મુજબ–૩૦૪ |
| (૨) સિંહોની કુલ વસ્તીમાં નર, માદા અને બચ્ચાઓની વસ્તી કેટલી છે, | (૨) નર – ૬૯<br>માદા – ૧૧૯<br>સબ એડલ્ટ – ૩૨<br>બચ્ચા – ૮૪ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સિંહોના અકસ્માતથી અને કેટલા સિંહોના શિકારથી અને કેટલા સિંહોના કુદરતી મૃત્યુ થયા છે, અને | (૩) અકસ્માતથી ૧ (એક), શિકારથી શૂન્ય અને કુદરતી રીતે ૮૧ સિંહોના મૃત્યુ થયેલ છે. |
| (૪) સિંહોના શિકાર અને અપમૃત્યુના બનાવો રોકવા માટે સરકારે શા પગલા લીધા છે? | (૪)<br>• ગીર રક્ષિત વિસ્તાર નજીક આવેલ રેવન્યુ વિસ્તારમાં આવેલ ખુલ્લા કુવાઓના ફરતે પેરાપેટ વોલ બાંધવામાં આવેલ છે.<br>• અમરેલી જિલ્લામાંથી પસાર થતા સુરેન્દ્રનગર–પીપાવાવ રેલ્વે ટ્રેકના બન્ને બાજુ ચેઈલીંક ફેન્સીંગ કરેલ છે.<br>• ગીરની આજુબાજુના ગામોમાં વન્યપ્રાણી મિત્રની નિમણૂંક કરેલ છે.<br>• અભ્યારણ વિસ્તારમાં જાહેર માર્ગ ઉપર સ્પીડ બ્રેકર્સ મુકવામાં આવેલ છે.<br>• જનજાગૃતિ કાર્યક્રમો હાથ ધરેલ છે. |

---------

### બોટાદ જિલ્લામાં દુધ સંજીવની યોજનાનો અમલ

* ૯૬૨૮ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં દૂધ સંજીવની યોજના અમલમાં છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જિલ્લાના કયા તાલુકામાં આ યોજના અમલમાં છે? | (૨) બરવાળા |

---------

### દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણુંક

* ૯૦૨૩ શ્રી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં કેટલા તાલુકાઓમાં તાલુકા આરોગ્ય કચેરીમાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણુંક થયેલ છે અને કેટલા તાલુકાઓમાં આ જગ્યા ખાલી છે,

(૧) દાહોદ જિલ્લામાં તમામ ૦૮ તાલુકાઓમાં નિમણુંક થયેલ છે.

છોટાઉદેપુર જિલ્લાના ૦૨ તાલુકાઓમાં નિમણુક થયેલ છે અને ૦૪ તાલુકાઓમાં આ જગ્યા ખાલી છે.

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારથી છે, અને

(૨)
સંખેડા – તા. ૧૧/૦૬/૨૦૧૬
નસવાડી – તા. ૧૧/૦૬/૨૦૧૬
ક્વાંટ – તા. ૧૧/૦૬/૨૦૧૬
અને બાડેલીમાં – તા. ૨૪/૦૫/૨૦૧૭થી ખાલી છે.

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે.

---------

ડાંગ જિલ્લામાં નામશેષ થતા જંગલો

* ૮૨૦૨ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ડાંગ જિલ્લામાં આવેલા જંગલો ઓછા અથવા નામશેષ થતા જાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ જંગલોને બચાવવા તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શું પગલાં ભરવામાં આવ્યા?

જવાબ

(૧) ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા–૨૦૧૭ના રીપોર્ટ પ્રમાણે ડાંગ જિલ્લાના જંગલોમાં કોઈ ઘટ થયેલ નથી.

(૨) વન સંવર્ધન તેમજ વન સંરક્ષણ માટે નીચે મુજબના પગલા લઈ વન વિસ્તાર વધારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

૧. ડાંગ જિલ્લામાં મંજૂર થયેલા વર્કીંગ પ્લાન મુજબ વન વ્યવસ્થાપનની કામગીરી કરવામાં આવે છે.

૨. દર વર્ષે વન વિસ્તારમાં ટ્રીટમેન્ટ સાથે વાવેતર કરી વૃક્ષ ઉછેરની કામગીરી કરવામાં આવે છે.

૩ ડાંગ જિલ્લા માટે ફોરેસ્ટ પ્રોટેક્શન પ્લાન અને દવ સંરક્ષણ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે, જે મુજબ કામગીરી હાથ ધરવામાં આવે છે.

---------

કચ્છ અને પોરબંદર જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના

* ૯૬૭૦ શ્રી બાબુભાઈ બોખીરીયા (પોરબંદર) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને પોરબંદર જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના થયેલ છે, અને

(૨) જો હા, તો કઈ તારીખથી ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) (અ) સરકારશ્રીના કાયદા વિભાગે તા.૧૫/૧૧/૨૦૧૬ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૮૭/૨૦૧૬/ એચસીટી/૧૦૨૦૧૫/ ૨૧૦/ડી(પાર્ટ–૩)ના અધિસૂચનાથી તા.૦૫/૧૨/૨૦૧૬ ના રોજ કચ્છ જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે. અને

(બ) સરકારશ્રીના કાયદા વિભાગે તા.૧૫/૧૧/૨૦૧૬ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૮૯/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/ ૨૧૦/ડી (પાર્ટ–૬)ના અધિસૂચનાથી તા.૦૫/૧૨/૨૦૧૬ ના રોજ પોરબંદર જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે.

---------

કચ્છ જિલ્લામાં દુધ સંજીવની યોજનાનો અમલ

* ૮૪૮૭ ડૉ. નીમાબેન આચાર્ય (ભૂજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં દૂધ સંજીવની યોજના અમલમાં છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જિલ્લાના કયા તાલુકામાં આ યોજના અમલમાં છે? | (૨) (૧) રાપર<br>(૨) લખપત |

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં દુધ સંજીવની યોજનાનો અમલ

* ૮૪૮૫ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં દૂધ સંજીવની યોજના અમલમાં છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જિલ્લાના કયા તાલુકામાં આ યોજના અમલમાં છે? | (૨) (૧) સાયલા<br>(૨) ચોટીલા<br>(૩) થાનગઢ<br>(૪) ધ્રાંગધ્રા<br>(૫) પાટડી-દસાડા<br>(૬) લખતર |

---------

વડોદરા અને રાજકોટ જિલ્લામાં કોમર્શીયલ કોર્ટની સ્થાપના

* ૯૬૮૧ શ્રી કેતનભાઇ ઇનામદાર (સાવલી) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વડોદરા અને રાજકોટ જિલ્લામાં કોમર્શીયલ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારથી કાર્યરત થયેલ છે? | (૨) સરકારશ્રીના કાયદા વિભાગે તા.૦૨/૦૪/૨૦૧૬ ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૦૮/૨૦૧૬/એસપીસી/ ૧૦૨૦૧૬/જીઓઆઇ/૦૯/ડી(પાર્ટ-૧)ના અધિસૂચનાથી તા.૦૧/૦૬/૨૦૧૬ના રોજથી વડોદરા અને રાજકોટ જિલ્લામાં કોમર્શીયલ કોર્ટો કાર્યરત થયેલ છે. |

---------

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં સંવર્ગવાર જગ્યા

* ૧૦૦૯૩ શ્રી ભાવેશભાઇ કટારા (ઝાલોદ) : માનનીય મંત્રીશ્રી (વૈધાનિક અને સંસદીય બાબતો) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, સચિવાલય ગાંધીનગરમાં છેલ્લા બે વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કાયમી, કેટલી બઢતીથી અને કેટલી કરાર આધારિત ભરવામાં આવી,

જવાબ

(૧)

| હોદ્દો | કાયમી | બઢતીથી | કરાર આધારિત |
|---|---|---|---|
| સચિવશ્રી | ૦૦ | ૦૧ | ૦૨ |
| સંયુક્ત સચિવ (કાયદાકીય બાજુ) | ૦૦ | ૦૦ | ૦૧ |
| નાયબ સચિવ (કાયદાકીય બાજુ.) | ૦૦ | ૦૨ | ૦૪ |
| ઉપસચિવ (કાયદાકીય બાજુ.) | ૦૦ | ૦૦ | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| ઉપસચિવ (સામાન્ય બાજુ.) | ૦૦ | ૦૧ | ૦૦ |
| મદદનીશ ડ્રાફ્ટ્સમેન | ૦૦ | ૦૦ | ૦૦ |
| સેક્શન અધિકારી (કાયદાકીય બાજુ.) | ૦૦ | ૦૦ | ૦૦ |
| સેક્શન અધિકારી (સામાન્ય બાજુ.) | ૦૦ | ૦૦ | ૦૧ |
| અંગ્રેજી સ્ટેનો ગ્રેડ– ૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ગુજરાતી સ્ટેનો ગ્રેડ–૧ | ૦૦ | ૦૨ | ૦૧ |
| સુપરવાઇઝર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ગુજરાતી સ્ટેનો ગ્રેડ– ૨ | ૦૦ | ૦૦ | ૦૦ |

| હોદ્દો | કાયમી | બઢતીથી | કરાર આધારિત |
|---|---|---|---|
| અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૨ | ૦૦ | ૦૦ | ૦૧ |
| નાયબ સેક્શન અધિકારી (કાયદાકીય બાજુ) | ૦૦ | ૦૦ | ૦૦ |
| નાયબ સેક્શન અધિકારી (સામાન્ય બાજુ) | ૦૦ | ૦૧ | ૦૧ |
| ભાષાંતરકાર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ઓફીસ આસીસ્ટન્ટ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ગુજરાતી ટાઇપીસ્ટ | ૦૦ | ૦૦ | ૦૦ |
| અંગ્રેજી ટાઇપીસ્ટ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ડ્રાઈવર | ૦૦ | ૦૦ | ૦૦ |
| પટાવાળા | ૦૦ | ૦૦ | ૦૦ |

(૨) કરાર આધારિત જે જગ્યાઓ ભરવામાં આવી હોય તે પૈકી સંવર્ગવાર ૬૨ વર્ષ કરતાં વધુ વયના કર્મચારીઓને નિમણૂંક આપવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) હા,

(૩) જો હા, તો કરાર આધારિત નિમણૂંક આપવામાં આવેલ કર્મચારી/અધિકારીની ઉંમર ઉક્ત સ્થિતિએ કેટલી છે, અને

(૩)

| હોદ્દો | સંખ્યા | ઉંમર |
|---|---|---|
| સચિવ | ૦૨ | (૧) ૬૫<br>(૨) ૬૩ |
| નાયબ સચિવ (કાયદાકીય બાજુ) | ૦૨ | (૧) ૬૩<br>(૨) ૬૭ |
| અંગ્રેજી સ્ટેનો ગ્રેડ– ૧ | ૦૧ | ૬૯ |

(૪) આવી નિમણુંક આપવાના કારણો શું છે?

(૪) કાયદા વિભાગ તથા સામાન્ય વહીવટ વિભાગ તરફથી જગ્યાઓ ન ભરાવાના કારણે.

---------

ખેડા અને કચ્છ જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના

* ૯૬૭૩ શ્રી અર્જૂનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને કચ્છ જિલ્લાઓમાં ફેમીલી કોર્ટની રચના થયેલ છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો કઇ તારીખથી ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે? | (૨) (અ) સરકારશ્રીના કાયદા વિભાગે તા.૧૫/૧૧/૨૦૧૬ ના અધિસૂચના ક્રમાંકઃ |

જીકે/૧૨/૨૦૧૭/એચસીટી/૧૯૮૪/૪૧૦૬/ડી (પાર્ટ–૭)ના અધિસૂચનાથી તા.૦૧/૦૩/૨૦૧૭ના રોજ ખેડા જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે. અને

(બ) સરકારશ્રીના કાયદા વિભાગે તા.૧૫/૧૧/૨૦૧૬ ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૮૭/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (પાર્ટ–૩)ના અધિસૂચનાથી તા.૦૫/૧૨/૨૦૧૬ના રોજ કચ્છ જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ ચુકવવાની થતી ગ્રાન્ટ

* ૯૪૫૫ શ્રી રાજેન્દ્રસિંહ રાઠોડ (મોડાસા) : માનનીય આદિજાતિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ કુલ કેટલી ગ્રાન્ટ ચુકવવાની થાય છે,

(૧)

| વર્ષ | ગ્રાન્ટની રકમ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૫૬૦૯.૩૫ |
| ૨૦૧૭–૧૮ ૩૧/૧૨/૨૦૧૭ સુધી | ૪૬૫૫.૨૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૨)

| વર્ષ | ગ્રાન્ટની રકમ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૫૬૦૯.૩૫ |
| ૨૦૧૭–૧૮ ૩૧/૧૨/૨૦૧૭ સુધી | ૪૬૫૫.૨૬ |

(૩) કેટલી રકમ ચુકવવાની બાકી છે અને બાકી રકમ કયાં સુધીમાં ચુકવવામાં આવશે?

(૩) કોઇ રકમ ચુકવવાની બાકી નથી.

---------

## જુનાગઢ જિલ્લામાં સરકાર દ્વારા બનાવવામાં આવેલ ચેકડેમ અને વન તલાવડી

* ૯૫૮૬ શ્રી દેવાભાઇ માલમ (કેશોદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં આવેલ છે, અને

(૧) ૯૪ ચેકડેમ અને ૮ વન તલાવડી.

(૨) ઉક્ત સ્થિતિએ આ ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) રૂ. ૧૭૯.૮૯ લાખ.

---------

## દેવભુમિ દ્વારકા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજુર જગ્યા

* ૯૬૪૯ શ્રી લાખાભાઇ સાગઠીયા (રાજકોટ–ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દેવભુમિ દ્વારકા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજુર થયેલ છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દેવભુમિ દ્વારકા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ–૪ (ચાર) જગ્યા મંજુર થયેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકા વિકાસ અધિકારીની કુલ–૩ (ત્રણ) જગ્યાઓ ભરાયેલ છે અને ૧ (એક) જગ્યા ખાલી છે.

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

(૩) વહીવટી અનુકુળતાએ.

## અતારાંકિત પ્રશ્નો

---------

### ભરૂચ અને વડોદરા જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ ચુકવવાની થતી ગ્રાન્ટ

* ૯૫૩૮ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : માનનીય આદિજાતિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર ટ્રાયબલ સબ પ્લાન હેઠળ કુલ કેટલી ગ્રાન્ટ ચુકવવાની થાય છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૩) કેટલી રકમ ચુકવવાની બાકી છે અને બાકી રકમ કયાં સુધીમાં ચુકવવામાં આવશે?

જવાબ

(૧)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૧૨૯૪૯.૭૦ |
| ૨૦૧૭–૧૮ ૩૧/૧૨/૨૦૧૭ સુધી | ૧૦૯૨૯.૯૦ |

(૨)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૧૨૯૪૯.૭૦ |
| ૨૦૧૭–૧૮ ૩૧/૧૨/૨૦૧૭ સુધી | ૬૮૨૩.૬૪ |

(૩)

| વર્ષ | ગ્રાન્ટની રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૦૦ |
| ૨૦૧૭–૧૮ | ૪૧૦૬.૨૬ |
| • બાકી રહેતી રકમ ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં ચુકવવામાં આવશે. | |

---------

### મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સ્મશાન સગડી આપવાની અરજીઓ

* ૮૪૬૮ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં મહેસાણા જિલ્લામાં બળતણ બચાવવા સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી,

(૨) તે પૈકી વડનગર તાલુકામાં કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) તે અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) ૮૪

(૨) ૦૬

(૩) રૂ. ૧.૪૫ લાખ

---------

### ડાંગ જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા શાળાનું સંચાલન

* ૯૬૩૬ શ્રી કાંતિભાઈ બલર (સુરત ઉત્તર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ડાંગ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ આદિજાતિ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા ક્યા ક્યા પ્રકારની કેટલી શાળાઓનું સંચાલન કરવામાં આવે છે,

(૨) આ શાળાઓની તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ કુલ માન્ય સંખ્યા કેટલી છે, અને

(૩) આ શાળાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ કેટલા છાત્રો/છાત્રાઓ અભ્યાસ કરે છે ?

જવાબ

(૧) એકલવ્ય મૉડેલ રેસીડેંસીયલ પ્રકારની ૭(સાત) શાળા, કન્યા સાક્ષરતા નિવાસી પ્રકારની ૧(એક) શાળા એમ ૮(આઠ) શાળાઓ.

(૨) ૨૮૦૦ વિદ્યાર્થીઓ.

(૩) ૧૦૮૭ વિદ્યાર્થીઓ અને ૧૪૧૬ વિદ્યાર્થીનીઓ.

---------

### અભ્યારણ્ય વિસ્તાર ફરતે ઇકો સેન્સેટીવ ઝોન જાહેર કરવા માટે આવેલ દરખાસ્ત

* ૯૪૬૮ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ભારત સરકાર સાથેની ગુજરાતની અગત્યની બાબતો વર્ષ ૨૦૧૫ માં અભ્યારણ્ય વિસ્તાર ફરતે ઇકો સેન્સેટીવ ઝોન જાહેર કરવા માટે ૧૨ દરખાસ્તો રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કઇ દરખાસ્તને ક્યારે મંજુરી આપવામાં આવી, અને

(૩) કેટલી દરખાસ્તો પડતર છે અને તેના નિકાલ માટે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં શું પ્રયાસો કર્યા ?

જવાબ

(૧) હા, જી.

(૨)

| | | |
|---|---|---|
| ૧ | થોળ અભયારણ્ય | ૦૯-૦૨-૨૦૧૫ |
| ૨ | શૂલપાણેશ્વર અભયારણ્ય | ૦૫-૦૫-૨૦૧૬ |
| ૩ | બરડા અભયારણ્ય | ૨૮-૦૪-૨૦૧૭ |
| ૪ | ગાગા અભયારણ્ય | ૦૭-૦૬-૨૦૧૭ |
| ૫ | નળ સરોવર અભયારણ્ય | ૦૭-૦૬-૨૦૧૭ |
| ૬ | હિંગોળગઢ અભયારણ્ય | ૨૦-૦૬-૨૦૧૭ |
| ૭ | વેળાવદર કાળીયાર અભયારણ્ય | ૦૬-૦૭-૨૦૧૭ |
| ૮ | જેસોર અભયારણ્ય | ૧૨-૧૦-૨૦૧૭ |
| ૯ | રામપરા અભયારણ્ય | ૨૮-૧૨-૨૦૧૭ |

(૩) ૩ દરખાસ્તો પૈકી ૨ દરખાસ્તોને ભારત સરકારશ્રીની એક્ષ્પર્ટ કમિટી દ્વારા મંજુરી મળ્યા બાદ જાહેરનામાં પ્રસિદ્ધ કરવાના સ્ટેજ ઉપર છે, જ્યારે એક કેસમાં અભયારણ્યની હદનું વર્ષ ૨૦૧૭ માં પુનઃગઠન થવાથી નવેસરથી દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલવાની રહે છે.

---------

### કચ્છ જિલ્લામાં તાલુકા પંચાયતના નવીન મકાનને મંજૂરી

* ૯૬૫૨ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા તાલુકા પંચાયતોના નવિન મકાન માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન મંજૂર કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ૨(બે) તાલુકા પંચાયતના નવિન મકાન માટે મંજૂરી આપવામાં આવી.

(૨) રૂ.૪૮૦.૦૦ લાખ.

---------

### ડાંગ જિલ્લામાં ધો.૯ માં અભ્યાસ કરતી કન્યાઓને સાઇકલ આપવાની યોજના

* ૯૬૩૩ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ડાંગ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની ધો.૯ માં અભ્યાસ કરતી કન્યાઓને શાળાએ જવા સાઇકલ આપવાની યોજના અમલમાં છે,

(૨) જો હા,તો આ યોજના હેઠળ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં કેટલી કન્યાઓને સાઇકલ આપવામાં આવેલ છે, અને

(૩) તે માટે વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૫-૧૬ માં - ૭૨૭
વર્ષ ૨૦૧૬-૧૭ માં - ૭૦૦

(૩) વર્ષ ૨૦૧૫-૧૬ માં - રૂ.૧૯.૯૫ લાખ
વર્ષ ૨૦૧૬-૧૭ માં - રૂ.૧૯.૫૬ લાખ.

---------

### રાજ્યમાં વન્યપ્રાણીઓની વસ્તી ગણતરી

* ૧૦૦૫૬ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓની વસ્તી ગણતરી કરવામાં આવે છે, તે પૈકી છેલ્લા બે વર્ષમાં ક્યા વન્ય

જવાબ

(૧) ૨૦૧૬ માં દિપડા, રીંછ, ગીધ, ઘોરાડ, નળસરોવર અને છારીઢંઢ રક્ષિત વિસ્તારના પક્ષીઓની વસ્તી ગણતરી કરવામાં આવી હતી.

પ્રાણીઓની વસ્તી ગણતરી કરવામાં આવી,

(૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો,

૨૦૧૭ માં વસ્તી ગણતરી કરવામાં આવેલ નથી.

(૨)

| | |
|---|---|
| ૨૦૧૬ | રૂ.૨૭.૭૪ લાખ |
| ૨૦૧૭ (૩૧-૧૨-૨૦૧૭ સુધી) | શૂન્ય |

(૩) વન્ય પ્રાણીવાર સંખ્યામાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૩) વર્ષ ૨૦૧૭ માં કોઇ ગણતરી કરવામાં આવેલ ન હોય તુલનાત્મક વિગતો આપી શકાય તેમ નથી.

(૪) જે વન્ય પ્રાણીની સંખ્યામાં ઘટાડો નોંધાયો હોય તેના સંવર્ધન માટે સરકારે શું કાર્યવાહી કરી ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

કેન્દ્રીય પર્યાવરણ વિભાગ દ્વારા પ્રદુષણ નિવારણ અંગે માંગેલ માહિતી

* ૯૯૦૩ શ્રી ચંદનજી ઠાકોર (સિદ્ધપુર) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૮ ની સ્થિતિએ કેન્દ્રીય પર્યાવરણ વિભાગ દ્વારા પ્રદુષણ નિવારણ અંગે માંગેલ માહિતી ન આપનાર ગુજરાતના એકમોની યાદીમાં કચ્છ અને પાટણ જિલ્લાના ક્યાં એકમો છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા કેટલા એકમો સામે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) આ બાબત કેન્દ્ર સરકારને લગતી હોઇ, આ વિભાગ પાસે આ અંગેની માહિતી ઉપલબ્ધ નથી. તેથી અત્રેથી જવાબ આપી શકાય એમ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૯૬૧૪ શ્રી અભેસિંહ તડવી (સંખેડા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને

(૨) આંગણવાડી કાર્યકર અને તેડાગરની કેટલી જગ્યા ભરાયેલ છે ?

જવાબ

(૧) ૧૧૮૨ આંગણવાડીઓ.

(૨) આંગણવાડી કાર્યકરની - ૧૧૬૦ જગ્યાઓ
આંગણવાડી તેડાગરની - ૯૧૫ જગ્યાઓ.

---------

કચ્છ જિલ્લામાં સમરસ થયેલ ગ્રામ પંચાયત

* ૯૬૪૬ શ્રી માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજાયેલ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી સમરસ થઇ ?

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પહેલી, બીજી, ત્રીજી અને ચોથીવાર સમરસ થઇ, અને

(૩) સમરસ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક ગ્રાન્ટ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવે છે ?

જવાબ

(૧) ૩૫ (પાંત્રીસ).

(૨) પ્રથમવાર - ૨૧
બીજીવાર - ૦૭
ત્રીજીવાર - ૦૩
ચોથીવાર - ૦૪.

(૩) સામાન્ય સમરસ ગ્રામ પંચાયતના કિસ્સામાં

| વસ્તી | પ્રથમ વખત રૂ. | સતત બીજી વખત રૂ. | સતત ત્રીજી વખત રૂ. | સતત ચોથી વખત રૂ. |
|---|---|---|---|---|
| ૫૦૦૦ સુધી | ૨,૦૦,૦૦૦ | ૪,૫૦,૦૦૦ | ૬,૧૨,૫૦૦ | ૬,૫૦,૦૦૦ |
| ૫૦૦૧ થી ૨૫૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૫,૭૫,૦૦૦ | ૭,૬૮,૭૫૦ | ૮,૦૦,૦૦૦ |

તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

| મહિલા સમરસ ગ્રામ પંચાયતના કિસ્સામાં | | | | |
|---|---|---|---|---|
| વસ્તી | પ્રથમ વખત રૂ. | સતત બીજી વખત રૂ. | સતત ત્રીજી વખત રૂ. | સતત ચોથી વખત રૂ. |
| ૫૦૦૦ સુધી | ૩,૦૦,૦૦૦ | ૫,૭૫,૦૦૦ | ૭,૬૮,૭૫૦ | ૮,૦૦,૦૦૦ |
| ૫૦૦૧ થી ૨૫૦૦૦ | ૫,૦૦,૦૦૦ | ૮,૨૫,૦૦૦ | ૧૦,૮૧,૨૫૦ | ૧૧,૦૦,૦૦૦ |

---------

ડાંગ જિલ્લાની પંચાયતોને પર્ફોમન્સ ગ્રાંટ

* ૯૬૪૮ શ્રી પુર્ણેશ મોદી (સુરત–પશ્ચિમ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૩–૨૦૧૭ ની અંતિત ૧૪ માં નાણાપંચ અંતર્ગત ડાંગ જિલ્લાની કેટલી ગ્રામ પંચાયતો પર્ફોર્મન્સ ગ્રાંટ મેળવવા માટે યોગ્યતા પામેલ, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાંટ મળેલ ?

જવાબ

(૧) તા.૩૧–૦૩–૨૦૧૭ અંતિત ૧૪ માં નાણાપંચ અંતર્ગત ડાંગ જિલ્લાની ૨૧ ગ્રામ પંચાયતો પર્ફોર્મન્સ ગ્રાંટ મેળવવા માટે યોગ્યતા પામેલ.

(૨) ઉક્ત સ્થિતિએ આ ગ્રામ પંચાયતોને કુલ રૂ.૭૯,૮૧,૨૨૮/– ની ગ્રાંટ મળેલ છે.

---------

રાજ્યમાં અદ્યતન સોલ્ટ ફાર્મ વિકસાવવા બાબત

* ૧૦૩૩૭ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ભારત સરકાર સાથેની ગુજરાતની અગત્યની બાબતો વર્ષ ૨૦૧૫ પૈકી રાજ્યમાં અદ્યતન સોલ્ટ ફાર્મ વિકસાવવા અને તેમાં કેન્દ્ર સરકારની સહાય મળવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કેટલી વખત માંગણી કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે શા પ્રતિભાવ મળ્યા ?

જવાબ

(૧) માંગણી કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

જામનગર જિલ્લાની ડી.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજોમાં મંજૂર મહેકમ

* ૧૦૦૪૬ શ્રી વિક્રમભાઇ માડમ (ખંભાળીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જામનગર જિલ્લાની ડી.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજોમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) વર્ગ–૧ : ૦૧
વર્ગ–૨ : ૬૦
વર્ગ–૩ : ૨૩
વર્ગ–૪ : ૨૧

(૨)

| કોલેજનું નામ | સંવર્ગ | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|
| ડી.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, | વર્ગ–૧ | ૦૦ | ૦૧ |
| | વર્ગ–૨ | ૨૮ | ૩૨ |
| | વર્ગ–૩ | ૧૨ | ૧૧ |
| | વર્ગ–૪ | ૧૫ | ૦૬ |

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી.

---------

ચૈત્ર ૫, ૧૯૪૦ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### ખેડા અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર

* ૯૫૩૦ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર વન વિસ્તાર કેટલો છે, | (૧) ખેડા – ૨,૧૦૫ હેક્ટર<br>મહીસાગર – ૬૧,૯૪૫ હેક્ટર |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર વન વિસ્તારમાં કેટલો ઘટાડો નોંધાયો, અને | (૨) કોઈ ઘટાડો નોંધાયેલ નથી. |
| (૩) જમીનના કુલ ક્ષેત્રફળનો ૧/૩ ભાગ વૃક્ષ આચ્છાદિત હોવો જોઈએ તે પ્રમાણે જો ઓછો વન વિસ્તાર હોય તો કેટલો ઓછો છે અને વધારવા માટે શું પગલાં લીધા ? | (૩) રાષ્ટ્રીય વન નીતિ–૧૯૮૮ પ્રમાણે સમગ્ર દેશના કુલ ભૌગોલિક વિસ્તારના એક તૃતિયાંશ ભાગ વૃક્ષ આચ્છાદિત કરવાનો ધ્યેય છે. આ ધ્યેયને સ્થાનિક કે જિલ્લા કક્ષાએ વિભાજીત કરી શકાય નહીં. આમ છતાં રાષ્ટ્રીય વન નીતિને અનુરૂપ રાજ્યના વધુને વધુ વિસ્તારને વૃક્ષ આચ્છાદિત કરવા માટે વન વિભાગની જુદી–જુદી યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આ યોજનાઓમાં મુખ્યત્વે વન તેમજ વન બહારના વિસ્તારોમાં વનીકરણ, સામાજીક વનીકરણ યોજના હેઠળ વાવેતર તેમજ રોપ વિતરણ, વન અને પર્યાવરણને લગત લોક જાગૃતિની વિવિધ યોજનાઓ, સહભાગી વન વ્યવસ્થા યોજના જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. |

---------

### અમદાવાદ અને સુરત જિલ્લામાં મોર્નિંગ/ઈવનીંગ ફેમીલી કોર્ટની રચના

* ૯૬૭૬ શ્રી મુકેશ પટેલ (ઓલપાડ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને સુરત જિલ્લાઓમાં મોર્નિંગ/ઈવનીંગ ફેમીલી કોર્ટની રચના થયેલ છે, અને | (૧) હા જી. |
| (૨) આ મોર્નિંગ/ઈવનીંગ ફેમીલી કોર્ટમાં કયા પ્રકારના કેસો હાથ ધરવામાં આવે છે ? | (૨) આ મોર્નિંગ/ઈવનીંગ ફેમીલી કોર્ટમાં નીચે મુજબના કેસો હાથ ધરવામાં આવે છે.<br>(૧) સીવીલ કેસો :<br>(અ) કૌટુંબીક દાવાઓ<br>(બ) એક્ઝીક્યુશન પીટીશન<br>(ક) દિવાની પરચુરણ અરજીઓ તથા રીવ્યુ એપ્લીકેશન/બધી ઈન્ટરલોકટરી એપ્લીકેશન<br>(૨) ક્રીમીનલ કેસો :<br>(અ) ફોજદારી પરચુરણ અરજીઓ<br>(બ) સી.આર.પી.સી, ૧૯૭૩ની કલમ ૧૨૫(૩) હેઠળની ફોજદારી પરચુરણ અરજીઓ. |

---------

### બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાદીપ વીમા યોજનાના કેસો

* ૯૬૨૫ શ્રી કિર્તિસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા | (૧) ૪૩ કેસ. |

## અતારાંકિત પ્રશ્નો

જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વિદ્યાદીપ વીમા યોજનાના કેટલા કેસો રજૂ થયા,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા કેસો મંજૂર થયા અને કેટલા નામંજૂર થયા, અને

(૨) ૨૫ કેસો મંજુર થયા અને ૩ કેસો નામંજુર થયા.

(૩) બાકી કેસોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

(૩) બાકી રહેલા ૧૫ કેસોમાં વિગતોની પૂર્તતા થયેથી.

---------

### આણંદ અને ખેડા જિલ્લામાં આવેલ કન્યા શાળાઓ

* ૮૧૯૯ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં કન્યા શાળાઓ બંધ કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. માત્ર ખેડા જિલ્લામાં ૧ (એક) માધ્યમિક શાળાની નોંધણી રદ કરવામાં આવી છે. |
| (૨) જો હા, તો તે બંધ કરવાના કારણો શું છે? | (૨) ૧. નવા મકાન સ્થળે બાંધવામાં આવેલ વર્ગખંડો નિયમાનુસાર ક્ષેત્રફળ ધરાવતા ન હોવાથી.<br>૨. અન્ય આનુષાંગિક ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાથી.<br>૩. જૂન–૨૦૧૭ સુધીમાં નવા મકાનનું બાંધકામ પૂર્ણ કરેલ ન હોવાથી. |

---------

### મહેસાણા અને અમરેલી જિલ્લાઓમાં ફેમિલી કોર્ટની રચના

* ૯૬૫૫ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા અને અમરેલી જિલ્લાઓમાં ફેમીલી કોર્ટની રચના થયેલ છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો કઇ તારીખથી જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે? | (૨) (અ) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૧૫/૧૧/૨૦૧૬ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૯૧/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (પાર્ટ–૧૦) થી તા.૦૫/૧૨/૨૦૧૬ના રોજથી મહેસાણા જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે. અને<br>(બ) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૧૫/૧૧/૨૦૧૬ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૮૫/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી થી તા.૦૫/૧૨/૨૦૧૬ના રોજ અમરેલી જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે. |

---------

### મહિસાગર અને અરવલ્લી જીલ્લાની જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી શરૂ કરવા બાબત

* ૯૬૬૩ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ નવા રચાયેલા મહિસાગર અને અરવલ્લી જીલ્લાઓની જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી શરૂ કરવા માટે નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો મહિસાગર અને અરવલ્લી જીલ્લાઓની નોંધણી કચેરી ક્યારે શરૂ કરવામાં આવનાર છે ? | (૨) (૧) તા.૨૪/૦૮/૨૦૧૭ના રોજ મહિસાગર ખાતે જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી શરૂ કરવામાં આવેલ છે. અને |

(૨) તા.૨૫/૦૮/૨૦૧૭ના રોજ અરવલ્લી ખાતે જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી શરૂ કરવામાં આવેલ છે. અને હાલ કાર્યરત છે.

---------

પાટણ જિલ્લામાં સર્વશિક્ષા અભિયાન

* ૯૬૨૦ શ્રી હિતુ નરેશ કનોડીયા (ઇડર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ ૨૦૧૭–૧૮ના વર્ષ સુધીમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પાટણ જિલ્લાના શાળા બહારના કેટલા બાળકોને ખાસ તાલીમ વર્ગો અંતર્ગત શિક્ષણનો લાભ આપવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ આ ખાસ તાલીમ વર્ગોમાં તાલુકાવાર કુલ કેટલા બાળકો અભ્યાસ કરે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ વર્ગોમાં કેટલા કુમાર અને કન્યાઓ અભ્યાસ કરે છે ?

જવાબ

(૧) ૫૧૮

(૨)

| તાલુકો | બાળકોની સંખ્યા |
|---|---|
| પાટણ | ૩૯ |
| સરસ્વતી | ૪૪ |
| તાલુકો | બાળકોની સંખ્યા |
| સિદ્ધપુર | ૧૧૪ |
| હારીજ | ૭૩ |
| સમી | ૧૪૮ |
| શંખેશ્વર | ૧૧ |
| રાધનપુર | ૩૬ |
| સાંતલપુર | ૫૩ |

(૩) કુમાર ૨૫૯ અને કન્યા ૨૫૯

---------

જુનાગઢ અને ખેડા જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણો

* ૯૯૫૩ શ્રી હર્ષદકુમાર રીબડીયા (વિસાવદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જૂનાગઢ અને ખેડા જિલ્લામાં ગૌચરની કેટલી જમીનમાં ગેરકાયદેસર દબાણો થયેલ છે,

(૨) સરકારે આ દબાણો દુર કરવા શા પગલાં લીધા, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગૌચરના દબાણો દુર કરી કેટલી જમીન છુટી કરી?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જિલ્લાવાર ગૌચરની જમીનમાં નીચે મુજબ ગેરકાયદેસર દબાણો થયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૧૨૬.૯૧.૭૫ |
| ૨ | ખેડા | ૨૩.૫૩.૪૮ |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ની જોગવાઈ મુજબ ગૌચરના જમીનના દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. ગૌચર દબાણો દુર કરાવવા સબંધે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની મીટીંગમાં આ બાબતે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.

(૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર નીચે મુજબ ગૌચરની જમીન પરનું દબાણ દુર થયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | છેલ્લા બે વર્ષમાં દૂર કરેલ ગૌચર દબાણ. (હે.આરે.પ્ર) | | કુલ (હે.આરે.પ્ર.) |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ | |
| ૧ | જુનાગઢ | ૨.૧૬.૩૯ | ૨.૬૦.૬૨ | ૪.૭૭.૦૧ |

## તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

સુરેન્દ્રનગર અને નવસારી જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના

* ૯૬૭૨ શ્રી નરેશભાઇ પટેલ (ગણદેવી) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને નવસારી જિલ્લાઓમાં ફેમીલી કોર્ટની રચના થયેલ છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો કઇ તારીખથી ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે? | (૨) (અ) સરકારશ્રીના કાયદા વિભાગે તા.૧૫/૧૧/૨૦૧૬ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૯૦/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (પાર્ટ–૭) ના અધિસૂચનાથી તા.૦૫/૧૨/૨૦૧૬ના રોજ સુરેન્દ્રનગર જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે. અને<br>(બ) સરકારશ્રીના કાયદા વિભાગે તા.૧૫/૧૧/૨૦૧૬ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૮૮/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (પાર્ટ–૪) ના અધિસૂચનાથી તા.૦૫/૧૨/૨૦૧૬ના રોજ નવસારી જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે. |

---------

કાયદા વિભાગમાં સંવર્ગવાર જગ્યાઓ

* ૧૦૦૯૧ શ્રી લલિતભાઈ કગથરા (ટંકારા) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ કાયદા વિભાગ, સચિવાલય ગાંધીનગરમાં છેલ્લા બે વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કાયમી, તે પૈકી કેટલી બઢતીથી અને કેટલી કરાર આધારિત ભરવામાં આવી, | (૧) સામેલ પરિશિષ્ટ મુજબ |
| (૨) કરાર આધારિત જે જગ્યાઓ ભરવામાં આવી હોય તે પૈકી સંવર્ગવાર ૬૨ વર્ષ કરતાં વધુ વયના કર્મચારીઓને નિમણુંક આપવામાં આવી છે તે હકીકત સાચી છે,<br>(૩) જો હા, તો કરાર આધારિત નિમણુંક આપવામાં આવેલ કર્મચારી/અધિકારીની ઉંમર ઉક્ત સ્થિતિએ કેટલી છે, અને<br>(૪) આવી નિમણુંક આપવાના કારણો શું છે ? | (૨), (૩) અને (૪)હા, જી. સચિવાલયના અન્ય વિભાગો કરતાં કાયદા વિભાગની વિશિષ્ટ અને અલગ પ્રકારની કામગીરી હોઈ તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ કરાર આધારિત ૬૨ વર્ષથી વધુ વયના કર્મચારીઓને નાયબ સેક્શન અધિકારી સંવર્ગમાં નિમણૂંક આપવામાં આવેલ હતી, પણ તા.૩૧/૦૧/૨૦૧૮ સ્થિતિ પહેલા તેઓની કરાર આધારિત સેવા પૂર્ણ થયેલ હોઈ ઉંમરનો પ્રશ્ન રહેતો નથી. |

પરિશિષ્ટ

| ક્રમ | સંવર્ગ | કાયમી જગ્યાઓ | કાયમી જગ્યાઓ પૈકી ભરવામાં આવેલ જગ્યાઓ | |
|---|---|---|---|---|
| | | | બઢતીથી | કરાર આધારિત |
| ૧ | સચિવ | ૧ | ૦ | ૦ |
| ૨ | સંયુક્ત સચિવ | ૫ | ૦ | ૦ |
| ૩ | નાયબ સચિવ | ૧૦ | ૩ | ૧ |
| ૪ | ઉપસચિવ | ૯ | ૩ | ૩ |
| ૫ | અગ્ર રહસ્ય સચિવ | ૧ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | સેક્શન અધિકારી | ૨૧ | ૬ | ૪ |
| ૭ | ગ્રંથપાલ કમ રેફરન્સ અધિકારી | ૧ | ૦ | ૦ |
| ૮ | સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ (અંગ્રેજી) | ૩ | ૦ | ૦ |
| ૯ | સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ (ગુજરાતી) | ૨ | ૧ | ૦ |
| ૧૦ | નાયબ સેક્શન અધિકારી | ૬૯ | ૦ | ૮ |
| ૧૧ | સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ (અંગ્રેજી) | ૪ | ૦ | ૦ |
| ૧૨ | સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ (ગુજરાતી) | ૩ | ૦ | ૦ |
| ૧૩ | કારકુન | ૧ | ૦ | ૦ |
| ૧૪ | ડ્રાઈવર | ૨ | ૦ | ૧ |
| ૧૫ | પટાવાળા | ૧૫ | ૦ | ૦ |
| ૧૬ | હમાલ | ૧ | ૦ | ૦ |

---------

મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફેમિલી કોર્ટની રચના

* ૯૬૫૯ શ્રી અરવિંદ રૈયાણી (રાજકોટ પૂર્વ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં ફેમીલી કોર્ટની રચના થયેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ તારીખથી ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે ? | (૨) (અ) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૦૭/૦૯/૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃજીકે/૫૯/૨૦૧૭/ એચસીટી/ ૧૦૨૦૧૬/૨૮૬૫/ડી થી તા.૧૭/૦૯/૨૦૧૭ના રોજથી મોરબી જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે. અને<br>(બ) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૦૭/૦૯/૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૫૭/૨૦૧૭/ એચસીટી/ ૧૦૨૦૧૬/૨૮૬૫/ડી થી તા.૧૭/૦૯/૨૦૧૭ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે. |

---------

ભરૂચ જિલ્લામાં સર્વશિક્ષા અભિયાન યોજના

* ૯૬૧૮ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન યોજના અંતર્ગત જી.આઇ.એસ. સ્કુલ મેપિંગ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. તમામ ૧૩૫૬ શાળાઓનું મેપીંગ વર્ષ ૨૦૧૨માં પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તેની પાછળ રાજ્ય સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૯૫૯૯ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં કેટલા વિસ્તારમાં રોપાનું | (૧) ૫૩૧ હેક્ટર |

વાવેતર કરવામાં આવેલ છે,

| | |
|---|---|
| (૨) તે પૈકી દ્વારકા તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૦૬ હેક્ટર |
| (૩) તેની પાછળ તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૩૮.૭૭ લાખ |

---------

ડાંગ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના કેન્દ્રો

* ૯૬૦૩ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે, અને | (૧) ૪ (ચાર) |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે? | (૨) ૮૬૪૫ |

---------

ડાંગ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૯૫૮૧ શ્રી અરવિંદભાઈ પટેલ (ધરમપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૬૮૩૫ હેક્ટર |
| (૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૧૬૫૧.૨૨ લાખ |

---------

જુનાગઢ જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ

* ૮૩૮૪ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગીર–સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કયા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે છેલ્લા બે વર્ષમાં પસંદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગીર–સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર નીચે જણાવેલ સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે છેલ્લા બે વર્ષમાં પસંદ કરવામાં આવ્યા.

(૧) ગીર સોમનાથઃ

- વેરાવળ તાલુકા ખાતે ચોપાટી અને સહસ્ત્રદલ સરોવરનો વિકાસ
- ઉના તાલુકા ખાતે જગજીવન બાપુ આશ્રમ, સીમર અને ગુપ્ત પ્રયાગ તીર્થ, દેલવાડનો વિકાસ
- સુત્રાપાડા તાલુકા ખાતે પ્રાચી તીર્થનો વિકાસ
- ગીર ગઢડા તાલુકાના શાણાવાંકીયા હનુમાન મંદિર

(૨) જુનાગઢઃ

- જુનાગઢ તાલુકા ખાતે ઉપરકોટનો વિકાસ, શ્રી ઇન્દ્રશ્વર મહાદેવ મંદિર ખાતે યાત્રિક ભવન, શ્રી વાઘેશ્વરી માતાના મંદિર અને ભવનાથ તળેટીથી અંબાજી દતાત્રેયનો વિકાસ
- મેંદરડા તાલુકા ખાતે આવેલ ગોધમપુર ગામે ગાત્રાળ માતાજીનું મંદિર

- માળીયા (હાટીના) તાલુકા ખાતે આવેલ ધાણેજ ગામે ધન્વતરી આશ્રમનો વિકાસ
- માંગરોળ તાલુકા ખાતે આવેલ નવા જૂના કોટડા ખાતે આવેલ શ્રી કામનાથ મહાદેવ મંદિર
- વિસાવદર તાલુકા ખાતે ગીર જંગલ વિસ્તારમાં આવેલ કનકાઇ ગામે કનેકેશ્વરી માતાનું મંદિર

(૨) પસંદ કરાયેલ સ્થળોને વિકસાવવા માટે તાલકાવાર કઈ કઈ સુવિધાઓ પૂરી પાડવામાં આવી, અને

(૨) પસંદ કરાયેલ સ્થળોને વિકસાવવા માટે તાલુકાવાર નીચે મુજબની સુવિધાઓ પ્રવાસન સ્થળે પૂરી પાડવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૧) ગીર સોમનાથ ખાતે તાલુકાવાર પ્રવાસન સ્થળે પ્રાથમિક સુવિધાઓ જેવી કે, પીવાના પાણી, ટોયલેટ બ્લોક્સ, પાથવે, ફુડ કોર્ટ, બેઠક વ્યવસ્થા, લાઈટીંગ વ્યવસ્થા, ચિલ્ડ્રન પ્લેગાર્ડન અને લેન્ડ સ્કેપીંગ વિગેરેની વ્યવસ્થા

(૨) જુનાગઢ ખાતે પસંદ કરાયેલ સ્થળોને વિકસાવવા માટે ઉક્ત સમય ગાળામાં કોઈ ગ્રાન્ટ ફાળવેલ ન હોઈ આથી સુવિધા પૂરી પાડવામાં આવી નથી.

(૩) પસંદ કરાયેલ સ્થળના વિકાસ માટે કેટલી રકમ ફાળવી અને કેટલો ખર્ચ કર્યો ?

(૩) પસંદ કરાયેલ સ્થળના વિકાસ માટે નીચે મુજબની રકમ ફાળવી અને ખર્ચ કર્યો.

(૧) ગીર સોમનાથઃ

| પસંદ કરાયેલ પ્રવાસન સ્થળનું નામ | ફાળવેલ રકમ (રૂપિયા લાખમાં) | થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| • વેરાવળ તાલુકા ખાતે ચોપાટીનો વિકાસ | ૧૨૫૦.૦૦ | ૫૮૬.૬૪ |
| • વેરાવળ તાલુકા ખાતે સહસ્ત્રદલ સરોવરનો વિકાસ | ૪૦૧૯.૫૦ | ૦.૦૦ |
| • ઉના તાલુકા ખાતે સીમર મુકામે જગજીવન બાપુ આશ્રમ | ૪૦૦.૦૦ | ૦.૦૦ |
| • ઉના તાલુકા ખાતે દેલવાડ મુકામે ગુપ્ત પ્રયાગ તીર્થનો વિકાસ | ૭૦૦.૦૦ | ૦.૦૦ |
| • સુત્રાપાડા તાલુકા ખાતે પ્રાંચી તીર્થનો વિકાસ | ૫૦૦.૦૦ | ૦.૦૦ |
| • ગીર ગઢડા તાલુકાના શાણાવાંકીયા મુકામે હનુમાન મંદિરનો વિકાસ | ૫૦૦.૦૦ | ૦.૦૦ |
| કુલ | ૭૩૬૯.૫૦ | ૫૮૬.૩૪ |

(૨) જુનાગઢઃ જુનાગઢ જિલ્લામાં કોઈ રકમ ફાળેલ નથી જેથી ખર્ચ કરવામાં આવેલ નથી.

---------

કચ્છ અને સાબરકાંઠા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં જુદી-જુદી સુવિધાઓ

* ૯૪૪૩ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમતગમત મેદાન, વીજળી, કંપાઉન્ડ વોલ, પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધાઓ નથી, | (૧) પત્રક મુજબ. |
| (૨) આ શાળાઓમાં ઉકત સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ કરાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી, અને | (૨) ઉકત સુવિધા પૈકી વિજળી, પાણી અને શૌચાલયની સુવિધાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે અને તમામ શાળાઓમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ કરાવવાની તથા જમીન ઉપલબ્ધ કરાવવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહેલ છે. |
| (૩) કેટલા સમયમાં આ કામીગીરી પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી. |

પ ત્ર ક

કચ્છ જિલ્લો

| તાલુકો | રમતગમતનાં મેદાનની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| અબડાસા | ૧૫ | ૦ | ૪૧ | ૦ | ૦ |
| અંજાર | ૩ | ૦ | ૨૮ | ૦ | ૦ |
| ભચાઉ | ૨૮ | ૦ | ૨૩ | ૦ | ૦ |
| ભુજ | ૮૭ | ૦ | ૧૦૨ | ૦ | ૦ |
| ગાંધીધામ | ૬ | ૦ | ૫ | ૦ | ૦ |
| લખપત | ૨૨ | ૦ | ૨૫ | ૦ | ૦ |
| માંડવી | ૨૦ | ૦ | ૨૫ | ૦ | ૦ |
| મુંદ્રા | ૬ | ૦ | ૧૬ | ૦ | ૦ |
| નખત્રાણા | ૩૧ | ૦ | ૩૦ | ૦ | ૦ |
| રાપર | ૪૪ | ૦ | ૧૦૨ | ૦ | ૦ |

સાબરકાંઠા જિલ્લો

| તાલુકો | રમતગમતનાં મેદાનની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | વિજળીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | કંપાઉન્ડ વોલની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા | શૌચાલયની સુવિધા વિનાની પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| હિંમતનગર | ૪૩ | ૦ | ૫૧ | ૦ | ૦ |
| પ્રાંતિજ | ૨૬ | ૦ | ૧૬ | ૦ | ૦ |
| તલોદ | ૩૯ | ૦ | ૩૯ | ૦ | ૦ |
| ઇડર | ૧૭ | ૦ | ૫ | ૦ | ૦ |
| વડાલી | ૭ | ૦ | ૧૧ | ૦ | ૦ |
| ખેડબ્રહ્મા | ૬૭ | ૦ | ૭૬ | ૦ | ૦ |
| પોશીના | ૪૮ | ૦ | ૬૮ | ૦ | ૦ |
| વિજયનગર | ૧૩ | ૦ | ૩૫ | ૦ | ૦ |

---------

### સાસણગીર અભયારણ્યની મુલાકાતીઓએ લીધેલ મુલાકાત

* ૮૧૯૦ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે | (૧) |

વર્ષમાં વર્ષવાર સાસણ ગીર અભયારણ્યની કેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી,

| સમયગાળો | મુલાકાતીઓની સંખ્યા |
|---|---|
| તા.૦૧/૦૨/૨૦૧૬ થી તા.૩૧/૦૧/૨૦૧૭ | ૧,૨૪,૯૪૭ |
| તા.૦૧/૦૨/૨૦૧૭ થી તા.૩૧/૦૧/૨૦૧૮ | ૧,૨૪,૮૭૧ |

(૨) આ માટે વર્ષવાર કેટલી પરમીટો ઇસ્યુ કરવામાં આવી ?

(૨)

| સમયગાળો | પરમીટની સંખ્યા |
|---|---|
| તા.૦૧/૦૨/૨૦૧૬ થી તા.૩૧/૦૧/૨૦૧૭ | ૨૬,૭૪૭ |
| તા.૦૧/૦૨/૨૦૧૭ થી તા.૩૧/૦૧/૨૦૧૮ | ૨૬,૯૨૫ |

---------

તાલુકા પંચાયતને મર્યાદિત રકમના વિકાસના કામો કરવાની સત્તા

* ૧૦૦૮૯ શ્રી મોહનલાલ વાળા (કોડીનાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) તા.૩૧−૦૧−૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યમાં કેટલી મર્યાદિત રકમના વિકાસના કામો રાજ્યમાં તાલુકા પંચાયતને કરવાની સત્તા છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકા પંચાયતે ખર્ચ કરવાની મર્યાદાની રકમમાં છેલ્લે ક્યારે વધારો કરવામાં આવેલ, અને

(૩) આ રકમમાં વધારો કરવા માટે છેલ્લા એક વર્ષમાં કેટલી રજૂઆતો સરકારને મળી ?

જવાબ

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ−૧૯૯૩ ની કલમ−૧૩૦ હેઠળની અનુસૂચિ−૨ મુજબ તાલુકા પંચાયત પોતાના સ્વભંડોળમાંથી બજેટમાં જોગવાઇ કરી કલમ−૨૪૧ હેઠળ બનેલા ગુજરાત પંચાયતો (બાંધકામોના અને વિકાસ યોજનાઓના અમલ, સહાયક અનુદાન અને મિલકત પ્રાપ્તિ) બાબતના નિયમો−૧૯૯૫ ની જોગવાઇઓ અનુસાર યોગ્ય સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવી વિકાસના કામો કરી શકે છે.

(૨) ખર્ચ કરવાની સત્તા મર્યાદિત કરેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આવી કોઇ રજૂઆત મળેલ નથી.

---------

ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે આપેલ ગ્રાન્ટ

* ૯૫૭૬ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) તા.૩૧−૧૨−૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે કોઇ ગ્રાન્ટ આપવામાં આવેલ છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

જવાબ

(૧) હા, જી.

(૨) છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે જિલ્લાની તાલુકાવાર ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૬−૧૭ | ૨૦૧૭−૧૮ |
|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ ગ્રા.પં.ની સંખ્યા | ગ્રાન્ટ ફાળવેલ ગ્રા.પં.ની સંખ્યા |
| ૧ | ખેડા | ૩૭ | ૩૮ |
| ૨ | વસો | ૨૨ | ૨૨ |
| ૩ | મહુધા | ૪૨ | ૪૩ |
| ૪ | કઠલાલ | ૫૩ | ૫૪ |
| ૫ | ગળતેશ્વર | ૩૪ | ૩૪ |
| ૬ | માતર | ૪૬ | ૪૬ |
| ૭ | મહેમદાવાદ | ૬૫ | ૬૫ |

| | | | |
|---|---|---|---|
| ૮ | ઠાસરા | ૬૬ | ૬૬ |
| ૯ | નડીયાદ | ૪૭ | ૪૯ |
| ૧૦ | કપડવંજ | ૯૫ | ૧૦૨ |
| | કુલ | ૫૦૭ | ૫૧૯ |

---------

પાલનપુર તાલુકાના રહેણાંક હેતુસરના ગેરકાયદેસર બાંધકામોને અટકાવવા તથા તોડી પાડવા બાબત

* ૯૮૧૯ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત પંચાયત એક્ટની કલમ ૧૦૪ હેઠળની કાયદેસરની બાંધકામ પરવાનગી વગરનાં, બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના મોજે સદરપુરના રેવન્યુ સર્વે નંબર ૮૫ માંના રહેણાંક હેતુસરના ગેરકાદેસર બાંધકામો અટકાવવા તથા તે તોડી પડાવવા અને એવાં ગેરકાયદેસર બાંધકામો કરનારાઓ સામે કોર્ટ ફરિયાદો દાખલ કરાવવા, તાલુકા તથા જિલ્લા કક્ષાના જવાબદાર અધિકારીશ્રીઓ તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, અને | (૧) મોજે સદરપુરા, તા.પાલનપુરનો સ.નં.૮૫ વાળી જમીન નગરપાલિકા પાલનપુર હસ્તક હોઈ આ અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કાર્યવાહી ન થવાના કારણો શાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

દાહોદ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના કેન્દ્રો

* ૯૬૦૪ શ્રી રમેશભાઈ કટારા (ફત્તેપુરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે, અને | (૧) ૯ (નવ). |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે ? | (૨) ૧૧૮૮૧. |

---------

મહેસાણા અને ભાવનગર ખાતે સંયુક્ત ચેરીટી કમિશનરની કચેરી શરૂ કરવા બાબત

* ૯૬૬૬ શ્રી રમણભાઈ પટેલ (વિજાપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા નાણાકીય વર્ષ, ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ સંયુક્ત ચેરીટી કમિશનરની કચેરી મહેસાણા અને ભાવનગર ખાતે શરૂ કરવા માટે નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સંયુક્ત ચેરીટી કમિશનરની કચેરી મહેસાણા અને ભાવનગર ખાતે ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૨) (૧) તા.૧૨–૧૦–૨૦૧૭ ના રોજ સંયુક્ત ચેરીટી કમિશનરની કચેરી મહેસાણા ખાતે શરૂ કરવામાં આવેલ છે. અને હાલ કાર્યરત છે.<br>(૨) તા.૦૮–૧૦–૨૦૧૭ ના રોજ સંયુક્ત ચેરીટી કમિશનરની કચેરી ભાવનગર ખાતે શરૂ કરવામાં આવેલ છે. અને હાલ કાર્યરત છે. |

---------

નર્મદા જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના કેન્દ્રો

* ૯૬૦૦ શ્રીમતિ સુમનબેન ચૌહાણ (હિંમતનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે, અને | (૧) ૪ (ચાર). |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે ? | (૨) ૭૦૬૮. |

---------

નર્મદા જિલ્લામાં ધો.૯ માં અભ્યાસ કરતી કન્યાઓને સાઇકલ આપવાની યોજના

* ૯૬૩૫ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની ધો.૯ માં અભ્યાસ કરતી કન્યાઓને શાળાએ જવા સાઇકલ આપવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા,તો આ યોજના હેઠળ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં કેટલી કન્યાઓને સાઇકલ આપવામાં આવેલ છે, અને | (૨) વર્ષ ૨૦૧૫-૧૬ માં - ૨૫૮૨<br>વર્ષ ૨૦૧૬-૧૭ માં - ૨૭૧૦. |
| (૩) તે માટે વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) વર્ષ ૨૦૧૫-૧૬ માં - ૩.૭૦.૮૭ લાખ<br>વર્ષ ૨૦૧૬-૧૭ માં - ૩.૭૫.૭૧ લાખ. |

---------

નર્મદા જિલ્લામાં આદિવાસી મહિલાઓને દૂધાળા પશુ આપવાની યોજના

* ૯૬૩૨ શ્રી શૈલેષભાઈ મહેતા (ડભોઇ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં આદિવાસી મહિલાઓને આજીવિકા પુરી પાડવા માટે દૂધાળા પશુ આપવાની યોજના હેઠળ લાભાર્થીઓને શું લાભ આપવામાં આવે છે, અને | (૧) નર્મદા જિલ્લામાં આદિવાસી મહિલાઓને આજીવિકા પુરી પાડવા માટે દુધાળા પશુ આપવાની યોજના હેઠળ દુધાળા પશુ, પશુ વીમા સહાય, પશુ પરિવહન ખર્ચ, પશુ ખાણ-દાણ, વાસણ કીટ, પશુ સારવાર તથા તાલીમની સવલતો પુરી પાડવામાં આવે છે. |
| (૨) દૂધાળા પશુ આપવાની યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે અને કેટલી લાભાર્થી આદિજાતિ મહિલાઓને કેટલા દૂધાળા પશુઓનો લાભ આપવામાં આવ્યો? | (૨) |

| વર્ષ | લાભાર્થી | દુધાળા પશુઓ | ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૯૯૮ | ૯૯૮ | ૩.૩૦૩.૮૩ લાખ |
| ૨૦૧૬-૧૭ | ૯૧૫ | ૯૧૫ | ૩.૨૯૭.૮૨ લાખ |

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આંગણવાડીઓને આપવામાં આવેલ ગેસ કનેકશન

* ૯૬૧૧ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે, | (૧) |

| તાલુકાનું નામ | ગેસ કનેકશન સુવિધા ધરાવતા આં.વા. કેન્દ્રોની સંખ્યા |
|---|---|
| દ્વારકા | ૧૪૪ |
| ભાણવડ | ૯૬ |
| કલ્યાણપુર | ૨૦૧ |
| ખંભાલીયા | ૨૦૩ |

ता. २९मी मार्च, २०१८

અતારાંકિત પ્રશ્નો

(૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૨)

| તાલુકાનું નામ | ગેસ કનેકશન સુવિધા ન ધરાવતા આં.વા. કેન્દ્રોની સંખ્યા |
|---|---|
| દ્વારકા | ૪ |
| ભાણવડ | ૩૯ |
| કલ્યાણપુર | ૦ |
| ખંભાલીયા | ૪ |

(૩) આ બાકી રહેતી આંગણવાડીઓને ક્યાં સુધીમાં ગેસ કનેકશન આપવામાં આવશે ?

(૩) બાકી રહેતા આં.વા. કેન્દ્રને સત્વરે ગેસ કનેકશન આપવામાં આવશે.

------

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૧૫-૧૬નો ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા

સન ૨૦૧૬-૧૭નો ધોલેરા ઇન્ટરનેશન એરપોર્ટ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા

સન ૨૦૧૬-૧૭નો ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભ પટેલ (ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા

૨૦૧૫-૧૬નો ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા

સન ૨૦૧૬-૧૭નો ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૬-૧૭નો ગુજરાત ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા

૨૦૧૫-૧૬નો ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ચૈત્ર ૫, ૧૯૪૦ શાકે

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૮.

વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા

૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬નો વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીના વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીના સન ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના વાર્ષિક વહીવટી અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા

૨૦૧૬–૧૭નો ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી પરબતભાઇ સ. પટેલ (પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો

સન ૨૦૧૬–૧૭નો ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો સન ૨૦૧૬–૧૭ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા

સન ૨૦૧૭–૧૮ ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સુધારેલ અંદાજપત્ર તથા ૨૦૧૮–૧૯ના અંદાજપત્ર

શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૭–૨૦૧૮ના સુધારેલ અંદાજપત્ર તથા સન ૨૦૧૮–૧૯ના અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છુંઉ

સુધારેલ અંદાજપત્ર તથા અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા

અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવા બાબત.

સચિવશ્રીઃ માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૪મી વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલા અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૮નાં વિધેયક ક્રમાંક–૧, ૨, ૪, ૫, ૧૧ અને ૧૪ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વિધેયક ક્રમાંક ૧, ૨, ૪, ૫, ૧૧ અને ૧૪ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

**સરકારી વિધેયકો**

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩૫.**

**ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૮.**

સન ૨૦૧૯ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે, ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

શ્રી નીતિનભાઇ ર. પટેલ નાયબ મુખ્યમંત્રીશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, [•]રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંકઃ૩૫, સન ૨૦૧૮ના ગુજરાત વિનિયોગ વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંકઃ૩૫, સન ૨૦૧૮ના ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : આજે વિનિયોગ વિધેયક સહિત અન્ય કામકાજ ચર્ચા માટે હાથ ધરાનાર છે. વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે ૨૩ સભ્યશ્રીઓએ મુદ્દા આપેલ છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩)ની જોગવાઇઓ અનુસાર આમ વિનિયોગ વિધેયક ઉપરની સઘળી ચર્ચા સભાગૃહની બેઠક મુલતવી રાખવા નક્કી કરેલ સમયના એક કલાક અગાઉ પૂરી કરવાની થાય છે. પરંતુ આ વિધેયક બાદ અન્ય કામકાજ પણ હાથ ધરવાનું હોય વિનિયોગ વિધેયક પર ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર સભ્યોની સંખ્યા જોતા મને મળેલી સત્તાની રુએ હું મુદ્દાઓ ઉપરની ચર્ચા માટે દરેક સભ્યશ્રીને બે મિનિટનો સમય ફાળવું છું. મુદ્દાઓ આપનાર સભ્યએ ઉપસ્થિત કરેલ મુદ્દા પરની ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રીએ આપ્યા બાદ વિધેયક તરત જ સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ વિધેયકમાં મારો મુદ્દો રજૂ કરવા માગુ છું. જિલ્લા અને તાલુકા પંચાયતમાં રાજ્ય સરકાર દ્વારા જે મહેકમ મંજૂર કરવામાં આવે છે એ મંજૂર થયેલ મહેકમ મુજબ જગ્યાઓ છેલ્લા ઘણાં વર્ષોથી ભરવામાં આવતી નથી. જિલ્લા અને તાલુકા પંચાયત દ્વારા અને ગ્રામ પંચાયત દ્વારા રાજયની વિવિધ ખાતાઓની જે યોજનાઓ છે એ યોજનાઓના લાભ ગામડાંનાં છેવાડાના માણસ સુધી પહોંચાડવા માટેનું જો કોઇ કામ કરવા માટેનું તંત્ર સરકાર પાસે હોય તો એ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં પૂરતા કર્મચારીઓ

[•] વિધેયક તા. ૨૩મી માર્ચ ૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

વર્ગ–૧, વર્ગ–૨ અને વર્ગ–૩ તથા કલેરીકલ સ્ટાફ ન હોવાના કારણે સરકારની વિવિધ યોજનાઓના કામો જે તે સમય મર્યાદામાં થતા નથી જેથી સરકારની યોજનાઓનો લાભ ગ્રામ્ય કક્ષાએ પહોંચતો નથી. આજની પ્રશ્નોતરીમાં ૧૨૨ નંબરના પ્રશ્નમાં જોવા જઇએ તો, આખા રાજયની વાત નથી કરતો હું માત્ર ગીર સોમનાથ જિલ્લાની જ વાત કરું છું, તો વર્ગ–૨ની મંજૂર થયેલી જગ્યા ૬ છે એમાં ભરાયેલ માત્ર ૩ જ છે એટલે ૫૦ ટકા જગ્યા ખાલી છે. એમાં ગીર ગઢડા, તાલાલા અને સુત્રાપાડામાં વર્ગ–૩ની જગ્યા ખાલી છે. વર્ગ–૩ની ૧૦૪ જગ્યાઓ મંજૂર થયેલી છે એની સામે ભરાયેલ માત્ર ૪૯ છે અને ૫૫ જગ્યાઓ ખાલી છે.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા): માનનીય અધ્યક્ષશ્રી, મારો વિનિયોગ વિધેયકનો મુદો છે એ આદિવાસી વિસ્તારમાં રસ્તા વિહોણા ગામોને ઓછામાં ઓછો એક બારમાસી પાકો રસ્તો આપવાની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી અને હાલના વડા પ્રધાને ૨૭.૨.૨૦૦૭ના રોજ અહીંયા આ ગૃહમાં જાહેરાત કરી હતી કે દરેક ગામને ઓછામાં ઓછો એક રસ્તો બારમાસી પાકો રસ્તો આપવામાં આવશે, એવી વાત કરી હતી. ઘણો સમય થઇ ગયો હોવા છતાં પણ અમારા ગામડાંની હાલત એવીને એવી જ છે અને રસ્તો તો નથી મળ્યો પણ જે હયાત રસ્તાઓ હતા જે મુખ્ય જિલ્લા માર્ગો હતા અને જે અધર ડિસ્ટ્રીક્ટ રસ્તાઓ હતા એ રસ્તાઓ પણ સાત વર્ષ ઉપર થઇ ગયા હોવા છતાં પણ એનું ડામર કામ થતું નથી. સાહેબ, જે રસ્તાઓ છે એ રસ્તાઓ માટે અમે બહુ રજૂઆત કરીએ તો કદાચ થોડોક રસ્તો અમને મળે છે પણ રસ્તાની સપાટી ડામરની જે કરવી જોઇતી હતી એ થઇ શકતી નથી. મારી માનનીય મંત્રીશ્રીને આ માટે ખાસ વિનંતી છે કે, જે ગામડાં અત્યારે, કારણ કે એના લીધે અત્યારે મુશ્કેલી એ થાય છે કે, છોકરાઓ સ્કૂલે જઇ શકતા નથી. ચોમાસામાં આ બહુ જ મોટી મુશ્કેલી છે ત્યારે જ્યાં જ્યાં મુશ્કેલી છે ત્યાં નદી હોય તો ત્યાં બ્લોક કલ્વર્ટ કરીને વ્યવસ્થા કરી આપો અને જે ગામોમાં એક પણ રસ્તો નથી એની માહિતી મંગાવો અને માહિતી મંગાવીને દરેકને ઓછામાં ઓછો એક રસ્તો આપો એવી મારી વિનંતી છે અને એ ગામો છે એ ગામોની વસતિ ૫૦૦ થી ઉપર છે, ૫૦૦ થી ઓછી વસતિ હોય તો આપણે ત્યાં ૨૫૦ થી ઓછી વસતિ માટે એક યોજના કરી છે કે ૨૫૦ થી ઓછી વસતિ હોય તો એક રસ્તો આપવો. પણ એ પણ અમને મળી શકતા નથી ત્યારે ખાસ ઝુંબેશના રૂપે આપ અમારા વિસ્તારમાં સરવે કરાવો અને સરવે કરાવીને કમસેકમ એક રસ્તો મળે તો આ બાળકો જે છે એ સ્કૂલે જઇ શકે. રાજ્ય સરકારમાં અમારા ટ્રાયબલ વિસ્તાર માટેની અલગ ગ્રાન્ટ છે અને દર વખતે આપણે લગભગ ૧૧૦૦ કરોડ રૂપિયા જેટલી ફાળવણી થતી હોય છે પરંતુ આ રકમ કોઇકને કોઇક સંજોગોમાં વપરાતી નથી, આ વખતે લગભગ ૭૫ કરોડ રૂપિયા જેટલી રકમ પાછી ગયેલ છે ત્યારે આ ખૂબ ચિંતાનો વિષય છે. એકબાજુ અમને રસ્તા નથી મળતા અને બીજીબાજુ આ ગ્રાન્ટ પાછી જાય છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિનિયોગ વિધેયકના મુદ્દા –નંબર ૩ માં પાક નિષ્ફળ ગયેલ હોય તેવા ખેડૂતોને ૨૦૧૬–૧૭ની પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના હેઠળ જે કંઇ દાવાઓ ચૂકવવાના થાય છે એમાં વિલંબનો મુદ્દો છે. રાજ્ય સરકારે જ્યારે પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના દાખલ કરી ત્યારથી ૨૦૧૬–૧૭ના વર્ષમાં ગુજરાતમાં કપાસની ખેતી અંગે આપના ધ્યાન પર વિગત મૂકવા માગું છું કે જે ખેડૂતો પાસેથી ફરજિયાત પાક વિમાનું પ્રીમીયમ વસૂલ કરવામાં આવે છે. ગત વર્ષમાં ૨૦૧૬–૧૭માં બે ટકા લેખે ખેડૂતો પાસેથી ૨૮ ટકા રાજ્ય સરકાર અને ૨૮ ટકા કેન્દ્ર સરકાર એટલે કે ૫૮ ટકા જેટલી રકમ પ્રીમીયમ પેટે વસૂલ કરવામાં આવી. આમાં આઠ થી દસ ટકા વહીવટી ખર્ચ લાગે છે. લગભગ ૬૫ ટકા જેટલું વીમા પ્રીમીયમ રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર થઇને કંપનીઓને જમા કરાવવામાં આવે છે, આજની તારીખમાં ૨૦૧૬–૧૭ના વર્ષમાં ૭ કે ૮ જિલ્લાઓ સિવાય બાકીના બધા જિલ્લાઓમાં જ્યાં કપાસનું વાવેતર કરવામાં આવે છે એવા વિસ્તારમાં આજની તારીખ સુધીમાં કપાસના પાક વિમાની રકમ ચૂકવવામાં આવી નથી. થોડાક જિલ્લાઓને બાદ કરતાં બાકીના બધા જ જિલ્લાઓમાં કપાસના પાક વિમાની રકમ ચૂકવવાની બાકી છે. કપાસ વાવેતર કરતાં જે વિસ્તારો છે એમાં ૨૦૧૬–૧૭ના વર્ષના જે દાવાઓ મૂકાયેલા છે, એ દાવાઓની ગણતરી ચાલુ છે એવું અહીંયા તારાંકિત પ્રશ્નોત્તરીમાં રાજ્ય સરકારે પણ આપણને જવાબ આપ્યો છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી છે કે, જે પાક વિમાઓના દાવાઓની ગણતરી કરવાની બાકી હોય એ વહેલામાં વહેલી તકે ગણતરી થાય અને ખેડૂતોને કપાસના પાક વિમાની રકમ ચૂકવવી જોઇએ. બીજી વાત એ કહેવાની કે રાજ્ય સરકારે આ બે ત્રણ કંપનીઓને કામ આપ્યું છે એ જેટલું પ્રીમીયમ રાજ્ય સરકાર કંપનીઓને ભરે છે એટલું જો વિમો ખેડૂતોને આપી દેવામાં આવે તો અમારે વિમાની જરૂર જ નથી. એકલો વિમો પણ નહિ, સત્તર, અઢાર, વીસ, પચ્ચીસ, ટકાની આસપાસ વિમો મળવાપાત્ર થશે. મારી આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ખરેખર પાક વિમાનું પ્રીમીયમ ફરજિયાત હોવું ના જોઇએ.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી જિલ્લામાં ખેડૂતોને સિંચાઇની સવલત આપવામાં સરકારની નિષ્ફળતા એ અંગે મારે ટીકા ટિપ્પણ નથી કરવી પણ જમીની હકીકત રજૂ કરવી છે. મોરબી જિલ્લો એ આકાશી ખેતી ઉપર નિર્ભર છે, મોરબી જિલ્લામાં સિંચાઇની સવલત બહુ નહિવત છે. ખેડૂતો બેહાલ છે. ગામડાં ભાંગતા જાય છે. હિજરત કરવી પડે એવી દારુણ સ્થિતિ ઉભી થઇ છે ત્યારે અમારી સૌરાષ્ટ્રની જે 'સૌ' ની યોજના છે એના મધરડેમ તરીકે મોરબીનો મચ્છુ–૨ ડેમ નિયત કરાયો છે. આ મચ્છુ–૨ ડેમને અત્યારે જે ખેડૂતોને હયાત સિંચાઇની સવલત આપવામાં આવે છે એ કેનાલને ગ્રેવીટીથી ઓછાં ખર્ચે મોરબી માળીયા તાલુકાના વધુ બાવન ગામના ખેડૂતોને સવલત આપી શકાય તેમ છે અને આજ માત્ર બારમાસી સિંચાઇ એ ખેતી માટે રામબાણ ઇલાજ છે. આ માટે ખેડૂતોએ રેલી કાઢી, આવેદનપત્રો આપ્યા, ખેડૂતો હક્ક માગે છે.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની શિક્ષણના ખાનગીકરણ અને વેપારીકરણની નીતિને કારણે ગુજરાતના શિક્ષણ માફિયાઓ બેફામ થયા છે અને આ શિક્ષણ માફિયાઓ ગુજરાતના વિદ્યાર્થીઓ અને વાલીઓનું માનસિક અને શારીરિક શોષણ કરતાં પણ કોઇપણ રીતે અટકતા નથી અને આ સરકારનો આ શૈક્ષણિક સંસ્થાઓ પરનો અંકૂશ જે હોવો જોઇએ એ અંકૂશ પુરેપૂરી રીતે સફળતાપૂર્વક કરવામાં સરકાર નિષ્ફળ રહી છે. આ ગૃહમાં જ ફી નિયમન વિધેયક લાવવામાં આવ્યું, મંત્રીશ્રી દ્વારા એની ખૂબ જાહેરાતો કરવામાં આવી ચુંટણી પહેલાં, આખા રાજ્યમાં હોર્ડીંગ્સ લગાવવામાં આવ્યા એની વાહવાહી લુંટવામાં આવી, તેમ છતાં પણ આ ખાનગી સંસ્થાઓ અને એના સંચાલકો આ ગૃહમાં પસાર કરેલા વિધેયકનો પણ અમલ કરતા નથી અને સાથે સાથે આ સંસ્થાઓ દ્વારા બાળકોને ફરજિયાત માગ્યા મુજબની ફી સમયસર નહિ ભરવાના કારણે અનેક રીતે માનસિક અને શારીરિક ટોર્ચર કરવામાં આવે છે અને આ ટોર્ચર ખાલી બાળકોનું નહીં પણ આખા પરિવારનું ટોર્ચર થાય છે. આ ટોર્ચર રોકવામાં સરકાર નિષ્ફળ રહી છે એ બાબતે મારે સરકારનું ધ્યાન દોરવું છે.

અધ્યક્ષશ્રી : માનનીય બ્રિજેશભાઇ મેરજા, તમને મેં એક મિનિટ ઓછી આપેલ છે આપ પ્લીઝ બોલી શકો છો. (અંતરાય ) હું અન્યાય નહીં થવા દઉં અહીંયા જ ન્યાય થશે પ્લીઝ.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, ન્યાય આપો, અમારો મોરબી-માળિયા વિસ્તાર નપાણીયો વિસ્તાર છે પણ ખેડૂતો પાણીદાર છે એ એના હક્ક માટે સતત ઝઝૂમતા રહે છે. અમારા મોરબી-માળિયા વિસ્તારમાં નર્મદાની કેનાલ આવી છે પણ માઇનોરના કામ થયા નથી. તદ્-ઉપરાંત અમારો જે મચ્છુ-૧ જૂની યોજના છે તેમાંથી ગામડાંઓના ખેડૂતોની જમીન ડિકમાન્ડ કરવામાં આવી છે. તદ્-ઉપરાંત અમારી મચ્છુ-૩ ડેમ બની ગયો છે પણ કેનાલ થતી નથી આ બધી સ્થિતિમાંથી ખેડૂતોને ઉગારવા માટે સિંચાઇ સવલત એ ભારે આશીર્વાદરૂપ છે અને સરકાર આ માટે મોરબી-માળિયા વિસ્તારને જે વર્ષોથી ન્યાય નથી મળતો એ માટે ખેડૂતોની જે આ માગણી છે તેને ન્યાય આપે એવી વિનંતી છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને મારી વાત રજૂ કરવા માગુ છું ત્યારે એક તરફ સરકાર રોજગારીની વાત કરે છે ત્યારે જુનાગઢ જિલ્લાના ચોરવાડ ગામે ગ્રેમરીન પ્રાઇવેટ લિમિટેડમાં અંદાજે ૯૦૦ મજદૂર કામ કરે છે તેમાંથી કંપની દ્વારા ૧૭-૧૭ વર્ષથી કામ કરતા અંદાજીત ૩૦૦ મજદૂરને કોઇ કારણ વગર કાઢી મૂકવામાં આવ્યા છે. અને તે નવ નવ મહિનાથી ઘરે બેરોજગાર બેઠાં છે અને તેમાં અંદાજે ૫૦ ટકા તો મહિલાઓ છે અને ૫૦ ટકા પુરુષો છે. અને આ લોકોને નવ નવ મહિનાથી ઘરે બેઠાં છે તેમને કંપની દ્વારા રોજગારી આપવામાં આવે અને તેમને ફરીથી લેવામાં આવે તેમજ આજદિન સુધીનો પગાર આપવામાં આવે અથવા તેમને વી.આર.એસ.આપવામાં આવે અથવા તે ના કરે તો તેમને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. એટલે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે, કાયદેસર કાર્યવાહી કરવામાં આવે. ૨૧તારીખના રોજ આ કંપનીની પોલ્યુશન બાબતે મેં પર્યાવરણ મંત્રીશ્રીને રજૂઆત કરેલી પણ આજદિન સુધી તેમાં પણ કોઇ કાર્યવાહી થયેલ નથી ત્યારે શ્રમ રોજગાર મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે, આ લોકોને રોજગારી આપે કારણ કે એક તરફ સરકાર મહિલા સશકિતકરણની વાત કરે છે ત્યારે ૧૫૦ મહિલાઓને રોજગારી આપવામાં આવી નથી અને તેમની રોજગારી છીનવી લેવામાં આવી છે. આ ૧૭-૧૭ વર્ષથી આ મહિલાઓ ત્યાં કંપની જે કોલ્ડ સ્ટૉરેજ હોય છે તેમાં કૂલ શિયાળામાં ત્યાં કામ કરે છે અને ગરમીમાં ત્યાં બોઇલર હોય છે અને પૂરી ગરમીમાં બોઇલરમાં કામ કરે છે. આવી પરિસ્થિતિમાં તે બીજે ક્યાંય કામ ના કરી શકે અને તેમને ફરીથી કામ ઉપર લેવામાં આવે અત્યાર સુધી તેઓ ૯ મહિનાથી ઘરે બેઠા છે ત્યારે તેમનો પગાર આપવામાં આવે અને જો તેમને ના લેવા માગતા હોય તો તેમને વી.આર.એસ. આપી દેવામાં આવે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગુ છું કે, વલસાડ જિલ્લાની અંદર ૨૦૧૬-૧૭ની અંદર જે પરિસ્થિતિ હતી મુખ્ય જિલ્લા માર્ગ ૫૬૭ હતા અન્ય જિલ્લા માર્ગ ૩૦૪ હતા, ગ્રામ્ય માર્ગ ૧૧૩૦ હતા કુલ ગ્રામ્ય માર્ગ નોન પ્લાન ૧૫૮૮ હતા કુલ ૩૫૯૦ કિલોમીટર વલસાડ જિલ્લાના રસ્તા હતા. તેમાં ફકત ધરમપુર અને કપરાડાના ૧૯૧૦, ૨૦૧૬-૧૭ની પરિસ્થિતિએ જયારે બાકીના પારડી, વલસાડ, ઉંમરગામ, વાપી આ ચાર તાલુકાના મળીને ૧૬૮૦ કિલોમીટરના રસ્તા છે. ત્યારે મારી માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે કે, કપરાડા તાલુકાની સબ ડિવિઝન કચેરી છે તેનું વિભાજન કરવામાં આવે કારણ કે ખૂબ મોટો ગ્રામ્ય વિસ્તાર અને પહાડી વિસ્તાર ધરમપુર અને કપરાડા બન્ને પહાડી વિસ્તાર છે તે પહાડી વિસ્તારમાં સબ ડિવિઝન કચેરી હાલ ફકત એક જ કચેરી ધરમપુર ખાતે છે તેનું વિભાજન કરીને કપરાડા ખાતે કચેરી મળે અને નોન પ્લાનની જે પરિસ્થિતિ છે કપરાડા તાલુકાની અંદર ભૌગોલિક પરિસ્થિતિની દ્રષ્ટિએ પહાડી વિસ્તાર રસ્તા, નોન પ્લાનના રસ્તા એક કિલોમીટરથી લઇને આઠ થી બાર કિલોમીટર સુધીના નાના નાના રસ્તા એક ગામથી બીજા ગામને જોડવા માટે પણ ચાર કિલોમીટર, પાંચ કિલોમીટરના રસ્તા છે. જેથી વિશેષ કપરાડા તાલુકા અને ધરમપુર તાલુકાને નોન પ્લાન રસ્તાની જે જોગવાઇ છે તેમાં વધારે કરીને વિશેષ તેને પેકેજ આપીને તે રસ્તાઓ જે હાલના વડાપ્રધાન જયારે મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ધ્યાન દોરેલું કે દરેક ગામને એક રસ્તો જોડતો આપીશું ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી અપેક્ષા રાખુ કે ધરમપુર અને કપરાડા જે વિસ્તાર છે તેને પાકા રસ્તા મળે.

શ્રી ચંદનજી ત. ઠાકોર(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસની સરકાર ગુજરાતના તમામ સમાજને મફત કેળવણીનો કાયદો લાવી પણ ભાજપની સરકારમાં શિક્ષણનું વેપારીકરણ થયું અને ફી માં વધારો થયો. એના કારણે બક્ષીપંચ સમાજની દીકરીઓ ગરીબ હોવાના કારણે ફી નહિ ભરી શકવાના કારણે શિક્ષણથી વંચિત રહી. ગુજરાતમાં આર્થિક રીતે પછાત

જ્ઞાતિઓના વિકાસ માટે માધવસિંહ સોલંકીની સરકારે બક્ષીપંચની રચના કરી અને ૧૪૨ જેટલી આર્થિક રીતે પછાત જ્ઞાતિઓનો એમાં સમાવેશ કર્યો છે. ગુજરાતની પર ટકા વસતિ ધરાવતો બક્ષીપંચ સમાજમાં આજે ૧૪૨ જ્ઞાતિઓ છે. સરકાર આ સમાજની દીકરીઓને જ્યાં સુધી ભણવું હોય ત્યાં સુધી એને તકલીફ ના પડે તે માટે ખાસ પેકેજની જાહેરાત કરે અને એમાં ફી અને બાકીનો તમામ ખર્ચ સરકાર ભોગવે તેવી માનનીય મુખ્યમંત્રીશ્રીને મારી વિનંતી છે. છેલ્લા ૨૨ વર્ષમાં ભાજપની સરકાર આવું પેકેજ જાહેર કરવામાં નિષ્ફળ નીવડી છે. હું માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું કે, બક્ષીપંચ માટે ખાસ પેકેજની જાહેરાત કરે. અમારા ઠાકોર સમાજની દીકરીઓનો અભ્યાસ ઓછો છે તેથી ઠાકોર વિકાસ બોર્ડ નિગમને શિક્ષણ માટે એક હજાર કરોડના પેકેજની જાહેરાત કરે એવી હું માનનીય શિક્ષણમંત્રીશ્રીને વિનંતી કરું છું. જો માનનીય મુખ્યમંત્રીશ્રી અમારા સમાજની થોડીક લાગણી અને માગણીઓને માન આપશે તો અમારા સમાજમાં શિક્ષણનો વ્યાપ વધશે. અમારા ઠાકોર સમાજની પરિસ્થિતિને સરકારશ્રી અનુસરે એવી વિનંતી કરું છું.

શ્રી ભીખાભાઇ ગ. જોષી(જુનાગઢ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત શહેરી વિકાસ મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, જુનાગઢ કોર્પોરેશનની કચેરીના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ મળતો નથી. આજે બધાં જ કોર્પોરેશનમાં સાતમા પગાર પંચનો લાભ મળે છે પણ જુનાગઢના કર્મચારીઓને લાભ મળતો નથી. કર્મચારીઓએ અવાર-નવાર આંદોલન કર્યા છે અને સત્તાધીશોએ એની ખાતરી પણ આપી છે પણ લાભ મળતો નથી. ફરિયાદ સમિતિમાં મેં પણ ઘણા પ્રશ્નોની રજૂઆત કરી છે અને છતાં પણ પરિણામ આવતું નથી તો હું આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, આ કર્મચારીઓને ન્યાય મળે એ માટે કંઇક કરે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર (પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, છોટા ઉદેપુર જિલ્લાને વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ હેઠળ આદિવાસીઓને જે જમીન મળવાપાત્ર થાય છે એ કેસ લાંબા સમયથી પડતર છે. મહિને, બે મહિને એની સંકલનની મીટીંગ મળે છે પરંતુ અરજીઓનો નિકાલ થતો નથી. આથી મારી વિનંતી છે કે, દર મહિને જેટલી અરજીઓ પડતર છે એના નિકાલ માટેની વ્યવસ્થા કરે. એ એટલા માટે કે કેટલીક અરજીઓમાં જે પુરાવા રજૂ થયેલ છે એ પુરાવામાં વડિલોપાર્જીત પુરાવા હોય છે. જેની એક જ નકલ રહેતી હોય છે. એના ત્રણ દીકરા હોય અને ત્રણે ત્રણ દીકરાઓએ જમીનની માગણી કરેલ હોય છે. તો આ જમીન કોને આપવી એ સરકાર માટે એક વિચારણાનો પ્રશ્ન બની જાય છે. આદિવાસીને જમીન આપી હોય અને દાદા જમીન ખેડતા હોય અને એ દાદા મરી ગયા હોય તો વારસાઇ હક્ક કે જે મહેસૂલમાં આપણે જમીન નામ પર કરીએ છીએ એ જંગલની જમીન આદિવાસીને આપે. જમીન મળ્યા પછી પાકી સનદ મળતી નથી. એના કારણે બીજા સ્ટ્રક્ચરના કામ કરવાના થાય એ થઇ શકતા નથી અને એમાં સરકારની સહાય યોજનાનો લાભ મળે એ માટે સરકાર સનદ વહેલી આપે અને બાકી રહેલ કેસોનું પુન:અવલોકન કરી વહેલાસર નિકાલ કરે એવી મારી વિનંતી છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજિત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું આ સરકારનું ધ્યાન દોરવા માગું છું કે, મારા મત વિસ્તાર તારાપુર ગામમાં ભૂગર્ભ ગટર યોજના ૨૦૧૨માં પૂર્ણ કરવાની હતી. ગયા સત્રની અંદર, ૨૦૧૨થી ૨૦૧૭ સુધી હું રજૂઆતો કરતો આવ્યો છું અને આ સરકાર તરફથી મને વચનો આપવામાં આવ્યાં કે આ વર્ષે પૂરૂં કરીએ, બીજા વર્ષે કરીએ, ત્રીજા વર્ષે કરીએ. માનનીય અધ્યક્ષશ્રી, હું શરમ સાથે વાત કરું છું કે, ૨૦૧૭ સુધી આ યોજના પૂર્ણ ન થઇ, આજે પણ ભૂગર્ભ ગટર યોજનાનું કામ પૂર્ણ થયું નથી એના માટે આપશ્રીના માધ્યમથી આ સરકારનું ધ્યાન દોરું છું કે, આ સરકારે ગયા પાંચ વર્ષ જુઠ્ઠાણું ચલાવ્યું કે, ભૂગર્ભ ગટરનું કામ હમણાં પૂરું થાય, આજે પૂરું થાય, કાલે પૂરું થાય, પણ આજે મારું ગામ ૨૦ હજારની વસતિ ધરાવતું ગામ છે. બે થી અઢી વર્ષ પહેલાં પાણીની ટાંકી તૂટી ગઇ છે. નવ કરોડ રૂપિયાની યોજના મંજૂર થઇ. સાત કરોડ રૂપિયાની યોજના પૂરી થઇ પરિએજ પાણી પુરવઠા યોજના બની, એને પણ આજે બે વર્ષ થયાં આ જ યોજનાની અંદર કોઇ કામ પૂર્ણ થતું નથી ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સરકારનું ધ્યાન દોરવું છે કે, હવે એ ખાતરી ન આપે તો હું ખાતરી આપું કે, આજે માનનીય મંત્રીશ્રી જાહેર કરે કે અમે આ તારાપુરનું ભૂગર્ભ ગટરનું કામ કરવા માટે સક્ષમ નથી, અમે કામ કરી શકવાના નથી એવી કોઇ ખાતરી આપે તો માનનીય અધ્યક્ષશ્રી, હવેના ચાર વર્ષ હું રજૂઆત કરવાનું બંધ કરું. મને શરમ આવે છે સાહેબ. પાંચ વર્ષથી ભૂગર્ભ ગટર યોજનાનું કામ આજ દિન સુધી પૂર્ણ થયું નથી તો માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું એ જાણવા માગું છું કે, આ સરકાર કયા વર્ષે પૂર્ણ કરશે? મારા ગામની અંદર જે ખાડા ખોદીને મૂક્યા છે તેનાથી નથી રસ્તા પૂરા થતા, નથી અન્ય કોઇ કામ પૂરાં થતાં અને જેના કારણે ગામ ત્રાહિમામ્ થઇ ગયું છે માટે હું વિનંતી કરું છું કે, આ ભૂગર્ભ ગટર યોજનાનું કામ સત્વરે પૂર્ણ કરવા માગે છે? જો પૂર્ણ કરવા માગતા હોય તો ક્યારે પૂર્ણ કરવા માગે છે?

અધ્યક્ષશ્રી : માનનીય અશ્વિનભાઇ કોટવાલ. માનનીય વિરજીભાઇ ઠુંમર.

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન ચાલી રહ્યું છે અને ખેડૂતો બહુ જ પરેશાન થઇ રહ્યા છે. ખેડૂતો ખેતી છોડી રહ્યા છે એવું મેં અગાઉ જાહેર કર્યું છે. આ વખતે કુદરતની દયાથી ખેડૂતોને મગફળીમાં વિપુલ પ્રમાણમાં ઉત્પાદન આવ્યું છે. ખેડૂતોએ કરેલી એમની મહેનત, રાજય સરકાર અને કેન્દ્ર સરકારના સંયુકતથી ખરીદી કરવાના નિર્ણયો કરવામાં આવ્યા પણ માત્ર આઠ લાખ મેટ્રિક ટન ખરીદી થઇ. ૩૨ લાખ મેટ્રિક ટનનું આ વખતે ઉત્પાદન છે. ખરીદી કર્યા પછી ખેડૂત આજે બિચારો બન્યો છે. એ ખેડૂતને ચાર -ચાર મહિનાથી એનું પેમેન્ટ નથી અપાયું અને સરકારને દયા પણ નથી આવતી ત્યારે મને દુઃખ થઇ રહ્યું છે કે એ ખેડૂતનો દીકરો ૩૧મી તારીખે એની મંડળીના પૈસા ભરશે કેવી રીતે? જો એ મંડળીના પૈસા નહીં ભરી શકે તો સરકાર તરફથી એને ચાર ટકા કે ત્રણ ટકાની જે રાહત

મળે છે એ રાહત એને મળવાની નથી તો સરકારની નિષ્ક્રયતાને કારણે ખેડૂત દંડાઇ રહ્યો છે એટલે આ ખેડૂતોને મગફરીની ખરીદીનું પેમેન્ટ જયાં સુધી ન થાય ત્યાં સુધી એને મંડળીમાં નિભાવણી આપવામાં આવે અથવા એના વ્યાજની ચૂકવણી મગફળી ખરીદનાર સરકાર ચૂકવે એવી હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાક વીમામાં પણ ખેડૂત દંડાઇ રહ્યો છે. મારી અગાઉના ધારાસભ્યશ્રી કુંવરજીભાઇએ વીમાના પ્રિમિયમની વાત કરી કે, વીમાનું પ્રિમિયમ ૫૫-૫૫ ટકા લેવામાં આવ્યું છે. એચ.ડી.એફ.સી. એગ્રો કંપની, ફોરેન કંપની સાથે જોડાયેલી કંપની એક લાખે ૫૫ હજાર રૂપિયા પ્રિમિયલ લઇ જાય છે. માત્ર ૫૦૦૦ રૂપિયા ખેડૂતોને ભરવા પડે છે એવી જાહેરાતો થાય છે, પણ ૫૦ ટકા, આ જે પ્રિમિયમ છે એ રાજય સરકાર અને કેન્દ્ર સરકારની ભાગીદારી છે. આ પ્રિમિયમ ફરજિયાતને બદલે મરજિયાત કરવામાં આવે તેવી માગણી કરું છું અને ૫૦ ટકા જે પ્રિમિયમ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર ભરે છે એ સીધું જ ખેડૂતોના ખાતામાં જમા થાય એવી હું આ સરકારને વિનંતી કરું છું.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર (ઉત્તર) ): માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાના પાણીના વિતરણની ઉપેક્ષાના કારણે પીવાના પાણીની અને ખેડૂતોને સિંચાઇની સુવિધા સારી રીતે પૂરી પાડવામાં સરકાર નિષ્ફળ ગઇ છે એમાં માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રીએ પ્રોમીસ કર્યું છે, ખાતરી આપી છે કે આગામી દિવસોમાં પીવાના પાણીનો પ્રશ્ન નહીં થવા દઉં, પણ આમ તો જેના નામમાં જ પાણી આવી જાય છે એવા રૂપાણીના રાજયમાં પાણીનો પ્રશ્ન ન જ રહેવો જોઇએ અને મને વિશ્વાસ છે કે, અમારા નાયબ મુખ્ય મંત્રીશ્રીએ પ્રોમીસ કર્યું છે કે પીવાના પાણીનો પ્રશ્ન ઉભો નહીં થાય, પરંતુ સરકારે જે જળ સિંચાઇ અને જળ વ્યવસ્થાપન માટે કમિટી બનાવી છે, આ કમિટીની મિટીંગો મળે છે ખરી, અને મિટીંગો મળ્યા પછી જળ વ્યવસ્થાપન વિતરણ માટે કોઇ આયોજન થાય છે કે કેમ? મને ખાતરી છે ત્યાં સુધી એની એક પણ મિટીંગ મળી નથી તો આ જળ વ્યવસ્થાપન કમિટી અને પાણી કમિટીઓની, આ સરકાર કમિટીઓ બનાવે છે પણ તે કમિટીઓ સાથે સરકાર કેમ નથી બેસતી? સરકાર બેસે, તેની સાથે ચર્ચા વિચારણા કરે અને કંઇક વ્યવસ્થિત આયોજન કરે એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં ૨૦ ઉદ્યોગો આવી રહ્યા છે. આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું સાહેબ કે જે કોઇ આપણા આંગણે આવે તેને મીઠો આવકારો આપશો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બોકસાઇટ, જી.એમ.ડી.સી. એમાં અમારા સ્થાનિક મજૂર નથી, જખૌમાં નથી, જખૌમાં અરચન્ટ કંપનીમાં એક પણ અમારો માણસ નથી સાહેબ, સાંઘી કંપનીમાં અમારા વિસ્તારનો એક પણ માણસ નથી. સાહેબ એ.બી.સી. કંપની છે એમાં સાહેબ મારા વિસ્તારના એક પણ માણસો નથી. સાહેબ જે.પી. કંપની સીમેન્ટની બહુ મોટી કંપની છે એમાં પણ અમારો એક પણ માણસ નથી સાહેબ. જીએમડીસી બહુજ મોટી કંપની છે એમાં પણ એક પણ માણસ સ્થાનિક રાખવામાં નથી આવતા સાહેબ. આ અમારો બોર્ડર વિસ્તાર છે, સીતલમ કંપની છે એમાં પણ અમારા માણસ નથી રાખતા. પવન ચકકી આવી રહી છે તેમાં એક પણ માણસો અમારા નથી રાખવામાં આવતા સાહેબ. હાજીપીરમાં અરચન્ટ બીજી કંપની બહુ મોટી છે એમાં પણ સ્થાનિક લોકોને નથી રાખવામાં આવતા. અત્યારે સંદેશ વાળાની મોટી ફેક્ટરી આવી રહી છે સાહેબ એનામાં પણ શરૂઆતથી સ્થાનિક લોકોને રાખવામાં નથી આવતા સાહેબ. તેવી જ રીતે સોલાર પ્લાન્ટ બહુ મોટા છે એમાં પણ અમારા સ્થાનિક માણસો રાખવામાં નથી આવતા સાહેબ. રણોત્સવ વખતે જે મોટા મોટા ટેન્ટ બનાવવામાં આવે છે તેમાં ૨૦ હજાર લે છે પણ માણસો બધા બહારના હોય છે. તો સ્થાનિક લોકોને થોડીક અગ્રતા આપવામાં આવે સાહેબ અમારો બોર્ડર વિસ્તાર છે, ખેતી ઓછી થાય છે, વરસાદ ઓછો થાય છે, માલધારીઓ છે સાહેબ ત્યારે અમારા પ્રત્યે થોડું ધ્યાન આપશો એવી મારી નમ્ર અપીલ છે સાહેબ.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી જહાં જહાં મુજે ઇન્સાન દીખાઇ દેતા હૈ, ન જાને કયું વો પરેશાન દિખાઇ દેતા હૈ.

અધ્યક્ષશ્રીઃ આપની બે મિનીટ પૂરી થઇ જશે. ઝડપથી પૂરી થઇ જશે. (અંતરાય)

શ્રી ઇમરાન યુ. ખેડાવાલાઃ માનનીય અધ્યક્ષશ્રી, મેરી બાત રહ જાયેગી. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર જાણે ગુજરાતમાંથી શિક્ષણને ઘરમૂળમાંથી નષ્ટ કરવા બેઠી હોય તે રીતે ગુજરાતની ભાજપની સરકારે શિક્ષણને એક મોટો વેપલો બનાવી દીધો છે. રાજય સરકારે મોટા ઉપાડે ફી નિયમનનો કાયદો કર્યો એટલે પહેલી નજરે એમ લાગ્યું હતું કે સરકારે જાણે વિદ્યાર્થીઓના હિત માટે, વાલીઓના હિત માટે કાયદો કર્યો છે. આનાથી સ્કૂલો અને કોલેજોમાં સંચાલકો જે આડેધડ ફી વધારા કરી રહ્યા છે તે અટકશે તેના બદલે ફી વધારા માટેનું કૃત્ય સરકારે કર્યું હોય તેમ લાગે છે. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, આ સંસદીય શબ્દ છે. આમાં શું ખોટું છે. સરકારની આ વાત ખોટી સાબિત થઇ છે અને સંચાલકોએ સ્કૂલ અને કોલેજોની ફીમાં એટલો બધો વધારો કરી દીધો છે કે લોકોને માટે છોકરાઓ ભણાવવાનું એકદમ મુશ્કેલ બની ગયું છે. વધારામાં વાલીઓમાં ભારે રોષ ભભૂકી ઉઠયો છે. સરકારને એમણે રજૂઆત કરી પણ સરકારે તેમાં ધ્યાન આપ્યું નથી. હાઇકોર્ટ અને છેવટે સુપ્રીમ કોર્ટની સુધી વાત પહોંચી ત્યારે સરકાર જાણે સ્કૂલ કોલજોના સંચાલકોના પક્ષમાં રહીને તેમાં ફાયદો કરવા માટે કામ કરતી હોય તેવું પ્રજાને સ્પષ્ટ લાગી રહ્યું છે. સસ્તું શિક્ષણ એ લોકોને સરકારે ઉપલબ્ધ કરાવવું જોઇએ અને સરકારે સમાજને ફાયદો થાય તેવા કામો કરાવવા જોઇએ. પરંતુ સરકારની આ નીતિના કારણે લોકોને મોઘું શિક્ષણ મળી રહ્યું છે અને સરકાર સંચાલકોના હિતમાં કામ કરતી હોય તેવું લાગી રહ્યું છે.

તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૮.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલોમાં અને ગુજરાતની તમામ સરકારી હોસ્પિટલોમાં આઇ.સી.સી. બેડ ઘણા ઓછા પડે છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આપણે જોઇએ છીએ કે, આજુબાજુના રાજયો જેવાં કે રાજસ્થાન, મધ્યપ્રદેશના દર્દીઓ આવે છે. આમાં ટીકા કરવાનો સબ્જેક્ટ નથી. આપણું મેડિકલ ટૂરિઝમ એટલું જબરજસ્ત ગુજરાતમાં વિકસ્યું છે તેના કારણે વિશ્વાસથી સમગ્ર વિશ્વમાંથી દર્દીઓ આવે છે અને ત્યારે હું એવી ઇચ્છા રાખું કે આપણા ગુજરાતના દર્દીઓ છે, જે ગરીબ દર્દીઓ છે તેને પૂરતી સંખ્યામાં આઇ.સી.યુ. બેડની સુવિધા મળી રહે કારણ કે દર્દી બહારથી આવે ત્યારે ગંભીર પ્રકારની મુશ્કેલી વાળા દર્દીઓ આવે ત્યારે સૌથી પહેલાં તેનો જીવ બચાવવા આઇ.સી.સી યુ. રૂમ જોઇએ. વેન્ટીલેટર જોઇએ તો આ વેન્ટીલેટરોમાં ૩૨ થી ૩૫ નું વેઇટીંગ ચાલે છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનું મુળ વતન છે એનો પેશન્ટ દસ દિવસ પહેલા આવ્યો હતો એણે મને ફોન કર્યો એટલે મેં સિવિલમાં ફોન કર્યો તો કહે કે ૩૨નું વેઇટીંગ છે તેમ છતાં કહ્યું કે કંઇક ગોઠવીએ પરંતુ કમનસીબે સવાર પડતાં તો એનું મૃત્યુ થઇ ગયું. વી.એસ. હોસ્પિટલમાં પણ આ જ તકલીફ છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપણે મા વાત્સલ્ય યોજનામાં ઘુંટણ અને થાપાના રોગોનો પણ સમાવેશ કરવો જોઇએ. મારી વિનંતી છે કે જે મોટી સર્જરી તો મા-વાત્સલ્ય યોજનામાં કરીએ છીએ. પરંતુ એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી હોય એવા જે રોગો છે એ લોકોને પણ ત્યાં સારવાર મળી રહે અને દવા ફ્રી મળી રહે કારણ કે મોટી સર્જરીમાં સહાય કરીએ છીએ પરંતુ નાના પ્રોબ્લેમ થાય છે. ઘણીવાર એમ.આર.આઇ. અને સિટી સ્કેનમાં પણ પૈસા માગવામાં આવે છે. તો એ પણ વિના મૂલ્યે મળી રહે એટલા માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. આ એક માનવતાનું કામ છે અને મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આરોગ્ય બાબતે સરકાર ગંભીર છે તો તમામ સરકારી હોસ્પિટલોમાં દરેક જગ્યાએ વેન્ટીલેટરની પૂરતી જોગવાઇ કરશે તેવી વિનંતી કરું છું.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં નોન પ્લાન રસ્તા મંજૂર થયા છે અને એની સમય મર્યાદા બે વર્ષની રાખવામાં આવી છે પરંતુ હજુ સુધી કામ થયેલ નથી. આ કામ માટે અવારનવાર અધિકારીઓને વાત કરીએ, સચિવશ્રીને વાત કરીએ, માનનીય નીતિનભાઇને પણ વાત કરેલી છે. માનનીય મંત્રીશ્રી કહે કે હું એના ઓર્ડર કરી દઉં એ લઇને જઇએ, છાતીએ બાંધીને આંટા મારીએ છતાં કામ નથી થતાં તો આ નોન પ્લાન રસ્તાના કામ તાત્કાલિક થાય તેવી મંત્રીશ્રીને વિનંતી કરું છું. હું ત્રણ વર્ષથી કામનાથ થી કડોદરાનો સ્ટેટ હાઇવે રસ્તો છે એની રજૂઆત કરતો આવ્યો છું. એ રસ્તાની જમીન એકવાયર કરવામાં સરકારના કલાર્કે ઉચાપત કરેલી છે અને એ ઉચાપતના હિસાબે આ કામ ટલ્લે ચડેલ છે. તો આ ઉચાપત કરેલી હોય તો એ સરકારના અધિકારીએ ઉચાપત કરી છે એના હિસાબે પ્રજાને તકલીફ પડે છે એ ન પડે એના માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે આ સ્ટેટ હાઉવેના રસ્તાનું કામ તાત્કાલિક ચાલુ કરે. આ કડોદર અને કામનાથ વચ્ચે પુલ આવેલ છે અને વચ્ચે નોળી નદી છે એના ઉપર પુલ કરવામાં આવે. અત્યારે પુલ છે એ ખૂબ નીચો છે એ ઉંચો કરવામાં આવે તો કામનાથનું પૌરાણિક મંદીર છે ત્યાં હજારો માણસો દર્શન કરવા આવતા હોય છે એને ચોમાસામાં પાણી આવે છે ત્યારે રસ્તો બંધ થઇ જાય છે અને તકલીફ પડે છે એ ન પડે, બાળકોને પરીક્ષા આપવા જવા કે બીમાર માણસોને તકલીફ ન પડે એના માટે પણ માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ વ્યવસ્થા કરે એવી હું મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત યુનિવર્સિટીમાંથી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી જયારે અલગ કરવામાં આવી ત્યારે એની અંદર મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠા આમ ત્રણ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો એમાંથી અત્યારે પાંચ જિલ્લા બનેલા છે. આ પાંચ જિલ્લામાં આ યુનિવર્સિટી એકટની અંદર સુધારો કરવા માટે લગભગ ૨૦૧૧ થી અત્યાર સુધીમાં યુનિવર્સિટીએ વારંવાર શિક્ષણ વિભાગને રીમાઇન્ડર કરેલા છે. યુનિવર્સિટી એકટની કલમ સેકશન ૨(૧૭) પ્રમાણે કારોબારીએ તા.૫-૧૧-૨૦૧૧ના દિવસે ઠરાવ નંબર ૪૦ થી ૧૭-૧૧-૨૦૧૧ના રોજ શિક્ષણ વિભાગને આ એકટની અંદર સુધારો કરવા માટે ઠરાવ મોકલેલ છે ત્યારબાદ અરવલ્લી જિલ્લો નવો બન્યો તો એને પણ આ યુનિવર્સિટી એકટની અંદર સમાવવા માટે ૨૮-૧૦-૨૦૧૩ના રોજ ઠરાવ નંબર ૬૩ થી તા. ૧-૨-૨૦૧૪ના રોજ અરવલ્લી જિલ્લાનો સમાવેશ કરવા માટે રાજય સરકારને જાણ કરેલી છે પરંતુ હજુ સુધી આ એકટની અંદર સુધારો કરવામાં આવ્યો નથી. ૨૦૦૫ થી ૨૦૧૬ સુધીમાં ૨૭ સુધારા સ્ટેચ્યુટની અંદર કરવામાં આવ્યા છે એની પણ જાણ શિક્ષણ વિભાગને કરવામાં આવેલ છે. પરંતુ મોટા ભાગના સ્ટેચ્યુટ પણ સુધર્યા નથી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી ખાસ વિનંતી છે. જયારે કેશુબાપા મુખ્યમંત્રી હતા ત્યારનો હું આ વિધાનસભા ગૃહમાં આવું છું. આ મારી પાંચમી ટર્મ છે. ત્યારથી રજૂઆત કરું છું કે અમારા મતવિસ્તારમાં ખારલેન્ડ ખૂબ વધી ગયો છે. કેશુબાપાની કલ્પસર યોજના એક કલ્પના છે. ૨૦૦૨માં પણ મને જવાબ આપવામાં આવ્યો છે ૨૦૦૪માં, ૨૦૦૭માં જવાબ આપવામાં આવ્યો છે કે ફિજીબલ રિપોર્ટ, અમારા બદલપુરથી તિથોરનો અર્બન ફિજીબલ રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. પણ બોરસદ તાલુકો, આંકલાવ તાલુકો, જંબુસર તાલુકો, પાદરા તાલુકો. આ તમામ ખેડૂતોની જમીન બિલકુલ ખારવાળી થઇ ગઇ છે અને અમારા નાના ખેડૂતો છે. એક વીઘો, બે વીઘા, ત્રણ વીઘા. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી ખાસ વિનંતી છે કે કલ્પસર થતાં થશે. આ મીની કલ્પસર છે. જેમ આપણે ઉમેટા આડબંધ બનાવ્યો એ ઉમેટાના પાછળના ભાગમાં લોકોની આજે સરસ મજાની ખેતી પણ થાય છે, ફીશીંગ પણ થાય છે. એવો જો અહીંયા આડબંધ બનાવવામાં આવે તો આ ચારે તાલુકાના લગભગ ૨૦ લાખ ખેડૂતોને ફાયદો થાય તેમ છે. તો માનનીય નીતિનભાઇએ આજે મારી વાત ખૂબ દિલથી સાંભળી છે. મને ચોક્કસ વિશ્વાસ છે કે આજે ચોક્કસ જાહેરાત કરશે

ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપનો પણ ખાસ આભાર માનું કે મને વધારાની બે મિનિટ આપી અને મારી રજૂઆત કરવાની મને તક મળી. આપનો પણ આભાર.

અધ્યક્ષશ્રી : મને જોઇને તમે કહો છો એટલે મને પણ એમ થાય છે કે માનનીય નીતિનભાઇને હું પણ તમારી ભલામણ કરું. માનનીય કનુભાઇ બારૈયા. આપે આપના દંડકને નોંધાવ્યું નહોતું પણ સમય છે એટલે આપને તક આપું છું.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : થેંક્યુ. આભાર, અધ્યક્ષશ્રી. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી સરકારશ્રીને રજૂઆત કરું છું કે અમારા તળાજા તાલુકામાં જી.આઇ.ડી.સી. માટે વર્ષોથી અવાર–નવાર રજૂઆતો કરવામાં આવે છે. અલંગ શીપ બ્રેકીંગયાર્ડ વિશ્વનું મોટામાં મોટું શીપબ્રેકીંગ યાર્ડ હોય, ત્યારે જી.આઇ.ડી.સી.નું તાત્કાલિક ધોરણે નિર્માણ થાય એ ખૂબ જ જરૂરી છે અને આપના માધ્યમથી સરકારને વિનંતી કરું કે તળાજામાં જી.આઇ.ડી.સી.નું ખાસ તાત્કાલિક ધોરણે આયોજન થાય એ ખૂબ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હાલ ખેડૂતોનો ઉભો પાક સૂકાઇ જાય એવી પરિસ્થિતિ છે ત્યારે આપના માધ્યમથી શેત્રુંજી ડેમની અંદરથી એક પાણ તત્કાલિક ધોરણે છોડવામાં આવે એ ખૂબ જ જરૂરી છે. ડુંગળીના ૫૦ રુપિયા થેલીએ ગઇ સાલ આપણે જાહેર કર્યા હતા, અનેક બાનાઓ હેઠળ આજ સુધી એ ખેડૂતોને મળ્યા નથી. તો તાત્કાલિક ધોરણે મળે.

માનનીય અધ્યક્ષશ્રી, તળાજા વિસ્તારમાં શેત્રુંજી જેવી મોટી નદી હોઇ અને દરીયાનું ખારું પાણી આગળ આવીને વિશાળ માત્રામાં ખેડૂતોની જમીન ખારા પાણીથી બગડતી હોય ત્યારે ત્યાં લીંક ચેકડેમનું આયોજન થઇ રહ્યું છે પણ બહુ ધીમી ગતિએ થઇ રહ્યું છે તો એ ખૂબ ઝડપથી થાય એવી હું આપના માધ્યમથી વિનંતી કરું છું.

બીજું, તળાજા તાલુકામાં ૩ લાખ જેવી વસતિ હોવા છતાં એક પણ સાયન્સ કોલેજ નથી. તો તળાજા તાલુકાને સરકારશ્રી દ્વારા સાયન્સ કોલેજ મળે એ હું આપના માધ્યમથી વિનંતી કરું છું. તળાજા તાલુકાની ટીસડી ફાર્મની દોઢસો એકર જેટલી જમીન રીઝર્વેશનમાં સરકાર પાસે છે ત્યારે જુનાગઢની કૃષિ યુનિવર્સિટીની ત્યાં સ્થાપના કરવામાં આવે તો એ વહેલી તકે થઇ શકે એવું છે. તો હું આપના માધ્યમથી વિનંતી કરું છું. બંધારા યોજના. અમારે ત્યાં વર્ષોથી માગણી ચાલુ છે પરંતુ હજુ સુધી આમાં કામગીરી આગળ વધી નથી. તો આ કામગીરી આગળ વધે એવી આપના માધ્યમથી હું વિનંતી કરું છું.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનદાદાને હું કહેવા માગું છું કે,

અધ્યક્ષશ્રી : દાદા કીધા છે..

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : ગુજરાત રાજ્યમાં ૩૬ જી.આઇ.ડી.સી. આપેલી છે, તો આપશ્રીને મારી નમ્ર અરજ છે કે મારા મહુધા મતવિસ્તારમાં એક જી.આઇ.ડી.સી. આપે એવી આપ સાહેબશ્રીને મારી નમ્ર અરજ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ બધા જ વિભાગના બજેટની ચર્ચા પૂર્ણ કરી અને અમારી સરકારનું જે બજેટ છે એ રૂ.૧,૮૩,૬૬૬/– કરોડનું જે આપણે સૌએ ગુજરાતની જનતાના હિતાર્થે, લાભાર્થે, પ્રગતિ માટે, સમૃદ્ધિ માટે ઉપયોગ કરવાના છીએ એની ચર્ચા આપણે પૂર્ણ કરી છે. અહીંયાં એક વખત ચર્ચા થયેલી કે આ વિભાગને આ બધી સત્તા છે અને પ્રજાના લાભ માટે આ રકમ મંજૂર કરે છે. રૂ.૧,૮૩,૬૬૬/– કરોડની રકમ છે એ ૧૦૮ હેડમાં વહેંચાયેલ જુદા જુદા ડિપાર્ટમેન્ટને ફાળવાયેલી છે. પરંતુ આ બંધારણના અને વિધાનસભાના નિયમોમાં એક સુંદર જોગવાઇ છે કે સરકાર ગમે તેટલું આયોજન કરે, ગમે તેટલી આવક મળે પરંતુ આ આવક પોતાની રીતે વાપરી શકતી નથી. એણે આ સન્માનનીય ગૃહની મંજૂરી લેવાની હોય છે. આ મંજૂરી મેળવવા માટે આજે ગુજરાત વિનિયોગ વિધેયક–૨૦૧૮ લઇને આ સન્માનનીય ગૃહમાં હું આવ્યો છું. આ વિનિયોગ વિધેયક પાસ થાશે એટલે પહેલી એપ્રિલથી ગુજરાત સરકારના નાણા વિભાગને આ ગૃહ દ્વારા એવી સત્તા આપવામાં આવે છે. આખા વર્ષ દરમિયાન રૂ.૧,૮૩,૬૬૬/– કરોડની રકમ જે વિભાગને આપણે ફાળવીએ છીએ એ વિભાગો એનો ખર્ચ કરી શકશે, એ ખર્ચ કરવાની મંજૂરી આજે આપણે આપીએ છીએ. બજેટ ભલે મંજૂર થઇ ગયું હોય, વિભાગને બજેટ મંજૂર થઇ ગયા પછી પણ છેલ્લી કામગીરી પણ સૌથી વધુ અગત્યની કામગીરી આજે આ સન્માનનીય ગૃહમાં અહીંયાં મેં રજૂ કરી છે અને ટૂંક સમયમાં આપણે એને મંજૂરી આપીશું. ત્યારે વિપક્ષના સભ્યશ્રીઓએ કેટલાક મુદ્દા ઉપસ્થિત કર્યા છે. આખો મહિનો ચર્ચાઓ કરી, અનેક જાતના ખુલાસાઓ આપ્યા, પ્રશ્નોત્તરી કરી, વારંવાર પ્રશ્નોત્તરીમાં જવાબો આપ્યા. ( શ્રી નિરંજનભાઇ ઉભા થઇને કહે છે.) હજુ પણ કહે સાહેબ. તમે તક આપી છે. આજે આખા ગુજરાતના તમામ સભ્યોને સંતોષ આપવાનો છે.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય નાણામંત્રીશ્રીને એક રજૂઆત કરવી છે અને કહેવું છે કે બધાના મત વિસ્તાર બદલાયા છે, મત વિસ્તારો વધ્યા છે, લોકોની અપેક્ષાઓ વધી છે, ભાવ વધારો થવાના કારણે એસઓઆરની રકમ પણ વધી છે. મારા મત વિસ્તારમાં ૫૬ ગામ આવે છે. એના નાના નાના લત્તાઓમાં જ એક કરોડ રૂપિયા વપરાઇ જાય છે. એટલે મોટા વિસ્તારના કામ થતા નથી. એટલે માનનીય મંત્રીશ્રી મોટું દિલ રાખીને મત વિસ્તારના કામમાં બે થી ત્રણ કરોડ રૂપિયાનો વધારો કરે તો ગુજરાતનો ઝડપથી વિકાસ થાય તેવું મારું કહેવું છે. એટલે આ એક કરોડ રૂપિયા છે એના બદલે બેથી ત્રણ કરોડ રૂપિયા કરવામાં આવે તેવી વિનંતી છે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે ઘણુ કામ છે. એમને બોલવાની તક આપી છે એટલે એનો ખુલાસો ચોક્કસ કરીશ. શ્રી પુંજાભાઇએ જે કર્મચારીઓની ભરતી બાબતમાં વાત કરી છે. એ બાબતમાં પણ અગાઉ આપણે વારંવાર ચર્ચા કરી ચૂક્યા છીએ. લગભગ ૭૭૦૦૦ જેટલા જુદી જુદી કેડરના કર્મચારીઓની ભરતી અમારી સરકાર દ્વારા કરવામાં

આવી છે અને આ વર્ષે પણ બજેટમાં વધુ નવી જગ્યાઓ ભરવા માટે સરકારે મંજૂરી આપી છે એટલે તંત્રને વધુ કર્મચારીઓ પ્રજાની સેવા માટે પ્રાપ્ત થતા આવ્યા છે અને હજી વધુ કર્મચારીઓ આપણે આપીશું એટલે યુવક–યુવતિઓને રોજગારી પણ પ્રાપ્ત થાય અને સરકારને કર્મચારીઓ પ્રાપ્ત થાય એ પ્રમાણેની કામગીરી કરીએ છીએ. માનનીય કુંવરજીભાઇએ જે પાક વીમાનો પ્રશ્ન ઉભો કર્યો અને સાથે વીરજીભાઇએ પણ મગફળીના પેમેન્ટનો પ્રશ્ન ઉભો કર્યો, કપાસનો પણ પ્રશ્ન આપે ઉભો કર્યો. ગુજરાત રાજયની અંદર વીમાના જે દાવાઓ છે એમાં ૯૬૯ કરોડ ૮૦ લાખ તથા નવી સીઝનમાં ૩૨ કરોડ ૬૮ લાખ એમ અત્યાર સુધીમાં ૧૦૦૨ કરોડ ૪૮ લાખના દાવાની ચૂકવણી થઇ ચૂકી છે. કપાસ માટેની પ્રક્રિયા જે જિલ્લાઓમાં મંજૂર થવા પાત્ર છે એ અત્યારે ભારત સરકારમાં આખરી તબકકે છે અને મને વિશ્વાસ છે કે ટૂંક સમયમાં એ રકમ ખેડૂતોને પ્રાપ્ત થશે તેનો આપણે લાભ આપીશું. બ્રિજેશભાઇ મેરજાએ જે પ્રશ્ન મૂકયો કે મોરબી જિલ્લામાં સિંચાઇના પાણીની વ્યવસ્થા નથી અને ખેડૂતોને તકલીફ પડે છે પણ ખરેખર હકીકત એનાથી તદ્દન જૂદી છે. ગુજરાતના જે નવા બનેલા જિલ્લાઓ છે એમાં મોરબી પણ નવો જિલ્લો બન્યો છે. એના વિસ્તાર પૂરતી જો વાત કરીએ તો મોરબીમાં તો જુનામાં જૂનો મચ્છુ–૧ ડેમ, મચ્છુ–ર ડેમ છે, જે મોટી સિંચાઇ યોજનામાં આવે છે. બીજા પાંચ મધ્યમ ડેમ છે એ સિવાય નર્મદા કમાન્ડ વિસ્તાર મોરબી જિલ્લાની અંદર ૯૨,૬૫૩ હેકટર બિજેશભાઇ, નર્મદાનું પાણી મળે છે. ઉપરના બધા ડેમો તો જુદા. આમ મોરબી જિલ્લામાં જોઇએ તો નાનો અને નવો જિલ્લો છે છતાં ૧,૫૪,૮૦૫ હેકટર વિસ્તારમાં વિવિધ સિંચાઇ યોજનાનો લાભ ખેડૂતોને સતત મળે છે એટલે ખેતી માટે સિંચાઇનું પાણી એ અમારી સરકાર દ્વારા ખૂબ મોટા પ્રમાણમાં એ વિસ્તારના ખેડૂતોને આપવામાં આવ્યું છે. શિક્ષણના વ્યાપારીકરણ વિશે પણ માનનીય અમિતભાઇએ અને અન્ય માનનીય ધારાસભ્યશ્રીઓએ વાત કરી. આજેજ ટૂંકી મુદતનો જે માનનીય પુંજાભાઇનો પ્રશ્ન હતો એમાં અમારા શિક્ષણ મંત્રી, માનનીય સીનીયર મંત્રી માનનીય ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ ખૂબ વિગતવાર આખી વિગત આપી છે. નામદાર સુપ્રિમ કોર્ટે જે આદેશ આપ્યો એનું પણ આખું અર્થઘટન અંગ્રેજીમાં અને પછી ગુજરાતીમાં સંભળાવ્યું. સૌથી વધુ અગત્યનું તો એ છે કે તમે બોલતા નથી કે અત્યાર સુધી ગુજરાતમાં ખાનગી સ્કૂલો જે ફી વધારે પ્રમાણમાં લે છે એના વિશે ભૂતકાળની સરકારોએ જેમાં તમારી પણ આવી ગઇ, કોઇ દિવસ કોઇ વિદ્યાર્થીઓના કે વાલીઓના હિતની ચિંતા નહોતી કરી, અમારા મુખ્યમંત્રી અને અમારા શિક્ષણ મંત્રીએ આ કાયદો લાવવાની હિંમત કરી એમ કહું તો ખોટું ના કહેવાય કારણ કે સામે અનેક પ્રશ્નો હતા. કાયદાકીય પ્રશ્નો હતા, વગદાર લોકો હતા આ બધું પ્રજાના હિતમાં, ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓના હિતમાં અમારી સરકાર આ કાયદો લાવી અને અમે હાઇકોર્ટ સહિત તમામ પાસાઓના તબકકામાંથી પસાર થતા થતા હવે સુપ્રિમ કોર્ટમાં છેલ્લા તબકકે આ સુનાવણી ચાલી રહી છે ત્યારે આપણે ચોકકસ આ કાયદાનો અમલ ઝડપથી થાય અને વિદ્યાર્થીઓને અને વાલીઓને જે ઉંચી અને મોંઘી ફી ચૂકવવી પડે છે એમાં યોગ્ય જે સુપ્રિમ કોર્ટ ગાઇડ લાઇન આપે, આદેશ આપે એની મર્યાદામાં રહી અમે તેનો અમલ કરવાના છીએ. અમે આ કામ કર્યું એનાથી આવનારા સમયમાં આનો ખૂબ મોટો લાભ વિદ્યાર્થીઓને મળવાનો છે. ભાઇશ્રી વિમલભાઇએ જે પ્રશ્ન ઉભો કર્યો છે એમાં એક ખાનગી કંપની બાબતનો છે. શ્રમ અને રોજગાર વિભાગનો છે. અત્યારે રાજકોટની ઔદ્યોગિક ન્યાય પંચ કોર્ટમાં આ કેસ ચાલે છે એટલે એના વિશે વિશેષ વાત ન કરીએ પણ સરકાર કામદારોની તરફેણમાં, કામદારોના હક્કમાં જેટલું વાજબી અને શક્ય હશે એટલું કોર્ટ મારફતે, સરકારી વકીલ મારફતે અને અમારા ફેકટરીના લેબર ઇન્સ્પેકટર છે એના તંત્ર મારફતે મદદ કરીશું. અત્યારે કંપની બંધ છે, ઉત્પાદન બંધ છે છતાં ૩૧ કામદારોને કંપની તરફથી ઘર બેઠા પગાર ચૂકવવામાં આવે છે. અહીંયા માનનીય જીતુભાઇએ કપરાડાના જુદા જુદા પીવાના પાણીના, રસ્તાના અને અન્ય પ્રશ્નો રજૂ કર્યા છે. ખરેખર તો મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના જે અમારી સરકાર અને અમારા દ્વારા મંજૂર કરવામાં આવી છે એમાં ખૂબ મોટા પ્રમાણમાં કપરાડા તાલુકામાં મંજૂરીઓ આપી છે. ગયા વર્ષે જ લગભગ ૨૦ કરોડ રૂપિયાના ૨૭ રસ્તાના કામોને મંજૂરી આપી છે. આ બધી કામગીરી જુદા જુદા તબક્કે અત્યારે પ્રક્રિયા હેઠળ છે. (અંતરાય) તમારી લાગણી સાથે સરકાર સંમત છે. શ્રી કનુભાઇનો પ્રશ્ન હતો કે તળાજા તાલુકામાં જી.આઇ.ડી.સી. સ્થાપવામાં આવે, ત્યાં ઉદ્યોગોની કામગીરી મોટા પ્રમાણમાં કરીએ છીએ. હું જરા જુદી રીતે વાતને મૂકીશ કે એકબાજુ ઉદ્યોગોનો વિરોધ કરવો, એકબાજુ ઉદ્યોગપતિઓનો વિરોધ કરવો, એકબાજુ આ સરકાર બધું ઉદ્યોગપતિઓને આપી દે છે, સરકાર બધું લુંટાવી દે છે એવા આક્ષેપો આખો મહિનો કરવા અને છેવટે વાત પૂરી થાય ત્યારે અમને ઉદ્યોગો આપો, અમને જી.આઇ.ડી.સી. આપો. માનનીય વિરજીભાઇ, મને ખ્યાલ છે. અનેક માનનીય ધારાસભ્યશ્રીઓએ એમની ફરજના ભાગરૂપે આવે છે અને એમની જુદી રીતે વાત નથી કરતો. માગણી બધા કરે છે કે અમારે ત્યાં જી.આઇ.ડી.સી. કરો, ઉદ્યોગો સ્થાપો, રોજગારી ઉભી કરો. તમે સ્વીકારો છો કે ઉદ્યોગોથી રોજગારી પ્રાપ્ત થાય છે. ઉદ્યોગોની જરૂરિયાત છે એટલે તમે માગણી કરો છો. અમે સતત પ્રયત્ન કરીએ છીએ. આ વખતે ૨૫ જેટલી નવી જી.આઇ.ડી.સી. મંજૂર કરી છે. અમારા મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇએ હમણાં નિર્ણય કર્યો છે, ૧૫ અગાઉની અને આ વખતની લઇશું, અમે જી.આઇ.ડી.સી.માં ઉદ્યોગ સ્થાપવા માટે સસ્તા ભાવે નાના ઉદ્યોગવાળાને જમીન મળે એ પણ અમે કરી રહ્યા છીએ. એનો લાભ આપણે આખા રાજ્યના દરેક વિસ્તારને આપીશું. ભીખાભાઇ આપણા સૌના વડિલ છે. જુનાગઢ કોર્પોરેશનનો પ્રશ્ન મૂક્યો. આપણે બધા જાણીએ છીએ કે એ એક અલગ સંસ્થા છે. કોર્પોરેશન એ સ્વાયત્ત સંસ્થા છે. કાયદા અને બંધારણ પ્રમાણે નગરપાલિકા અને કોર્પોરેશન એ બધા જ પોત પોતાની રીતે સ્વાયત અને સ્વતંત્ર છે. કોઇ મહાનગરપાલિકા ખૂબ સારી રીતે ચાલતી હોય તો કોઇ મહાનગરપાલિકાની આવક મર્યાદિત હોય તો એ પ્રમાણે એના કામો કે કર્મચારીઓના પગારો એ લોકો ચૂકવતા હોય છે. ગુજરાત સરકાર તો દરેક નગરપાલિકા અને મહાનગરપાલિકાને

ઓકટ્રોય નાબૂદીની, સ્વચ્છતા અભિયાનની રકમ આપે છે. (અંતરાય) મેં તમારું નામ આપ્યું, સાંભળો. મારી ઓફિસમાં આવજો. કોર્પોરેશનોને વધુમાં વધુ મદદરૂપ થવામાં અમારી સરકારનો સંપૂર્ણ પ્રયત્ન છે. પ્રવિણભાઇ મારૂ ઉપસ્થિત ન હતા એટલે એમનો વિષય નહીં લઉં. સુખરામભાઇએ પણ વન અધિનિયમના અમલીકરણની વાત કરી છે. હું એટલું ચોક્કસ કહીશ કે અમારા મંત્રીશ્રી ગણપતભાઇ એ પોતે આદિવાસી સમાજમાંથી આવે છે અને પોતે આદિવાસીઓના હિત માટે સતત જાગૃત છે. હું આંકડા આપીને વાત કરીશ કે તા. ૨૮-૨-૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૧ લાખ ૮૨ હજાર ૮૯૬ વ્યક્તિગત અને ૭૧૮૭ સામૂહિક દાવા ખેડૂતોના આદિવાસી વિસ્તારની જમીન માટે આવ્યા હતા. એ પૈકી ૮૪,૨૧૧ દાવા વ્યક્તિગત અને ૪,૬૫૯ દાવા સામૂહિક એ મંજૂર કરવામાં આવ્યા છે એટલે આ પ્રક્રિયા ચાલુ છે. એક-બે સૂચનો પણ એમણે આદિજાતિ બજેટ અને રેવન્યુ વખતે પણ કર્યા હતા એ મને યાદ છે અને એ અંગે પણ સરકારના ધ્યાનમાં વિગતો આવી છે. પૂનમભાઇએ તારાપુરની ભૂગર્ભ ગટરની વાત કરી એ વાત સાચી છે. સરકાર કામ આપે અને કોઇ જગ્યાએ કોન્ટ્રાકટર જો નબળો આવી જાય, કામ છોડીને જતો રહે, એ નુકસાન કરે, એની કંપની તૂટી જાય, એની ભાગીદારી તૂટી જાય તો કામ લંબાઇ જાય છે અને એના કારણે જ આ તારાપુરમાં કામ લંબાયું છે પણ અમે હમણાં જ નવી એજન્સીને વર્ક ઓર્ડર આપ્યો છે અને એના દ્વારા અત્યારે મોટા પ્રમાણમાં કામગીરી હાથ ઉપર લેવામાં આવી છે. અશ્વિનભાઇ ઉપસ્થિત ન હતા. મગફળીનો વિરજીભાઇનો જે પ્રશ્ન છે. માનનીય અધ્યક્ષશ્રી, આજ સુધીના ગુજરાત રાજ્યના ઇતિહાસમાં પહેલી વખત મગફળીના ટેકાના ભાવની ખરીદી અમારી ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા કેન્દ્ર સરકારના નરેન્દ્રભાઇ મોદી આપણા પનોતા પૂત્રના આશીર્વાદથી ગુજરાત સરકારે ભૂતકાળમાં કદી ના થઇ હોય એટલી અમારા ફળદુ સાહેબ અને અગાઉ બાબુભાઇ બોખીરીયા અને ચિમનભાઇ સાપરિયા જ્યારે મંત્રી હતા એ વખતે ખરીદી કરવામાં આવી છે. ૪૪૫૦ રૂપિયા ભારત સરકારના ટેકાના ભાવ છે. અમારા મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોની લાગણીને ધ્યાનમાં રાખીને ૫૦ રૂપિયા ક્વિન્ટલે બોનસ પણ આપ્યું હતું અને આ સન્માનનીય ગૃહને જણાવતા મને આનંદ થાય છે કે અત્યાર સુધીમાં ૮ લાખ ૩૧ હજાર મે.ટન મગફળી ગુજરાત સરકારે ગુજરાતના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી છે. ૪,૨૩,૦૦૦ ખેડૂતોની મગફળી અમે ખરીદી અને એનું મૂલ્ય છે ૩,૭૪૦ કરોડ રૂપિયા. આ ખેડૂતોની મગફળી ટેકાના ભાવે બજાર ભાવ ઓછા હતા. ગુજરાત સરકારે અને ભારત સરકારે ખેડૂતોને મદદ કરી છે. આટલી મોટી કામગીરી ચાલતી હોય ત્યારે નાના મોટા પ્રશ્નો ઉપસ્થિત થતા રહે છે એનું સમયાંતરે અમે નિરાકરણ કરતા રહીએ છીએ. (અંતરાય) આટલી મોટી કલ્પના જ નહોતી પૈસા ટૂંક સમયમાં આવી જશે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.. સી. જે. ચાવડા બહુ અનુભવી અને સરકારી વહીવટના જાણકાર છે. એમણે નર્મદાનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. પીવાના પાણી અંગે આખા રાજ્યની જનતાની લાગણી વ્યકત કરી છે અને એમણે જ મારા વતી કીધું છે કે સરકારે, નીતિનભાઇએ, મુખ્યમંત્રી વિજયભાઇએ અને અમારા પાણી પુરવઠા મંત્રીશ્રી પરબતભાઇ અમે બધોએ ગુજરાતની જનતાને વારંવાર ખાતરી આપીએ છીએ કે, આખા ઉનાળા દરમ્યાન છેક જુલાઇ માસ સુધીનું પીવાનું સંપૂર્ણ પાણી ગુજરાતમાં ઉપલબ્ધ છે. કોઇ જગ્યાએ કોઇ પીવાના પાણીની જનતાને તકલીફ ના પડે એ માટે સરદાર સરોવર ડેમમાં ઘણાં વર્ષો પછી બાયપાસ ટનલમાંથી પાણી લેવાની આપણે શરૂઆત કરી દીધી છે. એ પાણી ગુજરાતની જનતાને અત્યારે પીવા માટે અને અન્ય ઉપયોગ માટે આપી રહ્યાં છીએ અને મધ્યપ્રદેશમાં પણ આપણે સતત દબાણ કરીએ છીએ, માગણી કરીએ છીએ કે વધુ ને વધુ પાણી મધ્યપ્રદેશ નર્મદામાં ઉપરથી છોડે જેથી સરદાર સરોવર ડેમમાં વધુ પાણી આવે એ પ્રમાણે તબક્કાવાર મધ્યપ્રદેશ સરકાર પણ પાણી છોડી રહી છે એનો આપણને ફાયદો છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદ્યુમનસિંહ જાડેજા બાપુ ક્યાં ગયા? (અંતરાય) હા, એમણે ગંભીર પ્રશ્ન ઊભો કર્યો. જે અહીંયા મારે સ્પષ્ટતા કરવાની બધા સભ્યો અને જનતા માટે જરૂરિયાત છે. ગુજરાત સરકારે એક નિર્ણય કરેલો છે જેનો અમલ પણ કરીએ છીએ. કોઇ પણ ઉદ્યોગમાં ૮૫% સ્થાનિક લોકોને રોજગારી આપવી. હવે આ સ્થાનિક શબ્દને કોઇ પોત પોતાની રીતે મૂલવે છે. ભરતભાઇએ પણ બે દિવસ પહેલા બહુચરાજી, માંડલમાં જે મોટા ઉદ્યોગો આવ્યા. ઓટોમોબાઇલ હબ થયું ત્યાં એમને લોકોને રોજગારી મળે, સાહેબ, આ સ્થાનિકની વ્યાખ્યા જે ગુજરાત સરકારે કરી છે એ આપણે બધાએ પહેલા સમજી લેવી જોઇએ. સ્થાનિક એટલે જયાં કારખાનુ નાખ્યું હોય એ ગામ, એ તાલુકો, એ જિલ્લો, એ પ્રમાણેની વ્યાખ્યા નથી. ગુજરાત સરકારની સ્થાનિકની વ્યાખ્યા જે તમે પણ અગાઉ સ્વીકારેલી છે કોંગ્રેસના શાસનમાં એ વ્યાખ્યા આપણી એવી છે કે ઓછામાં ઓછા ૧૫ વર્ષથી જે વ્યક્તિ ગુજરાતમાં રહેતી હોય એને સ્થાનિક ગણવામાં આવશે એટલે કોઇ સુરતથી આવીને કચ્છમાં નોકરી લઇ શકે, કચ્છમાંથી કોઇ જઇને વડોદરમાં નોકરી લઇ શકે. આખા ગુજરાતના તમામ રોજગાર ઇચ્છતા લોકો માટે સ્થાનિક એ સ્થાનિક જ ગણાય. શરત એટલી કે પંદર વર્ષથી ગુજરાતમાં રહેતા હોવા જોઇએ એટલે ઉદ્યોગને પણ કારીગરો જોઇએ છે. ઘણા ઉદ્યોગમાં આપણે બોર્ડ જોઇએ છીએ, જાહેરાત જોઇએ છીએ કે ટર્નર જોઇએ છે, ફીટર જોઇએ છે, ઇલેકટ્રીશીયન જોઇએ છે. એમને પણ જરૂરિયાત છે. આપણી પાસે એ પ્રમાણેનો સ્થાનિક કક્ષાએ માણસ ન હોય, એ વાત ચોકકસ સાચી કે અમે સરકારમાંથી આગ્રહ કરીએ છીએ ઉદ્યોગ વિભાગ દ્વારા, શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા કે તમે જયાં ઉદ્યોગ સ્થાપો છો એ તાલુકો, એ ગામ, એ વિસ્તારના નાગરિકોને વધારે પ્રમાણમાં નોકરી આપો પણ એ નોકરી કોને આપે? લાયકાત ધરાવતા લોકો હોય એને આપે. અને સ્થાનિકની જે વ્યાખ્યા છે પંદર વર્ષથી ગુજરાતમાં રહેતો હોય એ ગમે ત્યાં નોકરી મેળવે એ સ્થાનિકની ૮૫ ટકા ગણતરીમાં આવી જાય છે એટલે હવે કોઇ આવું સરઘસ, બરઘસ કાઢતા હોય તો આ જરા સમજી લેજો. (અંતરાય) જોઇ લઇશું. ચંદ્રિકાબેન નથી. ભાઇશ્રી ગ્યાસુદ્દીનભાઇએ પ્રશ્ન ઉભો કર્યો સાહેબ, અમારી સરકાર જ છે કે સિવિલ હોસ્પિટલ, આરોગ્ય વિભાગ આખા રાજ્યમાં સેવાઓ, મકાનો,

હોસ્પિટલો, સ્ટાફ, ઇકવીપમેન્ટ અમે દર વર્ષે મોટા પ્રમાણમાં વધારતા જઇએ છીએ. એમણે જે આઇ.સી.યુ. બેડ અને વેન્ટીલેટરની વાત કરી છે. ૧૫૫ વેન્ટીલેટર અત્યારે સિવિલમાં છે એમાં ટ્રોમામાં ૮૮ છે, આઇ.સી.યુ.માં ૩૯ છે, ન્યુરોસર્જરીમાં ૧૦ છે, પીડીયાટ્રીક નાના બાળકો માટે ૧૦ છે, ૬૭ જનરલ છે. આમ સતત આ બધું આપણે વધારતા રહીએ છીએ. કિરીટભાઇએ જે પ્રશ્ન મૂકયો છે, સાહેબ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી બની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી એ વખતે ત્રણ જિલ્લા હતા. ઉત્તર ગુજરાત એટલે મહેસાણા, બનાસકાંઠા અને પાટણ એ પછી સરકારે જે નિર્ણય કર્યા એને કારણે નવા બે જિલ્લા પાટણ અને અરવલ્લી બન્યા. એમનો પ્રશ્ન જે હું સમજયો છું એ પ્રમાણે કે બંધારણમાં યુનિવર્સિટીમાં સુધારો કરી બે નવા જિલ્લા તરીકે એમાં ઉમેરો કરવાનો છે. એ પ્રક્રિયા કયાં ચાલે છે મને બહુ ખ્યાલ નથી પણ સમજી લઇશું અને જેટલું વાજબી અને શકય હશે, જરૂરી હશે એ સુધારો શિક્ષણ વિભાગ, માનનીય ભૂપેન્દ્રસિંહજી અહીંયા ઉપસ્થિત છે જ એમના દ્વારા કરીશું. રાજેન્દ્રભાઇએ એક મીઠા પાણી માટે આડબંધની બહુ લાગણીથી વાત કરી છે અને એમની વાત હું વર્ષોથી સાંભળું છું. એમની લાગણી છે, આગ્રહ છે કે મહી નદીમાં દરિયાનું ખારું પાણી ન આવે અને ખેતીની જમીનની ફળદ્રુપતા ટકી રહે, પાણી મીઠું ટકી રહે, ખારાશ ન થાય. હું સિંચાઇ મંત્રી હતો ત્યારે પણ એમણે અનેક વખત રજૂઆત કરી હતી આપણે અભ્યાસ કરાવ્યો છે એમાં ડૂબાણ અને કાંઠા મળતા નથી. ટેકનિકલ પ્રશ્ન આ છે. જેટલું મીઠા પાણીનું સરોવર કરીએ એટલી પાછળ જગ્યા એ ડૂબાણમાં આવે અને ઉંચા કાંઠા મળવા જોઇએ કાં તો ખેડૂતોની મોટા પ્રમાણમાં જમીન ડૂબાણમાં જાય એ આપણે સંપાદન કરવી પડે એટલે આ બે ત્રણ બાબતના જે ગંભીર પ્રશ્નો છે મારી પણ ઇચ્છા હતી કે મીઠા પાણીનું સરોવર ત્યાં બને. ડૂબાણમાં આવે છે. રાજેન્દ્રભાઇ, તમે સિંચાઇ વિભાગમાં જજો હું તમને બધી ડીટેઇલ અપાવીશ. નહીં તો અમે કરીએ, આટલું બધું કરીએ છીએ, મહુવામાં આડબંધ કર્યા, નવસારી જિલ્લામાં કર્યા, વલસાડ જિલ્લામાં કર્યા, દરિયાનું ખારું પાણી નદીઓમાં ન આવે, આવડો મોટો આપણે ભાડભૂત બંધ બૅરેજ કરી રહ્યા છીએ ભરુચ પાસે તો બધું જ કરીએ છીએ તો તમારું શા માટે ન કરીએ? મીઠું પાણી બચાવવાની જરૂર છે. પણ ટેકનિકલ રીતે ફીટ બેસતું નથી એવો મારો ખ્યાલ છે. છતા ફરી એનો ચોક્કસ અભ્યાસ કરીશું. કનુભાઇએ પણ એમના વિસ્તારનો પ્રશ્ન રજૂ કર્યો છે. ઇન્દ્રજિતભાઇએ તો બહુ ટૂંકમાં વાત કરી છે. બધાનું જેટલું વ્યાજબી હશે, જરૂરી હશે, શકય હશે એ આજે નહિ તો આવનારા સમયમાં અમારી ગુજરાતની જે લોકો માટેની સરકાર છે, સૌનો સાથ સૌનો વિકાસવાળી અમારી સરકાર છે. એ સરકાર દ્વારા દરેકનાં કામ તબક્કાવાર બજેટની જોગવાઇ પ્રમાણે ટેકનિકલ જેટલું વ્યાજબી હોય એ પ્રમાણે આપણે કરીશું. એ માટે અમે બધા સતત કાર્યરત છીએ. અમારા સર્વ માનનીય મંત્રીશ્રીઓ પણ એના માટે કાર્યરત છે. આખું વહીવટી તંત્ર કાર્યરત છે. જોષીયારા સાહેબે રસ્તાઓની વાત કરી. તમારી વાતનું ચોક્કસ ધ્યાન આપવું પડે. આપે વાત કરી છે. એક જ વાત કરી લઉં. જોષીયારાજીની વાત બહુ હકીકતથી જોજોનો દૂર છે. એમણે જે આંકડા આપ્યા કે આદિવાસીના ગામડાંના રસ્તા થતા નથી. એ પ્રમાણે એમણે વાત કરી છે કે એ હું એક જ મિનિટમાં આપી દઉં. જવાબ તમે લખી રાખો. ભવિષ્યમાં રિપીટ ન કરો. ગુજરાતમાં આદિજાતિ વિસ્તારના કુલ ૫,૬૨૭ મહેસૂલી ગામો છે. આ પૈકી ભાજપ સરકાર દ્વારા ૫,૬૨૭ માંથી ૫,૬૦૮ ગામો પાકા ડામર રસ્તાથી જોડી દેવામાં આવ્યા છે જ. એમાં કોઇ વિવાદ નથી. કુલ ૧૯ ગામો બાકી છે. એમાં પણ ૧૨ ગામો ડૂબમાં જવાથી કોઇ પાણીના સિંચાઇ વિભાગના કોઇ ડૂબાણમાં આવ્યા હોય કે અન્ય રીતે હોય, એટલા માટે રસ્તા બિન વસવાટી બની ગયા છે, એટલે ત્યાં રસ્તા નથી બનાવ્યા. ૭ ગામો જોડવાના બાકી છે. એમાં વન વિભાગ, સેંકચ્યુરી, ફોરેસ્ટની પરવાનગી જોઇએ તે નહિ મળવાના કારણે રસ્તા નથી બનાવ્યા. આખા ગુજરાતમાં જે મહેસૂલી ગામો આદિવાસી ભાઇઓના છે, એમાંથી ફકત ૭ ગામો જ બાકી છે. એનાં કારણો છે એટલે બાકી રહ્યાં છે. બાકી ૫,૬૦૮ ગામો અમે જોડી દીધેલ છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના નીચેના ગામોને પણ બીજા રસ્તા આપવાનું કામ ગયા વર્ષોથી ચાલુ કરી દીધેલ છે. પેટા પરા છે એમાં ભારત સરકારની ગાઇડલાઇન છે. સામાન્ય વસતિ હોય તો ૫૦૦ થી વધુ વસતિવાળા પેટા પરા અને આદિજાતિ વિસ્તારના પેટા પરા હોય તો ૨૫૦ થી વધુ વસતિવાળા પેટા પરાને રસ્તાથી જોડવા. એ કામગીરી પણ જયાં તકલીફ ન હોય ત્યાં મોટા ભાગે પૂર્ણ કરી દીધી છે. છતા કોઇ પ્રશ્ન હોય તો ચોક્કસ યોગ્ય નિરાકરણ કરીશું. નિરંજનભાઇની વાત હતી. ધારાસભ્યને એક કરોડ રૂપિયાનું ફંડ આપીએ છીએ. હું ધારાસભ્ય હતો ત્યારે ૨૫ લાખ હતું. પછી ૫૦ લાખ કર્યા અને ૫૦ લાખના એક કરોડ છે. આપણે બન્ને સાથે જ હતા. પણ એની સાથે એ.ટી.વી.ટી. તાલુકા આયોજન સમિતિ એ ગુજરાત પેટર્ન નવી સિસ્ટમ છે. હમણા બધા ધારાસભ્યો પોતાના તાલુકાની મીટિંગ પૂર્ણ કરી દીધી હશે. તાલુકા આયોજન દોઢ થી બે કરોડ રૂપિયા આ ગુજરાત સરકારે દરેક તાલુકાને પોતાના તાલુકાની જરૂરિયાત પ્રમાણે આયોજન કરવા દોઢ થી બે કરોડની દર વર્ષે ગ્રાન્ટ આપે છે. એ સિવાય એ.ટી.વી.ટી. આપણા તાલુકા માટે ફાળવવાની યોજના છે. એમાં પણ એક થી દોઢ કરોડની જોગવાઇ તાલુકાની જરૂરિયાત પ્રમાણે એની ગ્રાન્ટ સરકાર આપે છે, એટલે બે થી ત્રણ કરોડ રૂપિયા દર તાલુકાદીઠ ગુજરાત સરકાર આપે છે. એમાં સંસદસભ્યની ગ્રાન્ટ ઉમેરાય, ધારાસભ્યની ગ્રાન્ટ ઉમેરાય તો હું માનું છું કે ૭ થી ૮ કરોડ રૂપિયા દર વર્ષે તાલુકા દીઠ ગુજરાત સરકાર દ્વારા વિવિધ યોજના નીચે (અંતરાય) નિરંજનભાઇ મારી સામે જુઓ. ભાઇ નિરંજનભાઇ મારી સામે જુઓ, ત્યાં ન જોશો. સાંભળો બધા બક્ષીપંચ તાલુકાની જુદી ગ્રાન્ટ છે. પછાત તાલુકાની ગ્રાન્ટ જુદી છે. આદિવાસી વિસ્તારમાં ટ્રાયબલ પેટર્ન છે તેની જુદી ગ્રાન્ટ છે. અહીં અમારા કલોલમાં અમારા મિત્ર બળદેવજી નથી તો ત્યાં ખાખરીયા ટપ્પો જે પછાત વિસ્તાર છે તેની પણ જુદી ગ્રાન્ટ છે. જુદી જુદી ગ્રાન્ટો નીચે જેમ કે ખારાપાટ વિસ્તાર એટલે કે સૌરાષ્ટ્રમાં ખારાપાટ વિસ્તારની જુદી ગ્રાન્ટ છે. આવી બધી ગ્રાન્ટોનો સરવાળો કરીએ તો વિકાસ માટે પાંચ કરોડ રૂપિયા કરતાં વધુ રકમ દર વર્ષે ગુજરાત સરકાર આપે છે. છતાં આપનું સૂચન છે. સમય પ્રમાણે તેના ઉપર નિર્ણય કરીશું.

અધ્યક્ષશ્રી : આમાં પ્રશ્ન ન હોય હવે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, થોડુંક સ્પષ્ટીકરણ જરૂરી છે. પછાત તાલુકાની નાયબ મુખ્યમંત્રીશ્રીએ વાત કરી, બક્ષીપંચ તાલુકાની વાત કરી તો છેલ્લા વર્ષોમાં આ ગ્રાન્ટો આપવામાં આવતી નથી.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ન હોય મને ખબર છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર પાંચ જ લાખની અંદર જોગવાઇ છે.

અધ્યક્ષશ્રી : સિનિયર સભ્યો આગ્રહ કરે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, એટલે માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી તે બરાબર નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક–૩૫–સન ૨૦૧૮નું ગુજરાત વિનિયોગ વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે. (આ તબકકે સભાગૃહના તમામ સભ્યશ્રીઓ દ્વારા બેઠાબેઠા ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાં વધારો કરીને બે કરોડ રૂપિયા કરવાનું કહેવામાં આવતાં) માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે હું ચર્ચા કરીશ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો**
**કલમ ૨ અને ૩, અનુસૂચિ, કલમ ૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકિટંગ ફોર્મ્યુલા**
**વિનાવિરોધે વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક–૩૫–સન ૨૦૧૮નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે. ભાઇ ધીરજ રાખો કરવું હશે તો પછી પણ થશે. અત્યારે કરી દેવું તેવું કંઇ જરૂરી નથી.

અધ્યક્ષશ્રી : તમામ માનનીય સભાસદોની લાગણી નાયબ મુખ્યમંત્રીશ્રીએ લીધી છે. તેમાં મારો પણ સમાવેશ થાય છે. (આ તબકકે સભાગૃહના તમામ સભ્યશ્રીઓ દ્વારા બેઠા બેઠા ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાં વધારો કરવાનું કહેવામાં આવતાં)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપની લાગણી એટલે તે અમારા માટે શિરોમાન્ય છે. અમારા મંત્રીશ્રીઓ, અમારા ધારાસભ્યશ્રીઓ, આપ સૌ આટલી બધી લાગણી રાખો છો તો ૧ કરોડ ૫૦ લાખ રૂપિયા આપણે કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : શ્રી મધુભાઇ કશુંક કહે છે, સામે જુઓ તો ખરા.

શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું... અધ્યક્ષશ્રી : ઘણું થયું. આપણી બધાની વિનંતી માન્ય રાખી છે હવે વિરોધપક્ષ પણ જયારે હું કહું ત્યારે મારી વિનંતી માન્ય રાખે, ચાલો અડધી તો અડધી.

શ્રી અમિત ચાવડા : સાહેબ બે કરોડ રૂપિયા કરી દે તો આપણે સર્વાનુમતે પસાર કરીએ. બધાની લાગણી છે. બે કરોડ કરી દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધાને હજું ખબર નથી કે આ પસાર કરીએ તો જ કર્મચારીઓનો પગાર અને બીજા ભાડા ભથ્થાં બધું થાય. નહીં તો પહેલી તારીખથી તિજોરી લૉક થઇ જાય. આ આખા ગુજરાત માટે કરવાનું છે. આ સરકાર માટે નથી કરતા.

શ્રી અમિત ચાવડા : સાહેબ, આપણે સર્વાનુમતે જ કરવું છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક–૩૫નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના સૌના વતી હું માનનીય નીતિનભાઇનો આભાર માનુ છું.

સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૮.

## ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૮

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી નીતિનભાઇ ર. પટેલ નાયબ મુખ્યમંત્રીશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક ૨૮, સન ૨૦૧૮નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક ૨૮, સન ૨૦૧૮નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

---

• વિધેયક તા. ૨૧મી માર્ચ, ૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮

## ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૮

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક એટલા માટે આ વિધાનસભામાં મેં રજૂ કર્યું છે કે, ગુજરાત સરકાર તરફથી જુદી જુદી કંપનીઓ ઉપર, ઉત્પાદકો ઉપર અગાઉ જયારે આપણો વેટનો કાયદો હતો ત્યારે આપણે આકારણી કરતા હતા. એ વખતે એ કાયદા પ્રમાણે જે કંપનીઓ પોતાનું ફ્યુઅલ, ઉદ્યોગ ચલાવવા માટેનું ઇંધણ એ પેટ્રોલિયમ પ્રોડક્ટનું એ પ્રકારનું વાપરતા હોય તો એમને અનેક ફેક્ટરીઓની અંદર એ મજરે આપવામાં આવે છે. એમણે જે ટેક્સ ભર્યો હોય એ અન્ય ટેક્સની આવક સામે મજરે આપવામાં આવે છે. પરંતુ જે ફ્યુઅલ તરીકે વપરાતું હોય એ કાચા માલની જેમ ગણતરી કરી અને ઉદ્યોગપતિ જયારે એની ખરીદી કરે એના ઉપર ટેક્સ ભરે એને સરકારનો આપણો વિભાગ મજરે આપતું ન હતું. એવી જ રીતે જયારે ગુજરાતની બહાર નિકાસ કરે ત્યારે પણ ટેક્સ આપણે મજરે આપતા ન હતા, એનો ટેક્સ આપણે એટલે કે સરકાર લેતી હતી. એની સામે મેસર્સ રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, રીલાયન્સ કંપનીએ સર્વ પ્રથમ સરકારની સામે ટ્રિબ્યુનલમાં રીટ દાખલ કરી, ટ્રિબ્યુનલમાં એણે એવી માગણી કરી કે, અમારું વેચાણ જે કંપનીઓ લે છે એ ફ્યુઅલ તરીકે ઉપયોગ કરે છે એના ઉપર ટેક્સ લગાવવો જોઇએ નહીં, મજરે આપવો જોઇએ. એ પ્રમાણેનો ટ્રિબ્યુનલમાં કેસ ચાલ્યો, ટ્રિબ્યુનલમાં સરકારની વિરુઘ્ધ ચૂકાદો આવ્યો, કંપનીઓની જીત થઇ એની સામે, રાજ્ય સરકારે નામદાર હાઇકોર્ટમાં રીટ દાખલ કરી, કારણકે આપણે ટેક્સ વસૂલ કરવાનો થતો હતો અને એનાથી નુકસાન થતું હતું, એટલે આપણે અપીલ કરી, નામદાર હાઇકોર્ટમાં પણ ગુજરાત સરકારની અપીલ તારીખ ૧૮–૧–૨૦૧૩ના રોજ ડિસમીસ કરવામાં આવી, એટલે આપણી આવકને બહુ મોટું નુકસાન થતું હતું, એટલે રિલાયન્સ વિગેરે કંપનીઓ સામે ગુજરાત સરકારે નામદાર સુપ્રિમ કોર્ટમાં અપીલ દાખલ કરી અને ૨૦૧૩ પછી એ કેસ જે ચાલતો હતો એનો હમણાં ચૂકાદો આવ્યો, એનાથી મને આનંદ છે કે, આપણે ટ્રિબ્યુનલમાં સરકાર હારી ગયેલી, નામદાર હાઇકોર્ટમાં હારી ગયેલી, પણ ૨૨–૯–૨૦૧૭ના રોજ એટલે કે હમણાં થોડા સમય પહેલાં નામદાર સુપ્રિમ કોર્ટે જે ચૂકાદો આપ્યો, એ ચૂકાદો ગુજરાત સરકારની તરફેણમાં આપ્યો, એટલે કે ગુજરાત સરકાર આ ટેક્સ જે વસૂલ કરે છે આ કંપનીઓ પાસેથી, એ કાયદા મુજબ વસૂલ કરી શકે છે. એટલે ગુજરાતમાં જે ૪ ટકા ટેક્સ મજરે આપવાનો હતો, એ હવે બંધ થયા, બીજા રાજ્યોમાં તૈયાર ઉત્પાદક માલ મોકલે એ મજરે આપવાના, ઇનપુટ્સ ક્રેડીટ મજરે આપવાની જે પદ્ધતિ હતી, એમાં પણ આપણે જીતી ગયા એટલે હવે ગુજરાતમાં માલ વેચે, ઉત્પાદન કરે તો ૪ ટકા અને બહાર જાય તો પણ ૪ ટકા, આ વેટના કાયદા પ્રમાણે આપણે લઇ શકીએ. એ અંગે સુપ્રિમ કોર્ટે જે જજમેન્ટ આપ્યું, પણ આ બધી પ્રક્રિયામાં ચાર –પાંચ વરસ જેટલો લાંબો સમયગાળો ગયો. આ સમયગાળા દરમિયાન જે વેપારીઓના કેસોની અપીલ ચાલતી હોય છે એના કેસનું જે એસેસમેન્ટ કરવાનું હોય છે, એ એસેસમેન્ટ કરવાની સરકારની સત્તા ૩ વરસ સુધીની જ છે. પણ ચાર વરસ, પાંચ વરસ જુના કેસો પણ હવે આપણે ઓપન કરવા પડશે, એ ઓપન એટલા માટે કરવા પડશે કે ટ્રિબ્યુનલ અને હાઇકોર્ટમાં સરકાર વિરુદ્ધ ચૂકાદો આવ્યો હતો, એ વખતે જે એસેસમેન્ટ આ વેપારીઓના, ઉદ્યોગપતિઓના થયા એ એમની તરફેણ પ્રમાણે આપણે એસેસમેન્ટ કરી આ ટેક્સ લઇ શકાતો નથી એ પ્રમાણેના કરેલા, પણ નામદાર સુપ્રિમ કોર્ટમાં ગુજરાત સરકાર આપણો આ કેસ જીતી ગયેલ છે અને હવે ટેક્સ લેવાની આપણને સત્તા પ્રાપ્ત થઇ છે તો કાયદા પ્રમાણે અગાઉ ૩ વરસના જ રિ–એસેસમેન્ટના કેસ આપણે રિ–ઓપન કરી શકતા હતા, એટલે આ કાયદો હું એટલા માટે આ વિધાનસભામાં લાવ્યો છું કે ૩ વરસ કરતાં પણ વધુ, જ્યાં સુપ્રિમ કોર્ટ, જ્યાં હાઇકોર્ટ અને ટ્રિબ્યુનલે રાજ્ય સરકારની તરફેણમાં ચૂકાદા આપ્યા હોય અને એ ચૂકાદાથી રાજ્ય સરકારની આવક વધતી હોય એવા કેસો, જુનો કાયદો હતો વેટનો એમાં ૩ વરસની સત્તા હતી પણ ૩ વરસની સત્તાથી ઉપર પણ કોઇપણ સમયના કેસો સુપ્રિમ કોર્ટના, હાઇકોર્ટના જજમેન્ટ જે કેસોમાં આવ્યા હોય એ કેસોમાં જે ફેક્ટરીઓ લાગુ પડતી હોય, બીજા વેપારીઓના કેસોમાં આ નહિ થઇ શકે, જેને લાગુ પડતું હોય એના જ કેસો રિ–ઓપન થશે, બીજાને એટલા માટે નહિ કે પછી વેપારીઓને ખોટી હેરાનગતિ કે વેપારીઓને તકલીફ કે બીજા બધા પ્રશ્નો ઉભાં ન થાય. એટલે આપણે મર્યાદા રાખી છે. પણ નામદાર સુપ્રિમ કોર્ટે જે જજમેન્ટ આપ્યું છે કે પેટ્રોલિયમ પ્રોડક્ટનો ઉપયોગ કરી, જે ફ્યુઅલ તરીકે વાપરતા હતા એવાની જ ફાઇલો રિ–ઓપન કરી, રિ–એસેસમેન્ટ સરકાર ૩ વરસ કરતાં પણ જુનું સરકાર કરી શકે એટલે કે અમારો વિભાગ કરી શકે એ માટેની સત્તા આપતું આ બિલ હું લાવ્યો છું, હું માનું છું કે, વિરોધપક્ષને અને માનનીય અમિતભાઇ અને સૌ ધારાસભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, આ સરકારના હિતમાં છે, કંપનીઓ પાસેથી આપણે ટેક્સ લેવાનો થશે, એનું એસેસમેન્ટ કરીશું, એ એસેસમેન્ટની આવક સરકારને આવશે, એટલે બધા કેસ રિ–ઓપન કરવાની સત્તા આપતો આ કાયદો અમે લાવ્યા છીએ, એકજ કલમ સુધારીએ છીએ આખા કાયદામાં અને બીજું આપને કહું કે આ વેટમાં જ આ મર્યાદા હતી, હવે નવો જે જી.એસ.ટી.નો કાયદો આવ્યો છે એ નવા જી.એસ.ટી.ના કાયદામાં તો અગાઉથી જ ભારત સરકાર અને કાઉન્સિલે અને આપણે જે અહીંયા વિધાનસભામાં જી.એસ.ટી.નો કાયદો ગુજરાત સરકારે મંજૂર કર્યો હતો એમાં તો આ જોગવાઇ પહેલેથી કરી જ દીધી છે કે ગમે તેટલા જુના કેસો, આ તો વહેલો ચૂકાદો આવ્યો, કોઇ દસ દસ વરસે સુપ્રિમ કોર્ટમાં કોઇ ચૂકાદો આવે તો દસ વરસની આવક આપણી જતી ના કરવી પડે એ માટે ગમે તેટલા જુના કેસ હોય તો પણ રિ–ઓપન કરી શકાય એ કરવા માટે આ બિલ હું લાવ્યો છું.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે, માનનીય મંત્રીશ્રીનું અધૂરું પ્રવચન વિરામ પછી ચાલું રહેશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારું પ્રવચન હું પૂરું કરું છું અને બે મિનિટમાં જો વિપક્ષ સંમતિ આપતું હોય તો બિલ અત્યારે જ મંજૂર કરી દઇએ?

શ્રી અમિત ચાવડા : (દંડકશ્રી) અમારે અમારા વિચારો વ્યક્ત કરવાના છે આ બિલમાં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિચારો વ્યક્ત કરવાના છે?

અધ્યક્ષશ્રી : સભાગૃહ ફરી ૨-૩૦ કલાકે મળશે.

**(વિરામ ૧-૩૦ થી ૨-૩૦)**

**સભાપતિશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ ગુજરાતનું મૂલ્યવર્ધિત વેરા સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે આ સુધારા કરવાની જરૂરિયાત ઉભી થઇ છે જે લાંબાગાળાની પ્રક્રિયા છે. વેલ્યુએડેડ ટેક્સમાંથી અનેક કિસ્સામાંથી બચવા માટે વેપારીઓને પોતાના ટ્રિબ્યુનલના કે હાઇકોર્ટના કે સુપ્રીમ કોર્ટ દ્વારા આ પ્રયુકિત લાંબા કરવા માટેનો જે નિર્ણય હતો તેના બદલે હવે સરકાર ૮૪ના સુધારા પછી જે કલમ ઉમેરવા માટે જોગવાઇ લઇને આવ્યા છે તેમાં નાના વેપારીઓ તો બરાબર છે પરંતુ મોટા ઉદ્યોગપતિઓ જે પોતાની કંપનીઓ ત્રણ ત્રણ વર્ષ પછી તેમના નામ બદલી નાંખ્યા છે. મારો પોતાનો વિસ્તાર કે જે જિલ્લામાંથી હું ચૂંટાઇને આવુ છું તેમાં જાફરાબાદ, રાજુલા, મહુવા તે દરિયા કિનારાનો વિસ્તાર છે. અને દરિયા કિનારાની આજુબાજુના વિસ્તાર ઉપર આગબોટ અને મોટા જહાજો ભાંગવાનું પણ શરૂ થયું છે. રિલાયન્સ કંપનીએ પોતાના જહાજો બનાવવા માટેનું આ રાજયના તત્કાલિન મુખ્યમંત્રીએ ખાતમુહૂર્ત અને ઉદઘાટન કર્યુ છે એ રિલાયન્સ કંપનીની જયારથી સ્થાપના થઇ દર બે વર્ષે પોતાના નામ બદલી નાંખે છે. રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રકચર હોય તો બે વર્ષ પછી એ કંપનીનું નામ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડ થઇ જાય કોઇ વખત એન્જિનીયરીંગ લિમિટેડ થઇ જાય બિઝનેસ એનો એ ચાલે છે. ત્યારે હું નાણામંત્રીશ્રીને આપના મારફત સૂચન કરવા માગુ છું કે, પોતાના ત્રણ વર્ષ પછી આપણે તેમની કોઇ તપાસ નથી કરી શકતા અને આ કંપનીઓ લાભ લઇ જતી હતી પરંતુ જે કંપનીઓએ તેમના નામ બદલી નાંખ્યા છે તે બાબતમાં સરકાર શું કરવા માગે છે ? પોતાનો લાભ લેવા માટે મોટી મોટી કંપનીઓ આ પ્રકારની કામગીરી કરે છે મને મળેલી માહિતી પ્રમાણે આ જહાજ બાંધવા માટેની જે કંપની છે તેને ફોરેન સાથે પણ પોતાના કરાર કર્યા છે અને ત્યાંથી જે માલ આવે છે પીપાવાવ પોર્ટ ઉપરથી ત્યાં અનેક પ્રકારનો એવો માલ-સામાન આવે છે કે જેનો લાભ આ કંપનીઓ ઉઠાવી રહી છે. અને એ ટેકસનો લાભ ઉઠાવીને આ તિજોરી ઉપર અરબો નુકસાન થઇ રહ્યું છે અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી તો આજે ખુશ હતા. જો આ ધ્યાન તમે પહેલાં આપ્યું હોય ૨૦૦૩નો તમારો આ કાયદો છે તો પહેલાં તમે ધ્યાન આપ્યું હોત તો આજે ધારાસભ્યોને તમારી પાસે વિનંતી ના કરવી પડી હોત અને તમારા પાંચ કરોડ રૂપિયા અમારા વિસ્તારના વિકાસ માટે સામેથી પહેલેથી કરી દીધા હોત. પરંતુ ૨૦૦૩ પછી ૨૦૧૩ અને ૨૦૧૭ એટલે કે ૧૪ વર્ષ સુધી સરકારે શું કર્યુ ? આ તમારી જ સરકાર હતી તો શા માટે આ સરકારના ધ્યાનમાં ના આવ્યુ ? સરકારની તિજોરીના પૈસા જતાં રહે છે એ આ સરકાર સ્વીકારી રહી છે. માનનીય મંત્રીશ્રીએ પણ પોતાના જવાબમાં આ ફલોર ઉપર કહ્યું છે કે આવા અનેક દાવાઓ ચાલી રહ્યાં છે એ દાવાઓને કારણે આપણને નુકસાન થઇ રહ્યું છે અને હું માનુ છું કે માનનીય મંત્રીશ્રીની બહુ સાચી વાત છે પરંતુ આનો લાભ કોણ લઇ લે છે ? માત્ર માનીતા પાંચ છ ઉદ્યોગપતિઓને જ આનો લાભ મળી રહ્યો છે. નાના વેપારીઓ તો ડરે છે નાનો કોઇ અધિકારી જશે, નાના એવા સેલ્સ ટેક્સના કોઇ કર્મચારી જશે, બીજા વર્ગના કર્મચારી જશે કે ત્રીજા વર્ગના કર્મચારી જશે તો પણ નાનો વેપારી તો ફફડશે. આવડા મોટા જે ઉદ્યોગો છે જે કંપનીઓ ચાલે છે તેમની સિકયોરીટી મને કહેતા દુઃખ થાય છે કે, આવી કંપનીઓમાં અમારે ધારાસભ્યોને પણ મળવા જવું હોય તો પણ મળી શકતા નથી. એમની શું કામગીરી ચાલે છે તે પૂછીએ તો જવાબ પણ મળતાં નથી અને તેમના એક પણ અધિકારી જવાબ આપતા નથી સરકાર રોજે રોજ વાતો કરે છે કે ૮૫ ટકા ગુજરાતીઓને ન્યાય આપવા માટેની એમાં જોગવાઇ છે અને કોઇ પણ ઉદ્યોગ સ્થાપે એટલે તેમાં ૮૫ ટકા નોકરીયાતો સ્થાનિક રાખવા જોઇએ તેમાં ગુજરાત પણ આવે. મારું એમ નથી કહેવું કે મારા જિલ્લામાં ઉદ્યોગો સ્થપાય. મહુવામાં ઉદ્યોગો સ્થપાય, ભાવનગરમાં ઉદ્યોગો સ્થપાય તો ભાવનગરના સ્થાનિકોને નહિ પણ સુરત રહેતો હોય, અમદાવાદ રહેતો હોય, વડોદરા રહેતો હોય, આદિવાસી વિસ્તારમાં રહેતો હોય, મજૂર હોય અને પોતાની મજૂરી કરવા આવે અને એને નોકરી મળે તો બહુ સારી વાત થાય પરંતુ ૧૪-૧૪ વર્ષ સુધી સરકારના ધ્યાનમાં ન આવ્યું તેનું પણ હું દુ:ખ વ્યક્ત કરું છું. માનનીય મંત્રીશ્રી બહુ સારો સુધારો લાવ્યા છે. પરંતુ મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, આ સુધારો આવ્યા પછી તમે પાછળના જે દાવાઓ તપાસી શકવાના છો અને જો કદાચ ટ્રિબ્યુનલમાં એ લઇને જાય તો ટ્રિબ્યુનલ ઉપર પણ સરકારનો કમાન્ડ રહેવાનો છે. હાઇકોર્ટમાં કદાચ સરકાર એમની વાત નહિ કરી શકે. પરંતુ હાઇકોર્ટમાં આપણા ગવર્નમેન્ટ પ્લીડર બરાબર દલીલ કરી શકતા નથી એના કારણે હાઇકોર્ટમાં હારવું પડ્યું અને સુપ્રિમ કોર્ટમાં આપણી જીત થઇ. હું સરકારને અભિનંદન આપીશ કે સુપ્રિમ કોર્ટમાં આપણી જીત થઇ છે પણ સુપ્રિમ કોર્ટ સુધી આપણું પ્રકરણ ચાલ્યું ત્યાં સુધી આપણા સરકારી વકીલે શું દલીલો કરી? એમણે કેમ દલીલ બરાબર ન કરી જેના કારણે સરકારને હારવું પડ્યું. એના માટે પણ સરકારે વિચારવું પડે એવું છે. સરકારની તિજોરીમાં નાણા આવે એટલે જી.એસ.ટી. લાવ્યા. હવે તો મૂલ્ય વર્ધિત ટેક્ષને બદલે જી.એસ.ટી. આવે છે પરંતુ અમેરિકાના એક અર્થશાસ્ત્રીએ એમ કહ્યું કે, ગુજરાત જી.એસ.ટી. ટેક્ષ લાવ્યો છે એ ટેક્ષ એટલો બધો આટી-ઘૂંટીવાળો છે કે, વેપારીઓને હજી પણ ખબર પડતી નથી કે જી.એસ.ટી. કેવી રીતે ભરશે. અનેક વેપારીઓ મુશ્કેલીમાં મૂકાયા છે અને તમે ટેક્ષ લીધા પછી સરકાર એને પાછું ચૂકવણું પણ કરી શકતી નથી ત્યારે આપણો જૂનો મૂલ્ય વર્ધિત ટેક્ષ હતો એમાં આપણે ૪ ટકા

ટેક્ષ ઉઘરાવતા હતા એનું વળતર તો તરત જ મળી જતું હતું. પરંતુ જી.એસ.ટી.માં સરકાર પાસે પૈસા આવ્યા પછી એની રકમની ચૂકવણી પરત થતી નથી. એના કારણે કોઇ વેપારી એક કરોડનું ટર્નઓવર કરતો હોય તો એને ૧૮ ટકા જી.એસ.ટી. લાગે છે. એવું ત્રણ વખત એને ચૂકવણું ન થાય તો ૯૦ લાખ રૂપિયા તો એને ત્યાં જ મૂકાઇ જાય છે. વેપારીનો વેપાર ભાંગી જાય છે. એમાં સરકાર સુધારો કરવા માગે છે કે કેમ? નાણામંત્રીશ્રીને રજૂઆત લઇને આવ્યા ત્યારે એમની રજૂઆત એવી હતી કે આપણે સર્વાનુમત કરીએ ત્યારે જો ગુજરાતની તિજોરીમાં પૈસા આવવાના છે તો કોંગ્રેસના ધારાસભ્યો પણ ટેકો આપે. કોંગ્રેસના ધારાસભ્યોનું તો ગુજરાતના હિતમાં મોટું મન છે. હંમેશા કોંગ્રેસ આ ગુજરાતના વિકાસ માટેની વાત કરે છે. આજે આપણે જે વિધાનસભાના બિલ્ડીંગમાં બેઠા છીએ એ બિલ્ડીંગ પણ કોંગ્રેસે બનાવ્યું હતું. એના કારણે આટલી મોટી વિધાનસભામાં તટસ્થ તપાસ થઇ રહી છે. એને રીપેર કરવાનું કામ કર્યું એ માટે હું અભિનંદન આપીશ પણ અમારું એસ્કેલેટર કેમ ચાલતું નથી? લિફ્ટમાં ખૂબ મુશ્કેલી પડે છે. આવા નાણા જો ભેગા કર્યા હોત તો આપણી સરકતી સીડી પણ શરૂ થઇ શકી હોત. આ સુધારો અત્યારે લાવ્યા છો એવા પહેલાં લાવ્યા હોત તો આ પૈસા ઘટ્યા ન હોત. પરંતુ ૧૩-૧૩ વર્ષ સુધી તમે ચિંતા ન કરી એના કારણે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે મહેસૂલી હિતને રક્ષણ આપવા માટે ૮૪(ક) દાખલ કરવાનું જરૂરી લાગ્યું છે એમાં અમે સંમતી આપીએ છીએ. સારી વાત છે. પરંતુ એમાં મોટા ઉદ્યોગોને લાગુ પડતા ઉદ્યોગોમાં ક્યાંક ને ક્યાંક છટકબારી છે. એમાંથી છટકી ન જાય એનું નીતિન ભાઇ ધ્યાન રાખે. આમ તો નીતિનભાઇ ધ્યાન રાખે છે. બાપુ પણ કહેતા હતા કે, ૨ કરોડ કરી દેશે પણ આ સુધારો જો ગયા વર્ષે આવ્યો હોત તો બે કરોડ થઇ ગયા હોત. આ સુધારો દાખલ થયા પછી સરકારની તિજોરીમાં આવક થાય તો હું નીતિન ભાઇને વિનંતી કરું છું કે, તમે તો નાણામંત્રી પણ છો, રાજ્યના નાયબ મુખ્યમંત્રી પણ છો અને મુખ્યમંત્રી બનો એવી પણ અમે તો શુભેચ્છા આપી છે પરંતુ ફરી વખત જો આ પૈસામાં વધારો થાય તો પાંચ-પાંચ કરોડ રૂપિયા અમારા વિસ્તારના વિકાસ માટે આપજો. કારણ કે, અત્યારે વિસ્તાર લાંબા થયા છે. હું પહેલાં એક તાલુકાનો ધારાસભ્ય બનતો, પછી દોઢ તાલુકાનો ધારાસભ્ય બન્યો અને અત્યારે ત્રણ-ત્રણ તાલુકાનો ધારાસભ્ય બન્યો છું એના કારણે અમારા વિસ્તારને ભારે મુશ્કેલી પડે છે. મગફળીના પૈસા મળે નહિ, ખેડૂતોને વીમો મળે નહિ, અમારી ડુંગળી વેચાય નહિ, અમારો કપાસ વેચાય નહિ. અમારે જવું ક્યાં? ત્યારે સરકાર આ બિલમાં સુધારો પહેલાં લાવ્યા હોત તો ઘણું બધું કરી શકત. ગુજરાતના ખેડૂતોને રાહત આપી શકાત. આ સૌની યોજના હવે કરી. ૨૨ વર્ષથી સરકારને ખબર છે. અત્યારે સરકાર જશ લે છે. હંમેશા પોતે જશ લે છે કે, નર્મદા યોજનાનો જશ અમે એટલા માટે લઇએ છીએ કે, કોંગ્રેસની સરકાર રોડા નાખે છે. તમે નર્મદા યોજના કરી. હું અભિનંદન આપું છું, પરંતુ ૧૯૭૮માં આ નર્મદા યોજના ૮૦ મીટરે પહોંચી છે એ પણ તમારે યાદ રાખવું જોઇએ. કોઇ કારણોસર આજે ન ચાલી. હવે દરવાજા ચડાવ્યા, દરવાજા ચડાવ્યા છે અને સૌની યોજના બધા ડેમો ભરવા માટેની યોજના લાવ્યા છે ત્યારે આવા નાના મોટા સુધારાઓ કરીને મોટી મોટી કંપનીઓ પોતે રાહત લઇ ગઇ છે અને આપણી તિજોરીને જે નુકસાન કરી રહી છે એ તિજોરીને નુકસાન ન કરે એના માટે માનનીય નીતિનભાઇને વિનંતી કરું છું કે, હજી પણ થોડાક ઉંડા આમાં જવું પડશે. મૂલ્યવર્ધિત વેરામાં આપણી જે અમુક કલમો છે એનો મોટો ઉદ્યોગપતિઓ લાભ લઇ રહ્યા છે. એમાંથી સુધારા કરીને નાના માણસો પ્રત્યે લાગણી રાખો અને આજે પરિસ્થિતિ એવી થઇ ગઇ છે કે, આજે વિનિયોગ વિધેયક લઇને આવ્યા હતા એમાં અમારા પુંજાભાઇ અને અમારા કુંવરજીભાઇએ પ્રશ્ન કર્યો તો માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગની જિલ્લા પંચાયતોમાં નાયબ ડી.ડી.ઓ. નથી, કોઇ અધિકારીઓ નથી, બધા જ બીજા અધિકારીઓના નામે ચાલે છે. ક્યાંક ક્યાંક તો એવું ચાલે છે કે, ડેપ્યુટી એન્જિનીયરને બદલે સેકશન અધિકારી, સેકશન અધિકારીના બદલે બીજો અને એના પછીનો કર્મચારી ડેપ્યુટી એન્જિનીયર બન્યો છે. હવે જેને એન્જિનીયરની બાબતોની પોતાને ખબર નથી પડતી એને ડેપ્યુટી એન્જિનીયરના ચાર્જ આપવા પડે છે તો આ પરિસ્થિતિનું નિર્માણ એટલા માટે થયું કે, આવી જે કલમો હતી એ કલમોમાં પ્રત્યે જે તે વખતે ધ્યાન ન અપાયું, ધ્યાન ન અપાયું એના કારણે ગુજરાતની તિજોરીમાં પૈસા ઓછા આવ્યા અને ગુજરાતની તિજોરીમાં પૈસા ઓછા આવ્યા એના કારણે ગુજરાતના વિકાસને ઘણી અસર પડી છે. વાતો થાય છે કે વિકાસ તો બહુ થયો, વિકાસ તો મારા રાજયમાં થયો છે. વિકાસ થયો હશે હું ના નથી પાડતો. માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંના લોકોને, ગામડાંનાં છોકરાંઓને અત્યારે ભણવા જવું હોય તો પણ બસ નથી મળતી. કદાચ છોકરાંઓને અમારે કહેવું હશે તો કહેવું પડશે કે, દસ વર્ષ પહેલાં કોંગ્રેસની સરકારમાં આવી બસો ચાલતી હતી, અમારે એના ફોટા દેખાડવા પડશે. અત્યારે તો ગામોમાં બસો જ નથી જતી અને એ બસો નથી જતી એની પાછળનું કારણ આ જે કલમો અત્યારે સુધારી છે એ કલમો સુધારવાની જરૂરિયાત પહેલાં હતી પણ એ વખતે નથી સુધારી શક્યા. અમારા માનનીય કૌશિકભાઇ ઉતાવળા થાય છે, એ ક્યાંક ધક્કા મારે છે. હું એટલે જ કહું છું આ સુધારાનાં હું વખાણ કરું છું, આ સુધારો બહુ સારો છે, પણ આ સુધારો અગાઉ લાવવાની જરૂરિયાત હતી, પણ ૨૦૦૩માં બિલ આવ્યા પછી તેર તેર વર્ષ સુધી આ ધ્યાનમાં ન આવ્યું. માત્ર તમે મેળા કર્યે રાખ્યા, માનનીય નીતિનભાઇને જયારે હોય ત્યારે બાપુ મોકલે કે ફલાણા મેળામાં ઉદ્ઘાટન કરવા જાઓ એટલે નીતિનભાઇ હેલીકોપ્ટર લઇને ઉપડી જાય, પરંતુ આમાં જો ધ્યાન રાખ્યું હોત માનનીય નીતિનભાઇ, તો આ સુધારો તમે પહેલાં લાવી શક્યા હોત. એ સુધારો પહેલાં નથી લાવી શક્યા પણ આજે તમે આવો સુધારો લાવ્યા છો ત્યારે મોટા ઉદ્યોગપતિઓ પોતાનો ટેક્સ નિયમસર ભરે અને આવી કંપનીઓએ નામ બદલ્યાં છે ત્યારે માનનીય નીતિનભાઇ હું ફરી વખત કહેવા માગું છું કે, એવી કંપનીઓને તો તમે ફ્લોર ઉપર લાવો. માત્ર આગળનું નામ સરખું રાખે, કયારેક એન્જીનીયરીંગ કરે, કયારેક પાછળ ઇન્ફ્રાસ્ટ્રચર લગાડી દે. આપણને પણ ખબર પડતી નથી, આ ખબર કોને પડે? આપને કહું કે, અહીંના બેઠેલા સેલ્સટેક્સના અને નાણાં ખાતાના મોટા અધિકારોઓને

ખબર છે પરંતુ એ નીતિનભાઇ સુધી પહોંચવા નથી દેતા, કારણ કે એમાં મુશ્કેલીઓ છે. શું મુશ્કેલીઓ છે એ તો ગૃહ પણ જાણે છે પણ માનનીય નાણાં મંત્રીશ્રી એ મુશ્કેલીઓનો બરાબર અભ્યાસ કરે અને અભ્યાસ કરીને આવા જે સુધારા લાવવા હોય એ લાવે, કોંગ્રેસ એના હિતમાં, આ ગુજરાતના હિતમાં સાથ આપશે. ગુજરાત એટલે ગાંધી બાપુનું ગુજરાત છે. ગુજરાત એટલે સરદાર વલ્લભભાઇ પટેલનું નામ લઇ શકાય એ ગુજરાત છે. એ ગુજરાતને મહત્વનું મનોબળ આપ્યું છે ત્યારે આજે શિક્ષણનું સ્તર પણ નીચેના સ્તરે જતું રહ્યું છે. આરોગ્ય તો ક્યાં પહોંચ્યું છે એ વિરજી ઠુંમર કહેશે તો માનનીય નીતિનભાઇને ખ્યાલ નહીં આવે. નીતિ આયોગના મુખ્ય અધિકારી આવીને કહી ગયા છતાં પણ સુધારા નથી થતા ત્યારે આવા અનેક સુધારા લાવવાની જરૂરિયાત છે ત્યારે આ અંગે તાત્કાલિક અભ્યાસ કરે અને આવા સુધારા દાખલ કરી ગુજરાતની તિજોરીના પૈસા ઉદ્યોગપતિઓ કોઇને કોઇ કલમો નીચે લૂંટતા હોય તો એ અટકાવે એવી લાગણી વ્યક્ત કરું છું. જય હિન્દ.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ સને ૨૦૧૮નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક આ ગૃહમાં લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો એમાં રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો આજે નાયબ મુખ્યમંત્રીશ્રીએ સૌ ધારાસભ્યશ્રીઓને મળતી ગ્રાન્ટમાં જે ૫૦ લાખ રૂપિયાનો વધારો કર્યો છે, તે બદલ હું ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય તરીકે એમને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયનો સર્વાંગી વિકાસ કરવો હોય તો મૂલ્યવર્ધિત વેરાને એ રાજય સરકારની એક કરોડરજ્જૂ સમાન ગણવામાં આવે છે. રાજયમાં જો મૂલ્યવર્ધિત વેરાઓનું આયોજન કરવામાં ના આવ્યું હોય તો ગુજરાતની અંદર વિકાસ થઇ શકતો નથી. ગુજરાત મૂલ્ય વર્ધિત અધિનિયમ હેઠળ સત્તા અધિકારીઓના નિયમોને આધિન જે વિવિધ પ્રકારના આદેશો અને સત્તાઓ આપવામાં આવી છે, તેનો અમલ કરવામાં આવે છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ એમના પ્રવચનમાં ખૂબ સરસ વાત કરી છે કે જૂના કેસો છે અને એમાં પણ સમયના અભાવે એટલે કે નિયમોના આધારે ત્રણ વર્ષ કરતાં વધારે સમય થયો હોય, જેનો ટ્રિબ્યુનલમાં અને નામદાર હાઇકોર્ટમાં પણ કેસ ચાલતો હોય, અને તેમાં સરકારની અનફેવરમાં જજમેન્ટ આવ્યું હોય તેવા કિસ્સાઓમાં નામદાર સુપ્રીમ કોર્ટમાં જઇ સરકારે આ ઉદ્યોગપતિઓ પાસેથી વેરા વસૂલી કરવા માટેનો આ ૮૪ કલમમાં જે સુધારો લાવ્યા છે, તેના માટે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી આ સન્માનનીય સભાગૃહમાં કહેવા માગું છું કે, સામે બેઠલા અમારા વિરોધપક્ષના સૌ સભ્યો તેમના પ્રવચનની અંદર ખૂબ જોર–જોરથી એવું બોલે છે કે ભારતીય જનતા પાર્ટીની ઉદ્યોગપતિઓની સરકાર છે. મારે આપના માધ્યમથી તેમને કહેવું છે કે, ખેડૂત લક્ષી કામો, સર્વાંગી વિકાસ માટેના કામો એ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારનું લક્ષ છે.આજે તમે જોયું હશે કે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે એવી ઇન્ડસ્ટ્રીઝ માટે એ ટ્રિબ્યુનલની અંદર અને નામદાર હાઇકોર્ટમાં સરકાર વિરોધી જે હુકમો થયા એમાં પણ સુપ્રીમ કોર્ટમાં જઇ અને સરકારની ફેવરમાં આવા ઉદ્યોગપતિઓ પાસેથી લેવાનો થતો વેરો એ વસૂલ કરવા માટેના છેલ્લી મિનીટ સુધીના અમારા તમામ પ્રયત્નો છે. અને એના આધારે એ ઉદ્યોગપતિ નહીં પણ સમસ્ત ગુજરાતની પ્રજાના વિકાસ માટેની અમારી આ સરકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેનાથી પણ બીજું મારે આપના માધ્યમથી કહેવું છે કે, જયારે ચૂંટણી જાહેર થાય ત્યારે અમારી ભારતીય જનતા પાર્ટી એનો સંકલ્પ પત્ર જાહેર કરે છે. જયારે વિરોધપક્ષ એટલે કોંગ્રેસ પક્ષ પોતાનો મેન્યુફેસ્ટો રજૂ કરે છે. અમે જે સંકલ્પ પત્ર રજૂ કરીએ છીએ તેમાં સર્વાંગી વિકાસ માટે અમે જે પ્રજાને વચન આપ્યાં છે એ વચનો પૂર્ણ કરવા માટે છેલ્લી મિનીટ સુધીના અમારા તમામ પ્રયત્નો હોય છે એ અમારું ઉદાહરણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે આ મૂલ્ય વર્ધિત વેરા સુધારો લઇને આવ્યા છે તેમાં હું ૮૪ કલમમાં જે સુધારો કર્યો છે તેમાં મારું સમર્થન આપું છું.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્ય મંત્રીશ્રી જે સુધારા બિલ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ–૨૦૦૩ એમાં જે ૮૪મી કલમ છે, એમાં ૮૪–ક ની કલમ ઉમેરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા બિલ સંદર્ભમાં મારા વિચારો રજૂ કરું તે પહેલાં આપણા નાણાંમંત્રીશ્રીને જેમ માનનીય ધારાસભ્યશ્રીએ અભિનંદન આપ્યાં છે, તેમ હું પણ અભિનંદન આપું છું. એટલા માટે કે ધારાસભ્યો જે વિકાસના કામો કરે છે તેમના ઉપર ભરોસો રાખીને એક કરોડ રૂપિયાને બદલે દોઢ કરોડ રૂપિયા કર્યા. બાકી નાણામંત્રીશ્રી અને નાણા ખાતું તો એવું છે કે ''સોનું તને મારા પર ભરસો નહીં કે'' એ રીતે કોઇના પર ભરોસો રાખે જ નહીં પણ ભરોસો રાખીને એક કરોડના બદલે દોઢ કરોડ રૂપિયા કરી આપ્યા છે તે માટે તેમને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હવે વાત રહી વેટના કાયદાની અને તેમાં લાવેલા સુધારાની. ગુજરાતમાં જે સેલ્સટેક્ષ અને સેલ્સટેક્ષમાં પણ અનેકવિધિ આંટીઘુંટીમાં અટવાયેલો કાયદો, તેમાં ધીરે ધીરે આ ગુજરાત રાજયના સનદી અધિકારીઓ અને અન્ય અધિકારીઓએ અને આપના નાણાં ખાતાએ એને સંકલિત કરી અને એમાંથી ગુજરાતમાં આ વેટનો કાયદો બનાવ્યો છે. એ વેટના કાયદાના કારણે ગુજરાત રાજયની આવક હતી એ ધીમે ધીમે વધતી ગઇ. ગજરાતનું એકત્રિત ફંડ હતું એ ૨૦૧૧–૧૨માં ૨૫ હજાર કરોડ, ૨૦૧૨–૧૩માં ૩૦ હજાર કરોડ અને ૨૦૧૬–૧૭માં ૫૦ હજાર કરોડને આંબી જાય એ વેટના

કાયદામાં સુધારાથી એકત્રિત થવા માંડયું. પરંતુ દરેક વસ્તુમાં ટેકનિકલ મુદ્દા ઉપસ્થિત કરીને મોટા ઉદ્યોગપતિઓ કે મોટા વેપારીઓ એમાંથી છટકબારીઓ શોધીને ટેક્સ બચાવવા પ્રયત્ન કરતા હોય છે, અને આ વેપારીનું એક વલણ પણ હોય છે કે ટેકનિકલ મુદ્દા હોય તો એના વકીલો મારફત લાભ લેતા હોય છે. પરંતુ રાજયના ધ્યાનમાં આવ્યું હશે આ રાજયના સનદી અધિકારીઓ અને અધિકારીઓએ ખૂબ ઉંડાણપૂર્વક અભ્યાસ કરીને નક્કી કર્યું હશે કે આ છટકબારીમાંથી એમને લાભ ન મળે એટલે એના માટે ટ્રિબ્યુનલમાં પીલ કરી હશે, આપણે ટ્રિબ્યુનલમાં હારી ગયા, હાઇકોર્ટમાં પણ હારી ગયા. તો સુપ્રીમ કોર્ટમાં આપણે વિજય પ્રાપ્ત કર્યો અને આ ૨૦૦૩નો કાયદો હતો એમાં સુધારો કરીને આજે એમાં પણ વધુ આવક થઇ શકે અને રાજયની મહેસૂલી આવકમાં વધારો થાય એના માટે સઘન પ્રયત્નો છે. આ ક્રાંતિકારી કાયદો છે, આ કાયદા પછી જી.એસ.ટી. કાયદો આવ્યો એ આના કરતાં પણ વધુ ક્રાંતિકારી કાયદો છે. એમાં આપણે દરેકે પોલિટિકલ મૂલ્યાંકન ન કરતાં એકબીજા સાથે ઉંડો અભ્યાસ કરીને કઇ રીતે વધુ આવકો મેળવી શકાય એ તારણ ઉપર આવવું જોઇએ. માનનીય નાણામંત્રીશ્રી, મને કવિની પંકિત યાદ આવે છે. આવા જયારે રાજયમાં ક્રાંતિકારી પગલાં લેવાતા હોય આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય પણ ત્યારે બધાએ બે-ચાર સારા કામો કરવા જોઇએ.

''છે અરમાનો જિંદગીના ઘણાય બાકી, પણ બે ચાર સારા કામ થાય તોય ઘણું છે.
લવલેશ ડર હવે મોતનો નથી સતાવતો, પરંતુ મૃત્યુ પછી મારી ખોટ વર્તાય તોય ઘણું છે.''

એટલે આપણે એવું કામ કરીને જઇએ કે આપણી ખોટ વર્તાય અને મને લાગે છે કે માનનીય નીતિનભાઇ સાહેબ ઉંડા અભ્યાસુ છે નાણાં ખાતું ઘણા સમયથી એમની પાસે છે અને આ રાજયના સનદી અધિકારીઓ અને કર્મચારીઓ છે એ રાત દિવસ ઉજાગરા કરીને ગુજરાતની આવક વધારવા પ્રયત્નો કરે છે એમાં એમણે પોતાનું દિલ પરોવ્યું છે એ બદલ એમને અભિનંદન આપું છું ભલે એમનો પક્ષ એમની કદર કરે કે ન કરે પરંતુ અમે બધા નાણામંત્રીએ આ કાયદામાં સુધારો કર્યો છે એને આવકારીએ છીએ અને સુપ્રીમ કોર્ટના જજમેન્ટના અનુસંધાને હવે કોઇપણ ટેકનિકલ મુદ્દા ઉપર કોઇપણ ઉદ્યોગપતિ છટકી નહિ શકે અને રાજયની મહેસૂલી આવકમાં વધારો ચોક્કસ થશે. માનનીય નાણામંત્રીશ્રી અમે કોંગ્રેસના ધારાસભ્યો અને અને કોંગ્રેસના આગેવાનો આપની વાતને સુપ્રીમ કોર્ટે જજમેન્ટ આપ્યું અને એના લીધે રાજયની આવક વધારવા જઇ રહ્યા છો ત્યારે અમે તમારી વાત સાથે સૂર પુરાવીએ છીએ ત્યારે એમાં કેટલીક બાબતો એવી હોય કે એને પોલિટિકલ એન્ગલથી ન જોતાં રાજયના હિતમાં સૂર પુરાવવો જોઇએ. દા.ત આનાથી પણ વધુ ક્રાંતિકારી કાયદો યુ.પી.એ.ની સરકાર લાવવાની હતી ત્યારે શરૂઆતમાં સૂર પુરાવાની જરૂર હતી. એમાં આજે સૂર પુરાવીને જી.એસ.ટી. નો કાયદો આવ્યો એના કારણે દેશની અને રાજયની આવકમાં વધારો થવાનો છે અને વિકાસ થવાનો છે એ કલ્પી ન શકો એ બાબત યુ.પી.એ.ની સરકારે મૂકી છે ત્યારે થઇ છે. ત્યારે આ પક્ષ ફાયદો લઇ જશે કે પેલો પક્ષ ફાયદો લઇ જશે કે આને મત વધારે મળશે કે આને નહિ મળે એમાં નહિ પડતાં રાજયનું તંત્ર કે દેશનું તંત્ર અને દેશના અધિકારીઓ, પદાધિકારીઓ અને ન્યાયતંત્ર એ ત્રેણેયનો તાલમેલ કરીને જયારે આખા દેશ અને રાજયના વિકાસની વાત લઇને આગળ વધતા હોય ત્યારે દરેક પક્ષે સાથ અને સહકાર આપવો જોઇએ એને અનુલક્ષીને અમે સાથ અને સહકાર આપ્યો છે. આ ટેકનિકલ મુદ્દા ઉપર રીલાયન્સ હોય કે બીજી કોઇ મોટી કંપની હોય એને હજારો કરોડો રૂપિયા ભરવાની પાછલી ઇફેકટ ૨૦૦૬ થી આપવામાં આવી છે એના કારણે ફરીથી મૂલ્યાંકન થઇને રાજયની આવકમાં વધારો થશે એટલે આપણે એમને અભિનંદન આપીએ. સાથે સાથે આવા કોઇપણ સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલતા હોય ત્યારે પોલિટિકલ ન લેવું જોઇએ. નર્મદાનો ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો પછી જળ વિવાદ પંચ રચાયું અને એ પંચના અનુસંધાને ૧૯૭૪માં અમલ કરવાનું શરૂ થયું. ૧૯૮૫માં પર્યાવરણ વાદીઓએ કોર્ટમાં કેસ નાખ્યો એ થતાં થતાં ટ્રિબ્યુનલની રચના થઇ એ પછી નર્મદા ઓથોરિટીની રચના થઇ એ પછી જેમ જેમ સુપ્રીમ કોર્ટમાંથી મંજૂરી મળતી ગઇ એમ એમ ઉંચાઇ આગળ વધતી ગઇ. એનું એવું મૂલ્યાંકન કરતાં ગયા કે સરદાર વલ્લભભાઇ પટેલનું નામ આપ્યું, ઉપર કોંગ્રેસવાળા બેઠા હતા એ કરવા દેતાં નહોતા આ કેટલે અંશે વાજબી છે? આપ આપના દિલ ઉપર હાથ મૂકીને કહો કે સરદાર વલ્લભભાઇ પટેલનું નામ આપ્યું હતું એટલે આ યોજનામાં વિલંબ થતો હતો કે સુપ્રીમ કોર્ટમાં કેસ પેન્ડીંગ હતો, નર્મદા ઓથોરિટી અને પોલ્યુશન કંટ્રોલ બોર્ડવાળાની જે લડાઇ હતી અને સુપ્રીમ કોર્ટનો તેના પર કંટ્રોલ હોવાને કારણે આ વિલંબ થતો હતો. તો પણ અમે તમારા મેણાં-ટોણાં સાંભળીને પણ જયારે નર્મદાની વાત આવી, જયારે સેલ્સ ટેકસની વાત આવી, જયારે જી.એસ.ટી.ની વાત આવી, જયારે એફ.ડી.આઇ.ની વાત આવી ત્યારે હંમેશા તમારી સાથે રહીને ગુજરાતના વિકાસમાં કે દેશના વિકાસમાં અમે અમારો ફાળો આપ્યો છે. હું તાજનો સાક્ષી છું. જી.એસ.ટી. હોય કે વેટ હોય. આપણાં ગુજરાતના અધિકારીઓએ રાતો વેઠી છે. રાતના બબ્બે વાગ્યા સુધી બેઠાં છે. જી.એસ.ટી. અને ગુજરાતના વેટના કાયદામાં કઇ રીતે ગુજરાતને વધુ આવક થાય અને વિકાસના વધુ કામો કરી શકાય એ દિશામાં કામ કર્યું છે ત્યારે અધિકારીઓને પણ આ ગ્રાઉન્ડ પરથી અભિનંદન પાઠવું છું અને આપ આ જે કાયદો આજે લાવ્યા તેમાં વીરજીભાઇ ઠુમરની લાગણી હતી પણ સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ આવ્યા પછી તરત આવ્યો છે એટલે તેમાં વિશેષ ટીકા-ટિપ્પણ કરતો નથી અને નીતિનભાઇ બેઠાં છે એટલે ટીકા-ટિપ્પણ કરવાની હોય જ નહીં, કારણ કે એ બરાબર તિજોરી પર બેઠેલાં છે. રાજયની તિજોરીમાં વધુમાં વધુ આવક થાય અને વધુમાં વધુ કરકસરપૂર્વક ઉપયોગ થાય તે વાત સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૨૮, સન ૨૦૧૮નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા સુધારા વિધેયક માનનીય નાણાં મંત્રીશ્રી લાવ્યા છે તેના સમર્થનમાં ઉભો થયો છું. માનનીય

વીરજીભાઇએ વાત ઘણી કરી કરી પરંતુ, ''આપ કત્લ ભી કરતે હો તો ચર્ચા નહીં હોતી. હમ આહેં ભી ભરતે હૈ તો બદનામ હો જાતે હૈ.''

માનનીય અધ્યક્ષશ્રી, હું આ વિધેયકને એટલા માટે આવકારું છું કે ગુજરાત રાજયને દેશના અન્ય રાજયોની સરખામણીમાં સમૃદ્ધ અર્થતંત્ર પૂરું પાડ્યું છે એમ કહું તો ખોટું નથી. આ મજબુત અર્થતંત્ર અને વધેલી આવકને ધ્યાનમાં રાખીને જ માનનીય નાણાં મંત્રીએ ૨૦૧૯નું આ ઇતિહાસમાં વિક્રમસર્જક ૧,૮૩,૬૬૬ કરોડનું અંદાજપત્ર રજૂ કર્યું છે. તેનું જો કોઇ કારણ હોય તો વેરાકીય આવકમાં પણ ૨૦.૮૨ ટકાની વૃદ્ધિ થઇ છે. તેના લીધે આપણે આ આવક વધારી શક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે ફિસ્કલ ડેફિસીટની વાત આવે છે, ૩ ટકા નોર્મલ રાખી શકાય છે એની જગ્યાએ ૧.૪૨ ટકા ગુજરાત સરકારે જાળવી રાખી છે. આ આપણાં માટેની ખૂબ મોટી સિદ્ધિ છે. એટલા માટે અભિનંદનને પાત્ર છે કે રાજય સરકાર રાજયના નાગરિકો ઉપર વધારાનો કોઇ પણ વેરો નાખ્યા સિવાય વહીવટી કુનેહ અને સૂજ-બૂઝથી વેરાની આવક વધારવા પ્રયત્નશીલ જો હોય તો આ બિલની જોગવાઇ તેની સ્પષ્ટતા કરે છે. એટલા માટે આ ૮૪-એ ના કાયદાની અંદર આ સુધારો કરવામાં આવ્યો છે. હાલનું વિચારણા હેઠળનું વેટ એક્ટ બિલ એ રાજય સરકારની વેટની આવકને વિપરિત અસર થતી અટકાવવાની દિશામાં લેવાયેલા ત્વરિત પગલાં છે. વાત એવી થતી હતી કે કોઇક મોટા ઉદ્યોગપતિઓને, મોટી ઇન્ડસ્ટ્રીઝને તો નામ બદલે એટલે કંઇ ગુનો નથી થતો. નાણાકીય અનિયમિતતા હોય તો હું એમ માનું છું કે આપણે કંઇક કરી શકીએ અને એમાં કોઇ પણ સંજોગોમાં ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની સરકાર કોઇ પણ ચમરબંધી હોય તેને છોડવાની નથી અને એટલા માટે હાઇકોર્ટમાં આપણે હારી ગયા છતાં સુપ્રીમ કોર્ટમાં ગુજરાત સરકાર નહોતી જતી પણ ગુજરાતના હિતમાં ગુજરાત સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઇ છે અને એ આ બિલનું હાર્દ છે એમ કહું તો ખોટું નથી. ફ્યુઅલ ટેકસ ક્રેડિટના હવેથી ચાર ટકા દર ઘટાડવાની વાત છે એ જ રીતે ગુજરાત બહાર જે માલ જાય છે તેના માટેની ચાર ટકાની વાત છે એ ચાર પ્લસ ચાર આઠ ટકા. અત્યાર સુધીમાં ચાર ટકા જ એ રીતનું બિલમાં અમેન્ડમેન્ટ હતું, હવે આઠ ટકા પણ આપણને મળવાના છે. એનો અર્થ છે આકારણી પણ હવે ઓપન થવાની છે. આ ખૂબ મોટી ઐતિહાસિક વાત છે અને માનનીય નીતિનભાઇએ કોઇ પણ જાતના સીધા વેરા નાગરિક ઉપર નાખ્યા વગર બુદ્ધિમત્તાનું કામ આ બિલમાં કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે હું વાત કરું છું કે આપે શ્રી નીતિનભાઇની ચિંતા કરવાની જરૂર નથી. આપ જે કહેતા હતા એમાં મારે કહેવું છે કે અમારા આદરણીય શ્રી નીતિનભાઇ ગુજરાતની રાજકીય ભઠ્ઠીમાં તપીને સંપૂર્ણપણે શુદ્ધ થયેલ સુવર્ણપાત્ર છે. એટલે શ્રી નીતિનભાઇની આપે ચિંતા કરવાની જરૂર નથી. આ બિલમાં મારે વિશેષ વાત કરવી નથી. માનનીય નીતિનભાઇએ વિશેષ વાત કરી છે. આપે કહ્યું તેમ પહેલા પચ્ચીસ લાખ રૂપિયાની જોગવાઇ હતી, પછી પચાસ લાખ રૂપિયા થયા, પછી એક કરોડ રૂપિયા થયા અને આજે એમણે એક કરોડ પચાસ લાખ રૂપિયા જાહેર કર્યા છે. એમાં ફક્ત શ્રી નિરંજનભાઇ સિવાય કોઇએ તાળી પાડી નથી એમ કહું તો ખોટું નથી. આ આપણા બધાનો સામુહિક વિકાસ છે એના માટે આ કર્યું છે. એટલે આ બિલને હું સમર્થન કરું છું, આ બિલમાં બધા માટે જોગવાઇ કરી છે એને હું આવકારું છું. આભાર.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા(સુધારા) વિધેયક લઇને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી આવ્યા છે ત્યારે આપના મારફત આ ગૃહ સમક્ષ મારા મંતવ્યો વ્યક્ત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પુરોગામી મિત્રોએ અભિનંદન આપ્યા, એમ શ્રી નીતિનભાઇ સરકારની ચિંતા સેવતા મૂલ્યનિષ્ઠ નાણામંત્રીશ્રી છે, એમણે ધારાસભ્યશ્રીઓના ફંડનું મૂલ્ય વધાર્યું એ બદલ તેમને મારો આભાર અને અભિનંદન. આ વિધેયકનું હાર્દ સમજાવતા શ્રી નીતિનભાઇએ થોડીક ચોખવટો કરી કે પહેલા વેટ આકારણી વખતે ઇંધણને મજરે અપાતું હતું પરંતુ કાચા માલ પરનો ટેક્સ મજરે અપાતો નહોતો. એમની આ વાત એમણે આ વિધેયક મારફતે રજૂ કરી, એમાં વિશેષ વાત કરું એ પહેલા હું મારી ચિંતા વ્યક્ત કરું છું. હું જે વિસ્તારમાંથી આવું છું એ મારા મત વિસ્તાર મોરબી વિસ્તારની ચિંતા વ્યક્ત કરું છું. મારા મત વિસ્તારની ચિંતા એવી છે કે મોરબીનો સિરામીક ઉદ્યોગ એ જગવિખ્યાત ઉદ્યોગ છે. મધ્યમ અને સૂક્ષ્મ પ્રકારનો ઉદ્યોગ છે અને લાખો પરિવારોને રોજીરોટી આપતો ઉદ્યોગ છે. મોટા ઔદ્યોગીક સામ્રાજ્યની સરખામણીમાં મોરબીનો આ સિરામીક સુક્ષ્મ ઉદ્યોગ છે. તેમ છતાં જીએસટીના સૌથી ઉંચા ૨૮ ટકાના દરના સ્લેબમાં મૂકવામાં આવ્યો હતો. એને લક્ઝરી આઇટમ ગણવામાં આવી છે પરંતુ આ લક્ઝરી આઇટમ રહી નથી તેની હું સ્પષ્ટતા કરું. સામાન્ય જનતા એના ઘરમાં આ ટાઇલ્સ વાપરે છે એનું આ સિરામીક ઉદ્યોગ ઉત્પાદન કરે છે. આપણે શૌચાલયોની વાત કરીએ છીએ. શૌચાલયોમાં જે ટાઇલ્સ વપરાય છે એ આ ઉદ્યોગ ઉત્પન્ન કરે છે. તો માનનીય નાણામંત્રીશ્રી એને લક્ઝરી આઇટમ કેવી રીતે કહી શકાય? નાણામંત્રીશ્રી નીતિનભાઇને વારંવાર રજૂઆતો કરવામાં આવી અને ચૂંટણીને ધ્યાનમાં રાખીને ૨૮ ટકામાંથી ૧૮ ટકાના સ્લેબમાં લાવ્યા. માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે કે આપણે જ્યારે આ ઉદ્યોગને પ્રોત્સાહિત કરવો છે ત્યારે આ ટાઇલ્સને એ પાયાના લોકો માટેના એક સામાન્ય જરૂરિયાતના ઉત્પાદનને જીએસટીના નીચામાં નીચા દરમાં મૂકવો જોઇએ. એની ચિંતા સેવે એવી માનનીય નાણામંત્રીશ્રીને મોરબીના એક પ્રતિનિધિ તરીકે વિનંતી છે. આ અમારો મોરબીનો ટાઇલ્સ ઉદ્યોગ મંદી સામે ભારે ટક્કર ઝીલી રહ્યો છે. જે તે વખતે કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર હતી ત્યારે અમે આ ઉદ્યોગના પ્રશ્નો ખાસ કરીને ચાઇનામાંથી જે માલ આવે છે એના ઉપર એન્ટી ડમ્પીંગ ડ્યૂટી નાખવા માટે રજૂઆત કરેલ. ચાઇનામાંથી અઢળક માલ અહીં ઠલવાય છે એના ઉપર એન્ટી ડમ્પીંગ ડ્યૂટી નાખવા માટે રજૂઆત કરેલ. આ સિરામીક ઉદ્યોગને આ ચાઇના સામે ટકવું હોય તો એના ઉપર એન્ટી ડમ્પીંગ ડ્યૂટી નાખવી જોઇએ. કમનસીબે મોરબી સહિતના ગુજરાતના આ સિરામીક ઉદ્યોગની ભારતના

સિરામીક ઉદ્યોગની માગણી છે કે ભારત સરકારે આ માલ ઉપર એન્ટી ડમ્પીંગ ડ્યૂટી નાખવી જોઇએ. ખાસકરીને મોરબી અને ગુજરાત સિરામીક ઉદ્યોગનું મોટું હબ છે અને તેના માટે ગુજરાત સરકાર અને માનનીય નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી આ બાબતે ચિંતા સેવે અને ભારત સરકારમાં રજૂઆત કરે અને એના ઉપર એન્ટી ડમ્પીંગ ડ્યૂટી નાખવામાં આવે તેવી અમારી લાગણી છે. અધૂરામાં પૂરું માનનીય નાણામંત્રીશ્રી તરીકે નીતિનભાઇ જે દરખાસ્ત લાવ્યા છે ત્યારે મારી સીરામીક ઉદ્યોગના હિતમાં માનનીય નીતિનભાઇને બે હાથ જોડીને વિનંતી છે. અગાઉના સી ફોર્મના માંગણા ઉભા છે. વેપારીઓ અત્યારે હાંફી ગયા છે અને આજે સીરામીક ઉદ્યોગ એ શટ ડાઉન કરવું પડે એવી સ્થિતિમાં છે ત્યારે સીરામીક ઉદ્યોગને રાહત આપવી જોઇએ અને સી ફોર્મના જે જૂના માંગણા છે એ માંડવાળ કરવા જોઇએ. જો આપણે મોટા ઉદ્યોગના અબજો રૂપિયા માંડવાળ કરતા હોઇએ તો આ તો નાનો અને મધ્યમ, સૂક્ષ્મ ઉદ્યોગ છે તો મારી વિનંતી છે કે આ સી.ફોર્મના માંગણા માંડવાળ કરે. આ ઉદ્યોગ સાથે મોટા ભાગના ખેડૂતના દીકરા સંકળાયેલા છે. જો આ ઉદ્યોગ ભાંગી જશે તો અનેકના ઘરના ચૂલા બંધ થઇ જશે કારણ કે લાખો નાના માણસોની રોજગારી આના ઉપર આધારીત છે. રો–મટીરીયલ, બોકસ આઇટમ જેવી પૂરક ઇન્ડસ્ટ્રીઝ પણ આ ઉદ્યોગ ઉપર નિર્ભર છે. આ બધું જોતા અમારી આ ચિંતા માનનીય નાણામંત્રીશ્રી ધ્યાને લે એવી હૃદયપૂર્વકની પ્રાર્થના કરું છું. માનનીય સૌરભભાઇ અહીં નથી પણ એમને વિદિત છે, જો કે નીતિનભાઇ અને અન્ય મંત્રીશ્રીઓ પણ એ બાબતથી સુવિદિત છે કે આખા ગુજરાતમાં વધુમાં વધુ ગેસની મહેસૂલી આવક રેવન્યુ આપનાર મોરબી સીરામીક હબ છે, એટલું જ નહીં પણ આખા ગુજરાતમાં નંબર વન ઇલેક્ટ્રીક સીટી કમ વપરાશમાં પણ મોરબી નંબર વન છે તો ગુજરાતને મોરબી સીરામીક ઇન્ડસ્ટ્રીઝ તિજોરી ભરવામાં જે લાખો–અબજો રૂપિયા આપે છે તો મોરબીને ખાસ કિસ્સામાં સવલતો આપવામાં મોરબી સીરામીક ઉદ્યોગનું ટ્રાન્સપોર્ટ, માળખાકીય સગવડો, એને રસ્તાઓ, પાણી, કામદારો માટેની ઇ.એસ.આઇ. સ્કીમ આપવામાં પણ સરકારે ઉદારતા દાખવવી જોઇએ. ચાણકયએ કહ્યું છે કે, ''જેનો રાજા વેપારી, એની પ્રજા ભીખારી.'' આપણો જે જી.એસ.પી.એલ. છે એ એનું તાદ્દશ ઉદાહરણ છે. આપના મારફત કહેવા માગુ છું કે રુ.૧૪ના પ્રારંભિક ભાવે અપાતો સીરામીક ઉદ્યોગનો ગેસ અત્યારે રુ.૪૪એ પહોંચ્યો છે. કેટલું બધું આર્થિક ભારણ છે એની ચિંતા સેવાય એ જરૂરી છે. મને ભીતી છે, દહેશત છે, જેવું આપણું સત્ર પૂરું થશે અને પહેલી એપ્રિલ આવશે એટલે આ જે ગેસનો દર છે એમાં વધારો ઝીંકાશે, ઝીંકાશે અને ઝીંકાશે, તો આગોતરી હું માનનીય મંત્રીશ્રી સૌરભભાઇને અને નીતિનભાઇને બે હાથ જોડીને વિનંતી કરુ છું કે, ખમૈયા કરજો. હવે વધુ આર્થિક બોજો નાખશોને તો અમારો સીરામીક ઉદ્યોગ ભાંગી જશે. માનનીય નાણામંત્રીશ્રીએ નાણા વિભાગ ઉપરની માગણી વખતે પ્રત્યુત્તરમાં ખૂબ ચોખવટો કરી તેમ છતાં મધ્યમવર્ગનું રોજબરોજનું જે બજેટ છે એ ખોરવી નાખતી બાબત એટલે પેટ્રોલ ડીઝલમાં દરરોજ મહિને–દોઢ મહિને વધુને વધુ થતો ભાવવધારો. માનનીય નાણામંત્રીશ્રીએ એની બહુ મોટી ચોખવટ કરી છે, તેમ છતાં લોક લાગણી છે, મધ્યમ વર્ગની, નાના માણસોની લાગણી છે, કે આપણે આ પેટ્રોલ, ડીઝલને જી.એસ.ટી.ના દાયરામાં લાવવો જોઇએ, લાવવો જોઇએ અને લાવવો જોઇએ. અને એ રીતે મધ્યમ વર્ગનું પેટ્રોલ ડીઝલ ઉપરનું કરભારણ આ ગુજરાત સરકારે ઘટાડવું જોઇએ. ખેડૂતોને ખાતર, ટ્રેકટર ઉપરના..

સભાપતિશ્રી : બ્રિજેશભાઇ, આપ બિલના સ્કોપમાં વાત કરો.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની જ ચર્ચા ચાલે છે. હું બિલની બહાર નથી જતો.

સભાપતિશ્રી : આ બહુ લીમીટેડ વિષય છે. માત્ર કલમના સુધારા ઉપરનો વિષય છે એના ઉપર જે કહેવું હોય એ કહો.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને ખાતર, ટ્રેકટરના વેરામાંથી અને ગૃહિણીઓને રાંધણ ગેસના વેરામાંથી મુકિત અપાવવી જોઇએ. ચલો, આપને હું ઓછા વેરા અને વધુ પ્રજા સુખી એ બાબતની વાત કરું. ગાંધીજીની કલ્યાણ રાજયની યોજના હતી, પરિકલ્પના હતી..

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી થોડા લિમિટ બહાર બિલના સ્કોપની બહાર બોલે તો સાંભળી લઇએ. પરંતુ શરૂ કર્યું ત્યારથી મને લાગે છે કે હવે મોરબીના ધૂમાડા, પ્રદૂષિત પાણી, પર્યાવરણવાળા માફ કરે એવું બધું લાવશો એ ના હોય. બહુ નાનો અને મર્યાદિત સુધારો છે એ પૂરતી જ વાત કરે. તમે ક્યાંથી ક્યાં પહોંચી ગયા?

સભાપતિશ્રી : ફરી વખત સૂચના આપું છું કે બિલના સ્કોપ સિવાય વાત ન કરો.

શ્રી બ્રિજેશ મેરજા : મુદા ઉપર આવું છું. ગાંધીજીની કલ્યાણ રાજની કલ્પનાના પરિપ્રેક્ષમાં પ્રજાને કરવેરાનું ભારણ ઓછું વહન કરવું પડે એવું રાજ્ય સરકારનું વલણ હોવું જોઇએ. પરંતુ આજે એવું કોઇ ક્ષેત્ર નથી કે જ્યાંથી કરવેરાની વસુલાત ન થતી હોય. આદર્શ કરવેરા પદ્ધત્તિ અને ચોક્કસ આચારસંહિતા પણ મુકરર થવી જોઇએ.

સભાપતિશ્રી : બિલના વિષયમાં કંઇ બાકી રહેતું હોય તો બોલો.

શ્રી બ્રિજેશ મેરજા : મારી છેલ્લી વાત કરી દઉં છું. હું બિલના વિષયમાં બોલ્યો છું. વિષયાંતર મારે કરવું પણ નથી અને કર્યું પણ નથી. આપ મારું બોલેલું છે એ મગાવી લેજો અને નિર્ણય આપજો. 'ટાપટીપ કસ કાપટી, હેમ પરીક્ષા જેમ, ત્યાગશીલ ગુણ કર્મથી પુરુષ પરીક્ષા તેમ.' એમ આ કર ધારકોની વધુ પરીક્ષા ન થાય. જી.એસ.ટી. નવું લાવ્યા છે એમાં સુસંગતતા આવે અને જી.એસ.ટી.નું નવું આયોજન છે અને કર દાતાઓને અમલમાં મુશ્કેલી પડે છે ત્યારે પ્રારંભિક તબક્કામાં

એને દંડ ન થાય અને એને ન્યાય મળે, એની મુશ્કેલીઓ ઘ્યાનમાં લઇ અને એ રીતે એમની સુચારું વ્યવસ્થા જળવાય એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા નીતિનભાઇ આમ તો રાજકીય વજનમાં બહુ મોટા પણ ઉંચાઇમાં બહુ નાના છે એમને પહેલાં તો અભિનંદન આપીશ એટલા માટે કે ઘણા લોકો નહોતા ઇચ્છતા કે નીતિનભાઇ નાણા બજેટ રજૂ કરે.

સભાપતિશ્રી : બિલ ઉપર બોલો. સમય ઓછો છે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇએ આજે બિલ રજૂ કર્યું અને નાણા બિલ માટેનો સુધારો રજૂ કર્યો એમાં મારા વિચારો રજૂ કરું છું. ખરેખર નીતિનભાઇ પટેલ આજે રાજ્યના આર્થિક વિકાસ માટે જે બિલ લઇને આવ્યા છે એને હું સમર્થન જાહેર કરું છું. જ્યારે સેલ્સટેક્સ નાબૂદ થયો ત્યારે ૨૦૦૩માં વેટનો કાયદો રાખવામાં આવ્યો. અત્યાર સુધીમાં આ કાયદાની અંદર ૪ વખત સુધારા થયા. અત્યારે એમેન્ડમેન્ટ નં. ૨૮/૨૦૧૮ લઇને આવ્યા છે એની અંદર રાજ્યને ફાયદો થવાનો છે. એ ફાયદો તો થશે જ પણ જ્યારે આપણે વન ટેક્સ વન નેશનની વાત કરીએ ત્યારે માત્ર ૩ બાબતો ઉપર પેટ્રોલ, ડિઝલ અને દારૂ એટલે કે લીકર આ ત્રણ બાબતો ઉપર વેટ લાગું છે. આ વેટમાં સુધારા કર્યા અને આ વેટનો કાયદો રદ થયો અને નવો જી.એસ.ટી. આવ્યો પણ હજી સુધી લાખો કરોડો રૂપિયાનો વેટનો ટેક્સ બાકી છે એટલે આ સુધારાની અંદર જે અગાઉ વેટ જેનો બાકી હતો એના વ્યાજ અને દંડ માફીની જોગવાઇ કરી હતી. જો આ સુધારાની અંદર ફરીથી જે વેટ ટેક્સ બાકી છે અને વ્યાજ કે દંડના સુધારાની જોગવાઇ કરવામાં આવે તો મને લાગે છે કે જે વેટ બાકી છે એ અસરકારક રીતે વસૂલ કરવામાં આવશે. હજુ ઘણા બધા વેટના કેસો પેન્ડીંગ છે. કેસોનો ભરાવો થયેલો છે. કોઇ કાયદામાં આ સુધારા કરીને પડતર કેસો ઝડપી પૂરા થાય એનો પણ સુધારો કરવામાં આવે તો વેટની ઘણી બધી આવકો ગુજરાત સરકારને મળી શકે એમ છે.

માનનીય નીતિનભાઇએ કહ્યું કે, સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો અને સુપ્રીમ કોર્ટના ચુકાદાના આધારે આ એક્ટ રજૂ કરવાની ફરજ પડી છે પણ જે કંપનીઓ સુપ્રીમ કોર્ટની અંદર ડિવિઝન બેંચ કે કોન્સ્ટીટયુશન બેંચની અંદર જો અપિલ કરશે અને આ ચુકાદા ઉપર સ્ટે મળી જશે તો મને લાગે છે કે આ સુધારાનો કોઇ અર્થ રહેશે નહિ. જ્યારે નીતિનભાઇ આ સુધારો લાવ્યા છે ત્યારે નીતિનભાઇ માટે એટલું કહીશ કે તમે આ સુધારો લાવ્યા ત્યારે કહેવાનું મન થાય છે કે,

નાના વેપરીઓની ચિંતા સરકારને જ્યારે વારંવાર થાય છે
તો પછી અદાણી અને અંબાણી માટે હાથ છૂટા કેમ થઇ જાય છે? આભાર.

શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, આપણાં નાયબ મુખ્યમંત્રીશ્રી જે ૮૪-કની કલમમાં ૩ વર્ષના બદલે ૫ વર્ષ સુધી યુનિટનું એસેસમેન્ટ કરવાનો જે સુધારો લાવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

અમારા દંડકશ્રીએ અમારાંમાં અહીંયા છૂટ છે એટલે હું સ્પષ્ટપણે મારા વિચારો રજૂ કરું છું. અહીંયા ઘણાં મિત્રો કહેતા હતા કે ૩-૩ કરોડ હોવી જોઇએ પણ એ બોલી નહોતા શકતા બાપુએ હાથ આમ કર્યો એટલે, અમે એના વગર વાત કરતા હતા પણ નીતિનભાઇ હું એ કહેવા માગતો હતો કે હું એક નાનો એવો પ્રોસેસર છું. આ જે ફ્યુઅલ છે એ ઘણાં બધા યુનિટની અંદર ૧૦૦% એનું રો-મટિરિયલ્સ છે અને જ્યારે એ એના રો-મટિરિયલ્સની અંદર એને ક્રેડિટ ના મળે ત્યારે એને બહુ મોટો લોસ થાય છે એના હિસાબે એ જે ઇન્ડસ્ટ્રીઝ છે એ ટકી શકતી નથી. હું આપને દા.ત. એક વાત કરું કે, અમે પ્લાસ્ટિક પ્રોસેસર છીએ. રિલાયન્સ પાસેથી ૧૦૦ રૂપિયાના દાણા લીધા પછી એને ૧૦ રૂપિયા મૂલ્યવર્ધિત પ્લાસ્ટિક પ્રોસેસર કરતા હોય એવા હજારો યુનિટ છે તો એ ૧૦ રૂપિયા તો એમાં મૂલ્યવર્ધક થાય છે અને એમાં ૭ રૂપિયા ઇલેક્ટ્રિકનું બિલ હોય છે તો જે ૭ રૂપિયા ઉપર જી.એસ.ટી. લાગે એ આપણે એને ક્રેડિટ આપતા નથી આ બિલમાં હું એ સમજ્યો છું. જો એને ૭ રૂપિયા મૂલ્યવર્ધક ના મળે તો એને ક્રેડિટ મળવાનો રેશિયો બહુ મોટો ઘટી જાય. દા.ત. હું વાત કરું સિરામિક ઉદ્યોગમાં તો સિરામિક ઉદ્યોગને આજે એક એક ઉદ્યોગમાં ૪૦-૪૦ લાખ રૂપિયાનું પર મંથ ગેસનું બિલ આવે છે. આ ૪૦ લાખ રૂપિયાના બિલની અંદર ૧૮% જી.એસ.ટી. લાગેલો હોય એ ૧૮% ની એમાઉન્ટ કમસેકમ ૭ લાખ રૂપિયા થાય એ ૭ લાખ રૂપિયા એને ક્રેડિટ મળવાપાત્ર નથી. કારણ કે, એ ફ્યુઅલ કોસ્ટ છે એટલે. રો-મટિરિયલ્સમાં આપણે એને એડ નથી કરતા. હું તો નીતિનભાઇ અહીંયા સુધી કહેવા માગુ છું કે, આ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ટ્રીબ્યુનલમાં ગઇ હતી એ ખાલી રિલાયન્સને લાગુ નથી પડતું. આ રિલાયન્સના કોઇ હિતની વાત નથી. આ ગુજરાતના તમામ નાના ઉદ્યોગકારોને અસર કરે છે. ધારો કે, મોરબીની અંદર ૧૦૦૦ સિરામિક ઇન્ડસ્ટ્રીઝ છે. એક યુનિટને ૭ લાખ રૂપિયા પર મંથ ક્રેડિટ ના મળે તો આવી કેટલી રકમ ક્રેડિટ ના મળે? આપણે એ ઇન્ડસ્ટ્રીઝને બીજી રીતે જીવાડવા માટે એને ફાયદો કરાવડાવીએ છીએ, એને સબસિડી આપીએ છીએ તો આ એનું રો-મટિરિયલ્સ છે અને જો રો-મટિરિયલ્સની અંદર ક્રેડિટ ના મળે તો એને આર્થિક બહુ મોટો ભાર પડે છે. હું તો ત્યાં સુધી કહું છું નીતિનભાઇ અમારા બધા મિત્રોથી વિરુદ્ધમાં કે આપણે ટ્રિબ્યુનલમાં જવાની જ જરૂર ન હતી, આપણે હાઇકોર્ટમાં જવાની જરૂર ન હતી અને આ જે ઉદ્યોગકારોની વાત હતી આપણે ખરેખર સ્વીકારી લેવાની જરૂર હતી. કારણ કે, જો રેવન્યુ જનરેટ કરવી હોય તો આપણે ૩૦% ના બદલે ૪૦% ટેક્સ નાખી દઇએ તો તુરત જ રેવન્યુ જનરેટ થાય એ તો તમારી એક કલમના ઝાટકે થઇ શકે પણ આની અંદર નાના જે ઉદ્યોગકારો છે એને બહુ જ મોટી અસર થાય છે. કારણ કે, ઘણાં ઉદ્યોગકારો એવા છે કે એનું રો-

મટિરિયલ્સ ૧૦૦% ફ્યુઅલ કોસ્ટ છે. પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝમાં મેં વાત કરી એમ, સીરામિક ઉદ્યોગને દર મહિને એક યુનિટને ૭ લાખ રૂપિયાનો લોસ છે આવા ૧૦૦૦ યુનિટ કરતા પણ ઝાઝા યુનિટો છે, એવી જ રીતે બ્રાસ પાર્ટની ભઠ્ઠીઓ છે એ ભઠ્ઠીની અંદર એના બિલ એટલા આવે કે એની જે કોસ્ટ છે એ ૮૦% રો–મટિરિયલ્સ ગણાય છે. હું તો એવું માનું છે કે આ નાના નાના ઉદ્યોગકારોને લાગુ પડે છે. અને નાના અને સ્મોલ ઇન્ડસ્ટ્રીઝને લાગુ પડે છે ત્યારે આપણે જે તમે ત્રણ વર્ષના બદલે પાંચ વર્ષમાં આપ જે કલમ વધારો કારણ કે આ સુધારો તો તમે લાવવાના જ છો તો એમાં બહુ સ્પષ્ટ કરજો કે જેણે ક્રેડિટ લીધી હોય એનું જ પાંચ વર્ષનું એસેસમેન્ટ થાય નહીંતર બધા જ ઇન્ડસ્ટ્રીઝને પાંચ પાંચ વર્ષના એસેસમેન્ટ કરીને અધિકારી રાજ ન થઇ જાય અને નાના ઉદ્યોગકારો પરેશાન ન થાય ખોટા કે ત્રણ વર્ષના બદલે પાંચ વર્ષના ચોપડા ઉથલાવે અને એમાંથી કાંઇક કાંઇક કાઢી અને પાછા હેરાન ન થાય એટલે આપનો જે કાંઇ આમાં સુધારો લઇ આવો એમાં બહુ જ સ્પષ્ટ જોગવાઇ કરજો કે જેણે ઇનપુટ ક્રેડિટ લીધી હોય એવા જ યુનિટોની અંદર રીએસેસમેન્ટ થાય એવી મારી અભ્યર્થના સાથે વાત પૂરી કરું છું. જયહિન્દ, જયભારત.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તો ખૂબ સાદો અને સરળ સુધારો લઇને આવેલો પણ અમિતભાઇ દંડકશ્રીએ એમના પક્ષના સભ્યો મારફત એને ખૂબ ટવીસ્ટ કરી દીધો છે.

શ્રી અમિત ચાવડા : સાહેબ, સમર્થન આપ્યું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સમર્થન આપ્યું એ બદલ તમારો આભાર પણ સમર્થન આપતા પહેલા થોડાઘણા ઘસરકા કર્યા છે પણ એના જવાબ આપી દઉં સૌથી પહેલા તો માનનીય વિરજીભાઇએ જે વાત કરી, એ ઉપસ્થિત નથી પણ અગાઉ કોઇપણ નામ હોય કંપનીનું, આમેય આપણે ત્યાં કાયદો છે કે કંપની એનું નામ બદલે તો એની કોઇ જવાબદારીઓ નથી જતી રહેતી. અમદાવાદમાં દા.ત. કોઇ મિલકત હોય, નગરપાલિકામાં હોય, પ્રોપર્ટી ટેક્સ ભરવાનો હોય અને અ ના બદલે બ માલિક થઇ જાય તો આપણી નગરપાલિકા કે મહાનગરપાલિકા એ ટેક્સનો હકક નથી જતો. મિલકત ભલે ફરે, માલિકનું નામ બદલાય એમ અહીંયા પણ કંપની વેચાય, બદલાય, મેનેજમેન્ટ બદલાય પણ સરકારનો જે અધિકાર છે ટેક્સ વસુલ કરવાનો એ કંપનીના નામ બદલવાના કારણે ઇવન માલિક બદલાવાના કારણે પણ સરકારનો કોઇ હકક ડૂબતો નથી એ આપની બધાની જાણકારી માટે ઘ્યાન ઉપર મૂકું છું. બીજી જે રજૂઆતો આવી છે એમાં મારે આભાર માનવો છે ડો. સી.જે. ચાવડાનો. એમણે આખી વાતને સમજીને ખૂબ સારી રીતે એનું વિશ્લેષણ કરીને સમર્થન આપ્યું છે. આમ તો બધા મિત્રોએ સમર્થન આપ્યું છે એમનો આભાર માનું છું. બ્રિજેશભાઇએ ખૂબ લંબાવીને કયાંયના કયાંય છેડા એના અડાડી દીધા. એમણે જરા જુદી રીતે વાત કરી. એમના મનમાં શું છે એ હું તો સમજી ગયો અને સૌરભભાઇ પણ સમજી ગયા હશે કે એમના મનમાં લાગણી છે. વિરજીભાઇએ ખૂબ લાંબી વાત કરી કે પહેલા ના જાગ્યા, પહેલા આ ના કર્યું પણ હું આપને કહીશ કે સરકારે બધું સમયસર કર્યું છે જેની નોંધ માનનીય સી.જે. ચાવડાએ પણ સારી રીતે લીધી કે ૨૦૧૧માં રીલાયન્સ ઇન્ડસ્ટ્રી ટ્રીબ્યુનલમાં ગઇ, આપણે હારી ગયા. ત્યાંથી સરકારે હાઇકોર્ટમાં અપીલ કરી. હાઇકોર્ટમાં પણ આપણે હારી ગયા અને નામદાર સુપ્રિમ કોર્ટે તાજેતરમાં જ જે ચૂકાદો આપ્યો એ તા. ૨૨–૯–૨૦૧૭ ના રોજ આપ્યો છે. દરમિયાનમાં વિધાનસભાની ચૂંટણી વગેરે ચાલતું હતું. આચારસંહિતા, વહીવટીતંત્ર અન્ય કામગીરી બધા નિર્ણય કરવાના હોય તો કોણ આખરી નિર્ણય કરે આ બધા પ્રશ્નો હતા. વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયા પછી વહેલી તકે સરકારે આ નિર્ણય લીધો અને આપણે જાણીએ છીએ કે કાયદો સુધારવો હોય તો કાયદાની પ્રક્રિયા કરવી પડે. વિધાનસભામાં પણ આવવું પડે અને ગુજરાત સરકારના આપણા એડવોકેટ જનરલનો પણ ઓપિનિયન લીધો, એડવોકેટ જનરલે પણ અભિપ્રાય આપ્યો કે આ પ્રમાણે કાયદામાં સુધારો કરવો એ સરકારના ફાયદામાં, સરકારના હિતમાં છે એટલે સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ આવ્યા પછી આ માર્ચ મહિના સુધીમાં આપણે કાયદો સુધારી દીધો છે. આમ તો અમને અંબાણી, અદાણી એમ કરીને વિરજીભાઇ જતા રહ્યા છે. બાઇટ આપવા ગયા? એ પાછું નવું ચાલુ થઇ ગયું. અહીયા બોલ્યા નથી કે નીચે ગયા નથી. અમે નથી જતા. તમે એમને કહેજો.(અંતરાય) આ લાઇવ કરવાનું મારા હાથમાં નથી. માનનીય અધ્યક્ષશ્રીના હાથમાં છે. આમ તો લાઇવ થાય તો તો સારું. આ બધા બનાવો બન્યા જેનું આજે પણ આપણને દુઃખ છે. એ બનાવો આખા ગુજરાતે એ જ મિનિટે જોઇ લીધા હોત. કોઇએ હાઇકોર્ટમાં ન જવું પડ્યું હોત કે મને ખોટો કાઢી મૂક્યો કે સાચો કાઢી મૂક્યો. પાણીનું પાણી અને દૂધનું દૂધ એ મિનિટે જ થઇ જાત.(અંતરાય) અમે હવે આવું વિચારીએ જ છીએ અને તમે બધા જે બોલો છો ને એ થોડું થોડું લોકો સાંભળે તો ખબર પડે કે મારો ૩ લાખનો પ્રતિનિધિ મારા વતિ શું કરે છે અને કેવું કરે છે? એ ન થાય.(અંતરાય) મારી વાત સાંભળો. બાંધી મૂઠી સવા લાખની. મને કોઇ વાંધો નથી. અમને તો બધાને ફાયદો છે. અમારી તો પોઝિટિવ વાતો, સારી વાતો, પ્રજાલક્ષી વાતો લોકો વચ્ચે જવાની છે. તમે બધા માફ કરી દો, જવા દો, છોડી દો, એવું પછી લોકો સાંભળશે. આપણે બધા કામકાજ સલાહકાર સમિતિમાં વિચાર કરીશું આવતા સત્રમાં વિચારીશું. (અંતરાય) જવાહરભાઇ. હાજર કેટલા રહે છે એ ખબર પડે. હું જે કહેતો હતો કે રિલાયન્સ, અદાણી અને અંબાણી. અમે જો એવા હોત તો આ ગુજરાત સરકારને ખરેખર તમારે બધાએ અભિનંદન આપવા જોઇએ. એકાદ બે સભ્યશ્રીએ આપ્યા છે. સી.જે.ચાવડા વગેરે બોલ્યા. એકાદ–બે મિત્ર અહીથી પણ બોલ્યા. અમારા અરવિંદભાઇ પણ બોલ્યા. રિલાયન્સની સામે તમે બધા ગમે તે કહેતા હોય. દુનિયાની, દેશની મોટામાં મોટી કંપની છે. હું આજે પણ કહીશ કે રિલાયન્સ ગૃપ એ ગુજરાતનું ગૌરવ છે. ગુજરાતનું એક કુટુંબ એક પ્રતિષ્ઠા છે. સાથે સાથે ગુજરાત સરકારની તિજોરીમાં જેમ અહીયા વર્ણન થયું. અમારા પીયુષભાઇએ કહ્યું કે ૧ લાખ ૮૩ હજાર કરોડનું આપણું બજેટ. આ બધી રકમ આવે છે. એમાં નાના નાના લોકોનો જે ફાળો

તમે જુઓ. હજુ પણ વિનંતી છે કે તમે અભ્યાસ કરો કે ૫ લાખનો ટેક્સ ભરનાર કેટલા? ૨૫ લાખનો ટેક્સ ભરનાર કેટલા? બહુ મર્યાદિત લોકો હોય છે. મોટી આવક રાજ્ય સરકારને થાય છે એ મોટા ઈન્ડસ્ટ્રિયલ હાઉસીસ, મોટી મોટી કંપની તરફથી થાય છે. અને સ્વાભાવિક છે કે મોટા લોકોનો ધંધો મોટો હોય, ઉત્પાદન વધારે હોય, વેચાણ વધારે હોય, એમનું ટર્નઓવર વધારે હોય. એના ઉપરથી ટેક્સ આપણને વધારે મળે છે. આવી કંપની રિલાયન્સ હોવા છતા અમે ગુજરાતની પ્રજાના હિત માટે ગુજરાત સરકારની તિજોરીને, પ્રજાની આવકને કોઇ નુકસાન ન થાય એ માટે અમારી સરકાર રિલાયન્સની સામે હાઇકોર્ટમાં અપીલમાં ગઇ. હાઇકોર્ટમાં સરકાર હારી ગઇ. તો એ જ રિલાયન્સની સામે ગુજરાત સરકાર નામદાર સુપ્રીમ કોર્ટમાં ગઇ. અમે ના ગયા હોત તો આ બધી ચર્ચા કરવાનો અવકાશ નહોતો. અમે અભિપ્રાય આપી દીધો હોત કે ટ્રિબ્યુનલમાં, હાઇકોર્ટમાં હારી ગયા હવે અપીલ કરવાની જરૂર નથી. તો આપણે કશું ન કરત. રાજ્ય સરકારની સેંકડો, કરોડો રૂપિયાની આવક આ સુધારો થવાના કારણે આવવાની છે, એ આવક ગુમાવી દીધી હોત. તમને કશી ખબર ન હોત. અને ખબર હોત તો કશું કરવાનું કારણ નહોતું. કેમ કે કોર્ટમાં હારી ગયા અને પછી બહુ કરવાનું નહોતું. એટલા માટે આ વાત વધારે વિગતથી કહું છું. આજે ફરીથી દોહરાવું છું. ગુજરાતના હિત માટે કોઇપણ વ્યક્તિ, કોઇપણ સંસ્થા, કોઇપણ કંપની એની સામે ગુજરાતની જનતાનું હિત હશે, તો અમારી મદદ, સમર્થન ફકત ગુજરાત રાજ્ય માટે હશે. સામે કોણ છે એ અમે નથી જોતા આ એનો દાખલો છે. એટલે ભવિષ્યમાં હવે અદાણી અને અંબાણી, અદાણી અને અંબાણી કરો છો તેમાં થોડી બ્રેક મારજો એટલા માટે આ વિગતવાર કહું છું. અમે ગુજરાતની જનતાનું, ગુજરાત સરકારનું હિત જોઇએ છીએ. તે હિતને ઘ્યાનમાં રાખી અમે સુપ્રીમમાં ગયા અને સુપ્રીમમાંથી જીત્યા. બીજું કહું કે કાયદામાં સુધારો કર્યો ન હોત તો કોઇ વિષય ન હતો. સુપ્રીમમાં જજમેન્ટ આવ્યું કે ત્રણ વર્ષ સુધી એસેસમેન્ટ થાય તેવો જૂનો કાયદો છે. અમે કશો ફેરફાર ન કર્યો હોત તો ત્રણ વર્ષ સુધી ફાઇલો ઓપન થઇ હોત. બાકીની અગાઉની ફાઇલો રીએસેસમેન્ટમાં ઓપન ન થઇ હોત તો આવક જતી રહે. કોઇને કશું ખબર ન પડે. પણ એ અમે નથી થવા દેતા તેનો આ તાજો દાખલો છે. ગુજરાતની જનતાના હિત માટે જેટલું અમારાથી શકય હોય, કાયદેસર રીતે, વ્યવહારિક રીતે તે બધું જ કરીએ છીએ. અહીં કોઇએ ચિંતા વ્યક્ત કરી કે હજું સુપ્રીમ કોર્ટમાં, કિરીટભાઇએ બને ત્યાં સુધી કહ્યું કે રીવ્યુ પીટીશન થાય વગેરે વગેરે. તો આ બધુ થઇ ચૂકયું છે. દુનિયાની મોટામાં મોટી અગ્રગણ્ય કંપની તેના પર જયારે ટેકસ ભરવાનું ભારણ આવતું હોય અથવા બીજા લોકો પર ટેકસ ભરવાનું ભારણ આવતું હોય ત્યારે સુપ્રીમ કોર્ટમાં રિલાયન્સ તરફથી આની રીવ્યુ પીટીશન દાખલ કરવામાં આવેલી અને તે રીવ્યુ પીટીશન પૂર્ણ થઇ ગઇ છે, નામંજૂર થઇ ગઇ છે. આપણે પીટીશનમાં સરકારે લડીને નામંજૂર કરાવી છે. આ અમારા પ્રયત્નો છે. અમે એમને એમ નથી કહેતા આ બધું. અમારી સરકાર પ્રજાલક્ષી કામ કરે છે. ગુજરાતની જનતાના હિત માટે કરે છે. એટલે રિલાયન્સની રીવ્યુ પીટીશન સુપ્રીમે કાઢી નાખી છે એટલે કોઇ ચિંતા ન કરતા. હવે બીજું જે મોરબીની વાત થઇ અને અન્ય ઉદ્યોગોની વાત થઇ. મોટામાં મોટી કંપની પેટ્રોલિયમ પ્રોડકટ તેનું ફયુઅલ તરીકે આખા ગુજરાતના ઉદ્યોગો વાપરે છે. તેમાં પેટ્રોલ, ડિઝલ હોય કે ગેસ વગેરે હોય. આમાં વધારે પડતું જે ભારણ આવશે તે રિલાયન્સ ઉપર આવવાનું છે. બાકીનું ભારણ જે આવવાનું છે તે જે લોકોએ આની ક્રેડીટ લીધી હતી તે તેમને પાછી આપવી પડશે. આમાં જે ઉદ્યોગો હોય, હું કોઇ શહેર કે સેકટરનું નામ નહીં દઉં. જેને લાભ લીધો હોય, અત્યાર સુધી લાભ લીધો અને સુપ્રીમમાં હારી ગયા તો સરકારને પૈસા ભરવા પડે. તે પૈસા ભરવાનું ફરજિયાત થઇ ચૂકયું છે. એટલા માટે અમે આ સુધારા લાવ્યા છીએ. આમાં બીજા કોઇ વિષયો ઉમેરી શકાય તેવી સ્થિતિ ન હતી. છતાં બધાએ જે રજૂઆત કરી છે તે અમે સાંભળી છે. ગુજરાતમાં ઉદ્યોગો વધે, ધંધા રોજગાર વધે, રોજગારી વધે તે બધું જ અમે કર્યુ છે અને કરતા રહેવાના છીએ. એટલે સરકાર ઉપર વિશ્વાસ રાખી હું માનનીય વિપક્ષના સૌ સભ્યોને વિનંતી કરું છું કે પ્રજાકીય હિતમાં, સરકારના હિતમાં આ કાયદો અમે સુધારીએ છીએ તો તમે તેને સમર્થન આપો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક–૨૮– સન ૨૦૧૮નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિનાવિરોધે વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો થોડુંક સમજવું છે કે વિનાવિરોધે અને સર્વાનુમતે તે બેમાં શું ફરક છે?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપે એમ કહ્યું કે, વિનાવિરોધે પસાર કરો એટલે અમે વિનાવિરોધે સંમતિ આપી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ના તો હું સર્વાનુમતે પસાર કરો એમ કહીશ. ત્રીજું વાચન હવે થાય છે એમાં હું સર્વાનુમતે પસાર કરવા વિનંતી કરું છું. અમિતભાઇ, કઇ વસ્તુ કયારે સર્વાનુમતે મંજૂર કરાવવી એ અમને ખબર છે એટલે એવો સમય આવશે ત્યારે વિનંતી એ પણ કરીશું.

શ્રી અમિત ચાવડા : કયારે સર્વાનુમતે કહેવું એ અમને પણ ખ્યાલ છે, એટલે અત્યારે તો વિનાવિરોધે જ મંજૂર કરીએ.

તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮

ગુજરાત પોલીસ (સુધારા) વિધેયક, ૨૦૧૮.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંકઃ ૨૮-સન ૨૦૧૮નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

સભાપતિશ્રી : સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૮નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૬.

**ગુજરાત પોલીસ (સુધારા) વિધેયક, ૨૦૧૮.**

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રા. ક.ના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૮નું ગુજરાત પોલીસ(સુધારા)વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

સભાપતિશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંકઃ ૨૬–સન ૨૦૧૮ના ગુજરાત પોલીસ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧માં જે જુદી જુદી જોગવાઇઓ આપી છે એ જોગવાઇઓના સંદર્ભમાં પ્રસ્તુત જોગવાઇઓમાં અત્યારે કેટલાક સુધારાની આવશ્યકતા છે, એના માટે હું આ એક પ્રમાણમાં નાનો સુધારો પરંતુ જે હોટેલ ઇન્ડસ્ટ્રીઝ અને એમાં ખાસ કરીને ઇટરી એટલે કે જે રેસ્ટોરન્ટના વ્યવસાય સાથે સંકળાયેલા છે એના માલિકો અને એના સંચાલકો માટે આ એક નાનો સરખો સુધારો પણ એમના માટે અત્યંત અગત્યનો અને અત્યંત ઉપયોગી થઇ રહેશે. આની સેકશન ૩૩(૧) હેઠળ જિલ્લા મેજીસ્ટ્રેટ અને પોલીસ કમિશનરશ્રીઓને આના રજીસ્ટ્રેશન માટેની જુદી જુદી સત્તાઓ આપવામાં આવેલ છે અને સત્તાની રુએ એ નાસ્તા ગૃહ, રેસ્ટોરન્ટ માટેના નોંધણી પ્રમાણ પત્ર આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૩૩(૧) અન્વયે આવી નોંધણી નિયમો બનાવવાની સત્તા તેઓની પાસે હોય છે આના માટે ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ અને રાજયના હોટેલ એસોસિએશન દ્વારા માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે અમારે હોટેલ ઇન્ડસ્ટ્રીઝની રેસ્ટોરન્ટ ઇન્ડસ્ટ્રીઝની અંદર અનેક નાના મોટા પ્રશ્નો અને સમસ્યાઓ રહેલી છે અને પ્રોસેસ આ પ્રોસેસમાંથી સિસ્ટમને તમે સ્ટ્રીમલાઇન કરી આપો તો અમારે ગુજરાતની અંદર અત્યારે બિઝનેશ અને ખાસ કરીને ટૂરિઝમ અને બાકીના કારણે અમારી ઇન્ડસ્ટ્રીઝના બહુ બેટર ચાન્સીસ છે એવા સંજોગોમાં અમે આમાંથી અમારા બિઝનેશને ડેવલપ કરવા માટે ધ્યાન આપી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, એમની જે મુશ્કેલીઓ હતી એ મુશ્કેલીઓમાં દર દસ વર્ષે એમને લાયસન્સ આપવામાં આવતું પરંતુ હમણા એમાં પોલીસ તંત્ર દ્વારા દર દસ વર્ષના લાયસન્સની જગ્યાએ કેટલાક ઓફીસરો એક વર્ષનું આપતા, કેટલાક બે વર્ષનું આપતા એટલે દર વર્ષે એને રીન્યુઅલની આખી પ્રોસેસની અંદર એણે જે તે ઝોનના ઉંચ્ચ અધિકારીને ત્યાં ધક્કા ખાવા પડતા. ઘણી વખતે આ પ્રોસેસ શરું કરે, એટલે પ્રોસેસ શરુ કર્યા પછી આ પ્રોસેસ અત્યંત સામાન્ય હોય પણ છતાં એ રેસ્ટોરન્ટના માલિકે સાત થી આઠ મહિના સુધી સતત એ પોલીસ અધિકારીઓ સમક્ષ પોતાના લાયસન્સ માટે જવું પડતું ક્યારેક ક્યારેક એવું બને કે હોટલના માલિક નાની મોટી બિમારીમાં હોય, પરદેશ ગયા હોય, કોઇ નાનું મોટું કોઇ એકસપાયર થયું હોય, એનો મેનેજર, એનો ભાઇ કે એનો પુત્ર એવા એના વ્યવસાય ઉપર બેસતા હોય તો એવા સંજોગોમાં તમારી પાસે રજિસ્ટ્રેશનનું લાયસન્સ છે કે નહિ? ના હોય તો કેમ કરો છો? એમ કરીને એ લોકોને પણ નાની મોટી કનડગતનો ભોગ બનવું પડતું હતું. આપણે જોઇએ છીએ કે આપણે લાખ પ્રયાસો કરીએ, છતાં પણ નાના મોટા એવા લારી, ગલ્લાં અને નાની એવી ઘણી હોટેલો અને એ હોટેલોનો વ્યાપ ઘણો વધતો જાય છે એટલે એવા સંજોગોમાં બાકીના લોકો બી.યુ. પરમીશન, બાકીની બધી જ પરવાનગીઓ, લાયસન્સ સાથે બેસતા હોય અને પછી વધારાના આવા રજિસ્ટ્રેશનના લાયસન્સની પ્રોસેસમાં એમને ઘણી નાની મોટી હેરાનગતિ થતી હતી, ગુજરાત સરકાર Ease of doing business ના માધ્યમથી ઉધ્યોગકારને, એને પડતી મુશ્કેલીઓ કેવી રીતે નિવારી શકાય, વહીવટની અંદર કેવી રીતે સરળીકરણ લાવી શકાય અને Ease of doing business ના સંદર્ભમાં રાજ્ય સરકારે ઇન્ડસ્ટ્રીને ફાયદો થાય એવા અનેક નાના મોટા કાયદાઓની અંદર સુધારા કર્યા છે, આખી પ્રોસેસની અંદર સુધારા કર્યા છે, જેના કારણે સિસ્ટમ અપડેટ થઇ છે અને એન્ડ યુઝર તરીકે ઇન્ડસ્ટ્રીયાલિસ્ટને એના ફાયદા થાય છે.

એવી જ રીતે ગુજરાત સહિત આજુબાજુના રાજ્યોની અંદર પણ આપણે આના અંગે અભ્યાસ કર્યો, રાજ્યના પોલીસના ડી.જી.પી. પાસે પણ અભિપ્રાય મેળવ્યો અને એ ડી.જી.પી. દ્વારા પણ આપણને એવો અભિપ્રાય આપવામાં આવ્યો કે આ એક બિનજરૂરી અને નિરૂપયોગી થયેલી ઔપચારિકતા પૂરતી જ પ્રોસેસ છે એટલા માટે આ મુળ નિયમોની અંદર જો આપણે સુધારો કરીશું તો વાંધો નથી. આપણે સૌ જાણીએ છીએ કે, ગુજરાત હવે એક સમગ્ર દેશની અંદર ટુરિસ્ટ ડેસ્ટીનેશન બન્યું છે. ભૂતકાળની અંદર ક્યારેય ન આવતા હોય એટલા વધારે ટુરિસ્ટો કચ્છનું રણ હોય, સોમનાથ હોય, દ્વારકા હોય,

• વિધેયક તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

સાસણ ગીર હોય અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું આ રાજ્ય હોવાના કારણે લોકો ગુજરાત, ગુજરાતના કરેલા વિકાસ અને વિકાસથી વાકેફ થવા માટે પણ આજે દેશના અનેક રાજ્યોના ડેલીગેશનો અહીંયા આવે છે. ગુજરાત એક એવું ડેસ્ટીનેશન છે કે હવે ઇન્ટરનેશનલ કક્ષાના પ્રોગ્રામ–સેમિનાર થાય છે એના ભાગરૂપે, હમણાં જ પ્લાસ્ટો ફેબનું આયોજન થયું. તો મને ખબર છે કે તે દિવસોમાં અમદાવાદથી છેક બરોડા સુધી બધી જ હૉટેલો બુક હતી, બધી જ ફલાઇટો પેક થતી હતી. (અંતરાય) એટલે માનનીય અધ્યક્ષશ્રી, રેસ્ટોરન્ટ અને હૉટેલનો વ્યવસાય પણ આપણો વધ્યો છે. આપણું મહાત્મા મંદિર, મહાત્મા મંદિરમાં જે પ્રકારેના જુદા જુદા સેમિનારો થાય છે, આમ આવા સંજોગોની અંદર હાલની વ્યવસ્થામાં જે પડતી મુશ્કેલીઓ છે એમાં હાલ આપણી પાસે જે એકઝીસ્ટીંગ સિસ્ટમ છે એની અંદર બી.યુ. પરમીશન હોય છે, એમાં હેલ્થની પરમીશન હોય છે, એમાં જી.એસ.ટી.નું રજિસ્ટ્રેશન હોય છે, એમાં ફાયર સેફટીના પરવાના માટેનું સર્ટીફિકેટ હોય છે અને સતત વહીવટી પ્રક્રિયાની અંદર આપણો ઉદ્યોગકાર રોકાયેલો હોય તો આપણે કેમ કરીને એને આ પ્રક્રિયામાંથી શાંતિ અપાવી શકીએ, એના માટે આપણે આ પ્રમાણેનો નિર્ણય લઈએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મે, ૨૦૧૫માં આપણે ટુરિસ્ટની પોલિસી ડિકલેર કરી અને એ ટુરિસ્ટની પોલિસી ડિકલેર કર્યા પછી એક જમાનામાં Gujarat is not a best place for tourist destination પણ આજે આપણે એ પ્રસ્થાપિત કરવાની અંદર સફળ થવાના કારણે દ્વારકા હોય, સોમનાથ હોય, અંબાજી હોય, એક રિલિજીયસ, પીલીગ્રામના પ્લેસ તરીકેનું પણ આપણું ગુજરાત ડેસ્ટીનેશન બન્યું છે અને રાજયના વિકાસની તકો ઉભી કરવા માટે માનનીય મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ વાયબ્રન્ટ ગુજરાતના માધ્યમથી Gujarat is a best destination for a investment એવું આપણે વિશ્વની અંદર પ્રસ્થાપિત કરવા માટે સફળ રહ્યા છે. ટુરિઝમની અંદર પણ ગુજરાત આતિથ્ય માટે વિશ્વભરની અંદર પ્રખ્યાત છે અને એના કારણે પણ ઉદ્યોગની દૃષ્ટિએ, ટુરિઝમની દૃષ્ટિએ અને ગુજરાતમાં આ રેસ્ટોરન્ટના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને પડતી મુશ્કેલીઓનું નિવારણ કેવી રીતે કરી શકાય, આમ સમગ્ર તમામ પાસાઓનો અભ્યાસ કરીને, ગુજરાત પોલીસ એકટ, ૧૯૫૧માં કેટલીક સેક્શનો હતી એ હું માનનીય સભાગૃહના ધ્યાન પર મૂકવા માગું છું. સેકસન-25 એ હાલની જોગવાઇમાં આરામગૃહોની જોગવાઇ કરવામાં આવી હતી હવે તે વ્યાખ્યા રદ કરવામાં આવશે. સેકસન 2.10 જાહેર મનોરંજનના સ્થળની વ્યાખ્યા કરી જેમાં ઈટીંગ હાઉસ સમાવિષ્ટ છે તે વ્યાખ્યામાંથી ઈટીંગ હાઉસના શબ્દો રદ કરવામાં આવશે. 33 (1) (x) (a) આહારગૃહનું રજિસ્ટ્રેશન અને રીન્યુઅલની જોગવાઇ છે તે રદ કરવાની રહેશે. 33 (1) (y) પ્રોસીઝર નક્કી કરવાની જોગવાઇમાં રજીસ્ટ્રેશન, પ્રમાણપત્રનો ઉલ્લેખ છે તે રદ કરવામાં આવશે. 33 (1) (y) નીચેનો પ્રથમ અને બીજો પરંતુ તેમાં આહારગૃહના રજીસ્ટરના પ્રમાણપત્રોનો ઉલ્લેખ છે તે ઉલ્લેખ રદ કરવામાં આવશે. અને ૩૩.૭ આહારગૃહના રજીસ્ટ્રેશનનો અસ્વીકાર કરવાની જોગવાઇ તે આહારગૃહ પૂરતાં જ શબ્દો રદ કરવામાં આવશે અને ૧૩૧ એ ૧–૨ આહારગૃહ અને તેના રજીસ્ટ્રેશનનો ઉલ્લેખ આહારગૃહ અને રજીસ્ટ્રેશનને લગતા શબ્દો રદ કરવાના. આમ, જે ગુજરાત પોલીસ એકટ–૧૯૫૧ની અંદર ઇટરીના સંદર્ભમાં જેટલાં ઉલ્લેખો હતા એ જુદી જુદી સેકસનોમાં જયાં પણ આ ઉલ્લેખો હતા તે તમામ ઉલ્લેખો રદ કરવા માટે અને જેના કારણે હવે ગુજરાતના ઇટરી એટલે રેસ્ટોરન્ટ પ્રકારના જે વ્યવસાય સાથે સંકળાયેલા છે તેઓને દર ૧૦ વર્ષે પોતે જે રજીસ્ટ્રેશન કરાવવા માટે પોલીસના ઉચ્ચ અધિકારીઓ પાસે તેમને જવુ પડતુ હતું તેમાંથી હવે તેમને મુકિત મળશે જેના કારણે એ પોતાનું રેસ્ટોરન્ટ સારી રીતે ચલાવી શકશે અને અન્ય કામોની અંદર પોતે પોતાના વ્યવસાયને આગળ લઇ જવા માટે પોતાનો સમય ફાળવી શકે આવો એક નાનો સરખો સુધારો પરંતુ એકદમ રચનાત્મક સુધારો અને ગુજરાતની ease of doing business ના માધ્યમથી ગુજરાતની જે સતત નિયમોની અંદર, કાયદાઓની અંદર સુધારો કરીને Gujarat is the growth engine of India એમ ગુજરાતને આપણે હજુ વધારે સારી ગતિ પ્રગતિ આપવા માટે એક નાનો સરખો સુધારો હું સન્માનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યો છું.

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયના ગૃહ મંત્રીશ્રી પોતાના બિલના સુધારામાં ખંડ–૫ (ક) કમી કરવા માટેનો જે સુધારો લઇને આવ્યા છે તેમાં હું મારો વિરોધ નોંધાવવા માટે ઉભો થયો છું.

**( અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને )**

માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇ સુધારો લઇને આવ્યા, નીતિનભાઇ હું ગ્રંથાલયમાં કાંઇક અભ્યાસ કરવા માટે ગયો હતો. નીતિનભાઇ ટી.વી.માં ગયા હતા હું ટી.વી.માં નહોતો ગયો. નીતિનભાઇ, મારે ટી.વી.માં જવાની જરૂર નથી અને ગુજરાતના લોકોની સાચી વાત મીડિયા મારફતે લોકો સુધી પહોચાડવી એ અમારી પ્રાથમિકતા પણ છે. પ્રાથમિકતા અને સાચી વાત પહોંચાડવી જોઇએ ત્યારે હું સાચી વાત લઇને આપની સમક્ષ આવ્યો છું. આ વિધાનસભા ગૃહમાં તે વખતના રાજયના ગૃહમંત્રી માનનીયશ્રી વજુભાઇ જાની હતા ત્યારે તેઓએ કહ્યું હતું કે એક લાયસન્સનો સુધારો અને માનનીય અશોકભાઇએ કહ્યું હતું કે આ દુકાન અને દુકાન પરંતુ દસ વર્ષનું રજીસ્ટ્રેશન કરવા માટેની વાત લઇને તે વખતે રાજયના હોમ મંત્રી વજુભાઇ જાની આવ્યા હતા અને ત્યારે ૬૫ પાના સુધી આ બાબતમાં ચર્ચા થઇ છે. હું આ ચર્ચાઓ લઇને આવ્યો છું ત્યારે એ ચર્ચાઓ કરતા કરતા મારા જિલ્લાના પૂર્વ મંત્રી તેમણે એમ કહ્યું કે આ લોજ, વીસી, ગેસ્ટ હાઉસ તેમાં શું તફાવત છે ? વજુભાઇ જાનીએ કહ્યું કે એક નાનો એવો સુધારો લઇને આવ્યો છું અને વીસીનું લાયસન્સને બદલે રજીસ્ટ્રેશન કરવામાં એ શબ્દો ઉમેરવાનો ૧૯૮૯નો વટહુકમ નામંજૂર કરવા માટે તે વખતે આ ભારતીય જનતા પાર્ટીના તે વખતના ધારાસભ્યે રજૂઆત કરી હતી. સરકારમાં આવ્યા એટલે તેનો રોલ બદલ્યો હોય એ હું સ્વીકારી શકુ છું પરંતુ સરકારને સમયનું કામ છે એ પણ હું સમજી શકુ છું. સમયનું શું કામ

છે તે પણ મને ખબર છે. એટલા માટે આ જે સુધારાની વાત લઇને આવ્યા છે પ્રદિપસિંહજી એના મેં નીતિનભાઇને તો કાલે કાંઇક ગુજરાતની તિજોરીમાં નાણાંની આવક લઇને આવવાના હતા. પરંતુ આવુ આરોગ્યલક્ષી કામ છે માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારાથી શું તફાવત પડશે એમ કહેવા માગે છે. નાનો એવો સુધારો છે એમ કહે છે પણ નાનો એવો સુધારો નથી. હૉટેલ અને વી.સી.ના ઉદ્યોગોમાં કે કોઇપણ જગ્યાએ ભેળસેળનું પ્રમાણ વધ્યું છે ત્યારે આ ગુજરાતના લોકોના આરોગ્યને લગતો આ મહત્ત્વનો સુધારો છે. ત્યારે પ્રદિપસિંહજી આપે વિચારવાની જરૂરિયાત ઊભી થઇ છે. તમે તમારા ઉદ્દેશો અને કારણોમાં લખ્યું છે આ સુધારો કરવા માટે આરોગ્ય અંગેના લાયસન્સ, જી.એસ.ટી. રજીસ્ટ્રેશન, અગ્નિ સુરક્ષા, મકાન ઉપયોગ અંગેની મંજૂરી જેવી મંજૂરીઓ મેળવવાની રહે છે. જ્યારે લાયસન્સ લેવાનું થાય ત્યારે વી.સી. શબ્દ હોય કે લોજ શબ્દ હોય કે ગેસ્ટ હાઉસ શબ્દ હોય અત્યારે ભેળસેળનું પ્રમાણ વધ્યું છે. એ સ્વીકારવું પડે એમ છે. નાની હોટલમાં આઇસ્ક્રીમ વેચતો હોય અમૂલ હોય તો એમાં મારે ન કહેવું જોઇએ પણ દૂધમાં પણ કેમિકલ યુક્ત દૂધ આવતું થયું છે ત્યારે આપણે કાયદામાં સુધારો કરીને એને વધારે સ્વતંત્રતા આપીએ છીએ. તો હું પ્રદિપસિંહને આપના મારફત કહેવા માગું છું કે, ભેળસેળિયું ગુજરાત વધુ ભેળસેળિયું ગુજરાત બની જશે. ભેળસેળિયું ગુજરાત એટલે ખોરાકમાં ભેળસેલ થઇ છે એમ કહું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આના સ્કોપ અને ફૂડ એડલ્ટ્રેશનને કાંઇ લેવા દેવા નથી. આ માત્રને માત્ર કિલયરકટ પોલીસના રજીસ્ટ્રેશનનો વિષય છે એટલે within સ્કોપ એમને જે આલોચના કરવી હોય એ કરે. હું જવાબ આપવા માટે તૈયાર છું.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું કે ઉદ્દેશો અને કારણોમાં જણાવ્યું છે કે, આરોગ્ય અંગેનું લાયસન્સ લેવાનું રહેશે.

અધ્યક્ષશ્રી : એ તો લેવાનું રહેશે એવું લખ્યું છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : લેવાનું રહેશે ત્યારે આ સુધારો કરવાથી પોલીસનો અધિકાર જતો રહેવાનો. અધ્યક્ષશ્રી : પોલીસને અને આરોગ્યને કાંઇ લેવા–દેવા નથી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, કલમ – ૫(ક)ની આખી કલમ જ રદ કરી દીધી છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

જવાબ સાંભળવા માટે ગૃહમાં હાજર ન રહેવા બાબત

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (નડિયાદ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. વિરજીભાઇ કાયમ બોલી અને બહાર જતા રહે છે અને જવાબ સાંભળવા માટે સભાગૃહમાં હાજર રહેતા નથી. બિલ ઉપર બોલે તો એમણે જવાબ સાંભળવા માટે ગૃહમાં હાજર રહેવું જોઇએ. આ હું વિધાનસભાના નિયમોના નિયમ – ૨૩૯ હેઠળ આપને કહું છું.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું પંકજભાઇની વાતને સ્વીકારું છું. એ મારા બહુ સારા મિત્ર છે. અમે બંને દિનશા પટેલના બહુ સારા કાર્યકર હતા. અત્યારે એ દંડક બની ગયા છે.

અધ્યક્ષશ્રી : વિરજીભાઇ તમે બીજી વાત કર્યા વિના બિલ ઉપર આવો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, મારે બહાર નહિ જવું જોઇએ એ હું માનું છું પણ આ બિલ માટે મારે ગ્રંથાલયમાં જવાનું હતું. આવા સુધારા દાખલ થયા છે ત્યારે આટલા મોટા પુસ્તકમાં ૬૫ પાના સુધી ચર્ચા–વિચારણા થઇ છે અને એમાં મેં વાચ્યું કે વી.સી. એટલે શું, લોજ એટલે શું, ગેસ્ટ હાઉસ એટલે શું? હું એકલો નહિ સુરેશભાઇ મહેતા આ રાજ્યના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે એમણે પણ આ વિષયમાં ચર્ચા કરી છે. બાબુભાઇ જશાભાઇ કે જેમણે અમારું મોરબી બચાવ્યું હતું એમણે પણ આ બાબતમાં ચર્ચાઓ કરી છે. આ ફરી વખત ૧૯૮૯ના વટહુકમ પછી ૧૯૫૧નો સુધારો લઇને માનનીય પ્રદિપસિંહ આવ્યા છે ત્યારે હું એની ગંભીરતા તરફ જવા માગું છું. લાયસન્સ પ્રથામાં જ્યારે કોઇપણ ફેરફાર કરવામાં આવશે ત્યારે એના ઉપર સરકારનો કાબૂ જતો રહેવાનો છે. આજે કેમિકલ યુક્ત દૂધ થઇ ગયા છે. એટલી બધી ભેળસેળ થતી જાય છે કે, એના કારણે વી.સી. કે નાની હોટલો ઉપર સરકારનો કંટ્રોલ ઓછો થશે તો ભેળસેલ વધશે એની લોકોના આરોગ્ય ઉપર અસર થવાની છે. એવા સમયમાં કલમ – ૫(ક) કમી કરવા માટેની વાત લઇને આવ્યા છે તેમાં ફેરવિચારણા કરે તેવી પણ હું આ તકે આપના મારફત વિનંતી કરી રહ્યો છું. પેટા કલમ–૧ ના ખંડ (૨) કમી કરવાની પણ વાત લઇને આવ્યા છે ત્યારે ગંભીરતા પૂર્વક વિચારણા કરે અને એ કર્યા પછી એવા કંટ્રોલ બહાર લોજ ચાલતી થશે તો આરોગ્ય સાથે ભારે મોટી મુશ્કેલી ઊભી થશે. જ્યારે કોઇ ધારાસભ્ય વાત કરે ત્યારે મારે નીતિનભાઇને કહેવું છે કે એ ટી.વી.માં જવા માટે વાત ન કરતા હોય.

અધ્યક્ષશ્રી : આ બધી વાતો રહેવા દો. બધા જાણે છે કે તમે ટી.વી.માં જવા માટે નહોતા કહેતા.

શ્રી વિરજીભાઇ ઠુંમર : એ તો મારો અધિકાર છે માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : તમારો ચહેરો ટી.વી.માં સારો લાગે છે, એ વાત નક્કી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ જે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧, રાજયના પોલીસ અધિકારીઓના વિવિધ કાર્યો માટેની જે જોગવાઇ કરે છે એમાં કોઇ વીશી એટલે કે ઇટીંગ હાઉસ ખોલતા અથવા ચલાવતા પહેલાં રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર આપવા અંગેની ખરેખર જરૂરિયાત જે છે, ભલે એમને ધક્કા ખાવા પડે. કોઇ વેપારીને ધક્કા ખાવા પડે તો ખાવા પડે અને ઓફિસમોમાં તો ધક્કા ખાવા પડતા હોય છે. કોઇ પણ સરકારમાં કામ કરવું હોય ત્યારે કોઇ પણ લાયસન્સ લેવું હોય ત્યારે, ખેડૂતને પોતાનો ૭(૧૨) કે ૮ (અ) લેવું હોય, લાઇટ જતી રહે અને ઓન લાઇન લેવાનું થતું હોય

છે ત્યારે એમને ધક્કા ખાવા પડે છે.

અધ્યક્ષશ્રી : માનનીય વીરજીભાઇ, પાછા ખેડૂત ઉપર આવી ગયા, ખેડૂતને ક્યાં અહીં લઇ આવ્યા? અત્યારે તો આ હોટલવાળું છે. આમાં સ્કોપ બહુ લિમિટેડ છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, એટલે કોઇ વ્યક્તિ ધક્કા ખાય એના કારણે અને આવી રજૂઆતો આવી છે એના કારણે આપણે આ સુધારો કરીએ છીએ એ મને વાજબી જણાતું નથી અને માનનીય ગૃહ મંત્રીશ્રી તો બહુ જાગૃત મંત્રીશ્રી છે. જવાબ દેતા હોય ત્યારે અમે એમને શાંતિથી સાંભળીએ છીએ, કદાચ અવાજ થતો હોય તો પણ જવાબ સંભળાઇ જાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય વીરજીભાઇ, આ વધારાનું આજુબાજુનું જવા દોને.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, એટલે માનનીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છો એમાં ફેર વિચારણા કરો અને ખંડ ૫ – ક કમી કરવા માટેની પણ ફેર વિચારણા કરો તેવી મારી વિનંતી છે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક– ૨૬– ગુજરાત પોલીસ સુધારા વિધેયક લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજુ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ગુજરાતમાં ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ લાગુ પડેલ છે. આ અધિનિયમની કલમ –૨ અને કલમ –૩૩ અંતર્ગત વીશી એટલે ઈટિંગ હાઉસ, માનનીય વીરજીભાઇ કહેતા હતા કે, વીશી એટલે શું? એ જમાનામાં વીશી તરીકે શબ્દ પ્રચલિત હતો, હાલ એને આપણે હોટલ, રેસ્ટોરન્ટ કહીએ છીએ. આપ તો પૂર્વ ધારાસભ્યશ્રી છો અને આપે રજીસ્ટ્રેશન અને લાઇસન્સ અંગે વાત કરી, એને હાલ આપણે પોલીસ રજીસ્ટ્રેશન કહીએ છીએ. જે વ્યવહારિક ભાષામાં પોલીસ લાયસન્સ તરીકે ઓળખાય છે. આ કલમ –૨ અને કલમ - ૩૩ હેઠળ વીશી ચલાવનારાઓને પોલીસ લાયસન્સ એટલે કે રજીસ્ટ્રેશન લેવું ફરજિયાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વીરજીભાઇ ચિંતા કરતા હતા કે ભેળસેળ ના થાય. આપના માધ્યમથી મારે કહેવું છે કે, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરિટી ઓફ ઈન્ડીયાની પરમીશન પણ લેવી આ હોટલો અને રેસ્ટોરન્ટ માટે ફરજિયાત છે અને ફૂડ સેફ્ટી એન્ડ સિક્યોરીટી ઓથોરિટી, ઈન્ડીયાના માધ્યમથી બધી જ પરમીશનના પેપરો એ લોકો મંગાવતા હોય છે. બી.યુ. પરમીશન હોય, ભાડૂઆત કે માલિકીના પૂરાવા હોય, ફાયર એન.ઓ.સી. હોય, આધાર કાર્ડ હોય, પાન કાર્ડ હોય, સી.સી.ટી.વી.ના બિલો પણ મંગાવે, ગુમાસ્તાધારાનું સર્ટિફિકેટ મંગાવે. આમ, જાહેર આરોગ્ય અને સલામતીની બધી જ ચિંતા આ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરિટી ઓફ ઈન્ડીયા દ્વારા કરવામાં આવતી હોય છે અને આની આ જ પ્રોસીઝર જયારે પોલીસ વિભાગના રજીસ્ટ્રેશન હોટલ માલિક કે રેસ્ટોરન્ટ માલિકે કરવાની થાય ત્યારે ડૂપ્લીકેશન ઓફ પ્રોસેસ થાય છે અને હોટલ માલિકોને ખૂબ જ હેરાનગતિનો સામનો કરવો પડતો હોય છે. આ ભેળસેળ એ પોલિસ વિભાગનું કામ નથી. એ ફૂડ સિકયોરી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનું કામ છે. શહેરી વિસ્તારમાં સેનેટરી ઇન્સ્પેક્ટરનું કામ છે એટલે આમાં પોલીસ લાયસન્સની સીધી નજરે કોઇ જરૂર જણાતી નથી.

